શ્રી રાજ શ્યામાજી

*શ્રી વિજયાભિનંદ બુધ્ધનિષ્કલંક અવતાર*
*આખરુલજમા ઈમામ મેહેંદી સાહેબ*
*પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ અક્ષરાતીત શ્રી પ્રાણનાથજીની*
**શ્રીમુખવાણી 'શ્રી કુલજમ સ્વરૂપ'**
*ના અંગરૂપ તથા*
*આ બ્રહ્માંડમાં સૌ પ્રથમવાર*
*આત્મા-પરમાત્માનો ગુહ્યતમ્ દિવ્ય પ્રેમ-સંવાદ પ્રગટ કરતો*
*અજોડ ગ્રંથ*

# ॥ શ્રી ખિલવત ॥

*(સંક્ષિપ્ત પરિચય સહિત)*

*D:\Pranam/Chitvani/1*

**પ્રકાશક**
**શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા**
*આજવા-નિમેટા ક્રોસિંગ, એલ એન્ડ ટી નોલેજ સેન્ટર પાસે,*
*ને.હા.-૮ બાયપાસ, પો. સયાજીપુરા, વડોદરા - ૩૯૦ ૦૧૯.*
*ફોન : ૦૯૫૫૮૮ ૦૦૧૨૪, ૦૯૮૯૮૦ ૦૦૧૬૮*

*સર્વ હક્ક સર્વને આધીન*

**શ્રી ખિલવત**
દ્વિતિય આવૃત્તિ (ગુજરાતી અર્થ સહિત) - ૧૦૦૦ નકલ
બુધ્ધજી શાકા - ૩૩૫
વિક્રમ સંવત ૨૦૭૦, ૫ ફેબ્રુઆરી, ૨૦૧૪

**અન્ય પ્રાપ્તિ સ્થાન**
**શ્રી નિજાનંદ આશ્રમ,** *રતનપુરી, વાયા ખતૌલી, યુ.પી. ૨૫૧૨૦૧*
*ફોનઃ ૦૧૬૯૬-૨૮૨૨૨૨*
**શ્રી પ્રાણનાથજી મંદિર,** *મેશ્વો ડેમ રોડ, શામળાજી, ગુજરાત.*
*ફોનઃ ૦૨૭૭૧-૨૪૦૭૭૧*
**શ્રીજી સાહેબજુ સેવાશ્રમ,** *જરમાળા, વાયા-અનારા, કપડવંજ રોડ, જિ.ખેડા ફોન*
*ફોનઃ ૦૨૬૯૧ – ૨૪૬૭૪૯*
***Shri Nijanand Foundation, U.S.A.***
*8062 Eisenhower Parkway, Lizella, GA 31052-3202*
Internet: www.nijanand.org; E-mail : pranam@nijanand.org

ISBN 0-9794292-1-8

**મુદ્રક – દર્શન પ્રિન્ટર્સ**
*મેમ્કો-બાપુનગર રોડ, અમદાવાદ. મો.૯૩૨૭૦ ૪૪૯૧૬*

# *'લ્યાઓ પ્યાર કરો દીદાર'!*

૪ ઙ ૪ ઙ़ ત ઙ

ઙ ઉ ખિ:૧૩/૪૫

'ખિલવત' એટલે આત્મા અને પરમાત્મા વચ્ચેનો એકાંતિક ઈશ્કપૂર્ણ દિવ્યતમ વાર્તાલાપ. એ જ્યાં થાય તે 'ખિલવતખાનું.' આત્મા માટે પરમાત્માના હૃદય-ધામથી રૂડું બીજું કયું મિલનસ્થાન હોઈ શકે? આમ, આત્માને પરમપ્રિય એવું અક્ષરાતીત પારબ્રહ્મનું હૃદય-ધામ જ 'ખિલવત' છે. પારબ્રહ્મના દિલના ઈશ્કના તરંગો જ્યારે આનંદ સ્વરૂપ બ્રહ્માત્માના હૃદયને સ્પર્શે ત્યારે 'ખિલવત'ની અનુભૂતિ થાય.

મૂલતઃ બ્રહ્માત્માઓ તો પારબ્રહ્મનાં શ્રી ચરણોમાં જ બિરાજમાન છે, જયાંથી તેઓ 'સુરતા' સ્વરૂપે આ સંસારરૂપી ખેલમાં અવતરેલ છે. 'જીવ' રૂપી માલિકના 'શરીર' રૂપી ઘરમાં બિરાજમાન થઈને તેઓ આ ખેલનો રસ લઈ રહી છે. માયાના પ્રભાવમાં જીવનું અંતઃકરણ ભ્રમિત થવાને લીધે નિજ-સ્વરૂપ વિશે અજ્ઞાન (ફરામોશી) વ્યાપેલ છે. શ્રી ધણીજીની અપાર મહેરથી ખેલમાં ભૂલેલી આત્માની જાગૃતિ કાજે 'ખિલવત'ની વાતો લઈ તારતમજ્ઞાનરૂપી જાગ્રત-ઈલમ અવતરેલ છે.

હવે, પ્રત્યેક આત્માએ 'માયાની મૈં' ને નિર્મૂળ કરી પોતાના દિલમાં 'ધણીની મૈં' પ્રતિષ્ઠિત કરવાનો ઉદ્યમ કરવાનો છે. આત્માના દિલમાં જેમ જેમ 'ધણીની મૈં' આવતી જશે, તેમ તેમ દિવ્ય જોશ-ઈશ્કનું આવવું, ધણીના હુકમનું દિલમાં બિરાજવું, તથા એકદિલીપૂર્ણ મૂળ વતનની જાગ્રત બુધ્ધિ ગ્રહણ થવી — આ સર્વે અનુભૂતિઓ થવા લાગશે તથા તેના દિલમાં 'બ્રહ્મ રોશની' પ્રગટશે. આત્માના હૃદયમાં શ્રી ધણીજીનો ઈલમ યથાર્થરૂપે ગ્રહણ થતાં તન, કહેણી, કરણી અને રહેણી તથા નિસ્બત એકરૂપ થઈ એક ધણી અને ધામની દિશામાં 'પ્રેમ-સેવા' ધર્મ પર અગ્રેસર થવા લાગે છે. આવી નિષ્ઠાવાન અને પ્રેમ-રસમાં ભીની આત્માનું દિલ શ્રી ધણીજીનું ધામ(અર્શ) બનતાં તેમની સાથે તેનો સતત વાર્તાલાપ તથા દર્શન પણ થવા લાગે છે. આ છે શ્રી ખિલવત વાણીમાં દર્શાવેલ *'દર્શન'નો માર્ગ -'લ્યાઓ પ્યાર કરો દીદાર'!*

॥ પ્રણામજી ॥

D:\Pranam/Chitvani/2

## ✤ અર્પણ ✤

વ્હાલા સુંદરસાથજી તેમજ આત્મ-ખોજીઓ! શ્રી કુલજમ સ્વરૂપની વાણી લગભગ ૪૦૦ વર્ષ પહેલાંની બોલચાલની હિન્દુસ્તાની ભાષામાં અવતરિત છે. શ્રી ખિલવત ગ્રંથને સરળ ગુજરાતી ભાષામાં પ્રસ્તુત કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે. સુંદરસાથ સમાજમાં સૌ પ્રથમ સંપૂર્ણ શ્રી કુલજમ સ્વરૂપનું અર્થ સહિત હિન્દી પ્રકાશન પૂજ્ય સરકાર શ્રીના નેતૃત્વમાં ૧૯૯૪માં સંપન્ન થયું. ત્યારબાદ સમાજમાં હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાં અનુવાદ કરવાની પ્રક્રિયા શરુ થઈ. આ પહેલાં થયેલા પ્રયાસો કરતાં આ 'ખિલવત' ગ્રંથની વિશેષતા એ છે, કે તેમાં શ્રી કુલજમ સ્વરૂપનો સંક્ષિપ્ત પરિચય, ખિલવત ગ્રંથનો પરિચય, ખિલવતની વાર્તા, સંપૂર્ણ ખિલવત ગ્રંથનું પ્રકરણવાર સાર-તત્ત્વ તથા આત્મ-જાગૃતિ પ્રક્રિયા સંબંધી વિવિધ નકશા મુકવામાં આવ્યા છે. ખિલવત ગ્રંથનાં પ્રકરણોનાં મૂળ શીર્ષકોની સાથે સાથે પ્રત્યેક પ્રકરણને વિષયને અનુરૂપ પેટા શીર્ષકો દ્વારા વિભાજિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આશા છે કે આ પ્રકારનું પ્રસ્તુતિકરણ સુંદરસાથજીને વાણીમંથનમાં સહાયક બનશે.

આ કાર્ય શ્રી ધણીજીની અપાર મહેર તથા સત્‌ગુરુજીના આશીર્વાદ, સંપૂર્ણ શ્રીમુખવાણીના મંથન તથા જ્ઞાની સુંદરસાથજીના સહયોગ દ્વારા ચરિતાર્થ થયેલ છે. આશા છે કે આ ગ્રંથ સૌને માટે શ્રી અક્ષરાતીત યુગલ સ્વરૂપ ધામધણીજીના શ્રીચરણોની અનુભૂતિના પંથે એક મહત્ત્વપૂર્ણ સેતુ બની રહેશે. આપનાં ચરણોમાં નમ્ર વિનંતી કે આ ગ્રંથમાં જો કોઈ ત્રુટિ જણાય તો તેના પર અમારું ધ્યાન દોરશો તથા ધામની આત્મ-સગાઈના નાતે અમને ક્ષમા કરશો.

*ગુજરાતી ભાષામાં નિજાનંદીય સાહિત્ય પ્રકાશનની સતત ખેવના રાખનાર બ્રહ્મલીન પ.પૂ. બાલુરાજજી નિજાનંદી (મુખ્ય ધર્મોપદેશક, શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા)ની પાવન સ્મૃતિમાં આપ સૌના ચરણોમાં આ દિવ્ય ગ્રંથ સમર્પિત છે.*

દેશ-વિદેશના સેવાભાવી સુંદરસાથજીના સાથ-સહયોગથી તૈયાર થયેલ આ પ્રસાદી આપ સૌના આત્મિક આહાર માટે પ્રસ્તુત કરતાં અમે અપાર આનંદ અનુભવીએ છીએ. શ્રી રાજશ્યામાજી સૌના જાગણી મનોરથ પૂર્ણ કરે એ જ શુભેચ્છા સહ.

પ્રણામ.

સુંદરસાથ ચરણરજ,

*રમણભાઈ કે. પટેલ,*
*પ્રમુખ, શ્રી નિજાનંદ જાગણી અભિયાન*

D:\Pranam/Chitvani/3

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | શ્રી કુલજમ સ્વરૂપઃ સંક્ષિપ્ત પરિચય | ૦૧ |
| | ખિલવતની વાર્તા | ૦૯ |
| | ખિલવત ગ્રંથ પરિચય | ૧૩ |
| **૧** | **સૂરત અરજીની, જે હક્કને કરી છેઃ** | **૨૧** |
| ૧.૧ | અરજીની વિટંબણા | ૨૩ |
| ૧.૨ | હે ધણી! હું બેઠી છું આપનાં શ્રી ચરણોમાં પણ... | ૨૪ |
| ૧.૩ | 'મૈં ખુદી' મિટાવવા માટે દૈનિક પ્રાર્થના | ૨૭ |
| ૧.૪ | ધણી! આપ ઘણા મહેરબાન છો! | ૨૮ |
| ૧.૫ | ધણીજીના અખંડ પ્રેમપૂર્ણ ગુણોનું ગાન તો સમગ્ર સંસાર કરશે જ, પરંતુ... | ૨૯ |
| ૧.૬ | હે ધણી! જે કંઈ થાય છે, તે સઘળું તમારા થકી જ... | ૩૧ |
| ૧.૭ | ધણીના હુકમ વિના પાંદડુય ન હલી શકે! | ૩૨ |
| ૧.૮ | મારે જે કંઈ કહેવું હતું તે કહી દીધું; હે ધણી! આથી વિશેષ બીજું શું કહું? | ૩૩ |
| **૨** | **'મૈં ખુદી' દૂર કરવાનો ઉપાયઃ** | **૩૬** |
| ૨.૧ | ધણીજીના ઈલમ અને હુકમનો પ્રસાર સર્વત્ર છે | ૩૭ |
| ૨.૨ | 'મૈં ખુદી'નું સ્વરૂપ નિર્ધારિત થયા વિના આપણો સંદેશો ધણીજી સુધી પહોંચી શકે નહીં. | ૩૯ |
| ૨.૩ | 'મૈં ખુદી'નાં જળ અતિ ઊંડાં! | ૪૨ |
| ૨.૪ | 'મૈં ખુદી'નું મોત જ સુંદરસાથજીને પોતાની મંજિલ સુધી પહોંચાડશે. | ૪૩ |
| **૩** | **મૈં બિન મૈં મરે નહીં...** | **૪૫** |
| ૩.૧ | આપણી અંદર 'શ્રી ધણીજીની મૈં' શી રીતે આવી શકે? | ૪૬ |
| ૩.૨ | ધણીજીની 'મૈં' કેવી હોય? | ૫૦ |
| ૩.૩ | 'મૈં ખુદી'નું મૃત્યુ તથા તેનું ફળ | ૫૨ |
| ૩.૪ | 'ધણીજીની મૈં' આવ્યાની સાક્ષી શું? | ૫૪ |
| ૩.૫ | ધણીજીનો સંદેશ આત્મા સુધી અને આત્માનો સંદેશ ધણી સુધી | |

|  |  |  |
|---|---|---|
|  | પહોંચે તો 'મૈં ખુદી' મરી ગણાય! | ૫૮ |
| ૩.૬ | પવિત્ર દિલથી કરાયેલી અરજી શ્રી રાજજીને અવશ્ય પહોંચે છે | ૫૯ |
| **૪** | **જ્યોં જાનો ત્યોં રખો...** | **૬૦** |
| ૪.૧ | હે ધણી! હવે આપ જેમ ચાહો તેમ અમને રાખો! | ૬૨ |
| ૪.૨ | હે ધણી! હું તમારી જ છું. હવે આપ જેમ ચાહો તેમ રાખો! | ૬૩ |
| ૪.૩ | આત્માને પરમધામનાં સુખોની લજ્જત કેવી રીતે મળી શકે? | ૬૬ |
| ૪.૪ | હે ધણી! આ સઘળું તમારા થકી જ સંભવ છે. | ૬૮ |
| ૪.૫ | હે ધણી! એ કહો કે અમારો ગુનો હોઈ જ શી રીતે શકે? | ૭૦ |
| ૪.૬ | 'ધણીની મૈં' સૌથી મહાન! | ૭૧ |
| **૫** | **બ્રહ્માત્માઓને પારબ્રહ્મ ધણીએ કુદરત-માયા બતાવીઃ યોં કઈ દેખાઈ માયા...** | **૭૪** |
| ૫.૧ | હે ધણી! અમારા પર અનેક અહેસાન કરવા બદલ આપનો આભાર! | ૭૬ |
| ૫.૨ | રહેણી : 'મૈં ખુદી' મારવાની એક માત્ર દવા! | ૭૬ |
| ૫.૩ | કહેણી, કરણી તથા રહેણીનો શ્રેષ્ઠ સાર | ૭૮ |
| ૫.૪ | સાથજી! એવી ચાલ ચાલીએ કે કોઈ વાતનો ગુનો ન લાગે | ૭૯ |
| ૫.૫ | તારતમવાણીના પ્રભાવથી 'મિથ્યા અહમ્' અવશ્ય નિર્મૂળ થઈ શકે! | ૮૨ |
| ૫.૬ | જેવું અસલ પર-આત્મના દિલમાં આવે છે, તેવું જ અહીં નકલમાં થઈ રહ્યું છે! | ૮૪ |
| ૫.૭ | 'ધણીજીની મૈં' સાચી અને 'દુનિયાની મૈં' જૂઠી! | ૮૫ |
| ૫.૮ | હાંસી - 'મૈં ખુદી' કેન્દ્રિત જીવન શૈલીને કારણે! | ૮૬ |
| **૬** | **પંચરોશનીનું મંગલાચરણઃ ગૈબ બાતેં મેહેબૂબકી...** | **૮૭** |
| ૬.૧ | શ્રી શ્યામાજીના ઈલમરૂપી બક્ષિસનાં વાદળો પરમધામનું નૂરી બ્રહ્મજ્ઞાન લઈ વરસી રહ્યાં છે | ૮૯ |
| ૬.૨ | ધણીએ જગાડી તો પણ હું ન જાગી! | ૯૨ |
| ૬.૩ | ધણી મહાન, ધણીનો ઈશ્ક મહાન! | ૯૫ |
| **૭** | **બેશકીનું પ્રકરણઃ એ ઈલમ ઈન વાહેદતકા...** | **૯૮** |
| ૭.૧ | બેશકીનાં સુખોનું ચિતવન | ૯૯ |
| **૮** | **સરાબ સુખ લજ્જત - સાકી પિલાવે સરાબ...** | **૧૦૬** |
| ૮.૧ | હુકમ દ્વારા ધણીજીના લાડની પરિપૂર્તિ! | ૧૦૮ |
| ૮.૨ | સાથજી! ધણીજીએ આપણને અનેક વિધનાં સુખો આપી બેશક કરી દીધાં છે. | ૧૧૦ |
| ૮.૩ | કુરાનમાં જે મોમિનોનો મહિમા ગવાયો છે, તે આપ 'સુંદરસાથ' જ છો! | ૧૧૩ |
| ૮.૪ | હે સુંદરસાથજી! પ્રેમની સર્વપ્રથમ શરૂઆત કરનાર તો હું જ છું! | ૧૧૬ |
| **૯** | **નિસ્બતનું પ્રકરણ - દેખ તૂં નિસબત અપની...** | **૧૨૦** |
| ૯.૧ | હે મારી આત્મા! તું તારી આંખો ખોલ! | ૧૨૨ |
| ૯.૨ | અજ્ઞાનતાને લીધે સંસારીજન પરમધામને આ દુનિયામાં જ દર્શાવે છે! | ૧૨૩ |
| ૯.૩ | ઈશ્ક-રબ્દમાં કોણે-કોણે શું શું કહ્યું? | ૧૨૪ |
| ૯.૪ | ઈશ્ક-રબ્દ કેમ થયો? કેવી રીતે થયો? | ૧૨૭ |
| **૧૦** | **કળશ પંચ રોશનીનો - રે રુહ કરે ના કછૂ અપની....** | **૧૩૦** |
| ૧૦.૧ | હે રુહ! પહેલાં તું તારા હાલ તો જો! સ્વયં જાગ! | ૧૩૩ |
| ૧૦.૨ | હુકમની કારીગરીથી આત્મા સપનામાં પણ જાગ્રતિનું સુખ લઈ શકે છે! | ૧૩૫ |
| ૧૦.૩ | જો ધણીજી દિલમાં લે તો સ્વપ્નમાં પણ જાગ્રતિની વાતો કરાવી શકે! | ૧૩૬ |
| ૧૦.૪ | ધણીજીના સામર્થ્ય વિષે શક-સંદેહ નિરર્થક છે. | ૧૩૭ |
| ૧૦.૫ | ધણીજીના હુકમ વિના કંઇ જ થતું નથી! | ૧૩૯ |
| ૧૦.૬ | બ્રહ્મસૃષ્ટિ 'મોમિન' એ જ કહેવાય, જેણે ધણીના ઈલમ અને ઈશ્કને જાણી લીધો હોય! | ૧૪૦ |
| ૧૦.૭ | ઈલમથી પ્રાપ્ત થયેલી બેશકી દ્વારા આત્મ અને પરઆત્મ બંને ધણીજીનાં શ્રી ચરણોમાં! | ૧૪૧ |
| ૧૦.૮ | હે ધણી! હવે આપ જેમ રાખશો તેમ રહીશું! | ૧૪૩ |
| ૧૦.૯ | અક્ષરબ્રહ્મને પણ દુર્લભ એવાં શ્રી ધણીજીનાં ચરણકમળ રુહોને નિસ્બતથી મળ્યાં છે. | ૧૪૪ |
| ૧૦.૧૦ | નિસ્બતી બ્રહ્માત્માઓને નિઃસંદેહ કરવા | |


D:\Pranam/Chitvani/4

માટે જ સંસારમાં ઈલમ આવ્યો છે. ................................ ૧૪૭
૧૦.૧૧ હે ધણી! અમને વાહેદતનો ઈલમ પ્રદાન
કરનારા એક માત્ર આપ જ છો. ................................ ૧૪૮

**૧૧ હક રુહોની ખિલવત - ખિલવત હક રુહનકી... ....... ૧૫૦**

૧૧.૧ ઈશ્ક-રબ્દમાં કોણે-કોણે શું-શું કહ્યું? ................................ ૧૫૬
૧૧.૨ પરમધામની વાહેદતમાં ઈશ્કનો ફેંસલો થઇ જ શી રીતે શકે?...... ૧૫૮
૧૧.૩ ઈશ્ક-રબ્દમાં શ્રી રાજજી દ્વારા રુહોને અપાયેલી ચેતવણી .......... ૧૫૯
૧૧.૪ શ્રી રાજજી દ્વારા ચેતવણી આપવા છતાં રુહોની જીદ્દ! .............. ૧૬૨
૧૧.૫ ઈશ્ક-રબ્દ પછીની રુહોની મનોદશાનો પરિચય..................... ૧૬૩
૧૧.૬ ફરામોશી અને હાંસી - આ બંન્ને માત્ર 'ઈશ્ક' માટે જ! ........... ૧૬૬
૧૧.૭ સંસારના ખેલમાં જૂઠી ધાર્મિકતાનું પ્રદર્શન .......................... ૧૬૭
૧૧.૮ સૃષ્ટિના અંતિમ ચરણમાં 'સાહેબ' આવશે અને
'એક પ્રમુખ ધર્મ' ચલાવશે........................................... ૧૬૯
૧૧.૯ ખેલમાં આવીને બ્રહ્મસૃષ્ટિ 'મોમિનો' તેમાં ભળી ગયા! ............ ૧૬૯
૧૧.૧૦ શ્રી શ્યામાજીએ ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજીને
તારતમજ્ઞાનરૂપી ચાવી સોંપી. ....................................... ૧૭૧
૧૧.૧૧ દિલમાં 'ઈશ્ક' આવ્યા વિના આત્માની જાગણી સંભવિત નથી. .... ૧૭૨

**૧૨ સુરત હક્ક ઈશ્કનું બેશક રહસ્યઃ**
**હાએ હાએ ક્યોં ન સુનો રુહે અર્સકી... ............... ૧૭૩**

૧૨.૧ સુંદરસાથજી જાગો! આપ આટલા નિષ્ઠુર કેમ થઈ ગયા છો? ...... ૧૭૯
૧૨.૨ હે સાથજી! મને જે ઈશ્ક અને બેશક ઈલમ પ્રાપ્ત થયેલ છે,
તે તમને પણ મળી શકે છે! ......................................... ૧૮૧
૧૨.૩ સ્વયં શ્રી ધણીજી જ મારા મુખેથી બેશક ઈલમ ઉચ્ચારી રહ્યા છે-
'હું' કંઈ જ નથી કહેતી! ............................................. ૧૮૨
૧૨.૪ સાથજી! આપ શ્રી ધણીજીના ઈશ્કના તરંગોને દિલમાં
કેદ કેમ નથી કરી લેતા? ............................................ ૧૮૪
૧૨.૫ ખેલમાં જે કંઇ છે તે સર્વે ધણીજીના જ ઈશ્કની કારીગરી છે! ....... ૧૮૭
૧૨.૬ હે ધણી! જેટલા મહાન આપ છો,
તેટલો જ મહાન આપશ્રીનો ઈશ્ક પણ છે! .......................... ૧૯૦
૧૨.૭ વિચારો! તમે ક્યાં, કઈ હાલતમાં હતા?
હવે, ઈશ્કની કૃપાથી ક્યાં, કેવી રીતે પહોંચ્યા છો? ................. ૧૯૫
૧૨.૮ ફરામોશીમાં બ્રહ્મસૃષ્ટિની હાંસી થઈ તે પણ
શ્રી ધણીજીનો ઈશ્ક જ છે! ........................................... ૧૯૬
૧૨.૯ 'ઈશ્ક' માટે જ શ્રી ધણીજી આપણા ઉપર
હરક્ષણે મહેર વરસાવી રહ્યા છે!..................................... ૧૯૮

**૧૩ બુલાએ લ્યાઓ તુમ રુહ અલ્લાઃ**
**લ્યાઓ બુલાએ તુમ રુહઅલ્લા... ......................... ૨૦૦**

૧૩.૧ હે શ્યામાજી! રુહોને નિજધામ પરત બોલાવી લાવો! ............... ૨૦૪
૧૩.૨ હે રુહો! ખેલને નિહાળીને હવે તેમાં
પોતાના 'હાલ' તરફ દૃષ્ટિપાત કરો! ................................ ૨૦૬
૧૩.૩ હે શ્યામાજી! રુહોને કહો કે, હું આપ સૌની અતિ નિકટ-
પ્રાણનળીથી પણ વધુ નજીક છું! ...................................... ૨૧૨
૧૩.૪ હે શ્યામાજી! રુહોને કહો કે
અત્યારે એ જ ઘડી અને એ જ પળ ચાલી રહી છે!................. ૨૧૩
૧૩.૫ શ્રી ધણીજીના ઈલમની કમાલઃ
રુહોને સર્વથા બેશકીનો અહેસાસ અને ઈશ્ક-રબ્દનો ફેંસલો!....... ૨૧૪

**૧૪ સુરત અર્શ અજીમની બાતૂની રોશનીઃ પરમધામનો**
**અંતઃ પ્રકાશ-'ઈશ્ક': રુહઅલ્લા સુભાને ભેજીયા... ..... ૨૧૭**

૧૪.૧ હે સાથજી! તમે મને શોધશો,
છતાં આપને ન મારૂં ઘર મળશે કે ન હું! .......................... ૨૨૫
૧૪.૨ સુંદરસાથજી, વિચારો! ખેલમાં આવીને આપણે શું કર્યું?
શું થયું અને શું થઈ રહ્યું છે? ......................................... ૨૩૧
૧૪.૩ પારબ્રહ્મ અને પરમધામના વિષયમાં
હિંદુ અને બિનહિંદુ બંને બેસુધ! ..................................... ૨૩૩
૧૪.૪ સંસાર કોઇકના હુકમથી તો બન્યો છે, પણ કોના હુકમથી?
તે હુકમ કરનાર છે ક્યાં? ........................................... ૨૩૪
૧૪.૫ સંસારમાં સૌ પોતપોતાની ઈચ્છાનુસાર પૂજા પધ્ધતિ કરે છે! ....... ૨૩૫
૧૪.૬ દુનિયાને અખંડજ્ઞાનની રોશની આપનાર 'સૂર્ય'ની ઓળખ નથી!.. ૨૩૬

૧૪.૭ સાથજી! જ્ઞાનના સૂર્યોદયની નિશાનીઓ સમજી લો ................ ૨૩૮
૧૪.૮ તારતમજ્ઞાન થકી રુહોની અંતઃદષ્ટિ ખુલતાં
ધણી અને ધામ જાહેર થશે. ........................................... ૨૩૯
૧૪.૯ બસરી, મલકી અને હક્કીઃ
પારબ્રહ્મની ત્રણ સૂરતોની લીલાની હકીકત.......................... ૨૪૦
૧૪.૧૦ પરમધામનાં સુખોનો આનંદ આપવા માટે જ
શ્રી ધણીજીની મહેર વરસી રહી છે. ................................. ૨૪૨
૧૪.૧૧ શ્રી સુંદરસાથજીના અસલ ઘર અને અસલ પરિવારનો પરિચય .... ૨૩૯
૧૪.૧૨ સાથજી! વિચારો! પહેલાં તમે ક્યાં અને કેવા હતા? અત્યારે ક્યાં
અને કેવા બની ગયા છો? ............................................ ૨૪૫
૧૪.૧૩ સુંદરસાથના 'સાચા' દિલમાં જ 'સત્ય' શ્રી રાજજીની બેઠક! ....... ૨૪૬

**૧૫ આશિક મેરા નામ... .................................... ૨૪૮**

૧૫.૧ હે શ્યામાજી! આશિક તો હું જ છું અને
હું મારી રુહો વિના રહી શકું તેમ નથી! ............................ ૨૫૨
૧૫.૨ હે શ્યામાજી, રુહોએ જે મોટી-મોટી વાતોની બડાશો મારી હતી,
તે તેમને યાદ કરાવો! .................................................. ૨૫૩
૧૫.૩ હે શ્યામાજી! રુહોને ખેલની વાસ્તવિકતાની યાદ અપાવો! .......... ૨૪૭
૧૫.૪ હે શ્યામા મહારાણી! મેં મજબૂર થઈને જ
સૌ રુહોને ખેલમાં ઉતારેલ છે! ....................................... ૨૫૭
૧૫.૫ રુહોના દિલરૂપી કોમ્પ્યુટરમાંથી 'ઈશ્ક'ની ફાઈલ રદ્દ થઈ ગઈ! ... ૨૫૮
૧૫.૬ સાથજી! વિશ્વસનીય રસૂલ, કુરાન તથા
ઈશ્ક-રબ્દની વાતોને દિલમાં દઢ કરો! .............................. ૨૬૦
૧૫.૭ હે શ્યામાજી! રુહોને મારા ઈલમ થકી જગાવો! ..................... ૨૬૨
૧૫.૮ હે સાથજી, જુઓ! તમારી કહેણી, કરણી અને
રહેણી કઈ દિશામાં જઈ રહ્યાં છે! ................................... ૨૬૩
૧૫.૯ હે સાથજી! તમારા પાંચેય હથિયારો બરાબર સંભાળો. ............. ૨૬૪
૧૫.૧૦ જાગૃતબુધ્ધિથી તારતમજ્ઞાનરૂપી ચાવીનો પ્રયોગ કરો
અને બેહોશી હટાવો! .................................................. ૨૬૫
૧૫.૧૧ સાથજી! અખંડ ઘરમાં ઉઠવાનો
(કયામતનો) સમય આવી ગયો છે! .................................. ૨૬૭

**૧૬ મેહેર હુઈ મહંમદ પર...**

૧૬.૧ જાઓ, ખિલવતની વાતોની યાદ અપાવી
રુહોને માટે પરમધામનાં દ્વાર ખોલી દો!............................. ૨૭૨
૧૬.૨ ઈશ્ક-રબ્દમાં રુહો, શ્રી શ્યામાજી અને શ્રી રાજજી વચ્ચે
શું શું વાર્તાલાપ થયો?................................................ ૨૭૩
૧૬.૩ પરમધામમાં છેવટે ઓછા-વત્તાનો અને
જુદાઈનો અનુભવ થયો જ કેવી રીતે? .............................. ૨૭૫
૧૬.૪ પરમધામની વાહેદત (એકરસતા, એકદિલી)ની વિશેષતા .......... ૨૭૭
૧૬.૫ અખંડ પરમધામમાં એક વાત એવી છે,
જે શ્રી રાજજીથી પણ સંભવ નથી! ................................. ૨૭૮
૧૬.૬ શ્રી રાજજીની ચેતવણીઃ ખેલમાં જઈને તમે બેહાલ થઈ જશો! ...... ૨૭૯
૧૬.૭ બ્રહ્મસૃષ્ટિની 'ઈશ્ક'ની રીત ............................................ ૨૮૦
૧૬.૮ આપણા અને પરમધામ વચ્ચે એક જ પડદો - જૂઠો ખેલ! .......... ૨૮૨
૧૬.૯ માયાની ચાહ તૂટતાંની સાથે સુરતા પરમધામ પાછી ફરશે! ........ ૨૮૮
૧૬.૧૦ પરમધામથી નથી કોઈ આવ્યું
કે નથી કોઈ ત્યાંથી બહાર પણ ગયું!................................ ૨૯૦
૧૬.૧૧ શ્રી રાજજી દ્વારા કરાયેલ 'ઈશ્ક'નું સ્પષ્ટીકરણ ........................ ૨૯૦
૧૬.૧૨ ધણીજીનો સંદેશ સાંભળી દિલમાં ઘા ન લાગે
તો એ બ્રહ્મસૃષ્ટિ જ કેવી? ............................................ ૨૯૪
૧૬.૧૩ જેવું બીજ તેવું વૃક્ષ અને તેવું જ ફળ પણ હોય છે! ................. ૨૯૫
૧૬.૧૪ સાથજી! વ્યર્થમાં પોતાની હાંસી ન કરાવો!
ધણીજીની વાત સાંભળો! .............................................. ૨૯૫

# શ્રી કુલજમ સ્વરૂપઃ સંક્ષિપ્ત પરિચય

'પારબ્રહ્મ તો પૂરણ એક હૈ', 'સોઈ ખુદા સોઈ બ્રહ્મ', 'પ્રેમ બ્રહ્મ દોઊ એક હૈ', 'જો કછુ કહ્યા વેદને, સોઈ કહ્યા કતેબ', 'પંથ હોવે કોટ કલપ, પ્રેમ પોહોંચાવે મિને પલક', 'માનખે દેહ અખંડ ફલ પાઇએ, સો ક્યોં પાઈકે વૃથા ગઁવાઈએ', 'સબ સાથ કરું આપસા, તો મૈં જાગી પરમાન' તથા 'સુખ શીતલ કરું સંસાર' ઈત્યાદિ જેવી આત્મ-જાગૃતિ કેન્દ્રિત ઘોષણાઓ કરનાર શ્રી કુલજમ સ્વરૂપની અદ્ભૂત વાણી સાક્ષાત્ પારબ્રહ્મ અક્ષરાતીત, જે સચ્ચિદાનંદ છે, તેમનું વાઙ્મય(વાણી) સ્વરૂપ છે. જે સમસ્ત સૃષ્ટિના જીવોના એક માત્ર માલિક છે. આ દિવ્યવાણી પારબ્રહ્મના મુખારવિંદથી અવતરિત-આવેશયુક્ત છે. માટે, તેને 'અખંડવાણી' કે 'શ્રીમુખવાણી' કે 'તારતમવાણી' પણ કહેવામાં આવે છે.

આ બ્રહ્મવિદ્યા પારબ્રહ્મની પાંચ દિવ્ય શક્તિઓ[1] થી સુશોભિત એ વિજયાભિનંદ બુધ્ધનિષ્કલંક અવતાર આખરુલજમા ઈમામ મેહેંદી સાહેબ, કે દ્વિતિય ઈશુ (Second Christ)ની સંસારને દિવ્ય ભેટ છે, જેમના આગમન તથા ઓળખાણ સંબંધી અનેક સાંકેતિક નિશાનીઓ વિશ્વના વિવિધ ધર્મશાસ્ત્રો - વેદ પુરાણ, કુરાન, બાઈબલ, તૌરેત આદિમાં મળે છે. આમ, આ વાણી પારબ્રહ્મ ધણીની એ જ જિહ્વાની અનુકંપા છે, જે પરમધામમાં ઈશ્કરૂપે પ્રવાહિત થતી રહે છે તથા વર્તમાન જાગણી બ્રહ્માંડમાં આ ખુદાઈ ઈલમ શ્રી કુલજમ સ્વરૂપ રૂપે પ્રગટ થયેલ છે.

કુલ ૧૮,૭૫૮ ચોપાઈ, ૫૨૮ પ્રકરણ તથા કુલ ૧૭ રત્નરૂપ ઉપગ્રંથોમાં વિભાજીત આ શ્રીમુખવાણી વિશ્વના વિવિધ ધર્મગ્રંથોમાં છુપાયેલ આધ્યાત્મિક ગૂઢ

*૧. અક્ષરાતીત પારબ્રહ્મની આ પાંચ શક્તિઓ પ્રત્યેક બ્રહ્માત્માના સુખો માટે 'પાંચ-દિવ્ય બક્ષીસના રૂપમાં અનાદિ પરમધામથી આવેલ છે, જે આ પ્રમાણે છે: ૧. જોશ કે આવેશની શક્તિ* (Parbrahmn's Exalted power), *૨. આનંદની શક્તિ* (Supreme Bliss), *૩. નૂરી તારતમજ્ઞાન તથા ઈશ્કની શક્તિ* (Noori Tartam Knowledge and Ishak), *૪. હુકમ કે આદેશ શક્તિ* (Lord's Command or His Will) *તથા મૂળ વતન પરમધામની જાગ્રતબુધ્ધિ તથા અક્ષરાતીત પારબ્રહ્મના દિલની ગૂઢ વાતોને પ્રગટ કરનાર નિજ-બુધ્ધિ શક્તિ* (Lord's Awakened and Self-Intellect).



D:\Pranam/Chitvani/7

રહસ્યોરૂપી મોતીને એક તારતમના[1] દોરામાં પરોવીને બનાવવામાં આવેલ અનુપમ સુંદર માળા છે. આ વાણીનું અવતરણ સંવત ૧૭૧૫ થી ૧૭૫૧ ના વર્ષ દરમ્યાન થયું છે. શ્રી પ્રાણનાથજી જ્યારે પોતાના આત્મ-જાગૃતિ (જાગણી) અભિયાનમાં ગુજરાત પ્રદેશની બહાર નીકળ્યા ત્યારે સર્વહિતની મંગળ ભાવનાઓને ધ્યાનમાં રાખી પોતાની દિલ્હી યાત્રા દરમ્યાન વિક્રમ સંવત ૧૭૩૫ માં તેમના શ્રી મુખે પ્રકાશ તથા કલશ ગ્રંથની વાણીનું પુનઃ અવતરણ અનુપ શહેરમાં થયું. ત્યાર પછીના તમામ ગ્રંથો હિન્દુસ્તાની ભાષા, જે તત્કાલિન જન-સાધારણ સહજતાપૂર્વક સમજી શકે, તે માટે તેમાં અવતરિત થયા, જેની લિપી દેવનાગરી છે.

શ્રી કુલજમ સ્વરૂપના શ્રવણ, મનન તથા ચિંતનથી આત્મ-ખોજી માનવને પોતાના નિજ-આત્મ સ્વરૂપની ઓળખાણ તથા પારબ્રહ્મના ચિન્મય સ્વરૂપ, ધામ અને ત્યાંની લીલાનું નિશ્ચયાત્મક જ્ઞાન થઈ જાય છે. આ દિવ્યવાણી આધ્યાત્મિક જગતની અણમોલ સંપત્તિ એટલા માટે છે કે તેમાં નિહિત બ્રહ્મજ્ઞાન આત્મખોજીને સાકાર તથા નિરાકારની ધારણાઓથી પાર અખંડ યોગમાયા તથા સર્વોપરી નૂર તથા ઈશ્કની લીલાઓથી પરિપૂર્ણ અક્ષરાતીત પરમધામની ઉપલબ્ધિ અનન્ય પ્રેમ લક્ષણા ભક્તિ યુક્ત પતિવ્રતા ધર્મપાલનના માધ્યમે કરાવે છે. શ્રીમદ્ભાગવતઃ ૨/૧૦/૩૩,૩૪ માં કહ્યા પ્રમાણે સાકાર કે સગુણ, તથા નિરાકાર કે નિર્ગુણ આ બંન્ને પરસ્પર સંબંધિત પાસાંઓ ઉપાધિ યુક્ત માયાના જ સ્વરૂપ છે - પારબ્રહ્મનાં નહિ. તેથી 'નિરાકારથી પાર' પારબ્રહ્મ અને આત્માના નિજ-સ્વરૂપની ઓળખાણ માટે તારતમ જ્ઞાનની આવશ્યકતા વિશે કોઈ શંકાને સ્થાન રહેતું નથી. વેદ, ઉપનિષદ, ગીતા આદિ ધર્મગ્રંથો આદર્શ મનુષ્યજીવનનો પ્રબોધ તથા પરમ તત્ત્વ પ્રતિ નિર્દેશ તો કરે જ છે, પરંતુ પરમ તત્ત્વનો નિશ્ચય કરાવી તેનો સાક્ષાત્કાર કરાવવામાં તે સર્વેનું જ્ઞાન સક્ષમ નથી.

આધ્યાત્મિક માર્ગમાં પ્રેમની મહિમા તો ઘણા બધા ધર્મગ્રંથો તથા સંતોની વાણીમાં ગાવામાં આવેલ છે. પરંતુ પ્રેમની વાસ્તવિકતા(હકીકત) તથા તેના વૈજ્ઞાનિક(મારફતીય) સ્વરૂપની ઓળખાણ તો માત્ર શ્રી કુલજમ સ્વરૂપ જ કરાવે છે.

*૧. તારતમ - તાર અર્થાત્ તારવાવાળો તથા તમ એટલે અંધારુ કે અજ્ઞાન. આવાગમનનું બંધન જ વાસ્તવિક અંધારું છે. પારબ્રહ્મના સ્વરૂપ, ધામ અને લીલાની ઓળખાણ જ તારતમ જ્ઞાન છે. આ જ્ઞાન સ્વ-કલ્યાણનો નિજ-આનંદ ધર્મ પ્રકાશિત કરવાવાળો તથા મોહજન્ય અજ્ઞાનરૂપી અંધકારમાંથી પરમ વિજ્ઞાનમયી આનંદરૂપી ચૈતન્ય પ્રકાશ તરફ લઈ જનાર છે.*

પારબ્રહ્મ જ્યારે સત્, ચિત્ત અને આનંદ તથા તેનાથી વિસ્તૃત પરમધામરૂપે પ્રકટ થાય છે ત્યારે તેઓ પોતાના હકીકતના સ્વરૂપમાં કહેવાય છે. તેમના અનેક રૂપોમાં પણ સર્વ પ્રકારની એકદિલી(વાહેદત)નો વ્યાપ હોય છે. તેનાથી વિરુદ્ધ, જ્યારે પારબ્રહ્મ સંપૂર્ણ પરમધામના સ્વરૂપને પોતાનામાં સમાવી લઈ માત્ર એક (વાહેદ) બની રહે છે, ત્યારે તેમને મારફત સ્વરૂપ કહેવાય છે.

શ્રી કુલજમ સ્વરૂપ મનુષ્યની અનાદિ આધ્યાત્મિક જિજ્ઞાસાઓનો યથાર્થ બોધ કરાવે છેઃ હું આત્મા છું અને મારું શુધ્ધ-સાકાર સ્વરૂપ પર-આત્મા છે. મારું નિજઘર અક્ષરાતીત પરમધામ છે, જે ક્ષર (કાલમાયા), અક્ષર (યોગમાયા)થી પાર છે. આ દશ્યજગત માયાનો સ્વપ્નવત્ ખેલ માત્ર છે. અક્ષરબ્રહ્મના મન (અવ્યાકૃત)ના સ્વપ્નના સ્વરૂપ આદિનારાયણ (ક્ષરપુરુષ) થકી આ તથા બીજાં અનેક ક્ષર બ્રહ્માંડોની ઉત્પત્તિ તથા પ્રલયની પ્રક્રિયા ચાલતી રહે છે. મારી આત્મા આ સંસારી ખેલ માત્ર 'જોવા' માટે આવેલ છે. શ્રી ધણીજીનો ઈશ્ક પ્રેમ પુનઃ યાદ કરી, તે પર સમર્પિત થઈ પુનઃ નિજાનંદ સ્થિતિ પામવી એ જ પરમાર્થ છે. આ નશ્વર શરીર છુટ્યા બાદ મારો 'જીવ' તારતમજ્ઞાન થકી અખંડ મુક્તિ પામશે અર્થાત્ આવાગમનના ચક્રમાંથી મુક્ત થઈ જશે. તથા મારી 'આત્મા' (સુરતા, ધ્યાન) શ્રી ધણીજીના ચરણોમાં જોડાઈ જશે. માયા, ઈશ્વર તથા જીવ આ ત્રણેય ક્ષર પુરુષ આદિનારાયણના શરીર સમાન છે. આ ત્રણેય સ્વપ્નાવસ્થાનાં રૂપો છે, તથા અસત્ય, જડ અને દુઃખથી બંધાયેલ છે. તેનાથી વિપરીત, પરમધામ, અક્ષરાતીત પારબ્રહ્મ તથા આત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, નિત્ય મુક્ત છે. અક્ષરબ્રહ્મનું ધામ અક્ષરધામ છે, પરંતુ ત્યાં તેમની કોઈ લીલા કે લીલાનાં સ્વરૂપ નથી, તેમની સર્વે લીલા કાલમાયા અને પરમધામની વચ્ચે આવેલ યોગમાયાના બ્રહ્માંડમાં થાય છે. સંસારરૂપી મોહસાગરથી પાર થવાનો એક માત્ર સક્ષમ માર્ગ છે શ્રી કુલજમ સ્વરૂપ પ્રબોધિત અનન્ય પ્રેમ-લક્ષણા યુક્ત પતિવ્રતા ધર્મ. આવી તો અનેક આધ્યાત્મિક જિજ્ઞાસાઓનો વૈજ્ઞાનિક ઢબે યથાર્થ બોધ થવો તેને જ 'જાગણી' કે 'આત્મ-જાગૃતિ' કહેવાય છે. સ્વયંની જાગૃતિ દ્વારા સંસારની જાગૃતિ અને તે રીતે જ 'સુખ શીતલ કરું સંસાર'નું સ્વપ્ન સાકાર થશે, એ શ્રી મુખવાણીનું વચન છે.

શ્રી કુલજમ સ્વરૂપની સવિશેષ ઘોષણા એ છે કે પૂર્વી તેમજ પશ્ચિમી ધર્મ-ગ્રંથોની મૂળભૂત વાતોમાં માત્ર ભાષા ભેદ તથા સાંસ્કૃતિક ભેદ હોઈ શકે છે. પરંતુ તે સર્વે એક જ પરમ સત્ય તરફ નિર્દેશ કરે છે. શ્રી કુલજમ સ્વરૂપ આ તમામ ધર્મગ્રંથોનું સારતત્ત્વ પ્રકાશિત કરી, તેમાં રહેલા પારબ્રહ્મ લીલા સંબંધી રહસ્યોનું



D:\Pranam/Chitvani/8

સ્પષ્ટીકરણ કરી, તેમણે ચીંધેલ પારબ્રહ્મ તથા તેના પરમધામનું નિશ્ચયાત્મક જ્ઞાન આપતો એક માત્ર ધર્મગ્રંથ છે. તે *'સોઈ ખુદા ઔર સોઈ બ્રહ્મ'*ની વાત કરીને ક્ષર, અક્ષર અને અક્ષરાતીત વિષયક રહસ્યો તથા શાસ્ત્રોનાં અટકળ યુક્ત જ્ઞાન દઢ કરાવતો 'બેશક ઈલમ' છે.

જો કે શ્રી કુલજમ સ્વરૂપના વિવિધ ગ્રંથોનું સંકલન વિષયની દષ્ટિએ ન કરતાં તેના અવતરણકાળની દષ્ટિને પ્રાધાન્ય આપી કરવામાં આવ્યું છે, જે તેની વિશેષતા છે. તેમ છતાં, વિષયોની દષ્ટિએ શ્રી કુલજમ સ્વરૂપ પાંચ પ્રમુખ વિભાગોમાં વિભાજીત કરી શકાય છેઃ (૧) આત્મ-બોધક જ્ઞાન જે મુખ્ય રૂપે શ્રી રાસ તથા પ્રકાશ ગ્રંથમાં સમાયેલ છે. (૨) બ્રહ્મ-બોધક જ્ઞાન જે મુખ્ય રૂપે ષટ્રુતી તથા કલશ ગ્રંથમાં સમાયેલું છે. (૩) શાસ્ત્રીય, પૌરાણિક તથા વેદાંત તત્ત્વ સમીક્ષાત્મક જ્ઞાન મુખ્ય રૂપે કલશ તથા કિરંતન ગ્રંથમાં સમાયેલું છે. (૪) પારબ્રહ્મના દિવ્ય સ્વરૂપ તથા નિજધામલીલા સંબંધિત વિજ્ઞાન ખિલવત (આત્મા-પરમાત્માનો ગુપ્ત વાર્તાલાપ), પરિકરમા (પરમધામ ૨૫ પક્ષોની શોભા), સાગર (શ્રી યુગલ સ્વરૂપ તથા બ્રહ્માંગનાઓની શોભા), સિનગાર (ચિદ્‌ઘન સ્વરૂપ શ્રી રાજજી માત્રના સ્વરૂપ તથા શૃંગાર) તથા સિંધી (આશિક અને માશૂકનો મધુર વાર્તાલાપ) ગ્રંથોમાં સમાયેલું છે અને (૫) સમકાલીન ધર્મ સમન્વયાત્મક જ્ઞાન મુખ્ય રૂપે સનંધ, ખુલાસા, મારફત સાગર તથા કયામતનામા ગ્રંથમાં સમાયેલું છે.

**શ્રી કુલજમ સ્વરૂપના પ્રણેતા** માટે મેહેરાજ, ઈન્દ્રાવતી, મહામત, મહામતિ તથા પ્રાણનાથ શબ્દોનો પ્રયોગ વિશેષ રૂપે થયો છે. હકીકતમાં આ તમામ નામો એક જ તનમાં બિરાજમાન વિવિધ વ્યક્તિત્વ માટે પ્રયોગ થયેલ છે. વાસ્તવમાં 'ઈન્દ્રાવતી' શ્રી મેહેરાજ ઠાકુર (સંવત ૧૬૭૫-૧૬૫૧ કે ઈ.સ.૧૬૧૮-૧૬૯૪)ના તનમાં બિરાજમાન પરમધામની આત્મ-શક્તિનું નામ છે. શ્રી કુલજમ સ્વરૂપમાં વર્ણિત પ્રાણનાથ કોઈ વ્યક્તિવિશેષ નથી, પરંતુ મૂળ નૂરી સ્વરૂપ શ્રી અક્ષરાતીત પોતે છે, જે આત્માઓના પ્રિયતમ છે તથા 'મહામતિ'ના પણ પ્રિયતમ છે. અક્ષરાતીત પારબ્રહ્મની વિવિધ લીલાઓના સંદર્ભમાં શ્રી કુલજમ સ્વરૂપ સાહેબમાં શ્રી કૃષ્ણજી તથા શ્રી દેવચંદ્રજી (શ્રી નિજાનંદ સ્વામી)ને પણ 'પ્રાણનાથ' કહેવામાં આવ્યા છે. પરંતુ, શ્રી મેહેરાજજીના તન દ્વારા થનાર મહિમાવાન જાગણી લીલાને કારણે તેઓ 'પ્રાણનાથજી'ના નામથી સર્વપ્રથમ વાર જાહેર થાય છે. દેહ-દષ્ટિથી જોઈએ તો મેહેરાજ ઠાકુર, આત્મ-દષ્ટિથી જોઈએ તો શ્રી ઈન્દ્રાવતીજી અને અંદર બિરાજમાન અક્ષરાતીત પારબ્રહ્મની પાંચ શક્તિઓમાં અવતરણની દષ્ટિએ

'શ્રી મહામતિ' તથા સ્વયં 'શ્રી પ્રાણનાથજી' છે!

ધ્યાન કરવા યોગ્ય બાબત એ છે કે સંપૂર્ણ વાણીમાં શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા પોતાના તરફથી કશું જ નથી કહી રહી; સ્વયં ધણી જ પોતાની પ્રિય આત્માના માધ્યમે બેશક ઈલમ પ્રવાહિત કરી રહ્યા છે! તેથી આ શ્રી મુખવાણી કોઈ કવિ, સર્વધર્મ સમન્વયકારી સંત, વિભૂતિ, ઋષિ, અવતાર, મહાપુરુષ કે મહાત્માની નહિ, પરંતુ સર્વ અવતારોથી પરે તથા અક્ષરબ્રહ્મથી પરે સ્થિત એવા અક્ષરાતીત પારબ્રહ્મનું વિજ્ઞાનમય સ્વરૂપ છે.

શ્રી કુલજમ સ્વરૂપની વાણીનાં પ્રકરણોનું અવતરણ મુખ્ય રૂપે આ ત્રણ નામોથી થયું છે, જે આ સીમાચિહ્ન પ્રસંગોના પ્રકાશમાં સમજી શકાય છેઃ (૧) સત્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીના અંતર્ધ્યાન વર્ષ (વિક્રમ સંવત ૧૭૧૨ થી 'શ્રી મેહેરાજ'ના નામથી પરોક્ષ રૂપે અવતરેલ કેટલીક કિરંતન વાણી; (૨) હબ્સા, નૌતનપુરીમાં વિક્રમ સંવત ૧૭૧૫થી પ્રત્યક્ષ રૂપે 'શ્રી ઈન્દ્રાવતીજી'ના નામથી અવતરેલ વાણી તથા (૩) મેડતા (રાજસ્થાન)થી પાંચેય શક્તિઓના એક સાથે પ્રગટ થઈ જવાથી વિક્રમ સંવત ૧૭૩૨ થી 'મહામતિ' નામથી અવતરિત વાણી.

સર્વપ્રથમ વાર ઈ.૧૬૨૧માં પારબ્રહ્મ અક્ષરાતીતના આવેશ સ્વરૂપે શ્રી નિજાનંદ સ્વામી ધણી શ્રી દેવચંદ્રજી (ઈ.સ.૧૫૮૧-૧૬૫૪)ને દર્શન આપી તેમની સાથે જે જ્ઞાનનો વાર્તાલાપ થયો તેને 'તારતમ જ્ઞાન' કહેવાય છે. તારતમનો સરળ અર્થ છેઃ અજ્ઞાનરૂપી અંધકારમાંથી પરમ આનંદમયી વિજ્ઞાનરૂપી ચૈતન્ય પ્રકાશ તરફ લઈ જનારું બ્રહ્મજ્ઞાન. સંપૂર્ણ શ્રી કુલજમ સ્વરૂપ આ બીજ સ્વરૂપ 'તારતમ'નું વૃક્ષ-સ્વરૂપ છે, જે પારબ્રહ્મના સ્વરૂપ તથા ધામલીલાની સ્પષ્ટ ઓળખાણ કરાવે છે તથા મનુષ્યનો આવાગમનના બંધનરૂપી અંધકાર સમાપ્ત થઈ જાય છે.

શ્રી કુલજમ સ્વરૂપમાં સચ્ચિદાનંદ પારબ્રહ્મ પરમાત્માને ધણી, પિયા, મેહેબૂબ, ખસમ, ખુદા, હક્ક, પ્રાણનાથ, અક્ષરાતીત, શ્રી રાજજી જેવા અનેક નામોથી સંબોધિત કરવામાં આવ્યા છે. પારબ્રહ્મના આનંદ સ્વરૂપને શ્રી શ્યામાજી, રુહઅલ્લાહ, બડીરુહ, મલ્કી સુરત, મહમ્મદ, હાદી, સત્ગુરુ કહેવામાં આવ્યા છે. બ્રહ્માત્માઓ, જે શ્રી શ્યામાજીનાં અંગ સ્વરૂપ છે, તેમના માટે આત્મા, રુહ, અંગના, બ્રહ્માંગના, સખી, મોમિન, આદિ શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. મુખ્યત્વે બ્રહ્માત્માઓનાં પરમધામ સ્થિત સ્વરૂપને 'પર-આત્મ' તથા તેની સુરતા કે ધ્યાન, જે આ માયાવી ખેલમાં અવતરેલ છે, તેને 'આત્મા' કહેવામાં આવેલ છે. પારબ્રહ્મના



D:\Pranam/Chitvani/9

અખંડ ધામ માટે પરમધામ, અક્ષરાતીત ધામ, ધામ, નિજધામ, અર્શ-એ-અજીમ આદિ શબ્દ પ્રયોગ થયેલ છે. પાશ્ચાત્ય ધર્મગ્રંથોમાં અક્ષરાતીત પારબ્રહ્મને નૂરજમાલ, સત્-અંગ અક્ષરબ્રહ્મને નૂરજલાલ, આનંદ-અંગ શ્રી શ્યામાજીને રુહઅલ્લાહ તથા બ્રહ્માત્માઓને મોમિન-ઉમત કહેવામાં આવેલ છે. તેમાં પારબ્રહ્મ ધણી શ્રી રાજજી તથા બ્રહ્માત્માઓનો સંબંધ પતિ(પરમાત્મા) અને પત્ની(આત્મા)ના રૂપક દ્વારા સમજાવવામાં આવ્યો છે.

શ્રી કુલજમ સ્વરૂપના વિવિધ ગ્રંથોના અવતરણ સંબંધી માહિતી નીચે મુજબ છેઃ

| ક્રમ | શ્રી કુ.સ્વ. ગ્રંથ નામ/ભાષા | કુલ પ્રકરણ | કુલ ચોપાઈ | અવતરણ વિ.સં. | અવતરણનું સ્થાન |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રાસ ગુજરાતી | ૪૭ | ૯૧૩ | ૧૭૧૪-૧૭૧૫ | પ્રબોધપુરી (જામનગર, હબસા); દીવઃ પ્રથમ ત્રણ પ્રકરણ; મેરતા(રાજસ્થાન): કેટલીક રામતો |
| ૨ | પ્રકાશ-જંબૂર ગુજરાતી | ૩૭ | ૧૦૬૪ | ૧૭૧૫ | પ્રબોધપુરી (જામનગર, હબસા); અમદાવાદથી દીવ જતાં સમુદ્રમાંઃ બેહદવાણી |
| | પ્રકાશ-જંબૂર હિન્દુસ્તાની | ૩૭ | ૧૧૮૫ | ૧૭૩૫ | અનૂપ(બુલન્દ) શહેર |
| ૩ | ખટરુતી ગુજરાતી | ૧૫ | ૨૩૦ | ૧૭૧૫ | પ્રબોધપુરી(જામનગર, હબસા) |
| ૪ | કલશ-તૌરેત ગુજરાતી | ૧૨ | ૫૦૬ | ૧૭૧૫ -૨૯ | પ્રબોધપુરી(જામનગર, હબસા)માં પ્રારંભ; દીવ તથા સૂરતમાં સંપૂર્ણ |
| | કલશ-તૌરેત હિન્દુસ્તાની | ૨૪ | ૭૭૧ | ૧૭૩૩ -૩૫ | અનૂપ(બુલન્દ) શહેરમાં ગુજરાતીમાંથી હિન્દીમાં પ્રકટીકરણ (થોડાંક નવા પ્રકરણોની સાથે) |
| ૫ | સનંધ હિન્દુસ્તાની | ૪૨ | ૧૬૯૧ | ૧૭૩૫ (૧૭૩૩ -૩૬) | અનૂપ(બુલન્દ)શહેરઃ દિલ્હીમાં પ્ર.૪૧, ૪૨ (છોટી તથા બડી પાતી) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | કિરંતન હિન્દુસ્તાની | ૧૩૩ | ૨૧૦૨ | ૧૭૦૩ -૪૮ | દીવ, જામનગર, સૂરત, મેરતા, હરિદ્વાર, પન્ના વગેરે જગ્યાએ ધર્મયાત્રા દરમ્યાન |

| કિરંતન પ્રકરણ | વર્ષ | અવતરણ સ્થાન |
|---|---|---|
| જૂના-પૌરાણિક છ કિરંતન | ૧૭૦૩-૧૨ | જામનગર *(શ્રી દેવચંદ્રજીના જીવનકાળમાં)* |
| ધોરીડા..., વિસરાઈ... | ૧૭૦૩ | અરબ જતાં |
| આવોજી વાલા..., મીઠડા..., મારા વસ કીધેલ... | ૧૭૧૫ | પ્રબોધપુરી |
| સુનો રે..., ભાઈ રે..., હો મેરી વાસના... | ૧૭૨૪ | ઠઠ્ઠાનગર *(ચિંતામણી માટે)* |
| હો ભાઈ..., કહા ભયો..., સુનો ભાઈ..., રે હૂઁ નાહી..., વચન વિચારો..., આજ સાંચ..., ધની ન જાએ... | ૧૭૨૯ | સૂરત |
| વેદાંતનાં પ્રકરણઃ કહો કહો..., મૈં પૂછોં..., સંતજી..., ચિન્હે..., કલી મૈં..., ભાઈ રે... | ૧૭૩૫ | હરિદ્વાર |
| ધામ ચાલવાનાં: અબ હમ ધામ..., અબ હમ ચલે..., તીન વિધ કા..., સૈયા હમ..., ચલો ચલો... તથા આખિરનાં કિરંતન *(મારફતસાગર બાદ)* | ૧૭૪૦-૪૮ | પન્ના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ખુલાસા ખડીબોલી હિંદુસ્તાની(હિં.) | ૧૮ | ૧૦૨૦ | ૧૭૩૯ -૪૩ (૧૭૪૦ -૪૭) | રામનગરથી શરુ, પન્નામાં સંપૂર્ણ |
| ૮ | ખિલવત ખડીબોલી, હિં. | ૧૬ | ૧૦૭૪ | ૧૭૪૩ (૧૭૪૦ -૪૭) | પન્ના |
| ૯ | પરિકરમા ખડીબોલી, હિં. | ૪૪ | ૨૪૮૧ | ૧૭૩૯ -૪૫ | થોડીક રામનગર, બાકી પન્નામાં |



D:\Pranam/Chitvani/10

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | સાગર ખડીબોલી, હિં. | ૧૫ | ૧૧૨૮ | ૧૭૪૫ (૧૭૪૪ -૪૫) | પન્ના |
| ૧૧ | સિનગાર ખડીબોલી, હિં. | ૨૯ | ૨૨૧૧ | ૧૭૪૫ (૧૭૪૪ -૪૫) | પન્ના |
| ૧૨ | સિંધી જૂની સિંધી | ૧૬ | ૬૦૦ | ૧૭૪૫ -૪૬ | પન્ના |
| ૧૩ | છોટા કયામતનામા હિંદુસ્તાની | ૨ | ૨૧૭ | ૧૭૪૩ -૪૪ | ચિત્રકૂટ |
| | બડા કયામતનામા હિંદુસ્તાની | ૨૪ | ૫૩૧ | ૧૭૪૫ | ચિત્રકૂટ/પન્ના |
| ૧૪ | મારફત સાગર હિંદુસ્તાની | ૧૭ | ૧૦૩૪ | ૧૭૪૮ | પન્ના |
| | સંપૂર્ણ શ્રી કુ.સ્વ. | ૫૨૮ | ૧૮,૭૫૮ | ૧૭૪૮ -૫૧ | પન્નામાં સંકલન |

*નોંધ :*

*૧. હિંદુસ્તાની ભાષા તત્કાલીન બોલચાલની ભાષા છે, જેમાં મુખ્યતઃ હિન્દી, અરબી, ઉર્દૂ, તથા સંસ્કૃતના મિશ્રિત શબ્દો છે.*

*૨. બ્રહ્મમુનિ શ્રી કેશવદાસજીના નેતૃત્વમાં શ્રી કુલજમ સ્વરૂપનું સંકલન થયું.*

*૩. સં.૧૭૫૧માં શ્રીજીના ધામગમન પશ્ચાત્ શ્રી કુલજમ સ્વરૂપ ગાદીભિષેક થયો.*

*૪. સંવત ૧૭૪૮ પછી શ્રીજીના મુખારવિંદથી સુંદરસાથજીના કેટલાક પ્રશ્નોનું સ્પષ્ટીકરણ થયા કરતું હતું, જેના સંકલનને 'વાકા' કહેવામાં આવે છે. આ 'વાકા' તથા 'તીસરા કયામતનામા' મળીને લગભગ ૧૫૦૦ ચૌપાઈઓમાં લિપિબધ્ધ છે એમ મનાય છે.*

# ખિલવતની વાર્તા

માયાવી ખેલમાં નિજ-સ્વરૂપને ભૂલેલી આત્માને પોતાની ખિલવતની યાદ અપાવવા માટે *'સત્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીની પાતી'* નામના પોતાના લઘુપત્રમાં પરમહંસ મહારાજ શ્રી જુગલદાસજી જે સત્તરમી સદીમાં થઈ ગયા, તે ખૂબ જ હૃદય-સ્પર્શી ભાવોમાં લખે છે કે :

*"જેવી રીતે એક ખુબ જ મોટા સામ્રાજ્યનો બાદશાહ પોતાનું અસલ (નિજ) સ્વરૂપ છુપાવીને તથા એક અત્યંત ભિખારીના વેશમાં પોતાના જ શહેરમાં આવી પોતાની પ્રજા સમક્ષ જઈ ઢંઢેરો પીટે કે હું જ તમારા સૌનો રાજ દરબારમાં સિંઘાસન પર બેસનાર બાદશાહ છું. તમે એ વાત સત્ય માની મને તમારો બાદશાહ માનો. સ્વાભાવિક છે કે અતિ ગરીબ તથા કંગાળ જેવા વ્યક્તિના મુખે એવી વિચિત્ર વાત સાંભળી તથા એક બાદશાહની બાદશાહીના મોભાથી વિપરીત તેમને અતિશય ખરાબ હાલતમાં જોઈ લોકો તેમનાથી દૂર ભાગે છે. એટલું જ નહિ લોકો તેમને ગાળો દે છે, તેમને ગાંડો માની તેમના પર પથ્થર ફેંકે છે તથા અનેક રીતે નિંદા પણ કરે છે. ગરીબ ફકીરનો વેશ ધારણ કરેલ એ બાદશાહ પણ પોતાના પ્રજાજનોની અજ્ઞાનતાની ખરાબ હાલત જોઈને, તેમના રોમ-રોમમાં ફરામોશી (બેહોશી)નો વ્યાપ જોઈને હસે છે અને પોતાના રોમ-રોમમાં આનંદિત પણ થાય છે."*

*"પોતાની સંપૂર્ણ પ્રજા જ્યારે પોતાના જ બાદશાહની ગુનેગાર બની જાય છે, અર્થાત્ પોતાના જ બાદશાહને અપમાનિત કરવાનું મહા-વજ્રલેપ કર્મ કરી લે છે, ત્યાર પછી એ અતિ ગરીબ ફકીર વેષધારી બાદશાહ પોતાની પ્રજા પર મહેર વરસાવતા પોતાના જાહેરી વેશ પરથી પડદો ઉઠાવી લે છે. જ્યારે તે બાદશાહ પોતાનો અસલ ચહેરો તથા પોતાનું નિજ-સ્વરૂપ પ્રજા સમક્ષ ખુલ્લું કરી દે છે, ત્યારે તેમની સન્મુખ ઉભેલી સમસ્ત પ્રજા ત્રાહિમામ-ત્રાહિમામ પોકારી ઉઠે છે અને તેમના ચરણોમાં શરમથી ઝુકી જાય છે. આ સમયે સૌ પ્રજાજનોના દિલમાં બસ એ જ દર્દ ભરાઈ રહે છે કે પોતાને લાગેલ આ કાળા ડાઘને અમે શી રીતે દૂર કરી શકીશું? પોતાની પ્રજાની આ પ્રકારની દિલગીરી ભરી હાલત જોઈને બાદશાહથી રહેવાયું નહિ. તેમણે અનેક પ્રકારની મહેર-કૃપા કરી તેમનાં સૌનાં દુઃખ પળભરમાં દૂર કરી દીધાં. અંતે સૌ પ્રજાજનો ખુબ જ પ્રફુલ્લિત થયાં."*

વ્હાલા આત્મ-ખોજી સુંદરસાથજી! આ બાદશાહ એ બીજો કોઈ નહિ પણ આપણ સૌ આત્માઓના માલિક પારબ્રહ્મ ધણી શ્રી પ્રાણનાથજી જ છે. તેમની પ્રજા આપણે સૌ - આનંદ અંગ બ્રહ્મસૃષ્ટિ જ છીએ. આ પ્રકારની વિતક વાત આપણા સૌ પર વીતી છે કે વીતી રહી છે. આપણી એ અસલ વાતો યાદ આવવાનું નામ જ જાગણી છે. સાથજી! યાદ કરો, જે શ્રી ધણીજીએ કહ્યું હતુંઃ

*પ્રેમ-પ્રીતની ઓળખાણ સુખ અને આનંદની સ્થિતિમાં નથી થઈ શકતી. પ્રેમ-પ્રીતની ઓળખાણ તો ત્યાં થઈ શકે જ્યાં કરોડો સમસ્યાઓ, મુશ્કેલીઓ તથા મોટી આફતો વચ્ચે રહેવાનું થાય. માટે, હે મારી આત્માઓ! જો તમે સૌ મારા સાચા આશિક હો, એટલે કે જો તમે મને પૂર્ણ રીતે ચાહતા હો તો તે સાબિત કરી બતાવો. તમે સૌ માયાવી સંસારમાં જાઓ, ત્યાં જઈ કોટિ પ્રકારનાં દુઃખ તથા આપત્તિઓ વચ્ચે પણ જો મને નહિ ભૂલો, તો તમે મારા સાચા આશિક કહેવાશો. અન્યથા, હું આપનો આશિક છું. તથા તમે મારા માશૂક છો. હે આત્માઓ! ત્યાં એ માયામાં હું વેશ બદલીને આવીશ તથા સ્વયંની ઓળખાણ પણ સૌને કરાવીશ. વેદ-કતેબ ધર્મગ્રંથોમાં અનેક સાક્ષીઓ છે તે પણ બતાવીશ. પરંતુ, તમે સૌ મારું કહ્યું નહિ માનો! અંતે જ્યારે હું મારું અસલ સ્વરૂપ બતાવીશ ત્યારે તમને ખુબ જ પસ્તાવો થશે તથા ત્યારબાદ હું તમારા પર મહેર વરસાવીશ અને તમને સૌને પ્રફુલ્લિત કરી દઈશ.*

પોતાની બ્રહ્માત્માઓને આ પ્રકારની પૂર્વચેતવણી આપનાર બીજું કોઈ નહિ પણ સ્વયં પૂર્ણબ્રહ્મ અક્ષરાતીત જ છે. સાથજી! આત્મા અને પરમાત્મા વચ્ચે એવો અતૂટ ઈશ્ક-પ્રેમ સંબંધ છે, જેવો સાગર અને તેની લહેરોનો, જેવો સૂર્ય અને તેનાં કિરણોનો. આત્મા એ પરમાત્માના હૃદયમાં છુપાયેલ આનંદનું વ્યક્ત સ્વરૂપ છે. આત્મા, પરમાત્મા અને તેમનું ધામ-પરમધામ આ સર્વે સગુણ-સાકાર અને નિર્ગુણ-નિરાકારથી પરે શુધ્ધ-સાકાર સચ્ચિદાનંદ છે, જે સ્વ-લીલા-અદ્વૈત છે, જેમને શાસ્ત્રોમાં અક્ષરાતીત તથા ઉત્તમ પુરુષ જેવા શબ્દોથી સંબોધવામાં આવ્યા છે. આત્માના મૂળ શુધ્ધ-સાકાર સ્વરૂપને 'પર-આત્મ' તથા આ સંસારરૂપી ખેલમાં તેમની જે સુરતા કે ધ્યાન અવતરેલ છે, તેને 'આત્મા' કે 'રુહ' કહેવાય છે. આત્મા ભલે આ માયાવી ખેલમાં વિચરી રહી હોય, પરંતુ જેવી રીતે નદી અંતતઃ તો તેના જનક સાગરમાં જઈને જ મળે છે, તેવી રીતે આત્માનું લક્ષ્ય પણ પોતાના મૂળ 'પર-આત્મ' સ્વરૂપને પ્રાપ્ત થવાનું જ હોય છે. પોતાના પ્રાણ-પ્રિયતમના મિલાવામાં - તેમના સહવાસમાં - તેમની સાથે મધુર પ્રેમપૂર્ણ વાર્તાલાપ કરવાનું અખંડ સુખ લેતી રહે એ જ તેનું લક્ષ્ય હોય છે. પરમધામ, જે અખંડ નૂરી ચિન્મય ભૂમી છે, જ્યાં આત્મા તથા પરમાત્મા વચ્ચે ઈશ્ક જ ઈશ્કની લીલા થતી રહે છે. તે ધામમાં પર-આત્મા અને ચિદ્ઘન સ્વરૂપ પારબ્રહ્મના એકાંત મિલન-સ્થાનને 'ખિલવતખાનું' કહેવાય છે. *આ સંસારમાં ખિલવતમાં થયેલ આત્મા-પરમાત્મા સાથેની રહસ્યમય*

D:\Pranam/Chitvani/11

*ઈશ્કની વાતો તથા ધામ લીલાઓની યાદ આત્માના અંતઃકરણમાં ઊભી થઈ જાય એ જ જાગણી અથવા નિજ-આત્મ-સ્વરૂપની જાગૃતિ છે.*

વ્હાલા આત્મ-ખોજી સુંદરસાથજી! આત્મ-પહેચાન તથા પારબ્રહ્મની ઓળખ સંબંધી આ સમસ્યા સર્વ વેદ-શાસ્ત્રોની 'જીવ રૂપ' વાત છે. તેમ છતાં મનુષ્ય ગંભીરતાપૂર્વક એ નથી વિચારતો કે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? મારી આત્માનો ભરથાર કોણ? તે ક્યાં રહે છે? આ બાબતે શ્રી જુગલદાસજી હૃદય-સ્પર્શી ભાવો વ્યક્ત કરતાં કહે છે કેઃ

*સાથજી! આજનો સમય 'અમૃત બેલા' એટલે કે સર્વશ્રેષ્ઠ ઘડી છે, જે સર્વ સિધ્ધિ યોગ્ય છે. પૂર્ણબ્રહ્મ અક્ષરાતીત શ્રી પ્રાણનાથજી, જે સર્વ રાજાઓના રાજા છે, તેઓ તારતમવાણીમાં પોતાની સર્વ પ્રકારની ઓળખાણ લઈ વર્તમાન અઠ્ઠાવીસમા કળિયુગના અંતિમ ચરણમાં જાહેર થઈ ચૂક્યા છે. તેમની નિજ-જાગ્રત બુધ્ધિનો અવતાર, અઢાર હાથવાળો (અઢાર પુરાણોના રહસ્યોને સ્પષ્ટ કરનાર), પોતાના હાથમાં નવધા ભક્તિથી વિશેષ દશધા અનન્ય પ્રેમલક્ષણા ભક્તિની તલવારવાળો, તેનાથી સંસારના કર્મબંધનો કાપવાવાળો છે. તે નિષ્કલંક તારતમજ્ઞાનરૂપી સફેદ ઘોડા પર સવાર થઈને આવેલ છે.*

*સાથજી! આવા અમૃત સમયે તમે રાજ-સુખ, દેહ-સુખ, ધન-સુખ, સ્ત્રી-સુખ, પુત્ર-કલિત્ર કુટુંબ પરિવારનું સુખ, સમાજમાં મોટાઈનું સુખ આદિમાં અટકી રહેશો નહિ. કારણ કે, આ સૌ સુખો તો જૂઠા ક્ષણભંગૂર છે. હે આત્માઓ! તમે એ પારબ્રહ્મ ધણીજીના આદેશ તથા તેમની શક્તિને માથે ચઢાવી, પોતાની ધન-સંપત્તિને એક તરફ કરી તથા નમ્રતા-ગરીબી ભાવ લઈ સત્ગુરુને શોધો. પછી પૂર્ણ નિશ્ચય કરી તેમના ચરણોમાં તન, મન અને ધનથી કુરબાન થઈ આપણા એવા અખંડ ધણીજી સાથે સાચી પ્રીત કરો. તમારી સર્વ પ્રકારની ભલાઈ બસ આ જ વાતમાં છે. સાથજી! જે કોઈ પણ માયાના વજનથી લદાયેલ હોય, તે તમને સંસારરૂપી સાગર શી રીતે પાર કરાવી શકે? શું પથ્થરની નૌકાથી સમુદ્ર પાર થઈ શકે? શું કીચડથી કીચડ ધોઈ શકાય? શું સૂતેલાને બીજો સૂતેલો જગાડી શકે? જે સ્વયં બંધનોમાં બંધાયેલ હોય, તે બીજાને કદીયે ના છોડાવી શકે. જરા વિચારો તો ખરા! એક આંધળો બીજા આંધળાને રસ્તો શી રીતે બતાવી શકે?*

*એટલા માટે, હે સુંદરસાથજી! સૌ સાંસારિક અવરોધોને એક તરફ કરી, આત્મ-જાગૃતિ કરાવનાર સત્ગુરુ પરમહંસ સર્વ-ત્યાગી વૈરાગીને શોધો તથા તેમની સાથે સત્સંગ કરો. તત્પશ્ચાત્, જેવી રીતે એક કામી પુરુષની પ્રીત સ્ત્રી સાથે, લોભીની સોના સાથે તથા મોહી વ્યક્તિની પ્રીત પુત્ર સાથે લાગેલી રહે છે, તેવી રીતે*



D:\Pranam/Chitvani/12

*તમે પોતાના સત્ગુરુ સાથે પ્રીત કરો. સત્ગુરુના ચરણકમળ સાથે લાગેલી આ પ્રીત જ તમારા સર્વે પ્રકારના કારજ તથા મનોરથ પૂર્ણ કરાવશે. આ પ્રીત જ તમને ગૃહસ્થાશ્રમમાં જ રહીને ફકીરોને ઉપલબ્ધ 'મુક્તાનંદ' પ્રાપ્ત કરાવશે - બસ એવી રીતે, જેમ મહારાજા છત્રસાલજીને પ્રાપ્ત થઈ.*

*હે આત્મ-ખોજી સુંદરસાથજી! હવે લાખ વાતોની એક વાત કહું છું કે, આપ સૌમાંથી જે કોઈ પણ પૂર્ણબ્રહ્મ તથા પરમધામની ચાહના રાખવાવાળા છે, તે દુનિયાના મોં પર ધૂળ નાખીને, સર્વ પ્રકારની શરમ કે સંકોચને ખૂંટીએ લટકાવીને, હઠ-ધર્મી પૂર્વક સત્ગુરુ સાથે સત્સંગનો સહારો લઈ લો. બસ એમાં જ બધું સમાયેલું છે. આ જ એક બીજ-ભૂત વાત છે.*

વ્હાલા સુંદરસાથજી! ઉપરોક્ત પાતીમાં દર્શાવવામાં આવેલી બ્રહ્માત્માઓ તથા પારબ્રહ્મ ધણી સાથે થયેલ ઈશ્ક-રબ્દની, પ્રેમ-પ્રીતની રહસ્યભરી વાતોનો રસ સંસારના જે એક માત્ર ગ્રંથમાં છે, તે શ્રી કુલજમ સ્વરૂપની 'ખિલવત' વાણી છે. શ્રી મુખવાણીમાં કહ્યા મુજબ શ્રી ધણીજીની મહેર વિના આ નશ્વર સંસારમાં ખિલવત તથા ખિલવતની વાતો ક્યારેય જાહેર ના થઈ શકત. તો આવો સુંદરસાથજી! શ્રી ધણીજીની અસીમ મહેરથી જાહેર થનાર ખિલવતમાં, એટલે કે શ્રી ધણીજીના દિલમાં ડૂબકી લગાવીએ.

ƒ ƒ ड़ ४
४ ४
द
उ
ƒड़ ४ ƒ ४
ƒड़ ४ ४
द ४
४

प्रणाम जी

# ખિલવત ગ્રંથ પરિચય

શ્રી કુલજમ સ્વરૂપ સાહેબના દશમા ગ્રંથનું નામ 'ખિલવત'[1] છે. આ ગ્રંથનું અવતરણ શ્રી ૫ પદ્માવતીપુરી ધામ પન્ના (મધ્યપ્રદેશ, ભારત), જેને જાગણી બ્રહ્માંડનો 'મૂલમિલાવો' તથા 'મુક્તિપીઠ'ની ઉપમા પ્રાપ્ત છે, ત્યાં થયેલ છે. આ ગ્રંથનો અવતરણકાળ સંવત ૧૭૪૦ થી ૧૭૪૭ ના વર્ષો દરમ્યાન, તેમાંયે વિશેષતઃ સંવત ૧૭૪૩ (ઈ.સ. ૧૬૮૪)માં મનાય છે[2]. આ ગ્રંથની વાણી બોલચાલની હિંદુસ્તાની ભાષામાં છે, જેમાં ક્યાંક ક્યાંક અરબી તથા ફારસી શબ્દોનો પ્રયોગ પણ મળે છે. શ્રી નિજાનંદ સંપ્રદાયની પરંપરામાં શ્રી કુલજમ સ્વરૂપને અક્ષરાતીત ધામધણીનું પૂર્ણ સ્વરૂપ કહેવામાં આવ્યું છે તથા શ્રી ખિલવત વાણીને શ્રી ધણીજીના 'ઉદર અંગ'ની ઉપમા પ્રાપ્ત છે.

ખિલવત ગ્રંથના કુલ ૧૬ પ્રકરણ અને ૧૦૭૪ ચોપાઈમાં પારબ્રહ્મ પરમાત્માની ઐશ્વર્ય લીલા તથા તેમના બ્રહ્મધામ પરમધામના વિજ્ઞાન સંબંધી મૂળભૂત વાતો છે, જેનું વિસ્તૃત વર્ણન વિશેષતઃ શ્રી કુલજમ સ્વરૂપના પરિકરમા, સાગર, સિનગાર તથા સિંધી નામના ગ્રંથમાં છે. તેમાં ચિદ્‌ઘન સ્વરૂપ પારબ્રહ્મના દિલની અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય તથા પોતાની અંગના રૂપ આત્મા (બ્રહ્મસૃષ્ટિ) સાથે થનાર શુધ્ધતમ પ્રેમથી પરિપૂર્ણ 'ઈશ્ક-રબ્દ'(દિવ્ય પ્રેમ સંવાદ)નું સવિશેષ વર્ણન છે. તેથી ખિલવતની આ વાણીને **'ગૈબની વાણી'** અથવા 'absolutely hidden secret divine knowledge' કહેવામાં આવેલ છે.

---

*૧. 'ખિલવત' અરબી ભાષાના 'ખલવા' કે 'ખલવત' શબ્દનો અપભ્રંશ છે. તેનું તાત્પર્ય 'ગુપ્ત એકાંતવાસ (solitude)' થાય છે. સુન્ની મુસલમાનોના સૂફી મતની એક શાખાનું નામ પણ 'ખલવતીયા' કે 'ખલવતી' છે, જેમાં આધ્યાત્મિક ઉત્થાન માટે એકાંતવાસમાં જવાની બાબત પર વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. સૂફી સાધક જ્યારે પોતાના આધ્યાત્મિક વિકાસ માટે ચાલીસ દિવસ જેટલા લાંબા સમય માટે એકાંતવાસમાં જાય છે, તો તેને 'ખલવા'માં જવું કહેવાય છે. ખલવામાંથી બહાર આવનાર સૂફી કાં તો પોતાની પ્રાર્થનામાં જ મગ્ન રહે છે, કાં પછી પોતાની દિવ્યાનુભૂતિની વાતો પોતાના શેખ (ગુરુ)ને કરે છે, જેના માર્ગદર્શનમાં તે 'ખલવા'માં ગયો હતો. શ્રીમુખવાણીમાં પ્રયુક્ત 'ખિલવત' શબ્દનો ભાવ પણ એક માત્ર 'આત્માના પારબ્રહ્મ ખુદા સાથેના એકાંત મિલન'ના સંદર્ભમાં છે. તેમાં કોઈપણ પ્રકારની લૌકિક ભાવના કે વ્યવહાર અસ્થાને છે.*

*૨. "બુધ્ધ કલ્કિ એવમ્ અખંડ મુક્તિ", ગુલઝારીલાલ સિડાના રચિત ગ્રંથમાંથી*



D:\Pranam/Chivani/13

**ખિલવત ગ્રંથમાં** શ્રી રાજજી દ્વારા બ્રહ્માત્માઓને માયાવી સંસારના ખેલમાં જતાં રોકવાના અવનવા પ્રયાસોનું, બ્રહ્માત્માઓ દ્વારા હઠપૂર્વક વારંવાર કરાયેલ ખેલ જોવાની માંગણીઓનું, સૌની ઈચ્છા પૂર્તિ માટે શ્રી રાજજી દ્વારા ખેલમાં મોકલવા સંબંધી પૂર્વ-વાર્તાલાપનું તથા આત્માઓ દ્વારા ધણી અને ધામને ભૂલી જવા સંબંધી વાતોનું સવિસ્તાર વર્ણન છે. પોતાની આત્માઓની આત્મ-સાક્ષી માટે મહમ્મદ પયગમ્બર સાહેબને થયેલ દર્શન(મેયરાજ)ની રાત્રિના પ્રસંગને વારંવાર અલગ-અલગ પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તે દ્વારા નૂરી, શુધ્ધ-સાકાર યુગલ સ્વરૂપનાં દર્શનની સંભાવનાને સૌ સુંદરસાથજીના હૃદયમાં દૃઢ કરાવવામાં આવી છે.

આ માયાવી ખેલમાં બેસીને આત્માના હાલ એવા બદલાઈ જાય કે તેને પારબ્રહ્મનાં દર્શન તથા તેનો તેમની સાથે વાર્તાલાપ પ્રસ્થાપિત થઈ શકે એ જ ખિલવત વાણીનો પરમ ઉદ્દેશ્ય છે. તે માટે રુહના કૌલ તથા ફૈલ, ધણી અને ધામને અનુરૂપ બનાવવા માટેનો પુરુષાર્થ કરવાની વિધિ બતાવવામાં આવી છે. પુનઃ શ્રી શ્યામાજીને તારતમજ્ઞાન બક્ષિશ કરી તેમનાં બે અલગ-અલગ તનના માધ્યમે સૌ આત્માઓને પરમધામ પાછાં બોલાવવા મોકલ્યાં તે પ્રસંગનું, તેમના દ્વારા વારંવાર આત્મ-જાગૃતિના પ્રયાસો અને તેની ફળશ્રુતિનું તથા વર્તમાન જાગણી લીલામાં સૌ સુંદરસાથ આત્માઓએ જે કંઈ સમજવાનું તથા કરવાનું છે તેનું વર્ણન છે.

સમસ્ત જીવોની મુક્તિની સાથે સાથે **શ્રી ખિલવત ગ્રંથનું પરમ લક્ષ્ય** બ્રહ્માત્માઓ માયાના ખેલમાં આવી તે પહેલાં ઘટેલી ઈશ્ક-રબ્દની વાતોને યાદ કરાવી, આપણા સૌની આત્મા પર ચઢેલ ફરામોશી કે અજ્ઞાનના આવરણને હટાવી, આપણી આત્મ-જાગૃતિ કરી, ધામધણી સાથે આપણો વાર્તાલાપ પ્રસ્થાપિત કરાવવાનો છે. શ્રી ઈન્દ્રાવતીજીની આત્માની નિજી જાગણી યાત્રાને પ્રકાશિત કરી તેના માધ્યમે આ વાણી સૌ આત્માઓને પોતાના મૂળ સ્વરૂપ (પર-આત્મ)માં જગાડનાર છે. જેવી રીતે ધામધણીજીએ શ્રી ઈન્દ્રાવતીજીને પોતાની પાંચ દિવ્ય શક્તિઓ બક્ષીશ કરી 'મહામતિ' બનાવી, તેવી રીતે હવે શ્રી ઈન્દ્રાવતીજી શ્રીમુખવાણી થકી સૌ આત્માઓની જાગણીનું નેતૃત્વ સંભાળી રહેલ છે. આ જાગણીના બ્રહ્માંડમાં આત્મા દ્વારા શ્રી રાજજીના દિલના ભેદોને જાણી તેમના ઈશ્કના રસમાં ડૂબી જવું તથા નિજધામના સ્વરૂપ અને લીલાનું ચિતવન કરતા રહેવું એ જ હકીકતમાં 'ખિલવત'માં જવું ગણાય. 'શ્રી ખિલવત' વાણીનો મૂળ ઉદ્દેશ્ય પણ આ જ છે.

તારતમજ્ઞાન વિના આ સંસારમાં અક્ષરાતીત પારબ્રહ્મ તથા પરમધામના વિષયે કોઈ સુનિશ્ચિત તથા બેશક નહોતું. આ જ્ઞાન આજે સંસારમાં જાહેર તો થઈ રહ્યું છે, પરંતુ સંસારી મનુષ્યો પોતાની નિસ્બત પ્રમાણે જ તેનો હકીકતનો રસ લઈ શકે છે. મૂળ નિસ્બત વિના કોઈ પણ આ અદ્વૈતની વાણીની ઉંડાઈમાં પહોંચી તેનો રસ લઈ શકતું નથી. જ્યાં કોઈને પારબ્રહ્મના સ્વરૂપ તથા ધામની ખબર જ નથી, તો પછી તેમના અખંડ ઘરમાં સદૈવ પ્રવાહિત થતી રહેતી શુધ્ધતમ પ્રેમ-પૂર્ણ ઈશ્કની લીલાની ખબર શી રીતે પડી શકે? ખિલવતની આ જ અતિ ગુપ્ત વાતો સર્વ પ્રથમવાર એ અક્ષરાતીત ધામધણીજીની મહેરના વરસાદથી શ્રી ખિલવત ગ્રંથમાં જાહેર થઈ છે. આ બ્રહ્મજ્ઞાનને હૃદયમાં વસાવી લેવાથી સંસારી જીવોને અખંડ મુક્તિ મળશે. ड ड ङ ४ ४

४ श्री कु.स्व., सागरः 15/20

અદ્વૈત પરમધામમાં પારબ્રહ્મ અને આપણ બ્રહ્માત્માઓના અનન્ય તથા અદ્વૈત મિલન સ્થળને **'ખિલવતખાનું'** કે **'મૂલ મિલાવો'** કહેવાય છે. બાતૂની અર્થમાં પારબ્રહ્મ ધણીનું દિલ, જે માત્ર અખંડ અપાર ઈશ્ક તથા આનંદથી છલકાયા કરે છે, એ જ અર્શ-પરમધામની ખિલવત છે. પારબ્રહ્મનું દિલ જ હકીકતમાં અખંડ આનંદનું મૂળ સ્ત્રોત છે. શ્રી શ્યામાજી, આપણ બ્રહ્માંગનાઓ તથા સંપૂર્ણ પરમધામ વાહેદતમય અર્થાત્ એકદિલ-એકાત્મતાપૂર્ણ છે. માટે, પરમધામમાં ખિલવતની લીલામાં શ્રી રાજજી સાથે માત્ર શ્રી શ્યામાજી તથા આપણ બ્રહ્માંગનાઓ છે. આ ખિલવતખાનામાં જ આપણ બ્રહ્મસૃષ્ટિ આત્માઓને પરમ શાંતિ (eternal peace) પરમ એકાંત (eternal privacy), તથા પરમ સંરક્ષણ (eternal safety and security) પ્રાપ્ત છે. આપણને અસલ આરામ બક્ષનાર (ultimate spiritual retreat) આ એક માત્ર સ્થાન છે, જ્યાં બેસીને આપણી 'પર-આત્મ' આ નશ્વર જગતના ખેલનો અનુભવ કરી રહેલ છે. આ ખિલવતખાનામાં જ તે સૌએ પોતાના મૂળ સ્વરૂપમાં પુનઃ જાગવાનું છે.

શ્રી ખિલવત વાણીનો પૂર્ણ રસ લેવા માટે **પારબ્રહ્મના સ્વરૂપનું રહસ્ય** સમજવું જરુરી છે. શ્રી તારતમ જ્ઞાનની દૃષ્ટિએ જોતાં પારબ્રહ્મના સ્વરૂપ સંબંધી તમામ મતભેદો સમાપ્ત થઈ જાય છે. દ્વૈતના બ્રહ્માંડને 'કાલમાયા' કહેવાય છે, જેમાં જીવ તથા પ્રકૃતિની લીલા છે. **અદ્વૈત**ના બ્રહ્માંડને 'યોગમાયા' કહેવાય છે, જેમાં અક્ષરબ્રહ્મની તેમની અભિન્ન સ્વરૂપા ચૈતન્યમાયા સાથે લીલા થાય છે. **'સ્વલીલા અદ્વૈત'**ના બ્રહ્માંડને 'પરમધામ' કહેવાય છે, જ્યાં સચ્ચિદાનંદ પારબ્રહ્મ પોતાની



D:\Pranam/Chitvani/14

આનંદ શક્તિ સાથે સ્વયં આત્માઓનાં સ્વરૂપ ધારણ કરી ઈશ્કની લીલા કરે છે. ખિલવતમાં 'ચિદ્-આનંદ'ની લીલા થાય છે. તેમાં 'સત્-અંગ' અક્ષરબ્રહ્મ સહભાગી નથી! પરમધામમાં સર્વત્ર ઈશ્કની ઉપસ્થિતિમાં પારબ્રહ્મની 'સાહેબી'નું સ્વરૂપ આપોઆપ છુપાયેલું રહે છે. આમ, અક્ષરબ્રહ્મને પણ નહિ મળનાર ખિલવતનાં શુધ્ધતમ અખંડ અપાર ઈશ્કલીલાનાં સુખો માત્ર આનંદ સ્વરૂપા શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ સદૈવ લેતાં રહે છે.

**સચ્ચિદાનંદ સ્વરૂપ પારબ્રહ્મ પરમાત્મા** 'અક્ષરાતીત' ખિલવતના ધણી છે. પોતાનું 'એક અદ્વૈત' સ્વરૂપ સત્, ચિદ્ અને આનંદ - આ ત્રણેય વિશેષતાઓથી પરિપૂર્ણ છે. તે ચિદ્ઘન સ્વરૂપની લીલા સત્ અને આનંદ - આ બંન્ને સ્વભાવવાળી છે, જેને તેઓ પોતાના સત્-અંગ અક્ષરબ્રહ્મ તથા આનંદ અંગ શ્રી શ્યામાજી દ્વારા કરતા રહે છે. માટે મૂલતઃ એક હોવા છતાં પોતાની જ લીલાના વિવિધ નૂરી સ્વરૂપમાં દશ્યમાન થતા **પારબ્રહ્મને 'સ્વ-લીલા-અદ્વૈત' કહેવામાં આવ્યા છે. એક, અદ્વૈત પારબ્રહ્મને 'વાહેદ' કે 'મારફત' સ્વરૂપ પણ કહેવાય છે.** મારફત સ્વરૂપ પારબ્રહ્મ (શ્રી રાજજી)ના દિલ થકી જ વિવિધ સ્વરૂપ શ્રી શ્યામાજી, બ્રહ્માત્માઓ, અક્ષરબ્રહ્મ, ખુબ-ખુશાલીઓ, પશુ-પક્ષીઓ તથા પરમધામના પચ્ચીસ પક્ષ છે. આમ **સમસ્ત પરમધામ તથા ત્યાંના લીલા-સ્વરૂપો પારબ્રહ્મની 'હકીકત' છે.** આ સંસારથી વિપરીત, આ તમામ સ્વરૂપો વચ્ચે પરસ્પર એકદિલી (વાહેદત) છે. સર્વે ચીજ સર્વ પ્રકારે પૂર્ણ છે, અર્થાત્ પરમધામનો કણ-કણ સચ્ચિદાનંદમયી છે.

પોતાના ચિદ્ઘન ચૈતન્ય સ્વરૂપથી તે પારબ્રહ્મ સત્ અને આનંદના સાક્ષીરૂપ છે. ચિદ્ઘન સ્વરૂપ 'અંગી' છે, તો સત્ તથા આનંદ તેમનાં 'અંગ' છે. જેવી રીતે સૂર્યથી તેનાં કિરણો તથા હાથથી આંગળીઓ અલગ નથી થઈ શકતાં, તેવી જ રીતે આત્માઓ પણ સચ્ચિદાનંદ પારબ્રહ્મથી ક્યારેય પણ અલગ થઈ શકતી નથી. **'સત્-અંગ' પારબ્રહ્મની સર્વોપરિ સત્તા, જાગ્રત જ્ઞાન તથા અસ્તિત્વ (કુટસ્થ, the true universal overself) નું બોધક છે.** ચિદ્ઘન સ્વરૂપ તેમના 'સત્-અંગ' થકી ઉઠતી જ્ઞાનની સ્ફુરણાઓ તથા કલ્પનાઓના સાક્ષી છે. બીજી તરફ, **'આનંદ-અંગ' ક્રીડા, લીલા તથા આનંદ વૈભવનું બોધક છે.** પરમધામમાં ચિદ્ઘન સ્વરૂપ સદૈવ પોતાની આનંદ સ્વરૂપા આત્માઓ સાથે ઈશ્ક-આનંદમાં મગ્ન રહે છે. આ રીતે, **'સત્' અને 'આનંદ'ની અનંત લીલાઓના પ્રેરક, સ્રષ્ટા તથા ભોક્તા પણ ચિદ્ઘન સ્વરૂપ જ છે, તેમને 'શ્રી રાજ'**

**કહ્યા છે. આ 'સ્વ-લીલા-અદ્વૈત' પારબ્રહ્મનું રહસ્ય છે.**

**'શ્રી રાજજી'** કોઈ લૌકિક નામ નથી. 'શ્રી' શબ્દ દ્વારા યશ, શોભા, સૌંદર્ય, મંગલ, લક્ષ્મી, સુંદરી, શ્યામા આદિ ભાવો ગ્રહણ થાય છે. તથા જે સર્વોપરી હોય, સ્વયં પ્રકાશવાન હોય, સર્વ સત્તાવાન તથા ઐશ્વર્યવાન હોય, સર્વશ્રેષ્ઠ રાજવી હોય, તેને 'રાજ' કહેવાય છે. સર્વાધિષ્ઠતૃત્વ અને નિત્યત્વની સાથે સાથે શ્રી રાજજી સર્વે ઐશ્વર્યોના માલિક છે, જે કાલમાયા અને યોગમાયાના ઐશ્વર્યોથી અનેકો રીતે વિશેષ છે. 'જી' માન વાચક છે. આમ, **પારબ્રહ્મ ધણીને તેમની આત્માઓ 'શ્રી રાજજી' કહી ઉદ્‌બોધન કરે છે.** જેવી રીતે પ્રાણ વિના આપણું શરીર મડદા સમાન થઈ જાય છે, તેવી રીતે સૌ આત્માઓ શ્રી રાજજીના પ્રાણ સ્વરૂપ છે, તથા શ્રી રાજજી સૌ આત્માઓના પ્રાણ છે. તેથી જ શ્રી ખિલવતઃ૧૫/૫માં કહ્યું છે કેઃ *રેહે ના સકોં મૈં રુહોં બિના, રુહેં રેહે ના સકેં મુઝ બિન!* આમ, મૂળ સ્વરૂપ 'શ્રી રાજજી' જ બ્રહ્માત્માઓના 'પ્રાણનાથ' છે. આમ, 'શ્રી પ્રાણનાથ' એ કોઈ લૌકિક નામ નહિ, પણ **આત્માના માલિક (ધણી) 'પ્રાણનાથ' છે.**

ખિલવતમાં બિરાજમાન અક્ષરાતીત શ્રી રાજજી, શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ ગૌરવર્ણી તથા ઉત્કૃષ્ટ-તમ સૌંદર્ય તથા વિકાસનાં પ્રતિક, ચિન્મય કિશોર સ્વરૂપ(અમરદ સુરત)વાળાં છે - તે સર્વે બાળ- સ્વરૂપ નથી! તેમનાં આ નૂરી દિવ્ય સ્વરૂપ સ્વયં પ્રકાશિત, નિત્ય ચેતન, અખંડ, અનુપમ, પ્રેમ-ઈશ્ક સ્વરૂપ, અનંત સુગંધી યુક્ત તથા અતિ કોમળ છે. આ સર્વે સ્વરૂપ અનેક પ્રકારનાં અલૌકિક પ્રસાધનોથી સુસજ્જિત છે - દિગંબર નથી! અનંત જ્યોતિ તથા વિકિરણો પેદા કરતાં તેમનાં સૌંદર્યવર્ધક આભૂષણો તેમનાં જ અંગ થકી છે. માટે તે ધારકના અંગથી પળ ભર માટે પણ અલગ થતા નથી. તે સર્વે શ્રી ધામધણીજીની આકાંક્ષા અનુસાર જ સ્વર તથા સંગીત રેલાવતાં રહે છે તથા તેમની ઈચ્છાનુસાર ગુણ - કોમળતા, સુગંધી, રંગ, જ્યોતિ, આદિ ધારણ કરતાં રહે છે. (સિનગારઃ ૨૨/૩૧,૩૩)

**ઈશ્ક-રબ્દઃ** અક્ષરાતીત પારબ્રહ્મના પરમધામમાં સદૈવ શુધ્ધતમ તથા દિવ્યતમ ઈશ્ક-આનંદની લીલા થતી રહે છે. ત્યાં શ્રી રાજજી, શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓની વચ્ચે હમેશાં ગહન પ્રેમ-સંવાદ એટલે કે ઈશ્ક-રબ્દ થતો રહે છે. (ખિલવતઃ ૯/૧૭, ૧૮, ૩૦). નિજધામનો આ ઈશ્ક સંસારી ગુણ-લક્ષણ વાળો કે અસત્, જડ તથા દુઃખમયી નથી, પરંતુ આ ઈશ્ક સત્, ચિત્ અને આનંદમયી છે. આ ઈશ્ક નૂરી, નિર્મળ, એકદિલીપૂર્ણ, અનેકો પ્રકારના દિવ્ય શૃંગારથી સુશોભિત



D:\Pranam/Chitvani/15

પરમ શાંતિ પ્રદાન કરનાર, પારબ્રહ્મ ધણીના દિલના અંતઃભેદોને, એટલે કે ખુદાઈ ઈલમને પ્રકાશિત કરનાર, આત્માને અસ્ખલિત રૂપે મૂળ નિસ્બત-સંબંધનું અખંડ સુખ બક્ષીસ કરનાર તથા ધણીજીની મહેરના પૂર્ણ સ્વરૂપનાં સુખોમાં સ્નાન કરાવનાર છે.

આમ તો ખિલવતને એકાંતવાસ કહેવાય છે જેમાં બીજાપણાનો કે 'હું' અને 'તું'નો ભાવ હોતો જ નથી. પરંતુ, 'બે' ના અસ્તિત્વને માન્યા વિના ઈશ્ક-રબ્દ સંભવી જ ન શકે. ઈશ્કની લીલા માટે આશિક અને માસૂકનું હોવું આવશ્યક છે. એક જ ઈશ્ક શ્રી રાજજી, શ્રી શ્યામાજી અને સૌ બ્રહ્માત્માઓનું સ્વરૂપ ધારણ કરી લીલા કરે છે. ઈશ્ક-રબ્દના વાર્તાલાપમાં અનુભવાતો રુહોનો સત્, રજસ્ અને તમસ્ સ્વભાવ પણ હકીકતમાં ઈશ્ક, ચૈતન્ય, અખંડતા, કોમળતા તથા સુગંધી જેવા નૂરી ગૂણોથી પરિપૂર્ણ છે - તે ત્રિગુણી નથી. ઈશ્કના રબ્દમાં ઈર્ષ્યા (jealousy) ને કોઈ સ્થાન નથી. ઈશ્ક સર્વ રીતે પૂર્ણ, વિશિષ્ટ (unique), અને સૌથી મોટો (સુપ્રીમ) પણ છે. સ્વયં પૂર્ણ હોવા છતાં ઈશ્ક સતત પૂર્ણતાના અવનવા રંગો રેલાવ્યા કરે છે. ઈશ્ક-રબ્દ ધામ ધણીજીનું જ સ્વરૂપ છે (ખિલવતઃ ૧૬/૩૩,૩૪).

પરમધામમાં શ્રી રાજજીને પોતાની આત્માઓને લાડ લજ્જત આપવા સિવાય બીજું કોઈ જ કામ હોતું નથી. શ્રી રાજજી જ બ્રહ્માત્માઓના આશિક છે, જેઓ પોતાના દિલ રૂપી સુરાહી દ્વારા સૌને ઈશ્ક રૂપી મદિરા પીવડાવતા રહે છે. *હક્ક કો ઔર કામ કછુ નહિ, બિના દેવે રુહોં લાડ લજ્જત.* અર્થાત્ પોતાની રુહોને અવનવા રસોના સુખ પીવડાવવા માટે શ્રી રાજજી સદૈવ અવનવા ઉપાય કરતા રહે છે. જ્યારે શ્રી રાજજીએ પોતાના દિલનાં અંગોનાં સવિશેષ સુખો (મહેર, જોશ, હુકમ તથા ઈલમ) તથા આનંદ પોતાની આત્માઓને આપવાનો ભાવ દિલમાં લીધો ત્યારે તે સૌને પરમધામ રંગમહોલની પ્રથમ ભોમની પાંચમી હવેલી, જે ગોલાકૃત છે, તે 'મૂલમિલાવા'માં પોતાનાં શ્રી ચરણોમાં બેસાડી. તે માટે તેમણે પોતાની સાહેબી તથા ઈશ્કની ઓળખાણ કરાવવાની વાત પોતાના દિલમાં લીધી. જેવી શ્રી રાજજીએ પોતાની આત્માઓને અદ્વૈત મંડળમાંથી આ દ્વૈત માયાના જગતમાં ઉતારવાની વાત દિલમાં લીધી, તો તુરંત જ તેમના દિલની વાત શ્રી શ્યામાજી અને સૌ સખીઓના દિલમાં પણ આવી ગઈ. આમ, તે સૌએ માયાના ખેલમાં જવાની જિદ્દ પકડી લીધી. ઈશ્કનો આ રબ્દ જ્યારે તેની ચરમસીમાએ પહોંચ્યો, ત્યારે ધણીજીએ ફરામોશીનો ખેલ બતાવી તેનો ફેંસલો કરવાની વાત પોતાના દિલમાં લીધી. ખિલવત ૧૧/૫૦ ની આ વાતથી પ્રશ્ન થઈ શકે છે, કે પરમધામની લીલા તો

પ્રતિ-પળ સતત ઈશ્કની જ ચાલતી રહે છે. તે અનાદિ છે, તેનો ન આદિ છે ન અંત. તો પછી આ પ્રકારની પ્રતિપળ ચાલતી રહેવાવાળી લીલામાં આમ કેમ અને કઈ રીતે બન્યું? તેનું સ્પષ્ટીકરણ એ છે, કે શબ્દાતીત વાણી જ્યારે શબ્દોમાં આવી તો તેને આપણી કાલમાયિક બુધ્ધિથી સમજાવવા માટે ધણીજીએ તેને પ્રસંગક્રમના રૂપે પ્રસ્તુત કરી છે, જેમાં કોઈપણ ઘટનાની શરુઆત, મધ્ય તથા અંત હોય છે. અન્યથા, પરમધામની લીલામાં આદિ કે અંત હોઈ જ ન શકે.

આ રીતે, ખિલવતમાં થનાર ઈશ્ક-રબ્દ સંપૂર્ણ તારતમવાણીરૂપી બ્રહ્મવિદ્યાનો કેન્દ્રિય પ્રસંગ છે. વ્રજ, રાસ તથા વર્તમાન જાગણી લીલાના બ્રહ્માંડમાં આ સૌના અવતરણનું મૂળ કારણ પણ આ ઈશ્ક-રબ્દ જ છે. પોતે ધામની આત્મા હોવાનો દાવો તથા અધિકાર (હુજ્જત) કર્યા વિના, કે પોતાની જાતને પર-આત્મ સ્વરૂપે ખિલવતમાં બેઠેલી માન્યા સિવાય ખિલવતનું સુખ કોઈ પણ કદી ન લઈ શકે. **પોતાની મૂળ આત્મ-સ્થિતિ ખિલવતમાં હોવા વિશેની નિષ્ઠા ધરાવનાર તથા પ્રેમ-રસમાં ભીંજાયેલ આત્માઓ જ ધામના 'સુંદરસાથ' છે.**

આ માયાવી ખેલમાં આવતાં પહેલાં **શ્રી રાજજી મહારાજે પોતાની આત્માઓને ત્રણ રીતે સાવધાન કરીઃ** (૧) ખેલના નશામાં તમે પોતાની જાતને ભૂલી જશો, (૨) તમે તમારા ઘર પરમધામને પણ ભૂલી જશો, તથા (૩) તમે મને પણ ભૂલી જશો. શ્રી રાજજી દ્વારા ત્રણ-ત્રણ વાર ના પાડવા છતાં પણ આપણે તેમની વાત સમજી શક્યા નહિ. આપણ સૌ આત્માઓ એમ જ કહેતાં રહ્યાં કે હે ધણી! અમે ક્યારેય પણ કોઈ પણ હાલતમાં એમ કરી જ ન શકીએ! અમે એટલાં નગુણા થોડાં જ થઈ શકીએ? આપ અમને એક વાર નહિ, એકસો વાર અજમાવી જુઓ! પરંતુ, વ્હાલા સુંદરસાથજી! થવાનું તો એ જ હતું, જે શ્રી ધણીજીએ દિલમાં લીધું હતુ. ખેલમાં આવી આત્માઓ ખોવાઈ ગઈ કે તેઓ પોતાની વાસ્તવિકતાને બિલકુલ જ ભૂલી ગઈ. હું કોણ? ક્યાંથી આવેલ છું? મારો અખંડ ભરથાર કોણ છે? આ સર્વે વિષયનું તેમને કશું જ જ્ઞાન નથી રહ્યું.

**ખિલવતમાંથી જ સંપૂર્ણ પરમધામમાં તમામ સાગરોના રસ આઠ રીતે પ્રવાહિત થતા રહે છે.** સંપૂર્ણ ઈશ્ક-રબ્દ સચ્ચિદાનંદ ધણીની અષ્ટ-વિધ મહેરથી જ છે. જ્યાં આ મહેરનો વરસાદ થાય છે, ત્યાં જ ખિલવત છે. જેવી રીતે શુધ્ધ નીર પારદર્શક હોય છે તથા છેક તળિયે પડેલા સર્વે પદાર્થોનું દર્શન પોતાની પારદર્શિતાને લીધે કરાવી શકે છે, તેવી રીતે બ્રહ્માત્માઓનાં દિલના ઉંડાણમાં ઈશ્ક જ ઈશ્ક નજર આવે છે. આમ ઈશ્ક નીર સાગરમાંથી જ પ્રસ્ફુરિત થતો રહે છે.



D:\Pranam/Chitvani/16

આવો ઈશ્ક એકદિલ હોવાથી તેમાં એકદિલી છે. ઈશ્ક જ પ્રેમના સાચા સ્વરૂપે પ્રગટે છે અને મૂળ નિસ્બતનાં સુખોનું રસ પાન કરાવે છે. આમ ઈશ્કમાં નીર સાગર, ખીર સાગર, ઘૃત સાગર તથા રસ સાગર છે. બીજી તરફ 'રબ્દ'માં નૂર, દધી અને મધુ સાગરનાં સુખ પ્રતિબિંબિત થાય છે. જ્યારે આત્માઓ એવો દાવો કરે છે કે 'હે ધણી!' અમે તમને ઈશ્ક કરીએ છીએ. તેમના આ દાવામાં પરમધામનું નૂર, સત્યતા તથા અખંડતાનાં દર્શન થાય છે - તે અસત્, જડ તથા દુ:ખ-જનિત નથી. 'રબ્દ' ધામ ધણીજીના નૂરી સ્વરૂપના શૃંગાર પ્રત્યે આકર્ષિત કરી હૃદયને તડપાવનાર તથા દિલમાં વિરહનો ભાવ પેદા કરનાર છે. જ્યારે વિરહ આત્માનો શૃંગાર બની જાય છે ત્યારે તે ધામની હકીકતનો શૃંગાર પહેરી લે છે. આમ 'રબ્દ' નૂરી, માધુર્યતા પૂર્ણ તથા ઈશ્કમયી ઈલમનો શૃંગાર પહેરી લે છે. આ રીતે, ઈશ્ક-રબ્દના માધ્યમે શ્રી અક્ષરાતીત ધણીજી શ્રી પ્રાણનાથજી એ આપણને નિજધામનાં અષ્ટ-વિધ સુખો આપ્યાં છે. પ્રણામજી..!!

# શ્રી

# કુલજમ સ્વરૂપ

નિજનામ શ્રી જી સાહિબજી, અનાદિ અછરાતીત ।
સો તો અબ જાહેર ભએ, સબ વિધ વતન સહીત ॥

# ॥ ખિલવત ॥

## કિતાબ ખિલવત ગૈબકી

## ૧ : સૂરત અર્જની જે હક્કને કરી છે

આ પ્રકરણમાં માયાના ખેલમાં ઈલમ થકી જાગ્રત થતાં આત્મા ખિલવતમાં પ્રવેશી શકે, તથા પોતાના પારબ્રહ્મ ધણીને પુનઃ મળી તેમની સાથે મધુર વાર્તાલાપ થઈ શકે તે માટે ઈન્દ્રાવતીજી પોતાની હૈયાની તડપ તથા જુદાઈનું દર્દ વ્યક્ત કરે છે. આત્મા પોતાના અખંડ પ્રિયતમને એ બાબતની અરજી કરવાની ચાહના વ્યક્ત કરે છે કે, હે ધણી! હવે અમને માયાના આ ખેલમાંથી ત્વરિત કાઢો અને આપણા નિજઘર પરમધામ પરત લઈ જાઓ. અરજી કરનાર પરમધામની આત્માનું નામ 'ઈન્દ્રાવતી' છે, જેને અક્ષરાતીત ધામ ધણીજીએ પોતાની પાંચ દિવ્ય શક્તિઓ બક્ષિશ કરી 'મહામતિ' પદની શોભા બક્ષી છે.

વર્તમાન જાગણી લીલામાં પણ બાતૂની રીતે શ્રી ઈન્દ્રાવતીજી સૌ આત્માઓની જાગણીનું નેતૃત્વ કરી રહેલ છે. **શ્રી ઈન્દ્રાવતીજીની કહેણી, કરણી તથા રહેણીને પોતાની ઉપર લેવાથી આપણી એ ગૂંચવણ કે - શ્રી રાજજી અમારી અરજી, વિનંતી કે પ્રાર્થના સાંભળતા નથી કે અમારા દ્વારા મોકલાવેલ સંદેશાઓ તેમના સુધી પહોંચતા નથી - તેનું નિવારણ થઈ જાય છે.** આપણ સૌ સુંદરસાથજીના મિથ્યા 'હું પદ' (મૈં ખુદી)ના નિર્મૂલન કાજે ધણીજીની અપાર મહેરબાનીઓનું ગાયન તથા પોતાના અસ્તિત્વને સમાપ્ત કરી દેનાર આ અરજી આપણા સૌને માટે દૈનિક પ્રાર્થના સમાન છે. તો આવો નિર્મળ કોમળ હૃદયે શ્રી મૂલમિલાવામાં ધ્યાન કરી ત્યાંજ બેઠા હોવાનો ભાવ લઈ આત્મ સ્વરૂપે અરજી કરીએ.



D:\Pranam/Chivani/17

ɼ ड़ ¬

४ હે ધણી! તમે અમને એવો વિચિત્ર પ્રકારનો ખેલ બતાવ્યો છે કે જે અમે સૌએ જાતે જ સામેથી માંગી લીધેલ છે! હવે સ્વપ્નિલ ખેલથી મુક્ત થઈ પાછા નિજઘરે જવા માટે આપશ્રીને વિનંતી પણ શી રીતે કરું? હે ધણી! આપશ્રીના સ્વરૂપ તથા ધામનાં અખંડ સુખોનાં દર્શન કરાવવાવાળા બસ એક આપ જ છો. અમારા પર અપાર મહેર કરીને અમારા અને તમારા વચ્ચે નશ્વર તન તથા સંસાર રૂપી બે પડદા કરી અમારા સર્વે મનોરથો પણ આપ જ પૂર્ણ કરી રહ્યા છો.

४ ४ उ ɼ ४ ४ उ ɼ उ

હે ધણી! હું તો ફરામોશીની પ્રગાઢ નિદ્રામાં સૂતેલ છું અને આપ તો પૂર્ણ જાગ્રત સ્વરૂપ બેઠા છો. માયાનો ખેલ પણ આપ જ બતાવી રહેલ છો. અહીં ખેલમાં અમારું કંઈ પણ બળ ચાલી શકે તેમ નથી! ४ ४ ɼ ४

४ ४ ɼ ४ । ४ આમ અરજી કરીને આત્મા પોતાના અખંડ ધણીજીનું બળ મને થઈ રહ્યાનું અનુભવી જાગણી સેવામાં સમર્પિત થવા માટે હું કટિબદ્ધ થઈ રહી છું. ધણી મને એ આત્મવિશ્વાસ આપી રહ્યા છે કે હે આત્મા! હવે તો મારાં તારતમ વચનોની ચાવી હવે તારા દિલમાં જ આવી ગઈ છે. તેનાથી હવે હું સમસ્ત બ્રહ્માંડની તમામ પ્રકારની ગૂંચવણોનું નિરાકરણ કરવા સક્ષમ બની છું તથા તેમ કરવા તૈયાર પણ છું. ड़

ड़ ɼ ¬

હે ધણી! મને એ બાબતે પૂર્ણ વિશ્વાસ બેસી ગયો છે કે આખરે તો આપશ્રીના અખંડ પ્રેમપૂર્ણ ગુણોનું ગાયન તો આખુંયે બ્રહ્માંડ કરશે જ. પરંતુ અત્યારની ઘડીએ તો મારી બસ એક જ તમન્ના છે કે આપ શ્રી પ્રાણવલ્લભના શ્રી મુખે પ્રતિ પળ મીઠી મીઠી વાતો જ સાંભળતી રહું તથા ક્યારેક આપશ્રીનાં દર્શન પણ કરી શકું. ɼ ४ ४ ड़

। ४

४ ४ उ ४

હે ધણી! હું આપના હુકમ(આદેશ)ની સર્વોપરિતાનો હૃદયપૂર્વક સ્વીકાર કરું છું. જે કંઈ થાય છે તે સર્વે તમારા થકી જ થાય છે. હવે મારી તમામ કરણી

બસ તમારા દિવ્ય સ્વરૂપમાં જ સ્થિત થઈ ગઈ છે. ƺ

ઉ ४ હે ધણી! આપનો હુકમ જ અમને હસતાં કે રડતાં ઉઠાડે છે. અમારી હાર-જીત, દુઃખ-સુખના સર્વે અનુભવો આપના હુકમ પર જ નિર્ભર છે. આપશ્રીના હુકમ વિના ન કંઈ છે કે ન કશું પણ થઈ શકે તેમ છે. ४ ।

।

હે ધણી! મારે જે કંઈ કહેવું હતું તે કહી ચૂકી છું. હવે, તેથી વિશેષ કહું તો કહું પણ શું? આપને જેમ ઉચિત લાગે તેમ કરો. અમારી અંદર પોતાપણા જેવું કંઈ જ રહ્યું નથી. હે ધણી! જો હું મારા મુખે કરોડો વાર કહું તો પણ મારે બસ એટલું જ કહેવું છે કે જો આપ શ્રી ધણીજી અમારા પર કૃપા કરશો તો જ અમે આપની સમક્ષ ઊભાં રહી કંઈ પણ કહી શકીશું. ड़ ४ ४

। ४ ४ ४

ƺ ड़ ƺ

## ૧.૧ : અરજીની વિટંબણા

ઐસા ખેલ દેખાઈયા, જો માંગ લિયા હૈ હમ ।
અબ કૈસે અર્જ કરું, કહોગે માંગ્યા તુમ ॥૧॥

**હે ધણી! આપે અમને ખૂબ અજબ જેવો સાંસારિક ખેલ બતાવ્યો છે, જે અમે જ સામેથી માંગીને લીધો છે. હવે તેમાંથી મુક્ત થઇને પરમધામ ઘરે પાછા ફરવા માટે હું આપને કયા મુખે વિનંતી કરું? કારણ કે મારી વિનંતીના પ્રત્યુત્તરમાં આપ એમ જ કહેશો કે, અરે રુહો! આ ખેલ તો આપે જ માંગ્યો હતો!**

કછુ આસ ન રાખી આસરો, એ જૂઠી જિમી દેખાએ ।
ઐસી જુદાગી કર દઈ, કછૂ કહ્યો સુન્યો ન જાએ ॥૨॥

**હે ધણી! આપે અમને એવી જૂઠી દુનિયા બતાવી છે કે જ્યાં કોઇપણ પ્રકારની આશાનું એકાદ કિરણ કે કોઈ સહારો પણ નજર આવતો નથી. આપે અમને આપનાથી એવી હિકમતથી અલગ કર્યા છે કે નથી અમે આપને કંઇ કહી શકતાં કે નથી આપના કોઇ શબ્દો સાંભળી શકતાં!**



D:\Pranam\Chitvani\18

બૈઠી અંગ લગાએકે, ઐસી કરી અન્તરાએ ।
ના કછૂ નૈનોં દેખત, ના કછૂ આપ ઓલખાએ ॥૩॥

**મૂલમિલાવામાં અમે સૌ સખીઓ અંગે અંગ લગાવીને બેઠાં છીએ. તેમ છતાં અહીં આ ખેલે પડદો કરી અમને એવાં ભ્રમિત કરી દીધાં છે કે મારાં ચક્ષુઓ આપને બિલકુલ જોઈ શકતાં નથી તથા મારા નિજ-સ્વરૂપની ઓળખાણ પણ મને થઈ શકતી નથી.**

બૈઠી અંગ લગાએકે, ઐસી દઈ ઉલટાએ ।
ન કછૂ દિલકી કેહે સકોં, ન પિયા સબ્દ સુનાએ ॥૪॥

**હું બેઠી તો છું મૂલમિલાવામાં સૌ સખીઓ સાથે અંગે અંગ લગાવીને, તેમ છતાં મારા દિલને એવું ભ્રમિત કરી દીધું છે, કે હવે આ પરિસ્થિતિમાં હું મારા અંતરની વ્યથા પણ આપને કહી શકું તેમ નથી. અરે! મને આપ પિયાજીનો એક શબ્દ પણ સંભળાતો નથી.**

બૈઠી આંખેં ખોલકે, અંગ સોં અંગ જોડ ।
આસા ઉપજે અર્જકો, સો ભી દઈ મોહે તોડ ॥૫॥

**અમે સૌ આપનાં શ્રી ચરણોમાં પરસ્પર અંગે અંગ લગાવીને ઉઘાડી આંખે બેઠાં છીએ એવું જાણીને આપને કંઇક વિનંતી કરવાની ઈચ્છા થાય છે, પણ માયા તે પણ સમાપ્ત કરી દે છે.**

સદા સુખ દાતા ધામ ધની, અંગના તેરી જોડ ।
જાનો સનમંધ કબૂં ના હુતો, ઐસા કિયા બિછોડ ॥૬॥

**હે ધણી! બેશક! આપ અખંડ સુખના દાતા છો અને હું આપની અંગના છું. પરંતુ આપે એવી જુદાઈનો અનુભવ કરાવ્યો છે કે જાણે અમારો તમારી સાથે ક્યારેય કોઈ સંબંધ જ ન હતો!**

## ૧.૨ : હે ધણી! હું બેઠી છું આપનાં શ્રી ચરણોમાં પણ...

બૈઠી સદા ચરન તલે, કબૂં ન્યારી ના નિમખ નેસ ।
પાઈએ ન નામ ઠામ દિસ કહૂં, ઐસા દિયા વિદેસ ॥૭॥

**હે ધણી! વાસ્તવમાં હું સદાય આપનાં ચરણોમાં જ બેઠેલી છું અને ક્યારેય એક ક્ષણ માટે પણ નિજઘરથી અલગ થઈ નથી! પરંતુ આપે અમારી સુરતાને એવા વિદેશમાં મોકલી દીધી છે કે જ્યાં આપનું નામ, ઠામ**

**કે દિશા બતાવનાર પણ કોઈ નથી.**

*ભાવાર્થ : પોતાની આત્માઓની સફળ જાગણી યાત્રા કાજે શ્રી રાજજીએ આપણા દિલમાં તારતમ વાણીરૂપી ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ (જી.પી.એસ., Global positioning System, G.P.S.) લગાવી દીધી છે. જી.પી.એસ.માં એક એવું કોમ્પ્યુટર હોય છે, જે પૃથ્વીના અવકાશમાં ફરતા ઉપગ્રહો (સેટેલાઈટ)ના સમૂહ સાથે માઈક્રોવેવ કિરણો દ્વારા સંપર્કમાં રહે છે. તેનાથી વાહન કયા સમયે ક્યાં ઉભેલું છે તથા તે કઈ ઝડપે ચાલી રહ્યું છે અને તેના નિર્ધારિત સ્થળે કેટલા સમયમાં પહોંચી શકશે તે જાણી શકાય છે. તેમાં ક્યાંથી ક્યાં જવાનું છે તે નામ-સરનામું એન્ટર કરી દેવામાં આવે તો તે વાહન ચાલકને તેના લક્ષ્ય સુધી સરળતાપૂર્વક પહોંચાડી શકે છે. તારતમ વાણી થકી આપણે આપણા મૂલમિલાવાના લક્ષ્ય સુધી વિના કોઈ મુશ્કેલીએ પહોંચી શકીએ તેમ છીએ છે. સાથજી! મૂલમિલાવાનું અંતિમ સ્ટેશન (destination) તો તારતમવાણીરૂપી જી.પી.એસ. માં મૂકી દેવામાં આવેલ છે. જી.પી.એસ. દ્વારા અંતિમ લક્ષ્ય સુધીની તમામ માહિતી પણ કહી દેવામાં આવી છે. પરંતુ ગાડી ચાલક-dr ver માયાવી શરાબના નશામાં બેહોશ(ફરામોશ) છે. તે કાર ચલાવવામાં સક્ષમ ન હોવાથી તે કાર ચલાવી જ નથી શકતો. જો મનરૂપી ડ્રાઈવર શરીરરૂપી કાર તથા તારતમવાણીરૂપી દિશા-સૂચક યંત્રનો ઉપયોગ કરી આગળ વધે તો જીવરૂપી માલિક તથા આત્મારૂપી મહેમાન લક્ષ્ય સુધી પહોંચી શકે.*

બૈઠી તલે કદમકે, બીચ ડારે ચૌદે તબક ।
દૂર-દરાજ ઐસી કરી, કહૂં નજીક ન પાઈએ હક ॥૮॥

**હે ધણી! બેઠી છું તો આપનાં શ્રી ચરણોમાં જ, પરંતુ આપની અને અમારી વચ્ચે તો આપે ચૌદ લોકનું આવરણ ઊભું કરી દીધું છે. આપે એટલું બધું અંતર કરી દીધું છે કે, અમને આપ નજીકમાં ક્યાંય દેખાતા નથી.**

બૈઠી તલે કદમકે, ઐસી કરી પરદેસન ।
લે ડારી ઐસી જુદાગી, રહ્યા હરફ ન નુકતા ઈન ॥૯॥

**આપનાં શ્રી ચરણોમાં બેઠેલી છું, તેમ છતાં સુરતાથી જુદાઈનો અહેસાસ કરાવીને એવી પરદેશણ બનાવી દીધી છે કે, જ્યાં આપની ઓળખાણ કરાવી શકે એવો એક શબ્દ પણ સાંભળવા મળતો નથી.**

બૈઠી હોં આગે તુમ, જાનૂં અર્જ કરું કર જોડ ।
સો ઉમેદ કછૂ ના રહી, કોઈ ઐસો દિયો દિલ મોડ ॥૧૦॥

**આપની સન્મુખ જ બેઠેલી છું, એ જાણી હાથ જોડીને આપને અરજી**



D:\Pranam/Chitvani/19

**કરવાની ભાવના પણ ધરાવું છું; પરંતુ આ ખેલે મારા દિલને એવું ફેરવી દીધું છે કે અરજ કરવાની આશા જ રહી નથી.**

ઐસી દઈ ઉલટાયકે, બૈઠી હોં કદમકે પાસ ।
દરદ ન કહ્યો જાય દિલકો, ઉમેદ ન રહી કછૂ આસ ॥૧૧॥

**આપનાં શ્રી ચરણોમાં બેઠી છું, પરંતુ આપે મને આપનાથી એવી વિમુખ કરી દીધી છે કે ન તો હવે કોઈ આશા યા ઉમેદ રહી છે કે ન તો હું મારા દિલની વ્યથા આપને કહી શકું તેમ છું.**

બૈઠી તલે કદમકે, મેરો એ ઘર ધામ ધની ।
એ સુખ દેખાએ જગાવત, તો ભી હોત નહીં જાગની ॥૧૨॥

**હે મારા અક્ષરાતીત ધામના ધણી! હું મૂલમિલાવામાં આપનાં શ્રી ચરણોમાં જ બેઠેલી છું. બેશક! પરમધામ મારું ઘર છે અને આપ મને જગાવીને આપનાં અખંડ સુખ પણ આપી રહ્યા છો. તેમ છતાં મારી જાગણી (આત્મ-જાગૃતિ) થઈ રહી નથી.**

બૈઠી ઈન મેલે મિને, એ ઘર ધની સુખ અખંડ ।
આસ ન કેહેન સુનનકી, જાનો બીચ પડ્યો બ્રહ્માંડ ॥૧૩॥

**બેઠી તો છું મૂલમિલાવામાં - ધણી આપના અખંડ સુખદાયી ઘરમાં, પરંતુ આપની અને અમારી વચ્ચે એવું માયાનું બ્રહ્માંડ આવી ગયું છે કે હવે મારામાં આપને કંઇક કહેવાની આશા કે આપની વાતો સાંભળવાની ક્ષમતા બિલકુલ રહી નથી!**

ધની ધામ સુખ બતાવત, એ ધની સુખ અખંડ ।
આપ દયા બતાવત અપની, આડે દે બ્રહ્માંડ પિંડ ॥૧૪॥

**હે ધણી! આપના સ્વરૂપ, ધામ અને ત્યાંનાં અખંડ સુખોનાં દર્શન કરાવનાર એક આપ જ છો. આપ જ આપની મહેર દ્વારા અમારી અને આપની વચ્ચે આ નશ્વર તન અને સંસારરૂપી બે પડદા ઊભા કરીને અમારા મનોરથો પૂર્ણ કરી રહ્યા છો.**

જગાવત કઈ જુગતેં, દઈ કઈ વિધ સાખ ગવાહે ।
બૈઠાવત સુખ અખંડમેં, તો ભી જેહેર જિમી છોડી ન જાએ ॥૧૫॥

**આ રીતે આપ અનેક પ્રકારના ઉપાયો કરીને તથા અનેક વિધ આત્મ-સાક્ષીઓ દ્વારા અમને જાગ્રત કરી રહ્યા છો. એટલું જ નહિ, અમને**

અખંડ સુખના ધામમાં બેઠાં હોવાનો અહેસાસ પણ કરાવો છો, તેમ છતાંયે અમારાથી આ વિષભર્યો સંસાર છોડી શકાતો નથી.

## ૧.૩ : 'મૈં ખુદી' મિટાવવા માટે દૈનિક પ્રાર્થના

ધની મૈં તો સૂતી નીંદમેં, તુમ બૈઠે હો જાગ્રત ।
ખેલ ભી તુમ દેખાવત, બલ મેરો કછૂ ના ચલત ॥૧૬॥

**હે ધણી! હું તો ફરામોશીની ગાઢ નિદ્રામાં સૂતી છું , પણ આપ તો જાગ્રત બેઠા છો! માયાનો ખેલ પણ આપ જ બતાવી રહ્યા છો. અહીં અમારું કંઈ પણ જોર ચાલી શકે તેમ નથી.**

બલ બુધ ન રહી કછૂ ઉમેદ, મેરો કોઈ અંગ ચલત નાહેં ।
ઐસી ઉરઝાઈ ઈન ખેલમેં, એક આસ રહી તુમ માહેં ॥૧૭॥

**માયાના પ્રબળ પ્રભાવને કારણે ન તો મારી પાસે કંઈ બળ રહ્યું છે ન જાગ્રત બુધ્ધિ રહી છે કે નથી આપને મળવાની કોઈ આશા પણ બચવા પામી. આ પરિસ્થિતિમાં મારું એક પણ અંગ આપની તરફ આગળ વધી શકતું નથી. આ ખેલમાં માયાએ મને એવી ફસાવી દીધી છે કે એક આપના સહારાના ભરોસા સિવાય અન્ય કોઈ ઉપાય રહ્યો નથી.**

ઔર આસા ઉમેદ કછૂ ના રહી, ઔર રખ્યા ના કોઈ ઠૌર ।
એતા દ્રઢ તુમ કર દિયા, કોઈ નાહીં તુમ બિના ઔર ॥૧૮॥

**કેવળ આપ મારી આશાનું એક અને માત્ર એક સ્ત્રોત છો. આપનાં શ્રી ચરણો સિવાય બીજું કોઇ સ્થાન નથી કે જ્યાં મને શાંતિ મળે. હે ધણી! આપે એ બાબત તો મારાં દિલમાં દ્રઢાવી દીધી છે કે આપના સિવાય મને સહારો દેનાર બીજું કોઇ જ નથી.**

બલ બુધ આસા ઉમેદ, એ તુમ રાખી તુમ પર ।
મુઝમેં મેરા કછૂ ના રહ્યા, અબ ક્યા કહૂં ક્યોંકર ॥૧૯॥

**મારી તમામ શક્તિ, વિવેકબુધ્ધિ અને આશાઓને માત્ર આપે જ જાળવી રાખી છે... અને એ સઘળું મેં આપની ઉપર છોડી દીધું છે. હવે મારામાં મારાપણા જેવું કંઇ જ નથી રહ્યું. એથી વિશેષ હવે શું કહું અને શી રીતે કહું?**



D:\Pranam/Chitvani/20

## ૧.૪ : ધણી આપ ઘણા મહેરબાન છો!

સ્યામાજીએં મોહે સુધ દઈ, તબ મૈં જાની ન સગાઈ સનમંધ ।
સુધ ધની ધામ ન આપકી, ઐસી થી હિરદેકી અંધ ॥૨૦॥

**હે ધણી! જ્યારે શ્રી શ્યામાજીએ મને મારી પરમધામની અખંડ નિસ્બતની ઓળખાણ કરાવી, ત્યારે હું નિજ-સંબંધનો મહિમા યથાર્થરૂપે જાણી શકી નહિ. મને ન તો ધણીની કે ન આપના ધામની કે ના મારા નિજ-સ્વરૂપ વિશે કંઈ ખબર હતી, અર્થાત્ હું એટલી હૃદયની અંધ હતી.**

તબ જાનોં ઈન બાતકી, કોઈ દેવે દૂજા સાખ ।
સો હલકે હલકે દેત ગએ, મૈં સાખ પાઈ કઈ લાખ ॥૨૧॥

**ત્યારે મારા દિલમાં એ પ્રકારની વાત પણ ઉદ્‌ભવ્યા કરતી હતી, કે જો શ્યામાજી દ્વારા કથિત એ વાતોની સાક્ષી જો અન્ય કોઈ સ્થાનેથી પ્રાપ્ત થઈ જાય તો વધુ સારું! તો તમે મારી એ ઈચ્છાની પૂર્તિ માટે ધીમે ધીમે તે પણ આપતા ગયા અને આ રીતે મને લાખો સાક્ષીઓ મળતી ગઈ.**

મૈં હુતી બીચ લડકપને, તબ કછુએ ન સમઝી બાત ।
મોહે સબ કહી સુધ ધામકી, ભેખ બદલ આએ સાખ્યાત ॥૨૨॥

**જ્યારે સદ્‌ગુરુ ધણી શ્રી દેવચંદ્રજી સમજાવતા હતા, ત્યારે હું મારી બાલિશતા(બાળક જેવી બુદ્ધિ)માં જ મસ્ત રહી અને તેમની વાતો સમજી શકી નહિ. હવે પુનઃ આપ વેષ બદલીને સાક્ષાત્ આવ્યા અને મને પરમધામની સઘળી હકીકત સમજાવી છે.**

સોઈ વચન મેરે ધનીયકે, હાથ કુંજી આઈ દિલકો ।
ઉરઝન સારે બ્રહ્માંડકે, મૈં સુરઝાઊં ઈન સોં ॥૨૩॥

**મારા ધણીનાં તારતમ વચનોની ચાવી મારા દિલમાં આવી ગઈ છે, જેનાથી હવે હું સમસ્ત બ્રહ્માંડની તમામ ગૂંચવણોનું નિરાકરણ કરવા કટિબધ્ધ છું. હવે એ અનુભૂતિ થઇ રહી છે કે તમામ સમસ્યાઓનો ઉકેલ એક માત્ર તારતમ વાણી જ છે.**

પેહેલે પાલ ન સકી સગાઈ, ના કર સકી પેહેચાન ।
પર હમ બીચ ખેલકે, કઈ પાએ ધની ધામ નિસાન ॥૨૪॥

**જ્યારે આપ ધણી શ્રી દેવચંદ્રજીના તનમાં પધાર્યા હતા, ત્યારે ન તો હું એ સંબંધ પિછાણી શકી હતી કે ન એ નિસ્બતને નિભાવી શકી હતી!**

**તેમ છતાં હવે (આપની કૃપા થકી) અમે આ માયારૂપી ખેલમાં ધર્મશાસ્ત્રો દ્વારા ધામ અને ધણી સંબંધિત અનેક સાક્ષીઓ પ્રાપ્ત કરી લીધી છે.**

કઈ સાખેં બીચ કાગદોં, મુઝ પર આયા ફુરમાન ।
ઈનમેં ઈસારતેં રમૂજેં, સો મૈં હી પાઊં પેહેચાન ॥૨૫॥

**એક મારા માટે જ આપે ધર્મશાસ્ત્રોમાં કેટલીયે સાક્ષીઓ મોકલાવી છે. તેમાંનું એક કુરાન પણ મારા માટે જ આવ્યું છે. તે સૌ ધર્મગ્રંથોમાં ધામ અને ધણી સંબંધિત જે રૂપકો અને વિવિધ દૃષ્ટાંતો દર્શાવેલ છે તે સર્વેની વાસ્તવિક ઓળખાણ પણ એક માત્ર મારી પાસે જ છે.**

મેરે ધનીકી ઈસારતેં, કોઈ ઔર ન સકે ખોલ ।
સો ભી આતમને યોં જાનિયા, એ જો સ્યામાજી કહે થે બોલ ॥૨૬॥

**અન્ય કોઈ પણ મારા ધણીની રહસ્યમય વાતોનો ભેદ ખોલી શકે તેમ નથી. ધણી શ્રી દેવચંદ્રજીમાં વિરાજમાન શ્રી શ્યામાજીએ મને કહેલ એ વાતની સાક્ષી હવે મારી આત્મા પૂરે છે.**

એ સુધ હુઈ ત્રૈલોકકો, સબોં જાન્યા ઈનોં ઘર ધામ ।
મોહે બૈઠાએ બીચ દુનીકે, દિયા ઐસા સુખ આરામ ॥૨૭॥

**હવે આ તમામ જ્ઞાન મૃત્યુલોક, સ્વર્ગલોક અને વૈકુંઠ સુધીના સૌને પ્રાપ્ત થઈ ગયું છે. દરેક જણ જાણે છે કે આપણ બ્રહ્મસૃષ્ટિઓનું મૂળ ઘર અખંડ પરમધામ છે. આ રીતે આ દુનિયામાં બેસાડીને આપે મને અખંડ ઘરનું સુખ તથા સૌમાં મોટાઈ બક્ષી છે.**

સો બાતેં મૈં કેતી કહૂં, મૈં પાઈ બેસુમાર ।
પર એક બાત ન સુનાઈ મુખકી, અજૂં ન કછૂ દેત દીદાર ॥૨૮॥

**હે ધણી! આપની મહેરની બેશુમાર વાતો હું આપને કેટલી કહું? પરંતુ (મને એ વાતનો ખેદ છે કે) આપે આપના શ્રી મુખેથી એકાદ વાત પણ મને કહી સંભળાવી નથી તથા આપ મને દર્શન પણ નથી દેતા!**

### ૧.૫ : ધણીના અખંડ પ્રેમપૂર્ણ ગુણોનું ગાન તો સમગ્ર સંસાર કરશે જ, પરંતુ...

અબ ઐસા દિલમેં આવત, જેતા કોઈ થિર ચર ।
સબ કેહેસી પ્રેમ ધનીયકા, કછૂ બોલે ના ઈન બિગર ॥૨૯॥



**હે ધણી! હવે મારા દિલમાં એ વાત દૃઢ થઈ ગઈ છે કે, આ સંસારમાં જેટલાં પણ ચર-અચર પ્રાણીઓ છે તે તમામ આપના અખંડ પ્રેમના મહિમાનું ગુણગાન કરશે. કોઇ 'ધણી' સિવાય અન્ય કોઈ વાત ઉચ્ચારશે જ નહિ.**

ઐસા આગૂં હોએસી, આતમ નજરોં ભી આવત ।
જાનોં બાત સુનોં મૈં ધનીયકી, પર મોહે અજૂં બિલખાવત ॥૩૦॥

**આમ અવશ્ય થશે જ. મને તેની આત્મ-પ્રતીતિ થઈ પણ રહી છે. પરંતુ આ સમયે તો મને એક જ વાતનું દર્દ સતાવ્યા કરે છે તથા મારી એક જ તમન્ના છે કે હરહંમેશ બસ આપ ધણીની વાતો જ સાંભળ્યા કરું!**

ના કછૂ દેખૂં દરસન, ના કછૂ કેહેનેકી આસ ।
ના કછૂ સુધ સનમંધકી, બૈઠી હોં કદમકે પાસ ॥૩૧॥

**પરંતુ હે ધણી! મને તો આપનાં દર્શનનો અણસાર પણ થતો નથી, કે આપને કંઈ કહેવાની મારામાં હિંમત પણ રહી નથી. આપનાં શ્રી ચરણોમાં બેઠી હોવા છતાં મને મારા મૂળ સંબંધની થોડીયે સુધ રહી નથી.**

ધની એતી ભી આસા ના રહી, જો કરું તુમસોં બાત ।
ના બાત તુમારી સુન સકોં, ના દેખૂં તુમેં સાખ્યાત ॥૩૨॥

**હે ધણી! હવે મારી અંદર એટલી આશા પણ નથી રહી કે હું આપને આ પ્રકારની વાતો કરું કારણ કે હું આપની એક પણ વાત સાંભળી શકતી નથી કે નથી હું તમારા સાક્ષાત્ દર્શન કરી શકતી.**

એહ ધની એહ ઘર સુખ, સનમંધ દિયો ભુલાએ ।
લગાવ ન રહ્યો એક રંચક, તાથેં મેરો કછૂ ન બસાએ ॥૩૩॥

**આ ખેલે આપ જેવા સમર્થ ધણીને તથા અખંડ ઘરના સંબંધ અને સુખોને એવાં તો ભૂલાવી દીધાં છે કે મને એ બાબતનો કિંચિત્ માત્ર લગાવ રહ્યો નથી. (મારી ચાહનાઓ કેમ પૂર્ણ થતી નથી તેનું આ એક માત્ર કારણ છે.) હે ધણી! આમ મારા વશમાં કંઇ જ નથી.**

કહા કરું કિન સોં કહૂં, ના જાગા કિત જાઊં ।
એતા ભી તુમ દૃઢ કર દિયા, તુમ બિના ના કિત ઠાંઊં ॥૩૪॥

**હે ધણી! આવી પરિસ્થિતિમાં હું કરું પણ શું? હવે આ વિટંબણા કહું પણ કોને? મને અન્ય કોઇ ઠેકાણું દેખાતું જ નથી. જાઉં તો ક્યાં જાઉં?**



D:\Pranam/Chitvani/21

**આપે એ બાબત પણ નિશ્ચિત કરાવી દીધી કે આપનાં ચરણો વિના મારું અન્ય કોઈ સ્થાન છે જ નહિ.**

ના કછૂ એતા બલ દિયા, જો લગી રહૂં પિઉ ચરન ।
પર એ સબ હાથ ખસમકે, ઔર પુકારું આગે કિન ॥૩૫॥

**આપે મારી અંદર એટલી તાકાત પણ નથી રહેવા દીધી કે હું આપ પિયુજીનાં ચરણોને પકડી રાખી શકું. જ્યારે આ બધું આપ ધણીના હાથમાં જ છે તો પછી બીજા કોની સમક્ષ જઇને આ વાતોની જાહેરાત કરું?**

રોઈ તો ભી જાહેર, પુકારી જોસ ખુમાર ।
જો દેતે રંચક બાતૂની, તો હોતી ખબરદાર ॥૩૬॥

**હું તમારા નામે રડી, તો તે પણ ઉપર છલ્લું જ - દેખાડવા પૂરતી! જોર જોરથી ભાવાવેશની ખુમારીમાં મેં ઘણી બૂમો પણ પાડી! પરંતુ જો આપ મને થોડોક આત્મિક અહેસાસ કરાવી દેત, તો હું સાવધાન થઈ જાત અને આમ ન કરત!**

## ૧.૬ : હે ધણી! જે કંઈ થાય છે, તે સઘળું તમારા થકી જ...

અબ કેહેના તો ભી તુમકો, ઠૌર તો ભી તુમ ।
અંગના તો ભી ધનીકી, તુમ હો ધની ખસમ ॥૩૭॥

**હે ધણી! હવે મારે જે કંઇ કહેવું હોય તે તમને જ કહેવું રહ્યું. મારું કોઇ વિશ્રામ-સ્થાન હોય તો તે આપનાં ચરણકમળમાં જ છે. હું અંગના છું તો તે પણ આપ ધણીની જ. મારા પ્રાણપ્રીતમ ધણી બસ એક આપ જ છો.**

આસા ઉમેદ ધનીકી, બલ બુધ ઠૌર ધની ।
પિંડ ન રહ્યો બ્રહ્માંડ, તુમ હીમેં રહી કરની ॥૩૮॥

**મને જો કોઇની આશા હોય તો તે માત્ર આપ ધણીની જ છે. મારા બળ અને બુધ્ધિના માલિક પણ આપ જ છો. આપની અંદર જ મારું વિશ્રામ સ્થાન છે. હે ધણી! જ્યારે આ તન પણ મારું નથી રહ્યું તો પછી મારે માટે સંસાર પણ નથી રહ્યો. હે ધણી! મારી તમામ કરણી બસ તમારા સ્વરૂપમાં સ્થિત છે.**

જોર કર જુદાગી કર દઈ, ઔર જોર કર જગાવત તુમ ।
કેહેની સુનની મેરે કછૂ ના રહી, તો ક્યોં બોલૂં મૈં ખસમ ॥૩૯॥



*D:\Pranam/Chitvani/22*

**આપે ખૂબ પરિશ્રમપૂર્વક અમને જુદાઈનો અનુભવ કરાવ્યો છે અને હવે એટલા જ બળપૂર્વક જાગ્રત પણ કરી રહ્યા છો. આપના નામના રટણ સિવાય મારે અન્ય કોઇ જ વાત કહેવા કે સાંભળવાની બાકી રહેતી નથી. તેથી હે ધણી! હવે બીજું બોલી પણ શું શકું?**

ઐસે કાયમ સુખકે જો ધની, કિન વિધ દઈ ભુલાએ ।
ઈન દુખમેં દેખાવત એ સુખ, હિરદે તુમ હી ચઢાએ ॥૪૦॥

**આ પ્રકારનાં અખંડ સુખોના દાતા એવા હે ધણી! આપે શી રીતે મને ભૂલવી દીધી? આપ જ આ દુઃખમય સંસારમાં અખંડ સુખોનું રસપાન કરાવી મારા હૃદયને તૃપ્ત કરી રહ્યા છો.**

ઐસે સુખ અલેખે અખંડ, ભુલાએ દિએ માહેં ખિન ।
સુખ દેખત ઉનથેં અધિક, પર આવે અગ્યાએં અંતસ્કરન ॥૪૧॥

**આ પ્રકારનાં અગણિત અખંડ સુખો આપે અમને એક ક્ષણમાં ભૂલાવી દીધાં. આ અસત્, જડ અને દુઃખરૂપી ધરતી પર હું પરમધામ તથા જાગણી લીલાનાં અધિકમાં અધિક અર્થાત્ ધામનાં અખંડ સુખોથી પણ અધિક સુખો લઈ શકું તેમ છું. પરંતુ આપની આજ્ઞા કે હુકમ હોય તો જ એ બધાં સુખો મારા અંતઃકરણમાં પ્રવેશે અને તો જ તેની અનુભૂતિ થાય.**

## ૧.૭ : ધણીના હુકમ વિના પાંદડુય ન હલી શકે

ખેલ કિયા હુકમ સોં, હમ આએ હુકમ ।
હુકમેં દરસન દેખાવહીં, કછૂ ના બિના હુકમ ખસમ ॥૪૨॥

**હે ધણી! મિથ્યા માયાનો આ ખેલ આપે આપના હુકમથી જ બનાવેલ છે. તેમાં પણ અમે આપના હુકમથી જ આવ્યાં છીએ. હવે આપના હુકમથી જ અમને આપનાં દર્શન થઈ શકશે. આપ ધણીના હુકમ વિના બીજું કશું છે જ નહિ.**

હુકમેં ઈસ્ક આવહીં, કદમોં જગાવે હુકમ ।
કરની હુકમ કરાવહીં, કછૂ ના બિના હુકમ ખસમ ॥૪૩॥

**આપના હુકમથી જ અમને આપના ઈશ્કની લજ્જત મળશે. આપ ધણીના શ્રી ચરણોમાં અમને જાગ્રત કરનાર પણ આપનો હુકમ જ છે. આપની વાણીને અનુરૂપ કરણી કરાવનાર પણ આપનો હુકમ જ છે. આપ**

ધણીના હુકમ સિવાય બીજું કંઇ છે જ નહિ.

હુકમ ઉઠાવે હઁસતે, રોતે ઉઠાવે હુકમ ।
હાર જીત દુખ સુખ હુકમેં, કછૂ ના બિના હુકમ ખસમ ॥૪૪॥

**હે ધણી! આપનો હુકમ જ અમને હસતાં કે રોતાં ઉઠાવશે. અમારી હાર-જીત, દુ:ખ-સુખ એ તમામ આપના હુકમ પર જ નિર્ભર છે. આપના હુકમ સિવાય કશું જ સંભવ નથી.**

હુઆ હૈ સબ હુકમેં, હોત હૈ હુકમ ।
હોસી સબ કછૂ હુકમેં, કછૂ ના બિના હુકમ ખસમ ॥૪૫॥

**હે ધણી! આપે અમારા ભલા માટે જેવું વાંચ્છ્યું હશે તેવું જ અમારી સાથે બન્યું છે. આજે જે કંઇ બની રહ્યું છે તે સર્વ આપના હુકમથી જ થઈ રહ્યું છે, ભવિષ્યમાં જે કંઇ થવાનું છે તે બધું પણ આપના હુકમ અનુસાર જ થશે. આપના હુકમ(ની લીલા) વિના બીજું કંઇ જ નજરમાં આવતું નથી.**

## ૧.૮ : મારે જે કંઈ કહેવું હતું તે કહી દીધું; હે ધણી! આથી વિશેષ બીજું શું કહું?

અબ જ્યોં જાનો ત્યોં કરો, કછૂ રહ્યા ન હમપના હમ ।
ઈન ઝૂઠી જિમીમેં બૈઠકે, કહા કહૂં તુમેં ખસમ ॥૪૬॥

**હે ધણી! હવે જેવું આપને ગમે તેમ કરો. હવે મારામાં 'પોતાપણા' જેવું કંઈ જ રહ્યું નથી. આ મિથ્યા સંસારમાં બેસીને હું આપને આથી વિશેષ બીજું શું કહી શકું?**

એ ભી દ્રઢ તુમ કર દિયા, સબ કછૂ હાથ હુકમ ।
કછૂ મેરા મુઝમેં ના રહ્યા, તાથેં કહા કહૂં ખસમ ॥૪૭॥

**આપે જ મારા હૃદયમાં એ વાત પણ દ્રઢ કરી દીધી છે કે સઘળું આપના હુકમના જ હાથમાં છે. મારામાં હવે જ્યારે 'મારાપણું' બિલ્કુલ રહ્યું જ નથી, તો હે ધણી! હવે કહેવાનો કોઈ અર્થ જ નથી રહેતો (કોણ કોને કહે? બે હોય તો જ કહેવાનો પ્રશ્ન ઉદ્‌ભવે!)**

જો કહૂં કઈ કોટ બેર, તો કેહેના એતા હી ખસમ ।
જબ કછૂ તુમ હી કરોગે, તબ કેહેસી આએ હમ ॥૪૮॥

**હે ધણી! હું મારા સ્વમુખેથી કરોડો વાર કહું તો પણ મારે બસ**



**આટલું જ કહેવાનું છે કે જ્યારે આપ મારા પર કૃપા કરશો ત્યારે જ હું આપની સન્મુખ આવીને કંઇક કહી શકીશ.**

અબ તો કેહેના કછૂ ના રહ્યા, ઐસી અંતરાએ કરી ખસમ ।
જબ તુમ જગાએ બૈઠાઓગે, તબ કેહેસી આએ હમ ॥૪૯॥

**માટે હવે કહેવા માટે કંઇ જ બાકી રહ્યું નથી. આપે ખૂબ વિચિત્ર પ્રકારની જુદાઈ કરી બતાવી છે. હે ધણી! જ્યારે આપ અમને મૂલમિલાવામાં જગાડીને બેઠાં કરશો ત્યારે આપની સન્મુખ આવી અમે કંઈક કહી શકીશું.**

હમમેં જો કછૂ રખ્યા હોતા, તો ઈત કેહેતે તુમકો હમ ।
સો તો કછુએ ના રહ્યા, અબ કહા કહૂં ખસમ ॥૫૦॥

**હે ધણી! જો મારામાં લેશમાત્ર પણ જાગૃતિ આવી હોત તો અહીં ખેલમાં બેઠા જ આપની સાથે સઘળી વાતો કરત! જ્યારે મૂળ નિસ્બતની સુધ જ રહી નથી, ત્યારે હે ધણી! આપને શું કહું?**

ભલા જો કછૂ જાન્યા સો કિયા, ઈન ઝૂઠી જિમીમેં આએ ।
જબ કછૂ ઉમેદ દેઓગે, તબ કહૂંગી આસ લગાએ ॥૫૧॥

**હે ધણી! આ જૂઠા સંસારમાં આવીને આપે અમારા ભલા માટે આપને જે કંઈ ઉચિત લાગ્યું તે જ કર્યું છે. જો આપ અમને કંઈક આશ્વાસન આપશો તો અમે આશાભેર આપને કંઇક કહી શકીશું.**

તુમ કિયા હોસી હમ કારને, પર એ ઝૂઠી જિમી નિરાસ ।
ઐસા દિલ ઉપજે પીછે, ક્યોં લે મુરદા સ્વાંસ ॥૫૨॥

**હે ધણી! આપે આ બધું અવશ્ય અમારા સુખને વાસ્તે જ કર્યું હશે! પરંતુ મારા માટે તો આ સંસાર જૂઠો અને નિરાશાજનક જ છે. (કારણ કે આપની સાથે મારે કંઈ વાત થઈ શકતી નથી). જો આ બધી વાતો હકીકતમાં જ મારા દિલમાં ઊતરી ગઈ હોય તો મારું આ નશ્વર તન શ્વાસ પણ કેવી રીતે લઇ શકે?**

એક આહ સ્વાંસ ક્યોં ના ઉડે, સો ભી હુઆ હાથ ધની ।
બાત કહી સો ભી એક હૈ, જો કહૂં ઈન થેં કોટ ગુની ॥૫૩॥

**હે ધણી! સાચા દિલથી આપના માટે નીકળનારી આહથી તો મારા શ્વાસોચ્છ્‌વાસ ઊડી જવા જોઇએ. પરંતુ આ શ્વાસોની હયાતી પણ આપ ધણીના હાથમાં જ છે. હે ધણી! મેં આપને એક જ વાત કરી છે કે,**



D:\Pranam/Chitvani/23

**(અમારી સાથે વાત કરીને અમારું જુદાઈનું દર્દ દૂર કરી દો.) હું આપને આવી બીજી કરોડો વાતો કહી શકું તેમ છું. પરંતુ મારે માટે એ તમામ વાતો નિરર્થક છે.**

મહામત કહે મૈં સરમિંદી, સબ અવસર ગઈ ભૂલ ।
ઐસી ઈન જુદાગી મિને, ક્યોં કહૂં કરો સનકૂલ ॥૫૪॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે ધણી! હું ભારે શરમનો અનુભવ કરું છું, કારણ કે મેં હાથમાં આવેલ અવસર ગુમાવ્યો છે. જુદાઈના આવા વિચિત્ર ખેલમાં હવે આપને એવું પણ કેવી રીતે કહી શકું કે, હે ધણી! આપ અમને બોલાવો, અને અમારી સાથે પુનઃ મીઠી-મધુરી વાતો કરીને અમને પ્રફુલ્લિત કરી દો.**

*પ્રકરણ-૧ સંપૂર્ણ : કુલ ચોપાઈ-૫૪*

બીજા, ત્રીજા અને ચોથા પ્રકરણમાં મિથ્યા 'હું પદ' કે 'મૈં ખુદી'નું નિર્મૂલન કરવા માટેના વિવિધ ઉપાયો વિસ્તૃત રૂપે દર્શાવવામાં આવેલ છે. ભવિષ્યમાં આવનાર સુંદરસાથ આત્માઓની જાગણી પ્રક્રિયામાં 'મૈં ખુદી' અવરોધક ન બને તે આ પ્રકરણોનું પ્રયોજન છે. તેમાં આત્મા પોતાની 'મૈં ખુદી'ના સ્વરૂપને ઓળખી, તેને દૂર કરી 'ધણીજીની સત્ય મૈં' ને પોતાની અંદર પ્રસ્થાપિત કરવાના વિવિધ ઉપાયો કરે છે. **ધણીજીના ગુણો તથા મહેરની કદર ન કરતાં, ઉલ્ટા તેમના અવગુણ ગાતા રહી, તેમને દોષિત ઠેરવવાની વૃત્તિ જ આત્માની મિથ્યા 'મૈં ખુદી'નું સૌથી પ્રબળ સ્વરૂપ છે.**

આ ત્રણ પ્રકરણોમાં આત્મા દ્વારા પવિત્ર દિલથી કરવામાં આવેલ અરજી ફલિત થતી નજર આવે છે. તે પોતાના અખંડ પ્રિયતમ સાથે પૂર્વ સંબંધ કે અખંડ નિસ્બતનો દાવો કરી, પોતાની 'મૈં ખુદી' કે માયા જનિત અહમ્ ભાવને બ્રહ્મજ્ઞાન રૂપી દિવ્ય શસ્ત્રથી મારી, 'ધણીજીની મૈં' ને ગ્રહણ કરી લે છે. **આપણી અંદર *'શ્રી ધણીજીની મૈં'* આવવાની સાક્ષીઓ સ્પષ્ટ કરવામાં આવી છે. પારબ્રહ્મ ધણીજીનાં શ્રી ચરણોમાં સર્વસ્વ સમર્પિત થઈને રહેવું, કર્તવ્યનિષ્ઠ બની પોતાના કૌલ** (બેશક ઈલમ, કહેણી કે ધણીજી સાથે કરેલ વાયદા-વચનો) **તથા ફૈલ** (કરણી, ઈલમ કે વાયદા વચનોના પાલન) **ને એકરૂપ તથા ધણી તથા ધામને અનુરૂપબનાવી લેવા, ધામની આત્માની રહેણી – મૂળ નિજાનંદની સ્થિતિ (હાલ)નો અહેસાસ થવો, નિર્મળ દિલથી પોતાની ભૂલો માટે પશ્ચાત્તાપ કરવો, ઈલમ અને હુકમના સ્વરૂપની સર્વાંગી ઓળખાણ કરી સર્વ**



D:\Pranam/Chitvani/24

**રીતે બેશક થવું – એ સર્વે આપણી અંદર *'શ્રી ધણીજીની મૈં'* આવવાની *સાક્ષીઓ છે.***

## ૨ : 'મૈં ખુદી' દૂર કરવાનો ઉપાય

આ પ્રકરણમાં શ્રી મહામતિજી કહે છે કે આપણી અંદર રહેલી 'મૈં ખુદી'નું સ્વરૂપ નિશ્ચિત થયા વિના આપણો સંદેશો કે અરજી શ્રી ધણીજીને પહોંચી જ ન શકે. તે માટે અહીં આ સંસારમાં તથા ત્યાં પરમધામમાં એક **શ્રી ધણીજીના હુકમ વિના અન્ય કોઈનો આશરો નથી એ વાતનો આત્માને અહેસાસ થાય તે જરુરી છે.** સઘળી માનવજાતિમાં પણ એક શ્રી ધણીજીના હુકમ અને તેમના ઈલમ વિના બીજું કંઈ જ નથી, એ વાત નિશ્ચિત છે. ४ ƽ ४

४ ४ ट ४

। । ४ ४ ।

ƽ ƽ ४ उ

જે રીતે એક જાદુગર પોતાની કળાથી પ્રેક્ષકોની સામે અનેક કબૂતરો પેદા કરી તેમને ઉડાડી મૂકે છે, તેવી જ રીતે, હે ધણી! આપનો હુકમ સત્ય સ્વરૂપ બ્રહ્મસૃષ્ટિઓને આ સંસારરૂપી ખેલ બતાવી રહેલ છે. ४

ƽ ƽ ƽ ४ उ ƽ

જે માલિકે મને આટલી ઊંચી મંજીલ સુધી પહોંચાડેલ છે, એ ધણીજી પ્રત્યે કૃતજ્ઞતાભાવનો અભાવ હોવો એ જ આત્માની મિથ્યા 'મૈં ખુદી' કે અહમ્ભાવ છે, જે વારંવાર આપણી અને આપણા ધણીજી વચ્ચે દિવાલ બની ઊભો થઈ જાય છે. આ 'મૈં ખુદી'નું મોત જ આપણ બ્રહ્મસૃષ્ટિ(મોમિન, સુંદરસાથ)ની મોટામાં મોટી કુરબાની છે, જે આપણને આપણી અસલ મંજિલે પહોંચાડશે. उ इ

ƽ ƽ४

४

જ્યાં 'હું' નું અસ્તિત્વ જ નથી, ત્યાં બસ એક 'ખુદા જ ખુદા', 'ધણી જ ધણી' રહી જાય છે. જેણે જીવતે જીવ મૃત્યુનો સરબત પી લીધો, તેને સ્વપ્નિલ સંસારમાં પણ પરમધામનું સુખ પ્રાપ્ત કરી લીધું એ વાત નિશ્ચિત જાણજો.

ઽ ઽ ૪

ઽ ઉ ઉ ઽ ઽ

ઽ બ્રહ્માત્માઓ પોતાના અસલ મોભાને પ્રાપ્ત કરી શકે તે માટે ધણીજી તેમને વિવિધ પ્રકારની કુરબાનીઓ કરવા માટે આહ્‌વાન આપે છે. જ્યાં સુધી આત્મા વિવિધ પ્રકારની કુરબાનીઓ કરવા માટે તૈયાર થઈ નથી જતી ત્યાં સુધી ‘મૈં ખુદી’ મરી શકતી નથી. ઉ ઉ ૪ ૪ ૪ ૪

ઉ। ૪ ૪

૪

## ૨.૧ : ધણીજીના ઈલમ અને હુકમનો પ્રસાર સર્વત્ર છે

હમ લિએ કૌલ ખુદાએકે, હકકે જો પરવાન ।
લઈ કઈ કિતાબેં સાહેદિયાં, કઈ હદીસેં ફુરમાન ॥૧॥

**શ્રી મહામતિજીની આત્મા કહે છે કે, હે ધણી! અનેક શાસ્ત્ર-પુરાણ ધર્મગ્રંથો અને કુરાન તથા હદીસોની કેટલીયે સાક્ષીઓ દ્વારા અમે આપ પારબ્રહ્મનાં સનાતન સત્ય વચનો (કૌલ)ને હૃદયમાં દૃઢતાપૂર્વક ગ્રહણ કર્યા છે.**

*(ભાવાર્થ : મહંમદ પયગંબર દ્વારા ચર્ચાયેલ વિવિધ વાતો તથા તેમના જીવન કાર્યો સંબંધી સાહિત્ય ‘હદીસ’ રૂપે ઉપલબ્ધ છે. મહદ્‌અંશે, હદીસોનો ઉપયોગ મુસ્લિમ સમાજ જીવન સંબંધી પ્રશ્નોના નિરાકરણ માટે થતો હોય છે.)*

કઈ સાખેં સાસ્ત્રનકી, કઈ સાખેં સાધોંકી બાન ।
એ લે લે રુહકો દૃઢ કરી, આખિર વસીયત નામેં નિદાન ॥૨॥

**શાસ્ત્રો તથા સાધુજનની વાણી, તથા મક્કાથી હિંદુસ્તાનમાં આવેલ અંતિમ વસિયતનામાની સાક્ષીઓ દ્વારા અમારી આત્મા નિઃશંક (દૃઢ) બની છે.**

જાહેર બાહેર બાતૂન, અંદર અન્તર તુમ ।
કહૂં જરે જેતી જાએગા, નહીં ખાલી બિના ખસમ ॥૩॥

**આ સંસારમાં, અમારા તનમાં, અમારા દિલમાં અને દિલના કેન્દ્રનાં**



D:\Pranam/Chitvani/25

**ઊંડાણમાં - એ સઘળે ઠામ માત્ર એક આપની જ વાતો ગૂંજ્યા કરે છે. હે ધણી! ક્યાંય પણ અણુ માત્ર જેટલીયે જગ્યા આપની સાક્ષીઓ વિના ખાલી રહી ગઈ નથી.**

સબ ઠૌરોં સુધ તુમકો, કછૂ છૂટ ન તુમ ઈલમ ।
એ સક મેટ બેસક તુમ કરી, કછૂ ન બિના હુકમ ખસમ ॥૪॥

**હે ધણી! આપને તો ક્ષર, અક્ષર તથા અક્ષરાતીત — આ સર્વે ઠેકાણાઓનું સંપૂર્ણ જ્ઞાન છે જ. આપના ઈલમ અર્થાત્ જાગ્રત બુદ્ધિયુક્ત તારતમવાણીમાં કોઈપણ પ્રકારની ઊણપ નથી. આ ઈલમ દ્વારા તમે મારા તમામ સંશયોનું નિવારણ કરીને મને બેશક કરી દીધી છે. હે ધણી! તમારા હુકમ વિના આ બધું સંભવ જ નથી.**

જરા ન હુકમ સુધ બિના, સબનકે દમ દમ ।
સાઈત ના ખાલી પાઈએ, બિના હુકમ ખસમ ॥૫॥

**બેશક ઈલમથી મારી અંદર એવી દૃઢતા આવી ગઈ છે કે ક્યાંય પણ આપના હુકમ સિવાય અન્ય કોઈનું શાસન ચાલતું નથી. સમગ્ર માનવજાતિમાં પણ એક માત્ર આપના હુકમ અને ઈલમ સિવાય બીજું કંઈ જ નથી. હે ધણી! આપના હુકમ વિના અહીં સંસારની એક પળ પણ વીતી શકતી નથી.**

એતે દિન મૈં યોં જાન્યા, મૈં બૈઠી નાહીંકે માહેં ।
તો ઈતકા સંદેસા, હકકો પોહોંચત નાહેં ॥૬॥

**આજદિનપર્યંત હું એવું જ સમજતી હતી કે આ નહિવત્ સંસારમાં બેઠાં હોવાને કારણે મારો અહીંથી મોકલેલો સંદેશ આપ અખંડ ધણી સુધી પહોંચી શકતો નથી.**

સો તેહેકીક તુમ કર દિયા, જો ખેલ નૂરસે ઉપજત ।
ઈલમ ખુદાઈ હુકમ બિના, કહૂં ખાલી ન પાઈએ કિત ॥૭॥

**પરંતુ આપે એ વાત તો નિશ્ચિત કરી દીધી છે કે અક્ષરબ્રહ્મ થકી પેદા થતા જાગતિક ખેલની તસુ માત્ર જેટલી જગા પણ આપના હુકમ અને ઈલમ વિના ખાલી નથી જણાતી. (તો પછી મારો સંદેશ આપ સુધી કેમ ન પહોંચી શકે? અવશ્ય પહોંચવો જ જોઇએ!)**

સાંચ ઝૂઠ બડી તફાવત, જ્યોં નાહીં ઔર હૈ ।
સો હુકમે ખેલ બનાએકે, સત ગિરોકો દેખાવેં ॥૮॥

**સત્ય (અખંડ ધામ અને ધણી) અને જૂઠ (મિથ્યા માયા, નિરાકાર) આ બંનેમાં એટલો મોટો તફાવત છે જેટલો 'છે' અને 'નથી' માં હોય છે. એવો અજબ ગજબનો ખેલ આપ આપના હુકમ દ્વારા બનાવી પોતાની સત્ય-સ્વરૂપ બ્રહ્મસૃષ્ટિઓને બતાવી રહ્યા છો.**

બનાએ કબૂતર ખેલકે, જ્યોં દેખાવે દુનિયાંકો ।
યોં દેખાવેં સત ગિરોકો, એ જો પૈદા કુંન સોં ॥૯॥

**જેવી રીતે એક જાદૂગર પોતાની હાથચાલાકીથી પ્રેક્ષકોની સામે કેટલાંયે કબૂતરો પેદા કરીને ઉડાડી દે છે તેવી રીતે જ આપનો હુકમ પણ સત્ય-સ્વરૂપ પ્રેક્ષક બ્રહ્મસૃષ્ટિઓને આ સંસારરૂપી ખેલ બતાવી રહ્યો છે. કુરાન મુજબ આ સંસાર 'કુંન' અર્થાત્ 'થઈ જા' એમ કહેવાથી, અથવા શાસ્ત્ર અનુસાર 'એકો અસ્મિ બહુસ્યામ' અર્થાત્ 'હું એક છું, તેમાંથી અનેક થઈ જાઉં' એમ કહેવાથી ઉત્પન્ન થયેલ છે.**

## ૨.૨ : "મૈં ખુદી"નું સ્વરૂપ નિર્ધારિત થયા વિના આપણો સંદેશો ધણીજી સુધી પહોંચી શકે નહિ.

હમ બૈઠે વતન કદમ તલે, તહાં બૈઠે ખેલ દેખત ।
તિત ખ્વાબસે સંદેસા, તુમેં ક્યોં ના પોહોંચત ॥૧૦॥

**હે ધણી! જો પરમધામમાં આપનાં શ્રી ચરણોમાં બેસીને અમે માયાનો ખેલ જોઈ શકીએ છીએ તો તેવી જ રીતે પરમધામમાં બેસીને જ જોવાઈ રહેલ એ સ્વપ્ન અર્થાત્ માયાના ખેલમાંથી મોકલેલ અમારો સંદેશો આપ સુધી કેમ નથી પહોંચતો?**

એ ઈલમ હકેં દિયા, કિયા નાહીં થેં મુકરર હક ।
રુહઅલ્લા મહંમદ મેહેર થેં, કહૂં જરા ન રહી સક ॥૧૧॥

**આપ હકશ્રી રાજજી મહારાજના ઈલમે એ સત્ય સિધ્ધ કરી દીધું છે કે પારબ્રહ્મ નિરાકારથી અલગ, અખંડ શુધ્ધ-સાકાર સ્વરૂપ છે. મલ્કી સૂરત શ્રી શ્યામાજીની મહેરથી હવે કોઈપણ વિષયે જરાક પણ સંશય નથી રહ્યો.**



D:\Pranam/Chitvani/26

હમ બૈઠે લૈલત-કદરમેં, સંદેસા પોહોંચાવેં તુમ ।
ઈલમ સૂરત હમારી રુહકી, પોહોંચી ચાહિએ ખસમ ॥૧૨॥

**આ સંસારરૂપી મોહની રાત્રિ જેને કુરાનમાં 'લૈલ-તુલ-કદ્ર' કહેલ છે, તેમાં બેસીને અમે આપને સંદેશા પહોંચાડવા મથી રહ્યાં છીએ. તો હે ધણી! જાગ્રત ઈલમ ધારણ કરેલ અમારી આત્માનું ધ્યાન આપ ધણી સુધી પહોંચવું જ જોઇએ ને!**

એ તેહેકીક તુમ કર દિયા, મૈં તો બૈઠી બીચ નાહેં ।
ઈન વિધ ખેલ ખેલાવત, હક નાહીંકે માહેં ॥૧૩॥

**હે ધણી! તમે મારા દિલમાં એ વાત તો નિશ્ચિત દૃઢ કરી દીધી છે કે, હું તો નશ્વર જગતમાં બેઠી છું તથા તેમાં આપ ધણી આ પ્રકારનો ખેલ બતાવી રહ્યા છો.**

અબ ધની જાનો ત્યોં કરો, પર ઈત કહૂં કહૂં રુહ તરસત ।
કોઈ કોઈ ચાહ જો ઉઠત હૈ, સો હકૈ ઉપજાવત ॥૧૪॥

**હે ધણી! હવે આપને જે ગમે તે કરો; પરંતુ કોઈ કોઈ વાર અમારી આત્મા આપની સાથે વાર્તાલાપ કરવા માટે તથા આપના દર્શનાર્થે તડપી ઊઠે છે. (તે માટે આપ કંઈક કરો). આવી જે કંઈ ઈચ્છાઓ અમારા દિલોમાં ઉપજે છે, તે પણ હે ધણી, આપ જ ઉપજાવો છો.**

મૈં તો બીચ નાહીંકે, મોહે ખેલ દેખાયા જડ મૂલ ।
તાથેં જાનો ત્યોં કરો, સરમિંદી યા સનકૂલ ॥૧૫॥

**જ્યારે હું આ જૂઠા ખેલમાં જ બેઠેલી છું અને આપે મને ખેલ પણ જડમૂળથી જ બતાવ્યો છે, ત્યારે આપ ચાહો તો (અમારી સાથે વાતો કરીને) અમને રાજી કરો અથવા તો (જુદાગીનો દોર ચાલુ રાખીને) અમને શર્મિંદા રાખો.**

અબ ક્યા કરું કિન સોં કહૂં, કોઈ રહ્યા ન કેહેવે ઠૌર ।
એ ભી કહાવત તુમહીં, કોઈ નાહીં તુમ બિના ઔર ॥૧૬॥

**હવે હું શું કરું? આપના સિવાય અન્ય કોને કહું? આ વાત કહેવા માટે આપના સિવાય અન્ય કોઈ યોગ્ય પાત્ર કે સ્થાન દેખાતું જ નથી. એટલું જ નહિ, આવું કહેવડાવનારા પણ માત્ર આપ જ છો.**

બિન ફુરમાએ હકકે, દિલ જરા ન ઉપજત ।
તો ક્યોં દિલ ઐસા આવત, જો હક માંગ્યા ના દેવત ॥૧૭॥

**આપના આદેશ વિના અમારા દિલમાં જરાક અમથી વાત પણ પેદા થઈ શકતી નથી; તો પછી અમારા દિલમાં એવી વાત કેમ આવે છે કે, આપ અમારી માંગણીઓ સંતોષતા નથી?**

હક ઉપજાવત દેવેકો, સો હકૈ દેવનહાર ।
મૈં દોષ હકકા દેખકે, ક્યોં હોત ગુન્હેગાર ॥૧૮॥

**શ્રી રાજજી મહારાજ આપણા દિલમાં જે કંઈ ઉપજાવે છે, એ બધું જ આપણા મનોરથો પૂર્ણ કરવા માટે જ છે... અને એની પૂર્તિ કરનારા હે ધણી! એક આપ જ છો. હવે "શ્રી રાજજીનો દોષ છે", એવું કહી હું આપની ગુનેગાર શા માટે બની રહી છું?**

ઉપજે ઉપજાવે સબ હક, હક દેવેં દિલાવેં ।
મૈં જો કરત ગુન્હેગારી, સો બીચ કાહેકો આવે ॥૧૯॥

**મારા દિલમાં જે કંઈ ઉપજે છે, તે સર્વે શ્રી રાજજી જ ઉપજાવે છે. મારા જે કંઈ મનોરથ પૂર્ણ થાય છે, તે સર્વે પણ શ્રી રાજજી જ પૂર્ણ કરે છે. તો પછી હે ધણી! આપની પાસે માંગીને કે આપની સામે પ્રશ્નો કરીને (કે આપને દોષિત ઠરાવવાનો નિરર્થક પ્રયાસ કરીને) આપની ગુનેગાર શું કામ બનું છું?**

હકેં પોહોંચાઈ ઈન મજલેં, ઔર દોષ હકકો દેવત ।
એહી મૈં મારી ચાહિએ, જો બીચ કરે હરકત ॥૨૦॥

**(હે ધણી! હવે મારી "મૈં ખુદી"નું સ્વરૂપ નિશ્ચિત થઈ ગયું છે.) જે ધણીએ મને આ મંજીલ સુધી પહોંચાડી છે, એ જ ધણીને તર્ક-વિતર્ક દ્વારા દોષિત કરવાનો મારો પ્રયાસ જ મારી "મૈં ખુદી"નું પ્રતીક છે. જેને મારે નિર્મૂળ કરવી છે. હે ધણી! આપના પ્રતિ કૃતજ્ઞતા ભાવનો અભાવ જ મારી "મૈં ખુદી" છે જે આપની અને અમારી વચ્ચે એક દિવાલ બનીને ઊભેલ છે.**



D:\Pranam/Chivani/27

## ૨.૩ : 'મૈં ખુદી'નાં જળ અતિ ઊંડાં!

મૈં તો બીચ નાહીં મિને, સો હકકો પોહોંચત નાહેં ।
સો બીચ દિલકે બૈઠકે, ગુનાહ દેત રુહકે તાંએ ॥૨૧॥

**હે ધણી! અમે આપના બેશક ઈલમ (કૌલ)ને દરેક પ્રકારની સાક્ષીઓ દ્વારા અમારા હૃદયમાં ગ્રહણ તો કરી લીધેલ છે. તેથી હવે અમે જાણીએ છીએ કે આ જૂઠી મૈં તો આ સંસારમાં જ રહી જશે... જે આપ ધણી સુધી અમને પહોંચાડી શકતી નથી. એ જ માયાની "મૈં ખુદી" જ્યારે અમારા દિલમાં ઘર કરી જાય છે, ત્યારે અમારી આત્માને તેનો ગુનો લાગી જાય છે.**

મૈં મૈં કરત મરત નહીં, ઔર હકકો લગાવે દોસ ।
અબ મેહેર હક ઐસી કરેં, જો ઈન મૈં થેં હોઊં બેહોસ ॥૨૨॥

**(પરંતુ આવો ઈલમ માત્ર 'કહ્યા' કરવાથી કોઈ જ ફાયદો નથી થતો.) માત્ર "મૈં મૈં" ની વાતો કરવાથી કાંઈ "મૈં ખુદી" મટતી નથી... અને તેમ કરતાંયે વળી ફરીથી ઊલ્ટાના ધણીને દોષિત ઠરાવું છું! હવે તો બસ એ જ અભિપ્સા (ઈચ્છા) છે કે ધણી એવી મહેર કરી દે જેથી હું "તેમની મૈં" થી બેહોશ થઈ જાઉં, અર્થાત્ એ જ રંગે રંગાઈ જાઉં.**

ઝૂઠ ન ભેદે સાંચકો, સાંચ અંગ સત સાબિત ।
બાહેર ઉપલી અંધેર દેખાએકે, હોએ જાત અસત ॥૨૩॥

**જે અસત્ય છે, તે સત્યને ભેદી શકતું નથી અને સત્ય-અંગ તો અખંડ જ છે. અહીંના જ્ઞાનના જૂઠા (નાશવંત) શબ્દો માયાનો ઉપલક સ્વભાવ બતાવીને પુનઃ અસત્ય(નિરાકાર)માં જ ભળી જાય છે.**

એ જો ફના સબ ઝૂઠ હૈ, જો ઊપરસે દેખાયા ।
સો ક્યોં ભેદે હકકો, જો નાહીં અસત માયા ॥૨૪॥

**આ મિથ્યા સંસાર, જે આપે અમને મૂલમિલાવામાં બેસીને બતાવ્યો છે, તે અર્થાત્ આ જૂઠી માયાના શબ્દો નિરાકારની પારથી પણ પાર બેઠેલા અક્ષરાતીત પારબ્રહ્મને કેવી રીતે પામી શકે છે?**

સતકો સત ભેદત હૈ, બીચ ઝૂઠકે હક ।
એ સંદેસા તબ પોહોંચહી, જબ રુહ નિપટ હોએ બેસક ॥૨૫॥

**હા, મિથ્યા તનમાં બિરાજમાન સત્ય-સ્વરૂપ બ્રહ્મસૃષ્ટિ આપ પરમસત્ય-સ્વરૂપ અક્ષરાતીત ધણીને પામવામાં સમર્થ છે જ. પરંતુ, આ જૂઠી માયામાં**

**આત્મા દ્વારા પ્રેષિત સત્ય-સંદેશ સત્-ધણી સુધી ત્યારે જ પહોંચી શકે, જ્યારે તે રુહ ધણીના ઈલમ થકી પૂર્ણતઃ બેશક થયેલ હોય.**

એ સાંચ સન્દેસા હકકો, તોલોં ના પોહોંચત ।
ગેહેરા જલ હૈ મૈંયકા, આડા જો અસત ॥૨૬॥

**માયાની "મૈં ખુદી"નું જળ, જે ખૂબ જ ઊંડું હોય છે, તે જ્યાં સુધી રુહના દિલની આગળ ઉપસ્થિત હોય છે, ત્યાં સુધી તેનો અહીંથી મોકલેલો સંદેશ સત્ય હોવા છતાંયે ધણી સુધી પહોંચી શકતો નથી.**

સો મૈં મૈં ઝૂઠી દિલ પર, જબ લગ કરે કુફર ।
સત સન્દેસા તૌહીદકો, તોલોં પોહોંચે ક્યોં કર ॥૨૭॥

**આ મિથ્યા "મૈં ખુદી" જ્યાં સુધી રુહના દિલ પર સવાર થયેલ હોય છે અને તેનું શાસન ચાલ્યા કરે છે, ત્યાં સુધી રુહનો સત્ય-સંદેશ 'એક પારબ્રહ્મ' ધણી સુધી શી રીતે પહોંચી શકે?**

એ મૈં મૈં ક્યોં એ મરત નહીં, ઔર કહાવત હૈ મુરદા ।
આડે નૂર-જમાલકે, એહી હૈ પરદા ॥૨૮॥

**આ "મૈં ખુદી", જે વાસ્તવમાં નિર્જીવ જ ગણાય, તે કોઇપણ ભોગે મરતી નથી! મારા અને મારા ધણીની વચ્ચે જો કોઈ અંતરાય કે પડદો હોય તો તે આ "મૈં ખુદી" જ છે.**

એ પટ નીકે પાઇયા, જો મૈં કો ઉડાવે કોએ ।
એ દૃઢ હકેં કર દિયા, અબ જુદા હકસે હોએ ॥૨૯॥

**હવે શ્રી રાજજી મહારાજે એ વાત દૃઢ કરી દીધી છે કે જો કોઇ પોતાની "મૈં ખુદી"ના પડદાને ઉડાવી શકે તો તેમાં અવશ્ય ધણીના હુકમનો હાથ છે. હવે "મૈં ખુદી"નો આ પડદો એક માત્ર ધણી થકી જ દૂર થઈ શકે તે વાત નિશ્ચિત છે.**

## ૨.૪ : પોતાની 'મૈં ખુદી'નું મોત જ સુંદરસાથજીને પોતાની મંજિલ સુધી પહોંચાડશે.

મારા કહ્યા કાઢા કહ્યા, ઔર કહ્યા હો જુદા ।
એહી મૈં ખુદી ટલે, તબ બાકી રહ્યા ખુદા ॥૩૦॥

**હે ધણી! હું કહું છું કે મારી "મૈં ખુદી" કે અહંકારને 'મૈં' પૂર્ણતઃ**



D:\Pranam/Chitvani/28

**મારી નાખ્યો છે, કે 'મૈં' "મૈં ખુદી"ને મારાથી ઘણી દૂર કરી દીધેલ છે, કે "મૈં ખુદી" 'મને' બિલકુલ સ્પર્શી શકે તેમ નથી ('મૈં' મારી જાતને સર્વ રીતે "મૈં ખુદી" થી સુરક્ષિત કરી લીધી છે.) પરંતુ મારા આ શબ્દોમાં પણ 'મૈં' તો આવી જ... કે 'મૈં' આવું કર્યું ને તેવું કર્યું...વગેરે! હે સુંદરસાથજી! એટલી પણ શેષ રહી ગયેલી 'મૈં' જો દૂર થઈ જાય તો માત્ર "ધણીની મૈં" બાકી રહી જાય! જ્યાં 'મૈં' નથી ત્યાં બસ ખુદા જ ખુદા છે, એક ખુદા સિવાય બીજા કોઈનુંયે ત્યાં અસ્તિત્વ રહેતું નથી.**

પેહેલે પી તૂં સરબત મૌતકા, કર તેહેકીક મુકરર ।
એક જરા જિન સક રખે, પીછે રહો જીવત યા મર ॥૩૧॥

**તેથી હે રુહ! સર્વ પ્રથમ તો તું નિશ્ચિંત થઇને "મૈં ખુદી"ના મોતનું શરબત પીવા માટે તૈયાર થઇ જા! ધણી વિષેના કોઈપણ સંશયથી રહિત થઈ જા... ત્યારબાદ સંસારમાં જીવવું કે મરવું એ તારે માટે એક સમાન બની રહેશે.**

એહી પટ આડે તેરે, ઔર જરા ભી નાહેં ।
તો સુખ જીવત અર્સકા, લેવે ખ્વાબકે માહેં ॥૩૨॥

**હે રુહ! આ પ્રકારનો 'મૈં ખુદી'નો પડદો જ તારી અને ધણીજી વચ્ચે ઊભો છે, બીજું કાંઇ જ નથી! જો આ દૂર થઈ જાય તો આ સ્વપ્નિલ સંસારમાં પણ અખંડ પરમધામનાં સુખો લઈ શકાય.**

એ સુન્યા સીખ્યા પઢ્યા, કહ્યા વિચારયા વિવેક ।
અબ જો ઈસ્ક લેત હૈ, સો ભી ઔર ઉડાએ પાવને એક ॥૩૩॥

**આજપર્યંત જે કંઈ સાંભળ્યું, શીખ્યું, વાંચ્યું, કહ્યું અને વિવેકબુદ્ધિથી વિચાર્યું હોય એ બધું જ એકતરફ મુકીને હવે રુહ જો માત્ર ધણીનો ઈશ્ક ઝંખે, તો તેને એક સર્વ સામર્થ્યવાન ધણી મળી શકે!**

તો સોહોબત તેરી સત હુઈ, સાંચા તૂં મોમિન ।
સબ બડાઈયાં તુઝકો, જો પોહોંચે મજલ ઈન ॥૩૪॥

**હે સુંદરસાથજી! જ્યારે આપ ધણી મિલનની તડપની આ મંજિલ સુધી પહોંચી જશો ત્યારે તમારી અખંડ સોબત (નિસ્બત) સાચી સાબિત થશે... ત્યારે તમે યથાર્થમાં 'મોમિન' કે 'સુંદરસાથ' કહેવાશો અને તમને સર્વ પ્રકારની શોભા પ્રાપ્ત થશે.**

મહામત કહે એ મોમિનોં, સુનો મેરે વતની યાર ।
ખસમ કરાવે કુરબાનિયાં, આઓ મૈં મારેકી લાર ॥૩૫॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે મારા અખંડ ધામના સુંદરસાથજી! ધણી આપણી પાસે વિવિધ પ્રકારની કુરબાનીઓ એટલા માટે કરાવવા માંગે છે કે જેથી આપણ રુહો પોતાની અસલ ગરિમા કે પોતાની 'મૂળ મંજિલ'ને પ્રાપ્ત કરી શકીએ. આવો! "મૈં ખુદી" મિટાવવાના વિવિધ ઉપાયો પર વધુ વિચાર કરીએ.**

*પ્રકરણ-૨ સંપૂર્ણ : કુલ ચોપાઈ-૮૯*

## 3

આ પ્રકરણમાં શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા એ વાત પર પ્રકાશ ફેંકે છે કે આપણી અંદર અખંડ શીતળતા પ્રદાન કરનાર 'શ્રી ધણીજીની મૈં' શી રીતે આવી શકે. હૃદયમાં 'ધણીની મૈં' પ્રતિષ્ઠિત કરવા માટે 'સંસારની મૈં' કે અહમ્ મારવો આવશ્યક છે. 'મૈં ખુદી' તો ભયાનક અગ્નિ સમાન છે. તેને મારવા કે સાચા માર્ગે વાળવા માટે 'ધણીની મૈં' પરમ આવશ્યક છે, જે ખુદાઈ ઈલમરૂપી અમોઘ શસ્ત્રને હૃદયમાં ધારણ કરી લેવાથી સંભવિત છે.

ड़ ४

ड़ उ ƽ ड़ ƽ ४

**'શ્રી ધણીજીની મૈં' નું સ્વરૂપ સમજી લેવાથી 'મૈં ખુદી'નું મૃત્યુ થાય છે.** 'ધણીની મૈં' ધણીનું નૂર જ છે, જે પંચ દિવ્ય શક્તિયુક્ત છેઃ જોશ-ઈશ્કનું આવવું, ધણીના હુકમનું દિલમાં બિરાજવું, તથા વાહેદતમય એકદિલ મૂળ વતનની જાગ્રત-નિજ બુધ્ધિ ગ્રહણ થવી-આ સર્વે 'ધણીની મૈં' અર્થાત્ તેમની રોશની આપણી અંદર આવવાની નિશાનીઓ-indicators છે. આ પાંચેય સાથે મળીને ધણીજીનું જાગણી કાર્ય કરે છે. આત્માનું દિલ આ પાંચ-બક્ષિસોથી છલોછલ ભરી, તેને પોતાનું ધામ બનાવી શ્રી ધણીજી તેના દ્વારા જાગણી સંદેશ મોકલાવે છે. ४ ४ ४

४ ४ ४ ४ ƨ ƽ ड़

उ ४

उ उ

ƽ ╤ ४ उ उ

उ।



D:\Pranam/Chitvani/29

પ્રકરણના અંતમાં **આત્માની અંદર 'ધણીજીની મૈં' આવવાની સાક્ષીઓ** સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે કે 'ધણીજીની મૈં' આવવાથી સુંદરસાથ આત્માની કહેણી (કૌલ) તથા કરણી(ફેલ) બન્ને એકરૂપ - એકદિલ બની રહે છે. બીજા શબ્દોમાં, જયારે આત્મા પોતાના જીવનના એક માત્ર સૂત્રધાર શ્રી રાજજી ને માનવા લાગે તથા તેનું દિલ શ્રી ધણીજીનું ધામ બનવા યોગ્ય હોય ત્યારે આત્માની રહેણી(હાલ) ધામ તથા ધણીની મહિમાને અનુરૂપ બની રહે છે. ४

ƨ ƽ આ પ્રકારની રહેણીવાળી આત્માથી માયા(દજ્જાલ) દૂર ભાગતી રહે છે તથા શ્રી ધણીજી તેના પર પોતાની મહેર વરસાવી તેના તન દ્વારા સૌ આત્માઓને જાગ્રત પણ કરે છે!

ƽ ४ ड़ ट ƽ ƽ । ४

ट

જ્યારે ધણીજી ખિલવતની ગૂઝ વાતોના ભેદ ખોલવાની ચાવી તથા તે માટેનો હુકમ આવી જાગ્રત આત્માને બક્ષે છે, ત્યારે તેના તન થકી બોલનાર તે આત્મા પોતે નહીં, પણ સ્વયં 'ધણીજીની મૈં' જ હોય છે. જો આજે પણ સુંદરસાથજી પોતાનું દિલ નિર્મળ કરી સ્વબુદ્ધિથી વિચારે તો આ રીતે કરાયેલ અરજી શ્રી ધણીજીને અવશ્ય પહોંચી શકે છે. આમ, આત્માને 'ધણીજીની મૈં' પ્રાપ્ત થતાં તેનો સંદેશો શ્રી ધણીજીને અને શ્રી ધણીજીનો સંદેશો તે આત્માને પહોંચી શકે છે. બસ, આ રીતે જ આત્મા અહીં ખેલમાં પણ પોતાને મૂલમિલાવામાં બેઠી હોવાનો અનુભવ કરી શકે છે. ४ ४ ४ ४

╤ । ४ उ

ड़

### ૩.૧ : આપણી અંદર 'ધણીની મૈં' શી રીતે આવી શકે છે?

મૈં બિન મૈં મરે નહીં, મૈં સોં મારના મૈં ।
કિન વિધ મૈં કો મારિએ, યા વિધ હુઈ ઈનસે ॥૧॥

**હે સાથજી! હૃદયમાં "ધણીની મૈં" પ્રસ્થાપિત કર્યા વિના 'મિથ્યા સંસારની મૈં' અર્થાત્ અહમ્ કે 'મૈં ખુદી'નું નિર્મૂલન થઇ શકે નહિ. માત્ર 'ધણીની સાચી મૈં' થી આ 'મિથ્યા મૈં'ને મારવાની છે. પરંતુ આ "મૈં ખુદી" પણ ધણીના હુકમથી જ પેદા થઇ છે, તો તેને શી રીતે મારવી? આ**

**'मैं खुदी'ने शी रीते मारी शकाय?**

औरभी हकीकत मैंयकी, जिन विध मरे जो ए ।
सो ए खसम बतावत, बल अपने ईलमके ॥२॥

**तो आ 'मैं खुदी'ने मारवानी बीजी पण एक रीत छे. हवे, एने स्वयं श्री राजजी महाराज पोताना इलम अर्थात् तारतमज्ञाननी शक्ति द्वारा आपणने समजावी रह्या छे.**

अब मैं मरत है ईन विध, और न कोई उपाए ।
खुदाई ईलम सों मारिए, जो हकें दिया बताए ॥३॥

**हवे आ "मैं खुदी" आ रीते (तारतमज्ञानथी) ज मरशे; तेनो बीजो कोइ उपाय नथी. माटे, हे सुंदरसाथजी! धणीजीए कह्युं छे तेम, तमे ए "मैं खुदी"ने मात्र तेमना "खुदाई ईलम" अर्थात् तारतमज्ञानथी मारजो.**

जो मैं मारत अव्वल, तो कौन सुख लेता ए ।
हे नाहींके फरेबमें, सुख नूर पारका जे ॥४॥

**श्री ईन्द्रावतीजी कहे छे के, जो शरूआत थी ज मारी "मैं खुदी" निर्मूल थइ गई होत तो पछी आ मिथ्या संसारनी मोहजाळमां अक्षर पार अक्षरातीत परमधामना सुखोनो रस कोण लइ शकत?**

मैं दुनीकी थी सो मर गई, ईन मैं को मारया मैं ।
अब ए मैं कैसे मरे, जो आई है खसमसे ॥५॥

**मारी अंदर जे दुनियानी 'मैं' हती ते मृतःप्राय थइ गई छे. एने 'धणीनी मैं'ए मारी नाखी छे. हवे आ 'धणीनी मैं', जे स्वयं धणीना हृदयमांथी ज मारामां आवेल छे, ते मरी पण शी रीते शके?**

मैं चल आई कदमों, ऐसा दिया बल तुम ।
ईन विध मैं मरत है, ना कछू बिना खसम ॥६॥

**हे धणी! तमे मने एवुं बळ आप्युं छे के हुं आपनी अंगना आपनां श्री चरणोमां सामेथी चालीने आवी शकी छुं. "तमारी कृपा विना आ संभव नहोतुं," ए प्रकारनी अंतरनी समजथी ज 'मैं खुदी'नुं मृत्यु निश्चित बने छे.**



*D:\Pranam/Chivani/30*

जो मैं मारत आपको, तो आवत कौन कदम ।
मैं ना होनेमें कछू ना रह्या, किया कराया खसम ॥७॥

**जो हुं "मारी मिथ्या मैं" पहेलां ज समाप्त करी देत, तो आपनां श्री चरणोमां कोण आवत? हवे मारामां "मैं पणा"नी कोइपण प्रकारनी भावना रही नथी. बस एक ज वात दृढ थइ गई छे के, बधुं ज करवा तथा करावनारा बस एक आप धामधणी ज छो.**

ना मैं अव्वल ना आखिर, मैं नाहीं बीचमें ।
बन्या बनाया आप ही, सो सब तुम हींसे ॥८॥

**हे धणी! हुं तो यथार्थमां न शरूआतमां हती, न मध्यमां के अंतमां पण क्यांये नथी. व्रज-रास-जागणी आ त्रणेय लीलाओमां जे कंइ थयुं, के (वर्तमानमां जे कंई) थइ रह्युं छे, ते सर्वे आपश्रीना आदेश मुजब ज थयेल छे के थाय छे.**

मैं तो तुमारी कीयल, अव्वल बीच और हाल ।
तुम बिना जो कछू देखत, सो सब मैं आगकी झाल ॥९॥

**हे धणी! हुं तो जीवननी शरूआतथी, मध्यथी तथा हालमां पण आपना हुकमथी ज बंधायेल छुं. हवे मारी नजरमां जो आपना हुकम सिवाय बीजुं कंइपण आवे तो ते सर्वे मारी "मैं खुदी"रूपी अग्निनी ज्वाळा ज छे.**

जब लग मैं ना समझी, तब लग थी मैं मैं ।
समझे थें मैं उड गई, सब कछू हुआ तुमसे ॥१०॥

**ज्यां सुधी हुं आपना हुकमनी सर्वोपरिता संबंधी हकीकत समजी नहोती, त्यां सुधी मारामां "हुं पद"नी भावना बळवंतर रह्या करती हती. परंतु हवे वास्तविकता समजी लेवाथी ए "मैं खुदी" ऊडी गई छे. हे धणी! जे कंई थयुं छे, ते सर्वे आपना द्वारा ज थयुं छे.**

अव्वल आखिर सब तुम, बीचमें भी तुम ।
मैं खेली ज्यों तुम खेलाई, खसमके हुकम ॥११॥

**मारा आ जीवननी शरूआतथी लइने मध्य तथा अंतिम चरण सुधीनी तमाम लीलाओमां पण तमे के तमारा हुकमनी शक्तिए मने जेवी रमाडी छे, तेवी हुं रमी छुं.**

ઈન મૈં કો તો તુમ કિયા, આદ મધ્ય ઔર અબ ।
ઔર મૈં તો નેહેચે નહીં, કિતહૂં ન દેખી કબ ॥૧૨॥

**હે ધણી! આ 'મૈં ખુદી'ને આદિ, મધ્ય તથા અંતમાં ઉત્પન્ન કરવાવાળા પણ આપ જ છો. એના સિવાય બીજી કોઇપણ 'મૈં' તો ચોક્કસપણે છે જ નહિ. એને કોઇએ ક્યાંયે પણ જોઇ કે સમજી નહિ.**

કેહેત કેહેલાવત તુમ હી, કરત કરાવત તુમ ।
હુઆ હૈ હોસી તુમસે, એ ફલ ખુદાઈ ઈલમ ॥૧૩॥

**હે ધણી! આપે બક્ષેલ 'ખુદાઈ ઈલમ'ની ફલશ્રુતિ એ જ છે કે - કહેનાર કે કહેવડાવનાર, કરનાર કે કરાવનાર એક માત્ર તમે જ છો. જે કંઈપણ બન્યું છે, બને છે અને બનશે એ તમામ આપના આદેશાનુસાર જ છે.**

અબ એ મૈં જો હકકી, ખડી ઈલમ હકકા લે ।
ચૌદે તબક કિએ કાયમ, સો ભી મૈં હૈ એ ॥૧૪॥

**હવે મારામાં 'ધણીની મૈં' નો જે પ્રવેશ થયેલ છે, તે ધણીનો જાગ્રત ઈલમ લઇને ઉભેલ છે. તારતમજ્ઞાન થકી ધણીની આ 'મૈં' એ ચૌદલોકના બ્રહ્માંડના જીવોને અખંડ મુક્તિ બક્ષી છે.**

એ મૈં હૈ હકકી, એ હૈ હકકા નૂર ।
ખાસ ગિરો જગાએકે, પોહોંચત હક હજૂર ॥૧૫॥

**'ધણીની મૈં' ધણીનું નૂર જ છે, જે બ્રહ્મસૃષ્ટિઓને જાગ્રત કરી ધણીના મૂળ સ્વરૂપ સમક્ષ પહોંચાડી રહી છે.**

*ભાવાર્થઃ વર્તમાન જાગણી લીલાના બ્રહ્માંડમાં ધણીના નૂરની શક્તિ તારતમ જ્ઞાન તથા ઈશ્કરૂપે અવતરેલ છે, જે પરમધામની લીલામાં પળ-પળ અનેક સ્વરૂપે પ્રગટ થતી રહે છે. (સિ.૨૫/૪૨). પરમધામના નૂરનો અર્થ 'પ્રકાશ' માત્ર થતો નથી. સાગરઃ૧/૫૪ માં ધણીજી કહે છે કેઃ नूर नाम रोसन का, दुनी जानत यों कर । सो तो रोसनी जिद अंधेर की, दुनी क्या जाने लदुन्नी बिगर ॥ સમસ્ત પરમધામ શ્રી રાજજીના નૂર અર્થાત્ તેમની આભા, કાંતિ, ચમક કે આબથી પરિપૂર્ણ તથા નૂરની જ કારીગરી છે. નૂર એ શાશ્વત પ્રેમ, આનંદનું સ્વરૂપ તથા પરમધામનું જીવન છે. નૂરમાં ધામધણીના હૃદયના હર્ષોલ્લાસ, પ્રફુલ્લતા, ઉષ્મા, ચેતના, સુગંધી, આત્મીયતા, કોમળતા તથા પ્રત્યેક આત્માને આકર્ષિત કરનારી ઉર્જા ભરેલી છે. આમ નૂર અક્ષરાતીત ધણીના અલૌકિક સામર્થ્ય, ગૌરવ, અખંડતા, પૂર્ણ જાગૃતિ (સત્યમ્), સર્વ શ્રેષ્ઠ ચૈતન્યતા (શિવમ્) તથા પરમ સૌંદર્યના ભંડાર (સુંદરમ્)ને પ્રકાશિત કરે છે.*



D:\Pranam/Chitvani/31

એ મૈં ઈન વિધકી, સો મૈં મરે ક્યોંકર ।
પોહોંચે પોહોંચાવે કદમોં, જાગ જગાવે ઘર ॥૧૬॥

**ધણીની આ 'મૈં' એવી છે કે તે કોઇપણ રીતે મરી જ શી રીતે શકે? આ 'મૈં' તો ધણીનાં ચરણોમાં પહોંચવામાં સક્ષમ તથા સૌને જાગ્રત કરી નિજ-ઘરમાં પહોંચાડનારી છે.**

એહી મૈં હૈ હુકમ, એહી મૈં નૂર જોસ ।
એહી મૈં ઈલમ હકકા, એહી મૈં હક કરે બેહોસ ॥૧૭॥

**'ધણીની મૈં' જ તેમનો હુકમ છે, એ 'મૈં' જ તેમનું નૂર તથા જોશ છે. એ 'મૈં' જ ધણીનો ઈલમ છે તથા એ 'મૈં' જ આત્માને ધામધણીના પ્રેમની મસ્તી બક્ષિશ કરી બેહોશ કરનારી છે.**

હક ચલાએ ચલ હીં, હક બૈઠાએ રહે બૈઠ ।
સોવે ઉઠાવે સબ હક, નહીં હુકમ આડે કોઈ ઐંઠ ॥૧૮॥

**ધણી ચલાવે તો આતમ ચાલી શકે, ધણી બેસાડી રાખે તો તે બેસી રહે. સૂવડાવનાર તથા બેઠા કરનાર પણ ધણી જ છે. હુકમરૂપી 'ધણીની મૈં'ની શક્તિની સામે થવાનો કોઇ મતલબ જ નથી.**

રોએ હઁસે હારે જીતે, ઈમાન યા કુફર ।
જરા ન હુકમ સુધ બિના, બંદગી યા મુનકર ॥૧૯॥

**મારું રડવું કે હસવું, હાર કે જીત, શ્રધ્ધા કે બેઈમાની, ભક્તિભાવ કે નાસ્તિકતા આ સર્વેમાં જે કંઇ થાય છે કે જે કંઇ ભાવ ઉપજે છે, તેમાં ધણીની આજ્ઞા વિરુદ્ધનું કશું જ થતું નથી.**

## ૩.૨ : ધણીજીની 'મૈં' કેવી હોય?

એ જો મૈં હકકી, સો ભી નિકસે હક હુકમ ।
ઈન મૈં મેં બંધન નહીં, બંધાએ જો હોવે હમ ॥૨૦॥

**ધણીની આ જે 'મૈં' છે તે માત્ર ધણીના હુકમથી જ દૂર થઇ શકે. આ મૈં માં કોઇ બંધનનો પ્રશ્ન જ નથી, કારણ કે 'ધણીની મૈં' આવતાં જ મારું 'સ્વ'નું અસ્તિત્વ જ નથી રહેતું.**

હમ બંધે બંધાએ મિટ ગએ, કછૂ રહ્યા ન હમપના હમ ।
યોં પોહોંચાઈ બકા મિને, ઈન વિધ મૈં કો ખસમ ॥૨૧॥

**હું તો મારી મસ્તીમાં સંસારના વ્યવહારોમાં બંધાયેલ હતી. હે ધણી! મારામાં આપશ્રીની 'મૈં'ના પ્રવેશથી 'મારાપણા' જેવું કંઇ જ શેષ રહ્યું નથી. આ રીતે તમે તમારી જ 'મૈં'ને તેના મૂળ ઠેકાણે અર્થાત્ અખંડ પરમધામમાં પહોંચાડી દીધી.**

અબ સિર લે હુકમ હકકા, બૈઠી ધનીકી મૈં ।
જરા ઈનમેં સક નહીં, ઈલમ હકકે સેં ॥૨૨॥

**હવે ધણીનો આદેશ માથે ચઢાવીને 'ધણીની મૈં' જ બેઠી છે! ધણીના ઈલમથી જ હું એમ કહું છું કે, આ બાબતે જરા પણ સંશય કરવાનો પ્રશ્ન નથી રહેતો.**

જુદે સબ થેં ઈન વિધ, ઈન વિધ સબ મેં એક ।
સાંચ ઝૂઠકે ખેલ મેં, એ જો બેવરા કહ્યા વિવેક ॥૨૩॥

**આ રીતે સંસારના બાકી જીવોથી બ્રહ્મસૃષ્ટિ આત્માઓ ('ધણીની મૈં' ગ્રહણ થવાથી) અલગ પડી જાય છે. સાથે સાથે ધણી પોતાના હુકમથી સૌમાં એકરૂપે વ્યાપ્ત પણ છે જ. આ રીતે મિથ્યા માયા અને સત્ય બ્રહ્મસૃષ્ટિથી મિશ્રિત ખેલમાં 'ધણીની મૈં'નું યથાર્થ નિરૂપણ કર્યું છે.**

હુકમ જોસ નૂર ખસમ, મૈં લે ખડી ઈલમ એ ।
એ પાંચો કામ કર હકકે, પોહોંચે ગિરો દોઊ લે ॥૨૪॥

**હવે તો ધણીની બક્ષેલ 'મૈં' (આત્મ-દુલ્હન સ્વરૂપ) તેમના હુકમની શક્તિ, જોશ, નૂર તારતમ, તથા જાગ્રતબુદ્ધિને લઇને તૈયાર ઊભી છે. આ પાંચે સાથે મળી ધણીનું કાર્ય કરી અને સમસ્ત બ્રહ્મસૃષ્ટિ તથા ઈશ્વરીસૃષ્ટિ (અક્ષરબ્રહ્મમાં સમાહિત)ને લઈ પોતાના મૂળ ધામ વિશે પહોંચશે.**
*(ઈશ્વરી સૃષ્ટિનાં કોઈ તન પરમધામ પહોંચશે નહીં કારણ કે મૂળતઃ પરમધામમાં તેમનાં નૂરી તન છે જ નહીં.)*

એ સાતોં ભએ ઈન વિધ, પોહોંચે બકા મેં જબ ।
આપ ઉઠ ખડે હુએ, પીછે ખેલ કાયમ કિયા સબ ॥૨૫॥

**આ સાતેય (પાંચ શક્તિઓઃ જોશ, આનંદ સ્વરૂપ શ્રી શ્યામાજી, નૂર તારતમ, હુકમ તથા જાગ્રત બુદ્ધિ; અને બ્રહ્મસૃષ્ટિ તથા અક્ષરબ્રહ્મ) જ્યારે**



D:\Pranam/Chitvani/32

**પરમધામમાં પહોંચશે ત્યારે બ્રહ્મસૃષ્ટિના જાગ્રત થયા પછી આ નશ્વર ખેલના બ્રહ્માંડને અખંડ કરવામાં આવશે.**

મૈં તો તેહેકીક ન કછૂ, ઔર ન કછૂ મુઝસે હોએ ।
એ મૈં વિધ વિધ દેખિયા, ઈન મૈં મેં ખતરા ન કોએ ॥૨૬॥

**હે ધણી! મારું ચોક્કસપણે કોઇ જ અસ્તિત્વ નથી, ન મારાથી કશું જ થઇ શકે તેમ છે. મેં આ હકીકતને અલગ-અલગ રીતે તપાસી જોઇ છે. હવે હું એ નિર્ણય પર પહોંચી છું કે આ 'ધણીની મૈં'માં કોઇ જ પ્રકારનું જોખમ અર્થાત્ 'મૈં ખુદી'નો ભાવ આવી જવાનો ડર નથી રહેતો ("ધણીની મૈં" આવવાથી હું નિર્ભય બની ચૂકી છું!).**

## ૩.૩ : 'મૈં ખુદી'નું મૃત્યુ તથા તેનું ફળ

મૈં ના અવ્વલ ના બીચમેં, ના કછૂ મૈં આખિર ।
કિયા કરાયા કરત હૈં, સો સબ હક કાદર ॥૨૭॥

**હે ધણી! મારી 'મૈં' તો ન શરૂઆતમાં હતી, ન મધ્યમાં, કે ન અંતમાં હશે. જે કંઇ થયું છે, થઈ રહ્યું છે, કે થશે, તે સર્વે આપ સામર્થ્યવાન ધણી થકી જ છે.**

એ તેહેકીક હકેં કર દિયા, હકેં લઈ કદમ ।
બુલાઈ અપના ઈલમ દે, કર વિધ વિધ રોસન હુકમ ॥૨૮॥

**હે સુંદરસાથજી! આ વાત મારા હૃદયમાં દૃઢ કરાવી દઈ શ્રીરાજજી મહારાજે મને તેમનાં ચરણોમાં લઇ લીધી. પોતાનો જાગ્રતબુદ્ધિયુક્ત ઈલમ બક્ષિશ કરી તેમણે મને પોતાના હુકમ થકી વિવિધ રીતે સંશયરહિત કરી બોલાવી લીધી.**

હકેં ગિરો બુલાઈ મોમિન, હકેં કરાઈ સોહબત ।
નૂર પાર વચન વિધ વિધકે, હકેં દઈ નસીહત ॥૨૯॥

**ધામધણીએ પોતાની બ્રહ્મસૃષ્ટિઓને પોતાના ઈલમથી ઓળખાણ કરાવી પોતાની પાસે બોલાવેલ છે, તથા ધણીજીએ જ આ સંસારમાં સૌ સુંદરસાથનો સમાગમ કરાવ્યો છે. મને અક્ષરથી પાર અક્ષરાતીત ધામની સર્વે હકીકતો વિવિધ રીતે સંભળાવી ઉપદેશ પણ ધણીજીએ જ આપ્યો છે.**

મૈં નાહીં ન જાનોં કછુએ, મૈં નાહીં જરા રંચક ।
હકેં ઈલમ જોસ દેયકે, કરી સો હુકમેં હક ॥૩૦॥

**હું કશું જ નથી. કશુંયે જાણતી પણ નથી. મારામાં રજમાત્ર પણ 'મારાપણું' નથી. શ્રી રાજજી મહારાજે પોતાનો ઈલમ તથા જોશ બક્ષિશ કરી પોતાના હુકમની મોજ પ્રમાણે મને ખુદા બનાવી દીધી - પોતાની શોભા મને પ્રદાન કરી દીધી.**

હકેં કિયા હક કરત હૈં, ઔર હકૈ કરેંગે ।
એ રુહકો તેહેકીક ભઈ, ઔર નજરોં ભી દેખે ॥૩૧॥

**આ સર્વે શ્રી રાજજી મહારાજે જ કર્યું છે, કરી રહ્યા છે અને શ્રી રાજજી જ કરશે. આ હકીકત મારી આત્માને દ્રઢ થઇ ગઈ છે અને મારી નજરોથી તેમના હુકમની મહિમાનો અનુભવ પણ કરી લીધો છે.**

એ સબ હક કરત હૈં, કૌલ ફૈલ યા હાલ ।
ઔર મુઝમેં જરા ન દેખિયા, બિના નૂર જમાલ ॥૩૨॥

**હે સુંદરસાથજી! આપણા સૌની કહેણી (વચન), કરણી (કર્મ) કે રહેણી (હાલ, મનઃસ્થિતિ)ના એકમાત્ર સૂત્રધાર શ્રી રાજજી જ છે. હવે હું મારામાં એક શ્રી રાજજી મહારાજ સિવાય કશું જ જોઇ શકતી નથી.**

અબ ઈન બીચમેં ખતરા, હક ન આવન દે ।
જિન દિલ અર્સ ખાવંદ, તિત ક્યોં કર કોઈ મૂસે ॥૩૩॥

**હવે મારા આ રીતના બદલાવ(મારી સર્વસ્વ સમર્પણની આ પ્રકારની યાત્રા)માં શ્રી રાજજી મહારાજ જ કોઇપણ પ્રકારનો અવરોધ નહિ આવવા દે. કારણ કે શ્રી રાજજી મહારાજ જેના દિલને પોતાનું પરમ પ્રિય ધામ બનાવીને બેસી ગયા હોય, તેને માયાની કોઈપણ શક્તિ નુકશાન પહોંચાડી જ શી રીતે શકે?**

દૂજા તો કોઈ હે નહીં, એ જો માયા મન દજ્જાલ ।
ઈલમ દેખે એ ના કછૂ, ઈત જરા નહીં જવાલ ॥૩૪॥

**અન્યથા, આ સંસારમાં બસ એક દજ્જાલ-સ્વરૂપ માયા, જે સૌના મનમાં બિરાજેલ છે, તેના સિવાય બીજું કોઇ છે જ નહિ. ધામધણીના ઈલમને હૃદયમાં ગ્રહણ કરવાથી આ દજ્જાલ-સ્વરૂપ માયાવી મનનું કોઇ અસ્તિત્વ રહી જતું નથી. તો આ પરિસ્થિતિમાં માયા તરફથી કોઇપણ**



D:\Pranam/Chitvani/33

**પ્રકારનું જરાયે નુકશાન શી રીતે થઈ શકે?**

જબ હકેં ઈલમ એ દિયા, તેહેકીક રુહકો તુમ ।
કર મનસા વાચા કરમના, કોઈ ના બિના ખસમ હુકમ ॥૩૫॥

**હે આત્મા! જ્યારે શ્રી રાજજી મહારાજે તને પોતાનો તારતમજ્ઞાનરૂપી બેશક ઈલમ બક્ષિશ કર્યો છે, તો હવે તું મન, વચન તથા કર્મથી તેમના પર અનન્ય શ્રધ્ધા ધરાવ. એ વાત સમજી લે કે શ્રી રાજજી મહારાજના આદેશ વિના કશું જ સંભવ નથી.**

## ૩.૪ : 'ધણીજીની મૈં' આવ્યાની સાક્ષી શું?

જ્યોં જ્યોં એહ વિચારિએ, ત્યોં તેહેકીક હોતા જાએ ।
ઈત જરા નૂર-જમાલ બિના, રુહમેં કછૂ ન સમાએ ॥૩૬॥

**આ હકીકતને જેટલી વધારે ને વધારે વાગોળીશું તેમ તેમ એ બાબત દ્રઢ થતી જશે. હવે આત્મામાં એક ધામધણી વિના બીજું કશું જ સમાઈ શકશે નહિ.**

રુહેં તન હાદીયકા, હાદી તન હૈં હક ।
નૂર તન નૂર-જમાલકા, ઈત જરા નાહીં સક ॥૩૭॥

**બ્રહ્મસૃષ્ટિઓ શ્રી શ્યામા મહારાણીનાં તન છે અને શ્યામા મહારાણી શ્રી રાજજીનું તન છે. અક્ષરબ્રહ્મ પણ અક્ષરાતીત પારબ્રહ્મનું જ તન છે. આમાં સંશયને જરાયે સ્થાન નથી.**
***(હકીકતમાં શ્રી શ્યામાજી તથા અક્ષરબ્રહ્મ શ્રી રાજજીના આનંદ 'અંગ' તથા સત્ 'અંગ' છે અને બ્રહ્મસૃષ્ટિ શ્રી શ્યામાજીના 'અંગ' છે. અહીં 'તન' શબ્દનું તાત્પર્ય 'સામૂહિક અંગ'થી સમજવું.)***

એ મૈં તૈં સબ હકકી, એ ઈલમ અકલ ધની ।
નૂર જોસ હુકમ હકકા, યા વિધ હૈ અપની ॥૩૮॥

**આ 'હું' અને 'તું' ની બધી જ ભાવના સ્વયં ધણીની છે. આ તારતમરૂપી ઈલમ, જાગ્રત બુદ્ધિ, નૂર, જોશ તથા હુકમ - આ સર્વે ધણીના જ છે. જો હું ધણીજીની અંગના જ છું તો પછી આ સર્વે શક્તિઓ પણ આપશ્રીની જ થઇ ને!**

એહ ખેલ હકેં કિયા, આપ ભી સંગ ઈત આએ ।
અર્સમેં બૈઠે દેખાઈયા, ઐસા ખેલ બનાએ ॥૩૯॥

**આ માયાવી ખેલ શ્રી રાજજી મહારાજે બનાવ્યો અને સ્વયં પણ તેમાં આપણી સાથે આવ્યા. પરમધામમાં બેસીને તેમણે સુંદરસાથજીને આ પ્રકારનો ખેલ બતાવ્યો.**

ભુલાએ વતન આપ ખસમ, ખેલ દેખાએકે જુદાગી ।
મેહેર કરી ઈન વિધકી, બૈઠે ખેલૈમેં જાગી ॥૪૦॥

**જુદાઈનો ખેલ બતાવી અમને મૂળ વતન ભૂલાવી દીધું, અમારા 'સ્વ' ને ભૂલાવી દીધો અને પોતાનાથી પણ ભૂલાવી દીધાં. તદુપરાંત, અમારા પર એવી મહેર વરસાવી કે અમે ખેલમાં બેઠાં બેઠાં જાગ્રત થઇ ગયા.**

જગાએ લઈ રુહેં અપની, કદમોં જો અસલ ।
યામેં સંદેસા કહે, ઈત બૈઠે હૈં સામિલ ॥૪૧॥

**ધણીજીએ પોતાની આત્માઓને (જેમની પર-આત્મ તેમનાં શ્રી ચરણોમાં બેઠેલ છે, તેમની ચિત્તવૃત્તિને) ખેલમાંથી જાગ્રત કરી લીધી. હવે આ ખેલમાં આ બ્રહ્મસૃષ્ટિ આત્માઓની વચ્ચે બેસીને તેઓ પરમધામની એ મૂળ વાતોનો સંદેશ પાઠવી રહ્યા છે.**

ઈત ના મૈં આઈ ના ફિરી, એ તો હુકમેં કિયા પસાર ।
એ મૈં હુકમેં મૈં કરી, અબ હુકમ દેત મૈં માર ॥૪૨॥

**હે સુંદરસાથજી! હકીકતમાં તો હું આ સંસારરૂપી ખેલમાં નથી આવી કે નથી ક્યાંયે પાછી ફરી. આ સર્વે તો માત્ર ધામધણીના હુકમનો જ પ્રસાર છે – હુકમની જ લીલા છે. મારી મિથ્યા 'મૈં ખુદી'ને ધણીજીના હુકમે જ ધણીની સત્ય 'મૈં'માં રૂપાંતરિત કરી છે. હવે એ વાત નિશ્ચિત છે કે ધણીનો હુકમ જ મારી 'મૈં ખુદી' ને પળ-પળ મારી રહેલ છે.**

જબ લગ મૈં સુપને મિને, નહીં ખસમ પેહેચાન ।
તબ લગ મૈં સિર અપને, બોઝ લિયા સિર તાન ॥૪૩॥

**જ્યાં સુધી મારું ચિત્ત સ્વપ્નવત્ સંસારમાં ચોંટેલું હતું અને ધણીની ઓળખાણ થઇ નહોતી, ત્યાં સુધી હું મારી 'મૈં ખુદી'ના પ્રભાવમાં ધર્મકાર્ય– સેવાની જવાબદારીનો બોજ મારા માથે લઇને ફર્યા કરતી હતી.**



D:\Pranam/Chitvani/34

અબ ખસમ ખ્વાબકી સુધ પરી, ઔર સુધ પરી હુકમ ।
તબ મૈં મેં જરા ના રહી, મૈં બૈઠી તલે કદમ ॥૪૪॥

**હવે ધણી (ખસમ)ની અને સ્વપ્નવત્ સંસારી ખેલ (ખ્વાબ)ની ઓળખાણ થઇ ગઈ છે. સાથે સાથે ધણીના હુકમને પણ પિછાણ્યો છે. તેથી હવે 'મૈં ખુદી' રહેવાનો પ્રશ્ન જ નથી રહેતો. હવે તો મારી આત્મા શ્રીયુગલ સ્વરૂપનાં શ્રી ચરણોમાં જ વિશ્રામ કરી રહ્યાનો અનુભવ કરે છે.**

ઈલમ ખુદાઈ ના હોતા, તો ક્યોં સંદેસા પોહોંચત ।
નૂર-તજલ્લાકે અન્દરકી, કૌન ઈસારતેં ખોલત ॥૪૫॥

**હે સુંદરસાથજી! જો આ ખેલમાં આપણી પાસે ધામધણીનો ઈલમ, અર્થાત્ તારતમજ્ઞાન ન હોત તો ધણીનો સંદેશ આપણા સુધી અને આપણો સંદેશ (અરજી) ધણી સુધી પહોંચી જ શી રીતે શકત? તારતમજ્ઞાન વિના પરમધામની અંદરની લીલાની સંપૂર્ણ હકીકતો, જે ધર્મગ્રંથોમાં ઈશારાઓ દ્વારા કહેવામાં આવેલ છે, તેમનું સ્પષ્ટીકરણ કરી જ કોણ શકત?**
*(સંપૂર્ણ ખિલવત ગ્રંથનું લક્ષ્ય આત્મા અને ધણી વચ્ચે દ્વિ-પક્ષીય વાર્તાલાપ (tw -way c mmun cat n) સ્થાપિત થાય તે છે. ધણીનો સંદેશ ખેલમાં રુહ-આત્માના દિલમાં આવે છે અને આત્માના દિલનો સંદેશ ધણીના દિલ સુધી પહોંચે છે. આ સંદર્ભમાં જુઓ આ પ્રકરણની ચોપાઈ ૬૧)*

સબ મેયરાજકી ઈસારતેં, કૌન સાહેદી કલમેં દેત ।
જો અર્સ અરવાહે ઈત ના હોતી, તો મતા ખિલવતકા કૌન લેત ॥૪૬॥

**(તારતમજ્ઞાન વિના) રસૂલ સાહેબે કુરાનમાં મેયરાજ (દર્શન) લીલાનું જે સાંકેતિક વર્ણન કર્યું છે તેનું સ્પષ્ટીકરણ, તથા કલમા (લા ઈલાહ ઈલિલ્લાહ, મુહમ્મદુર્રસુલ્લાહ)માં ધામધણીના સંદેશાની જે સાક્ષી છે, તે સર્વેના ખુલાસાઓ કોણ કરી શકત? જો પરમધામની આત્માઓ આ ખેલમાં આવી જ ન હોત તો ધામની ખિલવતના અમૂલ્ય તેમજ દુર્લભ સુખોના ખજાનાને કોણ પામી શકત?**

ચૌથે આસમાન લાહૂતમેં, રુહઅલ્લા બસત ।
પેહેલે બતાઈ ફુરકાનેં, સો મોમિન ભેદ જાનત ॥૪૭॥

**શ્રી શ્યામાજી પરમધામમાં રહે છે. આ વાત સ્પષ્ટ રૂપે પહેલેથી જ રસૂલસાહેબે કુરાનમાં સમજાવતાં કહેલ છે કે રુહઅલ્લાહનું ઘર 'ચોથું આકાશ' છે. આ ભેદ માત્ર પરમધામની આત્મા જ સમજી શકે છે.**

*(કુરાનમાં નાસૂત, મલકૂત, જબરુત અને લાહૂત આ ચાર આકાશનું વર્ણન છે. પૂર્વીય શાસ્ત્રોમાં તેમને ક્રમશઃ મૃત્યુલોક, વૈકુંઠ, યોગમાયા ધામ તથા પરમધામ કહેલ છે. પરંતુ હક્ક શ્રી રાજજી, રુહઅલ્લાહ શ્રી શ્યામાજી તથા મોમિન બ્રહ્મસૃષ્ટિઓની વર્તમાન બેઠક તો ચોથા આકાશ પરમધામની અંદર આવેલ મૂલ મિલાવો છે, તેની હકીકતનું જ્ઞાન કોઈને પણ નથી.)*

કુંજી નૂરકે પારકી, રુહઅલ્લા દઈ મુઝ ।
કેહે બાતૂન મગજ મુસાફકા, કરોં જાહેર જો હૈ ગુઝ ॥૪૮॥

**શ્રી શ્યામાજીએ મને અક્ષરધામથી પાર એવા પરમધામનાં દ્વાર ખોલવાની તારતમજ્ઞાનરૂપી ચાવી બક્ષિશ કરી. તેની મદદ લઇને હવે હું કુરાનનાં ગૂઢ રહસ્યો, જેની અત્યાર સુધી કોઇને ખબર નહોતી, તે જાહેર કરી રહી છું.**

જો રખે રસૂલેં હુકમેં, ઔર સબન થેં છિપાએ ।
સો મોકો કુંજી દેયકે, કૌલ પર જાહેર કરાએ ॥૪૯॥

**રસૂલ સાહેબે જે ત્રીસ હજાર શબ્દોને હક્ક શ્રી રાજજી મહારાજના હુકમ મુજબ સૌનાથી છુપાવીને રાખેલા, તેના ભેદો ખોલવાની ચાવી મને બક્ષીસ કરી અને તેને ધણીએ અગાઉ કહ્યાનુસાર ઉચિત સમયે જાહેર પણ કરાવી.**

તો ગુનાહ અર્સ અજીમમેં, લિખ્યા સબ મેયરાજકે માહેં ।
કરેં જાહેર અર્સ દિલ મોમિન, જિત જબરાઈલ પોહોંચ્યા નાહેં ॥૫૦॥

**(રસૂલ સાહેબને આ વાતો કહેવાનો ખુદાનો આદેશ નહોતો) એટલા માટે કુરાનમાં મેયરાજના પ્રસંગ બાબતે (સાંકેતિકરૂપે) એમ લખ્યું છે કે અર્શે અજીમ (પરમધામ)માં બ્રહ્મસૃષ્ટિ રુહો પર ગુનો લાગ્યો છે. તેમાં એમ પણ લખેલ છે કે, જ્યાં જબરાઈલ ફરિસ્તો પણ પહોંચી નથી શકતો, ત્યાંની ગૂઢ હકીકતોને બ્રહ્મસૃષ્ટિ (મોમિનો) જાહેર કરશે, જેમના દિલોમાં ખુદા કે પારબ્રહ્મની બેઠક થયેલી હશે.**



D:\Pranam/Chitvani/35

## ૩.૫ : ધણીજીનો સંદેશ આત્મા સુધી અને આત્માનો સંદેશ ધણીજી સુધી પહોંચે તો 'મૈં ખુદી' મરી ગણાય!

એ મૈં બોલે જો કછૂ, સો સંદેસા રુહઅલ્લા જાન ।
એ ઈલમ હકીકત વતની, કહૂં હક બિના ન પેહેચાન ॥૫૧॥

**શ્રી મહામતિજીની આત્મા કહે છે કે, હે સુંદરસાથજી! હવે મારા થકી જે કંઇ વાણીનું ઉચ્ચારણ થાય છે, તે સર્વેને આપ શ્રી શ્યામાજીનો સંદેશો જ માનજો. આ તારતમવાણીરૂપી ઈલમ આપણા નિજઘરની વાસ્તવિક ઓળખાણ છે, જે ધામધણીની આજ્ઞા વિના કોઇનેય થઇ શકતી નથી.**

હક પૈગામ ભેજત હૈ, સો દેત સાહેદી કુરાન ।
દે સાહેદી ખુદા ખુદાએકી, સો ખુદાઈ કરે બયાન ॥૫૨॥

**હક્ક શ્રી રાજજી મહારાજ પોતાની આત્માઓને જે સંદેશો મોકલાવે છે, તેની સાક્ષી કુરાન આપે છે. હવે મુજ મહામતિજી થકી સ્વયં ખુદા પારબ્રહ્મ પોતે જ પોતાની ઓળખાણ કરાવી રહ્યા છે અને પોતે જ પોતાની વાતની સાક્ષી પુરાવી રહ્યા છે!**

સો ભી રુહ સાહેદી દેત હૈ, જો નૂર-જલાલ પાસ નાહેં ।
સો રોસની નૂરજમાલકી, લજ્જત આવત મોમિનોં માહેં ॥૫૩॥

**મારી આત્મા એ પણ સાક્ષી પૂરે છે, કે જે ખિલવતનાં સુખો અક્ષરબ્રહ્મ (નૂરજલાલ)ને પણ પ્રાપ્ત નથી, તે નૂરજમાલ શ્રી રાજજી મહારાજનાં નિજ-સુખોની રોશનીની અનુભૂતિ સૌ બ્રહ્માત્માઓના હૃદયમાં થઇ રહી છે.**

જબ લગ ખ્વાબ નજરોં, તબ લોં દેત દેખાઈ યોં કર ।
ના તો સુખ નૂર-જમાલકો, બૈઠે લેવેં કાયમ ઘર ॥૫૪॥

**જ્યાં સુધી સુંદરસાથની નજર મિથ્યા જગત પર મંડાયેલી છે, ત્યાં સુધી એમ લાગે છે કે આ નિજ-સુખોનો આનંદ ક્યાંક બહાર (બીજે)થી આવીને અમારામાં સમાઈ રહ્યો છે. અન્યથા, પરમધામમાં તો આપણે શ્રી રાજજી મહારાજના સહવાસનો આનંદ હમેશાં લઇએ જ છીએ.**

ઈલહામ આવત પરદેસે, સો નાહીં ચૌદે તબક ।
સો મોમિન ઈન ખ્વાબમેં, લેત સુખ બેસક ॥૫૫॥

**મારા શરીરરૂપી પડદા પાછળથી ધણીનો જે દિવ્ય સંદેશ આવી અહીં પ્રગટ થઇ રહ્યો છે, તે ચૌદલોકના બ્રહ્માંડમાં ક્યાંયે નથી. તેને ગ્રહણ કરી બ્રહ્મસૃષ્ટિ આત્માઓ હવે સ્વપ્નવત્ સંસારમાં બેશક થઈ અખંડ સુખ લઇ રહેલ છે.**

ઝૂઠ ન સુન્યો કબૂં ઈત થેં, જિન કરો ઝૂઠી ઉમેદ ।
એ ગુઝ હકકે દિલકા, આવત તુમકો ભેદ ॥૫૬॥

**હે સુંદરસાથજી! ધણીજી તરફથી આવતા સંદેશાઓમાં મેં કદીયે મિથ્યા સંસારની વાતો સાંભળી નથી. માટે તમે પણ જૂઠા સંસારની ચાહના ન કરો. તમને તો ધામધણીના દિલની ગૂઢ વાતોનાં જે રહસ્યો ખુલી રહ્યાં છે તેને જ તમે સાચું સુખ સમજો.**

આવત સંદેસે પરદેસે, બીચ ગિરો મોમિન ।
ક્યોં ના વિચારો અકલ સોં, કર પાક દિલ રોસન ॥૫૭॥

**સુંદરસાથના સમૂહમાં રુહના 'ધામ-દિલ'માંથી ધણીજીના સંદેશાઓ પ્રકાશિત થઇ રહ્યા છે. હે સુંદરસાથજી! આપ સૌ પોતાના દિલને જાગ્રત ઈલમથી નિર્મલ કરી બુધ્ધિ પૂર્વક તે વિશે વિચાર કેમ નથી કરતા?**

ઈતથેં અર્જ ભેજત હૈં, સો પોહોંચત હૈ હકકો ।
જો અસલ અકલેં વિચારિએ, તો આવે દિલ મોં ॥૫૮॥

**હે સાથજી! અહીંથી મોકલેલ અરજી-સંદેશ ધણીજી સુધી પહોંચી શકે છે એ વાત જો આત્માની મૂળ-જાગ્રતબુધ્ધિથી વિચારવામાં આવે તો જ દિલમાં સાચી લાગે.**

### ૩.૬ : પવિત્ર દિલથી કરાયેલી અરજી શ્રી રાજજીને અવશ્ય પહોંચે છે

તેહેકીક અર્જ પોહોંચત હૈ, જો ભેજિએ પાક દિલ ।
ઐસી પોહોંચાઈ હકને, દિલ પોહોંચે મોહોલ-અસલ ॥૫૯॥

**પવિત્ર દિલથી કરાયેલી અરજી-વિનંતી ધામધણી પાસે અવશ્ય પહોંચે છે. સાથજી! ધામધણીએ મને તો એ લક્ષ્ય સુધી પહોંચાડી દીધી છે કે જેથી મારી પ્રાર્થના અસલ ઘર પરમધામ રંગમોહોલમાં બિરાજેલ ધણીજીના દિલ સુધી પહોંચી શકે છે.**

એ જો પાક દિલેં વિચારિએ, દેખો આવત ઈલહામ એ ।
પર ઉપલી નજરોં ન દેખિએ, એ જો પોહોંચત હકીકત જે ॥૬૦॥



D:\Pranam/Chitvani/36

**હે સાથજી! જો પવિત્ર દિલથી વિચારવામાં આવે તો ધણીજીના ઈશારાઓ કે સંદેશાઓ આપના સુધી પહોંચતા અનુભવી શકો છો. પરંતુ આપની પ્રાર્થના હકીકતમાં તેમના સુધી પહોંચી કે નહિ તેને ચર્મદ્રષ્ટિથી ન મૂલવી શકાય.**

આવત જાત જો ખબરેં, સો પરદેસે દેખત ।
બૈઠી તલે કદમકે, લેવત એહ લજ્જત ॥૬૧॥

**શ્રી મહામતિજી કહે છે કે પરમધામથી આ સંસારમાં ધામધણીની દિલની જે વાતો અવતરે છે તથા અહીંથી આપણી અરજી ત્યાં પહોંચે છે, તે સર્વે આપણી પર-આત્મ ધામધણીના સત્-અંગ અક્ષરબ્રહ્મના દિલરૂપી પડદા પર નજર માંડી (જેનું દિલ અર્શ બન્યું છે તે તન થકી) અનુભવી રહી છે. આ રીતે ધણીજીનાં શ્રી ચરણોમાં બેઠાં બેઠાં જ આપણી પર-આત્મ ધણીજી સાથેના આ અદ્‌ભૂત વાર્તાલાપની લજ્જત માણી રહેલ છે.**

*(Having received Dhaniji's 'mein', two-way communication is established between Sri Rajji and Atman.)*

મહામત કહે મૈં હકકી, પોહોંચી બકામેં ।
એ મૈં અસલ અર્સકી, એ મૈં મોમિનોં હકસે ॥૬૨॥

**શ્રી મહામતિજી કહે છે કે હે સુંદરસાથજી! અંતતઃ તો શ્રી રાજજી મહારાજની 'મૈં' અખંડ પરમધામમાં પહોંચીને જ રહે છે. હવે ધણીની આ 'સત્ય મૈં', જે અસલ પરમધામની જ છે તે, હક્ક શ્રી રાજજી મહારાજની કૃપાથી જ સૌ સુંદરસાથના હૃદયમાં પ્રતિષ્ઠિત થઇ તેના મૂળ મુકામે પહોંચશે.**

*પ્રકરણ-૩ સંપૂર્ણ : કુલ ચોપાઈ-૧૫૧*

## ૪

ચોથા પ્રકરણમાં 'મૈં ખુદી'ના નિર્મૂલનના ઈલાજનો અંતિમ નિર્ણય આપવામાં આવ્યો છે. હૃદયમાં પૂર્ણતઃ 'શ્રી રાજજીની મૈં' નો વ્યાપ થઈ ગયા પછી આત્માના મુખેથી એક જ વાત નીકળે છેઃ "હે ધણી! હવે તો બસ હું માત્ર એક આપની જ છું. માટે તમારી ઈચ્છા હોય તેમ મને રાખો. હવે મારામાં કિંચિત્‌માત્ર પણ 'મારાપણું' રહ્યું નથી. ૪ ૪

। ૪

હે ધણી! એ વાત પણ દૃઢ થઈ ગઈ છે કે તમે તમારી મરજી પ્રમાણે અમારી સર્વે મનોકામનાઓ પૂર્ણ કરશો. એ વાત પણ નિશ્ચિત છે કે અમારા દ્વારા કરાયેલ ખોજ કે તપસ્યાનું તલભાર ગુમાન ન કરવાથી જ તેમ થઈ શકશે. જ્યારે ધણીજી આપણો તેમની આત્મ-અંગના હોવાનો દાવો દૃઢ કરાવશે, ત્યારે જ આપણે ધામનો અધિકાર વ્યક્ત કરી તેમના આદેશને માથે ચઢાવી શકીશું! ।

ऽ । ४

उ ४

ऽ ऽ उ ४ ४ ४

४ टऽ ऽ ४

**હે ધણી! જે રીતે આપનાં વચનો (કૌલ) દ્વારા મારી નિદ્રા ઊડી ગઈ છે, એવી જ રીતે જો મારી કરણીમાં પણ પરિવર્તન (જાગૃતિ) આવી જાય તો પછી રહેણી (હાલ) બદલાતાં તથા ધામની લહેજત આવતાં કોઈ જ વિલંબ ન થાય.** टऽ ड़ ऽ द ४ ४ ४

४ ड़ ४ ४ उ ४ ४ द

४ ।

આ રીતે ધામની રહેણીમાં આવવાથી આત્માથી ધણીનો વિરહ, વિયોગ સહન નથી થઈ શકતો તથા આત્માનો પ્રાણ ધણીનાં દર્શન વિના કે તેમના શ્રીમુખ થકી મીઠાં વચનો સાંભળ્યા વિના રહી શકતો નથી. **પોતાના શિર પર ઉભેલા સર્વથા સમર્થ એવા અક્ષરાતીત ધણીજીની પહેચાન થઈ ગયા પછી આત્મામાં ‘ધણીની અતિ બળવંત મૈં’ પેદા થઈ જાય છે.** उ ऽड़

उ ऽ ऽ

ऽ ऽ ऽ उ

उ ४ उ ऽ ऽ

।

હે ધણી! આપ ઈચ્છો તેમ અમને કાં તો રાજી રાખો, કાં તો દિલગીર. આપ ચાહો તો અમને સર્વે પ્રકારની ઓળખાણ કરાવી નિર્મળ કરી આપના સમાન સત્‌ગુરુ બનાવી દો કે આપની ગુનેગાર બનાવી સજા બક્ષો. આપ ધામધણી જ અમ સુંદરસાથને જાગ્રત કરી રહ્યા છો અને જો આ સર્વે આપના હુકમના વશની વાત છે, તો પછી અમારો કોઈપણ ગુનો હોઈ જ શી રીતે શકે? તમો અમારી પર-આત્મના



D:\Pranam/Chitvani/37

તનોને જેવું સ્વપ્ન બતાવી રહ્યા છો, બરાબર એજ પ્રમાણે અમે અહીં વર્તીએ છીએ. પરંતુ, હે ધણી! હવે આપશ્રીએ આપનો હુકમ અમને બક્ષ્યો હોવા છતાં પણ અમે તે મુજબ ચાલી શકતાં નથી! તેથી ગુનો તો અમારો જ રહ્યો! ४

४ ऽ उ ऽउ ४

ड़ ४ ऽ ४ ४ ४ ऽ४ ४ ४

उ ४ ट ४ ४ ट ४

४ ४ હે ધણી! બસ ‘આપશ્રી ની મૈં’ જ સૌથી મહાન છે. તેની મદદ વિના જો ચૌદે લોકોની તમામ શક્તિઓ એકત્રિત થઈને કેટલાયે પ્રયાસો કરી છૂટે તો પણ તે સર્વેથી વેદ, શાસ્ત્રો તથા કતેબ ધર્મગ્રંથોનાં છૂપાં રહસ્યો ખુલી શકે તેમ નથી! ४ द

ऽ४ ४

## ૪.૧ : હે ધણી! હવે આપ જેમ ચાહો તેમ અમને રાખો!

જ્યોં જાનો ત્યોં રખો, ધની તુમારી મૈં ।
એ કેહેનેકો ભી ના કછૂ, કહા કહૂં તુમસે ॥૧॥

**હે ધણી! હવે, આપ જેમ ચાહો તેમ મને રાખો, કારણ કે હું કેવળ આપની જ છું. હવે મારી અંદર ‘મારાપણા’ જેવું કંઇપણ રહ્યું જ નથી તો પછી આ પ્રમાણે કહેવાની પણ કોઈ આવશ્યકતા નથી રહેતી. હવે તમને કહું તો કહુંયે શું?**

કછૂ કછૂ દિલમેં ઉપજત, સો ભી તુમહીં ઉપજાવત ।
દિલ બાહેર ભીતર અંતર, સબ તુમ હીં હક જાનત ॥૨॥

**હવે, મારા દિલમાં જે કોઇક કોઇક ચાહનાઓ ઉપજે છે, તે સર્વે ઉપજાવનારા પણ આપ ધણી જ છો. મારી અંદર, બહાર તથા અંતરાત્માના ઉંડાણમાં જે પણ કામનાઓ ઉદ્‌ભવે છે, તે પ્રત્યેક વાતથી આપ પૂર્ણતઃ વિદિત છો જ.**

જો લોં રખી તુમ હોસમેં, તબ લગ ઉપજત એ ।
એ મૈં માંગે તુમારી તુમપે, તુમ મંગાવત જે ॥૩॥

**જ્યાં સુધી આપે મને હોશમાં રાખી છે ત્યાં સુધી દિલમાં કંઇક ને કંઇક વાત ઉપજતી જ રહે છે. હવે હે ધણી! પુનઃ તમારી ‘મૈં’ જ તમારી**

પાસેથી આ પ્રકારની માંગણી કરી રહેલ છે, જે આપ જ મંગાવી રહ્યા છો.

મૈં માંગત ડરત હોં, સો ભી ડરાવત હો તુમ ।
મૈં માંગે તુમારી તુમપે, ના તો ક્યોં ડરે અંગના ખસમ ॥૪॥

**હે ધણી! તમારી પાસેથી આ પ્રકારની માંગણી કરતાં હું ડરું છું. એમાં ડરાવનારા પણ આપ જ છો. પુનઃ તમારી 'મૈં' જ તમારી પાસેથી આ પ્રકારની માંગણી કરી રહી છે. અન્યથા, આપ ધણીની અંગનાએ ડરવાનું શું કારણ હોઇ શકે?**

## ૪.૨ : હે ધણી! હું તમારી જ છું... આપ જેમ ચાહો તેમ રાખો!

હજરત ઈસે માંગયા, હક અપનાયત કર ।
તિન પર એ ગુનાહ લિખ્યા, એ દેખ લગત મોહે ડર ॥૫॥

**રુહઅલ્લા શ્રી શ્યામાજીએ શ્રી દેવચંદ્રજીના તનમાં બેસીને આપને પોતાના ધામધણી જાણીને જ માંગ્યું હતું કે, સુંદરસાથની જાગણી મારા હાથે કરાવો. તેમાં તેમનો પોતાનો કોઈ જ સ્વાર્થ નહોતો. તેમ છતાં, આ બાબતની માંગણી કરવા બદલ તેમને ગુનો લાગ્યો હતો. એ જોતાં જ્યારે હું આપશ્રીની પાસે 'આપશ્રીની મૈં' માંગી રહી છું ત્યારે તે માંગતાં મને પણ ડર લાગે છે.**

ફુરમાન દેખકે મૈં ડરી, દેખ રુહઅલ્લા પર ગુના ।
એ ખાસી રુહ ખુદાએકી, મોમિનોં રહ્યા ન આસંકા ॥૬॥

**હે ધણી! રુહઅલ્લા દ્વારા આ પ્રકારની માંગ કરવા બદલ લાગેલા ગુનાનો પ્રસંગ કુરાનમાં ઉલ્લેખિત છે, જે જોઇને મને આ ડર લાગે છે. રુહઅલ્લા જ શ્રી શ્યામાજી છે, જે ખુદાની બડી-ખાસી રુહ છે. જો તેમની પર પણ જાગણી જેવી નિઃસ્વાર્થ સેવા માંગવાનો ગુનો લાગતો હોય તો પછી હવે સૌ સુંદરસાથજીને, પોતાની 'મૈં ખુદી' સદંતર દૂર કરવી એ કેટલી મોટી અને અત્યંત મહત્ત્વની કુરબાની છે, એ બાબતે, કોઈ સંશય રહી જતો નથી.**

તો ડર બડા મોહે લગત, જો ગુનાહ કહ્યા ઈન પર ।
માફક રુહ અલ્લાહકે, કોઈ મરદ નહીં બરાબર ॥૭॥



**એટલા માટે, મને બહુ મોટો ડર લાગે છે કે સૌ સુંદરસાથના સરદાર એવાં શ્રી શ્યામાજી પર ગુનો લાગી ગયો! તેમની બરાબરી તો કોઇ પણ સુંદરસાથ કરી શકે તેમ છે જ નહિ.**

એ ખાવંદ હૈ અર્સ અજીમકા, હાદી હમારા સોએ ।
ઈસ માનંદ ચૌદે તબકમેં, હુઆ ન હોસી કોએ ॥૮॥

**તેઓ (શ્રી શ્યામાજી) તો સર્વશ્રેષ્ઠ અર્શ પરમધામનાં સુભાન-ધણિયાણી છે, અને અમારા સૌનાં સતગુરુ-માર્ગદર્શક છે. આ ચૌદલોકના બ્રહ્માંડમાં ધણી અને ધામની બરાબરી કરી શકે એવું બીજું કોઇ જ આજ દિન સુધી નથી થયું કે ન કોઇ ભવિષ્યમાં થશે - *ન ભૂતો ન ભવિષ્યતિ.***

મૈં નેક બાત યાકી કહૂં, પાક રુહોં સુનો સબ મિલ ।
મૈં કી ખુદી સખત હૈ, એ લીજો દેકર દિલ ॥૯॥

**હે પવિત્ર દિલવાળી બ્રહ્મસૃષ્ટિ આત્માઓ! આપ સૌ મળીને ધ્યાનપૂર્વક સાંભળો! હું શ્રી શ્યામાજી મહારાણીની થોડીક હકીકત આપ સૌને કહું છું. આપ પોતપોતાના દિલમાં સ્પષ્ટ રીતે એ વાત સમજી લેજો કે 'મૈં ખુદી'ને નિર્મૂળ કરવી ઘણી જ કઠણ વાત છે.**

રુહઅલ્લા કરી બન્દગી, તિનમેં ઉનકી મૈં ।
તો ગુનાહ કહ્યા ઈન પર, ઈન મૈં માંગ્યા હકપે ॥૧૦॥

**રુહઅલ્લા શ્રી શ્યામાજીએ શ્રી દેવચંદ્રજીના તનમાં આ સંસારમાં રહી ચાલીસ વર્ષ સુધી સઘન આત્મખોજ તથા તપસ્યા કરી. આ સાધનાના અહમ્‌માં તેમણે ધામધણી પાસે માંગ્યું હતું કે 'જાગણી મારા હાથે કરાવો.' આ પ્રકારની માંગને લઇને 'તેમની ઉપર ગુનો લાગ્યો' એમ કહેવામાં આવ્યું છે.**

મેરે ના કછૂ બન્દગી, ના કછૂ કરી કરની ।
ઓ મૈં મુઝમેં ના રહી, એ તો મૈં હકેં કરી અપની ॥૧૧॥

**શ્રી ઈન્દ્રાવતીજી કહે છે કે, તેમની સરખામણીમાં મારી તો કોઇ તપસ્યા, બંદગી કે સારી કરણી - કંઈ જ નથી. તેમ છતાં, હે સાથજી! સ્વયં ધણીએ મારી 'મૈં ખુદી'ને કાઢીને મારામાં 'ધણીજીની મૈં' પ્રસ્થાપિત કરી દીધી!**

મૈં થી બીચ લડકપને, ધની તુમારી પઢાએલ ।
મેરે ઉમેદ ન આસા બંદગી, હક તુમારી નિવાજલ ॥૧૨॥

**હું તો મારી બાળવૃત્તિમાં મસ્ત હતી. તેમ છતાં, આપે મને જાગ્રતબુધ્ધિ આપી. મને કોઈ ઈચ્છા, ભક્તિભાવ કે વિશેષ આશાની પરવા નહોતી. હું તો બસ આપની આશ્રિત હતી.**

મૈં જો માંગી બેખબરી, સો ઉમેદ પૂરી સબ તુમ ।
તબ ઉસ ખુદીકી મૈંકો, દિલ ચાહ્યા દિયા હુકમ ॥૧૩॥

**બેસુધીમાં જ હું આપશ્રી પાસે પરમધામ જોવાની તથા મારા પોતાના અવગુણો કાઢવાની અનુચિત માંગણી કરી બેઠી. તેમ છતાં, આપે આપના હુકમથી મારી તમામ ઈચ્છાઓ પૂર્ણ કરી અને મારા માંગેલા 'મૈં-અહમ્' ને પણ પોષ્યો!**

અબ માંગૂં સિર હુકમ, હુજ્જત લિએ ખસમ ।
અબ ક્યોં ન હોએ સો ઉમેદ, દિયા હાથ હુકમ ॥૧૪॥

**તેથી હે ધણી! આપની અંગના હોવાનો દાવો લઈ અને આપનો હુકમ શિરે ચડાવીને હવે હું તૈયાર ઊભી છું. હવે, આપશ્રીએ જો હુકમ પણ મારા હાથમાં જ સોંપ્યો છે તો પછી મારી પ્રત્યેક ચાહના કેમ પૂર્ણ ન થાય?**

ખસમ ખસમ તો કરત હોં, પર ખસમ ન આવત ભાર ।
ના હુજ્જત રુહ અર્સકી, તો હોત ના દિલ કરાર ॥૧૫॥

**હું "ધણી-ધણી" તો કહ્યા કરું છું. પરંતુ હકીકતમાં આપશ્રીની સાહ્યબીનો ભાર અથવા પતિની મહત્તાને સમજી શકી નથી. વધુમાં આપ મારી અંદર વિરાજમાન થઈ ગયા. તેથી, નથી હું આપશ્રીની અંગના હોવાનો દાવો પણ કરી શકતી કે નથી આપ ખસમ સમાન બની શકતી! હે ધણી! આ બાબતે હું ખૂબ બેચેન છું.**

જો માંગૂં હક જાનકે, અર્સ રુહ કર હુજ્જત ।
તો તબ હીં ઉમેદ પોહોંચહીં, જો દિલમેં યોં ઉપજત ॥૧૬॥

**જો હું હકીકતમાં તમને મારા ધામના ધણી માનીને અને પરમધામની અંગના હોવાનો દાવો લઇને તમારી પાસે કશુંયે માંગતી હોઉં, તો મારા દિલમાં પેદા થનાર ચાહના તત્ક્ષણ પૂર્ણ થઇ જવી જોઇએ.**



D:\Pranam/Chivani/39

જૈસા હક હૈ સિર પર, તૈસા તેહેકીક જાનત નાહેં ।
બિસર જાત હૈ નીંદમેં, દૃઢ હોત ન ખ્વાબકે માહેં ॥૧૭॥

**જેવા સર્વથા સમર્થ ધણી મારા શિર પર ઊભા છે, એટલા જ (તેમના સામર્થ્યને અનુરૂપ) દૃઢ આત્મવિશ્વાસની અનુભૂતિ મારા દિલમાં થતી નથી. માયાની ભૂલવણીમાં અજ્ઞાનરૂપી નિદ્રાને લઇને ધણી સાથેનો મૂળ સંબંધ ભુલાઈ જાય છે. આમ સ્વપ્નરૂપ ખેલમાં એ દૃઢતા આવતી નથી કે આપ ધણી હકીકતમાં હર ક્ષણ મારી સાથે જ છો.**

## ૪.૩ : આત્માને અર્શ - પરમધામનાં સુખોની લજ્જત કેવી રીતે મળી શકે?

જો માંગ્યા હૈ ખ્વાબમેં, સો હકેં પૂરા સબ કિયા ।
સો બોહોત ના મોહે સુધ પરી, જો ખ્વાબકે મિને દિયા ॥૧૮॥

**આ સ્વપ્નવત્ સંસારમાં મેં જે કંઇ માંગ્યું તેની ધામધણીએ પરિપૂર્તિ કરી. પરંતુ તેમનાં અહેસાનોની મને કંઇ ઝાઝી ઓળખાણ થઇ શકી નહિ કે ન હું તેની કદર કરી શકી.**

જો મૈં માંગૂં જાગકે, ઔર જાગે હી મેં પાઊં ।
તો કારજ સબ સિદ્ધ હોવહીં, જો ફૈલેં નીંદ ઉડાઊં ॥૧૯॥

**જો હું જાગ્રત થઇને ધણી પાસે મારી ઈચ્છાઓની પૂર્તિ માટે માંગ કરું અને જાગ્રત અવસ્થામાં જ તે સર્વેની પરિપૂર્તિ કરી લઉં, તથા મારી કરણી (ફૈલ)ને ધણીની આજ્ઞાનુસાર બદલી નિદ્રારૂપી વિકાર દૂર કરી દઉં તો તો મારા સર્વે કારજ સિદ્ધ થઇ જાય.**

એ જો નીંદ ઉડાઈ કૌલમેં, જો કદી ફૈલમેં ઉડત ।
તો નિસબત ઈનકી હક સોં, આવત અર્સ લજ્જત ॥૨૦॥

**ધણીના કૌલ (વચનો)થી ઉડેલી નીંદર, જો તેમને પસંદ હોય એવા ફૈલ (કરણી, *action*) દ્વારા પણ ઉડતી રહે, તો સૌ રુહોની ધામધણી સાથેની નિસ્બત તથા અર્શ - પરમધામના અખંડ આનંદનો તેમનો અહેસાસ પણ પાકો થતો જાય.**

જો પાઈએ ઈત લજ્જત, તો હોવે સબ વિધ ।
કાયમ સુખ ઈન અર્સકે, સબ કામ હોવેં સિધ ॥૨૧॥

**જો આ સંસારમાં જ ધામધણી સાથેની નિસ્બતનો અહેસાસ અને ધામના અખંડ આનંદની અનુભૂતિ થઇ જાય તો જ રુહોના સર્વે મનોરથ સર્વથા પૂર્ણ થયા ગણાય.**

તો ન પાઈએ ઈત લજ્જત, જો ફૈલ ન આવત હાલ ।
હાલ આએ ક્યોં સેહે સકે, બિછોહા નૂર-જમાલ ॥૨૨॥

**પરંતુ અહીં આ પ્રકારની અનુભૂતિ કે અહેસાસ એટલા માટે નથી થતો, કારણ કે રુહો પોતે ગ્રહણ કરેલા કૌલ (વચન, વાયદા)ને ફૈલ (કરણી, ધણીને રુચે એવાં કર્મો)માં, અને એ ધણી-રુચિત કર્મોને રહેણી (ધામના હાલ, soul-centered lifestyle) માં વણી લઇ શકતી નથી. ધામના સ્વરૂપ તથા લીલામાં ડૂબવાથી રુહોના હાલ (દશા) પૂર્ણતઃ તેને અનુરૂપ થઈ જાય પછી તેઓ પોતાના પ્રિયતમ પ્રાણનાથનો વિયોગ સહન જ શી રીતે કરી શકે?**

ઐસા હક હે સિર પર, કર દઈ હક પેહેચાન ।
ઐસી હકકી મૈં જોરાવર, ક્યોં રહે દીદાર બિન પ્રાન ॥૨૩॥

**આટલા મહાન ધણી મારા શિરે બેઠા છે. તેમણે મને પોતાની પૂર્ણ ઓળખાણ કરાવી દીધી અને મને તેમની 'સત્ય મૈં' બક્ષિશ કરી. આટલી બળવંત 'મૈં' અંતરમાં બિરાજ્યા પછી રુહના પ્રાણ શ્રી રાજજીના દર્શન વિના પળભર પણ શી રીતે રહી શકે?**

એ જો મૈં ખુદાએકી, ક્યોં રહે દીદાર બિન ।
ક્યોં રહે સુને બિના, મીઠે પિઉકે વચન ॥૨૪॥

**ધણીની આ જે 'મૈં' છે, તે તેમનાં દર્શન વિના તથા પ્રાણપ્રિયતમના શ્રી મુખેથી મીઠાં વચનો સાંભળ્યા વિના શી રીતે રહી શકે?**

એક પલ જાત પિઉ દીદાર બિના, બડા જો અચરજ એ ।
એ જો મૈં હે હકકી, સો ક્યોં ખડી બિછોહા લે ॥૨૫॥

**સૌથી મોટી આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ છે કે મારા અંદર જે 'ધણીની મૈં' છે, તે પિયુજીના દર્શન વિના એક પળની પણ જુદાઈ શી રીતે સહન કરી શકે?**



D:\Pranam/Chitvani/40

## ૪.૪ : હે ધણી! આ સઘળું તમારા થકી જ સંભવ છે

છલમેં આપ દેખાઈયા, દિયા અપના ઈલમ ।
મૈં આપ પેહેચાન ના કર સકી, ન કછૂ ચીન્હ્યા ખસમ ॥૨૬॥

**હે ધણી! આ છલરૂપી માયાવી જગતમાં આપે આપનો ઈલમ બક્ષિસ કરી અમને એ અનુભવ કરાવ્યો કે આપ હરહંમેશ અમારી સાથે જ છો. તેમ છતાં હું ન તો મારા પોતાના પર-આત્મ સ્વરૂપની કે ન આપ પ્રિતમની ઓળખાણ કરી શકી.**

ધની મેરા અર્સકા, મૈં તુમારી અરધંગ ।
ભેખ બદલ સુનાએ વચન, દિયા દીદાર બદલકે અંગ ॥૨૭॥

**આપ ધણી મારા પરમધામના પ્રિયતમ છો અને હું આપની અર્ધાંગિની છું. તેમ છતાંયે તમે મને આ સંસારમાં વેશ બદલીને જાગ્રતજ્ઞાન યુક્ત વચનો સંભળાવ્યાં તથા રૂપ બદલીને દર્શન પણ આપ્યાં.**

મૈં બીચ ફરામોસીકે, તુમ આએ સૂરત બદલ ।
પેહેચાન ક્યોં કર સકૂં, ઈન વજૂદકી અકલ ॥૨૮॥

**હું તો ફરામોશીની અવસ્થામાં પડેલી હતી અને તમે તેમાં સત્‌ગુરુનું રૂપ લઇ શ્રી દેવચંદ્રજીના તનમાં અમારી સમક્ષ આવ્યા. ત્યારે આ નશ્વર શરીરની બુધ્ધિથી હું આપ ધણીની ઓળખાણ કરીયે શી રીતે શકતી હતી?**

તાલબ તો ભી તુમસે, ઈસ્ક નહીં તુમ બિન ।
સબ્દ સુખ ભી તુમસે, તુમહીં દિયા દરસન ॥૨૯॥

**હે ધણી! આપશ્રીની ઓળખાણ થવાથી અમારી રુહને આત્મપ્રતીતિ થઈ ગઈ છે કે, સઘળું આપ ધણી દ્વારા જ છે. હવે તો માંગવું હોય તો પણ આપની પાસેથી જ. ઈશ્ક જોઇતો હોય તો તે પણ આપના વિના બીજા કોઇની પાસે છે જ નહિ. વાણી-શ્રવણનું સુખ પણ એકમાત્ર આપ દ્વારા મળશે એ નિશ્ચિત છે. અમને દર્શનનું સુખ આપનાર પણ આપ જ છો.**

એ ઉપજાવત તુમહીં, તુમહીં દિખલાવત ।
તુમહીં ખેલ ખેલાવત, તુમહીં સમેં બદલત ॥૩૦॥

**હે ધણી! અમારા દિલમાં આ સર્વે ઈચ્છાઓને ઉપજાવનારા પણ તમે જ છો. સઘળું બતાવનારા, ખેલ ખેલાવનારા અને અમારા હાલાતને તથા**

**સમયને બદલનારા પણ કેવળ આપ જ છો.**

મૈં કો તુમ ખડી કરી, મૈં કો દેખાઈ તુમ ।
મૈં કો તલે કદમકે, ખડી રાખી માહેં હુકમ ॥૩૧॥

**મિથ્યા 'મૈં ખુદી' આપે જ ઊભી કરી અને તેના વાસ્તવિક સ્વરૂપની તથા આપશ્રીની 'સત્ય મૈં' ની ઓળખાણ પણ આપે જ કરાવી. આપશ્રીની 'સત્ય મૈં' મને બક્ષિશ કરી આપે તમારા શ્રીચરણોમાં લીધી અને આપશ્રીના હુકમની શક્તિથી મને સંસારમાં ઊભી પણ આપે જ રાખી.**

તુમહીં સાથ જગાઈયા, તુમ દઈ સરત દેખાએ ।
તુમહીં તલબ કરાવત, તો દરસનકો હરબરાએ ॥૩૨॥

**હે ધણી! સૌ સુંદરસાથને આપે જ જગાડ્યા છે. કયામતના નિશાનો પણ આપે જ જાહેર કરાવ્યાં છે. અમારામાં દર્શનની ચાહના પણ આપ જ પેદા કરી રહ્યા છો, જેના માટે મારી આત્મા અધીરી બની ગઈ છે.**

તુમહીં દિલમેં યોં લ્યાવત, મૈં દેખોં હક નજર ।
સો પટ તુમહીંસે ખુલે, તુમસે ટલે અન્તર ॥૩૩॥

**તમે જ મારા દિલમાં એ ચાહના પેદા કરો છો કે હું આપના સાક્ષાત્ દર્શન કરું. તમારી અને અમારી વચ્ચે માયાવી ખેલમાં જે શરીરરૂપી પડદો લાગેલો છે તે આપ જાતે હટાવશો તો જ હટશે.**

શ્રવનોં સબ્દ સુનાએકે, દિલ દીદે દીદાર ।
અનેક હક મેહેરબાનગી, સો કહાં લો કહૂં સુમાર ॥૩૪॥

**આપે આપની વાણી સંભળાવીને અંર્તચક્ષુથી અમને આપનાં દર્શન પણ કરાવ્યાં. અમારા ઉપર આપશ્રીની આ પ્રકારની બેશુમાર મહેરબાનીઓ છે. તેના મહિમાનું હું કેટલું વર્ણન કરું?**

જોસ ઈસ્ક ઔર બંદગી, ચલના હકકે દિલ ।
એ બકસીસ સબ તુમસે, ખુસબોએ વતન અસલ ॥૩૫॥

**આપશ્રીની જ બક્ષિસથી અમને આપનો જોશ, ઈશ્ક અને બંદગી પ્રાપ્ત થયેલ છે. તેનાથી અમે આપને અનુરૂપ ચાલી શકીએ છીએ અને ધામની ખુશ્બૂનો આનંદ લઈ શકીએ છીએ.**



D:\Pranam/Chitvani/41

## ૪.૫ : હે ધણી! એ કહો કે અમારો ગુનો હોઈ જ શી રીતે શકે?

ઔર કઈ ઈનાએતેં તુમસે, સો કહાં લો કહૂં વચન ।
સો કઈ આવત હૈં નજરોં, પર કહ્યો ન જાએ સુકન ॥૩૬॥

**આપની પાસેથી અમને બીજી કેટલીયે વરદાન સ્વરૂપ બક્ષિસો પ્રાપ્ત થઇ છે. તેનાં કયા શબ્દોમાં વખાણ કરું? તે સર્વે મારી નજર સમક્ષ વારંવાર આવ્યા કરે છે, પરંતુ તેમને શબ્દો દ્વારા બિલકુલ વ્યક્ત કરી શકાય તેમ નથી.**

મૈં અપની અકલેં કેતી કહૂં, તુમ કરાવત સબ ।
બાહેર અંદર અન્તર, યા તબહીં યા અબ ॥૩૭॥

**હું મારી પોતાની અક્કલથી કેટલુંક કહી શકું? બાહ્યરૂપે, મનથી, અંતરાત્માથી, હમણાં કે ત્યારે આ પહેલાં કે હવે પછી બધું કરાવનાર હે ધણી! એક માત્ર તમે જ છો.**

જાનો તો રાજી રખો, જાનો તો દલગીર ।
યા પાક કરો હાદીપના, યા બૈઠાઓ માહેં તકસીર ॥૩૮॥

**ચાહો તો આપ મને પ્રસન્ન રાખો અથવા ચાહો તો દિલગીર! ચાહો તો મને આપની ઓળખાણ કરાવી નિર્મળ કરીને આપની સમાન હાદી સત્ગુરુ બનાવી દો અથવા તો આપની ગુનેગાર બનાવી મને સજા કરો.**

અબ મેરા કેહેના ના કછૂ, તુમહીં કેહેલાવત એ ।
મેરે કહે મૈં રેહેત હૈ, પર સબ બસ હુકમકે ॥૩૯॥

**હવે મારે તમને કંઇ જ કહેવું નથી. હે ધણી! એવું પણ આપ જ કહેવડાવી રહ્યા છો. 'હું કહું છું' એવું કહું તો તેમાં તો મારા 'મૈં પણા'નો ભાવ આવી જાય છે, પરંતુ બધું જ આપના આદેશને આધિન છે.**

અબ સબકે મનમેં એ રહે, ઈત દિલ ચાહ્યા હોએ ।
તો પાઈએ ખેલ ખુસાલી, હક જાનત સબ સોએ ॥૪૦॥

**હવે, સૌ કોઇના મનમાં એ જ વાત રહ્યા કરે છે કે આ સંસારમાં આપના દિલની બધી ચાહનાઓ પૂર્ણ થાય તો જ આ ખેલનો આનંદ પ્રાપ્ત થઇ શકે. આપ ધણી આ સર્વે જાણો જ છો.**

એ ભી તુમ કેહેલાવત, કારન ઉમતકે ।
અર્સ વજૂદકે અંતરમેં, તુમ પેહેલે ઉપજાવત એ ॥૪૧॥

**અમ બ્રહ્મસૃષ્ટિઓના સુખના કારણે જ આપ એવું કહેવડાવી રહ્યા છો, જે સર્વ પ્રથમ તમે અમારા પરમધામની પર-આત્મના હૃદયમાં પેદા કરો છો.**

અસલ હમારી અર્સમેં, તાએ ખ્વાબ દેખાવત તુમ ।
જૈસા ઉત ઓ દેખત, તૈસા કરત હેં હમ ॥૪૨॥

**આપ અમારાં પરમધામની પર-આત્મના તનોને સ્વપ્નિલ સંસારનો ખેલ બતાવી રહ્યા છો. અમારી પર-આત્મના તન જેવો ખેલ જોવાનું દિલમાં લે છે, બરાબર એ જ પ્રમાણે અમારું નાશવંત તન આ સંસારમાં વર્તે છે.**

ઈન વિધ ગુનાહ હમ પર, લાગત નાહીં કોએ ।
મૈં તો ઈત નાહીં કિતહૂં, ઈત ઉત કિયા હકકા હોએ ॥૪૩॥

**આ રીતે હે ધણી! અમારા ઉપર કોઈ પણ પ્રકારનો ગુનો લાગવો જોઇએ નહિ. મારું તો અહીં કોઇ અસ્તિત્વ જ નથી. ચાહે પરમધામ હોય કે પછી સંસાર હોય, બંને જગ્યાએ આપ ધણીનું ધાર્યું જ થાય છે.**

ભુલાએ દિયા તુમ હમકો, આપ વતન ખસમ ।
તાથેં ખુદી મૈં લે ખડી, ઝૂઠે ખેલમેં આતમ ॥૪૪॥

**તમે અમારાથી અમારું નિજ-સ્વરૂપ, નિજ-વતન તથા નિજ-ધણી એમ બધું જ ભૂલાવી દીધું. તેને કારણે અમારી આત્મા આ મિથ્યા માયાના ખેલમાં 'મૈં ખુદી' (અહમ્)ને લઇ ઊભી થઈ ગઈ છે.**

આપ છિપાયા તુમ હમસે, ઝૂઠે ખેલમેં ડાર ।
ફેર કર તુમ ખડી કરી, કરકે ગુન્હેગાર ॥૪૫॥

**અમને જૂઠા ખેલમાં ઉતારી(ભૂલવી)ને આપ સ્વયં અમારાથી છુપાઈ ગયા. પુનઃ આપે જ તારતમ જ્ઞાન થકી જાગ્રત કરીને અમને અમારી અસલિયત ભૂલવા બદલ ગુનેગાર પણ સાબિત કર્યા.**

## ૪.૬ : 'ધણીની મૈં' સૌથી મહાન!

ફેર તુમ હમકો અકલ દઈ, મૈં ખુદી પકડી સોએ ।
જો જૈસી કરેગા, તૈસી પાવેગા સોએ ॥૪૬॥



D:\Pranam/Chivani/42

**પુનઃ આપે અમને આપની મૂળ અક્કલ (જાગ્રતબુદ્ધિ) બક્ષિશ કરી. તેમ છતાંયે મેં મારી 'મૈં ખુદી' ને પકડી રાખી. હે ધણી! હવે આ સંસારમાં મિથ્યા 'મૈં'ને લઇને જે જેવી કરણી કરશે તેવું ફળ પામશે.**

આપ ભી ભેખ બદલકે, આએ અપના દિયા ઈલમ ।
સબ બાતેં કહી વતનકી, પર પેહેચાન ન સકેં હમ ॥૪૭॥

**તમે પણ વેશ બદલીને સત્ગુરુના રૂપે પધારી મને તારતમજ્ઞાન બક્ષ્યું તથા પરમધામની સર્વે હકીકતો સમજાવી, તેમ છતાંયે હું આપના એ સ્વરૂપની ઓળખાણ કરી શકી નહિ.**

ઈત ભી ગુનાહ સિર પર હુઆ, યાદ ન આયા અસલ ।
તુમ રોએ લરખીજ કહ્યા, તો ભી રહી ન મૂલ અકલ ॥૪૮॥

**અહીં પણ અમને એ વાતનો ગુન્હો લાગ્યો કે અમને અમારું મૂળ ઘર પરમધામ તથા પર-આત્મનું સ્વરૂપ યાદ ન આવ્યું. તમે તો રડી-કકળીને, લડી-ખિજાઇને અમને પ્રબોધ્યાં, તેમ છતાંયે અમારી મૂળ અક્કલ અથવા બુદ્ધિ જાગ્રત ન થઇ શકી.**

યોં ગુનાહ અનેક ભાંતકા, હુઆ હમારે સિર ।
હમ કછૂ ન કર સકે, તો ભી ખબર લઈ હકેં ફેર ॥૪૯॥

**હે ધણી! આ રીતની વિસ્મૃતિ થવાથી અમારા પર અનેક પ્રકારના ગુના લાગ્યા છે. તે ગુનામાંથી મુક્ત થવા માટે જ્યારે અમે કશું જ ન કરી શક્યા, ત્યારે અમારા કૌલ તથા ફૈલ પર ધ્યાન આપ્યા વિના આપ ધણીજીએ અમારી સંભાળ લીધી અને પુનઃ અમને જગાડવા પધાર્યા.**

કઈ સુખ હમકો અર્સકે, ભાંત ભાંત દિએ અપાર ।
તો ભી નીંદ હમારી ન ગઈ, ઈત ભી હુએ ગુન્હેગાર ॥૫૦॥

**આપ ધણીજીએ અમને પરમધામના વિવિધ પ્રકારનાં અનંત સુખો પ્રદાન કર્યા. તેમ છતાંયે અમારી મોહ-માયારૂપી નિદ્રા ન ઊડી. આમ અહીં ખેલમાં પણ અમે આપના ગુન્હેગાર બન્યા.**

કર મનસા વાચા કરમના, સબ અંગોં કર હેત ।
કેહે કેહે હારે હમસોં, પર મૈં ન હુઈ સાવચેત ॥૫૧॥

**આપે મન, વચન અને કર્મથી તથા આપનાં સર્વે અંગો દ્વારા હૃદયપૂર્વક મને પરમધામનાં કેટલાંયે સુખો આપીને ખૂબ પ્રેમ બક્ષ્યો છે.**

**અમારી વાસ્તવિકતા વિશેની વાતો કહી કહીને આપ થાક્યા, તેમ છતાંયે હું સાવધાન ન થઈ.**

યોં કઈ ગુનાહ કેતે કહૂં, સબ ઠૌરોં ગઈ ભૂલ ।
કઈ દેખાએ ગુન અપને, તાકો તૌલ ન મોલ ॥૫૨॥

**હું તો ડગલે ને પગલે ભૂલી પડી છું. તો હવે આ રીતે હું મારા કેટલા ગુન્હા તમને કહી તેની કબૂલાત કરું? તમે તો અમારા પર અનેક ઉપકાર કર્યા છે, જેનું મૂલ્યાંકન (તોલ-માપ) થઇ શકે તેમ નથી.**

સો ગુન દેખેમેં નજરોં, જિનકો નહીં સુમાર ।
તો ભી પેહેચાન ન હુઈ, ના છૂટી નીંદ વિકાર ॥૫૩॥

**આપના સર્વે ઉપકારોનો મેં સ્વયં અનુભવ કર્યો છે, જેનો મહિમા બેશુમાર છે. તેની જાણ હોવા છતાંયે હું તમને ઓળખી શકી નહિ, અર્થાત્ મારા પર ચઢેલ મોહ-માયાનો વિકાર છૂટી શક્યો નહિ.**

પીછે આપ જુદે હોએકે, ભેજ દિયા ફુરમાન ।
સો પઢ્યા મૈં ભલી ભાંત સોં, કરી સબ પેહેચાન ॥૫૪॥

**ત્યારબાદ, તમે સત્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીરૂપે અંતર્ધ્યાન થયા અને કુરાનમાં વર્ણિત મેયરાજના પ્રસંગની વાતોનાં ગૂઢ રહસ્યોનું સ્પષ્ટીકરણ મારી પાસે મોકલ્યું. મેં તે સર્વે હકીકતોનું ઘણી જ ચીવટપૂર્વક વિશ્લેષણ તથા મનોમંથન કર્યું અને વાસ્તવિકતાની ઓળખાણ કરી.**

સો કુંજી દઈ હાથ મેરે, કોઈ ખોલે ન મુઝ બિન ।
સક્ત નહીં ત્રૈલોકકો, ન કછૂ સક્ત ત્રૈગુન ॥૫૫॥

**હે ધણી! સર્વ ધર્મગ્રંથોનાં ગૂઢ રહસ્યોનું સ્પષ્ટીકરણ કરતી ચાવી આપે મને બક્ષીસ કરી, જે મારા સિવાય બીજું કોઇપણ ખોલી શકે તેમ નથી. આ ક્ષમતા ન તો ત્રિગુણ (બ્રહ્મા, વિષ્ણુ, શિવ) પાસે છે, કે ન આ ત્રિલોક (પાતાળ, સ્વર્ગ, વૈકુંઠ)માં રહેતા કોઇપણ જીવ પાસે!**

ઈન વિધ ગુન કેતે કહૂં, કઈ દેખે મૈં નજર ।
મેરે હાથ ખુલાએકે, કરી બ્રહ્માંડમેં ફજર ॥૫૬॥

**હે ધણી! આ રીતે હું આપના ઉપકારનો મહિમા કેટલો ગાઉં, જે મેં મારી જાતે અનુભવેલ છે? મારા હાથે આ સર્વે રહસ્યોનું સ્પષ્ટીકરણ કરાવી આપશ્રીએ બ્રહ્માંડમાં તારતમજ્ઞાનનું પ્રભાત કર્યું છે.**



D:\Pranam/Chitvani/43

કઈ લિખી ઈસારતેં અર્સકી, કઈ રમૂજેં અનેક ।
પેહેલે પઢાઈ મુઝકો, મૈં હી ખોલૂં એહી એક ॥૫૭॥

**આપે વેદ-કતેબ ધર્મશાસ્ત્રોમાં આપના પરમધામની કેટલીયે વાતો ઈશારારૂપે લખાવેલ છે. આપે એ સર્વે પહેલાં તો મને સમજાવી અને હવે તે સર્વેને ખોલવામાં એક હું જ સક્ષમ છું.**

મહામત કહે મૈં હકકી, ખોલે મગજ મુસાફ કલામ ।
ઔર હક કલામ કૌન ખોલ સકે, જો મિલે ચૌદે તબક તમામ ॥૫૮॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે સુંદરસાથજી! ધામધણી દ્વારા બક્ષેલ આ 'સત્ય મૈં' જ શાસ્ત્ર અને કતેબ ગ્રંથોનાં રહસ્યો ખોલી રહેલ છે. 'ધણીની મૈં' સિવાય ધણીના દિલની વાતો બીજું કોણ ખોલી શકે? ચૌદેલોકની તમામ શક્તિઓ સાથે મળીને ગમે તેટલા પ્રયાસો કરે તોયે એ સંભવ નથી!**

*પ્રકરણ-૪ સંપૂર્ણ : કુલ ચોપાઈ-૨૦૯*

## ૫ : બ્રહ્માત્માઓને પારબ્રહ્મ ધણીએ કુદરત-માયા બતાવી

પાંચમા પ્રકરણમાં સર્વપ્રથમ તો આત્મા પોતાના ધણીજીનાં અહેસાનો માટે તેમનો આભાર વ્યક્ત કરતાં કહે છે કે હે ધણી! તમે અમને માયામાં અનેક પ્રકારના ખેલ બતાવ્યા. અનેકવિધ રીતે પોતાની ઓળખાણ કરાવી અલગ અલગ ઉપાયો કરી મારી આત્મ-જાગૃતિની ઉત્તરોત્તર ચઢતી અવસ્થાઓ બદલી. મિથ્યા ખેલમાં બેસાડીને આપશ્રીએ મને અનેક પ્રકારનાં અખંડ સુખો પણ આપ્યાં. આ પ્રકરણમાં શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા પોતાની જાગણીયાત્રાની સતત બદલાતી અવસ્થાઓનું જે રીતે આત્મ-મંથન કરે છે, તેવું જ આપણ સૌ સુંદરસાથજીએ પોતપોતાની નિજ-જાગણી પ્રક્રિયા વિષે આત્મ-મંથન કરી તેમાં પ્રવૃત્ત થઈ જવા માટેની પ્રેરણા છે.

ड़ ƀ ड़ ड़ ड़उ ड़ ƀ ड़
उ

આત્મા પૂછે છે કે, **હે ધણી! આ સમયે માયામાં અમારે એવું તે શું કરવાનું છે કે જેનાથી અમારી સુરતા (ધ્યાન) પર-આત્મ સાથે જોડાયેલ રહે?** આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી ધણીજી કહે છે કે સુંદરસાથના કૌલ તથા ફૈલ શ્રીમુખવાણીને અનુરૂપ બને એમાં જ સુંદરસાથ જીવનધર્મની સાર્થકતા છે. આમ

કરવાથી જ ધામના હાલ કે પર-આત્મની રહેણીમાં સ્થિત થવાની સંભાવનાઓ પેદા થઈ શકશે. ४ ४ ड़द

। ʓ ड़ ≂ द

ड़ द ʓ उ

ʓ द ४ ʓ उ

જ્યાં સુધી આત્મા ધામની રહેણીને પ્રકાશિત કરતું એક પણ કર્મ અર્થાત્ પ્રેમ-સેવાનો ફૈલ પોતાના માથે નહીં ચઢાવે, ત્યાં સુધી તે માત્ર કહેણીના સ્તર પર જ અટકી રહેશે. માત્ર કહેણીના સ્તર પર જીવન જીવનાર 'મૈં ખુદી'ના સાગરમાં જ ડૂબેલા રહે છે. द द

उ ʓ ४ ४

ड़ उ उ

ʓड़उ ʓड़ ४ ʓ ४

ધણીજીનો ઈલમ, મૂળ અકલ-જાગ્રત બુધ્ધિ, જોશ તથા ઈશ્ક પ્રાપ્ત થતાં આત્માની ફરામોશીનો વિકાર સમાપ્ત થઈ જાય છે, તે નિર્મળ-પૂર્ણતઃ જાગ્રત થઈ જાય છે અને તેની 'મૈં ખુદી' સમાપ્ત થઈ જાય છે. આ રીતે તે 'ધણીજીની મૈં' ગ્રહણ કરી લે છે. એવી આત્મા સાથે ધણી સાક્ષાત્ મેળાપ તથા વાર્તાલાપ પણ કરે છે. એટલું જ નહીં, તેના દ્વારા થનાર પ્રત્યેક કરણી તથા રહેણી આ તમામ ધણીજીનાં જ થઈ જાય છે! ४ ४ ʓ

ʓ ४ द

४ ʓड़ ʓ

ʓ ४ ४ उ

४ ʓ ४ ४

આ પ્રકરણની પાંચ પ્રમુખ ચિતવન કરવા યોગ્ય વાતો છેઃ (૧) રહેણી જ 'મૈં ખુદી'ને નિર્મૂળ કરવાની એક માત્ર ઔષધિ છે. (૨) તારતમવાણીની બરકતથી 'મૈં ખુદી' અવશ્ય નિર્મૂળ થઈ શકે છે. (૩) જેવું અસલ પરઆત્માના દિલમાં લેવામાં આવે છે, તે મુજબ જ આ નકલી કાલમાયિક તનમાં થઈ રહ્યું છે, જેનો અનુભવ આત્માઓ કરી રહેલ છે. પોતાના હુકમના માધ્યમે પરમધામમાં બેઠાં બેઠાં જ ધણીજી જેવું ઈચ્છે છે તે પ્રમાણે ખેલ બતાવી રહ્યા છે. (૪) 'ધણીજીની મૈં' જ





સાચી છે, જે તેમના હુકમનું જ સ્વરૂપ છે અને ધણીજીનાં તમામ કાર્યો પણ એ જ કરે છે. તેમના સિવાય અન્ય કોઈ ધણીનું કાર્ય કરી શકે નહિ. (૫) હાંસી એ વાતની થશે કે અહીં સૌ કોઈ પોતાની 'મૈં ખુદી' ને કેન્દ્રમાં રાખી તથા 'ધણીની મૈં' ને એક તરફ પરિઘીમાં મૂકી જીવન વ્યર્થમાં ગુમાવી રહ્યાં છે.

## ૫.૧ : હે ધણી! અમારા પર અહેસાન કરવા બદલ આપનો આભાર!

યોં કઈ દેખાઈ માયા, ઔર કઈ વિધ કરી પેહેચાન ।
કઈ વિધ બદલી મજલેં, કઈ પુરાએ સાખ નિસાન ॥૧॥

**હે સુંદરસાથજી! ધણીજીએ મને આ રીતે માયાનાં વિવિધ રૂપો દર્શાવી અનેક રીતે તેની વાસ્તવિકતાની તથા પોતાની ઓળખાણ કરાવી. ધર્મશાસ્ત્રોની અનેક સાક્ષીઓ પુરાવીને તથા નિશાનીઓ બતાવીને ધણીજીએ મારી આત્મ-જાગૃતિની કેટલીયે અવસ્થાઓ પણ બદલી મને મહેરાજમાંથી ઈન્દ્રાવતી, ઈન્દ્રાવતીમાંથી મહામતિ, અને અંતે સ્વયં ધણીના સમાન 'પ્રાણનાથ' બનાવી દીધી!**

હકકી બાતેં અનેક હૈં, કહી ન જાએ યા મુખ ।
ઈન ઝૂઠે ખેલમેં બૈઠાએકે, કઈ દિએ કાયમ સુખ ॥૨॥

**હે સુંદરસાથજી! ધામધણીની મહેરબાનીની આવી તો અનેક વાતો છે, જે આ મુખથી વર્ણવી શકાય તેમ નથી. આ મિથ્યા માયાના ખેલમાં બેસાડી ધણીજીએ કેટલાય પ્રકારનાં અખંડ સુખો આપ્યાં છે.**

## ૫.૨ : રહેણીઃ 'મૈં ખુદી' મારવાની એક માત્ર દવા!

મૈં પેહેલે કેહેની કહી, કિયા કામ દુનીકા સબ ।
પર એક ફૈલ રેહેનીયકા, લિયા ન સિર પર તબ ॥૩॥

**શરૂઆતમાં જ્યારે હું સત્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીના ચરણોમાં હતી, ત્યારે તો હું પરમધામની વાતો કરી માત્ર કહેણીના સ્તર પર જ જીવન વ્યતિત કરી રહી હતી. સાથે સાથે સર્વ પ્રકારનાં લૌકિક કાર્યો (માયાની કરણી) પણ કરતી રહી હતી. પરંતુ તે સમયે ધામની રહેણીને પ્રકાશિત કરવાવાળું એક પણ 'પ્રેમ-સેવા'નું કાર્ય મેં મારા શિરે લીધું નહિ.**

અબ આયા બખત રેહેનીયકા, રાત મેટ હુઈ ફજર ।
અબ કેહેની રેહેની હુઆ ચાહે, છોડ દુની લે અર્સ નજર ॥૪॥

**હવે હબસામાં થયેલ દર્શનના પ્રસંગ બાદ મારા માટે ધામની રહેણીમાં આવી જવાનો સમય આવી પહોંચ્યો છે. મારા માટે અજ્ઞાનની રાત્રિ સમાપ્ત થઈ ગઇ છે અને તારતમજ્ઞાનના ઉદયથી પ્રભાત થયું છે અર્થાત્ મારામાં ધણીજીની જાગ્રતબુધ્ધિ બેસી ગઈ છે. હવે દુન્યવી દૃષ્ટિ છોડીને તથા પોતાના પરમધામને નજરમાં લઇને મારી પ્રત્યેક કહેણી ધામની રહેણીમાં પરિવર્તિત થવા ઝંખી રહી છે.**

અબ સમયા આયા રેહેનીયકા, રુહ ફૈલકો ચાહે ।
જો હોવે અસલ અર્સકી, સો ફૈલ લે હાલ દેખાએ ॥૫॥

**હવે, કેમ કે ધામની રહેણીનો સમય આવી પહોંચ્યો છે, મારી આતમ પણ બસ એ જ પ્રમાણેની કરણી કરવા ઉત્સુક છે. જે પરમધામની આત્મા હોય તે તો ધામની કરણી કરી પોતાની રહેણીને પણ એવી જ બનાવી દે છે.**

કેહેની કહી સબ રાતમેં, આયા ફૈલ હાલકા રોજ ।
હક અર્સ નજરમેં લેયકે, ઉડાએ દેઓ દુની બોઝ ॥૬॥

**મને એ દૃઢ થઇ ગયું છે કે શરૂઆતમાં અજ્ઞાનની દશામાં હું માત્ર પરમધામની વાતો જ કરતી રહી; પરંતુ હવે તો તે વાણી-વચનોને કરણીમાં પરિવર્તિત કરી ધામની રુહની રહેણીમાં આવી જવાનો સમય પાક્યો છે. હવે બસ એ જ તમન્ના છે કે પોતાની નજરમાં ધણીજીના શ્રી ચરણકમલ તથા ધામને લઇને આ મિથ્યા સંસારના બંધનોથી મુક્ત થઈ જાઉં.**

જો હકેં કેહેલાયા સો કહ્યા, ઈત મૈં બીચ કહૂં નાહેં ।
ફૈલ હાલ સબ હકકે, હકેં સક મેટી દિલ માહેં ॥૭॥

**હે સુંદરસાથજી! શ્રી રાજજી મહારાજે જે પણ કહેવડાવ્યું છે, બસ એટલી વાતો મેં કહી દીધી છે. આ વાતોમાં મારી પોતાની 'મૈં' ને કોઇ જ સ્થાન નથી. મારા દ્વારા થનારી પ્રત્યેક કરણી તથા રહેણી એ સર્વે ધણીની જ છે અર્થાત્ આ તમામ માત્ર ધણીજી દ્વારા જ પ્રેરિત છે. આ બાબતે શ્રી રાજજી મહારાજે મારા સર્વે સંશયો મિટાવી દીધા.**



D:\Pranam/Chitvani/45

## ૫.૩ : કહેણી, કરણી તથા રહેણીનો શ્રેષ્ઠ સાર

ઈલમ દિયા હકેં અપના, ઔર દઈ અસલ અકલ ।
જોસ ઈસ્ક સબ હકકે, સબ ઉમત કરી નિરમલ ॥૮॥

**શ્રી રાજજી મહારાજે પોતાનો ઈલમ બક્ષ્યો તથા ધામની મૂળ અકલ (જાગ્રતબુધ્ધિ) પણ બક્ષી. પોતાનો જોશ તથા ઈશ્ક પણ બક્ષ્યો, તથા સમસ્ત બ્રહ્મસૃષ્ટિઓ પર ચઢેલ ફરામોશીનો વિકાર હટાવી તે સૌને નિર્મળ કરી દીધાં.**

ઈન જડ થેં તબ મૈં નિકસી, જબ આકીન દિયા આપ ।
સકેં સારી ભાનકે, તુમ સાહેબ કિયા મિલાપ ॥૯॥

**હે ધણી! જ્યારે આપે મને વિશ્વાસ અપાવ્યો ત્યારે હું આ માયાના પ્રબળ પ્રવાહથી મુક્ત થઈ શકી. મારા સર્વ પ્રકારના સંશયોનું નિવારણ કરી આપ સાહેબે મારી સાથે મિલાપ કર્યો.**

એ મૈં કાઢી તુમ ઈન વિધ, ઈન મૈં મેં ન આવે સક ।
યોં કાઢી ખુદી મૈં સાથકી, હકેં કિએ આપ માફક ॥૧૦॥

**હે ધણી! આ રીતે તમે મારી 'મૈં ખુદી' નું નિર્મૂલન કર્યું. હવે આ 'મૈં ખુદી'ના વિષયે મને કોઇ જ સંશય રહ્યો નથી. હે ધણી! જેવી રીતે તમને મારી 'મૈં ખુદી'ને નિર્મૂળ કરી દીધી છે, તેવી જ રીતે આપશ્રીએ સર્વે સુંદરસાથજીની 'મૈં ખુદી' પણ મિટાવી દીધી છે. એટલું જ નહિ, આપ ધણીજીએ સર્વે સુંદરસાથજીને પોતાના સમાન પણ બનાવી દીધા છે.**

હુકમેં હાથ પકડકે, દિયા ફૈલ હાલ બેસક ।
તબ જોસ ઈસ્ક દેખાયા, જાસોં પાયા હક ॥૧૧॥

**આપશ્રીના હુકમે મારો હાથ પકડી મને બેશક ધામની કરણી તથા રહેણી તરફ પ્રેરિત કરેલ છે. જ્યારે આમ થયું ત્યારે આપશ્રીએ આપના જોશ તથા ઈશ્કનું સ્વરૂપ મને બતાવ્યું, જેને લઇને હું આપ ધામધણીજીને પામી શકી.**

જોસ હાલ ઔર ઈસ્ક, એ આવે ન ફૈલ હાલ બિન ।
સો ફૈલ હાલ હકકે, બિના બકસીસ ન પાયા કિન ॥૧૨॥

**આપનો જોશ તથા ઈશ્ક આ બંને ધામની કરણી તથા રહેણી વિના**

**ના આવી શકે. આ પ્રકારની કરણી તથા રહેણી આપ ધણીની મહેર વિના કોઇને પણ બક્ષિશરૂપે ના મળી શકે.**

કલામ હક જુબાનકે, તિનકા કહૂં વિવેક ।
ઈન કેહેનીસે કાયમ હુએ, દુની પાયા હક એક ॥૧૩॥

**હે સુંદરસાથજી! શ્રી રાજજી મહારાજના મુખારવિંદથી પ્રવાહિત બ્રહ્મવાણીની વાસ્તવિકતા હું કહું છું. આ વચનોને જાહેર કરવાથી સંસારને એક પારબ્રહ્મની ઓળખાણ થઈ તથા અખંડ મુક્તિ મળી.**

જિન કેહેની કિલ્લીયસે, ખુલ્યા ભિસ્તકા દ્વાર ।
સો કેહેની છુડાઈ હુકમેં, દે ફૈલ રેહેની સાર ॥૧૪॥

**જે જાગ્રતબુધ્ધિની તારતમવાણીરૂપી ચાવીથી ભિસ્ત (અખંડ મુક્તિ)નાં દ્વાર ખુલ્યાં, તે સર્વે કહેણી પણ હવે શ્રી રાજજીના હુકમે કરી તથા રહેણીનો શ્રેષ્ઠ સાર દર્શાવી છોડાવી દીધી. અર્થાત્, મારી પ્રત્યેક કહેણીને પ્રેમ-સેવારૂપી કરણી તથા ધામની રહેણીમાં બદલી દીધી.**
*(અહીં આમ કહેવાનું તાત્પર્ય કહેણીની અનાવશ્યકતા દર્શાવવાનું નથી. પરંતુ, એ દર્શાવવાનું છે કે કહેણીથી વધુ વજન કરણીનું અને કરણીથી વધુ વજન રહેણીનું છે.)*

એ જો કેહેની ઈન ભાંતકી, કિએ કાયમ ચૌદે તબક ।
સો છુડાઈ કેહેનીયકો, જાસોં પાયા દુનિયાં હક ॥૧૫॥

**શ્રી મુખવાણીનાં આ વચનો એવાં સક્ષમ છે કે જેમણે ચૌદેલોકોને અખંડ મુક્તિ બક્ષી છે. પરંતુ, હવે જે જાગ્રતબુધ્ધિના જ્ઞાનરૂપી કહેણીથી સંસારના જીવોને પારબ્રહ્મની ઓળખાણ થઇ છે, તેનાથીયે વધુ આગળ મને પહોંચાડી દીધી છે.**

કહે હુકમ આગે રેહેનીયકે, કેહેની કછુએ નાહેં ।
જોસ ઈસ્ક હક મિલાવહીં, સો ફૈલ હાલકે માહેં ॥૧૬॥

**હવે ધણીજીનો હુકમ કહે છે કે રહેણીની સરખામણીમાં કહેણીનું મહત્વ કંઈ જ નથી. પારબ્રહ્મનો મિલાપ કરાવનાર જોશ અને ઈશ્કની પ્રાપ્તિ તો માત્ર ધામની કરણી તથા રહેણીમાં આવવાથી જ સંભવી શકે.**

દુનિયાં કેહેની કેહેત હૈ, સો ડૂબત મૈં સાગર ।
મૈં લેહેરેં મેર સમાનમેં, કોઈ નિકસ ન પાવે બકા ઘર ॥૧૭॥





**માત્ર કહેણી કહ્યા કરવાના સ્તર પર જીવન જીવવું એ તો દુનિયાના જીવોની રીત છે. આ જ કારણે દુનિયાના લોકો 'મૈં ખુદી'ના સાગરમાં ડૂબેલા રહે છે. 'મૈં ખુદી'ના સાગરની લહેરો પણ પહાડની સમાન છે. આ 'મૈં ખુદી'ના નશાથી મુક્ત થયા વિના કોઇ અખંડ ઘર (યોગમાયા, પરમધામ)ને પ્રાપ્ત કરી શકે નહિ.**

એ ખેલ મોહોરે કથ કથ ગએ, સો જલે ખુદી બેખબર ।
આપ લેહેરેં માહેં અપની, ગોતે ખાત ફેર ફેર ॥૧૮॥

**હે સુંદરસાથજી! ત્રિદેવ સહિત આ સંસારના મોટા મોટા લોકો પણ 'મૈં ખુદી' વિષે કહી કહીને થાક્યા છે. તેઓ સ્વયં પણ પોતાની 'મૈં ખુદી'ના નશામાં ભસ્મિભૂત થઇ ગયા અને પોતાના જ્ઞાનના ગુમાનને કારણે તે સૌ આ મિથ્યા સંસારમાં વારંવાર ગોથાં ખાય છે.**

ઓહી ઉનોંકા કિબલા, છોરેં નાહીં ખ્યાલ ।
મૈં મૈં કરત મરત નહીં, ઈનકે એહી ફૈલ હાલ ॥૧૯॥

**તેમનો અહમ્ જ તેમના માટે પારબ્રહ્મ સમાન છે, જેને તેઓ પોતાના દિલમાંથી કાઢી શકતા નથી. સદૈવ 'હું, હું' કર્યા કરવાવાળા લોકોનો અહંકાર કદીયે સમાપ્ત થતો નથી. તેમની કરણી અને રહેણી આ 'મૈં ખુદી'થી રંગાયેલી હોય છે.**

અબ કૈસી મૈં બીચ ખેલકે, જો ખેલત કબૂતર ।
એ જો નાબૂદ કછુએ નહીં, તો મૈં કેહેત ક્યોં કર ॥૨૦॥

**હવે આ ખેલના જીવો, જે જાદુગરના કબૂતરોની જેમ અસ્તિત્વહીન છે, તેમના 'હું પદ'ના સ્વરૂપ વિશે વિચાર કરો. જ્યારે સંપૂર્ણ ક્ષરબ્રહ્માંડનો ખેલ જ અસ્તિત્વહીન છે તો પછી આ ખેલના જીવો 'હું' એ શબ્દનો પ્રયોગ જ શી રીતે કરી શકે?**

ખેલ કિયા તુમ વાસ્તે, જો દેખત બૈઠે વતન ।
સો દેખકે ઉડાવસી, જિન વિધ ઝૂઠ સુપન ॥૨૧॥

**હે સુંદરસાથજી! આ ખેલ તમારા માટે જ રચવામાં આવ્યો છે, જે તમે પરમધામમાં બેસીને જ જોઇ રહ્યા છો. જેવી રીતે મિથ્યા સ્વપ્ન (જાગ્રત થતાં જ) ઊડી જાય છે, તેવી રીતે આ ખેલ પણ નિજધામમાં જાગ્રત થતાં જ અદૃશ્ય થઇ જશે.**

જો રુહેં હોએ અર્સકી, સો તો તલે હુકમ ।
જાનત ત્યોં ખેલાવત, ઊપર બૈઠ ખસમ ॥૨૨॥

**જે પરમધામની આત્માઓ છે, તે સર્વે શ્રી રાજજી મહારાજના હુકમને આધીન છે. પરમધામમાં બેસીને શ્રી રાજજી મહારાજ જેવું ચાહે છે, તેવું જ પોતાના હુકમ દ્વારા તે સૌને ખેલમાં રમાડી રહ્યા છે.**

### ૫.૪ - સાથજી! એવી ચાલ ચાલીએ કે કોઇ વાતનો ગુનો ન લાગે

ઈનમેં ભી મૈં હૈ નહીં, જો એ સમઝેં મૂલ ઈલમ ।
ફૈલ હાલ ઈસ્ક લેવહીં, તબ હકકી મૈં આતમ ॥૨૩॥

**જો કદી બ્રહ્માત્માઓ આ જાગ્રતબુધ્ધિની તારતમવાણીને સમજી લે, તો તેમના અંદરનો અહમ્ભાવ સમાપ્ત થઇ જાય. તેઓ જ્યારે પોતાની કરણી તથા રહેણી દ્વારા ધણીજીનો ઇશ્ક ગ્રહણ કરી લે, તો તેમનામાં પરમધામની અંગના હોવાનો અર્થાત્ 'ધણીજીની મૈં' આવ્યાનો ભાવ પેદા થઈ જાય.**

તબ ગુનાહ કછૂ ના લગે, જો કીજે ઐસી ચાલ ।
સો સુકન પેહેલે કહે, જો કોઈ બદલે હાલ ॥૨૪॥

**હે સાથજી! જો આ પ્રમાણેનું આત્મિક કક્ષાનું આચરણ કરવામાં આવે તથા જીવન-રહેણીમાં બદલાવ લાવવામાં આવે તો આત્માને કોઇ ગુન્હો લાગશે નહિ. આ બાબતની સ્પષ્ટતા મેં પહેલેથી જ કરી દીધી છે.**

ઈન વિધ મૈં મરત હૈ, બૈઠે તલે કદમ ।
જોસ ઈસ્ક આવે હાલમેં, લેયકે હક ઈલમ ॥૨૫॥

**આ રીતે, ધણીનો ઈલમ (કૌલ) હૃદયમાં ધારણ કરીને, તત્પશ્ચાત્ તે ઈલમને કરણી (ફૈલ) દ્વારા વ્યાખ્યા કરી જીવન જીવવાથી આતમને ધણીજીનો જોશ તથા ઈશ્ક પ્રાપ્ત થઈ શકે છે. પરિણામ સ્વરૂપ, ધણીજીના શ્રી ચરણોમાં બેઠા હોવાની દંઢતા હૃદયમાં ઊભી થતા મિથ્યા અહમ્ સમાપ્ત થઇ જાય છે.**



D:\Pranam/Chitvani/47

### ૫.૫ : તારતમવાણીના પ્રભાવથી 'મિથ્યા અહમ્' અવશ્ય નિર્મૂળ થઇ શકે!

જો સુધ મલકૂતમેં નહીં, ના સુધ નૂર વતન ।
સો ગિરો દિલ પૂરન ભઈ, મૈં કાઢી બકસીસ ઈન ॥૨૬॥

**જે તારતમવાણીના ઈલમની ઓળખાણ વૈકુંઠ તથા અક્ષરબ્રહ્મના યોગમાયા બ્રહ્માંડમાં કોઇને પણ નથી, તે હવે આ મિથ્યા સંસારમાં બ્રહ્મસૃષ્ટિ આત્માઓના દિલમાં પૂર્ણતઃ આવી વસી છે.**

ઈન મૈં કો હક બિના, કબહૂં ન કાઢી જાએ ।
સો મુઝ પર મેહેર હકેં કરી, મૈં જરેકો દેત ઉડાએ ॥૨૭॥

**શ્રી રાજજી વિના આ 'મિથ્યા અહમ્' ને કોઇ પણ ક્યારેય નિર્મૂલ કરી શકે તેમ નથી. માટે શ્રી રાજજીએ મારા પર આવી મહેર વરસાવી છે કે જેનાથી મારામાં રહી ગયેલ અલ્પ-માત્ર મિથ્યાભિમાન પણ જડ-મૂળથી સમાપ્ત થઈ ગયેલ છે.**

ના તો એ મૈં ઐસી નહીં, જો નિકસે કિએ ઉપાએ ।
મેહેનત કર ત્રિગુન થકે, કોઈ સકે ન મૈં કો ફિરાએ ॥૨૮॥

**અન્યથા, આ 'મિથ્યાભિમાન' દૂર કરવું એટલું સહેલું નથી કે જે માત્ર પોતાની મેળે પ્રયત્નો કરવાથી સંભવી શકે. ત્રિગુણ-બ્રહ્માજી, વિષ્ણુ ભગવાન તથા શંકરજી પણ મહેનત કરી કરીને થાકી ગયા. પરંતુ તેમનામાં કોઇપણ પોતાનાં આ મિથ્યાભિમાનને પારબ્રહ્મ ધણી તરફ વાળી શક્યા નથી.**

એ દુનિયાં ચૌદે તબકમેં, કિન જાન્યો ન મૈં કો બલ ।
કિન મૈં કો પાર ન પાઈયા, કઈ દૌડાએ થકે અકલ ॥૨૯॥

**ચૌદ લોકોના આ બ્રહ્માંડમાં કોઇને પણ મિથ્યા 'મૈં ખુદી'ની શક્તિનો પરિચય નથી થયો. કોઇ પણ તેનો પાર પામી શક્યા નથી. સૌ કોઈ પોતપોતાની અક્કલ લગાવી થાકી ગયા છે.**

ઈન મૈં મેં ડૂબ્યા સબ કોઈ, યાકો પાર ન પાવે કોએ ।
યાકો પાર સો પાવહીં, જાકો મુતલક બકસીસ હોએ ॥૩૦॥

**આ મિથ્યા અહમ્ભાવના સાગરમાં સૌ કોઈ ડૂબેલા છે. એનો પાર**

**કોઈ પણ પામી શકતું નથી. તેનો પાર તો એ જ પામી શકે, જેને પારબ્રહ્મ ધણીની મહેરની બક્ષિસ પ્રાપ્ત થઈ હોય.**

એ બાની મૈં મારેયકી, સુની હોએ મોમિન ।
દુની તરફકી જીવતી, કબહૂં ન રેહેવે ઈન ॥૩૧॥

**જો કદી સુંદરસાથજી આ 'મૈં ખુદી' ને નિર્મૂળ કરનારી ધણીજીની આ શ્રીમુખવાણી સાંભળી લે તો તે ક્યારેય સંસાર તરફથી જીવિત રહી શકે નહિ.**

એ મૈં ઈન ગિરોહકી, કાઢેં એક ધની ધામ ।
એ મરે પેડસે હુકમેં, લે સાહેબકે કલામ ॥૩૨॥

**બ્રહ્મસૃષ્ટિ આત્માઓને લાગેલી આ માયાની 'મૈં ખુદી' (ફરામોશી) ને બસ એક શ્રી રાજજી મહારાજ જ કાઢી શકે તેમ છે. અક્ષરાતીત સાહેબની જાગ્રત-બુધ્ધિયુક્ત તારતમવાણીને હૃદયમાં ગ્રહણ કરી તેમના આદેશ મુજબ આ 'મૈં ખુદી' જડમૂળથી સમાપ્ત થઈ જશે.**

ઈલમ ખુદાઈ લદુન્ની, બકસીસ અસલ રોસન ।
જોસ ઈસ્ક લે બંદગી, નિસબત અસલ વતન ॥૩૩॥

**જાગ્રત-બુધ્ધિયુક્ત તારતમવાણી ખૂબ જ મહિમાપૂર્ણ અખંડ ધામની મૂળ બક્ષિશ છે. આ તારતમવાણી પરમધામના જોશ, ઈશ્કની સાધના તથા નિસ્બતના સુખથી પરિપૂર્ણ છે.**

અબ યોં હકકો યાદ કર, લે હુકમ સિર ચઢાએ ।
એ હક બિના મૈં દુનીયકી, સો સબ મૈં દેઊં ઉડાએ ॥૩૪॥

**હવે, આ રીતે શ્રી રાજજી મહારાજને રીજાવીને, તેમના આદેશને માથે ચઢાવીને, એક એ 'ધણીજીની મૈં' સિવાયની સંસારની દરેક જાતની 'મૈં ખુદી' ઉડાવી દઈશ.**

ઈત મૈં નેક ન આવહીં, ખડે હુકમ તલે જે ।
એ મૈં હકકી મેહેર લેયકે, કર નિસંક હિદાયત એ ॥૩૫॥

**હવે, જે સુંદરસાથ શ્રી રાજજી મહારાજના આદેશાનુસાર ચાલશે, તેમનામાં મિથ્યા સંસારનો અહમ્ભાવ લેશમાત્ર પણ નહિ આવી શકે. હવે, શ્રી ધણીજીની આ 'મૈં' તેમની મહેરના સહયોગથી બેશક ઉપદેશ આપશે,**



D:\Pranam\Chivani\48

**અર્થાત્ જાગણીનું કાર્ય કરશે.**

એ સુનિયો ખાસ ઉમત, ઈન મૈં કો કાઢો જડ મૂલ ।
લે સાહેદી લદુન્નીયસે, કૌલ ઈસા ઈમામ રસૂલ ॥૩૬॥

**હે બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથજી! ધ્યાનપૂર્વક સાંભળો. જાગ્રત-બુધ્ધિયુક્ત તારતમવાણી થકી ઈશા રુહઅલ્લાહ શ્રી શ્યામાજી સ્વરૂપ ધણી શ્રી દેવચંદ્રજી મહારાજ, ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજી મહારાજ તથા સત્ (અક્ષર સ્વરૂપ) રસૂલ સાહેબના વચનોની સાક્ષી લઇને પોતાની મિથ્યા 'મૈં ખુદી'ને જડમૂળથી દૂર કરી દો.**

### ૫.૬ : જેવું અસલ પર-આત્મના દિલમાં આવે છે, તેવું જ અહીં નકલમાં થઈ રહ્યું છે!

હકેં કિયા હુકમ વતનમેં, સો ઉપજત અંગ અસલ ।
જૈસા દેખત સુપનમેં, એ જો બરતત ઈત નકલ ॥૩૭॥

**શ્રી રાજજી મહારાજે પરમધામમાં જેવો આદેશ કરેલ છે, તેવો જ ભાવ આપણ સૌની પર-આત્મના અંગોમાં પેદા થાય છે. આપણા સૌની પર-આત્મ જેવું પણ સ્વપ્ન જોઈ રહેલ છે, તેની જ હૂબહૂ નકલ આપણું સંસારનું પંચભૌતિક તન કરી રહ્યું છે અર્થાત્ બરાબર એ જ પ્રમાણે આ સંસારી તન કર્મ કરી રહેલ છે.**

એ કરો તેહેકીક વિચારકે, જો હોએ અર્સ ઉમત ।
યોં અસલમેં હક જગાવત, તૈસા બદલત બખત ॥૩૮॥

**જે પણ કોઈ પરમધામની બ્રહ્મસૃષ્ટિ હોય, તે વિચાર કરીને નિશ્ચિત કરી લે કે પરમધામમાં શ્રી રાજજી મહારાજ જેટલું તથા જે રીતે આપણી પર-આત્મને જગાડે છે, એટલા જ પ્રમાણમાં તથા એવી જ રીતે આપણા માયાના તનના કૌલ (કહેણી), ફૈલ (કરણી) અને હાલ (રહેણી) બદલાતા રહે છે.**

કહે લદુન્ની ભોમ તલેયકી, હક બૈઠે ખેલાવત ।
તૈસા ઈત હોતા ગયા, જૈસા હજૂર હુકમ કરત ॥૩૯॥

**તારતમજ્ઞાન એ સ્પષ્ટ કહે છે કે, રંગમહોલની પ્રથમ ભોમમાં સ્થિત પાંચમી હવેલી, જે ગોલાકૃત મૂલમિલાવો છે, ત્યાં બેસાડીને ધામધણી આપણ**

બ્રહ્મસૃષ્ટિ આત્માઓને આ સ્વપ્નવત્ ખેલ રમાડી રહ્યા છે. ત્યાં બેઠાં બેઠાં ધામધણી જેવો આદેશ કરે છે તેવું જ અહીં બનતું ગયું છે.

## ૫.૭ : 'ધણીજીની મૈં' સાચી અને 'દુનિયાની મૈં' જૂઠી!

મોહે દિયા લદુન્ની રુહઅલ્લા, સો મૈં કહ્યા બેવરા કર ।
એ કિયા ઉમત કારને, જો વિચારો દિલ ધર ॥૪૦॥

**હે સુંદરસાથજી! મને શ્રી શ્યામાજી મહારાણીએ તારતમજ્ઞાન બક્ષ્યું. તેનો વિસ્તાર કરીને મેં તમને બતાવ્યો છે. આપ સૌ સુંદરસાથજીના લાભાર્થે જ મેં આમ કર્યું છે, જેનો આપ પોતાના દિલમાં વિચાર કરી જુઓ.**

એ રસૂલ અર્સ અજીમસે, લે આયા ફુરમાન ।
મૈં જો કહ્યા તુમેં લદુન્ની, સો જોડ દેખો નિસાન ॥૪૧॥

**તમને સૌને જાગ્રત કરવા માટે રસૂલ સાહેબ (અક્ષર-આત્મ) પરમધામથી ધણીજીનો મૂળ સંદેશો લઇને પધાર્યા છે. હે સાથજી! તમને સૌને મેં જે જાગ્રત-બુધ્ધિયુક્ત તારતમવાણી બક્ષેલ છે, તેની સાથે તમે નિશાનીઓ મેળવી જુઓ.**

કહે વિધ વિધકી સાહેદી, યા ફુરમાન યા હદીસ ।
ઔર ભેજે નામે વસીયત, સો ગિરો પર બકસીસ ॥૪૨॥

**બ્રહ્મસૃષ્ટિ આત્માઓની આત્મ-સાક્ષી માટે તેમણે કુરાન, હદીસ તથા વસીયતનામાઓ જેવી વિવિધ પ્રકારની બક્ષીસો મોકલેલ છે.**

*(પરમધામની સાક્ષી આપવા માટે શ્રીજીએ આ ત્રણે ને આવશ્યકતાનુસાર આધારભૂત માન્યાં છે. માટે, 'ફુરમાન' શબ્દનું તાત્પર્ય આ ત્રણેથી ગ્રહણ કરવું. સાથે સાથે શ્રીમુખવાણીમાં 'ફુરમાન' શબ્દનું તાત્પર્ય 'પારબ્રહ્મ ધણીજીનો આદેશ કે સંદેશ', તથા 'શ્રીમદ્ભાગવત' પણ થાય છે. ક્યાં, કયા સંદર્ભમાં કહેવામાં આવ્યું છે, તેનું ધ્યાન રાખવું આવશ્યક છે.)*

ઈત તીન સૂરત આએ મિલી, ભાંત ભાંત સાહેદી લે ।
સો લગાએ દેખો તુમ રુહ સોં, એ ઈલમ લદુન્ની જે ॥૪૩॥

**અત્યારે, ધણીજીનાં ત્રણે સ્વરૂપો (સુરતો)-બસરી, મલકી અને હક્કી વિવિધ પ્રકારની સાક્ષીઓ લઈને પધાર્યા છે. હે સાથજી! તમે આ સાક્ષીઓને લઇને આ તારતમવાણીનાં રહસ્યો પોતાની આત્મસાક્ષીએ વિચારી જુઓ.**



D:\Pranam\Chitvani\49

એહ કરત સબ હુકમ, લે અવ્વલસે આખિર ।
ઈત મૈં બીચ કાહૂમેં નહીં, મૈં લ્યાવે સો કાફર ॥૪૪॥

**આમ કરવાથી આપ સૌને એ દૃઢ થઈ જશે, કે શરૂઆતથી તે અંત સુધી આ સાક્ષીઓને આપવા તથા લેવાનું સર્વે કાર્ય ધણીજીનો આદેશ જ કરી રહ્યો છે. ધણીજીના આદેશની સર્વોપરિતાને જોતાં, આ બધી જ પરિસ્થિતિઓમાં મારી પોતાની 'મૈં ખુદી'ના અસ્તિત્વનો કોઇ જ પ્રશ્ન નથી ઉઠતો. જો આ વિષે કોઈને પણ જરાયે 'મૈં ખુદી'નો ભાવ આવતો હોય, તો તેને ચોક્કસપણે પારબ્રહ્મ ધણીજીથી વિમુખ એવો નાસ્તિક જાણવો.**

વિચાર દેખો ઈપ્તદાએસે, લે અપના તારતમ ।
આપન સોવત હૈં નીંદમેં, ખેલ ખેલાવત ખસમ ॥૪૫॥

**આપણી તારતમવાણીનો મૂળથી જ વિચાર કરીએ તો આપણે સૌ ફરામોશીની નિદ્રામાં સૂતાં છીએ. તથા આ સંપૂર્ણ સંસારરૂપી ખેલ શ્રી રાજજી મહારાજ બતાવી રહ્યા છે.**

એ જો સૂતે તુમ દેખત હો, ખસમ દેખાવત ખ્યાલ ।
સો અબ હીં દેત ઉડાએકે, હોસી હાંસી બડી ખુસાલ ॥૪૬॥

**હવે, આપ સૌ આ નિદ્રાવસ્થામાં જે પણ કાંઈ જોઇ રહ્યા છો, તે સર્વે ધામધણી જ બતાવી રહેલ છે. ધણીજી આ સ્વપ્નને પળભરમાં ઉડાવી દેશે. તત્પશ્ચાત્, પર-આત્મમાં સુરતા પાછી ફર્યા પછી ખૂબ જ પ્રસન્નતાદાયક હાંસી થશે.**

## ૫.૮ : હાંસી - 'મૈં ખુદી' કેન્દ્રિત જીવનશૈલીને કારણે

અબ મૈં કાહૂમેં નહીં, એ જો લેત સિર મૈં ।
એ હાંસી હોસી જ્યોં કર, જો કરત હૈં મૈં તૈં ॥૪૭॥

**હવે જ્યારે આત્મા અને પર-આત્મ બંને એક જગ્યાએ સ્થિર થઈ ગયા, ત્યારે કોઈનામાં પણ 'મૈં ખુદી', જેને માથે ચઢાવીને આજે સૌ કોઈ જીવન જીવી રહેલ છે, તે રહેશે નહિ. હાંસી એ જ વાતની થશે કે અહીંયા સૌ કોઈ 'હું અને તું'ના ચક્કરમાં (દ્વૈતભાવમાં) તથા પોતાના મિથ્યાભિમાનને કેન્દ્રમાં રાખીને તથા 'ધણીજીની મૈં' ને પરિઘીમાં રાખીને જીવન વ્યર્થમાં વેડફી રહેલ છે.**

તાથેં જો મૈં હકકી, રહત તલે હુકમ ।
મૈં દુનીકી મારકે, રહી દેખ ખેલ ખસમ ॥૪૮॥

**એટલા માટે, 'ધણીજીની મૈં' ધારણ કરેલી આત્મા તેમના આદેશને આધિન રહે છે તથા તે 'સંસારની મિથ્યા મૈં' ને મારીને (શુધ્ધરૂપથી દૃષ્ટા -pure observer- બનીને) પ્રિયતમ ધણીજી દ્વારા બતાવવામાં આવી રહેલ ખેલ જુએ છે.**

તાથેં મૈં ઈન ધનીકી, કરત હકકા કામ ।
એ ખેલ ખુસાલી લેયકે, જાગ બૈઠે ઈત ધામ ॥૪૯॥

**આમ (સાર એ જ છે કે આત્માની અંદર બેસીને) 'ધણીજીની મૈં' જ તેમનાં તમામ કાર્યો કરે છે. પરમધામના સુંદરસાથ વાસ્તવમાં કશું જ કર્યા વિના આ ખેલનો આનંદ લઈ પરમધામમાં પોતાની પર-આત્મના તનોમાં જાગ્રત થશે.**

એ સબ લેવે રોસની, પેહેચાનકે નિસબત ।
એ મૈં બકા હકકી, કરે હિદાયત મહામત ॥૫૦॥

**હે સુંદરસાથજી! પરમધામની આપણ બ્રહ્મસૃષ્ટિ-આત્માઓ તો પોતાના મૂળ સંબંધની ઓળખાણ કરીને તારતમવાણીનો આ પ્રકાશ ગ્રહણ કરશે, શ્રી મહામતિજીના માધ્યમથી 'ધામધણીજીની મૈં' જ આ પ્રકારની શિખામણ આપીને આપણ આત્માઓને જાગ્રત કરી રહેલ છે.**

*પ્રકરણ-૫ સંપૂર્ણ : ચોપાઈ-૨૫૯*

## ૬ : પંચ રોશનીનું મંગલાચરણ

આ પ્રકરણમાં 'પંચ રોશની' ઈલમ (નૂર), જોશ(ઈશ્ક), હુકમ, નિસ્બત(આત્મ દુલ્હન), તથા વાહેદતમય મૂળ વતનની જાગ્રત નિજ-બુધ્ધિના અહેસાસની છે. આ રોશની પ્રત્યેક આત્માના દિલમાં થવાથી જાગણી પ્રક્રિયા સંપન્ન થશે. શ્રી રાજજીના હુકમ, ઈલમ તથા વાહેદતમય બુધ્ધિ વિના આત્માને ઈશ્ક અને નિસ્બતની લજ્જત મળી શકતી નથી. આત્માના દિલમાં આ પાંચ દિવ્ય બક્ષિસોનો પ્રકાશ થાય તે માટેની આવશ્યક સમજ, પૂર્વ તૈયારીઓ તથા માનસિકતાની પ્રારંભિક ભૂમિકા બાંધવામાં આવેલ છે. ૪
૪ ન્ઝ ¬ ૪ જે ઘડીએ (જે



D:\Pranam/Chitvani/50

પળે) પરમધામમાં શ્રી રાજજીએ *'અલસ્તો-બે-રબ-કુંમ'* અર્થાત્ એક હું જ આપ સૌનો અખંડ ધણી (માલિક) છું એવી વાત કહી હતી, એ જ સમય, એ જ ઘડી અને એ જ પળ અત્યારે પણ ચાલી રહી છે! ધામનો ઈલમ સાંભળીને એ 'અણમોલ ઘડી'ને પકડી લેવા માટે આપણ સૌ સુંદરસાથને શ્રી ધણીજી આહ્વાન આપે છે, જેથી આપણે તેમના ઈશ્કની લજ્જત માણી શકીએ.

શ્રી ધણીજીએ મહેર કરી શ્રી દેવચંદ્રજીના તનમાં વિરાજમાન શ્રી શ્યામાજીને દર્શન આપી આપણ સૌ આત્માઓ માટે પરમધામનાં દ્વાર ખોલવાની ચાવી મોકલી છે. શ્રી શ્યામાજીના ઈલમરૂપી બક્ષિસનાં વાદળો પરમધામનું નૂર વરસાવી રહ્યાં છે. તેની બરકતથી નશ્વર દુનિયામાં સૌ કોઈને અખંડ પરમધામ તથા પારબ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થઈ રહયું છે. ƨ ¬ ૪ ड़ ૪
ƨ હે સુંદરસાથજી! આપણ આત્માઓના દિલમાં ઈલમ બેસાડીને પરમધામને સાહરગ અર્થાત્, પ્રાણનળીથી પણ વધુ નજીક બતાવી દીધું છે. ધામની મૂળ નિસ્બત જાણીને શ્રી ધણીજીએ પોતાનો બેશક ખુદાઈ ઈલમ આપી આપણા પર મોટી કૃપા તો કરી જ છે, પણ સાથે સાથે આપણા દિલને પોતાનું 'ધામ' પણ બનાવેલ છે. ¬ ƨ
૪ उ ƨड़उ ƨड़ ૪
ƨ ૪

સાથજી! ધામમાં હજી *'અલસ્તો-બે-રબ-કુંમ...મ...અ...અ...'* નો ધ્વનિ ગુંજી રહ્યો છે, તેનું ઈલમ થકી શ્રવણ કરો તથા ઈશ્કની લહેજત માણો. શ્રી રાજજીએ તો પોતાના ઈશ્કને દિલમાં કાયમ રાખીને આપણ આત્માઓને પોતાનાથી અલગ કર્યા જ નથી! અરે! સ્વયં ધણીજી જ પોતાની અંગનાને પોતાના દિલની વાતો સંભળાવી જાગ્રત કરી રહ્યા છે! ૪ ¬
ƨ ड़ ૪ સુંદરસાથજી! ધણીજીએ જે કરવું હોય છે, તે વાતને તેઓ અગાઉથી જ પોતાના દિલમાં લઈ લે છે. ત્યારબાદ એ વાત સંપૂર્ણ પરમધામના સચરાચરમાં વ્યાપી જાય છે. ૪
उ ƨ उ। उ ઙ

શ્રી ધણીજીની સાહેબી અત્યંત મહાન છે. ઈલમ તથા ઈશ્ક બંને પણ તેમના જ મોટા છે. વર્તમાનમાં તો આપણી આત્માને જગાડવા માટે ધણીજી દ્વારા વેઠવામાં આવેલ કષ્ટોની, તેમના ઈશ્ક અને નિસ્બતની કદર કરીએ એ જ સૌથી મોટી વાત

છે. ૪

## ૬.૧ : શ્રી શ્યામાજીના ઈલમરૂપી બક્ષિસનાં વાદળો અખંડ પરમધામનું નૂરી બ્રહ્મજ્ઞાન લઈ વરસી રહ્યાં છે.

ગૈબ બાતેં મેહેબૂબકી, બીચ બકા ખિલવત ।
હકેં ભેજી મુઝ ઊપર, રુહ-અલ્લા લ્યાએ ન્યામત ॥૧॥

**પ્રિયતમ શ્રીરાજજી મહારાજ સાથે અખંડ શ્રી પરમધામના મૂલમિલાવામાં એકાંતે થયેલ ઈશ્ક-પ્રેમની વાતો ખૂબ જ રહસ્યપૂર્ણ છે. ધામની એ સર્વે હકીકતોના ખુલાસા ધણીજીએ મારા દ્વારા જાહેર થઈ શકે એટલા માટે મોકલ્યા છે. તે મુજબ શ્રી શ્યામાજી સ્વરૂપ ધણી શ્રી દેવચંદ્રજી આ અખંડ બક્ષિસ લાવ્યા.**

રુહ-અલ્લા આયા રુહન પર, ઉતર ચૌથે આસમાન ।
સબ સુધ લાહૂતી લ્યાઈયા, જો લિખ્યા બીચ ફુરમાન ॥૨॥

**બ્રહ્મસૃષ્ટિ આત્માઓને માયાની બેસુધીમાંથી જગાડવા માટે શ્રી શ્યામાજી અક્ષરાતીત પરમધામ, જેને કુરાનમાં ચોથું આકાશ કહેલ છે, ત્યાંથી અવતર્યા છે. તેઓ પરમધામની તમામ હકીકતોનું જ્ઞાન લઇને આવ્યાં છે, જેનો ઉલ્લેખ સાંકેતિક રીતે કુરાનમાં થયેલ છે.**

ઈલમ લદુન્ની હકકા, કુંજી બકાકી જે ।
મેહેર કરી મુઝ ઊપર, ખોલ દિએ પટ એ ॥૩॥

**પારબ્રહ્મ ધણીનું આ તારતમજ્ઞાન, જે અખંડ પરમધામનાં દ્વાર ખોલવાની ચાવી છે, તે મારા ઉપર મહેર કરી મને બક્ષી અને પરમધામનાં દ્વાર ખોલી દીધાં.**

મોસોં મિલાપ કર કહ્યા, મૈં આયા રુહન પર ।
અરવાહેં જેતી અર્સકી, તિન બુલાવન ખાતિર ॥૪॥

**ધામધણીજીએ સાક્ષાત્ દર્શન આપીને મને કહ્યું છે કે, જેટલી પણ પરમધામની બ્રહ્મસૃષ્ટિ આત્માઓ છે, તે સર્વેને બોલાવવા માટે, માત્ર તેમના કારણે જ મારું અહીં આવવાનું થયું છે.**



D:\Pranam/Chitvani/51

મોહે કહ્યા તેરી રુહ, આઈ અર્સ અજીમ સોં ।
કુંજી દેત હોં તુઝકો, પટ ખોલ દે સબકો ॥૫॥

**મને ધણીજીએ કહ્યું કે હે ઈન્દ્રાવતી! તારી આત્મા પણ અખંડ પરમધામથી આવેલ છે, તથા હવે, તારતમજ્ઞાનની ચાવી હું તારા હાથમાં સુપ્રત કરું છું. તું આ ચાવી દ્વારા સૌના માટે અખંડનાં દ્વાર ખોલી દે.**

ન્યામત લ્યાએ સબ રાતમેં, લૈલત-કદરકે માહેં ।
બુલાએ લ્યાઓ રુહેં ફજરકો, વતન કાયમ હૈ જાંહેં ॥૬॥

**ધણીજી 'લૈલ-તુલ-કદ્ર'ની રાત્રિના ત્રીજા ચરણ દરમ્યાન તારતમજ્ઞાનની દિવ્ય બક્ષિશ લાવ્યા. તેમણે મને આદેશ કર્યો કે, હે ઈન્દ્રાવતી! ધામની આત્માઓને જ્યાં તેમનું અખંડ વતન છે, ત્યાં જાગ્રત કરો.**

અર્સ ચૌદે તબકોં, નજર ન આવત કિન ।
સો સેહેરગસે નજીક, દેખાયા બકા વતન ॥૭॥

**ચૌદેલોકના બ્રહ્માંડમાં, જે અખંડ પરમધામ કોઇનીયે દૃષ્ટિમાં નથી આવતું, તેને અક્ષરાતીત ધામધણીજીએ આપણી પ્રાણનળીથી પણ નજીક બતાવી દીધું.**

એહ ઈલમ જિન આઈયા, સેહેરગસે નજીક તાએ ।
એ પટ નજરોં ખોલકે, લિએ અર્સમેં બૈઠાએ ॥૮॥

**હે સાથજી! આ તારતમજ્ઞાન જે કોઇને પ્રાપ્ત થયું, તેના માટે તો પરમધામ પ્રાણનળીથી પણ નજીક થઈ જ ગયું એમ જાણવું. તારતમજ્ઞાન થકી ફરામોશીનું આવરણ દૂર કરી ધણીજીએ આપણને નિજ-ઘરમાં જગાડીને બેઠાં કર્યાં.**

એ નેક હકીકત કેહેત હોં, હૈ બાત બિના હિસાબ ।
સો જાને જો લેવે કુંજી, ખોલે માએને મગજ કિતાબ ॥૯॥

**હે સાથજી! ધણીજીની મહેરની આ વાતો તમને સંક્ષિપ્તમાં કહું છું; અન્યથા તે તો બેહિસાબ છે! આ રહસ્યને માત્ર એ જ સમજી શકે કે જેણે તારતમજ્ઞાનની આ ચાવી પોતાના હૃદયમાં ગ્રહણ કરી હોય. ધર્મગ્રંથોના ગૂઢ રહસ્યોનું સ્પષ્ટીકરણ પણ માત્ર એ જ કરી શકે.**

સબ કિતાબનકી, જબ પાઈ હકીકત ।
તબ તિન સબ જાહેર હુઈ, મહંમદ હક મારફત ॥૧૦॥

**જ્યારે તમામ વેદ-શાસ્ત્રો તથા પાશ્ચાત્ય ધર્મગ્રંથોની વાસ્તવિકતાના ભેદ સ્પષ્ટ સમજાઇ જશે, ત્યારે તેવી આત્માઓને પારબ્રહ્મ ધણી શ્રી રાજજી મહારાજના દિલની ગુહ્યતમ અર્થાત્, મારફતની વાતો સ્પષ્ટ સમજાઈ જશે.**

એહ ન્યામત જબ આઈ, તબ ખુલે સબ દ્વાર ।
જો પટ કાનોં ના સુને, સો ખોલે નૂરકે પાર ॥૧૧॥

**જ્યારે ધર્મગ્રંથોનાં ગૂઢ રહસ્યો જાહેર થઈ ગયાં, ત્યારે તેથી અખંડના તમામ દ્વાર ખૂલી ગયાં. તેનાથી અક્ષરધામની પાર અક્ષરાતીત પરમધામની હકીકત, જે આજદિન સુધી કોઇએ પોતાના કાને સાંભળી નહોતી તે ખુલી ગઈ.**

બાદલ રુહ-અલ્લાહકા, બરસ્યા વતની નૂર ।
અર્સ બકાકા નાસૂતમેં, હુઆ સબ જહૂર ॥૧૨॥

**રુહઅલ્લાહ શ્રી શ્યામાજીના ઈલમરૂપી બક્ષિસનાં વાદળો અખંડ પરમધામનું નૂરી બ્રહ્મજ્ઞાન લઈ વરસી રહ્યાં છે, જેનાથી આ મૃત્યુલોકમાં સૌને અખંડ પરમધામનું જ્ઞાન થઇ રહ્યું છે.**

જબ થેં દુની પૈદા હુઈ, અબ લગ થેં અવ્વલ ।
બકા પટ કિને ન ખોલ્યા, કઈ ગએ બ્રહ્માંડ ચલ ॥૧૩॥

**જ્યારથી આ સૃષ્ટિ પેદા થઇ છે ત્યારથી માંડીને આજદિનપર્યંત જેટલાં પણ બ્રહ્માંડ બન્યાં અને મટી ગયાં, એ સૌમાં કોઇપણ એવું નથી નીકળ્યું, કે જેણે પરમધામની હકીકતોને સ્પષ્ટરૂપમાં જાહેર કરી હોય.**

અવ્વલ પૈદા હોએકે, દુની હો જાત ફના ।
તિનમેં કછુએ ના રહે, જ્યોં ઉડ જાત સુપના ॥૧૪॥

**આદિકાળથી જ આ સંસારની ઉત્પત્તિ અને પ્રલયની પ્રક્રિયા ચાલતી રહી છે. જેવી રીતે જાગ્રત થતાં સપનું ઊડી જાય છે, તેમ પ્રલય થતાં સૃષ્ટિમાં કશું જ રહેતું નથી.**

ઐસે ખેલ કઈ હુએ, સો ફના હી હો જાત ।
એક જરા બાકી ના રહે, કોઈ કરે ન બકાકી બાત ॥૧૫॥



D:\Pranam/Chitvani/52

**આવાં તો અનેકો બ્રહ્માંડો સર્જાયાં, તથા તે સર્વે સમાપ્ત પણ થતાં રહે છે. તેમાંનું કશુંયે શેષ રહેતું નથી. તેમ છતાંયે અખંડ પરમધામની વાત કોઈ કરતું નથી!**

દૌડે કઈ પૈગંમર, કઈ તીર્થંકર અવતાર ।
અવ્વલસે આખિર લગ, કિન ખોલ્યા ન બકા દ્વાર ॥૧૬॥

**કેટલાયે પૈગંબરો, તીર્થંકરો અને અવતારોએ સૃષ્ટિના આરંભથી તે અંત સુધી અનેક પ્રયત્નો કર્યા, પરંતુ કોઇ પણ અખંડ પરમધામનું દ્વાર ખોલી શક્યું નહિ.**

ચૌદે તબકોં બકાકા, કોઈ બોલ્યા ન એક હરફ ।
તો એ ક્યોં પાવે હક સૂરત, કિન પાઈ ન બકા તરફ ॥૧૭॥

**ચૌદેલોકની દુનિયામાં કોઈએ અખંડ પરમધામ વિષે એકપણ શબ્દ ઉચ્ચાર્યો નથી, તો પછી તેમના જ્ઞાનના સહારે પારબ્રહ્મના સ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?**

જો હક પૈદા હોએ નાસૂતમેં, તો હોય સબે હૈયાત ।
ઈલમ અપના દેયકે, કરેં જાહેર બકા બિસાત ॥૧૮॥

**હવે, જો પારબ્રહ્મ સ્વયં આ નશ્વર જગતમાં આવીને, પોતાનો જાગ્રત ઈલમ આપીને પરમધામની હકીકત કહે, તો તેના અખંડ થવાની સંભાવના બને.**

સો ઈલમ રુહઅલ્લા, લે આયા હકકા ।
સેહેરગસે નજીક દેખાએકે, માહેં બૈઠાવત બકા ॥૧૯॥

**એટલા માટે, પારબ્રહ્મ શ્રી રાજજી મહારાજનો જાગ્રત ઈલમ લઇને રુહઅલ્લાહ શ્રી શ્યામાજી પધાર્યાં. તેઓ બ્રહ્માત્માઓને તેમની શ્વાસનળીથી પણ નજીક પરમધામ બતાવીને તેમની સૌની સુરતાને પરમધામમાં પહોંચાડી રહ્યા છે.**

## ૬.૨ : ધણીએ જગાડી તો પણ હું ન જાગી!

એ બાત સુનો તુમ મોમિનોં, અપની કહૂં બીતક ।
મેહેર કરી મુઝ ઊપર, એ ઈલમ ખુદાઈ બેસક ॥૨૦॥

**હે સુંદરસાથ! હવે હું ઇન્દ્રાવતી તમને મારી પોતાની વીતક વાત કહું**

**છું, તે સાંભળો. પોતાની બેશક તારતમવાણી બક્ષિશ કરીને ધામધણીએ શ્રી શ્યામાજી થકી મારા ઉપર મોટી કૃપા કરી છે.**

કૌલ અલસ્તો-બે-રબકા, કિયા રુહોં સોં જબ ।
હક ઈલમસે દેખિએ, સોઈ સાઈત હૈ અબ ॥૨૧॥

**સંસારરૂપી ખેલમાં મોકલતાં પૂર્વે શ્રી રાજજી મહારાજે બ્રહ્માત્માઓને કહ્યું હતું કે, "અલસ્તો-બે-રબ-કુમ" અર્થાત્ "એકમાત્ર હું જ તમારો સાચો ધણી છું." ધણીજીના તારતમજ્ઞાનથી વિચારશો તો સમજાઈ જશે કે એ જ ઘડી હાલ પણ ચાલી રહી છે.**

દુનિયાં દિલ મજાજી, કહ્યા સો કછુએ નાહેં ।
ઔર દિલ હકીકી મોમિન, હક અર્સ કહ્યા ઈનોં માહેં ॥૨૨॥

**દુનિયાના જીવોનાં દિલ તો મજાજી (માયાવી) કહેવામાં આવ્યાં છે, જેમનું વાસ્તવમાં કંઈ અસ્તિત્વ જ નથી. તો બીજી તરફ, બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથનાં દિલ સચ્ચાઈવાળાં અર્થાત્ હકીકી કહેવામાં આવ્યાં છે. આથી તેમના દિલને પારબ્રહ્મ શ્રી રાજજીનું ધામ અથવા અર્શ કહેવામાં આવ્યું છે.**

ઈલમ હક ઔર દુનીકા, કહી જાએ ના તફાવત ।
એ સુકન સુન રુહ મોમિન, આવસી અર્સ લજ્જત ॥૨૩॥

**શ્રી રાજજી મહારાજની તારતમ વાણી તથા સંસારના ધર્મગ્રંથોના જ્ઞાન વચ્ચેનો તફાવત વર્ણવી શકાય તેમ નથી! આ અખંડ બ્રહ્મજ્ઞાન સાંભળી બ્રહ્માત્માઓને પરમધામના આનંદની અનુભૂતિ થઈ શકશે.**

બીચ બકાકે રુહન સોં, હકેં કરી ખિલવત ।
સો સાથ રુહ-અલ્લાહકે, ભેજે સંદેસે ઈત ॥૨૪॥

**અખંડ પરમધામ સ્થિત મૂલમિલાવામાં બેસીને ધામધણીજીએ બ્રહ્માત્માઓ સાથે જે વાર્તાલાપ કર્યો હતો, તે સંબંધી સાક્ષીરૂપ સંદેશાઓ તેમને શ્રી શ્યામાજી સ્વરૂપ સત્ગુરુ સાથે સંસારમાં મોકલ્યા.**

રુહ-અલ્લા આએ અર્સસે, મુઝ સોં કિયા મિલાપ ।
કહે મૈં આયા તુમ વાસ્તે, મુઝે ભેજ્યા હૈ આપ ॥૨૫॥

**અખંડ પરમધામથી શ્રી શ્યામાજી મહારાણી પધાર્યા, તથા ખેલમાં આવી મને ઈન્દ્રાવતીને મળ્યાં. તેઓએ મને કહ્યું કે હું તમારા કારણે જ આવેલ છું, અને સ્વયં ધામધણીએ મને મોકલેલ છે.**



D:\Pranam/Chitvani/53

એ ન્યામત હકકે દિલકી, સોઈ જાને દઈ જિન ।
યા દિલ જાને મેરી રુહકા, સો કહૂં આગે મોમિન ॥૨૬॥

**શ્રી રાજજી મહારાજના દિલની આ વાહેદતમય બક્ષિસનો મહિમા કાં તો જેણે એ બક્ષિસ આપી છે, તે શ્રી રાજજી સ્વયં જાણે છે અથવા તો મારી પોતાની આત્માનું દિલ! તેથી હું તે આપ સૌ સુંદરસાથ સમક્ષ કહી શકું છું.**

એ ન્યામત વાહેદતકી, હકકે દિલકી બાત ।
ઔર કોઈ ના લે સકે, બિના બકા હક જાત ॥૨૭॥

**પરમધામની આ વાહેદતમય બક્ષિસ તો શ્રી રાજજી મહારાજના દિલની મોજની વાત છે. તેને બ્રહ્મસૃષ્ટિ આત્માઓ, જે પારબ્રહ્મ હક્ની જ જાત છે, તેમના સિવાય બીજું કોઇ ગ્રહણ કરી શકે નહિ.**

રુહ-અલ્લા કહે અર્સસે, તેરી રુહ આઈ ઉતર ।
મૈં દઈ બકા તોહે ન્યામત, અવ્વલસે આખિર ॥૨૮॥

**ધણી શ્રી દેવચંદ્રજીની અંદર વિરાજમાન શ્રી શ્યામાજીએ કહ્યું કે હે ઈન્દ્રાવતી! તારી આત્મા પરમધામથી આ સંસારી ખેલમાં અવતરેલ છે. મેં તને અખંડ પરમધામની એ તારતમરૂપી નિધિ આદિથી અંત સુધીના તમામ રહસ્યો સમજાવીને પ્રદાન કરી છે.**

બાદલ બરસ્યા રુહ-અલ્લા, એ બૂંદે લઈ જો તિન ।
ઔર કોઈ ન લે સકે, બિના અર્સ રુહન ॥૨૯॥

**હે સુંદરસાથજી! શ્રી શ્યામાજીના તારતમજ્ઞાનની વર્ષાનાં વાદળો વરસ્યાં છે. તેની બુંદોનું રસપાન પરમધામની આત્માઓએ કર્યું. તેમના સિવાય અન્ય કોઈપણ તે દિવ્ય વર્ષાનું પાન કરી શકવામાં સક્ષમ નથી.**

જિન પિઆ મસ્તી તિનકી, બીચ દુનીકે છિપે નાહેં ।
સો મસ્તી મોમિનોં જાહેર હુઈ, ચૌદે તબકોં માહેં ॥૩૦॥

**જે કોઇએ પણ આ બેશક તારતમરૂપી ઈલમને સમજી તેની મસ્તી પ્રાપ્ત કરી લીધી છે, તે પોતાની રહેણી થકી સંસારમાં છૂપાં રહી શકે નહિ. પરમધામના સુંદરસાથની રહેણીની મસ્તી ચૌદેલોકોમાં છૂપી રહી શકે નહિ.**

હકેં ન છોડે અવ્વલસે, અપના ઈસ્ક દિલ લ્યાએ ।
આપ ઈસ્ક ન છોડી નિસબત, પર મૈં ગઈ ભુલાએ ॥૩૧॥

**શ્રી રાજજી મહારાજે તો હરહંમેશ પોતાના દિલમાં રુહો પ્રત્યેનો ઈશ્ક કાયમ રાખી બતાવ્યો. આપ ધણીજીએ ન તો આપનો ઈશ્ક છોડ્યો, કે ન તો મૂળ નિસ્બતી અંગનાઓને પોતાનાથી અલગ કરી; પણ મારાથી તો બધું જ ભૂલાઈ ગયું!**

જગાઈ તો ભી ના જાગી, આપ કહ્યા ઈત આએ ।
મૈં પરી બીચ ફરેબકે, મોહે થકે જગાએ જગાએ ॥૩૨॥

**આપ શ્રી રાજજી મહારાજે સ્વયં સત્‌ગુરુ સ્વરૂપે આ સંસારમાં પધારી મને જાગ્રત કરી. તેમ છતાંયે, હું જાગી શકી નહિ. તેઓ મને જગાવી જગાવીને થાકી ગયા, પણ હું તો ઉલટી માયામાં જ વધુ ફસાયેલી રહી.**

## ૬.૩ : ધણી મહાન, ધણીનો ઇશ્ક મહાન

ઈસ્ક ન આવે પેહેચાન બિના, સો મોકો દઈ પેહેચાન ।
દઈ બાતેં હકકે દિલકી, હકકી નિસબત જાન ॥૩૩॥

**હે સુંદરસાથજી! ધણીજીની સાહેબી તથા તેમના ઈશ્કની ઓળખાણ થયા વિના રુહના દિલમાં ઈશ્ક ન આવી શકે. તેથી તેમણે મને પોતાની અંગના સમજીને પોતાના દિલની તમામ વાતો સમજાવીને ઓળખાણ કરાવી.**

મૈં ના કછૂ જાની પેહેચાન, મુઝ પર કરી મેહેનત ।
મૈં ઈસ્ક ન જાની નિસબત, ના તો મોહે દઈ હક ન્યામત ॥૩૪॥

**મને મારા પિયુજીની સહેજે ઓળખાણ ન થઈ શકી. તેમણે તો સત્‌ગુરુ બનીને મારા માટે ઘણી મહેનત પણ કરી. પરંતુ, હું તેમના ઈશ્ક તથા ધામની નિસ્બતની કદર જ ન કરી શકી. અન્યથા, તેમણે તો મને ધામધણીજીની ઓળખાણ કરવા માટે તારતમજ્ઞાનરૂપી ખજાનો બક્ષિશ કર્યો છે.**

ઈસ્ક પેહેચાન ના નિસબત, સબ ફરેબેં દિયા ભુલાએ ।
હકેં ઈસ્ક અપના, આખિર લો નિબાહે ॥૩૫॥

**આ માયાએ અમારા ઈશ્કને, ધણીની ઓળખાણને તથા આપણા મૂળ સંબંધને બિલકુલ જ વિસરાવી દીધાં છે. જ્યારે બીજી તરફ ધણીજી તો પોતાનો ઈશ્ક આખર સુધી નિભાવી રહ્યા છે!**



D:\Pranam/Chitvani/54

એ સુખ સબ્દાતીતકે, ક્યોં કર આવેં જુબાન ।
બાલે થેં બુડાપન લગ, મેરે સિર પર ખડે સુભાન ॥૩૬॥

**શબ્દાતીત ધામધણીજીની મહેરની બરકતથી પ્રાપ્ત થયેલ ઈશ્કનાં અખંડ સુખો મારી આ જૂઠી જીહ્વાથી શી રીતે વર્ણવી શકાય? ધણીજી તો બાળપણથી તે વૃદ્ધાવસ્થા સુધી - અર્થાત્ પરમધામમાં થયેલ ઈશ્કરબ્દ થી લઇને પુનઃ ત્યાં જાગીશું ત્યાં સુધી - મારા શિર પર સંરક્ષક બનીને ઊભા છે.**

તો ભી ઘાવ ન લગ્યા અરવાહકો, જો દેખે અલેખે એહેસાન ।
ન્યામત પાઈ બકા હકકી, કર દઈ રુહ પેહેચાન ॥૩૭॥

**સત્‌ગુરુની કૃપાથી અક્ષરાતીત ધણીના અખંડ પરમધામની અનંત બક્ષિસો મને પ્રાપ્ત થઈ, તથા તેમણે મારી આત્માની ઓળખાણ પણ કરાવી. પરંતુ તેમના અનંત ઉપકારોનો અનુભવ થવા છતાં તેમની વાતો મારી આત્માને ઘાયલ નથી કરતી.**

નજરસે ન કાઢી મુઝે, અવ્વલસે આજ દિન ।
ક્યોં કહૂં મેહેર મેહેબૂબકી, જો કરત ઊપર મોમિન ॥૩૮॥

**પ્રારંભથી માંડીને આજદિન સુધી તેમણે મને પોતાની કૃપા-દૃષ્ટિથી સહેજ પણ દૂર કરી નથી. સુંદરસાથ પર પ્રિયતમ ધણીજી જે મહેર વરસાવી રહ્યા છે, તેની પ્રશંસા હું કયા શબ્દોથી કરું?**

તન અસલ તલે કદમકે, ઔર ઉપજ્યા તન સુપના ।
તાએ ભી હક રહે નજીક, જો થા બીચ ફના ॥૩૯॥

**આપણી પરઆત્મનાં અસલ નૂરી તન તો મહેરબાન ધણીજીનાં શ્રી ચરણોમાં જ બેઠેલ છે, પરંતુ આપણી સુરતાનાં નશ્વર તનો, જે આ જાગતિક સપનામાં પેદા થયેલાં છે, તેમના દિલને પણ તેઓએ પોતાનું અર્સ બનાવીને પોતાની નજીક રાખેલ છે.**

નીંદે દિએ ગોતે સુધ બિના, એ જો સુપનકા તન ।
તિનકો ભી હકેં ન છોડિયા, સિર પર રહે રાત દિન ॥૪૦॥

**ઓળખાણના અભાવે સપનાંના તનમાં બેઠેલી આપણી રુહને આ માયાએ ખૂબ જ ભ્રમિત કરી છે. તેમ છતાં, શ્રી ધણીજીએ આપણો સાથ છોડ્યો નથી અને અહર્નિશ આપણા શિર પર રક્ષક બની ઊભા રહ્યા છે.**

ઉમર અવ્વલસે આખિર લગ, ગુજરી સાંઈ સંગ ।
મૈં પેહેલે ના પેહેચાને, હકકે ઈસ્ક તરંગ ॥૪૧॥

**મારા બાળપણ(પ્રારંભ)થી અર્થાત્ જ્યારથી હું તેમનાં શ્રી ચરણોમાં આવી હતી ત્યારથી, તે છેક તેઓ અંતર્ધ્યાન થયા ત્યાં સુધીનું મારું સમગ્ર જીવન સતગુરુ ધણી શ્રી દેવચંદ્રજીનાં ચરણોમાં વિત્યું. પરંતુ તેમની હયાતીમાં હું તેમના ઇશ્કના તરંગોને પકડી શકી નહિ.**

જો બાત કરની હૈ હકેં, સો પેહેલે લેવેં માહેં દિલ ।
પીછે સબમેં પસરે, જો વાહેદતમેં અસલ ॥૪૨॥

**શ્રી ધણીજીએ જે કરવાનું નિશ્ચિત કર્યું હોય છે, તે વાતને તેઓ સૌ પ્રથમ પોતાના દિલમાં લે છે. ત્યારબાદ જ તે બાબત અદ્વૈત પરમધામના સચરાચરમાં પ્રસરે છે.**

એક પાતસાહી અર્સકી, ઔર વાહેદતકા ઈસ્ક ।
સો દેખલાવને રુહોંકો, પેહેલે દિલમેં લિયા હક ॥૪૩॥

**પોતાની રુહોને અખંડ પરમધામની સાહેબી તથા અદ્વૈત ઇશ્કની હકીકત સમજાવવાની વાત સૌથી પહેલાં શ્રી ધણીજીએ પોતાના દિલમાં લીધી.**

જો પેહેલે લઈ હકેં દિલમેં, પીછે આઈ માહેં નૂર ।
તિન પીછે હાદી રુહનમેં, એ જો હુઆ જહૂર ॥૪૪॥

**જ્યારે સૌપ્રથમ શ્રી ધણીજીએ આ વાત પોતાના દિલમાં લીધી, ત્યારબાદ અક્ષરબ્રહ્મના દિલમાં, તથા તેના પછી શ્રી શ્યામાજી અને રુહોના દિલોમાં પણ આ વાત આવી ગઈ. આ રીતે શ્રી ધણીજીની ઈચ્છાના વિસ્તારરૂપે ખેલનો પ્રારંભ થયો.**

વાસ્તે નૂર-જલાલકે, ઔર હાદી રુહન ।
બોહોત બેવરા હૈ ખેલમેં, કિયા મહંમદ રુહોં દેખન ॥૪૫॥

**અક્ષરબ્રહ્મ, શ્રી શ્યામાજી અને બ્રહ્માત્માઓ કાજે શ્રી ધણીજીએ આ ખેલ રચ્યો. પોતાની બ્રહ્મસૃષ્ટિ આત્માઓ માટે શ્રી ધણીજીએ તેની સાક્ષીરૂપ ઘણી બધી વાતો આ સંસારના ધર્મગ્રંથોમાં મૂકેલ છે.**



D:\Pranam/Chitvani/55

મહામત કહે એ મોમિનોં, હક સાહેબી બુજરક ।
બેસક ઈલમ હકકા, ઔર હકકા બડા ઈસ્ક ॥૪૬॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે સુંદરસાથજી! શ્રી ધણીજીની સાહ્યબી ખૂબ જ મહાન છે! બેશક તારતમ (ઈલમ) તથા ઈશ્ક-આ બન્ને પણ તેમનાં જ મહાન છે!**

*પ્રકરણ-૬ સંપૂર્ણ : ચોપાઈ-૩૦૫*

## ૭ : બેશકીનું પ્રકરણ

આ પ્રકરણમાં શ્રી ધણીજીએ આપણ સૌ આત્માઓ સાથેની નિસ્બતને કારણે મહેર કરી પોતાના ઈલમ દ્વારા બેશકીનાં જે અનેક પ્રકારનાં સુખો બક્ષ્યાં છે, તેનું ચિતવન કરાવવામાં આવ્યું છે. પાંચમા પ્રકરણમાં વર્ણવવામાં આવેલી ત્રણ સુરતોની લીલા સબંધી સાક્ષીઓનું અહીં વિસ્તૃત વર્ણન છે.

ड़ उ : ड़

વાહેદતના ઈલમથી બેશક થયા વિના આત્માને ઈશ્કની લહેજત ન મળી શકે. તેથી શ્રી ધણીજીએ આપણને ત્રણ સૃષ્ટિઓની ઓળખાણ; હકીકત, મારફત તથા શરીયતની વાસ્તવિક સમજ; સૃષ્ટિ ઉત્પત્તિ તથા પ્રલયનું જ્ઞાન; અંતિમ ન્યાયના દિવસની હકીકત, આઠ પ્રકારની ભિસ્તો (મુક્તિ સ્થાનો)નું સ્પષ્ટીકરણ, કયામતનાં સાત પ્રમુખ નિશાનોના બાતૂની ભેદોનો ખુલાસો, રસૂલ સાહેબ તથા આદિનારાયણની તુલનાત્મક સમજ તથા પરમધામના પચ્ચીસ પક્ષોનાં સુખો યાદ કરાવ્યાં છે. હે આત્મા! આ તારતમજ્ઞાન અક્ષરથી પાર આવેલ અક્ષરાતીત પરમધામમાં બેઠા હોવાની અનુભૂતિ કરાવે છે. તેમાં કોઈ જ શક નથી. મહેબૂબ શ્રી ધણીજીએ ધામની નિસ્બત જાણીને મહેર કરીને તને તારા મૂળ સ્વરૂપમાં જગાડનાર ઈલમ બક્ષ્યો છે. ४ ४

४

તેનાથી પ્રાપ્ત થયેલ બેશકીનાં સુખો યાદ કરી તેને ગાઓ કે જેથી તમને તમારા ધણીજીના ઈશ્કની ઓળખાણ થઈ શકે. તમને એ સમજાઈ જાય કે ધણીજી શી રીતે એક સાકીની જેમ પોતાની આત્માઓને ઈશ્કનો દારુ(રસ) હર પલ પીવડાવતા રહે છે. ४ ट उ ४

ड़ ड़ ४ ४ ट

## ૭.૧ : બેશકીનાં સુખોનું ચિતવન

એ ઈલમ ઈન વાહેદતકા, હકેં સો બેસકી દઈ મુઝ ।
નૂરકે પાર દ્વાર બકાકે, સો ખોલે અર્સકે ગુઝ ॥૧॥

**શ્રી મહામતિજી કહે છે કે એકદિલી પૂર્ણ અદ્વૈત પરમધામના આ જાગ્રતબુધ્ધિયુક્ત તારતમજ્ઞાન દ્વારા શ્રી રાજજી મહારાજે મારા સર્વે સંશયોનું નિવારણ કર્યું છે. તેમને અક્ષરબ્રહ્મના ધામથી પાર અખંડ પરમધામના દ્વાર ખોલીને ત્યાંના સઘળાં રહસ્યોનું સ્પષ્ટીકરણ કર્યું છે.**

ચૌદે તબકોં ઢૂંઢ્યા, સબ રહે દૂરસે દૂર ।
રુહ-અલ્લાકે ઈલમ બિના, હુઆ ન કોઈ હજૂર ॥૨॥

**ચૌદેલોકોના જીવોએ પારબ્રહ્મ અને તેમના પરમધામને ખૂબ શોધ્યા, પરંતુ સૌ કોઈ તેનાથી દૂર રહી ગયા. પારબ્રહ્મનાં આનંદ સ્વરૂપા શ્રી શ્યામાજી દ્વારા લાવવામાં આવેલ તારતમજ્ઞાન વિના પારબ્રહ્મની ઓળખાણ કરી કોઈપણ તેમના પરમધામની નિકટ પહોંચી શક્યું નથી.**

કઈ દુનિયાંમેં બુજરક હુએ, કિન બકા તરફ પાઈ નાહેં ।
સો ઈલમ નુકતા ઈસેકા, બૈઠાવે બકા માહેં ॥૩॥

**પરંતુ, સંસારમાં અનેક જ્ઞાની તથા વિદ્વાનો થઈ ગયા, પરંતુ કોઇને અખંડ પરમધામ વિષેનું જ્ઞાન થઈ શક્યું નથી, જ્યારે ઈસા રુહઅલ્લાહ શ્રી શ્યામા મહારાણીના તારતમજ્ઞાનનું એક જ ટીંપુ અખંડ પરમધામમાં પહોંચાડી દે છે.**

સો સાહેદી દેવાઈ મહંમદકી, સેહેરગસે નજીક હક ।
નૂરકે પાર નૂર-તજલ્લા, ઈલમ માહેં બૈઠાવે બેસક ॥૪॥

**એ ઈલમે મહંમદસાહેબ દ્વારા કુરાનમાં કરાયેલ એ વાતની સાક્ષી અપાવી કે પ્રિયતમ પારબ્રહ્મ બ્રહ્મસૃષ્ટિ આત્માઓની પ્રાણનાડીથીયે નજીક છે. આ તારતમજ્ઞાન જ અક્ષરધામથી પરે પરમધામમાં નિશ્ચિતરૂપે પ્રવેશ કરાવનાર છે.**



D:\Pranam/Chitvani/56

ગિન તૂં સુખ બેસકકે, જો ઈલમ દિયા નસીહત ।
મેહેર કરી મેહેબૂબને, હકેં જાન નિસબત ॥૫॥

**હે આત્મા! ધામધણીજીએ તને તારતમજ્ઞાનનો જે પ્રબોધ કર્યો છે, તેના થકી પ્રાપ્ત બેશકીનાં સુખોનો હિસાબ તો માંડી જો. ધણીજીએ ધામની મૂળ નિસ્બત જાણીને તારા પર આ રીતની કૃપા કરેલ છે.**

સક ના તીન ઉમતમેં, સક ના ખાસ ઉમત ।
સક ના ઉમત ફરિસ્તે, સક ના કુંન કુદરત ॥૬॥

**ધામધણીજીના આ ઈલમના પ્રભાવે ત્રણ પ્રકારની સૃષ્ટિ - ખાસલખાસ (બ્રહ્મસૃષ્ટિ), ખાસ (ઈશ્વરીસૃષ્ટિ) ફરિશ્તાઓ તથા 'કુંન' કહેતાં ઉત્પન્ન થનાર ક્ષરપ્રકૃતિની જીવસૃષ્ટિ — આ ત્રણે બાબતે કોઈજ પ્રકારનો સંદેહ રહેતો નથી.**

ખાસલ ખાસ રુહેં ઈસ્ક, ઔર ખાસે બંદગી દિલ ।
આમ વજૂદ જદલસે, જિનોં નાસૂતી અકલ ॥૭॥

**ખાસલખાસ બ્રહ્મસૃષ્ટિ પ્રિયતમ ધણીજી સાથે ઈશ્ક-પ્રેમ કરવાવાળી, તથા ઈશ્વરીસૃષ્ટિ દિલથી અક્ષરાતીત પારબ્રહ્મની ઉપાસનામાં લીન હોય છે. જ્યારે મૂળતઃ જિદ્દી એવા જીવસૃષ્ટિનાં તનો પોતાની સ્વપ્નિલ બુધ્ધિમાં જ મસ્ત હોય છે.**

રુહોં લઈ હકીકત મારફત, ગિરો ફરિસ્તોં હકીકત ।
આમ ખલક જાહેરી, જો કરમ કાંડ સરીયત ॥૮॥

**બ્રહ્મસૃષ્ટિ આત્માઓ પારબ્રહ્મના સ્વરૂપ, ધામ અને લીલાની હકીકત તથા પ્રિયતમ ધણીજીના દિલના ગુહ્ય મારફતના જ્ઞાનને ગ્રહણ કરનારી, ઈશ્વરીસૃષ્ટિ અક્ષરાતીત પારબ્રહ્મના યથાર્થ જ્ઞાનને ગ્રહણ કરનારી તથા જીવસૃષ્ટિ જાહેરી કર્મકાંડ (ફરજબંદગી)ના માર્ગે ચાલનારી છે.**

દો ગિરો પોહોંચી વતન અપને, તીસરી આમ જો દીન ।
સો તેતા હી નજીક, જિનકા જેતા આકીન ॥૯॥

**સાથજી! એ વાતની બેશકીનું સુખ લો કે, બ્રહ્મસૃષ્ટિ પરમધામમાં તથા ઈશ્વરીસૃષ્ટિ અક્ષરબ્રહ્મની યોગમાયામાં પહોંચશે, તથા ત્રીજી જીવસૃષ્ટિ કાલમાયિક ધર્મપાલનના ચક્રમાં ફર્યા કરશે. આ ત્રણે પૈકી જેની જેવી શ્રધ્ધા હશે તે મુજબ તે પારબ્રહ્મની એટલી નજીક પહોંચી શકશે.**

પાઈ તીનોંકી બેસકી, કુફર બંદગી ઈસ્ક ।
ઐસા ઈલમ ઈન દુનીમેં, હુઈ બકાકી બેસક ॥૧૦॥

**મેં ત્રણે પ્રકારની સૃષ્ટિઓનું રહસ્ય – જીવસૃષ્ટિના અજ્ઞાનરૂપી અંધકારની હકીકત, ઈશ્વરીસૃષ્ટિની દિલપૂર્વકની ઉપાસના કે પૂજાની હકીકત, તથા બ્રહ્મસૃષ્ટિની ઈશ્ક-પ્રેમ ભરી ચાલની હકીકત સમજી લીધી. આ પ્રકારના બેશક તારતમજ્ઞાનનું સંસારમાં અવતરણ થવાથી સૌ કોઈને અખંડ પરમધામની ઓળખાણ થઈ ગઈ.**

સક ના પૈદા ફનાકી, સક ના દોજખ ભિસ્ત ।
હિસાબ ઠૌરકી સક નહીં, સક ના ઠૌર કયામત ॥૧૧॥

**સંસારની ઉત્પત્તિ અને લય વિષે તથા દરેકનાં કર્મો અનુસાર નર્ક યા તો અખંડ મુક્તિ મળશે એ વિષે કોઇ સંશય નથી રહ્યો. જીવોનો અંતિમ ન્યાય કયા સ્થાન પરથી થવાનો છે, તથા કયામત કયા સ્થાનેથી થવાની છે તે બાબતે પણ કોઇ સંશય નથી રહ્યો.**

સક ના આઠોં ભિસ્તમેં, સક ના કાજી કજાએ ।
બેસક કિએ આખિર લો, અવ્વલસે ઈપ્તદાએ ॥૧૨॥

**આઠ પ્રકારનાં અખંડ મુક્તિ સ્થાનો (ભિસ્તો) ક્યાં થશે તથા ખુદ ખુદા શ્રી રાજજી મહારાજ ન્યાયાધીશ બનીને ન્યાય કરશે એ વાતમાં કોઈ સંશય નથી રહ્યો. સૃષ્ટિના પ્રારંભથી તે આજદિન તથા અંતિમ સમય સુધીના જ્ઞાનમાં ધામધણીએ નિઃસંદેહ કરી દીધાં છે.**

ક્યોં કર મુરદે ઉઠસી, ક્યોં હોસી હક દીદાર ।
ક્યોં કર હિસાબ હોએસી, એ સબ રુહ-અલ્લા ખોલે દ્વાર ॥૧૩॥

**શરીરરૂપી કબરોમાંથી અજ્ઞાની જીવરૂપી મડદાં શી રીતે ઊભાં થશે? સૌને પારબ્રહ્મનાં દર્શન શી રીતે થશે? સૌનો ન્યાય કેવી રીતે થશે? આ તમામ વાતો વિશેની બેશકીનાં દ્વાર રુહઅલ્લાહ શ્રી શ્યામાજી મહારાણીએ ખોલ્યાં છે.**

કેતે દિન કયામતકે, ક્યોં કયામતકે નિસાન ।
એ સક કછુએ ના રહી, જો લિખી બીચ કુરાન ॥૧૪॥

**કયામતની સમાપ્તિ થવામાં હજુ કેટલો સમય બાકી રહ્યો છે તથા કયામતના નિશાનોનું વાસ્તવિક તાત્પર્ય શું છે, આ સર્વે બાબતો વિશે**



D:\Pranam/Chitvani/57

**કુરાનમાં જેટલું પણ સાંકેતિક વર્ણન થયેલ છે તે સ્પષ્ટ થઈ જવાથી હવે બિલકુલ સંશય રહ્યો નથી.**

સક ના દાભ-તૂલ-અર્જકી, સક ના સૂર મગરબ ।
બેસક હક કૌલ મોમિનોં, રહી ના સક કોઈ અબ ॥૧૫॥

**દાભ-તૂલ-અર્જ નામનું જાનવર (પાશવી વૃત્તિવાળા જીવો) પ્રગટ થવા વિશે તથા પશ્ચિમમાંથી સૂર્યોદય થવા (શ્રી શ્યામાજી તથા શ્રી પ્રાણનાથજીના તારતમજ્ઞાન પર અટલશ્રધ્ધા) વિશે કોઇપણ સંશય રહ્યો નથી. પારબ્રહ્મ ધણીજીએ પોતે આવવાના કરેલ વાયદા વિશે પણ હવે કોઇપણ પ્રકારનો સંશય રહ્યો નથી.**

સક ના આજૂજ માજૂજકી, આડી અષ્ટ ધાત દિવાલ ।
લિખ્યા ટૂટેગી આખિર, એ બેસક દુનીકે કાલ ॥૧૬॥

**આજૂજ અને માજૂજ અર્થાત્ દિવસ અને રાતરૂપી બે પ્રાણીઓ મનુષ્ય તનરૂપી અષ્ટ-ધાતુની દિવાલને ચાટી ચાટીને કાગળ સમાન નાજુક બનાવી દેશે અને આ રીતે કોઇપણ ક્ષણે સંપૂર્ણ દુનિયાનો અંત આવી જશે. આ વાતમાં કોઇ સંશયને સ્થાન નથી. આ બંને દુનિયાના જીવો માટે કાળ સમાન છે.**

રુહ-અલ્લા સબ રુહનકો, પાક કર દેવેં આકીન ।
કુફર દજ્જાલકો તોડકે, બેસક કરેં એક દીન ॥૧૭॥

**રુહઅલ્લાહ સૌ આત્માઓને પોતાના તારતમ (ઈલમ)થી પવિત્ર કરીને તેમનાં દિલોમાંથી માયાવી કુફર તથા દજ્જાલવૃત્તિઓને હટાવીને તેમનામાં ઈમાન ભરી દેશે. આ રીતે સૌને એક પારબ્રહ્મ ખુદાના હકીકતના ધર્મમાં દીક્ષિત કરશે.**

લ્યાયા ઈસા વાસ્તે મોમિનોં, બેસક બકા ન્યામત ।
કરેં હક જાત પર સિજદા, ઈમામ મોમિનોં ઈમામત ॥૧૮॥

**ઈશા રુહઅલ્લાહ શ્રી શ્યામાજી સૌ બ્રહ્મસૃષ્ટિ કાજે અખંડ પરમધામનો અમૂલ્ય સંદેશરૂપી ખજાનો લાવ્યાં. જેને પ્રાપ્ત કરીને ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજી સૌ બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથના સરદાર બનીને સૌને ઉપદેશ આપતાં કહે છે કે સૌકોઈ ધામધણીજીની જાત અર્થાત્ સુંદરસાથ બ્રહ્મસૃષ્ટિને પ્રણામ કરે. (કારણ કે બ્રહ્મસૃષ્ટિને કરેલ પ્રણામ પારબ્રહ્મને જ પહોંચે છે!)**

સક ના કિસી અર્સકી, સક ના નૂર-મકાન ।
સક ના બેચૂન બેચગૂન, સક ના ચાર આસમાન ॥૧૯॥

**હે સાથજી! હવે કોઇપણ ધામના વિષયમાં જરાયે સંદેહ રહ્યો નથી. અક્ષરાતીત પારબ્રહ્મના પરમધામ વિશે, અક્ષરબ્રહ્મના લીલા-ધામ યોગમાયા વિશે, સગુણ તથા નિર્ગુણનો સમાવેશ કરી લેતા વૈકુંઠ વિશે કે આ મૃત્યુલોક વિશે કોઇપણ સંદેહ રહ્યો નથી. આમ આ ચારે સ્થાનો, જેને કુરાનમાં 'ચાર આકાશ' કહ્યાં છે, તેમના વિશે તમે બેશક થઈ ગયાં છો.**

કહૂં બેસક તિનકા બેવરા, નાસૂતી મલકૂત ।
ના સક આસમાન જબરુત, ના સક આસમાન લાહૂત ॥૨૦॥

**હું તમને આ ચારેનું સ્પષ્ટીકરણ કરી બતાવું છું: મૃત્યુલોક અને વૈકુંઠ તો મહાપ્રલયવશ (નાશવંત) છે, પરંતુ યોગમાયા સહિત અક્ષરધામ અને પરમધામ આ બંને સદા અખંડ છે તે વિશે કોઇ સંદેહ નથી રહ્યો.**

સક નાહીં સરીયતમેં, ન સક રહી તરીકત ।
સક નાહીં હકીકતમેં, સક ના હક મારફત ॥૨૧॥

**કર્મકાંડ, ઉપાસના, જ્ઞાન, અને પારબ્રહ્મ સંબંધી વિજ્ઞાનના લાભાલાભ તથા વિધિ વિશે કોઇ સંશય રહ્યો નથી.**

સક ના જુદી જુદી કયામત, સક નાહીં વાહેદત ।
બેસક જુદી જુદી પૈદાસ, એ જો કાદરકી કુદરત ॥૨૨॥

**અંતતઃ જીવસૃષ્ટિને આઠ પ્રકારનાં અલગ અલગ મુક્તિસ્થાનો તથા બ્રહ્મસૃષ્ટિને એકદિલીપૂર્ણ અખંડ પરમધામ પ્રાપ્ત થશે તે વિશે કોઇ સંદેહ રહ્યો નથી. સામર્થ્યવાન અક્ષરબ્રહ્મની પ્રકૃતિ થકી અલગ અલગ પ્રકારની સૃષ્ટિઓનું સંસારમાં આગમન થયું.**

સક ના પેહેચાન રસૂલકી, જો કહી તીન સૂરત ।
બસરી મલકી ઔર હકી, જો જાહેર હોસી આખિરત ॥૨૩॥

**રસૂલ મહંમદ સાહેબની વાસ્તવિક ઓળખાણ કરાવવા માટે પારબ્રહ્મની જે ત્રણ સૂરત-બસરી, મલકી અને હકકીનો ભેદ, જે આખિરતના સમયે જાહેર થવાનો હતો, તે હવે સત્ય સિદ્ધ થતાં તે વિશે કોઇ સંશય રહ્યો નથી.**



D:\Pranam/Chivani/58

સક ના જબરાઈલમેં, ઔર સક ના મેકાઈલ ।
સક ના સૂર બજાએકી, સક ના અસરાફીલ ॥૨૪॥

**તમને અક્ષરાતીત ધણીજીના જોશ સ્વરૂપ જબરાઈલ ફરિશ્તાનાં કાર્યો વિશે તથા મૈકાઈલ ફરિશ્તા-બ્રહ્માજીની બુધ્ધિની મર્યાદા વિશે કોઇ સંશય રહ્યો નથી. અસરાફીલ ફરિશ્તા દ્વારા છેડાયેલા જાગ્રતબુધ્ધિના સૂર પણ સંભળાઈ રહ્યા છે, તેથી તેના વિશે પણ હવે કોઇ સંશય બાકી નથી રહ્યો.**

સક ના અરવાહેં અર્સકી, જો તીન બેર ઉતરે ।
લૈલમેં આએ જિન વાસ્તે, કછૂ સક ના રહી એ ॥૨૫॥

**હે સાથજી! આપ પરમધામની બ્રહ્મસૃષ્ટિ જે કારણે વ્રજ, રાસ અને જાગણીલીલા - આમ ત્રણ વાર આ ખેલરૂપી રાત્રિ(લૈલ)માં અવતરિત થયાં છો, તે બાબતે કોઇ સંશય રહ્યો નથી.**

સક ના આએ ખેલ દેખને, એ જો રુહેં આઈયાં બિછડ ।
કર મેલા નાસૂતમેં બેસક, લે નસીહત આએ અર્સ ચઢ ॥૨૬॥

**પરમધામની આત્માઓ પોતાના અખંડ ધામધણીજીથી વિખૂટી પડીને આ માયાવી ખેલ જોવા આવેલ છે. પુનઃ તે સૌ આ જૂઠા સંસારમાં પોતાના ધણીજીને મળીને તથા તેમના તારતમ (ઈલમ) દ્વારા જાગ્રત થઈને નિજઘર વિશે અવશ્ય પહોંચશે.**

મહંમદ ઈસા અર્સમેં, પોહોંચે હક હજૂર ।
કર અર્જ સબ મેયરાજમેં, બેસક કરી મજકૂર ॥૨૭॥

**મહમ્મદ રસૂલ સાહેબની આત્મા (ઈશ્ક પ્રાપ્ત થવાથી) શ્રી શ્યામાજી સ્વરૂપે જ્યારે પરમધામમાં શ્રી રાજજીની સન્મુખ પહોંચી અને ત્યાં દર્શનની રાત્રિ દરમ્યાન બ્રહ્મસૃષ્ટિ આત્માઓ સંબંધી જે વાર્તાલાપ કર્યો, એ વિષે કોઇ સંશય રહ્યો નથી.**

મહંમદ ઈસે કિએ જવાબ, તિનમેં રહી ન સક ।
સક નહીં પડઉત્તરમેં, જો હકેં દિએ બુજરક ॥૨૮॥

**માશૂક એવી મહમ્મદ સાહેબની આત્માએ દર્શન દરમ્યાન શ્રી રાજજીને જે પ્રશ્નો કર્યા તથા તે પ્રશ્નોના તેમને જે સારગર્ભિત ઉત્તરો આપ્યા, તેના વાસ્તવિક તાત્પર્ય વિશે પણ કોઇ સંશય રહ્યા નથી.**

બીચ સબ મેયરાજકે, જેતી ભઈ મજકૂર ।
એ સક જરા ના રહી, જો ખિલવત તજલ્લા-નૂર ॥૨૯॥

**'દર્શનની રાત્રિ' દરમ્યાન ધામધણી શ્રી રાજજી મહારાજ સાથે તેમનો એકાંતમાં જે પણ ગુપ્ત વાર્તાલાપ થયો, તેમાં પણ સંશયને જરાયે સ્થાન નથી.**

છિપી બાતેં બીચ અર્સકે, કોઈ રહી ન માહેં સક ।
પાઈ ઐસી બેસકી, જો લઈ દિલકી બાતેં હક ॥૩૦॥

**પરમધામમાં પણ જે વાતો આજદિન સુધી ગુપ્ત રહી હતી, તે સર્વેનું જ્ઞાન થઈ જવાથી હવે શંકાને કોઇ સ્થાન નથી. અરે! એવી પૂર્ણ રીતની બેશકી પ્રાપ્ત થઈ ગઈ છે કે શ્રી રાજજી મહારાજનાં દિલની તમામ વાતો પણ સમજાઈ ગઈ છે.**

આગૂં બેસક બડે અર્સકે, નૂર રોસન જોએ કિનાર ।
દોઊ તરફોં જરી જોએકે, નૂર રોસન અતિ ઝલકાર ॥૩૧॥

**પરમધામમાં રંગમહોલની સન્મુખ જમુનાજી તથા મોતીઓના નૂરી ઝલકાર કરી રહેલા બંને કિનારાઓ અતિ સુંદર શોભાયમાન છે, એ પણ એક ઠોસ હકીકત છે.**

સક નાહીં જલ ઉજલે, મીઠા જ્યોં મિશ્રી ।
સક ના ગિરદવાએ બાગકી, કઈ મોહોલ જવેર જરી ॥૩૨॥

**જમુનાજીના ઊજ્જવળ તથા સાકરથી મીઠા નૂરી જળનાં સુખોમાં કોઈ શક નથી રહ્યો. રંગમહોલની ફરતે આવેલ બાગ-બગીચાઓ તથા નૂરી જવેરોથી જડિત મહોલાતોના સુખો વિશે પણ કોઇ શક કે સંદેહ નથી.**

ખુસબોએ જિમી અતિ ઉજ્જલ, જ્યોં સોને જવેર દરખત ।
બેસક જંગલ જવેર જ્યોં, રોસન નૂર ઝલકત ॥૩૩॥

**નિજધામની નૂરમયી ભૂમિ ઊજ્જવળ તથા મનમોહક ખુશબૂથી પરિપૂર્ણ છે. ધામના વનો-ઉપવનો સોના તથા જવેરોથી જડેલા હોય એવા વૃક્ષોથી સુશોભિત છે, એ બાબત પણ દૃઢ થઈ ગઈ છે.**

સક નાહીં હૌજ તાલકી, ઈત બોહોત મોહોલ બુજરક ।
બિરિખ પાની તાલ પાલકે, સબ પાટ ઘાટ બેસક ॥૩૪॥



D:\Pranam/Chitvani/59

**હોજકોસર તળાવમાં જલવિહારનો આનંદ, તેની મધ્યમાં આવેલા અતિ સુંદર ટાપુ મહેલની ચાંદનીનાં સુખોમાં કોઇ સંશયને સ્થાન નથી. તળાવ અને ટાપુની ચારે તરફનાં વૃક્ષો, તેનું જળ, હીરાની પાળ તથા યમુનાજીના પાટઘાટ પર થતી ઝીલણાંની લીલાનાં સુખોમાં કોઈ સંશય નથી રહ્યો.**

બેસક બડે અર્સકી, ક્યોં કહૂં બડી મોહોલાત ।
બાગ બડા ગિરદવાએકા, ઈન જુબાં કહ્યા ન જાત ॥૩૫॥

**પારબ્રહ્મના અતિ વિશાળ મહોલો તથા મોટા મોટા સુંદર બગીચાઓ, જે ચારે તરફ આવેલા છે, જેનું વર્ણન આ જૂઠી જીહ્વાથી કરવું અસંભવ છે, તે સૌના વિશે પણ કોઈ સંશય બાકી રહ્યો નથી.**

ઈત સક મોહે જરા નહીં, બન ગલિયોં પસુ ખેલત ।
ગિરદવાએ ગૂન્જે અર્સકે, કઈ વિધ જિકર કરત ॥૩૬॥

**એમાં પણ કોઇ શકને સ્થાન નથી કે વનોની ગલીઓમાં પશુ-પંખીઓ વિવિધ પ્રકારના ખેલ કરે છે તથા પરમધામની ચારેય તરફ તેમની મધુર ધ્વનિનું ગુંજન થાય છે. તે સૌ અનેકવિધ રીતે 'રાજ-રાજ' 'પિયા-પિયા' 'ધણી-ધણી'નું ગાન કરે છે.**

યોં કેતી કહૂં બેસકી, ઈનકા નહીં હિસાબ ।
મહામત દેખાવે હક ઈસ્ક, જો સાકી પિલાવે સરાબ ॥૩૭॥

**શ્રી મહામતિજી કહે છે, હે સાથજી! આ પ્રમાણે આપને હરપળ ઈશ્કનો રસ પીવડાવનારા અક્ષરાતીત ધણીજીના સ્વરૂપ, લીલા અને ધામ વિશેની બેશકીની વાતોનો કોઇ હિસાબ થઇ શકે તેમ નથી. આવો! હવે શ્રી રાજજી મહારાજ, આપ સૌને જે ઈશ્કની શરાબ પીવડાવી તેની લજ્જતનો અનુભવ કરાવી રહ્યા છે, તે સુખનું વર્ણન કરું છું.**

*પ્રકરણ-૭ સંપૂર્ણ : ચોપાઈ-૩૪૨*

## ૮ : સરાબ સુખ લજ્જત

આઠમું પ્રકરણ આત્માની અંદર 'ઈશ્ક'ની નૂરી રોશની પ્રગટાવનાર છે. તેમાં આપણા લાડલા શ્રી રાજજી મહારાજ પોતાની આત્માઓને કઈ રીતે લાડ લડાવે છે તેનું વર્ણન છે. તેથી તેનું શીર્ષક છે 'શરાબ સુખ લજ્જત.' નિજઘરની યાદ અપાવવા માટે ધણીજી કુરાનની સાક્ષીરૂપ વાતો સમજાવે છે. હે ધામની આત્માઓ!

આપણા આશિક શ્રી રાજજી મહારાજ પોતાની નજરો દ્વારા ઈશ્કના નૂરી મદિરાના પ્યાલા છલોછલ ભરીને આપણને પીવડાવી રહ્યા છે. આવો! આપ સૌ તેની લહેજત માણો. ઉ ~ ઉ

ઉ ઉ

સાથજી! ધણીજીની અપાર મહેર જુઓ તો ખરા! તેઓ કેવા કલાપૂર્વક આપણને માયાની નિદ્રામાંથી જાગ્રત કરી રહ્યા છે! જેવી રીતે એક માતા પોતાના બાળકને તેનું મોઢું પકડી તથા નાક દબાવી જરૂરી દવા પીવડાવે છે, તેવી રીતે ધણીજી આપણું મોં પકડી આપણી આત્માના તાળવે અખંડ સુખદાયી ઈશ્કના પ્યાલા અતિ પ્રસન્નતા પૂર્વક પીવડાવી રહ્યા છે. ङ़

ઉ ૪ ૪ ઉ ૪ ~ ~

ઉ ૪ ઉ દ ઉ ૪ ~ ૪

પરમધામના માશૂક શ્રી રાજજી મહારાજ આ માયારૂપી ખેલમાં આશિક બનીને આવ્યા છે - ઉલટ આપ આશિક હુએ! આશિક ધણી પોતાની આત્માઓને ઈલમ, ઈશ્ક, મહેર, ધામની બડાઈ, નિસ્બત, તથા ધામની લીલા - આદિ વિવિધ પ્રકારનાં સુખોના રસ પીવડાવી રહ્યા છે તે માણો! ઉ

ङ़ ~ ઉ ૪ ૬ ઉ

૪

સાચા સુંદરસાથ (મોમિન)ની ઓળખાણ કરાવતાં શ્રી ધણીજી કહે છે કે હે સાથજી! **કુરાન**માં તો તમને ખુદાના સાચા મિત્ર, તેમના ઈલમના સાચા વારસદાર, માયાથી રહિત, સચ્ચાઈ યુક્ત ધર્મને ગ્રહણ કરવાવાળા 'પવિત્ર દિલ મોમિન' કહ્યા છે-*મોમિન મેરે અહેલ હૈ!* એક ખુદા(તૌહિદ)ની મદદ વિના તો કોઈનીયે અપવિત્રતા દૂર થઈ શકે નહિ.

૪ ઉ ૪ ૪ ૬ ઉ

૬ ~ સાચા પવિત્ર દિલ મોમિન એ જ છે કે જે પરમધામથી અવતરેલ છે, જે એક પારબ્રહ્મ ધણી પર અટલ શ્રધ્ધા રાખનાર છે, જે હકીકત અને મારફતના ભેદોને સમજનાર છે તથા જે હકીકી(સચ્ચાઈયુક્ત) ધર્મ પર ચાલવાવાળા છે. આવા મોમિનોને જ *'ઓલિયા લિલ્લા દોસ્ત'* કહેલ છે. ઉ ૬

। ૬ ૪



D:\Pranam/Chitvani/60

૪ ૪ ૪ ૪

**શ્રી ધણીજી કહે છે કે** જો તમે સૌ સાંસારિક મોહમાયાનો ત્યાગ કરી સાચા દિલથી મને એક વાર પણ પુકારી રીઝવશો, તો હું એક વાર નહીં, દસ દસ વાર 'હા જી! હા જી!' કરી આપને ખુશ કરતો રહીશ!

। ૬ ૪ ૬

હે સાથજી! હવે તમે પોતાના ધણીજી સાથે થયેલ ઈશ્ક-રબ્દને યાદ કરો. એ નિશ્ચિત જાણજો કે સૌ પ્રથમ જ્યારે શ્રી રાજજી આપણને યાદ કરે છે (કે પ્યાર કરે છે), ત્યારે જ આપણે તેમને યાદ કરી શકીએ છીએ!

~ ઉ। ઉ ૪ ~ ૬ ૬

આપણી આત્માને જગાડવા માટે ધણીજી સંસારસાગરમાં મરજીવા બની પધાર્યા છે. આપણા માટે તેમણે પોતાનો નૂરી રસૂલ મોકલ્યો છે. સાથજી! હવે તમે પોતાની આત્મિકદષ્ટિ ખોલો તથા શ્રી ધણીજીની બેસુમાર મેહેરનાં કાર્યોનો અનુભવ કરો. ૪ ૪ ૪ ઉ

૪ ~ ૬

૪ ૬ ~

## ૮.૧ : હુકમ દ્વારા ધણીજીના લાડની પરિપૂર્તિ

સાકી પિલાવે સરાબ, રુહેં પ્યાલે લીજિએ ।
હક ઈસ્કકા આબ, ભર ભર પ્યાલે પીજિએ ॥૧॥

**હે પરમધામની આત્માઓ! આપણા આશિક પ્રિયતમ શ્રી રાજજી મહારાજ સાકી બનીને પોતાની અમી-દષ્ટિ દ્વારા ઈશ્કરૂપી મદીરાનું રસપાન કરાવી રહ્યા છે. તમે સૌ આપની આંખોરૂપી પ્યાલાઓને તે ઝીલવા માટે તૈયાર રાખો. ધામધણીજીના ઈશ્કના આ નૂરી નિર્મલ જળને તમારા ચક્ષુઓમાં છલોછલ ભરી લો અને તેનું રસપાન કરો.**

હક આસિક રુહનકા, ઈન ઈસ્કકા આબ જે ।
ઈન આબમેં જો સ્વાદ હૈ, એ રસ જાનેં પીવન વાલે ॥૨॥

**શ્રી રાજજી મહારાજ આપણ સૌ આત્માઓના પરમ ચાહક (આશિક) છે તથા તેમના આ ઈશ્કનું જે જળ છે, તેનો સ્વાદ માત્ર તેના પીવાવાળાં જ**

**જાણે છે.**

નહીં હિસાબ ઈસ્કકા, સ્વાદકો નાહીં હિસાબ ।
હિસાબ ના તરંગ અમલકે, એ જો આવત સાકીકે સરાબ ॥૩॥

**નથી ધણીજીના ઈશ્કનો કોઇ પારાવાર કે નથી તે ઈશ્કના સ્વાદનો! પ્રેમી શ્રી રાજજી મહારાજના ઈશ્કરૂપી મદીરાના પાનથી જે મસ્તીના તરંગો ઉઠે છે, તેનો પણ કોઇ હિસાબ નથી.**

કઈ રસ ઈન સરાબમેં, એ જો પિલાવત સુભાન ।
મસ્તી પિલાવત કાયમ, મેહેર કર મેહેરબાન ॥૪॥

**આપણા સુભાન શ્રી રાજજી મહારાજ ઈશ્કનો જે મદીરા પીવડાવી રહ્યા છે, તેમાં કેટલાયે પ્રકારના રસનો આનંદ ભર્યો પડ્યો છે. મહેરબાન ધણી તેમની મહેર વરસાવી આપણ આત્માઓને અખંડ મસ્તીદાયક મદીરા પીવડાવી રહ્યા છે.**

રુહેં નીંદસે જગાએકે, પિલાવત પ્યાલે ફૂલ ।
મુંહ પકડ તાલૂ રુહકે, દેત કાયમ સુખ સનકૂલ ॥૫॥

**ધણીજીની અપાર મહેર જુઓ તો ખરાં! તેઓ આપણ રુહોને માયાની નીંદરમાંથી જગાડીને ઈશ્કના પ્યાલા છલોછલ ભરીને પીવડાવી રહ્યા છે. જેવી રીતે એક મા પોતાના બાળકનું મોઢું પકડીને તથા તેનું નાક દબાવીને તેને દવા પીવડાવે છે, તેવી રીતે ધણી પણ આપણું મુખ પકડીને આપણી રુહના તાળવામાં અખંડ સુખદાયી ઈશ્કના પ્યાલા ખૂબ પ્રસન્નતાપૂર્વક પાઈ રહ્યા છે.**

એ પ્યાલે કર મેહેરબાનગી, કઈ રુહોં પિલાવત ।
સુખ દેને બકા નજીકકા, પ્યાર કર નિસબત ॥૬॥

**શ્રી રાજજી મહારાજ પોતાની અંગના આત્માઓ પર કૃપા કરીને તેમને વિવિધ રીતે ઈશ્કના પ્યાલા પીવડાવી રહ્યા છે. નિસ્બતી બ્રહ્મસૃષ્ટિને નિજઘરનું સાચું સુખ આપવા માટે જ ધણીજી આ રીતે પ્યાર કરી રહ્યા છે.**

કઈ વિધ મેહેર કરત હૈં, માસૂક જો મેહેરબાન ।
ઉલટ આપ આસિક હુઆ, જો વાહેદતમેં સુભાન ॥૭॥

**આપણા મહેરબાન માશૂક શ્રી રાજજી મહારાજ પોતાની આત્માઓ પર**



D:\Pranam/Chitvani/61

**વિવિધ રીતે મહેર વરસાવી રહ્યા છે. અદ્વૈત પરમધામના સુભાન એવા માશૂક ધણી આ સંસારમાં ઉલટા આશિક બનીને પધાર્યા છે.**

રુહોંકે દિલ કછૂ ના હુતા, કછૂ કહેં ન માંગેં હકસે ।
ના કછૂ ચિત્તમેં ચિતવન, ના મુતલક રુહોં મનમેં ॥૮॥

**પરમધામમાં બ્રહ્માત્માઓના દિલમાં કોઈજ વિશેષ વાત નહોતી. હક્ક શ્રી રાજજી સમક્ષ કંઇપણ કહેવા કે માંગવાની આવશ્યકતા જ નહોતી. ચિત્તમાં એવું કોઇ જ પ્રકારનું ચિંતન પણ ચાલતુ નહોતું. મનમાં પણ નિશ્ચિતરૂપે કોઇ જ ચાહના નહોતી.**

આસ બંધાઈ હુકમેં, હુકમેં કરાઈ ઉમેદ ।
આપ ઈસ્કકી બુજરકી, કર મેહેર દેખાએ કઈ ભેદ ॥૯॥

**પોતાના હુકમથી જ ધણીજીએ આપણા દ્વારા આ ખેલ જોવાની ચાહના વ્યક્ત કરાવડાવી છે તથા એમના હુકમ થકી જ સર્વે આકાંક્ષાઓની પરિપૂર્તિ કરાવડાવી છે. આમ, પોતાના ઈશ્કની મહાનતા દર્શાવવા માટે જ ધણીજીએ આપણા પર કૃપા કરી અનેક પ્રકારનાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે.**

## ૮.૨ : સાથજી! ધણીજીએ આપણને અનેક વિધનાં સુખો આપી બેશક કરી દીધાં છે

યોં કઈ સુખ દિએ ઈસ્કકે, કઈ સુખ દિએ જો મેહેર ।
કઈ સુખ અપની બડાઈકે, જાસોં ઔર લગે સબ જેહેર ॥૧૦॥

**સાથજી! આ રીતે ધણીજીએ પોતાના ઈશ્ક તથા મહેરનાં કેટલાયે પ્રકારનાં અખંડ સુખો આપણને બક્ષ્યાં છે. સાથે સાથે ધણીજીએ પોતાની મોટાઈ કે સાહેબીનાં પણ કેટલાંયે એવાં સુખો આપ્યાં કે જેથી તેના વગરનું બધું જ ઝેર સમાન લાગે છે.**

કઈ સુખ દિએ અર્સકે, કઈ સુખ દિએ નિસબત ।
કઈ સુખ દિએ ઈલમકે, બેસક જો નસીહત ॥૧૧॥

**સાથજી! શ્રી ધણીજીએ પરમધામના પચ્ચીસ પક્ષોમાં થતી લીલાનાં તથા મૂળનિસ્બતનાં અનેક પ્રકારનાં સુખોનો અનુભવ પણ કરાવી દીધો. શ્રી ધણીજીએ પોતાનું જાગ્રતબુધ્ધિયુક્ત તારતમજ્ઞાન બક્ષિસ કરી એટલાં બધાં**

સુખો આપ્યાં છે કે જેનાથી આપણને નિઃસંદેહ કરે એવો પ્રબોધ મળ્યો છે.

કઈ સુખ દિએ રુહનમેં, એ મેલા બૈઠા વિધ જિન ।
હક ઊપર આપ બૈઠકે, સુખ દેવેં સબન ॥૧૨॥

**હે સાથજી! શ્રી રાજજી મહારાજે મૂલમિલાવામાં સિંહાસન પર બિરાજમાન થઇને આપણ સૌ આત્માઓને તેમનાં શ્રી ચરણોમાં બેસાડીને જે અનેકવિધ સુખો આપ્યાં છે, તેનો કોઈ પારાવર નથી.**

સુખ દિએ અર્સ જિમીયકે, સુખ દિએ જલ જોએ ।
સુખ દિએ મોહોલાતકે, સબ જરી કિનારે સોએ ॥૧૩॥

**શ્રી ધણીજીએ આપણને પરમધામની નૂરી ભૂમિનાં તથા શ્રી જમુનાજીના નૂરી જળનાં, ધામની નૂરી મહોલાતોનાં તથા નૂરી જવેરોથી જડેલા કિનારાઓનાં સુખો ત્યાંની લીલાની યાદ કરાવીને આપ્યાં છે.**

સુખ દિએ જલ તાલકે, સુખ તાલ કઈ વિવેક ।
કોટ જુબાં ના કેહે સકે, તો કહા કહે રસના એક ॥૧૪॥

**શ્રી ધણીજીએ હોજકોસર તળાવનાં જળ, તેની પાળ, બગીચાઓ તથા ટાપુમહોલોમાં થતી આનંદક્રીડાઓની યાદ અપાવી અનેક પ્રકારનાં સુખો આપેલ છે. આ શબ્દાતીત સુખો જો કરોડો જિહ્વાઓથી ના વર્ણવી શકાય, તો પછી મારી એક રસના તે શી રીતે વર્ણવી શકે?**

સુખ દિએ મોહોલ નૂરકે, સુખ બાગ નૂર ગિરદવાએ ।
એ સમૂહ મોહોલ સુખ કૈસે કહૂં, ઈન જુબાં કહે ન જાએ ॥૧૫॥

**ધામધણીએ પરમધામના નૂરી રંગમહોલના, તેની ચારેય તરફ આવેલ નૂરી બાગ-બગીચાઓનાં તથા પરમધામની સંપૂર્ણ મહોલાતોના શબ્દાતીત સુખો આપ્યાં છે. હે સાથજી! મારી એક રસના તેનું યથાર્થ નિરૂપણ શી રીતે કરી શકે? મારી જિહ્વાથી તે કહી શકાય તેમ છે જ નહિ.**

કઈ સુખ બડે અર્સકે, બન ગિરદ મોહોલાત ।
એ કાયમ સુખ હક અર્સકે, સુખ હમેસા દિન રાત ॥૧૬॥

**અક્ષરાતીત ધણીજીના પરમધામ સ્થિત રંગમહોલનાં તથા તેની ચોતરફ વિસ્તરેલા વનોની મહોલાતોનાં અનંત અખંડ સુખો શ્રી ધણીજી રાત-દિવસ આપતા રહે છે, તેનું વર્ણન શી રીતે કરું?**



D:\Pranam/Chitvani/62

કઈ સુખ જોએ બાગકે, કઈ સુખ કુંજ ગલિયન ।
કઈ સુખ પસુ પંખિયનકે, મુખ બાની મીઠી બોલન ॥૧૭॥

**શ્રી જમુનાજીના બગીચાઓમાં મહાલવાનાં સુખો, કુંજ-નિકુંજની ગલીઓમાં પકડ-દોડની રમતનાં, પશુ-પંખીઓનાં નાચ-ગાન નીરખવાનાં તથા તેમના 'પિયુ-પિયુ'નાં મધુર સ્વરનું ગુંજન સાંભળવાનાં-એવાં અનેક પ્રકારનાં સુખોનું વર્ણન શી રીતે થઇ શકે?**

એ ખેલૌને સુખ હકકે, એ સુખ દિએ રુહન ।
ખૂબી ઈનકે પરનકી, આકાસ ન માએ રોસન ॥૧૮॥

**હે સુંદરસાથજી! એ બધાં શ્રી રાજજી મહારાજનાં રમકડાં છે, જે આપણ રુહોને હમેશાં આનંદ આપતાં રહે છે. એમની પાંખોની ખૂબી તથા તેના હલનચલનથી ઝલકતા નૂરની રોશની આકાશમાં સમાઈ પણ નથી શકતી.**

દેખી કાયમ સાહેબી હકકી, જિનકા નહીં સુમાર ।
ઈન નાસૂતમેં બૈઠાએકે, સુખ દેખાએ નૂરકે પાર ॥૧૯॥

**શ્રી રાજજી મહારાજની અખંડ પરમધામની સાહેબી, જેનો કોઈ હિસાબ થઈ શકે તેમ નથી, તે આપણે અનુભવી. આ નશ્વર સંસાર-મૃત્યુલોકમાં બેસાડીને શ્રી ધણીજીએ અક્ષરની પાર અક્ષરાતીત નિજધામનાં અખંડ, અગણિત સુખોનો આત્મ-સાક્ષાત્કાર કરાવ્યો છે.**

કઈ સુખ દિએ લૈલત કદરમેં, જો અવ્વલ દો તકરાર ।
સુખ દિએ ફજર તીસરે, કઈ સુખ પરવરદિગાર ॥૨૦॥

**લૈલ-તુલ-કદ્રની મહિમામયી રાત્રિના પ્રથમ બે ભાગ-વ્રજ અને રાસ લીલા દરમ્યાન ધણીજીએ અનેક સુખો આપ્યાં. વધુમાં, આ જાગણીના બ્રહ્માંડમાં પણ શ્રી ધણીજીએ અઢળક સુખો પ્રદાન કર્યાં.**

કઈ સુખ દિએ નિસબત કર, એ ઝૂઠા તન કર યાર ।
ક્યોં કહૂં સુખ મેહેબૂબકે, જાકે કાયમ સુખ અપાર ॥૨૧॥

**ધામની નિસ્બત પ્રત્યે જાગ્રત કરીને શ્રી ધણીજીએ આપણાં નશ્વર તનોને પણ પોતાની અંગના બનાવીને અનેક વિધનાં સુખો પ્રદાન કર્યાં છે. અખંડ અપાર સુખોના દાતાર આપણા પ્રાણપ્રિયતમના સુખોના મહિમાની વાત શી કહું?**

ઔર સુખ સબ મેયરાજમેં, કેતે કહૂં જુબાન ।
જુદી જુદી જંજીરોં, લિખે માંહેં ફુરમાન ॥૨૨॥

**હે સાથજી! શ્રી ધણીજીએ દર્શનની રાત્રિ દરમ્યાન રસૂલ સાહેબ (અક્ષરબ્રહ્મની આત્મા) સાથે તેમનો જે વાર્તાલાપ થયો તેનું સ્પષ્ટીકરણ કરી આપણી આત્મસાક્ષી પુરાવી સુખ આપ્યું. આપણા સુખ કાજે જ તેમણે કુરાનના જુદા જુદા સિપારાઓમાં એ સુખોનું સાંકેતિક વર્ણન કરાવ્યું.**

હકેં કહ્યા ઉતરતે, તુમ જાત બીચ નાસૂત ।
આપ વતન જિન ભૂલો મોહે, મૈં બૈઠા બીચ લાહૂત ॥૨૩॥

**શ્રી ધણીજીએ આપણને ખેલમાં ઊતરતી વખતે કહ્યું હતું કે, "હે સખીઓ! તમે મૃત્યુલોકમાં ખેલ જોવા જઈ રહ્યાં છો. તમે તમારી જાતને, નિજઘરને તથા મને ભૂલશો નહિ. હું તો આપ સૌની વચ્ચે જ મૂલમિલાવામાં બેઠો છું."**

તબ ફેર કહ્યા અરવાહોંને, હમ ક્યોં ભૂલેં તુમકો ।
તુમ પેહેલે કિએ ચેતન, ખેલ કહા કરે હમકો ॥૨૪॥

**ત્યારે શ્રી રાજજીની આ વાત સાંભળીને આપણે કહ્યું હતું કે, હે ધણી! અમે આપને શી રીતે ભૂલી શકીયે? જ્યારે આપે અમને અગાઉથી જ સાવધાન કરી દીધા છે ત્યારે એ ખેલ અમારું શું બગાડી શકશે?**

## ૮.૩ : કુરાનમાં જે મોમિનોનો મહિમા ગવાયો છે, તે આપ 'સુંદરસાથ' જ છો!

એ બાતેં બીચ અર્સકે, અવ્વલ જો મજકૂર ।
સો યાદ દેને લિખી રમૂજેં, જો હુઈ હક હજૂર ॥૨૫॥

**હે સાથજી! શરુઆતમાં પરમધામમાં શ્રી ધણીજી સાથે આપણો જે પ્રેમ-સંવાદ થયો હતો, તેની યાદ કરાવવાના હેતુથી (આપણી આત્મ-સાક્ષી માટે) તેમણે કુરાનમાં 'મેયરાજ'ના પ્રસંગ બાબતે તથા ધામની એકદિલી વિશે સ્પષ્ટતા કરી છે.**

બૈઠાએ બીચ નાસૂતકે, હમ પર ભેજ્યા ફુરમાન ।
ઉનમેં લિખી ઈસારતેં, વાહેદતકે સુભાન ॥૨૬॥

**અદ્વૈત પરમધામના સુભાન શ્રી ધણીજીએ આપણને મૃત્યુલોકમાં**



D:\Pranam/Chivani/63

**બેસાડીને આપણી આત્મ-સાક્ષી કાજે કુરાન મોકલ્યું, તથા તેમાં આપણી તથા આપણા ધામ સંબંધી વિવિધ વાતો લખાવી.**

મોમિન મેરે અહેલ હૈં, હકેં લિખ્યા માહેં કુરાન ।
ખોલ ઈસારતેં રમૂજેં, ઈનોં જરે જરા પેહેચાન ॥૨૭॥

**શ્રી ધણીજીએ કુરાનમાં લખાવડાવ્યું છે કે, મોમિન સુંદરસાથ મારા 'અસલી વારસ' છે. તેઓને સર્વ પ્રકારની બેશક ઓળખાણ હોવાથી તેઓ કુરાનની રહસ્યમય વાતોના ભેદોને ખોલવા માટે સક્ષમ છે.**

ઔર જિન છુઓ કુરાનકો, યોં હકેં લિખી હકીકત ।
વાકો નાપાકી ના ટરે, બિના તૌહીદ મદત ॥૨૮॥

**તથા હે સાથજી! ધણીજી દ્વારા કુરાનમાં આ હકીકત લખાવવામાં આવી છે કે પવિત્ર મોમિનો સિવાય અન્ય કોઇનેય કુરાનને સ્પર્શ કરવાની મનાઈ છે; કારણ કે એક અદ્વૈત માલિક પારબ્રહ્મ ધણીજીની મહેર વિના કોઇનીયે અપવિત્રતા ટળી શકતી નથી, અર્થાત્ કોઇના પણ સંશય સમાપ્ત થઈ શકશે નહિ.**

સો મદત તૌહીદકી, પાઈએ ના મોમિનોં બિન ।
એ દુનિયાંકો ચાહેં નહીં, જાકો હક બકા રોસન ॥૨૯॥

**ધણીજીની આ પ્રકારની મહેર બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ સિવાય બીજા કોઈ ઉપર નથી થતી, કારણ કે તેમનાં દિલોમાં ધામ અને ધણીની ઓળખાણની રોશની થઈ ગઈ છે તથા તેઓ સંસારની ચાહનાઓથી સદા મુક્ત હોય છે.**

સો પાક મોમિન કહે, જિન લિયા હકીકી દીન ।
સો હક બિના કછૂ ના રખેં, ઐસા ઈનકા આકીન ॥૩૦॥

**જેમણે સચ્ચાઈ યુક્ત ધર્મને ધારણ કર્યો હોય તેમને જ કુરાનમાં પવિત્ર કે પાક મોમિન સુંદરસાથ કહેવામાં આવ્યા છે. એક પારબ્રહ્મ પર તેમની એવી અટલ શ્રધ્ધા હોય છે કે તેમણે એક ધામધણી સિવાય બીજા કોઇની પરવાહ નથી હોતી, અર્થાત્ માયા રહિત હોય છે.**

હકીકત મારફતકે, ઈનકો ખુલે દ્વાર ।
ઉતરે નૂર બિલંદસે, યાકો વતન નૂરકે પાર ॥૩૧॥

**આ મોમિન બ્રહ્મસૃષ્ટિઓને પોતાની, પોતાનાં ધામ અને ધણીની ઓળખાણ (હકીકત) તથા ધણીજીના દિલનાં છૂપાં રહસ્યો (મારફત) ખુલી**

ગયાં છે. તેઓ 'નૂરબિલંદ' અર્થાત્ અક્ષરાતીત પરમધામથી અવતરેલ છે તથા જેમનું આ મૂળ વતન અક્ષરબ્રહ્મના ધામથી પણ પાર આવેલું છે.

જહાં જબરાઈલ જાએ ના સક્યા, રહ્યા નૂર-મકાન ।
પર જલાવે નૂરતજલ્લી, ચઢ સક્યા ન ચૌથે આસમાન ॥૩૨॥

જ્યાં શ્રી ધણીજીના જોશનો ફરિશ્તો જબરાઈલ પણ પ્રવેશી ન શક્યો તથા તે અક્ષરધામ સુધી જ જઇ શક્યો, જ્યાં જતાં અક્ષરાતીત ધણીના નૂરી ઈશ્કની આગ તેના પગને બાળી મૂકે છે, જેને કારણે તે 'ચોથા આકાશ' પરમધામ રંગમોહોલમાં પ્રવેશી ન શક્યો...

જિત હક હાદી રુહેં, અર્સ અજીમકા નૂર ।
કૌલ કિયા રુહોંસોં હકેં, સો મહંમદ મસી લ્યાએ મજકૂર ॥૩૩॥

જ્યાં શ્રી રાજજી મહારાજ, શ્રી શ્યામાજી મહારાણી તથા બ્રહ્માત્માઓ હોય, જ્યાં સર્વશ્રેષ્ઠ એવા અખંડ પરમધામનું નૂર જ નૂર વ્યાપ્ત હોય, ત્યાં શ્રી રાજજી મહારાજે પોતાની બ્રહ્માત્માઓ સાથે જે વાયદો (કૌલ) કર્યો હતો, તેની સંપૂર્ણ વિગતો મલકી મહંમદ શ્રી શ્યામાજી સ્વરૂપધણી શ્રી દેવચંદ્રજી લાવ્યા.

ઔર હુજ્જત ન રખી કિનકી, ચૌદે તબકકી જહાન ।
મોમિનોં ઊપર અહમદ, લ્યાયા એહ ફુરમાન ॥૩૪॥

આ ચૌદલોકના બ્રહ્માંડમાં બ્રહ્માત્માઓના પારબ્રહ્મ સાથેના અખંડ સંબંધ હોવાના દાવા વિશે તેમની અનન્ય શ્રધ્ધાના તોલે બીજું કોઇ જ ન આવી શકે. આ બ્રહ્મસૃષ્ટિ માટે જ શ્રી શ્યામાજી મહારાણી આ અખંડવાણી લઈ પધાર્યા છે.

એ નાબૂદ વજૂદ જો નાસૂતી, અર્સ ઉમત ધરે આકાર ।
લિખ્યા હકેં કુરાનમેં, એ તન મેરે યાર ॥૩૫॥

પરમધામની બ્રહ્મસૃષ્ટિએ આ સંસારમાં જે નશ્વર તન ધારણ કર્યાં છે, તેમના માટે શ્રી રાજજી મહારાજે કુરાનમાં ઉલ્લેખ કરેલ છે, કે "એ સુંદરસાથ મારા પરમ પ્રિય મિત્રો છે."

યોં હકેં લિખ્યા કુરાનમેં, એ અરવાહેં મેરે અહેલ ।
એ ઝૂઠે વજૂદ જો ખાકકે, નિપટ ગંદે સેહેલ ॥૩૬॥

આ રીતે શ્રી રાજજી મહારાજે કુરાનમાં એમ પણ લખ્યું છે કે આ



D:\Pranam/Chitvani/64

બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ મારા સાચા વારસદાર છે. તેઓએ સહજ રીતે જ બિલ્કુલ અપવિત્ર એવાં મિથ્યા તન ધારણ કરેલાં છે.

ઔલિયા લિલ્લા દોસ્ત કર, નૂર જમાલ લિખત ।
ઐસે નિજસ તન નાસૂતી, કહે યાસોં મેરી નિસબત ॥૩૭॥

શ્રી રાજજી મહારાજે કુરાનમાં પોતાની આત્માઓને પરમજ્ઞાની તથા પોતાના પ્યારા આશિક તરીકે બિરદાવેલ છે. તેથી જ સુંદરસાથના નશ્વર તન અપવિત્ર હોવા છતાંયે તેઓ એમ કહે છે, કે એમની સાથે તો મારો અખંડનો સંબંધ છે.

## ૮.૪ : હે સુંદરસાથજી! પ્રેમની સર્વપ્રથમ શરૂઆત કરનાર તો હું જ છું!

કહે નૂર-જમાલ કુરાનમેં, છોડકે એહ અંધેર ।
એક સાદ કરો મુઝકો, મૈં તુમેં જી જી કહૂં દસ બેર ॥૩૮॥

હે સાથજી! શ્રી રાજજી મહારાજે જે કુરાનમાં લખાવ્યું છે કે, જો મારા બ્રહ્માત્મા મોમિનો તેમની સાંસારિક મોહ - માયાને છોડીને, સાચા દિલથી મને એકવાર પણ રિઝાવશે, તો હું દસવાર 'હાંજી-હાંજી' કહીને તેઓને ખુશ કરીશ!

યોં હકેં લિખ્યા કુરાનમેં, હક રુહોંકી કરેં જિકર ।
પીછે આપન કરત હૈં, રુહેં ક્યોં ન દેખો દિલ ધર ॥૩૯॥

હે સાથજી! શ્રી ધણીજીએ કુરાનમાં લખાવ્યું છે કે, સૌથી પહેલાં તો પારબ્રહ્મ ધણી શ્રી રાજજી જ પોતાની બ્રહ્માંગના - રુહોને યાદ કરે છે અને ત્યારબાદ જ આપણે સૌ રુહો તેમને યાદ કરીએ છીએ. હે બ્રહ્માંગનાઓ! તમે આ વાત દિલમાં કેમ લેતાં નથી?

હકેં લિખ્યા કુરાનમેં, પેહેલે મેરા પ્યાર ।
જો તુમ પીછે દોસ્તી કરો, તો ભી મેરે સચ્ચે યાર ॥૪૦॥

શ્રી રાજજી મહારાજે કુરાનમાં લખ્યું છે કે, હે મોમિનો! ખેલમાં સૌ પ્રથમ પ્યાર તો હું જ તમને કરીશ. જો તમે મારા પ્યારને ઓળખીને પાછળથી પણ મારી સાથે અતૂટ મૈત્રી બાંધીને તે નિભાવશો તો પણ તમે મારા સાચા મિત્રો ગણાશો!

રુહેં સુનો એક મૈં કહૂં, જો હકેં કરી મુઝસોં ।
પડી થી જલ અંધેરમેં, કોઈ થાહ ન થી ઈનમોં ॥૪૧॥

**હે પરમધામની આત્માઓ! સાંભળો! શ્રી રાજજીએ મારા પર જે અતિ વિશેષ કૃપા કરી છે, તે હું તમને કહું છું. હું તો અથાહ મોહસાગરની માયાજાળમાં ફસાયેલી હતી તથા તેમાંથી બચવાનો કોઇ આરો નહોતો.**

ભવસાગર જીવનકો, કિન પાયા નાહીં પાર ।
દુખરૂપી અતિ મોહજલ, માહેં ધખત જીવ સંસાર ॥૪૨॥

**આ મિથ્યા સ્વપ્નવત્ સંસારમાં કોઇપણ આ જીવનનો વાસ્તવિક સાર (અખંડ મુક્તિ) કાઢી શક્યું નહોતું. આ મોહસાગર, જે અતિ દુઃખદાયક છે તેમાં સંસારી જીવો દુઃખરૂપી અગ્નિમાં બળતા રહે છે.**

લેહેરી ઉઠે અંધેરકી, પહાડ જૈસી બેર બેર ।
ઊપર તલે લગ ભમરિયાં, જીવ પડે ફેર માહેં ફેર ॥૪૩॥

**અહીં પહાડ સમાન મોટી મોટી અજ્ઞાનતાની લહેરો વારંવાર ઉઠતી જ રહે છે. ચૌદે લોકોમાં ઉપર (વૈકુંઠ)થી તે નીચે (પાતાળ) સુધી ભિન્ન-ભિન્ન મોહ-મમતાની ભમરીઓ સતત ઉઠતી રહે છે, જેમાં જીવ વારંવાર જન્મતો અને મરતો રહે છે.**

નિપટ અંધેરી લાએકી, સિર ના સૂઝે હાથ પાએ ।
ટાપૂ પહાડોં બીચમેં, સબ બંધે ગોતે ખાએ ॥૪૪॥

**આ નિરાકાર શૂન્યમંડળ નિશ્ચિતરૂપે અજ્ઞાનરૂપી અંધકારથી ભરેલ છે. તેમાં કોઇને પોતાનું મસ્તિષ્ક, હાથ કે પગ દેખાતા નથી અર્થાત્ કોઇને પોતાની વાસ્તવિક ઓળખાણ નથી. આ ભવસાગરમાં ઠેર ઠેર પહાડો તથા ટાપુઓ સમાન વિવિધ ધર્મો, પંથો તથા સંપ્રદાયો છે, જેના બંધનમાં પડીને જીવમાત્ર આવાગમનના ચક્કરમાં ગોથાં ખાયા કરે છે.**

મગર મચ્છ માહેં બુજરક, વજૂદ બડે વિકાલ ।
ખેલેં નિગલેં જીવકો, એક દૂજેકા કાલ ॥૪૫॥

**આ સંસારરૂપી ભવસાગરમાં મોટા શરીરધારી મગરમચ્છો જેવા ધર્મના અહંકારી આચાર્યો, પંડિતો, મુલ્લાઓ, કાજીઓ, તથા સમાજના અગ્રણી લોકો હોય છે. તેઓ સાંસારિક સ્વાર્થવશ એકબીજા સાથે વ્યવહાર કરી બીજાનું ભક્ષણ કરે છે. આમ, જીવો એકબીજા માટે કાળનું સ્વરૂપ**





**બનેલ છે.**

લા મકાનકા સાગર, લગ તલે તેહેતસરા ।
ઐસે અંધેર અથાહ બીચ પૈઠકે, મોહે કાઢી હોએ મરજિયા ॥૪૬॥

**આ નિરાકારનો મોહસાગર છેક પાતાળ સુધી ફેલાયેલ છે. આવા અંધકારથી ભરેલા તથા ખુબ જ ઊંડા મોહસાગરમાં મરજીવો બનીને શ્રી રાજજી મહારાજે ડૂબકી લગાવી અને મને તેમાંથી બહાર કાઢી.**

કાઢકે બૂઝ ઐસી દઈ, મોહે સમઝાઈ સબ ઈતકા ।
બેસકકા ઈલમ દિયા, જાસોં બૈઠી બીચ બકા ॥૪૭॥

**આમ આ ભવસાગરમાંથી કાઢીને મને આ સંસારની તમામ સુધ આપી તથા જાગ્રતબુધ્ધનું તારતમજ્ઞાન આપીને મને બેશક કરી દીધી. હવે મને પ્રતીતિ થાય છે કે હું પરમધામમાં જ બેઠી છું.**

એ સબ કિયા હકને, વાસ્તે ઈસ્કકે ।
એક જરે જરા જો દુનિયમેં, જો વિચાર દેખો તુમ એ ॥૪૮॥

**હે સાથજી! જો તમે ગંભીરતાપૂર્વક વિચારશો તો સમજાશે કે શ્રી રાજજી મહારાજે આ બધું ઈશ્કના કારણે જ કર્યું છે. અરે! સંસારનો એક એક કણ પણ ઈશ્કના માટે જ સર્જાયેલ છે.**

મૈં કહ્યા નૂરી અપના રસૂલ, તુમ પર ભેજ્યા ફુરમાન ।
લિખી ગુઝ બાતેં દિલકી, હાએ હાએ કેહેવત યોં સુભાન ॥૪૯॥

**હે સુંદરસાથજી! હું સાચું કહું છું કે ધામધણીજીએ પોતાના નૂરી (હુકમ સ્વરૂપ) રસૂલ (સંદેશવાહક)ને તમારા માટે સંદેશ પહોંચાડવા કુરાન લઈ મોકલ્યા છે. કેટલી ખેદજનક વાત કહેવાય કે આપણા પ્રાણપ્રિયતમે પોતાના દિલની છૂપી રહસ્યમય વાતો આ રીતે લખી જાહેરમાં કહેવડાવી છે.**

લિખી અન્દરકી ઈસારતેં, ઔર રમૂજેં જે ।
કુંજી ભેજી હાથ રુહઅલ્લા, જાએ દીજો અપની અરવાહોંકો એ ॥૫૦॥

**શ્રી ધામધણીજીએ કુરાનમાં પોતાના દિલની ગુપ્ત વાતો, જે ઈશારાઓમાં તથા રૂપકો દ્વારા પ્રસ્તુત કરી, તેનું સ્પષ્ટીકરણ કરવા માટે તારતમજ્ઞાનરૂપી દિવ્ય ચાવી રુહઅલ્લાહ શ્રી શ્યામાજીના હાથે મોકલી તથા તેમણે કહ્યું કે આ જ્ઞાનને સંસારમાં જઈ આપણા ધામની આત્માઓને આપો.**

સો કુંજી દઈ મુઝકો, ઔર ખોલનેકી કલ ।
તિનસે તાલે સબ ખુલે, પાઈ આખિર અવ્વલ અસલ ॥૫૧॥

**તારતમજ્ઞાનરૂપી એ ચાવી તથા ધર્મગ્રંથોનાં રહસ્યો ખોલવા માટેની જાગ્રતબુધ્ધિ પણ મને આપી. હવે તેનાથી સર્વ ધર્મગ્રંથોના રહસ્યો પર લાગેલાં તાળાં ખુલી ગયાં છે, જેનાથી મને શરૂઆતથી તે અંત સુધીની વાસ્તવિકતાનું જ્ઞાન થઈ ગયું છે.**

ઔર કોઈ ના ખોલ સકે, તીન સૂરતકા હાલ ।
ફેલ હાલ દોઊ ઉમતકે, તોકો લિખિયા નૂરજમાલ ॥૫૨॥

**શ્રી રાજજી મહારાજે કુરાનમાં એમ લખાવ્યું કે તેનાં છુપા રહસ્યોને, હુકમની ત્રણ સૂરતો (બસરી, મલકી અને હક્કી)ની હકીકતને, બ્રહ્મસૃષ્ટિ તથા ઈશ્વરીસૃષ્ટિની કરણી તથા રહેણીની હકીકતોને એક તારા સિવાય બીજું કોઈ સ્પષ્ટ કરી શકશે નહિ.**

સુખ દેઓ દોઊ ઉમતકો, બીચ બૈઠ નાસૂત ।
ચિન્હાએ ઈસ્ક હક સાહેબી, બુલાએ લ્યાઓ લાહૂત ॥૫૩॥

**તેમણે મને એવો આદેશ પણ આપ્યો છે કે મૃત્યુલોકમાં બેસીને બ્રહ્મસૃષ્ટિ તથા ઈશ્વરીસૃષ્ટિ બંનેને અખંડ સુખ પ્રદાન કરો. પોતાના પારબ્રહ્મ ધણીજીની સાહેબી તથા ઈશ્કની ઓળખાણ કરાવી બ્રહ્માંગનાઓને પરમધામ પાછાં બોલાવી લાવો.**

ઈન બિધ સુખ કેતે કહૂં, ઝૂઠી ઈન જુબાન ।
મેરી રુહ જાને યા મોમિન, યા દિએ જિન રેહેમાન ॥૫૪॥

**હે સુંદરસાથજી! આ રીતે મારી આ જૂઠી જિહ્વાથી આ અખંડ સુખોની વાત કેટલી કહું? એ અપાર સુખોનો મહિમા કાં તો મારી આત્મા જાણે છે કે પરમધામના સુંદરસાથ અથવા તો દયાવંત એવા સ્વયં શ્રી રાજજી મહારાજ જાણે છે, જેમણે એ સુખો આપ્યાં છે!**

દે આડો બ્રહ્માંડ સબનકો, ઢૂંઢ ઢૂંઢ રહે સબ દૂર ।
આગૂં આએ ઈલમ દિયા, જાસોં પોહોંચી બકા હજૂર ॥૫૫॥

**બાકી સૌ કોઇના ઉપર પિંડ અને બ્રહ્માંડનો એવો પડદો ઊભો કરી દીધો છે કે તેઓ પારબ્રહ્મને નિરાકાર કાળમાયામાં શોધી શોધીને થાક્યા અને અંતતઃ પરમધામથી દૂર જ રહ્યા! હવે શ્રી રાજજી મહારાજે સ્વયં**



D:\Pranam/Chivani/66

**પધારીને જાગ્રતબુધ્ધિનું તારતમજ્ઞાન બક્ષ્યું, જેનાથી મારી આત્મા અખંડ પરમધામમાં શ્રી નૂરી યુગલ સ્વરૂપની સન્મુખ પહોંચી ગઈ.**

કેતી કહૂં મેહેર મેહેબૂબકી, જો રુહેં દેખો સહૂર કર ।
મહામત કહે મેહેર અલેખે, જો દેખો રુહકી નજર ॥૫૬॥

**હે સાથજી! આપણા પ્રિયતમ શ્રી રાજજી મહારાજની મહેરનું ક્યાં સુધી વર્ણન કરું? શ્રી મહામતિજી કહે છે કે, હે ધામની આત્માઓ! જો તમે આત્મિક દૃષ્ટિથી વિચાર કરી જોશો તો તમને શ્રી ધણીજીની અપાર મહેરનાં બધાં જ કાર્યોની અનુભૂતિ થઈ શકશે.**

*પ્રકરણ-૮ સંપૂર્ણ : ચોપાઈ-૩૧૮*

## ૯ : નિસ્બતનું પ્રકરણ

નવમું પ્રકરણ પાંચ પ્રકારની રોશની પૈકી વિશેષતઃ 'નિસ્બત'ની રોશની પ્રગટાવનાર અર્થાત્ શ્રી સુંદરસાથજીની અક્ષરાતીત શ્રી ધણીજી સાથે અખંડ નિસ્બત જાગ્રત કરી પરમધામના નિસ્બતના રસ સાગરમાં સ્નાન કરાવનાર છે. તેમાં ઈશ્ક-રબ્દ દરમ્યાન શું શું વાર્તાલાપ થયો તથા તે કેમ અને કેવી રીતે થયો, તેનું ખૂબ જ વિસ્તૃત તેમજ દિલમાં ચુભી જાય તેવું વર્ણન છે.

હે આત્મા! હવે તું તારી અંતઃચક્ષુ ખોલ અને નિજ-નિસ્બતને બરાબર ઓળખી લે. ત્યારબાદ તારી જાતને જ પૂછ કે તું કઈ ભૂમિ પર ઉભેલ છે? તું શ્રી શ્યામાજીની મહેર તો જો! તેમણે સ્વયં પધારી તને ચૌદે લોકોમાં સર્વશ્રેષ્ઠ એવું તારતમજ્ઞાન સંભળાવ્યું છે. ૃ ૪ ૪ ઉ ૠ ૪
૪ ૪ ૪ ૪
૪ ૪ ૠ ૪ ૪

શ્રી મહામતિજી કહે છે કે, હે આત્મા! જ્યારે જ્ઞાનીજનો તારતમજ્ઞાન વિના, નિરાકારના જ્ઞાનના આધારે પરમધામને આ દુનિયામાં જ દર્શાવે છે તથા આ જગતથી પરે કંઈ જ નથી એમ સૌને સમજાવે છે, ત્યારે સંસારીજનો (આવું કહેનાર પર 'અહમ્ બ્રહ્માસ્મિ' નું કથન ઘટાવી) તેમને જ પરમાત્મા માનવા લાગે છે! ૃ
ड़ ट ४ ४ ट ४ उ

પરંતુ, **હે આત્મા! તને તો આ બેશક ઈલમરૂપી અખંડ ખજાનો**

**'મૂળ નિસ્બત'થી મળ્યો છે,** જે ત્રિગુણ તથા અક્ષરધામના માલિક અક્ષરબ્રહ્મને પણ ઉપલબ્ધ નથી. હે આત્મા! હવે, તું પોતાની કહેણી, કરણી તથા રહેણી વિષે ગંભીરતાપૂર્વક વિચાર કર! उ ६४

ट ४उड़ ४

**પરમધામમાં શ્રી રાજજી, શ્રી શ્યામાજી તથા આપણ સૌ બ્રહ્માત્માઓ વચ્ચે સદા ઈશ્ક-રબ્દ થતો જ રહેતો હતો.** તેમાં સૌ કોઈ પોતપોતાના ઈશ્કને વિશેષ દર્શાવતાં. ƽ ४ ƽ ≂ ƽ ड़ ४ उ

ड़ ४ ४ ƽ ƽ उ ≂

६ ६ ऋ ƽ વળી, તેમાંયે બ્રહ્માત્માઓ તો પોતાના ઈશ્કની વિશેષતાની એ વાત વારંવાર યાદ કરાવતી. જ્યારે શ્રી રાજજી મહારાજે પોતાની આશિકીની તથા પોતાના ઈશ્કની મોટાઈ સંબંધી વાત કહી ત્યારે શ્રી શ્યામાજી સહિત સૌ આત્માઓના દિલમાં આ વિષે સંશય ઉદ્દભવ્યો. ४ ठ ƽ

≂ ४ ४ ४

४ ƽ ≂ ƽ उ

४ ઈશ્કના નશામાં સૌ બ્રહ્માત્માઓએ કહી જ દીધું કે "હે ધણીજી! આપ બસ આપની સાહેબી તથા ઈશ્ક કેવો છે તે પ્રાયોગિકરૂપે બતાવી અમને ખુશ કરો! અમે સૌ આપશ્રીનાં ચરણોને પકડીને જ બેઠાં છીએ." ત્યારે આ વિષયનો નિર્ણય કરવા માટે શ્રી રાજજીએ વધુ ચર્ચા-વિવાદ નહીં કરતાં આપણ સૌ આત્માઓને પોતાના ચરણોમાં બેસાડી. એક પળ માટે પણ આપણને જુદા કર્યા વિના ફરામોશી-બેહોશીનો એવો ખેલ કરી બતાવવાનું નક્કી કર્યું કે જેથી સૌને જુદાઈનો બરાબર અનુભવ થઈ શકે. ठ ƽ ≂ ƽ ≂

४ ४ ƽ

ƽ ≂ ड़ ट ४

**ધણીજીએ એવી અસંભવ તથા અજાયબી પમાડે તેવી વાત કરી બતાવી કે આપણને મૂલમિલાવામાં બેઠાં બેઠાં જ સત્-અંગ અક્ષરબ્રહ્મના દિલરૂપી પરદા પર માયાવી સંસારનો ખેલ બતાવ્યો.**

६ उ ƽ ƽ

उ ≂ ≂ ≂ु ड़ ƽ



D:\Pranam/Chitvani/67

શ્રી મહામતિજી કહે છે કે હે સુંદરસાથજી! હવે ખેલમાં ધણીજીએ આપ સૌ નિસ્બતીજનોના કાજે જે મહેર વરસાવી છે, તેનો અનુભવ કરો. તેમણે એક જુદા જ પ્રકારની નજરથી ખેલ બતાવી પોતાના ધામનો ઈશ્ક તથા ધામની સાહેબીનો પરિચય કરાવ્યો છે. જરા વિચારો! સ્વયં શ્રી ધણીજી વિના આપ સૌ ને નિજઘરનું સુખ બીજું કોણ આપી શકે? ४ ४ ४

ƽ ४

## ૯.૧ : હે મારી આત્મા! તું તારી આંખો ખોલ!

દેખ તૂં નિસબત અપની, મેરી રુહ તૂં આંખાં ખોલ ।
તૈં તેરે કાનોં સુનેં, હક બકાકે બોલ ॥૧॥

**હે મારી આત્મા! તું તારી અંતરની આંખો ખોલ અને પોતાના મૂળ સંબંધ (અખંડ નિસ્બત)ની ઓળખાણ કરી લે. તેં તો તારા પોતાના કાનેથી શ્રી શ્યામાજી સ્વરૂપ ધણી શ્રી દેવચંદ્રજીએ કહેલી શ્રી રાજજી મહારાજ તથા આપણા પરમધામની વાતો સાંભળેલી છે.**

કૌન જિમીમેં તૂં ખડી, કહાં હૈ તેરા વતન ।
કૌન ખસમ તેરી રુહકા, કૌન અસલ તેરા તન ॥૨॥

**તેમણે તને જે પૂછ્યું હતું તે યાદ કરઃ "હાલ તું કઈ ભૂમિ પર ઊભેલી છે? તારું અસલ વતન ક્યાં છે? તારી આત્માનો અખંડ ધણી કોણ છે? તારું મૂળ તન ક્યું છે?"**

કૌન મિલાવા તેરા અસલ, તૂં બિછુરી ક્યોં કર ।
તો તોહે યાદ ન આવહીં, જો તૈં સુન્યા નહીં દિલ ધર ॥૩॥

**તારો વાસ્તવિક મૂળ મિલાવો કયો છે? આજે તું એ મિલાવાથી કેવી રીતે વિખૂટી પડી ગઈ છે? તને એટલા માટે જ એ બધી વાતોની યાદ નથી આવતી કારણ કે તેં તે ધ્યાનથી પોતાના દિલથી સાંભળી જ નહોતી!**

સહૂર તોકો સાહેબ દિયા, ઈલમ દિયા હક ।
બાહેર માહેં અંતર, એક જરા ન રહી સક ॥૪॥

**શ્રી રાજજી મહારાજે તને જાગ્રતબુધ્ધિ આપી તથા પોતાનું તારતમજ્ઞાન પણ આપ્યું. જેનાથી તારા દૈહિક, વ્યાવહારિક અને આત્મિક -**

**દરેક પ્રકારના સંશયો બાકી રહેવા પામ્યા નથી.**

ચૌદે તબકોંમેં નહીં, રુહ-અલ્લાકા ઈલમ ।
એ દિયા એક તોહીકો, કરકે મેહેર ખસમ ॥૫॥

**જે આ ચૌદેલોક્ના બ્રહ્માંડમાં કોઇનેય ઉપલબ્ધ નથી, એવો રુહઅલ્લાહ શ્રી શ્યામાજીનો ઈલમ ધણીજીએ મહેર કરીને એક માત્ર તને જ આપ્યો છે.**

મૂલ મિલાવા ચીન્હ્યા, ચીન્હ્યા બિછુરે વાસ્તે જિન ।
બેસક હુઈ ઈન બાતોં, જો હક બકાકા બાતન ॥૬॥

**હવે આ જાગ્રતબુધ્ધિની તારતમવાણી થકી તેં તારા મૂલમિલાવામાં બેઠેલી પોતાની પર-આત્મની ઓળખાણ કરી લીધી. જે કારણોવસાત ત્યાંથી વિખૂટા પડવાનું થયું, એ સર્વે શ્રી રાજજી મહારાજના દિલની પરમરહસ્યમય વાતોથી તું બેશક થઈ ગઈ છે.**

## ૯.૨ : અજ્ઞાનતાને લીધે સંસારીજન પરમધામને આ દુનિયામાં જ દર્શાવે છે.

દુનિયાંમેં અર્સ કહાવહીં, તાએ સબ જાનેં હક ।
એ ઈલમ તિનકો નહીં, જો તૈં પાયા બેસક ॥૭॥

**હે આત્મા! જે લોકો પરમધામને આ દુનિયામાં જ બતાવે છે અને તેનાથી આગળ કશું જ નથી એવું કહે છે, એવા લોકોને જ સંસારીજનો 'પરમાત્મા' માને છે! તેનું કારણ એ છે કે તેઓને આ તારતમજ્ઞાનરૂપી બેશક ઈલમ મળ્યો નથી, જે તને તારી મૂળ નિસ્બતના કારણે મળેલ છે.**

ત્રૈગુન સિફત કર કર ગએ, એ જો ખાવંદ જિમી આસમાન ।
ખોજ ખોજ ખાલી ગએ, માહેં થકે લા મકાન ॥૮॥

**આ ચૌદલોકોના બ્રહ્માંડના માલિક ગણાય છે તે ત્રિગુણ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - પણ પારબ્રહ્મનો મહિમા ગાતાં થાકી ગયા. સતત ખોજ કરતા રહેવા છતાં તેઓને કંઈજ પ્રાપ્ત થયું નહિ અને નિરાકારની હદમાં જ ફસાઈ રહ્યા.**

મલકૂત સાહેબ ફરિસ્તે, હક ઢૂંઢ્યા ચહૂં ઓર ।
રહે બેચૂન બેસબીયમેં, ના પાયા બકા ઠૌર ॥૯॥



D:\Pranam/Chitvani/68

**વૈકુંઠનાથ વિષ્ણુ ભગવાન તથા અન્ય ફરિશ્તાઓએ પારબ્રહ્મને સર્વ જગ્યાએ શોધ્યા, પરંતુ તેઓ બધા જ શૂન્ય અને નિરાકારને જ અનુપમ અદ્વિતીય પારબ્રહ્મ પરમાત્મા માની ભ્રમણામાં જ ભટકતા રહ્યા. પરમધામનું ઠામ-ઠેકાણું કોઇ પણ પામી શક્યું નહિ.**

એ નૂર બકા કિને ના પાઈયા, કર કર ગએ સિફત ।
એ સુધ નૂર બકાકો નહીં, જો તૈં પાઈ ન્યામત ॥૧૦॥

**અહીં તો કોઇને અખંડ અક્ષરધામની પણ પ્રાપ્તિ નથી થઈ શકી. સૌ કોઈ પારબ્રહ્મ અને તેમના ધામની મહિમા માત્ર ગાઈ જ શક્યા છે. અરે આત્મા! તને જે અમૂલ્ય બક્ષિસ મળી છે, તે તો અક્ષરધામના માલિક ખુદ અક્ષરબ્રહ્મને પણ ઉપલબ્ધ નથી!**

નૂર બકા ઈત દાયમ, આવે હકકે દીદાર ।
તલે ઝરોખે ઝાંકત, આએ ઉલંઘ જોએકે પાર ॥૧૧॥

**અક્ષરબ્રહ્મ નિત્યપ્રતિ શ્રી જમુનાજી પાર કરી પારબ્રહ્મ અક્ષરાતીત શ્રી રાજજી મહારાજનાં દર્શન કરવા આવે છે અને ત્રીજી ભોમના ઝરોખામાં વિરાજમાન શ્રી રાજજી મહારાજના દર્શન ચાંદનીચોકમાં ઊભા રહીને પ્રાપ્ત કરી પોતાના અક્ષરધામ પાછા પધારે છે.**

## ૯.૩ : ઈશ્ક-રબ્દમાં કોણે-કોણે શું શું કહ્યું?

નૂર-જમાલકે દીદારકો, આવેં નૂર-જલાલ ।
નૂર-જમાલકે અર્સમેં, ઈત રુહેં રહેં કમાલ ॥૧૨॥

**નિત્યપ્રતિ નૂરજલાલ અર્થાત્ અક્ષરબ્રહ્મ સ્વયં નૂરજમાલ અર્થાત્ અક્ષરાતીત પારબ્રહ્મ શ્રી રાજજી મહારાજનાં દર્શન કરવા માટે આવે છે. નૂરજમાલ શ્રી રાજજી મહારાજના ધામમાં તો માત્ર તેમની આનંદસ્વરૂપા આત્માઓ જ રહે છે.**

ઈત મિલાવા રુહનકા, જો કહી બારે હજાર ।
ઉતરે લૈલત-કદરમેં, એહ તીસરા તકરાર ॥૧૩॥

**અહીં અક્ષરાતીત પરમધામમાં મૂલમિલાવામાં આત્માઓને (પ્રતિકાત્મકરૂપે) બાર હજારના સમૂહમાં દર્શાવવામાં આવી છે. તે તમામ આત્માઓ લૈલ-તુલ-કદ્રના ત્રીજી તકરારમાં અર્થાત્ વ્રજ, રાસ અને જાગણી પૈકી આ ત્રીજા જાગણીના ખેલમાં અવતરેલ છે.**

અર્સ-અજીમ તેરા વતન, ખસમ નૂર-જમાલ ।
એ ઈલમ પાયા તૈં બેસક, દેખ કૌલ ફૈલ હાલ ॥૧૪॥

**હે મારી આત્મા! તારું તો મૂળવતન જ પરમધામ છે તથા સ્વયં અક્ષરાતીત જ તારા ધણી છે! તેં ધણીજીનો બેશક ઈલમ પણ પ્રાપ્ત કરી લીધો છે. હવે તું તારી કહેની, કરણી અને જીવન રહેણી તરફ ધ્યાન આપ.**

દેખ મેહેર તૂં હકકી, ખોલ દઈ હકીકત ।
દેખ ઈલમ તૂં બેસક, દઈ અપની મારફત ॥૧૫॥

**ધણીજીની તારા ઉપર જે મહેર થઈ છે તે તો તું જો! તેમણે પરમધામ સંબંધી સંપૂર્ણ હકીકતો સ્પષ્ટ કરી દીધી છે. અરે! એમણે બક્ષેલ બેશક ઈલમ તરફ તો તું ધ્યાન આપ! તેઓએ ખુદની ઓળખાણ સંબંધી પોતાના દિલની સૌથી રહસ્યભરી વાતો સમજાવી દીધી છે!**

જિન કારન તેરા આવના, હુઆ જિમી ઈન ।
રુહ-અલ્લાને જો કહી, સો મૈં કહૂં આગે મોમિન ॥૧૬॥

**શ્રી દેવચંદ્રજીના તનમાં પધારેલ શ્રી શ્યામાજીએ આ સંસારમાં આવવાનું કારણ મને સમજાવ્યું હતું. હવે, તેની સર્વે વિગત હું સૌ સુંદરસાથ સમક્ષ ધામની મૂળ નિસ્બત જાણીને કહું છું.**

દાયમ કરત રબ્દ, રુહેં હાદી હક ।
સબ કોઈ કેહેતે આપના, બડા હૈ મેરા ઈસ્ક ॥૧૭॥

**પરમધામમાં શ્રી રાજજી, શ્રી શ્યામાજી અને આપણ બ્રહ્માત્માઓ વચ્ચે સદાય ઈશ્ક-રબ્દ ચાલતો જ રહેતો હતો. સૌ કોઈ પોત-પોતાના ઈશ્કને જ વિશેષ દર્શાવી કહેતા કે, "માત્ર મારો જ ઈશ્ક મોટો છે."**

બીચ અર્સ ખિલવતમેં, હોત દાયમ વિવાદ ।
ઈસ્ક અપના રુહેં હકકો, ફેર ફેર દેતી યાદ ॥૧૮॥

**પરમધામ મૂલમિલાવામાં હમેશાં આ ઈશ્ક-રબ્દ ચાલતો. બ્રહ્માત્માઓ શ્રી રાજજી મહારાજને પોતાનો ઈશ્ક વિશેષ છે એવું વારંવાર યાદ કરાવ્યા કરતી.**

તબ કહ્યા હકેં હાદી રુહનકો, મૈં તુમારા આસિક ।
એ તેહેકીક તુમ જાનિયો, ઈસ્ક મેરા બુજરક ॥૧૯॥



D:\Pranam/Chitvani/69

**ત્યારે શ્રી રાજજી મહારાજે શ્રી શ્યામાજી તથા આત્માઓને કહ્યું કે હું તમારો પરમ ચાહક - આશિક છું. એ વાત તમે સૌ નિશ્ચિતરૂપે સમજી લો કે ઈશ્ક તો મારો જ સર્વ રીતે વિશેષ છે.**

તબ હાદી રુહનકો, એ દિલ ઉપજી સક ।
હકકા ઈસ્ક હમસે બડા, એ ક્યોં હોવે મુતલક ॥૨૦॥

**ત્યારે શ્રી શ્યામાજી તથા રુહોના દિલમાં એ સંશય પેદા થયો કે શ્રી રાજજીનો ઈશ્ક આપણા સૌના ઈશ્કથી વિશેષ હોઈ જ શી રીતે શકે?**

હકેં કહ્યા રબ્દ મૈં ના કરું, કર દેખાઊં તુમકો ।
ઈસ્ક મેરા તબ દેખો, નેક ન્યારે હો મુઝ સોં ॥૨૧॥

**ત્યારે શ્રી રાજજી મહારાજે કહ્યું કે, હે રુહો! આ બાબતે હું આપ સૌ સાથે કોઇ વિવાદ કરવા માંગતો નથી. હું તેનો પ્રાયોગિક રીતે નિવેડો કરીને જ બતાવીશ. આપ સૌ જ્યારે મારાથી થોડાં અલગ થશો ત્યારે જ મારા ઈશ્કની ઓળખાણ કરી શકશો.**

ન્યારે તો હમ હોએં નહીં, નિમખ ના છોડેં કદમ ।
એ જેતી અરવાહેં અર્સકી, કદમ તલે સબ હમ ॥૨૨॥

**ત્યારે રુહોએ કહ્યું કે અમે આપશ્રીથી અલગ તો થઈશું જ નહિ અને આપનાં શ્રી ચરણો એક ક્ષણવાર માટે પણ છોડીશું નહિ. અમે સૌ રુહો આપનાં ચરણોમાં જ બેઠેલ છીએ.**

જુદે હોએ હમ ના સકેં, અવ્વલ તો તુમસોં ।
હાદી રુહનમેં જુદાગી, કોઈ હોએ ના સકે હમમોં ॥૨૩॥

**પ્રથમ વાત તો એ કે અમે આપનાથી અલગ થઈ જ ન શકીએ અને અમે રુહો તથા શ્રી શ્યામાજી કોઈપણ રીતે જુદાં પડી શકીએ તેમ નથી.**

ખેલ દેખાઊં મૈં જુદાગી, કદમ તલે બૈઠો મિલ ।
ઐસા ખેલ ફરામોસકા, જાનોં જુદે હુએ સબ દિલ ॥૨૪॥

**શ્રી રાજજીએ કહ્યું કે અરે રુહો! હું તમને જુદાઈનો ફરામોશીવાળો એવો ખેલ બતાવીશ કે તમે સૌ મળીને બેઠી તો મારા ચરણોમાં જ હશો, તેમ છતાં તમને એવું લાગશે કે તમારાં સૌનાં દિલ બિલકુલ અલગ થઈ ગયાં છે.**

## ૯.૪ : ઈશ્ક-રબ્દ કેમ થયો? કેવી રીતે થયો?

હક કહે મેરી સાહેબી, ઔર મેરા ઈસ્ક ।
હાદી રુહોંકો અર્સમેં, એ સુધ નહીં મુતલક ॥૨૫॥

**શ્રી રાજજી મહારાજે કહ્યું કે પરમધામમાં મારી સાહેબી તથા મારા ઈશ્કની હકીકતનું ભાન શ્રી શ્યામા મહારાણી તથા આપ સૌ રુહોને નહોતું.**

જો એ ખબર હોતી તુમકો, જૈસી મેરી સાહેબી બુજરક ।
તો બડા કબૂં ન કેહેતિયાં, અપને મુખ ઈસ્ક ॥૨૬॥

**જો તમને આ બન્ને બાબતોની ખબર હોત, અર્થાત્ જેટલી મહાન મારી સાહેબી છે તે પ્રમાણેની જાણી લીધી હોત તો તમે પોતાના મુખેથી પોતાનો ઈશ્ક અધિક કે વિશેષ હોવાની ડંફાશ ન મારત.**

અર્સ ન છૂટે ખિન એક, તો ક્યોં દેખેં મેરા ઈસ્ક ।
તો ક્યોં પાઈએ ઈસ્ક બેવરા, આપ અપને માફક ॥૨૭॥

**અરે! આપ સૌ જ્યારે પરમધામથી ક્ષણમાત્ર માટે પણ અલગ નથી થઈ શકતાં, તો પછી મારા ઈશ્કની હકીકતને (અલગ થયા વિના) સમજી જ શી રીતે શકો? તો પછી તમે કહો છો એ પ્રમાણે ઈશ્કનો નીવેડો થઈ જ શી રીતે શકે?**

અર્સ સાહેબી જાની નહીં, તો ના દેખ્યા હક ઈસ્ક ।
તો રુહોં હક સોં કહ્યા, ઈસ્ક અપના બુજરક ॥૨૮॥

**શ્રી રાજજી મહારાજની પરમધામની સાહેબીને જાણતા ન હોવાને કારણે રુહોને તેમના ઈશ્કની ઓળખાણ ન થઈ શકી. તેથી જ રુહોએ પોતાના ઈશ્કને શ્રી રાજજી મહારાજના ઈશ્ક કરતાં વિશેષ કહ્યો.**

ના કછૂ જાની સાહેબી, ના જાન્યા ઈસ્ક અસલ ।
તો બુજરક ઈસ્ક અપના, રબ્દ કિયા સબોં મિલ ॥૨૯॥

**આપ સૌ આત્માઓએ શ્રી રાજજી મહારાજની પરમધામની સાહ્યબી કે તેમના ઈશ્કના અસલ સ્વરૂપને જાણ્યું કે સમજ્યું જ નહોતું. તેથી જ તો તમે સૌએ સાથે મળીને શ્રી રાજજી સમક્ષ પોતાના ઈશ્કની બડાઈ હાંકીને વિવાદ કર્યો.**



D:\Pranam/Chitvani/70

દાયમ બાતેં ઈસ્કકી, કરત માહોં-માહેં પ્યાર ।
ખેલતે હઁસતે રમતે, કરત બારંબાર ॥૩૦॥

**આ રીતે પ્યારપૂર્વક પરસ્પર હમેશાં ઈશ્કની વાતો થતી રહેતી હતી. ખેલતાં-રમતાં તથા વિવિધ હાસ્યલીલા કરતાં વારંવાર બસ આ એક જ વાત થતી રહેતી હતી.**

એક ઈસ્ક દૂજી સાહેબી, રુહોં દેખલાવના જરુર ।
તો હમેસા અર્સમેં, હોતા એહ મજકૂર ॥૩૧॥

**ધણીજી પોતાના ઈશ્ક અને સાહેબીનું સંપૂર્ણ સુખ પોતાની રુહોને આપવા ઈચ્છતા હતા, તેથી જ પરમધામમાં ઈશ્ક-રબ્દ હમેશાં ચાલતો જ રહેતો હતો.**

એ બાત હકેં કરની, સુધ દેને સબન ।
ઈસ્ક ઔર પાતસાહીકી, ખબર ન થી રુહન ॥૩૨॥

**સૌને પોતાના ઈશ્ક અને સાહેબીની હકીકતનું ભાન કરાવવા માટે ધણીજીએ આમ કરવું જ હતું કારણ કે રુહોને તે વિષે કંઇ જ ખબર નહોતી.**

બહુત બાતેં હૈં હકકી, બીચ અર્સ ખિલવત ।
ઈન જુબાં કેતી કહૂં, હિસાબ બિના ન્યામત ॥૩૩॥

**ધણીજીના પરમધામના ખિલવતખાના મધ્યે થયેલી વાતો તો બેશુમાર છે. આ જૂઠી જિહ્વાથી તેનાં બેહિસાબ સુખોનો મહિમા કેટલો વર્ણવી શકું?**

એક સાહેબી હકકી, ઔર ઈસ્ક હકકા ।
એ દોઊ કોઈ ન ચીન્હેં, બીચ અર્સ બકા ॥૩૪॥

**એક શ્રી રાજજી મહારાજની સાહેબી અને બીજો તેમનો ઈશ્ક-આ બંને બાબતોની ઓળખાણ વાહેદતમય પરમધામમાં શ્યામાજી કે સખીઓને નહોતી.**

એક જરા કોઈ વાહેદતકા, ના સકે જુદા હોએ ।
તોલોં ન ચીન્હેં કોઈ હકકી, ઈસ્ક સાહેબી દોએ ॥૩૫॥

**એકદિલ વાહેદતમય પરમધામનું કશુંયે જરાયે અલગ થઈ શકતું નથી. જ્યાં સુધી આમ ન થાય ત્યાં સુધી શ્રી રાજજી મહારાજના ઈશ્ક અને**

**તેમની સાહેબી આ બંનેની મહાનતાની ઓળખાણ થઈ શકે નહિ.**

અર્સસે જુદે હોએકે, એ દેખે જો કોએ ।
ઈસ્ક સાહેબી હકકી, બુજરક દેખે સોએ ॥૩૬॥

**અખંડ પરમધામથી જુદા થઇને જો કોઇ જુએ તો શ્રી રાજજી મહારાજની સાહેબી તથા તેમનો ઈશ્ક આ બંને મોટા છે એવો અહેસાસ થઈ શકે.**

એ દેખાઓ અપની સાહેબી, ઔર કૈસા ઈસ્ક હૈ તુમ ।
રાજી કરો દેખાએકે, હમ બૈઠેં પકડ કદમ ॥૩૭॥

**આથી રુહોએ કહી જ દીધું કે હે ધણી! આપ આપની સાહેબી અને ઈશ્ક કેવો છે, એ બતાવી અમોને ખુશ કરો. અમે સૌ તો બસ આપશ્રીનાં ચરણો પકડીને જ બેઠી છીએ.**

જોલોં જુદે હોએ નહીં, હક બકા અર્સ સોં ।
તોલોં નજરોં ન આવહીં, અર્સ સુખ ખિલવત મોં ॥૩૮॥

**હવે શ્રી રાજજી મહારાજ કહે છે કે જ્યાં સુધી તમે સૌ મારાથી તથા મારા પરમધામથી અલગ થશો નહિ, ત્યાં સુધી માત્ર ખિલવતખાનામાં બેઠા બેઠા તમને ધામનાં સુખોનો કોઈ અંદાજ આવશે નહિ.**

એ અનહોની ક્યોં હોવહીં, ઝૂઠ ન આવે બકા માહેં ।
ઔર રુહેં બકાકી ઝૂઠકો, સો કબૂં દેખેં નાહેં ॥૩૯॥

**અખંડ પરમધામમાં તો જૂઠનો પ્રવેશ જ ન થઈ શકે. તેથી પરમધામની રુહો નૂરી નેત્રો દ્વારા જૂઠી માયાને ક્યારેય પણ જોઈ ન શકે. આ પ્રકારની અસંભવ વાત બની જ શી રીતે શકે?**

જરા એક અર્સ-અજીમકા, ઉડાવેં ચૌદે તબક ।
તો રુહ બકા ક્યોં દેખહીં, ઝૂઠા ખેલ મુતલક ॥૪૦॥

**પરમધામનો એક કણ માત્ર ચૌદ લોકોના બ્રહ્માંડને ઉડાવી દેવા સક્ષમ છે. તો પછી અખંડઘરની આત્માઓ આ મિથ્યા ખેલમાં આવીને તેને શી રીતે જોઇ શકે?**

અનહોની એ હકેં કરી, કરકે ઐસી ફિકર ।
પરદેમેં ઝૂઠ દેખાઈયા, બીચ કાયમ બકા નજર ॥૪૧॥



D:\Pranam/Chivani/71

**આ સર્વે બાબતો વિચારીને ધણીજીએ એવી અસંભવ વાતને સંભવિત કરી નાંખી કે મૂલમિલાવામાં બેઠાં-બેઠાં જ આત્માઓની નજર પોતાના સત્-અંગ અક્ષરબ્રહ્મ તરફ કરીને તેમના દિલરૂપી પડદા પર આત્માઓને સંસારનો આ ખેલ દેખાડ્યો.**

મેહેર પૂરી મેહેબૂબકી, બડી રુહ રુહોં ઊપર ।
ઈસ્ક સાહેબી અર્સકી, ખેલ દેખાયા ઔર નજર ॥૪૨॥

**શ્રી શ્યામાજી મહારાણી તથા બ્રહ્માત્માઓ ઉપર મહેબૂબ શ્રી રાજજી મહારાજે પૂર્ણ મહેર વરસાવી છે. તેની ફલશ્રુતિરૂપે તેમણે તે સૌને એક વિશેષ પ્રકારની દૃષ્ટિથી (નજર પોતાના સત્-અંગ અક્ષરબ્રહ્મ તરફ ફેરવીને) ખેલ બતાવીને પોતાના ધામનો ઈશ્ક અને સાહેબીની ઓળખાણ કરાવી છે.**

હકેં નેક કરી મહંમદ સોં, સબ મેયરાજમેં મજકૂર ।
સો વાસ્તે રુહોંકે સાહેદી, સો રુહઅલ્લા કરી જહૂર ॥૪૩॥

**આ વિષય સબંધિત કેટલીક ખાસ વાતો શ્રી રાજજી મહારાજે મહમ્મદ રસૂલ સાહેબને મેયરાજ (દર્શન)ના પ્રસંગ વખતે સમજાવી હતી. ધણીજીએ પોતાની નિસ્બતવાળી રુહોની આત્મસાક્ષી માટે જ આમ કર્યું હતું. જેનું સ્પષ્ટીકરણ રુહઅલ્લાહ શ્રી શ્યામાજી મહારાણીએ ધણી શ્રી દેવચંદ્રજીના તનમાં બેસીને કર્યું.**

મહામત કહે મેહેર મોમિનોં, હકેં કરી વાસ્તે તુમ ।
કૌન દેવે ઈત સુખ બકા, બિના ઈન ખસમ ॥૪૪॥

**શ્રી મહામતિજી કહે છે, કે હે સુંદરસાથજી! ધણીજીએ આપ નિસ્બતીઓ માટે જ આ મહેર વરસાવી છે. આ સંસારમાં આપણા ધણીજી સિવાય નિજઘર પરમધામનાં આવાં અંખડ સુખ બીજું આપી પણ કોણ શકે?**

*પ્રકરણ-૯ સંપૂર્ણ : ચોપાઈ-૪૪૨*

## ૧૦ : કળશ પંચ-રોશનીનો

દશમા પ્રકરણમાં આત્માની અંદર પાંચે નૂરી બક્ષિસોનો દિવ્ય પ્રકાશ થવાથી તેના હાલ(રહેણી)માં શું શું પરિવર્તન આવે છે તેનું વર્ણન છે. ત્યારબાદ આત્માએ બીજો કોઈ પરિશ્રમ કરવાનો બાકી નથી રહેતો, કારણ કે આ પંચ-પ્રકાશપૂર્ણ સ્થિતિમાં તેનો શ્રી ધણીજી સાથે અપેક્ષિત વાર્તાલાપ થતો રહેતો હોય છે.

પંચ રોશની ઈલમ (નૂર), ઈશ્ક(જોશ), હુકમ, નિસ્બત (આત્મ દુલ્હિન) તથા વાહેદતમય મૂળ વતનની જાગ્રત-નિજબુધ્ધિ - આ પાંચ શક્તિઓની છે. આત્મા ઈશ્ક અને નિસ્બતની લહેજત માણી શકે તે માટે નૂરી ઈલમ, ધણીજીનો હુકમ અને જાગ્રત-નિજબુધ્ધિના સહયોગની આવશ્યકતા છે, એ હકીકતનું પૂર્ણ જ્ઞાન થવું એ જ સર્વે વાતોનો સાર છે અર્થાત્ 'પંચ રોશનીનો કલશ' છે! આ સર્વશ્રેષ્ઠ વાત આત્માના દિલમાં ચૂભી જવાથી 'જાગો અને જગાવો' એ જાગણી મંત્રનું પ્રથમ ચરણ 'સ્વયં જાગો' સાર્થક થાય છે. જ્ઞાનીજનો તથા ધર્મોપદેશકો માટે આ પ્રકરણની વાતો દૈનિક પ્રાર્થના સમાન છે, કારણ કે તેની ચોપાઈઓ એ વાત યાદ કરાવે છે કે હે આત્મા! અન્યને જગાડવા જતાં તું ખુદ રખે ગોથું ખાઈ જતી! ॅ । उ
४ ४ ड़ द४ ४

શ્રી ઈન્દ્રાવતીજી પોતાની આત્મ-જાગૃતિ બાબતે અંતઃનિરીક્ષણ કરે છે. પોતાની બુધ્ધિ તથા તર્ક શક્તિનો પ્રયોગ કરી તે પોતાને માયા અને ધામધણી આ બન્ને વચ્ચે હીંચકા ખાતી જોઈ શકે છે. સૌ સુંદરસાથજી પણ પોતાના જીવનમાં આ પ્રકારનો અનુભવ કરતા હોય છે. તેથી તેમાં વિવિધ પરિસ્થિતિમાં શું કરવું એ શ્રી ઈન્દ્રાવતીજીના કૌલ અને ફૈલ દ્વારા સ્પષ્ટ થઈ જાય છે. હે આત્મા! જો તું વાસ્તવમાં જાગ્રત થઈને આ સર્વે વાતો કરી રહી હોય તો પછી તારી કહેણી (કૌલ), કરણી (ફૈલ) અને રહેણી (હાલ) આ ત્રણેના અલગ અલગ અસ્તિત્વનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. આ ત્રણે એકરૂપ થઈ જવા જોઈએ! ४ ॅऽ उ ४ ४
४ ४ द ड़ ऽ ४ ४ ४
४ ४ उ । ४ ४ ४
द ४ ४ ४
ॅ ऽ ऽ ४

**આશ્ચર્યજનક પરિસ્થિતિનો અનુભવ કરતાં આત્મા શ્રી રાજજી મહારાજના સામર્થ્યને શિરોધાર્ય કરી લે છે. તેને એ વાત દૃઢ થઈ જાય છે કે** શ્રી ધણીજીનો હુકમ જ બસ એક પ્રેરણાસ્ત્રોત, શિક્ષક, કલાકાર તથા વક્તા છે. હે ધણી! મારી પોતાની મહેનતથી નહિ, પરંતુ આપશ્રીની મહેર થકી જ મારા સર્વે મનોરથો પૂર્ણ થયેલ છે. ४ ४ ४ ४
ऽ ४ ऽ ड़ उ ड़



D:\Pranam/Chitvani/72

४ ४ ऽ ४ उ ऽ४
४ ४ ४ ४ ऽ
४

જો ધણીજી દિલમાં લે તો સ્વપ્નાવસ્થામાં પણ આપણા થકી જાગૃતિની વાતો કરાવી શકે છે. ધણીજીના સામર્થ્યના વિષયમાં કોઈપણ પ્રકારનો શક-સંદેહ નિરર્થક છે. જો તેઓ અદ્ભૂત કમાલ કરીને આંખના એક પલકારામાં લાખો બ્રહ્માંડો બનાવી શકે છે, નાનામાં નાના ખસ-ખસના દાણામાં ચૌદ લોકોનું આટલું મોટું બ્રહ્માંડ બતાવી શકે છે, આપણને દિવસમાં રાત્રિ અને રાત્રિમાં દિવસનો અનુભવ કરાવી શકે છે તથા પોતાના ધામમાં બેઠાં બેઠાં જ જેઓ આત્માઓને આવા તો અનેક પ્રકારના ખેલ બતાવી શકે છે, તો પછી તેઓ આપણને સ્વપ્રમાં જાગૃતિનો અહેસાસ કેમ ના કરાવી શકે? ४ ४
ऽ उ उ ऽ
ऽ ऽ४ ४ ४ ऽ ४
४ ड़ ऽ ऽ ४ ४
ऽ

હે ધણીજી! આપનાં શ્રીચરણોની કૃપા વિના અમે કદીયે બેશક થઈ શકત નહીં. હવે, આપ ચાહો તો અમને ખુશ રાખો અથવા દિલગીર. અમારી તો ઉંમર પુરી થવા આવી છે તથા ધામમાં જાગ્રત થવાનો સમય પણ આવી પહોંચ્યો છે. હવે, આપ અમને કાં તો હાસ્યવિનોદ કરતાં ઉઠાડો કે રડતાં. આપશ્રીને જેમ ઉચિત લાગે તેમ કરો! ४ उ ऽ
ऽ ४ ड़ ऽ ४
४ ४ ॅ

બ્રહ્મસૃષ્ટિ (મોમિન) એ જ છે, કે જેણે ધણીજીના ઈલમ તથા ઈશ્કનું સ્વરૂપ જાણી લીધું હોય. ઈલમથી પ્રાપ્ત બેશકી દ્વારા આત્મા અને પર-આત્મ બંને ધણીજીનાં શ્રી ચરણોમાં જાગ્રત થઈ જાય છે. ऽॅ ४ ४ ऽ ४
उ ४ । પછી તે કહે છે કે,
હે ધણી! આપના હુકમની કારીગરીથી જ અમે સ્વપ્નમાં જાગૃતિનું સુખ લઈ શકીએ છીએ. આપશ્રીના હુકમથી જ અમે નિદ્રા સ્વરૂપ બ્રહ્માંડમાં આવ્યા છીએ અને તેમાં અમને સ્વપ્નાવસ્થા થઈ છે. હવે અમે પુનઃ જાગૃત થઈ રહ્યાં છીએ તો તે પણ

આપશ્રીના હુકમ થકી જ. હે ધણી! આપ અમને જેમ રાખશો તેમ રહીશું. આપના હુકમે અમારી તમામ પ્રકારની ઈચ્છાઓ પૂરી કરી છે તથા જે બાકી છે તે સર્વે પણ આપના હુકમના હાથમાં જ છે. અમારા જેટલા દિવસો વિત્યા છે તથા જેટલા હજી વિતવાના બાકી છે, તે સર્વે એક માત્ર આપશ્રીના હાથમાં છે. ૪

૪ ૪ ઉ

૬

૬ ૪ ૪ ૪ ૪ ૪

અનંતકોટિ બ્રહ્માંડોના માલિક અક્ષરબ્રહ્મને જે ચરણકમળ પ્રાપ્ત નથી, તે આપણ સૌ બ્રહ્માત્માઓને નિસ્બતને કારણે પ્રાપ્ત થયાં છે અને તેમની બેશકી માટે જ આ ઈલમ પણ સંસારમાં આવેલ છે. આ ખેલને આપણે સૌએ જોયો છે એમ ત્યારે જ કહેવાય, જ્યારે આપણને એવો અહેસાસ થાય કે અમે તેને આપ યુગલ ધણીજીનાં શ્રી ચરણોમાં બેસીને જ જોઈ રહ્યાં છીએ! વાહેદતનો ઈલમ બક્ષનાર હે ધામધણીજી! આપ શ્રીએ મને એમ સમજાવ્યું છે કે સૌ બ્રહ્માત્માઓ તથા આપશ્રી પરમધામમાં 'એક જ તન' અને 'એક જ દિલ' છીએ. ૪ ૬

ૠ ૬ । ૮ ૪ ૪ ૬ હે મારા પ્રીતમ! પરમધામમાં આપનાં શ્રી ચરણોની વાહેદત સિવાય બીજું કશું જ નથી. માટે હવે તો મારે બીજો કોઈપણ પ્રયાસ કે ઉપાય કરવાની મહત્ત્વાકાંક્ષા રહેતી નથી. આપનાં શ્રી ચરણોમાં નિશ્ચિત થઈને બેઠા સિવાય અમને બીજે ક્યાંયથી પણ આ રીતની બેશકી મળવાની નથી. ૪ ઙ ઠ ૬

૮ ૪ ૪ ૬

## ૧૦.૧ : હે રુહ! પહેલાં તું તારા હાલ તો જો! સ્વયં જાગ!

રે રુહ કરે ના કછૂ અપની, કે તૂં ઉરઝી ઉમત માહેં ।
ઉમર ગઈ ગુન સિફતમેં, તોહે અજૂં ઈસ્ક આયા નાહેં ॥૧॥

**શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા પોતાની જાતને જાગણીપથ પર સર્તક કરતાં કહે છે કે, હે મારી આત્મા! તુ તારા પોતાના માટે તો કંઇ જ નથી કરતી! તું ક્યાંસુધી અન્ય સુંદરસાથને જગાડવાની ઝંઝટમાં વ્યસ્ત રહીશ? અરે! તારી જીંદગી તો શ્રી રાજજી મહારાજના ગુણ અને મહિમાનું ગાયન**





**કરી કરીને એ સૌને સંભળાવવામાં જ વ્યતિત થઇ રહી છે! હજુ સુધી તારી અંદર ધણીનો ઈશ્ક તો આવ્યો પણ નથી!**

હક સિર પર ઈન વિધ ખડે, દેખત ના હક તરફ ।
જો સ્વાદ લગે મેહેબૂબકા, તો મુખ ના નિકસે એક હરફ ॥૨॥

**હે રુહ! શ્રી રાજજી મહારાજ તારી ઉપર કેટલી બધી મહેરબાની કરી રહ્યા છે, તેમ છતાં તું તો તેમની સામે જોતી પણ નથી! જો તને તારા લાડલા મહેબૂબનો સાચો સ્વાદ લાગ્યો હોત તો તારી જુબાનથી એકપણ શબ્દ નીકળી શકત નહિ.**

બાત કરત તૂં હકકી, જો રુહોં સોં ગુફ્તગોએ ।
ઈન બકાકી ખિલવતસે, કછૂ તોકો ભી નસીહત હોએ ॥૩॥

**હે મારી આત્મા! ધણી અને ધામની ખિલવતની જે વાતો તું રુહોને વિસ્તારપૂર્વક ખોલી-ખોલીને બતાવી રહી છે, એ જ વાતોને તું થોડી તારા ઉપર પણ લઇને જો!**

એ સબ્દ કહે તૈં નીંદમેં, કે સુપને કરત સ્વાલ ।
કે જવાબ તેરે જાગતે, કછૂ દેખે ના અપના હાલ ॥૪॥

**હે રુહ! તું જરાક વિચાર કર! શું તું આ વાણી નિંદ્રાવસ્થામાં કહી રહી છે? કે પછી સ્વપ્નમાં જ તારી અંદર આ બધા પ્રશ્નો ચાલી રહ્યા છે? અરે! તું જે પણ ઉત્તર આપી રહે છે, શું એ તું જાગ્રત અવસ્થામાં કહી રહી છે કે પછી નિંદ્રામાં જ બોલ્યે જાય છે? તું તારા પોતાના હાલ પ્રત્યે અતિશય લાપરવાહ છે. આ બાબતે તો તું બિલકુલ ધ્યાન જ નથી આપતી!**

કૈસી બાત કરત હૈ, કિન ઠૌરકી બાત ।
તૂં કૌન ગુફ્તગોએ કિનકી, ના વિચારત હક જાત ॥૫॥

**તું કયા પ્રકારની વાત કરે છે? કઇ જગ્યાની વાત કરી રહી છે? તું કોણ છે અને કોની રહસ્યભરી વાતો પ્રકાશિત કરી રહી છે? તું પોતાના પારબ્રહ્મ ધણીની નિસ્બતના મહિમાનો વિચાર કેમ નથી કરતી?**

એ બાત ના હોએ કબૂં નીંદમેં, ઔર સુપને ભી ના એહ ।
જો તૂં બાત કરે જાગતે, તો તેરી ક્યોં રહે ઝૂઠી દેહ ॥૬॥

**હે મારી રુહ! ધણી અને ધામની અખંડ લીલાઓની મસ્તીની જે**

**વાતો તું કરે છે તે ન તો નિદ્રાવસ્થામાં સંભવિત છે કે ન સ્વપ્નાવસ્થામાં! આ તો જાગ્રતાવસ્થાની જ નિશાની છે અને જો તું જાગ્રતાવસ્થામાં વાત કરી રહી હોય તો તારો આ નશ્વરદેહ ટકી જ શી રીતે શકે?**

એ બાત ના નીંદ સુપનકી, જો તૂં બાત કરે જાગ્રત ।
તો કૌલ ફૈલ ના હાલ કોઈ, રહે ના દેહ ગત મત ॥૭॥

**પણ જો તું સાચે જ જાગ્રત થઇને આ વાતો કરતી હોય તો તારી કહેણી (કૌલ), કરણી (ફૈલ) અને રહેણી (હાલ) આ ત્રણેના અલગ અલગ અસ્તિત્વનો પ્રશ્ન જ નથી રહેતો. એ ત્રણે એકરૂપ થવાં જોઇએ. આ નશ્વર શરીરની ગતિ (ચાલ) અને મતિ (બુધ્ધિ) પૂર્ણતઃ સમાપ્ત થઇ જવી જોઇએ.**

જો એ બાત કરે જાગતે, તો તોહે નીંદ આવે ક્યોં ફેર ।
નૈનોં પલ ક્યોં લેવહીં, ક્યોં બોલે ઔર બેર ॥૮॥

**અને હા, જો આ બધી વાતો હકીકતમાં જાગ્રતાવસ્થામાં જ થઇ રહી હોય તો પછી તને પુનઃ નિદ્રા કેમ આવી જાય છે? જાગૃતિની અવસ્થામાં તો તારાં નયનો એક પલક પણ ના ઝપકાવી શકે... અને તારા મુખથી બીજીવાર એક શબ્દ પણ શી રીતે નીકળી શકે? રહેણીના સ્તર પર આ પ્રકારની કોઇપણ વાતનું પુનરાવર્તન કરવાનો પ્રશ્ન જ નથી રહેતો.**

કે તૂં બુધ રહિત હૈ, કે તૂં બોલત બેસહૂર ।
બેસહૂર ક્યોં કહે સકે, એ હકકા ગુઝ જહૂર ॥૯॥

**શું તું બુધ્ધિનો ઉપયોગ કર્યા વિના જ જાગૃતિવાળું જ્ઞાન બેહોશીમાં બોલ્યે જાય છે? પરંતુ ના, ના... ધણીના દિલની વાતો બેહોશીમાં થોડી જ કહી શકાય છે?**

*(ધણી આ પ્રશ્નનો ઉત્તર હવે પછીની ચોપાઈમાં આપે છે કે હુકમની કરામતથી રુહ સપનામાં જાગૃતિનું સુખ કેવી રીતે મેળવી શકે છે.)*

## ૧૦.૨ : હુકમની કારીગરીથી રુહ સપનામાં પણ જાગ્રતિનું સુખ લઇ શકે છે.

અબ તેહેકીક એહી હોત હૈ, તોહે બોલાવત હુકમ ।
હુકમેં વજૂદ રેહેત હૈ, ઔર હુકમેં દિયા ઈલમ ॥૧૦॥

**હે રુહ! હવે એ નિશ્ચિત થઇ ગયું છે કે, ધણીનો હુકમ જ તારા દ્વારા ધણી અને ધામની ખિલવતની વાતો બોલાવી રહ્યો છે. હુકમ થકી જ તારા તનને ઊભું રાખેલ છે અને હુકમે જ તને તારતમજ્ઞાનરૂપી બેશક ઈલમ બક્ષ્યો છે.**





આએ ઈલમ હક બકાકે, તબ દેહ રહે ક્યોં કર ।
બેસક હુએ હક અર્સ સોં, સો દમ રહે ન હક બિગર ॥૧૧॥

**પરંતુ પરમધામનો ઈલમ આવી ગયા બાદ જૂઠો દેહ ટકી જ શી રીતે શકે? ધામધણી શ્રી રાજજી તથા પરમધામના વિષયે બેશક થઇ ગયા પછી તો એક ક્ષણ પણ તેમના વિના રહી શકાય જ નહિ.**

અર્સ હકકી બેસકી, પાઈ જરે જરે જેતી ।
જ્યોં જાગકે કેહે હકીકત, ઔર દેહ બોલત સુપનેકી ॥૧૨॥

**હે રુહ! તારું આ સપનાનું તન તો એવી રીતે બોલી રહ્યું છે કે જાણે કોઇ જાગ્રત થઈને બ્રહ્મજ્ઞાનની હકીકત બતાવી રહ્યું હોય.**

## ૧૦.૩ : જો ધણી દિલમાં લે, તો સ્વપ્નમાં પણ જાગ્રતિની વાતો કરાવી શકે!

બડા હોત હૈ અચરજ, બાત જાગ્રત માહેં સુપના ।
જબ કછૂ હોવે જાગ્રત, તબ તો એ આગે હીસે ફના ॥૧૩॥

**મને એ વાતનું આશ્ચર્ય થઈ રહ્યું છે કે સ્વપ્નાવસ્થામાં હોવા છતાં પણ હું જાગૃતિની વાતો કરી શકું છું! જ્યારે વાસ્તવિકતા તો એ છે કે, જાગૃત થયા પછી તો સ્વપ્ન ટકી જ ન શકે.**

જો વિચાર વિચાર વિચારિએ, તો અનહોની હક કરત ।
ઈત બલ કિસીકા નહીં, દિલ આવે સો દેખાવત ॥૧૪॥

**હે સાથજી! જો આપણે ગંભીરતાપૂર્વક વિચાર કરીએ તો શ્રી રાજજી એવી અનહોની વાત કરી રહ્યા છે કે જ્યાં કોઇની કંઇપણ તાકાત ચાલી ન શકે. બસ, તેમના દિલમાં જે આવે છે તે તેઓ આપણને બતાવી દે છે.**

અર્સકી રુહોંકો સુપના, દેખો કૈસે એ આયા ।
એ ભી હકેં જાન્યા ત્યોં કિયા, અપને દિલકા ચાહ્યા ॥૧૫॥

**જુઓ! જે પરમધામની આત્માઓ સદા જાગૃતાવસ્થામાં જ રહેતી હોય છે, તેમને કેવી અદ્‌ભૂત રીતે સ્વપ્ન આવી ગયું! એ પણ શ્રી રાજજીએ પોતાને**

**જેવું ઉચિત લાગ્યું અને જેવું તેમના દિલને ગમ્યું તેમ કર્યું!**

દેહ રખી સુપનકી, ઔર સક ના જાગેમેં ।
એ ભી હકેં જાન્યા ત્યોં કિયા, વિચાર દેખો દિલમેં ॥૧૬॥

**અન્યથા, સદા જાગ્રત એવી પરમધામની રુહોને શું સ્વપ્ન આવી શકે ભલા? આપણા આ સપનાના તનને પણ તેમણે કાયમ રાખ્યું અને આપણી આત્મજાગૃતિ પણ કરાવી.**

આપ અર્સ દેખાઈયા, જ્યોં દેખિએ નીંદ ઉડાએ ।
જરા સક દિલ ના રહી, યોં અર્સ દિયા બતાએ ॥૧૭॥

**નિદ્રા સમાપ્ત થતાં તો સુતેલ મનુષ્ય પોતાને પોતાના ઘરમાં જોઇ શકે છે, પરંતુ ધણીએ તો નિદ્રાવસ્થામાં જ પોતાની તથા નિજઘરની ઓળખાણ કરાવી દીધી.**

ફેર દેખો સુપનકો, તો અજૂં રહ્યા હે લાગ ।
ફરામોસી નીંદ ના ગઈ, જાનોં કિનને દેખ્યા જાગ ॥૧૮॥

**પુનઃ જો હું સ્વપ્ન બ્રહ્માંડ તરફ નજર કરું છું તો તેનો મોહ હજુ પણ લાગેલો જણાય છે! તેનો અર્થ એ થયો કે ફરામોશીની નીંદ હજુ પણ દૂર થઈ નથી. હું તો વિચારતી જ રહી જાઉં છું કે તો પછી જાગ્રત થઇને પરમધામ કોણે જોયું?**

જો દેખૂં અર્સ જાગતે, તો ઈત નાહીં જરા સક ।
ફેર દેખૂં તરફ સુપનકી, તો યોં હી ખડા મુતલક ॥૧૯॥

**હેરાની તો એ વાતની છે કે જ્યારે હું જાગ્રત થઇને પરમધામ તરફ જોઉં છું ત્યારે તેની સત્યતા વિષે કોઇ સંશય નથી રહેતો. પરંતુ બીજી જ ક્ષણે, જ્યારે હું સ્વપ્નના બ્રહ્માંડ તરફ જોઉં છું, તો તે પણ સત્ય હોય તેવું લાગે છે!**

## ૧૦.૪ : ધણીના સામર્થ્ય વિષે શક-સંદેહ નિરર્થક છે

એ બાતેં નૂરજમાલકી, ઈનમેં કૈસા તઅજુબ ।
જનમ લાખ દેખાવેં પલમેં, જાનોં ઢાંપકે ખોલી અબ ॥૨૦॥

**હે સાથજી! અર્શની રુહને સ્વપ્ન આવ્યું અને સ્વપ્નમાં જ જાગૃતિ અને પરમધામનાં સુખોનો અહેસાસ થયો! તેમાં હેરાન થવાની કે તર્ક કરવા**



D:\Pranam/Chivani/75

**જેવી કોઇ વાત જ નથી! આપણા સર્વશક્તિમાન ધણી કોઇપણ અસંભવ વાતને પણ સંભવિત કરી શકે છે! તેઓ અદ્‌ભૂત કમાલ કરીને એક પલકારા જેટલા સમયમાં તો લાખો જન્મ-જન્માંતરો બતાવી શકે છે!**

એક ખસ-ખસકે દાને મિને, દેખાએ ચૌદે તબક ।
તો કૌન બાતકા અચરજ, ઐસે દેખાવેં હક ॥૨૧॥

**જો ધણી ઝીણામાં ઝીણા ખસખસના દાણામાં ચૌદેલોકોનું આવડું મોટું બ્રહ્માંડ બતાવી શકતા હોય તો પછી તેઓની કોઇપણ વાત વિશે આશ્ચર્ય કરવાનો પ્રશ્ન જ રહેતો નથી.**

ઐસી બાતેં હકકી, ઈત કોઈ સક લ્યાઓ જિન ।
દેખ દિનમેં લ્યાવેં રાતકો, ઔર રાતમેં લ્યાવેં દિન ॥૨૨॥

**પારબ્રહ્મ ધણીની આ પ્રકારની વાતો વિશે કોઇએ શક લાવવો નહિ. તેઓ પોતાની નજરમાત્રથી આપણને દિવસે રાત અને રાત્રે દિવસ દેખાડી શકે છે.**

ઐસે ખેલકી હકકે, બૈઠે દેખાવેં અર્સ માહેં ।
રુહ બકાએં લઈ દેહ નાસૂતી, જો મુતલક કછુએ નાહેં ॥૨૩॥

**પોતાના પરમધામમાં બેઠાં-બેઠાં જ ધણી રુહોને આવા તો અનેક પ્રકારના ખેલ બતાવી શકવા સમર્થ છે. જેનું કોઇ વાસ્તવિક અસ્તિત્વ જ નથી એવાં નશ્વર તનોમાં ધણીએ પરમધામની રુહોને બેસાડી.**

તન ઐસા ધર નાસૂતમેં, કરી હક સોં નિસબત ।
કજા ચૌદે તબક કઈ, ઈન તનપે કરાવત ॥૨૪॥

**નશ્વર સંસારમાં આ પ્રકારનાં તન ધારણ કરીને રુહોએ બ્રહ્મસૃષ્ટિની નિસ્બત બાંધીને ધણી સાથે અખંડ સંબંધ બાંધ્યો. હવે તેમના જ હસ્તે સમગ્ર સંસારનો અંતિમ ન્યાય કરાવીને તથા તમામ જીવોને અખંડ ભિસ્તો અપાવીને ધણીજી એ તનોને ખૂબ શોભા અપાવશે. (તો હે સાથજી! ધણી સપનામાં જાગૃતિનો અહેસાસ કરાવે તેમાં હેરાની કે શકની કોઇ વાત જ ન હોઇ શકે!).**

ઐસી અચરજ બાતેં હકકી, ક્યોં કહૂં ઝૂઠી જુબાન ।
કહૂં ઈન તનકા ખસમ, જો વાહેદતમેં સુભાન ॥૨૫॥

**આવી છે આપણા સમર્થ ધણીની અદ્‌ભૂત લીલાઓની વાતો! તે હું**

મારી આ જૂઠી જુબાનથી કેવી રીતે વર્ણવી શકું? ક્યારેક એ અખંડ વાહેદતપૂર્ણ ધામના ધણીને હું આ જૂઠા તનના ધણી અને દોસ્ત પણ કહી દઉં છું!

દોસ્ત કહૂં હક બકાકો, ધર ઐસા ઝૂઠા તન ।
નિસબત તુમસોં તો કહૂં, જો દેખ્યા બકા વતન ॥૨૬॥

હે ધણી! કારણ કે હું આપની અંગના છું અને વળી, મેં અખંડ ઘરનાં દર્શન પણ કરી લીધાં છે. આ સંબંધના નાતે હું આપને આમ કોઇપણ ઉંદ્‌બોધન કરી શકું છું!

એહ વિધ મૈં કેતી કહૂં, કૌન અચરજ ઈન ।
કઈ બાતેં ઐસી હકકી, જો વિચાર દેખો રુહ તન ॥૨૭॥

ધણીના સામર્થ્યની હવે હું કેટલી વાત કરું? એમાં આશ્ચર્યની કોઇ વાત જ શી રીતે હોઇ શકે? જો આતમના તનથી વિચાર કરો તો ધણીજીની આવી તો અનેક વાતો છે (તે સમજાઈ જશે!)

## ૧૦.૫ : ધણીના હુકમ વિના કંઇ જ થતું નથી!

અબ કેહેતી હોં ખસમકો, તુમસે કૈસી ચતુરાએ ।
એ ભી જાનો ત્યોં કરો, ઐસી બની ખેલમેં આએ ॥૨૮॥

હે ધણી! હવે આપની સાથે અમે શું હોંશિયારી કરીએ? આપને જેમ ગમે તેમ કરો. ખેલમાં આવીને અમારી હાલત જ કંઇક આવી ગંભીર થઈ ગઈ છે.

જેતી બાતેં મૈં કહી, તિન સબ મેં ચતુરાએ ।
એ ચતુરાઈ ભી તુમ દઈ, ના તો એક હરફ ન કાઢ્યો જાએ ॥૨૯॥

મેં આપને જેટલી વાતો કહી છે, તે બધી વાતોમાં ભલે મારી ચતુરાઈ જ દેખાતી હોય, પરંતુ આ ચતુરાઈ પ્રદાન કરનારા પણ આપ જ છો. નહિતર હું તો (મારા તરફથી) એક શબ્દ પણ બોલી શકું તેમ નથી.

એહ બાત રહી હુકમ પર, કરેં હક સાંચી સોએ ।
યા રાજી યા દલગીર, એ હાથ ખસમકે દોએ ॥૩૦॥

આ સર્વે વાતો માત્ર આપના આદેશ પર નિર્ભર છે, જેને આપ ધણી પૂર્વ-નિશ્ચિત કર્યા મુજબ સત્ય સાબિત કરી બતાવો છો. ચાહો તો અમને



D:\Pranam/Chivani/76

ખુશ રાખો, ચાહો તો દિલગીર. અમારી ખુશી કે દિલગીરી આ બંને આપ ધણીના હાથમાં જ છે.

ઉમર તો સબ ચલ ગઈ, આયા ઉઠનેકા દિન ।
યા તો ઉઠાઓ હઁસતે, જ્યોં જાનો ત્યોં કરો રુહન ॥૩૧॥

અમારી તો જીંદગી પૂરી થવા આવી અને ધામમાં જાગવાનો સમય પણ આવી પહોંચ્યો છે. હે ધણી! અમને હસતા ઉઠાવો કે રોતા.. આપની આત્માઓના હાલ આપ જેમ ઇચ્છો તેમ કરો.

નીંદ આઈ હુકમસોં, હુકમેં હુઆ સુપન ।
હુકમસે જાગત હૈં, એક જરા ન હુકમ બિન ॥૩૨॥

હે ધણી! આપશ્રીના હુકમથી જ અમે આ નીંદરૂપી બ્રહ્માંડમાં આવ્યાં છીએ અને આપશ્રીના હુકમથી જ અમને ફરામોશી (સ્વપ્નાવસ્થા) પણ પ્રાપ્ત થઇ છે. હવે આપશ્રીના હુકમથી જ અમે પુનઃ જાગી રહ્યાં છીએ. આપના હુકમ સિવાય કંઇ જ થઈ શકતું નથી.

## ૧૦.૬ : બ્રહ્મસૃષ્ટિ 'મોમિન' એ જ કહેવાય, જેણે ધણીના ઈલમ અને ઈશ્કને જાણી લીધો હોય!

હકેં ઈલમ ઐસા દિયા, જો ચૌદે તબકોં નાહેં ।
ઔર નાહીં નૂર મકાનમેં, સો દિયા મોહે સુપને માહેં ॥૩૩॥

હે ધણી! જે ખુદાઈ ઈલમ આ ચૌદલોકના બ્રહ્માંડમાં કોઈનીયે પાસે નથી, જે ઈલમ અક્ષરબ્રહ્મ પાસે જાગ્રતાવસ્થામાં પણ નથી, તે આપે અમને સ્વપ્નમાં જ આપી દીધો છે.

એ ઈલમ નૂર જમાલ બિના, દૂજા કૌન બકસત ।
મુઝ બિના કિને ના પાઈયા, મેરી બેસક રુહ જાનત ॥૩૪॥

મારી આત્મા એ વાત નિશ્ચિતરૂપે જાણે છે કે, મારા સિવાય બીજા કોઇને પણ આ ઈલમ પ્રાપ્ત થયો નથી, તથા એક ધામધણી વિના આ પ્રકારનો ઈલમ અન્ય કોઈ આપી પણ શી રીતે શકે?

યા જાનેં એહ મોમિન, જિન ઈલમ પાયા બેસક ।
તિનોં નીકે કર ચીન્હ્યા, જિન બૂઝ લિયા ઈસ્ક ॥૩૫॥

આ બાબતને એક હું જાણું છું અને બીજા બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ.

અન્ય કોઇએ તો આ ઈલમને નથી પ્રાપ્ત કર્યો કે નથી સમજયો! કેવળ બ્રહ્મસૃષ્ટિ જ ધણીના ઈશ્કને સમજી શકી છે. માત્ર તેઓએ જ ધણીને સંપૂર્ણરૂપે ઓળખ્યા પણ છે.

મોમિન તિનકો જાનિયો, નૂર-જમાલ સોં નિસબત ।
મેરી બેસક દેસી સાહેદી, જિનોં પાઈ હક ન્યામત ॥૩૬॥

**શ્રી રાજજી કહે છે કે જેમણે ધણીજીના તારતમજ્ઞાનરૂપી અખંડ બક્ષિશ પ્રાપ્ત કરી લીધી છે અને તેના પ્રકાશમાં જે મારી બેશક સાક્ષી આપશે, તેઓની જ અક્ષરાતીત સાથે મૂળ નિસ્બત છે. તેઓને જ સાચા સુંદરસાથ કે મોમિન જાણવા.**

## ૧૦.૭ : ઈલમથી પ્રાપ્ત થયેલી બેશકી દ્વારા આત્મ અને પરઆત્મ બંને ધણીજીનાં શ્રી ચરણોમાં!

અબ ઈન ઊપર ક્યા બોલના, આગૂં મેહેબૂબ તુમ ।
જિન વિધ જાનો ત્યોં કરો, દોઊ તન તલે કદમ ॥૩૭॥

**હે ધણી! આપની સમક્ષ હવે એથી વિશેષ શું કહેવું? આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. (આપના ઈલમથી જાગ્રત થઈ જવાથી) અમારી આત્મા દ્વારા ધારણ કરાયેલું આ સાંસારિક તન અને અમારી પર-આત્મનું નૂરી તન એ બંને હવે આપશ્રીનાં ચરણોમાં આવી ગયાં છે.**

જો હકકે દિલમેં આઈયા, સો સબ દેખ્યા નીકે કર ।
જો દેખાયા ઈલમેં, યા દેખાયા નજર ॥૩૮॥

**શ્રી રાજજીના દિલમાં જે પણ આવ્યું, જે પણ એમના ઈલમ દ્વારા બતાવવામાં આવ્યું, અથવા તો જે પણ તેમણે નજરથી બતાવ્યું, તે સર્વે અમે બરાબર જોઇ લીધું છે.**

ઔર જો હકકે દિલમેં, બાકી હોસી અબ ।
જો તુમ દેખાઓગે, સો રુહેં દેખેં હમ સબ ॥૩૯॥

**હજી બીજી પણ જેટલી વાતો ધણીના દિલમાં પડેલી છે, તે સર્વે પણ હવે ચરિતાર્થ થશે. હે ધણી! આપ જે કંઇપણ અમને બતાવશો, તે સર્વે અમે (આપશ્રીની આત્માઓ) જોઇશું.**



D:\Pranam/Chitvani/77

કેહેના કેહેલાવના ના રહ્યા, ઐસા તુમ દિયા ઈલમ ।
તુમ બિના જરા હૈ નહીં, જ્યોં જાનો ત્યોં કરો ખસમ ॥૪૦॥

**શ્રી ઈન્દ્રાવતીજીની આત્મા કહે છે કે હે મારા મહેબૂબ! આપશ્રીના ઈલમ અને ઈશ્કને સારી રીતે સમજી લીધા પછી કંઈજ કહેવાનું કે કહેવડાવવાનું બાકી રહેતું નથી. તમારા સિવાય બીજું કશુંજ નથી. માટે આપને ગમે તે કરો.**

બોલિએ સો સબ બંધન, એ ભી બોલાવત તુમ ।
એ સહૂર ભી તુમ દેત હો, જ્યોં જાનો ત્યોં કરો ખસમ ॥૪૧॥

**જો હું કંઇપણ બોલી જાઉં છું તો તે બધા શબ્દો પણ બંધનરૂપ થઈ જાય છે. પરંતુ આ શબ્દો બોલાવનાર પણ આપ જ છો! અને અમને આ પ્રકારની સમજ આપનાર પણ આપ જ છો! તેથી હે ધણી! હવે આપને જેમ ગમે તેમ કરો.**

ખસમ ખસમ તો કેહેતી હોં, જાનોં ખુદી રહે ના મુઝ માહેં ।
ગુનાહ અપની અંગના પર, બકામેં આવત નાહેં ॥૪૨॥

**મારી અંદર કોઇપણ પ્રકારનો અહમ્ભાવ ન રહી જાય, તે માટે હું 'ખસમ, ખસમ' તો કહ્યા કરું છું! પરંતુ હે ધણી! અખંડ પરમધામમાં આપશ્રીની અંગના ઉપર ગુનો પણ ક્યાં લાગી શકે છે?**

એ ભી ઈલમ હકેં દિયા, મૈં કહા કહૂં ખસમ ।
ઠૌર ના કોઈ બોલનકી, બૈઠી હોં તલે કદમ ॥૪૩॥

**આપ ધણીશ્રીએ તો અમને આ ઈલમ બક્ષ્યો છે. માટે હવે હું આપશ્રીને બીજું શું કહું? જ્યારે આપનાં ચરણોમાં જ બેઠી છું, ત્યારે આવી બધી વાતો કહેવાનો કોઈ અર્થ જ રહેતો નથી.**

ખસમ ખસમ તો કેહેતી હોં, જો તુમ દેખાઈ નિસબત ।
ભાર ભી તુમ દેઓગે, તુમ હી દેઓગે લજ્જત ॥૪૪॥

**હે ધણી! આપે અમને મૂળનિસ્બતની ઓળખાણ કરાવી છે, તેથી અંગના હોવાના નાતે 'ખસમ ખસમ' કહીને આપને બોલાવી રહી છું. પરંતુ અંગનાપણાનો અહેસાસ અને ઈમાન તો આપ જ પાકો કરશો તથા નિસ્બતની લજ્જત પણ આપ જ દેશો.**

દોઊ તન તલે કદમકે, આતમ પરઆતમ ।
ઈનમેં સક કછૂ ના રહી, યોં કહે હક ઈલમ ॥૪૫॥

**હે ધણી! હવે આપશ્રીના ઈલમે અમારા દિલોમાં કોઈપણ પ્રકારના સંશય રહેવા દીધા નથી. તેથી અમારી આત્મા દ્વારા ધારણ કરાયેલું આ સાંસારિક તન અને અમારી પર-આત્મનું નૂરી તન એ બંને હવે આપશ્રીનાં ચરણોમાં આવી ગયાં છે.**

## ૧૦.૮ : હે ધણી! આપ જેમ રાખશો, તેમ રહીશું!

સિખાઓ ચલાઓ બોલાઓ, સો સબ હાથ હુકમ ।
સો ઈલમેં બેસક કરી, ઔર કહા કહૂં ખસમ ॥૪૬॥

**હે ધણી! આપશ્રીના ઈલમે અમને એ વિષે પણ બેશક કરી દીધાં છે કે અમારું શીખવું, બોલવું તથા ચાલવું એ તમામ વાતો માત્ર આપશ્રીના હુકમના હાથમાં છે. તો પછી અમે આપને વધુ શું કહીએ?**

અન્તર માહેં બાહેરકી, સબ જાનત હો તુમ ।
એ ઈલમેં બેસક કરી, અબ કહા કહૂં ખસમ ॥૪૭॥

**અમારી રુહની (દિલની) પ્રત્યેક વાત તથા અમારા સાંસારિક વ્યવહાર વિશે આપ બધું જ જાણો છો. આ વિષે પણ આપના ઈલમે મને બેશક કરી દીધી છે, માટે હે ધણી! હવે હું આપને બીજું શું કહું?**

સાથ આએ મેલા મિલસી, સો સબ હાથ હુકમ ।
એ સક ઈલમેં ના રખી, અબ કહા કહૂં ખસમ ॥૪૮॥

**સૌ સુંદરસાથનું એકસાથે મળીને આવવું એ બધુંજ એકમાત્ર આપના હુકમના હાથમાં છે. આપના ઈલમે એ શક પણ દૂર કરી દીધો છે, તો પછી અમે આપને વધુ શું કહીએ?**

ખેલ કર ઉતારે ખેલમેં, રુહેં પોહોંચી ઈન ઈલમ ।
ઈન બાતોં સક ના રહી, કહા કહૂં તુમેં ખસમ ॥૪૯॥

**આ સંસારરૂપી ખેલ બનાવીને આપશ્રીએજ અમને તેમાં ઊતાર્યા છે અને આપે આપનો ઈલમ પણ અમને પહોંચાડ્યો છે. આ બધી બાબતો વિષે હવે કોઇ સંશય નથી રહ્યો. તેથી તમને હવે બીજું શું કહું?**



D:\Pranam/Chivani/78

હુકમેં પૂરી સબ ઉમેદ, ઔર બાકી હાથ હુકમ ।
એ ઈલમેં બેસક કરી, અબ કહા કહૂં ખસમ ॥૫૦॥

**આપશ્રીના હુકમે અમારી દરેક પ્રકારની ઈચ્છાઓ પૂરી કરી છે અને હજુ જે ઈચ્છાઓ બાકી છે, તે બધી આપના હુકમના જ હાથમાં છે. આપના ઈલમે એવી બેશકી બક્ષી છે કે હે ધણી! હવે વધું શું કહું?**

દિન ગએ સો તુમ જાનત, બાકી ભી જાનત તુમ ।
જિન વિધ રાખો ત્યોં રહૂં, કહા કહૂં ખસમ ॥૫૧॥

**હે ધણી! આ ખેલમાં જેટલા દિવસો વીત્યા છે તે, અને હજુ જેટલા બાકી છે, તે તમામની હકીકત પણ માત્ર આપ જ જાણો છો. હે ધણી! આપ જેવી રીતે રાખશો, તેવી રીતે જ હું રહીશ. આ સિવાય હું આપને બીજું શું કહી શકું?**

## ૧૦.૯ : અક્ષરબ્રહ્મને પણ દુર્લભ એવાં શ્રી ધણીજીનાં ચરણકમળ રુહોને નિસ્બતથી મળ્યાં છે

ઠૌર ઔર કોઈ ના રહી, સો બેસક કરી ઈલમ ।
એ બેવરા તુમ કહાવત, સો કેહેતી હોં ખસમ ॥૫૨॥

**હે ધણી! હવે મારા તરફથી કંઇ જ કહેવાનું બાકી નથી રહ્યું. હવે આપ મને જાગ્રતબુધ્ધિ આપીને કુરાન અને પુરાણની રહસ્યમયી વાતોના જે ખુલાસા આપ કરાવી રહ્યા છો, તે હવે સૌ સુંદરસાથના હિતાર્થે કહું છું.**

ચૌદે તબક સિર મલકૂત, એ તો કુરસી ફરિસ્તોં અર્સ ।
ઈન સિર લા-મકાન હૈ, આગૂં સબ્દ ન ચલે નિકસ ॥૫૩॥

**ચૌદલોકોમાં સૌથી ઉપર વૈકુંઠ-મલકૂત છે, જે દેવી-દેવતાઓ તથા ફરિશ્તાઓનું ધામ છે. તેનાથી આગળ નિરાકાર ક્ષરપુરુષ છે, જેને ઓળંગીને અહીંના શબ્દો આગળ જઈ શકતા નથી.**

ફના તલે લા મકાન લગ, આગૂં નૂર-મકાન બકા ।
ઉતથેં ઉતરે સો ચઢે, ઔર ચઢ ના સકે ઈતકા ॥૫૪॥

**નિરાકારની અંતર્ગત સ્થિત આખું જગત નાશવંત છે. તેનાથી આગળ અક્ષરબ્રહ્મની લીલાનું (અખંડ યોગમાયાનું) બ્રહ્માંડ અને અક્ષરાતીતનું પરમધામ છે. જેઓ ત્યાંથી આ સંસારરૂપી ખેલમાં ઊતર્યા છે.**

**તેઓ જ માત્ર પોતપોતાના મુકામે પાછા ફરશે. આ માયાનો કોઇપણ જીવ ત્યાં અખંડમાં જઇ શકતો નથી.**

દેખ્યા બેચૂન બેચગૂનકો, ઔર બેસબી બેનિમૂન ।
નિરાકાર દેખ્યા લા નિરંજન, એ બેસક પડી સબ સુંન ॥૫૫॥

**હે ધણી! અમે નિર્ગુણ (બેચગુન), નિરાકાર (બેસબી) અને નિરંજન (બેનિમૂન) એ સર્વેને જોયાં. પરંતુ એ તમામ તો નિશ્ચિતપણે આ શૂન્ય (બેચૂન)ની સીમામાં જ સમાયેલાં છે.**

અવ્વલ ઈલમેં દેખાઇયા, આખિર બેસક ઈલમ ।
ચૌદે તબક દેખે નૂર લગ, ઠૌર નહીં બિના તેરે તલે કદમ ॥૫૬॥

**આપના ઈલમે એ સૌનો આદિ અને અંત કેવો હોય છે, તે પણ બતાવી દીધું છે. અમે આ ચૌદલોકથી માંડીને અખંડ અક્ષરધામ સુધી નજર દોડાવી. પણ આપનાં શ્રી ચરણો સિવાય અન્ય કોઈ વિશ્રામ જણાતો નથી.**

ઔર નજીક ન કોઈ ફરિસ્તા, કોઈ નાહીં ઈન્સાન ઔર ।
હાદી રુહેં તેરે કદમ તલે, કોઈ ઔર ન પોહોંચે ઈન ઠૌર ॥૫૭॥

**હે ધણી! આપનાં ચરણકમળ સુધી કોઈ દેવી-દેવતા (ફરિશ્તા) કે બીજા કોઇ મનુષ્યો પહોંચી શકતા નથી. આ ચરણકમળ સ્થાન સુધી શ્રી શ્યામાજી અને બ્રહ્માત્માઓ સિવાય અન્ય કોઈ પણ પહોંચી શકે તેમ નથી.**

ગિરો નજીકી ફરિસ્તે, ઈનકા નૂર-મકાન ।
એ મલકૂતમેં રેહે ના સકેં, ચઢ ના સકેં લાહૂત આસમાન ॥૫૮॥

**બ્રહ્મસૃષ્ટિની સમીપ રહેનારા બીજા ફરિશ્તા-ઈશ્વરીસૃષ્ટિ છે, જે અક્ષરબ્રહ્મની યોગમાયાની રહેવાસી છે. તેઓ વૈકુંઠમાં રહી શકતા નથી તથા 'ચોથા આકાશ' એટલે કે પરમધામ સુધી પહોંચી શકતા નથી.**

નૂર-મકાનકા ખાવંદ, જિનકે હોત એક પલ ।
કોટ બ્રહ્માંડ ઐસે હોએકે, વાહી ખિનમેં જાત હૈં ચલ ॥૫૯॥

**અખંડ અક્ષરધામ (નૂરમકાન)ના માલિક અક્ષરબ્રહ્મ પોતાના એક પલકારા જેટલા સમયમાં આવા ચૌદલોકના બ્રહ્માંડ જેવાં કરોડો બ્રહ્માંડોનું સર્જન અને વિસર્જન કરી શકે છે.**



D:\Pranam/Chitvani/79

ઈન નૂર-મકાનકા ખાવંદ, જાકો નામૈ નૂર-જલાલ ।
આવત દાયમ દીદારકો, જિત અર્સ નૂર-જમાલ ॥૬૦॥

**આ અક્ષરધામના માલિક અક્ષરબ્રહ્મ કે જેમને કુરાનમાં 'નૂરજલાલ' કહેવામાં આવ્યા છે, તે નિત્ય-પ્રતિ પારબ્રહ્મ અક્ષરાતીત ધણીજીનાં દર્શન કરવા માટે તેમના ઘર પરમધામ સ્થિત 'રંગમહોલ' સુધી આવે છે અને દર્શન કરીને પોતાના ધામે પાછા ફરે છે.**

દઈ સાખ રસૂલ અલ્લાહને, ના પોહોંચે જબરાઈલ ઈત ।
કહે પર જલેં તજલ્લીસે, તાથેં જોએ ના ઉલંઘત ॥૬૧॥

**પારબ્રહ્મ અલ્લાહના રસૂલે એ સાક્ષી પૂરાવી છે કે જબરાઈલ ફરિશ્તો પણ ત્યાં પહોંચી શકતો નથી! પારબ્રહ્મના નૂરના પ્રભાવથી તેની પાંખો બળવા લાગે છે. તેથી તે શ્રી જમુનાજીને પાર કરી (પરમધામ રંગમોહોલ સુધી જઈ) શકતો નથી.**

ઈન અર્સ નૂરજમાલકે, હાદી રુહેં ઈન દરગાહ માહેં ।
રુહેં ઈન કદમ તલે, ઔર ઠૌર ના કોઈ ક્યાહેં ॥૬૨॥

**આવા (મહિમાવંતા) અક્ષરાતીતના પરમધામમાં શ્રી શ્યામાજી અને બ્રહ્મસૃષ્ટિ રુહો પોતાના ધણીનાં શ્રી ચરણોમાં રહે છે. તેના સિવાય બીજે ક્યાંય તેમનું ઠેકાણું નથી હોતું.**

નૂર-જલાલ દીદાર બાહેરસે, કરકે પીછે ફિરત ।
નૂર-જમાલકે કદમોં, બડીરુહ રુહેં બસત ॥૬૩॥

**અક્ષરબ્રહ્મ (નૂરજલાલ) નિત્ય-પ્રતિ પરબ્રહ્મ અક્ષરાતીત (નૂરજમાલ)નાં બહારથી જ દર્શન કરીને પોતાના ધામે પાછા ફરે છે. જ્યારે બડીરુહ શ્રી શ્યામાજી અને બ્રહ્મસૃષ્ટિ તો અક્ષરાતીતનાં શ્રીચરણોમાં જ રહે છે.**

એ ના ખબર નૂરજલાલકો, સુખ નૂરજમાલ કદમ ।
ઈન બાતોં સબ બેસક કરી, મોહે રુહ-અલ્લા ઈલમ ॥૬૪॥

**અક્ષરાતીતનાં આ શ્રીચરણોમાં પ્રાપ્ત થનાર સુખોની જે ખબર અક્ષરબ્રહ્મને પણ નથી, તેની સર્વે હકીકતોથી વાકેફ કરી શ્રી શ્યામાજીએ મને નિઃસંદેહ કરી દીધી.**

હાદી રુહોંકો ખેલ દેખાઈયા, દેખ્યા બૈઠે તલે કદમ ।
ઔર ન કોઈ કેહે સકે, બિના નિસબત ખસમ ॥૬૫॥

શ્રી ધણીજીએ શ્રી શ્યામાજી તથા રુહોને આ સંસારરૂપી જે ખેલ બતાવ્યો છે, તે તેમણે તેમનાં શ્રીચરણોમાં બેસીને જ જોયો છે. પારબ્રહ્મ ધણી સાથેની મૂળ નિસ્બત વિના અન્ય કોઇપણ આ પ્રકારની નિઃસંદેહ વાત કરી શકે નહિ.

### ૧૦.૧૦ : નિસ્બતી બ્રહ્માત્માઓને નિઃસંદેહ કરવા માટે જ સંસારમાં ઈલમ આવ્યો છે

મોહે ઈન ઈલમેં બેસક કરી, સક ન જરા ઈલમ ।<br>
દઈ બેસકી સબનકો, ઠૌર નહીં બિના તેરે કદમ ॥૬૬॥

શ્રી ધણીજીના આ ઈલમ થકી હું નિઃસંદેહ બની. હવે આ ઈલમમાં જરાયે સંશય રહી જતો નથી. આ ઈલમે સૌને મુક્ત કરી દીધા. માટે હે ધણી! તમારા શ્રી ચરણો સિવાય બીજે ક્યાંયે વિશ્રામ નથી.

રુહેં બારે હજાર નૂર બડી રુહકે, બડી રુહ નૂર ખસમ ।<br>
એ ઠૌર બેસક દેખિયા, બિના નહીં તલે તેરે કદમ ॥૬૭॥

બારે હજાર બ્રહ્માત્માઓ આનંદઅંગ શ્રી શ્યામાજીના નૂરનું, તો શ્રી શ્યામાજી ચિદ્‌ઘન સ્વરૂપ શ્રી રાજજીના નૂરનું 'હકીકત'નું સ્વરૂપ છે. જ્યાં આ સર્વે બિરાજમાન છે, એવા મૂલમિલાવાના સ્થાનનાં દર્શન, હે ધણી! આપનાં શ્રી ચરણોની કૃપા વિના સંભવ નહોતા.

ફેર ફેર દઈ એ બેસકી, યાહી વાસ્તે ભેજ્યા ઈલમ ।<br>
જાને જિન ભૂલેં રુહેં ખેલમેં, યાદ દેને હક કદમ ॥૬૮॥

બ્રહ્માત્માઓ માયાવી ખેલમાં પોતાની અસલિયત ભૂલે નહિ એટલા માટે ધણીજીએ વારંવાર અનેક સાક્ષીઓ આપી તેમને બેશકી બક્ષી. તેમને તેમના ધામધણીજીનાં શ્રી ચરણોની યાદ અપાવવા માટે પોતાનો નિજ-બુધ્ધિયુક્ત ઈલમ મોકલ્યો.

એ હાદી રુહેં ઈન કદમ તલે, જિનકો કહે મોમિન ।<br>
ફુરમાન ઈસારતેં રમૂજેં, આઈ કુંજી ઊપર ઈન ॥૬૯॥

નિસ્બતી રુહોની બેશકી માટે ઈલમ આવ્યો છે. કુરાનમાં ધણીજીનાં શ્રીચરણોમાં રહેનારી બ્રહ્મસૃષ્ટિ તથા શ્રી શ્યામાજીને 'મોમિન' કહેવામાં આવ્યા છે.



D:\Pranam/Chitvani/80

કુંજી હાથ રુહઅલ્લા, ઔર રસૂલ હાથ ફુરમાન ।<br>
ભેજે ઈમામપે ખેલમેં, સો હાદી રુહોં લિએ નિસાન ॥૭૦॥

માત્ર આ રુહોએ જ શ્રી શ્યામાજી પાસેથી તારતમજ્ઞાનરૂપી ચાવી પ્રાપ્ત કરીને તથા રસૂલ સાહેબ પાસેથી કુરાનના માધ્યમ દ્વારા સાક્ષીઓ મેળવીને, ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજી દ્વારા ખોલાયેલાં ગૂઢ રહસ્યોને પોતાના હૃદયમાં ગ્રહણ કર્યાં.

નાસૂતમેં બૈઠાએકે, ભેજ્યા બેસક ઈલમ ।<br>
એક જરે જેતી સક ના રહી, બૈઠી બેસક તલે કદમ ॥૭૧॥

હે ધણી! મૃત્યુલોકમાં અમને બેસાડીને આત્મ-જાગૃતિ કાજે તમે બેશક ઈલમ મોકલ્યો. તેનાથી અમને રજમાત્ર જેટલોયે સંશય બાકી ના રહ્યો, અને હવે અમે અમારી જાતને આપ ધણીશ્રીનાં ચરણોમાં બેઠેલાં અનુભવી શકીએ છીએ.

એ સક હમકો તો મિટી, જો હમ બૈઠે તલે કદમ ।<br>
ફરામોસી હમકો મિટાવને, ભેજ્યા તુમ અપના ઈલમ ॥૭૨॥

અમે બેશક એટલે જ થઈ શક્યા છીએ કારણ કે અસલમાં અમે આપ ધણીશ્રીનાં ચરણોમાં બેઠેલાં છીએ. અમારા પર ચઢેલું ફરામોશીનું આવરણ દૂર કરવા માટે જ આપ ધણીજીએ પોતાનો ઈલમ મોકલ્યો છે.

આયા ફુરમાન ખેલ દેખાવને, ઔર આયા હક ઈલમ ।<br>
એ ખેલ નીકે તબ દેખિયા, જબ દેખ્યા બૈઠે તલે કદમ ॥૭૩॥

અમને આ સંસારરૂપી ખેલ બતાવવા માટે પ્રથમ તો કુરાન અને ત્યારબાદ આપ ધણીજીનો ઈલમ આવ્યો. અમે સાચે જ આ સંસારરૂપી ખેલ જોયો છે એવું ત્યારે જ કહી શકાય કે જ્યારે અમને એવી અનુભૂતિ થાય કે અમે આપ યુગલ ધણીનાં શ્રી ચરણોમાં બેસીને જ તે જોઈ રહ્યાં છીએ.

### ૧૦.૧૧ : હે ધણી! અમને વાહેદતનો ઈલમ પ્રદાન કરનારા એક માત્ર આપ જ છો

તુમ મોહે ઐસા દેખાઇયા, એક વાહેદતમેં હૈં હમ ।<br>
દૂજા કછુએ હૈ નહીં, બિના તુમ તલે કદમ ॥૭૪॥

હે ધણી! આપે મને એવું સમજાવ્યું છે કે પરમધામમાં અમે સૌ રુહો

**તથા આપ એક-તન અને એક-દિલ છીએ. આપનાં શ્રી ચરણોની આ વાહેદત સિવાય પરમધામમાં બીજું કંઈ જ નથી.**

એ ભી ઈલમ તુમ દિયા, જાસોં તુમ હુએ મુકરર ।
દિલ સોં રુહોં વિચારિયા, કછૂ હૈ ના વાહેદત બિગર ॥૭૫॥

**હે ધણી! વાહેદતનો આ પ્રકારનો ઈલમ પણ આપે જ બક્ષેલ છે. જેના દ્વારા આપ અમારા દિલમાં વસી ગયા છો. હવે અમે રુહોએ દિલથી નક્કી સમજી લીધું છે કે પરમધામમાં એક વાહેદત સિવાય બીજું કંઇ જ નથી.**

એ તેહેકીક તુમ કર દિયા, તુમ બિના કછુએ નાહેં ।
એ ભી તુમ કહાવત, ઈત મૈં ન આવત મુઝ માહેં ॥૭૬॥

**હે ધણી! આપે એ પણ દૃઢ કરી દીધું છે કે આપના હુકમ સિવાય કંઈજ શક્ય નથી. હે ધણી! મારા મુખેથી આમ કહેવડાવનારા પણ આપ જ છો. તેમાં મારા 'હું પણા'નો કોઇ જ ભાવ નથી.**

એ જિન બિધ હક બોલાવત, તિન બિધ રુહ બોલત ।
હમ બૈઠે તલે કદમકે, એ હમપે હક કહાવત ॥૭૭॥

**હે ધણી! મારા દ્વારા આપ જેવું બોલાવો છો, તેવું જ મારી આત્મા બોલે છે. અમે તો આપનાં ચરણોમાં બેઠાં છીએ અને સ્વયં આપ જ અમારા દ્વારા આમ કહાવી રહ્યા છો.**

અનજાનતકો ઈલમેં, બેસક દિએ દેખાએ ।
કદમોં નૂરજમાલકે, હમ સબ રુહેં લઈ બૈઠાએ ॥૭૮॥

**અમારા જેવાં અજ્ઞાની, અનભિજ્ઞને આપનો ઈલમ આપી આપે બેશક કરી દીધાં છે. અમને સૌ રુહોને જાગ્રત કરી આપ નૂરજમાલ ધામધણીનાં શ્રી ચરણોમાં બેઠાં હોવાનો અહેસાસ કરાવ્યો છે.**

તુમ બૈઠાએ બૈઠત હોં, મુઝમેં નહીં તાકત ।
બૈઠી કદમ તલે હક, એ ભી તુમ કહાવત ॥૭૯॥

**હે ધણી! આપનાં દ્વારા આમ જાગ્રત થવાથી જ હું મૂલમિલાવામાં બેઠી હોવાનો અહેસાસ કરી શકું છું. અન્યથા મારામાં તો સ્વયં જાગવાની કંઈ ક્ષમતા જ નથી. હું તો બસ ફક્ત આપનાં શ્રી ચરણોમાં બેઠી છું. અને હા, આવું કહેવડાવનારા પણ હે ધણી! આપ જ છો.**



D:\Pranam\Chitvani\81

મહામત કહે મેહેબૂબ જી, કોઈ રહ્યા ન ઔર ઉદમ ।
બેસક ઔર કાહૂં નહીં, બિના તેરે તલે કદમ ॥૮૦॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે મારા પ્રીતમ! હવે બીજી કોઇપણ પ્રકારની મહત્વાકાંક્ષા રહી ગઈ નથી. આપનાં શ્રી ચરણોમાં નિશ્ચિંત થઈને બેઠા સિવાય બીજે ક્યાંયથી પણ આ પ્રકારની બેશકી પ્રાપ્ત થવી સંભવ નથી.**

*પ્રકરણ-૧૦ સંપૂર્ણ : ચોપાઈ-૫૨૨*

## ૧૧ : હક રુહોની ખિલવત

આ પ્રકરણમાં પારબ્રહ્મ ધણી શ્રી રાજજી મહારાજ, શ્રી શ્યામાજી અને સૌ બ્રહ્માત્માઓ વચ્ચે ખિલવત - મૂલમિલાવા મધ્યે થયેલ વાતોનું વિસ્તૃત વર્ણન છે. અખંડ પરમધામની ખૂબ જ ગૂઢ હકીકતો સંબધિત આ વાતો તેમના સાચા મૂળ ઈશ્કને પ્રકાશિત કરનારી તથા નશ્વર ભૂમિની મોહજન્ય અકલમાં કદીયે ના આવી શકે તેવી છે. ૪ ≠ ≠ ૪ ङ़
૬

ઈશ્ક-રબ્દ કરી આત્મા જે ઘડી પોતાના ધણીજીથી વિખૂટી પડેલી, એ ઘડીને પકડી લઈ, તેમાં અવસ્થિત થવાનું આ પ્રકરણનું લક્ષ્ય છે. ઈશ્ક-રબ્દની યાદ કરાવી ધણીજીએ ફરામોશી તથા હાંસીની વિધિ સમજાવી છે. બ્રહ્મસૃષ્ટિ આત્માઓએ પોતાની ઈશ્ક-રૂપી મલ્કિયત(ESTATE) શી રીતે ગુમાવી દીધી? તેમણે દેવાળું કેમ અને કઈ રીતે ફૂક્યું? તેમાંથી બચવા માટે શું કરવું રહ્યું? આદિ પ્રશ્નો પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

શ્રી ધણીજી કહે છે કે સુંદરસાથ આત્માઓનો ઈશ્ક પોતાના ઈશ્કની સરખામણીમાં ઘણો જ અલ્પ છે તે બાબત નિમ્નલિખિત ચાર હકીકતો દ્વારા સિધ્ધ થશેઃ (૧) આત્માઓ મિથ્યા માયાથી અંજાઇને શાસ્ત્ર, વેદ તથા કતેબની સાક્ષીઓને તારતમના પ્રકાશમાં માનશે નહિ, (૨) જાહેરી વેશની આડમાં સાક્ષાત્ પધારેલ શ્રી ધણીજીને ઓળખી શકશે નહિ, (૩) ધણીજીનાં શ્રીમુખવચનોને માત્ર કહેણી તથા સુનની (કહેવા અને સાંભળવા) પૂરતા જ સીમિત રાખી જીવન વ્યતિત કરશે, તથા (૪) ધામનાં સુખોની યાદ અપાવવા છતાં દુઃખરૂપી માયા છોડી શકશે નહિ.

માયાના ખેલમાં બ્રહ્માત્માઓના આગમનની પૂર્વ તૈયારી રૂપે જે મંચ તૈયાર કરવામાં આવ્યો તેની વિધિ દર્શાવવામાં આવી છે. સુંદરસાથજીને તેમની વાસ્તવિક ઓળખાણ કરાવવાના હેતુથી રસૂલ સાહેબ સંસારમાં કુરાન લઈ આવ્યા અને તેમણે અખંડના નૂરી જ્ઞાનની વાત કરી. જ્યારે આવો ખેલ રચાઈ ગયો ત્યારે બ્રહ્મસૃષ્ટિ - મોમિનોનું તેમાં આવવાનું થયું. ખેલમાં આવીને તેમના કેવા હાલ થયા તેનું વર્ણન કરતાં ધણીજી કહે છે કે સ્વપ્નિલ સંસારરૂપી ખેલમાં બ્રહ્મસૃષ્ટિ એવી મનુષ્ય જાતિમાં અવતરી કે જ્યાં કોઈએ પણ પારબ્રહ્મ અક્ષરાતીતનું નામ સુધ્ધાં સાંભળ્યું ન હોય. આવી વિષમ ભૂમિમાં આવી તે સૌ ત્રિદેવોની પૂજક જીવસૃષ્ટિમાં સમ્મિલિત થઈ ગઈ. તેમને અસલની સુધ બુધ નહીં રહેતાં તેઓ માયામાં ભળી ગઈ. એટલું જ નહિ, તેમનાં દિલો પર પણ માયાવી શૈતાન આવી બિરાજ્યો તથા તેમના માટે અક્ષરાતીત પારબ્રહ્મ ધણીનો 'ખુદાઈ રાહ' બંધ થઈ ગયો!

આવા ખેલમાં તારતમ જ્ઞાનની ચાવી લઈ શ્રી શ્યામાજી પધાર્યા. તેમણે આ દિવ્ય ચાવી આખરી જમાનાના ધણી ઈમામ મહેંદી શ્રી પ્રાણનાથજીના હાથોમાં સુપ્રત કરી. હવે જ્યારે તેઓ સૌ ભૂલ્યા ભટક્યા સુંદરસાથજીને અખંડ વાણી વચનો સંભળાવી એકત્રિત કરી લેશે, ત્યારે સમસ્ત દુનિયા તેમનાં દર્શન કરશે. હે સાથજી! તેઓની પુકાર સાંભળતાં સાંભળતાં *લૈલ-તુલ-કદ્રની* રાત્રિનું ત્રીજું અને અંતિમ ચરણ પણ વીતી ચૂક્યું છે. હવે તો જાગણીનું પ્રભાત થઈ ગયું છે. તમારા દિલમાં ઈશ્કની બેઠક થયા બાદ જ આ સર્વે અત્યંત રહસ્યપૂર્ણ, અટપટી છતાંયે મહત્ત્વની વાતો વિષે સ્પષ્ટતા થઈ શકે. આવા ઈશ્કથી ભીંજાયેલ બ્રહ્મસૃષ્ટિ - સુંદરસાથ જ પરમધામના સાચા હજૂરી છે. જે ઈશ્કને માટે રબ્દ થયો હતો, તે ઈશ્કને પોતાના હૃદયમાં ગ્રહણ કર્યા વિના આત્માઓ પરમધામ પરત શી રીતે જઈ શકે?

ઈશ્ક-રબ્દમાં સૌ પ્રથમ શ્રી રાજજી કહે છે કે, પોતાની પ્રિય અંગનાઓ (બંદાઓ)ના એક માત્ર આશિક તો સ્વયં પારબ્રહ્મ ખુદા જ હોય! તમે સૌ આત્માઓ તો માત્ર મારાં તન છો – હું આપનો શરીરી છું. મારા દિલમાં આપ સૌના માટે ગંજાનગંજ ઈશ્ક ભર્યો પડ્યો છે. જો આપ સૌ એક સાથે મળીને આ વાતને સમજવાનો પ્રયાસ કરત તો પણ પરમધામમાં તમને આ હકીકતનો અહેસાસ થવો સંભવ નહોતો. ᅮ ᅮ

ƒ ᅮ

ᅮ ᅮ ૪

ᅮ ૪ ૪ ƒ उ



D:\Pranam/Chitvani/82

આનું કારણ એ છે કે અદ્વૈત, એકદિલ (વાહેદતમય) પરમધામમાં ઈશ્કની વધઘટ થઈ જ ન શકે. જ્યાં તન અને મન એક જ પારબ્રહ્મના ઈશ્કમાં ગરકાવ હોય, ત્યાં જ વાહેદત (એકદિલી) છે એમ કહેવાય! ૠ

૪ ƒ ᅮ ૠ

બ્રહ્માત્માઓને ચેતવણી આપતાં શ્રી રાજજી કહે છે કે, "તમે મારા ઈશ્ક થકી જ ઈશ્કનો નિર્ણય પામી શકશો તથા મારા ઈશ્ક દ્વારા જ મને પુનઃ મળશો! હે આત્માઓ! તમે મારા ઈશ્કને ત્યારે સમજી શકશો, જ્યારે સૌ પ્રથમ તમે મને બિલકુલ જ ભૂલી જશો! ।उ ᅮ ૪ ƒ उ ૪

उ ૪ उ उ

૪ ƒ ૪ उ વધુમાં તમારી આત્મ-સાક્ષી માટે હું ઘણા બધા ધર્મગ્રંથોમાં મારા પરમધામની હકીકતોને લખાવીશ. આ પરિસ્થિતિમાં મારો સંદેશવાહક આવી તમને સામેથી વિવિધ પ્રકારની સાક્ષીઓ આપશે. પરંતુ તમે એની એક પણ વાત માનશો નહીં. હે આત્માઓ! તમે અજાણ બનીને એમ કહેશો કેઃ "ખબર નહીં! આ સૌ ધર્મગ્રંથો વળી કયા ધણીએ મોકલ્યા છે! ભાઈ, બતાવો તો ખરા કે અમારો એ ધણી છે ક્યાં ? ૪ ૪ ૪

૪ ૪ ૪ ૪ ૪

ƒ ૪ ƒ उ ૪

ખબર નહિ, અમારું મૂળ વતન ક્યાં છે! આ ખેલ શી રીતે બન્યો છે અને એમાં વળી અમે કોણ છીએ? ખબર નહિ, અમે અહીં કેવી રીતે આવી ગયા છીએ? કઈ ભૂમિનો આધાર લઈ આ સંસાર અંતરિક્ષમાં ઉભેલ છે?" વળી ભ્રમિત થઈ તમે કહેશો કે, "અરે! વૈકુંઠથી પરે કે તેનાથી શ્રેષ્ઠ બીજું કોઈ સ્થાન હોઈ જ શી રીતે શકે?' ૪ ૪

૪ ड़

હે આત્માઓ! વેદ તથા કતેબ ધર્મગ્રંથોમાં હું મારા પરમધામના સર્વે નિશાનો લખી દઈશ. હું તમને મારું જાગ્રત બુધ્ધિનું તારતમજ્ઞાન શીખવાડીશ. તમે સૌ મારા એ ઈલમને ઓળખી પણ લેશો. તેમ છતાંયે તમારાથી પરંપરાગત ચાલ્યા આવતા સાંસારિક રીતિ-રીવાજો તથા બંધનો છૂટી શકશે નહિ. હું મારી પોતાની રુહ શ્રી શ્યામાજીને તમારા જેવું સાધારણ મનુષ્ય તન ધારણ કરાવીને મોકલીશ. તે તમને આપણા ધામની તમામ વાતો યાદ કરાવશે. પરંતુ, તમે મને (તમારા ધણીને)

ઓળખી શકશો નહિ. સત્ગુરુ સ્વરૂપ શ્રી શ્યામાજી તમને મારી તથા નિજ-ઘરની મીઠી મીઠી વાતો રડી-રડીને સંભળાવશે. તેમની વાતો સાંભળીને તમારી આંખોમાંથી અશ્રુધારાઓ પણ વહેશે, તેમ છતાં તમારામાંથી કોઈપણ હકીકતમાં સાવચેત થઈ શકશે નહિ! ડ ૪ ૪

ઉ ડ ડ ડ

ડ ડ૬ ડ ઉ ૪ । ડ હે

આત્માઓ! આ રીતે તમને જાગ્રત કરવા માટે હું કેટલાયે પ્રકારના અવનવા ઉપાયો કરીશ. અને હા, હું જે વાતો પહેલેથી જ સ્પષ્ટ કરી રહ્યો છું, તે સર્વે તમને ખેલમાં આવીને યાદ દેવડાવીશ! ૪ ૪ ઙ ઉ ૪ ડ

ડ૬ ૪ ઊ ડ

શ્રી રાજજી દ્વારા ચેતવ્યા છતાં બ્રહ્માત્માઓએ પોતાની જીદ છોડી નહિ. તેમણે કહ્યું, ''હે રાજજી મહારાજ! જેવું આપ કહી રહ્યા છો તેવી ભૂલો અમારાથી થઈ જ શી રીતે શકે? શું ખેલમાં આવી અમે એકબીજાથી એટલા જુદાં થઈ જઈશું? અમારી બુધ્ધિ પર એવો પડદો શી રીતે આવી જશે?

ડ ડ

ડ ૪ ट ડ ૪ દ ૪ દ

૪ હે ધણી! જેવું આપ કહી રહ્યા છો, તેવી ભૂલો તો અમારાથી ક્યારેય થશે નહિ. તમારે ચકાસણી કરવી હોય તો એક વાર નહિ, સો વાર કરી શકો છો! અમારામાંથી કોઈપણ સુંદરસાથ એવો અશોભનીય વ્યવહાર કદાપિ કરી શકે નહિ! ૪ ડ

પોતાની જાતને સાચા સાબિત કરવા માટે આપણા સુભાન શ્રી રાજજી મહારાજે ખેલમાં ઘટનાર પ્રત્યેક વાત આપણ સૌ રુહોને કહી દીધી. પરંતુ, તેનાથી તો બ્રહ્મસૃષ્ટિઓના દિલમાં ખેલ જોવાની ઈચ્છા વળી વધુ પ્રબળ બની! ઉ

૪ ૪ ડ ડ ૪

ન્ડ ઉલ્ટાનું, તેમણે તો પોતાના ધણીજી પર અહેસાન કરી બતાવવા માટે પોતાના ઈશ્કને કસોટીની એરણ પર મુકવાની તૈયારી બતાવી!

ડ ડ ડ ઉ



D:\Pranam/Chivani/83

સૌ બ્રહ્મસૃષ્ટિ બોલી ઉઠી કે, ''અરે! અમે આવો મિથ્યા માયાનો ખેલ લાખ વાર પણ કેમ ન જોઈએ, તોયે આમ બેસુધ થઈને પોતાના અખંડ ધણીને એમ કેમ ભૂલી શકીએ?'' આમ વાતચીત કરીને એક આત્મા બીજીને કહેવા લાગી કે, હે સખી! તું સાવચેત થઈ જજે. ધણીજી બેહોશી(ફરામોશી)નો ખેલ બતાવવાના છે. તું આપણા પરવરદિગાર એ ધામધણીને કદીયે ભૂલીશ નહિ. જો તું ભૂલી જઈશ તો હું તને તુરંત જ જાગ્રત કરી દઈશ, તથા જો હું ભૂલું તો તું મને તત્ક્ષણ યાદ કરાવી દેજે!

૪ ૪ ડ૬ ૪ ૪ ૪ ૪ ઉ ડ

૪ ઈશ્ક-રબ્દ બાદ સૌ આત્માઓની મનઃસ્થિતિ આ પ્રકારની થઈ ગઈ. સૌના મનમાં એ જ વાત આવી કે અમે બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ તો અખંડ પરમધામના સાચા હજૂરી, સદા શ્રી રાજજી મહારાજના શ્રીચરણોમાં રહેવાવાળા છીએ. તો પછી અમે ક્યારેય ધણીજીથી દૂર થઈ જ શી રીતે શકીએ? ડ

૪ દ ઉ

૪

આ રીતે પરમધામમાં ઈશ્કનો ખુબ જ મોટો રબ્દ થયો. માટે ધણીજીએ બ્રહ્માત્માઓની ફરામોશીની અવસ્થામાં તેનો નિવેડો કરી બતાવ્યો. ઙ

ડ ડ ૪ દ ડ

**પોતાનો ઈશ્ક પુનઃ પ્રાપ્ત થતાં આત્માઓ હસી હસીને એમ બોલી ઉઠશે કે** જે ઈશ્કને કારણે શ્રી ધણીજીએ ફરામોશીનો ખેલ બતાવ્યો એ જ ઈશ્કને કારણે તેમણે અમારી હાંસી કરાવી છે! ડ ડ

૪ દ દ ડઙ

૪ ૪ ૪ ૪

**પ્યારે સુંદરસાથજી!** સાંસારિક ખેલમાં જૂઠી ધાર્મિકતાનું પ્રદર્શન થઈ રહ્યું છે. ફરામોશી અને હાંસીનો આ ખેલ એટલો જટિલ છે, કે જેમાં એક જ તન સાથે જોડાયેલ જમણો હાથ ડાબા હાથથી અજ્ઞાત રહે છે! અર્થાત્ કોઈને પણ પોતાના નિકટના સાથીઓની કે પરસ્પર સંબંધની વાસ્તવિક ઓળખાણ થઈ શકતી નથી!

૪ ઙ ઙ ૬ ૬ ઉ ડ

આ સંસારમાં કેટલા પ્રકારની જાતિઓ, ધર્મો, પંથો તથા કેટલાય પેટા-પંથો એમ સૌ કોઈ પોતાના અલગ અલગ વેશ તથા ભાષાઓ લઈ પારબ્રહ્મની ખોજમાં લાગેલા છે. પરંતુ કર્મકાંડી જડતા કે શરીયતના અતિશય પ્રભાવમાં તેઓ

વિચારશૂન્ય થઈ, શોધ કરતા કરતા એક બીજાથી અલગ થઈ ગયા છે. સૌ કોઈ પોતાની મોટાઈના મોહમાં અલગ-અલગ રીતિ રિવાજોના બહાને પરસ્પર લડાઈઓ કરી રહ્યા છે. ड़ ४ ड़ ड़द ८

અજ્ઞાનતાવશ સંસારીઓ અગ્નિ, જળ અને પાષાણના પ્રતિકોને જ પારબ્રહ્મ માની નિરાકારની વ્યર્થ પૂજામાં લાગેલ છે, તથા તેમ કરી પોતાની જાતને મોટી કહેવડાવે છે! ८ ड़ ड़ ४

उ ट उ उ४ उ ४

સ્વપ્નિલ સંસારરૂપી ખેલમાં બ્રહ્મસૃષ્ટિ એવી મનુષ્યજાતિમાં અવતરી છે કે જ્યાં કોઈએ પણ પારબ્રહ્મ અક્ષરાતીતનું નામ પણ સાંભળ્યું ના હોય.

उ ८ ड़ ड़ ८ उ। उ ४

આવી ભૂમિમાં આવી તે સૌ ત્રિદેવોની પૂજક જીવસૃષ્ટિમાં સમ્મિલિત થઈ ગઈ છે. અસલની સુધબુધ નહીં રહેતાં તેઓ માયામાં રગદોળાઈ ગઈ છે. એટલું જ નહિ, તેમના દિલો પર પણ માયાવી શૈતાન આવીને બિરાજ્યો છે. તેથી તેમના માટે પણ અક્ષરાતીત પારબ્રહ્મ ધણીનો 'ખુદાઈ રાહ' બંધ થઈ ગયો છે!

८ उ ४ उ४ ८ ड़ ८ ड़

४ ४ उ

ड़

આવા જટિલ ખેલમાં સર્વપ્રથમવાર રસૂલ સાહેબ જેમનામાં અક્ષરબ્રહ્મની આત્મ-શક્તિ અને અક્ષરાતીત ધણીજીના જોશ(આવેશ)ની શક્તિ આવૃત થઈ હતી, તેમના દ્વારા કુરાનમાં આત્મ-સાક્ષીની વાતો મોકલાવી.

द द ४ उ તત્પશ્ચાત શ્રી દેવચંદ્રજી દ્વારા તારતમની ચાવી આવી અને તેમણે એ ચાવી હક્કી સ્વરૂપ ઈમામ મહેંદી શ્રી પ્રાણનાથજીને સોંપી. તેમના દ્વારા શ્રી કુલજમ સ્વરૂપ, જે 'આખરી ફુરમાન' છે, તે અખંડ વાણી પ્રગટ થઈ. ॽ ८ ड़

८ ४ ४ ड़

४ ४ ४ ड़द ४

વેદ-કતેબ સૌએ તો પુકાર કરી કરીને કહ્યું છે કે, સૃષ્ટિના અંતિમ ચરણમાં સાહેબ આવશે તથા તેઓ અલ્લાહની પ્રમુખ આત્મા (બડીરુહ) શ્રી શ્યામાજી,



D:\Pranam/Chitvani/84

ઈમામ મહેંદી તથા મોમિન સુંદરસાથના સમૂહવાળો એક પ્રમુખ ધર્મ (નાજી ફિરકો) ચલાવશે. તે સાહેબ સૌનો ન્યાય કરી અખંડ ધણી અને પરમધામની ઓળખાણ કરાવી સૌને (યોગ્યતા મુજબ) અખંડ મુક્તિ (ભિસ્ત) પ્રદાન કરશે. તે ભવિષ્યવાણી મુજબ હવે 'જાગવાની ઘડી' આવી પહોંચી છે. ८ ८ ४

ट ४ ४

શ્રી રાજજીએ જ પોતાની આત્માઓને સૌ પ્રથમ ફરામોશી આપી અને હવે તેઓ તે સૌને ઉપર ઉપરથી જગાડી રહ્યા છે. પરંતુ આત્માના દિલમાં ઈશ્કની બેઠક થયા વિના તે જાગી જ શી રીતે શકે? શ્રી મહામતિજી કહે છે કે, જે ઈશ્કને માટે ઈશ્ક-રબ્દ થયો હતો, તે ઈશ્કને પોતાના હૃદયમાં ગ્રહણ કર્યા વિના આત્માઓ પરમધામ પરત જઈ જ શી રીતે શકે? द ८ ड़

न्उ ४ ४

४ ४ ४

ॽ ४ उ ड़

## ૧૧.૧ : ઈશ્ક-રબ્દમાં કોણે-કોણે શું-શું કહ્યું?

ખિલવત હક રુહનકી, જો ઈસ્ક રુહોં અસલ ।
એ બાતૂન બકા અર્સકી, બીચ ન આવે ફના અકલ ॥૧॥

**પારબ્રહ્મ ધણી શ્રી રાજજી મહારાજ અને બ્રહ્માત્માઓની મૂળ બેઠક, અર્થાત્ 'ખિલવત'માં થયેલ વાતો, કે જે તેમના સાચા મૂળ ઈશ્કને પ્રકાશિત કરનારી છે, તેમાં અખંડ પરમધામની ખૂબ જ ઊંડી રહસ્યસભર હકીકત છે. આ નશ્વર ભૂમિની મોહજનિત બુધ્ધિથી તે સમજી શકાય તેમ નથી!**

રુહેં બડી રુહ સોં મિલકે, બહસ કિયા હકસોં ।
હમ તુમારે આસિક, ઈસ્ક હૈ હમ મોં ॥૨॥

**એકવાર તમામ બ્રહ્માંગનાઓએ બડી-રુહ શ્રી શ્યામાજીને પોતાની સાથે લઇને શ્રી રાજજી મહારાજ સાથે વિવાદ કર્યો કે હે ધણી! અમે આપનાં આશિક છીએ અને આપને પ્રેમ કરીએ છીએ. અમારામાં પૂર્ણરૂપે ઈશ્ક છે.**

બડી રુહ કહે તુમ સાંચી સબે, પર ઈસ્ક મેરા કામ ।
અવ્વલ હક ઔર રુહન સોં, ઈન ઈસ્કૈમેં મેરા આરામ ॥૩॥

**આમ સાંભળી શ્રી શ્યામાજીએ કહ્યું કે હે સખીઓ! તમે બધાં સાચું જ કહો છો, પરંતુ ઈશ્ક હું જ કરું છું. પહેલાં શ્રી રાજજી તથા આપ સૌ રુહોને ઈશ્ક હું જ કરું છું! ઈશ્કના આવા વ્યવહારમાં જ મને સુખ-ચેન મળે છે.**

ફેર જવાબ રુહનકો, ઈન વિધ દિયા હક ।
ઈસ્ક તુમારા ભલે હૈ, પર મૈં તુમારા આસિક ॥૪॥

**આ સાંભળીને શ્રી રાજજી મહારાજે તે સૌને એ રીતનો ઉત્તર આપ્યો કે ઈશ્ક તમારો સૌનો ભલે હોય, પણ તમારા બધાનો આશિક તો હું જ છું!**

હક આસિક બડી રુહકા, ઔર રુહોંકા આસિક ।
એ ક્યોં કહિએ સીધા ઈસ્ક, બન્દોંકા આસિક હક ॥૫॥

**હે રુહો! બડીરુહ શ્રી શ્યામાજી તથા આપ સૌનો આશિક તો હું જ છું. આત્માઓનો ચાહક, અર્થાત્ આશિક તો પરમાત્મા જ હોઇ શકે! તો પછી આપ સૌ સીધેસીધા આશિક હોવાનો, તથા પોતાનો જ ઈશ્ક પૂર્ણ છે, એવો દાવો કેવી રીતે કરી શકો?**

રુહેં ચાહિએ આસિક હકકે, ઔર આસિક બડી રુહકે ।
ઔર બડી રુહ ભી આસિક હકકી, સીધા ઈસ્ક બેવરા એ ॥૬॥

**ત્યારે રુહો કહે છે કે હે ધણી! અમે સૌ આત્માઓ આપશ્રી તથા શ્રી શ્યામાજીની આશિક હોવી જોઇએ. વળી, શ્યામાજી તો આમેય આપનાં આશિક છે જ. માટે ઈશ્કનો સીધે સીધો ફેંસલો તો આ રીતનો જ હોઇ શકે!**

તુમ સબ રુહેં મેરે તન હો, તુમ સોં ઈસ્ક જો મેરે દિલ ।
એ ક્યોં કર પાઓ બકા મિને, જો સહૂર કરો સબ મિલ ॥૭॥

**ત્યારે શ્રી રાજજી કહે છે કે, હે રુહો! તમે બધાં મારાં તનસ્વરૂપ છો, હું તમારો 'શરીરી' (શરીરનો ધારક) છું! મારા દિલમાં તમારા સૌ પ્રત્યે ગંજાનગંજ ઈશ્ક ભરેલો છે. પરંતુ અહીં પરમધામમાં આપ સૌ ભેગા મળીને પણ એ સમજવાનો પ્રયાસ કરશો તોયે તમને એ બાબતનો અહેસાસ થઈ શકશે નહિ.**





તબ હકકે દિલમેં ઉપજ્યા, મૈં દેખાઊં અપના ઈસ્ક ।
ઔર દેખાઊં સાહેબી, રુહેં જાનત નહીં મુતલક ॥૮॥

**ત્યારે શ્રી રાજજીના દિલમાં એ વાત ઉપજી કે મારે સખીઓને મારા ઈશ્ક તથા મારી સાહેબીના મહિમાનો પરિચય કરાવવો જ પડશે, કારણ કે મારી રુહોને નિઃસંદેહપણે આ હકીકતનું બિલકુલ જ્ઞાન છે જ નહિ.**

તબ હકકે અંગકા નૂર જો, જો હૈ નૂરજલાલ ।
તબ તિનકે દિલ પૈદા હુઆ, દેખોં ઈસ્ક નૂરજમાલ ॥૯॥

**ત્યારે શ્રી રાજજી મહારાજનાં નૂરી સત્-અંગ અક્ષરબ્રહ્મના દિલમાં એ ઈચ્છા ઉપજી (ધણીજીએ જ ઉપજાવી!) કે હું મારા અક્ષરાતીત ધણીના રંગમહોલની અંદર થતી ઈશ્કમયી લીલાને જોઉં.**

કૈસા ઈસ્ક બડી રુહ સોં, કૈસા ઈસ્ક સાથ રુહન ।
બડી રુહકા ઈસ્ક હક સોં, ઈસ્ક હક સોં કૈસા હૈ સબન ॥૧૦॥

**ધણી પોતાની બડીરુહ શ્રી શ્યામાજી અને બ્રહ્માંગનાઓ સાથે તથા શ્રી શ્યામાજી અને સખીઓ શ્રી રાજજી સાથે કેવો ઈશ્ક-વ્યવહાર કરે છે - આ બધી બાબતો અંગેની હકીકત હું જાણી લઉં.**

એહ રબ્દ હમેસા રહે, બડી રુહ રુહેં ઔર હક ।
અબ ઘટ બઢ ક્યોં કર જાનિએ, વાહેદત પૂરા ઈસ્ક ॥૧૧॥

**શ્રી શ્યામાજી, રુહો અને શ્રી રાજજી વચ્ચે હરહંમેશ આ રીતનો ઈશ્ક અંગેનો પ્રેમભર્યો વિવાદ ચાલતો જ રહેતો. હવે એવા અદ્વૈત, એકદિલ પરમધામ - જે પૂર્ણ ઈશ્કથી સભર છે, ત્યાં ઓછાવત્તાનો નિર્ણય થઈ જ શી રીતે શકે?**

## ૧૧.૨ : પરમધામની વાહેદતમાં ઈશ્કનો ફેંસલો થઇ જ શી રીતે શકે?

અસલ જુદાગી અર્સમેં, સો તો કબૂં ન હોએ ।
વાહેદત ઈસ્ક ઘટ બઢ, ક્યોં કર હોવે દોએ ॥૧૨॥

**પરમધામની ભૂમિમાં હકીકતમાં એક પળમાત્રની પણ એકબીજાથી જુદાઈ કદાપિ સંભવિત નથી. તો પછી એ અદ્વૈતભૂમિમાં ઈશ્કના ઓછા કે વત્તાપણાનો દ્વૈતભાવ આવી જ શી રીતે શકે?**

વાહેદત કહિએ ઈનકો, તન મન એક ઈસ્ક ।
જુદાગી જરા નહીં, વાહેદતકા બેસક ॥૧૩॥

**જ્યાં તન અને મન એક જ પારબ્રહ્મના ઈશ્કમાં ગરક હોય, તેને જ વાહેદત અથવા અદ્વૈત-એકદિલ કહેવાય. પરમધામ અદ્વૈત-એકદિલ હોવાથી ત્યાં થોડી પણ જુદાઈ થઈ શકતી નથી, એ વાત નિશ્ચિત છે.**

તો બેવરા કબૂં ન પાઈએ, બીચ અર્સ વાહેદત ।
ઈસ્ક બેવરા તો પાઈએ, જો કછૂ હોએ જુદાગી ઈત ॥૧૪॥

**તેથી જ પરમધામની અદ્વૈતભૂમિમાં ઈશ્કનો ફેંસલો ક્યારેય પણ થવાની સંભાવના નથી રહેતી. થોડીક પણ જુદાઈ થાય ત્યારે જ તો ઈશ્કનો નીવેડો થઇ શકે ને!**

જો ઈસ્ક વાહેદતકા, એ જો કિયા મજકૂર ।
એ બેવરા ક્યોં પાઈએ, કોઈ હોએ ન પલ એક દૂર ॥૧૫॥

**જ્યાં ઈશ્ક-રબ્દ થયો તે અદ્વૈત પરમધામમાં કોઇ એક ક્ષણ માટે પણ અલગ થતું નથી, તો આ પરિસ્થિતિમાં ઈશ્કની વધ-ઘટનો નિર્ણય થઇ પણ શી રીતે શકે?**

અર્સ બકામેં જુદાગી, સુપને કબૂં ન હોએ ।
તો હક ઈસ્કકા બેવરા, ક્યોં પાવે મોમિન કોએ ॥૧૬॥

**પરમધામમાં તો સ્વપ્નમાં પણ ક્યારેય જુદાઈ થઇ શકતી નથી. તો પછી ત્યાં રુહો શ્રી રાજજી મહારાજના ઈશ્કનો ફેંસલો કેવી રીતે મેળવી શકતી હતી? (પરંતુ મહેરબાન ધણી પોતાની રુહોના મનોરથ અધૂરા થોડા રાખે?...)**

### ૧૧.૩ : ઇશ્ક-રબ્દમાં શ્રી રાજજી દ્વારા રુહોને અપાયેલી ચેતવણી

હકેં કહ્યા રુહનકો, મૈં દેખાઊં ઈસ્ક ।
એ બેવરા ઈસ્કકા, તુમ પાઓગે બેસક ॥૧૭॥

**માટે શ્રી રાજજીએ રુહોને કહ્યું, હે રુહો! હું તમને મારા ઈશ્કનો પરિચય તથા ઈશ્ક કોનો વધારે કે ઓછો હોઈ શકે, એ બાબતનો ફેંસલો અવશ્ય કરી બતાવીશ.**



D:\Pranam\Chitvani\86

મૈં છિપાઊં તુમકો, બૈઠો કદમ પકડકે ।
એ તુમ ઈસ્કૈસે પાઓગે, આએ મિલો મુઝસે ॥૧૮॥

**હું તમને સૌને ફરામોશીના આવરણની પાછળ સંતાડી દઉં છું. તમે સૌ મારાં ચરણ પકડીને બેસી જાઓ. તમે સૌ મારા ઈશ્ક દ્વારા જ ઈશ્કનો નીવેડો મેળવશો અને ઈશ્ક દ્વારા જ મને પાછા આવીને મળી શકશો.**

એ ઈસ્ક તો પાઈએ, જો પેહેલે મોકો જાઓ ભૂલ ।
તુમ લે બૈઠો જુદાગી, મૈં ભેજોં તુમ પર રસૂલ ॥૧૯॥

**હે રુહો! પહેલાં જ્યારે તમે મને બિલકુલ જ ભૂલી જશો, ત્યારે મારા ઈશ્કની મહિમા જાણી શકશો. જ્યારે તમે મારાથી સંપૂર્ણ જુદાઈનો ભાવ લઇને અલગ થઇ જશો, ત્યારે તમને યાદ અપાવવા માટે હું મારા સંદેશવાહક-રસૂલને તમારી પાસે મોકલીશ.**

મૈં ભેજોં કિતાબત તુમકો, સબ ઈતકી હકીકત ।
તુમ કહોગે કિન ખસમેં, ભેજી કિતાબત ॥૨૦॥

**તમારી આત્મસાક્ષી માટે હું ઘણા બધા ધર્મગ્રંથોમાં આપણા પરમધામની હકીકતો લખીને મોકલીશ. તમે એવાં તો અજાણ્યાં થઇ જશો અને કહેશો કે અમને કંઈ જ ખબર નથી! કયા ખાવિંદે આ બધા ધર્મગ્રંથો મોકલ્યા છે?**

સો કહાં હૈ હમારા ખસમ, કૈસા ખેલ કૌન હમ ।
રસૂલ દેસી તુમેં સાહેદિયાં, પર માનોગે ન તુમ ॥૨૧॥

**વળી, કહેશો અરે! બતાવો તો ખરા! તે ધણી ક્યાં રહે છે? આ ખેલ કેવા પ્રકારનો છે? વળી, એમાં અમે કોણ છીએ? મારો સંદેશવાહક તમને વિવિધ પ્રકારની સાક્ષીઓ પણ આપશે, પરંતુ તમે તેની એક પણ વાત માનશો નહિ!**

કહાં હૈ હમારા વતન, કૌન જિમી એ ઠૌર ।
ક્યોં કર હમ આએ ઈત, બિના મલકૂત હૈ કોઈ ઔર ॥૨૨॥

**તમે કહેશો, ખબર નહિ, અમારું મૂળવતન ક્યાં છે અને કઈ ભૂમિ પર આ સંસાર ઊભો છે! એ પણ ખબર નથી આપણે અહીં કેવી રીતે આવી ગયાં છીએ? અરે! વૈકુંઠથી આગળ અથવા તેનાથી શ્રેષ્ઠતર કે શ્રેષ્ઠતમ કોઇ સ્થાન હોઇ શકે?**

પઢોગે સબ સાહેદિયાં, જો મૈં લિખોંગા ઈસારત ।
સો દિલમેં લ્યાઓગે, પર છૂટેગી નહીં ગફલત ॥૨૩॥

**વિવિધ ધર્મગ્રંથોમાં મેં લખાવેલી તમામ સાક્ષીઓ તથા ઈશારાઓ તમે વાંચશો. તે દિલમાં પણ લેશો, પરંતુ તમારાં દિલમાંથી મોહ-માયા છૂટી શકશે નહિ!**

મૈં લિખોંગા રમૂજેં, ઔર સિખાઊંગા મેરા ઈલમ ।
તિન ઈલમસે ચીન્હોગે, પર છૂટે ન ઝૂઠી રસમ ॥૨૪॥

**હું આપણા પરમધામની તમામ નિશાનીઓ લખી દઈશ. તમને મારું જાગ્રત-નિજબુદ્ધિનું તારતમજ્ઞાન-ઈલમ શીખવીશ. એ ઈલમથી તમે સમજશો પણ ખરા. તેમ છતાં પરંપરાગત ચાલ્યાં આવતાં દુન્યવી રીત-રિવાજોનાં સાંસારિક બંધનો તમારાથી છૂટી શકશે નહિ!**

તુમ જાએ ઝૂઠે ખેલમેં, કર બૈઠોગે જુદે જુદે ઘર ।
મૈં આએ ઈલમ દેઊં અર્સકા, પર તુમ જાગો નહીં ક્યોંએ કર ॥૨૫॥

**માયાના મિથ્યા સાંસારિક ખેલમાં જઇને તમે પોતપોતાનાં જુદાં-જુદાં ઘર કરી બેસશો. એ સમયે હું તમને પરમધામનો હજુ વધારે ઈલમ આપીશ. તેમ છતાં અનેકાનેક પ્રયાસો પછી પણ તમે જાગી શકશો નહિ!**

મૈં રુહ અપની ભેજોંગા, ભેખ લેસી તુમ માફક ।
દેસી અર્સકી નિસાનિયાં, પર તુમ ચીન્હ ન સકો હક ॥૨૬॥

**હું મારી રુહ, આનંદસ્વરૂપા શ્રી શ્યામાજીને તમારી પાસે મોકલીશ. તેઓ તમારા જેવું જ સાધારણ મનુષ્યનું તન ધારણ કરીને આવશે. તેઓ તમને આપણા ધામની તમામ વાતો યાદ કરાવશે, પણ તમે પોતાના ધણી એવા મને ઓળખી શકશો નહિ.**

હાદી મીઠે સુકન હકકે, કહેગા તુમેં રોએ રોએ ।
તુમ ભી સુન સુન રોએસી, પર હોસમેં ન આવે કોએ ॥૨૭॥

**સત્ગુરુસ્વરૂપ શ્રી શ્યામાજી રોઇ-રોઇને તમને તમારા ધણીની પ્રિય વાતો સંભળાવશે. તેઓની વાતો સાંભળી-સાંભળીને તમે રડશો પણ ખરા. પરંતુ, આપ સૌમાંથી કોઇપણ તેમની વાતોથી સાવધાન(જાગ્રત) થઇ શકશે નહિ.**



D:\Pranam/Chitvani/87

ખેલ દેખોગે દુખકા, યાદ દેસી મૈં એ સુખ ।
મૈં દેઊંગા સબ સાહેદિયાં, પર તુમ છોડ ન સકો દુખ ॥૨૮॥

**તમે સૌ દુઃખનો એવો ખેલ જોશો કે જ્યાં મારા દ્વારા પરમધામનાં સુખોની યાદ તથા વિવિધ ધર્મગ્રંથો દ્વારા સાક્ષીઓ અપાવ્યા છતાંય તમે દુઃખજનક માયાના બંધનોને છોડી શકશો નહિ.**

મૈં તુમારે વાસ્તે, કરોંગા કઈ ઉપાએ ।
એ બાતેં સબ યાદ દેઊંગા, જો કરતા હોં ઈપ્તદાએ ॥૨૯॥

**તમને જગાડવા માટે હું અનેકવિધ ઉપાયો કરીશ. જે વાતો હું હમણાં અગાઉથી જ સ્પષ્ટ કહી રહ્યો છું, તે બધી ખેલમાં આવીને તમને યાદ કરાવીશ.**

## ૧૧.૪ : શ્રી રાજજી દ્વારા ચેતવણી આપવા છતાં રુહોની જીદ્દ!

ક્યોં ઐસી હમસે હોએગી, ક્યા હમ જુદે હોસી માહેં ખેલ ।
ઐસી અકલ ક્યોં હોએસી, એ કૈસી હૈ કદર-લૈલ ॥૩૦॥

**હે શ્રી રાજજી મહારાજ! જેવું અત્યારે આપ કહી રહ્યા છો, એવું અમારાથી કેવી રીતે થશે? શું અમે ખેલમાં જઇને એકબીજાથી અલગ થઇ જઇશું? અમારી બુદ્ધિ પર એવો પડદો કેવી રીતે છવાઇ જશે? એ લૈલ-તુલ-કદ્ર (વિયોગ)ની રાત એવી તો કેવી છે!**

દૂર તો કરોગે નહીં, કદમ તલે બૈઠે હક ।
હમ ફેરેં તુમારા ફુરમાયા, ઐસે લૂખે હોસી મુતલક ॥૩૧॥

**હે ધણી! આપ અમને આપનાં ચરણોથી દૂર તો નહિ કરો ને? જો અમે આપ-ધણીનાં ચરણોમાં જ બેઠેલાં રહીશું, તો આપના આદેશથી વિરુદ્ધ ચાલીએ એવાં સૂના દિલવાળાં કેવી રીતે થઇ જઈશું?**

તુમ બિના હમ કબહૂં, રેહે ના સકેં એક દમ ।
ક્યોં હોસી હમ નાદાન, જો ઐસા કરેં જુલમ ॥૩૨॥

**હે ધણી! તમારા વિના તો અમે રુહો એક ક્ષણભર પણ રહી શકીએ તેમ નથી. અમે એવા તો કેવા નાદાન થઈ જઈશું કે આવું નાદાનીભર્યું ખોટું કામ કરી બેસશું?**

જૈસા સાહેબ કેહેત હો, ઐસી કબૂં હમસે ન હોએ ।
સૌ બેર દેખો અજમાએકે, ઐસી મોમિન કરે ન કોએ ॥૩૩॥

**આપ ધણી કહો છો એવી ભૂલ તો અમારાથી કદાપિ ન થઇ શકે! આપ ઈચ્છતા હોય તો અમને સો વાર અજમાવી જુઓ! અમારા પૈકીની કોઇપણ રુહ હરગીજ આવું નહિ કરે.**

આપ ભૂલેં યા હક કદમ, યા ભૂલેં અર્સ ઘર ।
ઐસી નિપટ નાદાની, હમ કરેં ક્યોં કર ॥૩૪॥

**અમે અમારી જાતને ભૂલી જઇએ અથવા તો અમારા ધણીનાં શ્રી ચરણોને વિસરી જઇએ અથવા તો અમારા પોતાના નિજઘરને ભૂલી જઇએ, આ પ્રકારનું ખૂબ જ હાસ્યાસ્પદ તથા અણસમજપૂર્ણ કાર્ય અમે કરી જ શી રીતે શકીએ?**

## ૧૧.૫ : ઈશ્ક-રબ્દ પછીની રુહોની મનોદશાનો પરિચય

રુહોં ઐસી આઈ દિલમેં, કોઈ ખેલ હૈ ખૂબતર ।
ખેલ દેખ હક વતન, આપ જાસી બિસર ॥૩૫॥

**શ્રી મહામતિજી કહે છે કે, આમ, રુહોના દિલમાં એ વાત દ્રઢ થઇ ગઈ કે આ કોઇ જોરદાર ખેલ લાગે છે કે જે જોઈને આપણે આપણી જાતને, આપણા ધણીને તથા આપણા મૂળવતનને ભૂલી જઈશું!**

એ જેતી હુઈ રદ-બદલેં, ત્યોં ત્યોં ખેલ દિલ ચાહે ।
ફેર ફેર માંગે ખેલકો, કોઈ ઐસી બની જો આએ ॥૩૬॥

**જેમ જેમ આ પ્રમાણે વાર્તાલાપ થતો રહ્યો, તેમ તેમ રુહોના દિલમાં ખેલ જોવાની ઈચ્છા પ્રબળ થતી ગઈ. કંઇક એવી પરિસ્થિતિ સર્જાઇ કે રુહો વારંવાર ખેલ જોવાની માંગ કરવા લાગી.**

ના તો જો બાત આખિર હોએસી, સો રબેં આગૂં દઈ બતાએ ।
કહ્યા ખેલ જુદાગી દુખકા, તુમ માંગત હો ચિત લ્યાએ ॥૩૭॥

**નહિતર, આ સાંસારિક ખેલમાં રુહોનાં માથે શું વિટંબણાઓ આવવાની હતી, તે સર્વે તો ધણીજીએ પહેલેથી જ કહી દીધી હતી. ધણીજીએ કહ્યું હતું કે હે રુહો! જે ખેલ જોવાની માંગણી તમે સૌ ખૂબ જ ઉમળકાભેર કરી રહી છો, તે અસહ્ય વિયોગ સહિતનો તથા અનેક રીતે**



D:\Pranam/Chitvani/88

**દુઃખદાયક હશે.**

હક આપ સાંચે હોનેકો, સબ વિધ કહી સુભાન ।
ત્યોં ત્યોં દિલ જ્યાદા ચાહે, વાસ્તે કરને ઊપર એહેસાન ॥૩૮॥

**આપણા સુભાન શ્રી રાજજી મહારાજે પોતાને સાચા સાબિત કરવા માટે ખેલમાં થનારી તમામ બાબતો વિશે રુહોને સાવધાન કરી દીધી. પરંતુ, તેનાથી તો રુહોના દિલમાં ખેલ જોવાની ઈચ્છા વધુ પ્રબળ બની! ધણીજી ઉપર અહેસાન કરી બતાવવા માટે રુહો પોતાના ઈશ્કને કસોટીની એરણ પર રાખવા તૈયાર થઇ ગઈ!**

મિનોં મિને કરેં હુસિયારિયાં, હક ખેલ દેખાવેં જુદાગી ।
એક કહે દૂજીકો મુખ થેં, રહિએ લપટાએ અંગ લાગી ॥૩૯॥

**તમામ રુહો પરસ્પર સાવધાનીપૂર્વક વર્તવાની ચેતવણી આપવા લાગી. પોતાની મધુરવાણીમાં એક સખી બીજી સખીને કહે છે કે, હે સખી! તૈયાર થઇ જાઓ! શ્રી રાજજી મહારાજ જુદાઈનો ખેલ બતાવવાના છે. આવો! આપણ સૌ રુહો એકબીજીને બાથ ભીડીને બેસી જઇએ.**

ક્યોં હમ જુદે હોએસી, એક દૂજીકો છોડેં નાહેં ।
ક્યોં ભૂલેં હમ હકકો, બૈઠે ખિલવતકે માહેં ॥૪૦॥

**જો આપણે એકબીજાને છોડીશું જ નહિ, તો અલગ થવાનો પ્રશ્ન જ ઉદ્ભવશે નહિ. જો ખિલવત-મૂલમિલાવામાં આપણા ધણીજીની સન્મુખ જ બેઠાં હોઇશું, તો પછી આપણે સૌ તેમને કેવી રીતે ભૂલી શકીશું?**

હક કહે તુમ ભૂલોગે, આપ બૈઠે બકામેં જિત ।
મુઝે ભી તુમ ભૂલોગે, ઐસા ખેલ દેખોગે બૈઠે ઈત ॥૪૧॥

**શ્રી રાજજી મહારાજ કહે છે કે, જે અખંડ પરમધામમાં તમે બધાં બેઠેલાં છો, ત્યાં બેઠાં બેઠાં જ આ માયાનો ખેલ જોશો અને તેમ છતાંયે તે ખેલમાં એવાં મગ્ન થઇ જશો કે તમે મને પણ ભૂલી જશો.**

ઐસી ક્યોં હોવે હમસે, ઐસે ક્યોં હોવેં બેસુધ હમ ।
ખેલ ફરેબ લાખ દેખિએ, પર ક્યોં ભૂલિએ ઈન ખસમ ॥૪૨॥

**ત્યારે રુહોએ કહ્યું કે અમે લાખ વખત આવો જૂઠો ખેલ જોઇએ તો પણ એવાં બેસુધ થઇ જ કેવી રીતે શકીએ? અમે આવા અખંડ વરને ભૂલી જ શી રીતે શકીએ?**

એક દૂજી કહે રુહનકો, તુમ હૂજો ખબરદાર ।
ખેલ દેખાવેં ફરામોસકા, જિન ભૂલો પરવરદિગાર ॥૪૩॥

**આમ, સતર્ક થઇને તમામ રુહો એકબીજીને કહેવા લાગી કે સખીઓ! સાવધાન થઇ જાઓ! ધણી ફરામોશીનો ખેલ બતાવવાના છે. આપણા પરવરદિગાર એવા ધામધણીને કદીયે ભૂલશો નહિ.**

જો તૂં ભૂલે મૈં તુઝકો, દેઊંગી તુરત જગાએ ।
મૈં ભૂલોં તો તૂં મુઝે, પલમેં દીજે બતાએ ॥૪૪॥

**"જો તું ભૂલીશ તો હું તને તુરત જ જગાડી દઈશ; અને જો હું ભૂલું, તો તું મને તત્ક્ષણ યાદ કરાવી દેજે".**

ઈન વિધ એક દૂજી સોં, મસલહત કરી સબન ।
ક્યા કરસી ખેલ ફરેબકા, આપન મોમિન સબ એક તન ॥૪૫॥

**આ રીતે બધી રુહોએ પરસ્પર મસલત કરી લીધી. સૌએ પોતપોતાના દિલમાં એક વાત પાકી કરી લીધી કે, જો આપણે સૌ રુહો એક-તન છીએ, તો પછી માયાનો જૂઠો ખેલ આપણું શું બગાડી શકશે?**

સો ક્યોં ભૂલેં એ સૈયાં, જો આગૂં હોવેં ખબરદાર ।
ખેલ દેખાવેં ચેતન કર, સો ભૂલેં નહીં નિરધાર ॥૪૬॥

**જે સખીઓ પહેલેથી જ સાવધાન થઇ ગઈ હોય તે આ વાત કેમ ભૂલી શકે? જેમને અગાઉથી જ સતર્ક કરીને ખેલ બતાવવામાં આવતો હોય, તે ચોક્કસપણે ભૂલી શકે નહિ.**

સો ભૂલેંગે ક્યોં કર, ઈસ્ક જિનકો હોએ ।
એક પાવ પલ જુદાગીયકા, ક્યોં કર સેહેવેં સોએ ॥૪૭॥

**જેઓની અંદર ધણી પ્રત્યે ભારોભાર ઈશ્ક ભર્યો પડ્યો છે, તેઓ પોતાના ધણીને ભૂલી જ શી રીતે શકે? તેઓ એક પળના ચોથા ભાગ જેટલા સમય માટે પણ પોતાના ધણીથી જુદાઈ કેવી રીતે સહન કરી શકે?**

ઈસ્ક સબોં રુહોં પૂરન, વાહેદતકા મુતલક ।
ક્યોં જરા પૈઠે જુદાગી, બીચ રુહોં હાદી હક ॥૪૮॥

**અદ્વૈત પરમધામનો ઈશ્ક તો નિશ્ચિતપણે તમામ રુહોમાં પૂર્ણરૂપે છે જ. પછી ત્યાં બ્રહ્માત્માઓ, હાદી (સત્ગુરુ) શ્રી શ્યામાજી અને હક શ્રી**



D:\Pranam/Chivani/89

**રાજજી વચ્ચે થોડીક પણ જુદાઈ શી રીતે સંભવી શકે?**

એ બોહોત રબ્દ બીચ અર્સકે, રુહોં હક સોં હુઆ મજકૂર ।
અર્સ બકાકે હજૂરી, એ ક્યોં હોવેં હક સોં દૂર ॥૪૯॥

**આ પ્રમાણે પરમધામમાં શ્રી રાજજી અને રુહો વચ્ચે ઈશ્કનો ખૂબ વિવાદ થયો. અખંડ પરમધામમાં સદાય શ્રી રાજજી મહારાજનાં ચરણોમાં રહેનારાં તેમનાથી દૂર કેવી રીતે થઈ શકે?**

*(જેઓ શ્રી રાજજીથી કદાપિ દૂર ન થાય, તેઓ જ હકીકતમાં તેમના હજૂરી છે. આમ, બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ સિવાય અર્શ બકા-પરમધામના "હજૂરી" બીજા કોને કહી શકાય?)*

## ૧૧.૬ : ફરામોશી અને હાંસી - આ બન્ને માત્ર 'ઈશ્ક' માટે જ!

ઈસ્કકા અર્સ અજીમમેં, રબ્દ હુઆ બિલંદ ।
તો ફરામોસીમેં ઈસ્કકા, બેવરા દેખાયા ખાવંદ ॥૫૦॥

**હે સુંદરસાથજી! આ રીતે પરમધામમાં ઈશ્કનો બહુ જ મોટો રબ્દ-વિવાદ થયો. તેથી ધણીજીએ ફરામોશીની અવસ્થામાં ઈશ્ક-રબ્દનો ફેંસલો કરી બતાવ્યો છે.**

આપ બૈઠે દિલ દેયકે, ઊપર બારે હજાર ।
ફરામોસી હાંસી હોએસી, જિનકો નહીં સુમાર ॥૫૧॥

**આપ શ્રી રાજજી મહારાજે ખૂબ જ લાડથી પોતાના ચરણોમાં બાર હજાર રુહોને બેસાડી દીધી. હવે (ખુદાઈ ઈલમની પ્રાપ્તિ પછી પણ) જો રુહોની ફરામોશી દૂર ન થાય તો પરમધામમાં તેમની બેસુમાર હાંસી થશે**

હક બૈઠે ખેલ દેખાવને, જિન ફરામોસી હાંસી હોએ ।
ઈસ્ક હકકા આવે દિલમેં, એ ફરામોસી હાંસી જાને સોએ ॥૫૨॥

**શ્રી રાજજી મહારાજ ખેલ બતાવવા માટે મૂલમિલાવામાં બેસી ગયા, અને સૌ આત્માઓ સતર્ક થઈને બેસી ગઈ કે જેથી તેમની હાંસી ન થાય. જે રુહનું દિલ ધણીજીના ઈશ્કની લજ્જત મેળવી લે છે, તે ફરામોશીમાં મગ્ન રહેવાથી થનાર હાંસીની હકીકત જાણી લે છે.**

તિન વાસ્તે હકેં પૈદા કિયા, દઈ દૂર જુદાગી જોર ।
ઔર નજીક બૈઠાએ સેહેરગસે, યોં દેખાયા ખેલ મરોર ॥૫૩॥

**એટલા માટે ધણીજીએ માયાનો ખેલ પેદા કરીને આપણને એવાં ભરમાવ્યાં છે કે, ધણી અને ધામ ખૂબ જ દૂર લાગી રહ્યા છે. જ્યારે વાસ્તવિકતા તો એ છે કે, આપણા ધણીજીએ આપણને પોતાના ચરણોમાં જ બેસાડીને આપણી સુરતા(ધ્યાન) ફેરવીને માયાનો ખેલ બતાવેલ છે.**

અર્સ બકા બીચ બ્રહ્માંડમેં, ચૌદે તબકોંમેં સુધ નાહેં ।
કિયા સેહેરગસે નજીક, ગિરો બૈઠી બકા માહેં ॥૫૪॥

**આ ચૌદેલોકના બ્રહ્માંડમાં અખંડ પરમધામની સુધ કોઇને નથી. જ્યાં રુહો ધણીના ચરણોમાં બેઠી છે, એવા પરમધામની સેહેરગથી પણ નજીક હોવાની અનુભૂતિ ધણીએ આપણ રુહોને અહીં કરાવી છે.**

દિયા બીચ બ્રહ્માંડ જુદાગી, અજૂં ઈનસે ભી દૂર દૂર ।
નિપટ દઈ ઐસી નજીકી, બૈઠે અંગ સોં લાગ હજૂર ॥૫૫॥

**શ્રી રાજજીએ આ ક્ષરિત બ્રહ્માંડમાં મોકલીને આત્માઓને એકબીજાથી દૂર થયાનો અહેસાસ કરાવ્યો છે, તો બીજી તરફ પરમધામમાં ધણીની સન્મુખ અંગથી અંગ લગાવીને બેઠી હોવાનો અહેસાસ પણ રુહોને કરાવ્યો છે.**

ઐસા બુજરક ખેલ દેખાયા, ઐસા ન દેખ્યા કબ ।
એ બાતેં હાંસી ફરામોસીકી, કરસી ઈસ્ક લે અબ ॥૫૬॥

**ધણીએ એવો અદ્‌ભુત ખેલ બતાવ્યો કે જે આજદિન સુધી જોયો જ નહોતો. હવે ઈશ્ક મળી જવાથી, આપણા સૌના દિલો પર હાલમાં ફરામોશીનો જે ભારે પ્રભાવ છે, તે બાબતે ધામમાં ભારે હાંસી થનાર છે.**

ફરામોસી દઈ જિન વાસ્તે, હાંસી ભી વાસ્તે ઈન ।
ઈસ્ક લે લે હઁસસી, કયામત બખત મોમિન ॥૫૭॥

**જ્યારે ધામમાં જાગીશું, ત્યારે પોતાનો ઈશ્ક પુનઃ પ્રાપ્ત થયા પછી રુહો ખુશખુશાલ થઇ બોલી ઉઠશે કે જે ઈશ્કના બેવરા માટે કારણે ધણીએ ફરામોશીનો ખેલ બતાવ્યો, એ જ કારણે તેમણે આપણી હાંસી પણ કરાવી છે!**

### ૧૧.૭ : સંસારના ખેલમાં જૂઠી ધાર્મિકતાનું પ્રદર્શન

એ બાતેં હુઈ સબ અર્સમેં, રુહેં બડી રુહ હક સાથ ।
સો એ ખેલ પૈદા હુઆ, કાહૂં હાથ ન સૂઝે હાથ ॥૫૮॥



D:\Pranam/Chitvani/90

**પરમધામમાં રુહો, શ્રી શ્યામાજી અને શ્રી રાજજી વચ્ચે થયેલા ઈશ્ક-રબ્દના કારણે આ સાંસારિક ખેલ પેદા થયો. ફરામોશી અને હાંસીનો આ એવો જટીલ ખેલ છે કે જેમાં એક જ તનનો જમણો હાથ ડાબા હાથને પણ જોઇ શકતો નથી અર્થાત્ કોઇનેય પણ પોતાના અત્યંત નિકટના સાથીઓની વાસ્તવિક ઓળખાણ થઇ શકતી નથી.**

કઈ જાતેં કઈ જિનસેં, કઈ ફિરકે મજહબ ।
ભેખ ભાખા સબ જુદિયાં, હકકો ઢૂંઢેં સબ ॥૫૯॥

**આ માયાના ખેલની જટિલતાની પરાકાષ્ટા તો જુઓ! આ સંસારમાં અનેક પ્રકારની જાતિઓ, અનેક વિધ ધર્મો, પંથ તથા પૈંડા - સૌ કોઇ પોતપોતાના અલગ-અલગ વેષ અને ભાષાઓ ધારણ કરીને પારબ્રહ્મની ખોજમાં અવિરત પ્રયાસશીલ છે.**

ઢૂંઢ ઢૂંઢ સબ જુદે પરે, હક ન પાયા કિન ।
અવ્વલ બીચ ઔર આખિર લો, કિન પાયા ન બકા વતન ॥૬૦॥

**પરંતુ સૌના અલગ-અલગ વેષ અને ભાષાઓ તથા જડ કર્મકાંડી વૃત્તિઓ (શરીયત)ના પ્રભાવમાં તેઓ વિચારશૂન્ય થઇને, ખોજ કરતાં કરતાં એકબીજાથી અલગ થઇ ગયા છે. સૃષ્ટિના આદિકાળથી માંડીને મધ્યમાં, તથા આજદિનપર્યંત કોઇએ પણ પારબ્રહ્મ કે તેમના અખંડધામને પ્રાપ્ત કર્યું નથી.**

રસમેં સબોં જુદી લઈ, માહોં-માહેં કઈ લરત ।
આપ બડે સબ કહાવહીં, પાની પત્થર આગ પૂજત ॥૬૧॥

**જુદા જુદા રીતરિવાજો ધારણ કરી પોતાની બડાઈના મોહમાં સૌ કોઈ પરસ્પર લડી રહ્યાં છે તથા પોતાને (પોતાના રીતરિવાજોને) જ શ્રેષ્ઠ કહેવડાવી અગ્નિ, જળ તથા પાષાણની વ્યર્થ પૂજામાં લાગેલા છે.**

એ ઐસા ખેલ અંધેરકા, સબ કહેં હમ બુજરક ।
પર હક સુધ કાહૂમેં નહીં, છૂટી ન સુભે સક ॥૬૨॥

**અજ્ઞાનરૂપી અંધકારના આવા ખેલમાં દરેક વ્યક્તિ એમ જ કહે છે કે અમે જ સૌથી વધુ જ્ઞાની છીએ તથા અમારું જ જ્ઞાન શ્રેષ્ઠ છે પરંતુ હકીકતમાં પારબ્રહ્મની ઓળખાણના વિષયમાં કોઇપણ નિઃશંક થઇ શક્યું નથી.**

કાહૂં તરફ ન પાઈ અર્સકી, કહાવત હૈં દીનદાર ।
ડૂબે સબ અપની સ્યાનપે, જાત હાથ પટક સિર માર ॥૬૩॥

**મોટા મોટા ધર્મનિષ્ઠ કહેવાતા હોય એવા લોકો પણ પારબ્રહ્મ અને તેમના ધામના વિષયમાં મૌન છે. સૌ પોતાની ચતુરાઈના નશામાં એટલા બેસુધ થયેલા છે કે અંતે તો તેઓ નિરાશ થઇ માથે હાથ પટકીને બેસી જાય છે.**

## ૧૧.૮ : સૃષ્ટિના અંતિમ ચરણમાં 'સાહેબ' આવશે અને એક પ્રમુખ ધર્મ ચલાવશે

ઐસેમેં આએ રસૂલ, હાથ લિએ ફુરમાન ।
ફૈલાયા નૂર આલમમેં, વાસ્તે મોમિનોં પેહેચાન ॥૬૪॥

**શ્રીજી કહે છે કે હે સાથજી! આવા જટિલ ખેલમાં મોમિનો(બ્રહ્મસૃષ્ટિ-સુંદરસાથ)ને પોતાની વાસ્તવિકતાની ઓળખાણ કરાવવા માટે રસૂલ સાહેબ કુરાન લઇને આ સંસારમાં આવ્યા અને તેમણે નૂરી જ્ઞાનનો પ્રસાર કર્યો.**

આગૂં આએ ખબર દઈ, આખિર આવેગા સાહેબ ।
રુહઅલ્લા ઈમામ ઉમત, હોસી નાજી-મજહબ ॥૬૫॥

**સાથોસાથ આ દુનિયાને એમણે એ સંદેશો પણ આપ્યો કે આખરના સમયે 'સાહેબ'(પારબ્રહ્મ-અલ્લાહતાલા) આવશે. ત્યારે રુહઅલ્લાહ(શ્રી શ્યામાજી), ઈમામ મેહેંદી(શ્રી પ્રાણનાથજી) અને ઉમ્મત(મોમિન-બ્રહ્મમુની) જાહેર થશે અને 'નાજી મજહબ'(પ્રમુખ ધર્મ)ની સ્થાપના કરશે.**

પુકાર કરી સબનમેં, કહ્યા આવેગા સુભાન ।
હિસાબ લે ભિસ્ત દેયસી, ઠૌર હક બકા પેહેચાન ॥૬૬॥

**તેઓએ સંસારમાં આવીને એમ પણ કહ્યું કે એ સાહેબ આવશે ત્યારે તે સૌનો ન્યાય કરશે. અખંડ ધણી તથા પરમધામની ઓળખાણ કરાવીને સૌને મુક્તિ પ્રદાન કરશે. (ભિસ્ત-મુક્તિસ્થાન-સુખદાયી ધામમાં અખંડ કરશે.)**

## ૧૧.૯ : ખેલમાં આવીને બ્રહ્મસૃષ્ટિ 'મોમિનો' તેમાં ભળી ગયા.

ઐસા ખેલ પૈદા હુઆ, ઔર સોઈ આએ મોમિન ।
સોઈ ખેલ દેખે પીછે, ભૂલ ગએ આપ વતન ॥૬૭॥



D:\Pranam\Chivani\91

**શ્રીજી કહે છે કે આમ આવો ખેલ તૈયાર થઇ ગયો, જેમાં રસૂલસાહેબના કહ્યા પ્રમાણે બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ મોમિનોનું આગમન પણ થયું. માયાનાં આવા ખેલમાં આવીને મોમિનો પોતાને તથા પરમધામને ભૂલી ગયાં.**

ઔર ભૂલે ખસમકો, ગએ ખેલમેં રલ ।
કોઈ સુધ બકાકી ન દેવહીં, જો કાયમ અર્સ અસલ ॥૬૮॥

**તેઓ ખેલમાં એવા તો ભળી ગયા કે પોતાના ધામધણીને પણ ભૂલી ગયાં. વળી, આ સંસારરૂપી ખેલમાં અખંડ પરમધામની જાણકારી આપનાર પણ કોઇ જ નથી.**

બૈઠે ખ્વાબ જિમીયમેં, ઔર દિલ પર સૈતાન પાતસાહ ।
નસલ આદમ હવાઈ, જો મારે ખુદાઈ રાહ ॥૬૯॥

**આવા સ્વપ્નવત્ સંસારમાં મોમિન આવ્યા છે જેમાં, સૌના દિલ પર ક્ષર પુરુષ આદિનારાયણ (હવ્વા)ની ઔલાદરૂપી માયાવી શૈતાન (અજ્ઞાનતારૂપી અંધકાર) બેઠેલો છે. જે ધર્મના રસ્તે ચાલનારને ભ્રમિત કરે છે.**

મોમિન આએ ઈન નસલમેં, જિત હક ન સુન્યા કાન ।
તિન જિમી ક્યોં પાવેં મોમિન, કાયમ અર્સ સુભાન ॥૭૦॥

**એવી માનવજાતિમાં બ્રહ્મસૃષ્ટિ આવી કે જ્યાં કોઇએ પારબ્રહ્મ અક્ષરાતીત વિશે કંઈ જ સાંભળ્યું નથી(જાણતું નથી). આવી ભૂમિ પર આવીને સુંદરસાથ અખંડધામના ધણીને મેળવે પણ શી રીતે?**

મોમિન આએ જુદે જુદે, જુદી જાતેં જુદી રવેસ ।
જુદે મુલક મજહબ જુદે, જુદી બોલી જુદે ભેસ ॥૭૧॥

**મોમિનો આ સંસારમાં વિવિધ જાતિઓમાં, રીતરિવાજોમાં, વિવિધ દેશોમાં, ભિન્ન ભિન્ન ધર્મોમાં, જુદી જુદી ભાષાઓમાં અને અનેક જાતની વેષભૂષામાં ફસાઈ ગયા!**

ચૌદે તબકકી દુનીકો, કાહૂ ખબર ખુદાકી નાહેં ।
ઐસે કિએ મોહોરે ખેલકે, એ ભી મિલ ગએ તિન માહેં ॥૭૨॥

**આ ચૌદલોકના બ્રહ્માંડમાં કોઇનેય પારબ્રહ્મની ઓળખાણ નથી! જેથી આ સંસારમાં ત્રિદેવોની જ પરમાત્મા માની પૂજા થઈ રહી છે. બ્રહ્મસૃષ્ટિ પણ એ ત્રિદેવોની પૂજા કરનારી જીવસૃષ્ટિ ભેગી ભળી ગઈ! આમ, તેઓને**

પોતાની વાસ્તવિકતાની સુધ-બુધ જ ન રહી.

## ૧૧.૧૦ : શ્રી શ્યામાજીએ ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજીને તારતમજ્ઞાનરૂપી ચાવી સોંપી

દુનિયાં ચૌદે તબકમેં, કાહૂ ખોલી નહીં કિતાબ ।
સાહેબ જમાનેકા ખોલસી, એહી સિર ખિતાબ ॥૭૩॥

**આજદિન સુધી આ ચૌદલોકના બ્રહ્માંડમાં કોઇએ પણ કુરાનનાં ગૂઢ રહસ્યો ખોલ્યાં નથી! આ બાબતે કહેવામાં આવેલું કે આખરી જમાનાના ખાવિંદ-માલિક સ્વયં આવીને તેની સ્પષ્ટતા કરશે. આ શોભા માત્ર તેમના શિરે છે.**

કુંજી લ્યાએ રુહઅલ્લા, દઈ હાથ ઈમામ ।
સો ગિરો મોમિનોં મિલાએકે, કરસી સિજદા તમામ ॥૭૪॥

**આવા ખેલમાં તારતમજ્ઞાનરૂપી ચાવી લઇને રુહઅલ્લાહ શ્રી શ્યામાજી આવ્યાં. તેમણે આ ચાવી ઈમામ મેહેંદી, જમાનાના સાહેબ, શ્રી પ્રાણનાથજીના હાથમાં સોંપી. હવે, તેઓ જ્યારે માયામાં ભૂલેલા બધા સુંદરસાથ મોમિનોને શોધી તથા માયામાંથી કાઢીને એકત્રિત કરી લેશે, ત્યારે બધાં જ તેમના ચરણોમાં પ્રણામ (ધ્યાન) કરશે.**

સો અગ્યારૈ સદી મિને, હોસી જાહેર હકીકત ।
હાદી મોમિન જાનસી, હકકી ઈસારત ॥૭૫॥

**અગિયારમી સદીમાં બ્રહ્મજ્ઞાન જાહેર થશે. આપણા હાદી-સત્ગુરુના 'હકીકત'ના આ જ્ઞાન દ્વારા ઓળખાણ કરીને મોમિન બ્રહ્મસૃષ્ટિઓ શ્રી રાજજીના ગૂઢ સંકેતો-ઈશારાઓ સમજશે.**

અવ્વલ કરી બાતેં અર્સમેં, વાસ્તે મોમિનોં ન્યામત ।
કુંજી ખિતાબ સબે લ્યાએ, સોઈ ફુરમાન લ્યાએ ઈત ॥૭૬॥

**પરમધામમાં ઈશ્ક-રબ્દ દરમ્યાન અગાઉથી કહ્યા પ્રમાણે ધણીજી પોતાની અખંડ બક્ષિસ(ન્યામત-ખજાનો) સુંદરસાથ મોમિનો માટે લાવ્યા. તે માટે ધણી શ્રીદેવચંદ્રજી દ્વારા તારતમજ્ઞાનરૂપી ચાવી બક્ષીસ થઈ અને અંતમાં હક્કી સ્વરૂપ શ્રીજી સાહેબજી દ્વારા આખરી ફુરમાન એટલે કે શ્રી કુલજમ સ્વરૂપની અખંડ વાણી પ્રગટ થઈ.**



D:\Pranam/Chitvani/92

## ૧૧.૧૧ : દિલમાં ઈશ્ક આવ્યા વિના આત્માની જાગણી સંભવિત નથી

સો મિલી જમાત રુહનકી, જિન વાસ્તે કિયા ખેલ ।
સો હક ભી આએ ઈન બીચમેં, સો કહે વચન માહેં લૈલ ॥૭૭॥

**જે રુહો માટે આ ખેલ બનાવવામાં આવ્યો છે તે સૌ બ્રહ્મસૃષ્ટિઓનો સમૂહ બ્રહ્મવાણીના પ્રકાશમાં એકત્રિત થઈ રહ્યો છે. તેમની સાથે ખેલમાં પારબ્રહ્મ શ્રી પ્રાણનાથજી પણ પધાર્યા છે. હવે તેઓ આ લૈલ-તુલ-કદ્ર(ખૂબ લાંબી તથા મહા મહિમાવાન રાત્રિ)માં શ્રી કુલજમ સ્વરૂપનાં વાણી વચનો સંભળાવી રહ્યા છે.**

લૈલ ગઈ પુકારતે, આયા બખત ફજર ।
એ અગ્યારૈ સદી પૂરન, તબ ખુલી રુહોં નજર ॥૭૮॥

**તેમની વાણીનો પુકાર સાંભળતાં સાંભળતાં લૈલ-તુલ-કદ્રની રાત્રિ (અજ્ઞાનતા)નું ત્રીજું એટલે કે અંતિમ ચરણ પણ વ્યતિત થઈ ગયું. હવે તો પરમધામના જ્ઞાનથી પ્રભાતનો સમય આવી ગયો છે. હવે હિજરી સંવતની અગિયારમી સદી પૂર્ણ થઈ ચૂકી છે તથા ધણીજીના ઈલમના પ્રકાશથી પરમધામની બ્રહ્માત્માઓની આત્મિકદૃષ્ટિ ખુલી રહી છે.**

*નોંધ : રાત્રિનું ત્રીજું ચરણ તારતમજ્ઞાનના અવતરણથી વ્યતિત થઈ ગયું એમ કહેવાય છે. પણ જાહેરીરૂપમાં ત્રીજું ચરણ ચાલુ જ છે.*

એ બુજરકી ઈસ્કકી, અબલોં ન જાની કિન ।
ઔર મોહોરે સબ ખેલકે, ક્યોં જાને બિના મોમિન ॥૭૯॥

**ઈશ્કના આ અપરંપાર મહિમાને આજદિન સુધી કોઇએ પણ જાણ્યો નથી. તે ઈશ્કને મોમિનો સિવાય અન્ય કોઇ, જે માયાના ખેલ દ્વારા જ ઉત્પન્ન થયેલા છે, તે કેવી રીતે જાણી શકે?**

સો ફરામોસી મોમિનકો, હકેં દઈ બનાએ ।
ઔર હક જગાવેં ઊપરસે, બિના ઈસ્ક ન ઉઠ્યો જાએ ॥૮૦॥

**હક શ્રી રાજજીએ જ મોમિન બ્રહ્માત્માઓને ફરામોશી-બેસુધી આપી છે અને હવે, તેઓ પોતે જ ઉપર-ઉપરથી જગાડી રહ્યા છે. પરંતુ જ્યાં સુધી રુહના દિલમાં ઈશ્કની બેઠક ન થાય ત્યાં સુધી તે જાગીયે શી રીતે શકે?**

આપ હકેં દિલ ઉઠાએકે, ખેલ કિયા ફરામોસ ।
એતી પુકારેં હકકી, આવત નાહીં હોસ ॥૮૧॥

**હે ધણી! આપે સ્વયં જ અમ મોમિનોના દિલને આપના તરફથી હટાવીને બેસુધીનો એવો ખેલ બતાવ્યો છે કે, આપશ્રીની આટલી બધી વાણીરૂપી પુકાર સાંભળ્યા છતાંયે અમને હોશ નથી આવતો (ફરામોશી હટતી નથી).**

એ બાતેં બોહોત બારીક હૈં, ઔર હૈં બુજરક ।
એ સુધ તબ તુમેં હોએસી, જબ આવસી ઈસ્ક ॥૮૨॥

**હે સાથજી! આ બધી વાતો ભારે રહસ્યપૂર્ણ અને અત્યંત મહત્ત્વની છે. આ બધી વાતોની પૂર્ણ સમજ તમને ત્યારે જ આવી શકશે, જ્યારે તમારા દિલમાં ઈશ્કની બેઠક થઈ જશે.**

મહામત રુહોં હક સોં હુઆ, બહસ ઈસ્ક વાસ્તે ।
સો ઈસ્ક બિના ક્યોં પૈઠિએ, બીચ હક અર્સકે ॥૮૩॥

**શ્રી મહામતિજી કહે છે કે જે ઈશ્કના કારણે રુહોનો શ્રી રાજજી સાથે વાદ-વિવાદ થયો હતો, એ ઈશ્કને દિલમાં ધારણ કર્યા સિવાય બ્રહ્મસૃષ્ટિ રુહો પરમધામ પાછી જઈ જ કેવી રીતે શકે?**

*પ્રકરણ-૧૧ સંપૂર્ણ : ચોપાઈ-૬૦૫*

## ૧૨ : સુરત હક્ક ઈશ્કનું બેશક રહસ્ય

આ પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, જે કાંઈ પણ થયું છે, થઈ રહ્યું છે, અને થશે તે સર્વેના કારણરૂપ શ્રી ધણીજીનો ઈશ્ક જ છે. ખિલવતમાં થયેલ ઈશ્ક-રબ્દની વાતો સાંભળ્યા પછી પણ જ્યારે આત્માની ફરામોશી હટતી નથી, ત્યારે ધણીજી પોતાના ઈશ્કની ગુહ્યતમ મહિમા પ્રગટ કરી આત્માને પોતાના તરફ આકર્ષિત કરે છે. આથી પ્રકરણનું શીર્ષક *'સુરત હક્ક કે ઈશ્કકા મગજ બેશક'* સાર્થક થાય છે. આગળના પ્રકરણમાં પરમધામમાં જાગ્રત થવા માટે આત્માના દિલમાં ઈશ્ક પ્રગટ થવાની આવશ્યકતાની વાત કરી, હવે આ પ્રકરણમાં શ્રી મહામતિજી પુનઃ માયામાં પોતાના નિજ-સ્વરૂપ, નિજધણી અને નિજઘરને ભૂલી ગયેલ આત્માઓને ધામની નિસ્બત જાણી દર્દપૂર્વક ફિટકારતાં જગાડે છે.

પોતાની આત્માઓને આહ્‌વાન આપતાં કહે છે કે, હે સાથજી! આપ સૌ તમારી નિષ્ઠુરતા કે અસંવેદનશીલતા – insensitivity નો ત્યાગ કરી દો. પોતાના હૃદયને કોમળ કરી ધણીજીની મહેર, તેમની સાહેબી તથા તેમના ઈશ્કની લીલાની



D:\Pranam/Chitvani/93

મહિમાની ઓળખાણ કરી લો. ધણીજીએ આપણા ઉપર એટલી બધી મહેરબાનીઓ કરી છે, જે આ બ્રહ્માંડના માલિક ત્રિદેવાઓ તથા અનેકો બ્રહ્માંડોના માલિક અક્ષરબ્રહ્મ પર પણ થઈ નથી! તેમ છતાંયે તમે એટલા નિષ્ઠુર હૃદયવાળા કેમ થઈ ગયા છો? ન ङ ४ ન

४ ૬

શ્રી મહામતિજી કહે છે કે, હે સાથજી! બેહોશી આપનાર અને પુનઃ જગાડનાર પણ બસ એક ધણીજી જ છે. વાસ્તવમાં તો આપણે ન કંઈ માગ્યું છે, ન કંઈ અમારા દિલમાં એની મેળે જ ઉપજ્યું છે! સર્વે વાતોનો સાર એ જ છે કે આપ ધણીજીએ જ નિસ્બત જાણીને આત્માઓ ઉપર પોતાની મહેર વરસાવી છે. તેના જ ફળ સ્વરૂપે ધણીજીએ પોતાના હુકમને ઈલમ બક્ષીસ કરી અમને જગાડવા માટે મોકલેલ છે. પોતાની આત્માઓ પ્રત્યે અતિશય લાડ દર્શાવવા હેતુ શ્રી રાજજીએ જ પોતાના ઈશ્કની પહેચાન કરાવવાની વાત દિલમાં લીધી છે. આ ખેલમાં આત્માઓને જે કંઈ પણ બતાવ્યું છે, જે કંઈ પણ બક્ષિસ કર્યું છે, અમારાથી જે કંઈ પણ કરાવ્યું છે, કે પછી જે કંઈ પણ થવા નથી દીધું, તે સર્વે ધણીજીના ઈશ્કના કારણે જ! આ ઈશ્ક જ કરવા-કરાવવાવાળો છે. બસ, આ એક મૂળ હકીકત છે !

સાથજી! જરા વિચારો! જે અક્ષરબ્રહ્મને આજદિન સુધી કોઈએ પામ્યા નથી, તે અક્ષર સ્વયં આપણા પ્રિયતમ ધણીજીના સર્વશ્રેષ્ઠ દરબારમાં તેમના દર્શને પધારે છે! આવા સર્વગુણ નિધાન ધણીજી આ સંસારી ખેલમાં પોતાની બ્રહ્માંગનાઓ સાથે હળીમળીને હાંસી કરાવી રહ્યા છે. આટલી મોટી વાત સાંભળવા છતાં તમારા રુદિયામાં તેનો ઘા કેમ નથી લાગતો? ઉ ઉ ઉ

૬ ત૬ દ ઉ ૬ ४

૬ ङ ४ અરે રુહો! મને જે ઈશ્ક અને ઈલમ મળ્યો છે, તે તમને સૌને પણ મળી શકે છે. હું તો મારા ધણીની પ્યારી અંગના બની જ ચૂકી છું. સૌ સુંદરસાથ, જે આ ખેલ જોવા આવેલ છે, તે સર્વેને પણ ધણીજી નિજ-ઘેર પાછા લઈ જવા જ પધાર્યા છે. એ વાતમાં પણ કોઈ સંશય નથી. ત ત ङ ।

। ૬

સુંદરસાથજી! હું મારા તરફથી કશું જ નથી કહી રહી; સ્વયં ધણી જ મારા

મુખનો ઉપયોગ કરાવી બેશક ઈલમને પ્રવાહિત કરી રહ્યા છે!

૪ ૪ જો

આપણું દિલ સજાગ થઈ વિચાર કરે તો શ્રી રાજજીના દિવ્ય ચરણકમળ તમારા એ દિલમાં પણ અવશ્ય વસી શકે છે. ઽ ઽ । ट ઽ

ઠ દ પરંતુ, હાય! હાય! આ કેવી વિચિત્ર હાંસી કરવા માટે ધણીજીએ ફરામોશી આપી છે! હવે તો એ શ્રી ચરણોના ચિંતન કરવામાં અમારું દિલ સહેજ પણ લાગતું જ નથી, કે નથી આપણે તેને માટે થોડોય સમય ફાળવી શકતા! સુંદરસાથજી! તમે ધણીજીના દિલમાંથી પ્રવાહિત તરંગોને તમારા દિલમાં કેદ કેમ નથી કરી લેતા? ઉ દ

ઽ ન્ડ ૪ ૪ ઽ

૪

ધણીજીએ તો પોતાના ઈશ્કની ઓળખાણ કરાવવા માટે જ કુરાન મોકલ્યું છે. પરંતુ, તેની વાસ્તવિકતા ન આપણે સમજી શક્યા કે ન દુનિયાના લોકો. તમે સૌ એ વાત કેમ સમજતા નથી કે, ખુદાની સાક્ષી ખુદ ખુદા જ આપી શકે? ૪

ઽ ૪ દ ૪

ઉ કુરાનમાં એમ સ્પષ્ટ લખેલ છે કે ઈમામ મેંહદીના ઈલમનો સંગ થયા વિના કુરાન એક હજાર વર્ષ કુવારું રહેશે! તે મુજબ હવે જ્યારે તેઓ પ્રગટ થઈ ચૂક્યા છે ત્યારે બ્રહ્મસૃષ્ટિ મોમિન તેમની ઓળખાણ નથી કરી રહ્યા! ધણીજીના ઈશ્કની ઓળખાણ થઈ ગયા પછી જ સુંદરસાથજી આ વાતનું તેમને લાગેલ કલંક જોઈ શકશે. દ

ઽ ૪ ઽ ઉ ૪

દ ૪ દ ड़ ઽ

હે ધણી! હવે તો એ દૃઢ થઈ ગયું છે કે એકમાત્ર ઈશ્કને કારણે જ મોમિન સુંદરસાથ દુઃખરૂપી ખેલનો અનુભવ કરી રહેલ છે. તમે તે સૌ સુંદરસાથની હાંસી કરવા માટે જ ફરામોશી પણ આપી રહ્યા છો! હે ધણી! જ્યાં સુધી તમે પોતે ઈચ્છશો નહિં ત્યાં સુધી આ બધી વાત કોઈનીયે સમજમાં નહીં આવી શકે.

૪ ૪ ट ૪ ૪ ट

ન્ડ ઉ ट ૪ ट ૪



D:\Pranam/Chitvani/94

૪ ट દ શ્રી શ્યામાજી થકી તારતમજ્ઞાનની ચાવી પ્રાપ્ત થવી, ઈમામ મેંહદીનો ખિતાબ જાહેર થવો, તથા ધામની બ્રહ્માત્માઓનું ખેલમાં આવવું, સૌ ધર્મગ્રંથોની પોકાર બ્રહ્માત્માઓના કાનોમાં પડવા છતાં ધણીજીની એ વાતોનો ભેદ તેમને ન ખુલવો - આ સર્વે ઈશ્કને કારણે જ બન્યું છે! હે સુંદરસાથજી! જે કંઈ થાય છે તે ઈશ્કને કારણે જ થાય છે એવું કહેતાં મને કેટલું જોર પડે છે તથા દર્દ થાય છે તે તો મારી જિહ્વા જ જાણે છે! મહેર તથા હુકમની જેમ ઈશ્કના નામે બધું જ કરી દેવાથી સુંદરસાથજીમાં આવી જતી અકર્મણ્યતા કે - 'હવે આપણે કંઈજ કરવાની જરુર નથી' - તેનો શ્રી ઈન્દ્રાવતીજીને ડર છે. સાર એ જ છે કે, પરિશ્રમ કરવા માટે તો આપણે જ આગળ આવવું પડશે. શરુઆત તો 'સ્વ' થી જ કરવી પડશે! ૪ ૪ ૪

૪ ट ઉ ૪ ઉ ૪

૪ ઉ ૪ ઽ ૪

ड़ ૪૪ ૪ ड़ ૪

૪ ड़ ૪ ૪ ૪

આ ખેલમાં ઈશ્ક જ જુદો જુદો વેશ લઈને લીલા કરે છે. કોઈ સુંદરસાથને ઓછી બુધ્ધિ, કોઈકને વળી વધુ પડતી, તો કોઈને સહેજેય બુધ્ધિ ન હોવી — આ સર્વે શ્રી ધણીજીના ઈશ્કની જ કારીગરી કે જાદુ છે! ૪ ઽ

ઽ ૪

૪ ૪ ट હે ધણી! જેટલા મહાન આપ અમારા સાહેબ છો, તેટલો જ મહાન આપનો ઈશ્ક પણ છે! સુંદરસાથજી! જો સ્વયં શ્રી રાજજી ઈચ્છે તો આ સર્વે સમજવામાં એક પળ જેટલો પણ સમય ના લાગે! અન્યથા, જો ધણીજીનો હુકમ ન હોય તો એક સો વર્ષ સુધી જ્ઞાનીઓની સોબતમાં સત્સંગ કરવા છતાંયે તેમના ઈશ્કની ઓળખાણ કોઈ જ ન કરી શકે! ૪ ઽ

ઽ ૪ ઉ

૪

જુદાઈ પછીના મિલનના અનુભવથી જ ઈશ્કની વાસ્તવિક પહેચાન થાય છે. જ્યારે દૂર દૂરથી આવીને આશિક અને માશૂકનું પુનર્મિલન થાય છે ત્યારે

ઈશ્કના નવા તરંગો ઉપજે છે. ४ ઉ ४ ऽ

४ ऽ द ऽ ।

ऽ ऽ ≈ ४ ड़ ट ऽ ड़

હે સુંદરસાથજી! જો આપણે શ્રી રાજજીના ઈશ્ક વિષે અંતઃકરણપૂર્વક વિચાર કરીએ તો દિલમાં તેનો વિશિષ્ટ પ્રકારનો સ્વાદ આવી શકે છે. ઈશ્કના આ પ્રકારના ઊંડા વિચાર, મનન તથા ચિંતનથી જ દિલમાં ધણીજી પ્રત્યે પ્રીતિની અનુભૂતિ થઈ શકે છે. ४ ऽ ष्ठ ४

ऽड़ ४

આ રુહો(ઓલિયા) જ શ્રી રાજજી(ખુદા)ના સાચા દોસ્ત છે, જે પોતાના હક-મહેબૂબ સાથે હમેશાં અંગનાપણાનો સંબંધ નિભાવી જાણે છે. તેઓની હાંસી કરવા માટે શ્રી રાજજી મહારાજે આ ફરામોશીનો ખેલ બતાવ્યો. ધણીજી દ્વારા આયોજીત કસોટીના આ સમયે તેમનું કંઈ જ બળ ન ચાલ્યું! ऽ ४

४ द ऽड़ । ४

સાથજી! થોભો! વિચારો! તમે ક્યાં, કઈ હાલતમાં હતા, અને હવે ઈશ્કની કૃપાથી ક્યાં, કેવી રીતે પહોંચ્યા છો? द ४

४ ड़ ઉ તારતમ જ્ઞાન મળ્યા પહેલાં આ નશ્વર ખેલમાં આપ સૌની હાલત કેવી હાસ્યાસ્પદ હતી? તમે ક્યાં ભટકી રહ્યાં હતાં? તમારી રહેણી કરણી કોના જેવી હતી? द

ड़ ऽ ઉ ४

તમારું અખંડ ઘર-પરમધામ પણ તમને કેટલું દૂર અને અપ્રાપ્ય જણાતું હતું! હવે, જુઓ! તમારી નિસ્બત કેવા સર્વશ્રેષ્ઠ અખંડ પરમધામના માલિક એવા પારબ્રહ્મ ધણીજી સાથે બંધાઈ ગઈ છે? ड़ ऽ ४

ड़ ४

સાથજી! જરા વિચારો! જે પારબ્રહ્મના સ્વરૂપને કોઈએ જાણ્યું જ નથી, કે નથી કોઈને તેમના ધામની કંઈ પણ ખબર, તેમને પામવા સૌ કોઈ સર્વ પ્રકારના પ્રયત્નો કરી થાકી ગયા છે તથા તેમને ન મેળવી શકવાનો અફસોસ પણ કરી રહ્યા છે, એવા અલભ્ય ધણી તમને આવી મળ્યા છે! ४ ઉ ड़

ઉ ड़ ઉ ऽ

४ ४ ऽऽ ऽ



D:\Pranam/Chitvani/95

જરા વિચારો! તારતમ જ્ઞાન પ્રાપ્ત થતાં પહેલાં તમારી અકલ કેવી મિથ્યા માયાના વિષયોમાં જ દોડી રહી હતી! તમે સૌ કેવા જૂઠા કુટુંબ પરિવારમાં સમય વ્યતિત કરી રહ્યાં હતાં? હવે, તમે કેવા 'નૂરી કુટુંબ'ના સભ્ય બની ગયા છો? તમારા જીવન વ્યવહાર પણ કેવા મિથ્યા માયા માટે જ ચાલતા હતા? તારતમજ્ઞાન ગ્રહણ કરવાથી હવે તમને કેવો દિવ્ય વિવેક પ્રાપ્ત થયો છે? સાથજી! હવે તમને કયા ધણી અને સુંદરસાથની સોબત થઈ છે, તે તો વિચારો! ४

४ ४ ड़४ ऽ

ठ ४ ऽऽ ४

द

४ ४ ઉ ઉ ड़

४ ४ ४

નિદ્રાવસ્થામાં તો જાગૃતિના સ્વસ્થ વિચારો ક્યારેય નથી આવતા હોતા. તથા જાગ્રત થતાં જ નિદ્રા તથા સ્વપ્ન રહી શકતું નથી. ફરામોશીમાં આ બન્ને અસંભવ વાત જે બની તેને દિલથી વિચારી જોશો તો ખુબ જ આશ્ચર્ય થશે. આ જ ફરામોશીમાં થનાર હાંસી છે. ફરામોશીમાં બ્રહ્મસૃષ્ટિની હાંસી થઈ એ પણ ધણીજીનો ઈશ્ક જ છે! ઈશ્ક માટે જ ધણીજી આપણી ઉપર પ્રતિક્ષણ મહેર વરસાવી રહ્યા છે. ४ टऽ ४ द ४ ४

४ टऽ ४ टऽ

ऽ ४ ऽ द ऽ ४

ऽ ४ ઉ ४ ऽ ઉ ऽ ४ ઉ

ઉ ऽड़ ४

४ ऽ

હે રુહો! આ ઈલમથી આપ આ દુનિયા તરફથી મૃતપ્રાય તથા ધણીજી તરફ જીવંત થઈ ગયા છો! હાંસી એ બાબતની જ છે કે ફરામોશીમાં પણ તમે જાગ્રત છો! ધણીજીના આ ઈશ્કે કંઈક એવી વિચિત્ર પરિસ્થિતિ ઊભી કરી દીધી છે કે તમારા જાગવામાં અર્થાત્ આ નશ્વર ખેલમાં તારતમ વાણી દ્વારા જાગ્રત બુધ્ધિ પ્રાપ્ત કરી લેવાથી, હવે કોઈ સંશય રહ્યો નથી. ४

ऽ ऽ ४ ઉ ड़

ऽ ऽड़

ड़ ड़ ट

શ્રી મહામતિજી કહે છે કે, "પ્યારે સુંદરસાથજી! આ ખેલમાં તમારા સૌ પર હર ક્ષણ જે કંઈ વીતી રહ્યું છે, તે સર્વે શ્રી રાજજી મહારાજના ઈશ્કનો જ લાડ છે! ધણીજી પ્રતિક્ષણ તમારી ઉપર જે મહેર વરસાવી રહ્યા છે, એનો આપ અહેસાસ કરો. ४ ४ उ ६ ६ ४४

उ उ ४

## ૧૨.૧ : સુંદરસાથજી જાગો! આપ આટલા નિષ્ઠુર કેમ થઈ ગયા છો?

હાએ હાએ ક્યોં ન સુનો રુહેં અર્સકી, હક બકા વતન ।
રુહઅલ્લાને જાહેર કિયા, કાહૂ સુન્યા ન એતે દિન ॥૧॥

**સુંદરસાથજીને ફરામોશીમાંથી જાગૃત કરવા માટે શ્રી મહામતિજી દર્દપૂર્વક ફિટકારતાં કહે છે કે હે પરમધામની આત્માઓ! આપ આટલાં બધા નિષ્ઠુર કેમ થઈ ગયાં છો? ધણીના વચનો આપ હૃદયપૂર્વક કેમ સાંભળતા નથી? આપ સૌ માટે તો પારબ્રહ્મ શ્રી રાજજી મહારાજનાં આનંદ સ્વરૂપા શ્રી શ્યામાજીએ આ સંસારમાં પધારીને અક્ષરાતીત ધણી અને ધામની હકીકતો તથા ત્યાંની અણમોલ નિધિને જ્ઞાનરૂપે જાહેર કરી છે, જેને આજદિનપર્યંત કોઇએ પણ સાંભળી નથી.**

ફરામોસી હકેં દઈ, સો વાસ્તે હાંસીકે ।
હાએ હાએ ઘાવ ન લાગહીં, સુનકે સબ્દ એ ॥૨॥

**આપ સૌ એ કેમ નથી સમજતાં કે ધણીએ હાંસી કરવા માટે ફરામોશીનું આવરણ ઊભું કર્યું છે? હાય! હાય! ધણીનાં આટલાં સ્પષ્ટ વચનો સાંભળ્યા પછી પણ તમારાં દિલમાં તેની કંઇ જ ચોટ નથી લાગતી!**

એ સાહેબ હાંસી કરે, અર્સકી અરવાહોં સોં ।
હાએ હાએ વિચાર ન આવહીં, ઐસી સખતી હિરદે મોં ॥૩॥

**અરે! સાહેબ શ્રી રાજજી મહારાજ પરમધામની રુહોની હાંસી કરી રહ્યા છે. પણ આપ રુહોના દિલ એટલા કઠોર બની ગયા છે કે આપ સૌને ધણીની આ વાતોની વાસ્તવિકતા વિશે થોડોય વિચાર સુધ્ધાં નથી આવતો!**



D:\Pranam/Chitvani/96

એ સાહેબ કિને ન દેખિયા, ના કિન સુનિયા કાન ।
ઢૂંઢ ગએ ત્રૈગુન, પર પાયા ન કાહૂં નિદાન ॥૪॥

**હે સાથજી! અક્ષરાતીત શ્રી રાજજી મહારાજના દુનિયામાં કોઈએ દર્શન પણ કર્યા નથી કે નથી તેમના વિષે કંઈ જ સાંભળ્યું! સ્વયં ત્રિદેવો પણ તેમને શોધીને થાક્યાં, પરંતુ કોઈને પણ પારબ્રહ્મ અક્ષરાતીત શ્રી રાજજી મહારાજ સંબંધી લેશમાત્ર જાણકારી પ્રાપ્ત નથી થઈ. (આવા અખંડ ધણીની અંગના હોવા છતાં આપણા દિલમાં ઈશ્કની મહેક કેમ નથી આવતી!)**

એક પલ થેં પૈદા ફના, કોટ બ્રહ્માંડ નૂરકે ।
સો નૂર નૂરજમાલકે, મુજરે આવત ઈત એ ॥૫॥

**અરે! જેમના એક પલમાં કરોડો બ્રહ્માંડ પેદા થઈને લય પામે છે, એવા સમર્થ અક્ષરબ્રહ્મ પણ એ અક્ષરાતીત ધણી-નૂરજમાલનાં દર્શનાર્થે પ્રતિ-દિન પરમધામ રંગમહોલના ચાંદનીચોકમાં પધારે છે.**

જો કિનહૂં પાયા નહીં, સો જાત રોજ દરબાર ।
સાહેબ અર્સ-અજીમકે, કરને ઉત દીદાર ॥૬॥

**સાથજી, જરાક વિચારો! જે અક્ષરબ્રહ્મને પણ અત્યાર સુધી આ સંસારમાં કોઇ પામી શક્યું નથી, તેવા અક્ષરબ્રહ્મ સ્વયં પરમધામના માલિક(ધણી)ના સર્વશ્રેષ્ઠ દરબારે તેમનાં દર્શન માટે જાય છે.**

સો સાહેબ હાંસી કરે, અપને મોમિન રુહોં સોં મિલ ।
સો સુનકે ઘાવ ન લાગહીં, હાએ હાએ ઐસે બજર દિલ ॥૭॥

**હે સાથજી! એ બધાના માલિક પોતાની અંગનાઓ સાથે(આ માયાના ખેલમાં આવીને) હાંસી કરી રહ્યા છે. તેમની આટલી મહિમા સાંભળવા છતાં દિલમાં ચોટ નથી લાગતી! હાય! હાય! સુંદરસાથના દિલ આવા કઠોર થઈ ગયાં!**

હાંસી કરી કિન ભાંતકી, ફરામોસી દઈ કિન ।
પર હાએ હાએ દિલ ન વિચારહીં, કોઈ ઐસા દિલ હુઆ કઠિન ॥૮॥

**વિચારો! ફરામોશી કોણે આપી અને હાંસી કેવી રીતે કરી છે પણ, હાય! હાય! આપના દિલ એવા કઠોર બની ગયા છે કે તેનો રજમાત્ર વિચાર કરતા નથી.**

## ૧૨.૨ : હે સાથજી! મને જે ઈશ્ક અને બેશક ઈલમ પ્રાપ્ત થયેલ છે તે તમને પણ મળી શકે છે!

હકકા ઈસ્ક હમ પેં, પૂરા પાયા મૈં ।
એ ખેલ દેખાયા નીંદકા, ફરામોસી કેસે ॥૯॥

**શ્રી મહામતિજી કહે છે કે હે સાથજી! મારી વાત ધ્યાનથી સાંભળો અને તેના પર વિચાર કરો. મને તો મારા ધણીનો પૂર્ણ ઈશ્ક મળી ગયો છે. જેનાથી મને એ વાત દૃઢ થઈ ગઇ છે કે બેશક! ધણીએ જ ફરામોશી આપીને આ સ્વપ્નમય નીંદનો ખેલ(પોતાના ઈશ્કની લજ્જત આપવા) બતાવ્યો છે.**

ઈલમ ભી પૂરા દિયા, જિત જરા ન મૈં કો સક ।
સુખ દેખે બેસક અર્સકે, તો ક્યોં ન આવે હક ઈસ્ક ॥૧૦॥

**ધણીએ મને પોતાનો પૂર્ણ ઈલમ પણ બક્ષિશ કર્યો છે, જેમાં થોડો પણ સંશય નથી રહ્યો. જો આ ઈલમથી રુહો પરમધામનાં સુખોનો બેશક અહેસાસ કરવા લાગે, તો પછી સૌ કોઈને પણ શ્રી રાજજી મહારાજનો ઈશ્ક કેમ ન મળે?**

સુખમેં ભી સક નહીં, નાહીં અર્સમેં સક ।
ના કછૂ સક ઈલમમેં, સક ના ખસમ હક ॥૧૧॥

**સાથજી! મને તો હવે આપણા ધામ તથા ધામનાં સુખો અને ધણી તથા ધણીના ઈલમ વિષે કોઈ પણ પ્રકારનો સંશય નથી રહ્યો.**

સક ના રહી કછૂ ખેલમેં, સક ના આએ દેખન ।
સક ના મૈં હકકી, ઔર સક ના ગિરો મોમિન ॥૧૨॥

**હવે, મને આ ખેલમાં તથા આપણે સૌ આ માયાના ખેલને જોવા માટે આવ્યાં છીએ, આ બંને વાતમાં કંઇ જ શક-સંદેહ રહ્યો નથી. હું ધણીની પ્રિય અંગના છું અને સૌ સુંદરસાથ આ ખેલને જોવા માટે અહીં આવ્યા છે, આ સર્વે બાબતો વિષે પણ મને કોઇ શક-સંદેહ નથી.**

સક નાહીં કુદરતમેં, સક નાહીં કાદર ।
સક નહીં કયામતમેં, સબ અરવાહેં ઉઠેં જ્યોં કર ॥૧૩॥

**અક્ષરબ્રહ્મ અને તેમની યોગમાયા વિષે, કયામતની હકીકત વિષે,**



*D:\Pranam/Chitvani/97*

**તથા ધામની સર્વે રુહો પોતાના મૂળ સ્વરૂપમાં કેવી રીતે જાગ્રત થશે - એ તમામ વાતો વિશે પણ હવે કોઇ સંશય રહ્યો નથી.**

સક ના કાયમ ભિસ્તમેં, બેસક બ્રહ્માંડ હુકમ ।
બેસક તીનોં ઉમત, બેસક ઘરોં પોહોંચાવેં હમ ॥૧૪॥

**ધણીના હુકમથી સમગ્ર બ્રહ્માંડના જીવોને આઠ ભિસ્તો(મુક્તિસ્થાન)માં પ્રાપ્ત થનારી મુક્તિ વિશે પણ કોઈ સંશય નથી. જીવ, ઈશ્વરી અને બ્રહ્મ આ ત્રણે સૃષ્ટિ આ બેશક ઈલમ બ્રહ્મવાણીથી અવશ્ય નિઃસંદેહ થશે અને હું તે દરેકને નિશ્ચિતરૂપે પોતપોતાનાં મૂળ ધામોમાં પહોંચાડીશ.**

બેસક ફરામોસીયમેં, હક બેસક મિલે હમ સાથ ।
બેસક તાલા ખોલિયા, બેસક કુંજી હમારે હાથ ॥૧૫॥

**ફરામોશીના આ ખેલમાં આપણને ધણી મળ્યા છે અને તેઓએ જ આપણા હાથમાં તારતમરૂપી 'નૂરી-ચાવી' સોંપી છે તથા માયા-બ્રહ્મના છુપાયેલ ભેદનો નીવેડો કર્યો છે**

બેસક ખેલ દેખાઈયા, ખોલી બેસક કતેબ વેદ ।
બેસક હમોંને પાઈયા, બેસક હક દિલ ભેદ ॥૧૬॥

**એમાં જરાય સંશયની વાત નથી કે ધામધણીએ આપણને સંસારી ખેલ બતાવ્યો છે અને નિશ્ચિતરૂપે વેદ તથા કતેબ ધર્મ-ગ્રંથોનાં રહસ્યો ખોલી બતાવ્યા છે. હવે તો અમે નિઃસંદેહ ધણીના દિલનાં બધાંજ રહસ્યો પણ જાણી લીધાં છે!**

## ૧૨.૩ : સ્વયં શ્રી ધણીજી જ મારા મુખેથી બેશક ઈલમ ઉચ્ચારી રહ્યા છે - હું કંઈ જ નથી કહેતી!

બેસક દોઊ અર્સોંકી, જરે જરેકી બેસક ।
બેસક મેહેર મોમિનોં પર, બેસક કરી જો હક ॥૧૭॥

**અરે સુંદરસાથજી! હક શ્રી રાજજી મહારાજે આપણ સૌ ઉપર અપાર મહેર કરી છે. તેઓએ આપણને અક્ષરધામ તથા પરમધામ એ બંનેની રજે-રજની શોભા તથા લીલાની હકીકત સમજાવી દીધી છે.**

જો પૈદા ચૌદે તબકમેં, જો કોઈ હુએ બુજરક ।
અપને મુખ કિને ના કહ્યા, જો હમ હુએ બેસક ॥૧૮॥

**આ ચૌદલોકના બ્રહ્માંડમાં ઋષિઓ, મહર્ષિઓ, અવતારો, ત્રિદેવા, તીર્થંકર કે પૈગંબર પૈકી કોઈપણ પોતાના મુખેથી દઢતાપૂર્વક કહી શક્યા નથી કે પારબ્રહ્મના સ્વરૂપ, લીલા અને ધામના વિષયમાં અમે સંશયરહિત થઈ ગયા છીએ.**

સો બેસક મૈં જાનિયા, એ બાત તેહેકીક બેસક ।
મોમિન બેસક સમઝિયો, બેસક બોલે મૈં હક ॥૧૯॥

**ધણીની કૃપાથી હું તો તમને દઢતાથી કહી શકું છું કે મેં તો મારા ધણીને તથા ધામ અને લીલાને બેશક જાણી લીધા છે! આપ એ ચોક્કસપણે જાણી લો કે સ્વયં ધણી જ આ બધું મારા મુખેથી બોલાવી રહ્યા છે!**

કેતેક મોમિન હો બેસક, જો બેસક કરો વિચાર ।
તો બેસક સુખ અર્સકા, ઈન તન બેસક લ્યો કરાર ॥૨૦॥

**અને હા, કેટલાક એવા સુંદરસાથજી પણ છે, જેઓ આ રીતે બેશક થઈ ગયા છે. આપ સૌ પણ તેમને જોઇને નિશ્ચયપૂર્વક વિચાર કરો તો તમે પણ પરમધામનાં અખંડ સુખો આ તન દ્વારા જ સહજ રીતે પ્રાપ્ત કરી શકો છો.**

દુનિયાં ચૌદે તબકમેં, કોઈ બેસક હુઆ ન કિત ।
સો સબ થેં સક મિટ ગઈ, ઐસી બેસકી આઈ ઈત ॥૨૧॥

**આ ચૌદલોકની દુનિયામાં કોઇપણ, ક્યારેય આ બધી બાબતે બેશક થયું નથી. તે બધી બાબતો વિશે જે સંશયો હતા, તે તમામ દૂર થયા છે. તારતમજ્ઞાન દ્વારા આ પ્રકારની બેશકી આવી ગઈ છે.**

કિસ વાસ્તે હાંસી કરી, કિસ વાસ્તે હુએ ફરામોસ ।
હાએ હાએ દિલ ન વિચારહીં, હાએ હાએ આવત નાહીં માહેં હોસ ॥૨૨॥

**ધણીએ કયા કારણથી આપણી હાંસી કરી તથા ફરામોશી શા માટે આપી, હાય! હાય! આપનું દિલ આ કેમ નથી વિચારતુ! હાય! હાય! આપ હજુ હોશમાં નથી આવતા!**

એ કદમ દિલ કછૂ આવહીં, જબ કરે વિચાર દિલ એ ।
હાએ હાએ એ સમયા ક્યોં ના રહ્યા, ઈન હાંસી ફરામોસીકે ॥૨૩॥

**હે સાથજી! જો આપનું દિલ આ વાતોનો વિચાર કરે તો શ્રી રાજજીનાં દિવ્ય ચરણકમળ તેમાં પણ આવી શકે છે. પણ હાય! હાય! આ કેવી ફરામોશી છે કે એ ચરણોનું ચિંતન કરવામાં આપનું દિલ જ નથી ચોંટતું કે નથી તે માટેનો સમય પણ રહ્યો! (હાય! હાય! રુહોની આવી હાલત કેમ થઈ?)**



D:\Pranam/Chitvani/98

હાએ હાએ દિલમેં ન આવહીં, કિસ વાસ્તે હાંસી ભઈ ।
એ કારન કૌન ફરામોસકો, એ દિલ ખોલ કિને ન કહી ॥૨૪॥

**હાય! હાય! આપણા દિલમાં એ વિચાર પણ નથી આવતો કે કયા કારણોસર આપણી હાંસી તથા ફરામોશીની હાલત થઈ છે. આ સર્વે હકીકત કોઇએ પણ દિલ ખોલીને સ્પષ્ટ રીતે કહી નથી.**

સમયા ન રહ્યા કિન વાસ્તે, હોએ પેહેચાન ન વાસ્તે કિન ।
ઈસ્ક હકકે દિલકા, હાએ હાએ પાએ નહીં લછન ॥૨૫॥

**આપ આવા બેહાલ કયા કારણે થયા અને ધામધણીના દિલમાં આપણ અંગનાઓ પ્રત્યે કેવો ઈશ્ક છે એની ઓળખાણ પણ આપને કેમ નથી થતી? હાય! હાય! હજી પણ શ્રી રાજજીના ઈશ્કની મસ્તીમાં કેમ ડૂબતાં નથી?**

## ૧૨.૪ : સાથજી! આપ શ્રી ધણીજીના ઈશ્કના તરંગોને દિલમાં કેદ કેમ નથી કરી લેતાં?

આપ ફરામોસી દેયકે, ઊપરસે જગાવત ।
તરંગ હક ઈસ્કકે, હાએ હાએ દિલમેં ન આવત ॥૨૬॥

**હે ધણી! આપ અંગનાઓને ફરામોશી આપીને ઉપરથી જગાડી પણ રહ્યા છો! હાય! હાય! અફસોસની વાત છે કે ધણીના ઈશ્કરૂપી સાગરની લહેરો આપના દિલમાં કેમ નથી ઉઠતી!**

ખેલ કિયા કિસ વાસ્તે, કિસ વાસ્તે દેખાયા દુખ ।
મેહેર પ્રીત હકકે દિલકી, હાએ હાએ દેખેં ના ઈસ્કકે સુખ ॥૨૭॥

**એ હકીકતની ખબર કેમ નથી પડતી કે આ માયાના ખેલનું તથા દુઃખનું મૂળ કારણ શું છે? એ કેટલા ખેદની વાત છે કે શ્રી રાજજીના દિલમાંથી પ્રવાહિત મહેર, પ્રીત અને તેમના ઈશ્કનાં સુખોનો અનુભવ નથી કરતા, જે માટે આ ખેલ બનાવવામાં આવ્યો છે.**

કિસ વાસ્તે હલકે જગાવત, ઊપર કરત બોહોતક સોર ।
હાએ હાએ એ સુધ કોઈ ના લે સકે, હકકે ઈસ્કકા જોર ॥૨૮॥

કયા કારણથી ધણીજી અંગનાઓને આપ ધીરે-ધીરે જગાડી રહ્યા છો? તથા ઉપર-ઉપરથી જાગણીના નામે ભારે શોર પણ કેમ મચાવી રહ્યા છો? હાય! હાય! એ વાતનું રહસ્ય અમારામાંથી કોઈ સમજી શકતું નથી. આ જ છે શ્રી રાજજી મહારાજના ઈશ્કની તાકાતનું પ્રમાણ!

કિસ વાસ્તે દુની ના સમઝી, કિસ વાસ્તે ભેજ્યા ફુરમાન ।
એ બાતેં હકકે ઈસ્કકી, હાએ હાએ કરી ન કાહૂં પેહેચાન ॥૨૯॥

શા માટે દુનિયા એ પારબ્રહ્મ વિષે કંઈ જ જાણી શકતી નથી તથા શા માટે પારબ્રહ્મ અલ્લાહતાલાના આદેશથી કુરાનનું અવતરણ થયું. હાય! હાય! હજી પણ કેમ સમજાતું નથી કે શ્રી રાજજી મહારાજે પોતાના ઈશ્કની ઓળખાણ કરાવવા જ આ બધું કર્યું છે!

કુંજી લ્યાએ કિસ વાસ્તે, કિસ વાસ્તે દઈ દૂજેકો ।
મેહેર અલ્લાકે કલામ, હાએ હાએ આએ ના કાહૂં દિલ મોં ॥૩૦॥

શ્રી શ્યામાજી તારતમજ્ઞાનની ચાવી શા માટે લાવ્યાં? શા માટે તેમણે ધણીના દિલનો ખજાનો ખોલવાની કળ બીજા હક્કી-સ્વરૂપ શ્રી પ્રાણનાથજી ઈમામ મેહેંદીને બક્ષી? હાય-હાય! અફસોસની વાત છે કે કુરાનના વાસ્તવિક ભેદોને સ્પષ્ટ કરતાં શ્રી રાજજીની મહેરના સ્વરૂપ એવાં તારતમવાણીનાં વચનો કોઇનાય દિલમાં ચૂભતા નથી!

કિસ વાસ્તે ખિતાબ ખુદાએકા, એક સોઈ ખોલે કલામ ।
હાએ હાએ એ સુધ મોમિનોં ના લઈ, મીઠા હક ઈસ્કકા આરામ ॥૩૧॥

કયા કારણે ધામધણીએ મહામતિજીને ખુદ 'ખુદા'નો ખિતાબ પ્રદાન કર્યો, તેની સમજ હજી ધામના મોમિન સુંદરસાથને નથી આવતી. "આખરના સમયે ખુદ ખુદા આવીને કુરાનનાં રહસ્યો ખોલશે" એવા કુરાનના કથન અનુસાર શ્રી રાજજીએ શ્રી મહામતિજીરૂપે આવીને એ રહસ્યો ઉજાગર કર્યાં. હાય! હાય! અફસોસ છે કે આ તમામ બાબતોના કારણભૂત એવી શ્રી રાજજીના ઈશ્કની મીઠી લજ્જત ધામના સાથીઓ લેતાં નથી.

એ દ્વાર કિને ના ખોલિયા, એ જો કુરાન કિતાબ ।
પાઈ ના હકીકત કિનહૂં, હાએ હાએ એકૈ ઠૌર ખિતાબ ॥૩૨॥

કુરાનનાં રહસ્યોને આજદિન સુધી કોઇએ પણ સ્પષ્ટ કર્યાં નથી. આ



D:\Pranam/Chitvani/99

મહાન કાર્યને સંપન્ન કરવાની શોભા તો એકમાત્ર ઈમામ મેહેંદીને જ મળી છે, જે શ્રી પ્રાણનાથજીરૂપે પ્રગટ થઈ ચૂક્યા છે. હાય! હાય! આ હકીકતને પણ કોઇ સમજી શક્યું નથી.

સાહેદી દેવે જો ખુદાએકી, સોઈ ખુદા જાન ।
સો સાહેદી કિન ના લઈ, હાએ હાએ મગજ ન પાયા કુરાન ॥૩૩॥

"જે ખુદા-પારબ્રહ્મની સાક્ષી આપે, તેને જ ખુદા જાણવો"-આ પ્રકારની સ્પષ્ટ સાક્ષી કુરાનમાં લખેલી હોવા છતાં, હાય! હાય! કુરાનના રહસ્યોને ખોલીને ખુદાની સાક્ષી આપનાર મહામતિજીની ઓળખ કોઈએ ના કરી.

લિખી ઈસારતેં રમૂજેં, હકેં કિન ઊપર ।
એ બાતેં મોમિનોં મિનેં, હાએ હાએ છિપી રહી ક્યોં કર ॥૩૪॥

જરાક વિચારો! ધણીજીએ કુરાનમાં છૂપી ઈશારતો કોના માટે લખાવી? હાય! હાય! જ્યારે આ ઈશારાઓ મોમિનો માટે જ લખાવ્યાં તો આટલી મહત્ત્વપૂર્ણ વાતો ધામના સુંદરસાથથી છૂપી કેવી રીતે રહી?

તરંગ હકકે ઈસ્કકે, પાએ ના ગિરોમેં કિન ।
અજૂં માએને મગજ, હાએ હાએ પાએ નહીં મોમિન ॥૩૫॥

શ્રી રાજજીના દિલમાં ઉઠતી ઈશ્કના સાગરની લહેરોમાં ડૂબીને હજી પણ કોઈ સુંદરસાથ મસ્ત નથી બનતા. ભારે અફસોસની વાત છે કે હજી પણ શ્રી રાજજીના દિલનાં રહસ્યોને સુંદરસાથજી સમજી શક્યા નથી.

હકકે દિલકા ઈસ્ક, નિપટ બડી હે બાત ।
અજૂં જાહેર રુહોં ના હુઈ, અર્સ સૂરત હક જાત ॥૩૬॥

શ્રી રાજજી મહારાજના દિલમાં છલકાતાં ઈશ્કના સાગરની મસ્તીનો આનંદ પ્રાપ્ત થવો.. એ ખરેખર મોટી વાત છે. હજી પણ સુંદરસાથના દિલમાં શ્રી રાજશ્યામાજી તથા પોતાની પરઆત્મની શોભા અંકિત નથી થઈ!

હાંસી કરી કિન વાસ્તે, ફરામોસીકી દે ।
હાએ હાએ મોમિન ના સમઝે, બાત ઈસ્કકી એ ॥૩૭॥

ઈશ્ક-રબ્દની એ મૂળ વાત કે ધણીએ ફરામોશી આપીને હાંસી કયા કારણસર કરી, તેની વાસ્તવિકતા પરમધામના સુંદરસાથજી સમજી શકતા નથી, એ ભારે ખેદની વાત છે.

લિખ્યા ઐસા કુરાનમેં, કુંઆરી રહી ફુરકાન ।
એ દાગ ગિરો તબ દેખસી, હાએ હાએ હોસી જબ પેહેચાન ॥૩૮॥

**કુરાનમાં એવું સ્પષ્ટ લખેલું છે કે જ્યાં સુધી ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજી કુરાનના છુપાયેલાં રહસ્યોને નહિ ખોલે ત્યાં સુધી (એક હજાર વર્ષ સુધી) કુરાન કુંવારું રહ્યું એમ ગણાશે. જ્યારે સુંદરસાથને ધણીના ઈશ્કની ઓળખાણ થઈ જશે, ત્યારે તેઓ ધણીના ઈશ્કની ઓળખાણ ન કરી શક્યા તે બાબતના કલંકની અનુભૂતિ કરશે.**

## ૧૨.૫ : ખેલમાં જે કંઇ છે તે સર્વે ધણીજીના જ ઈશ્કની કારીગરી છે!

એ ભી વાસ્તે ઈસ્કકે, ફુરમાયા યોં કર ।
તો કહી કુંઆરી ફુરકાન, હાએ હાએ ગિરો ન લઈ દિલ ધર ॥૩૯॥

**પોતાની રુહોને ઈશ્કની લજ્જત આપવા માટે જ શ્રી રાજજીએ એવું લખાવ્યું કે કુરાન હજાર વર્ષ સુધી કુવારું રહેશે. પણ પરમધામના સુંદરસાથજીએ આ વાત પોતાના દિલમાં લીધી જ નહિ.**
*(જ્યાં સુધી સુંદરસાથ કુરાનની હકીકતોને પોતાના દિલમાં ધારણ નહિ કરે, ત્યાં સુધી કુરાન કુંવારું જ રહ્યું, એમ કહેવાશે.)*

ઉતરે નૂર બિલંદસે, મોમિન બડા મરાતબ ।
હકકે દિલકા ઈસ્ક, હાએ હાએ મોમિન લેસી કબ ॥૪૦॥

**સર્વોપરી એવા પરમધામથી આ નશ્વર ખેલમાં આવેલા સુંદરસાથનો દરજ્જો-મરાતબો પણ સર્વશ્રેષ્ઠ છે. હાય! હાય! આવા મોમિન સુંદરસાથ શ્રી રાજજીના દિલના ઈશ્કની મસ્તી ક્યારે લેશે?**

ઐસા નૂર-જમાલ જો, રુહેં રહેં ઈન દરગાહ ।
એ કિસ્સા સુનતે વિચારતે, હાએ હાએ ઉડત નહીં અરવાહ ॥૪૧॥

**આવા અખંડ પરમધામના માલિક, અક્ષરાતીત નૂરજમાલના નૂરી ઘરમાં, તેમનાં શ્રી ચરણોમાં જ સુંદરસાથ બ્રહ્માત્માઓ બેઠી છે. હાય! હાય! આ વાતને સાંભળી, તેના પર વિચાર કર્યા પછી પણ સુંદરસાથજીની સુરતા પરમધામમાં કેમ નથી પહોંચતી?**

હક સૂરતકે દિલકા, મોમિનોંસે સનેહ ।
હેત પ્રીત ઈસ્કકી, હાએ હાએ આઈ નહીં કાહૂં એહ ॥૪૨॥



D:\Pranam/Chitvani/100

**ધામધણીના નૂરી સ્વરૂપના દિલનો સંપૂર્ણ સ્નેહ તો બ્રહ્મસૃષ્ટિ માટે જ છે. પણ, હાય! હાય! તેમના દિલના ઈશ્કથી ભીંજાયેલ હેત અને પ્રીતની સુગંધી કોઇપણ અંગનાના દિલમાં હજી આવી નથી!**

ઈસ્ક ખેલ હાંસી ઈસ્ક, ઈસ્ક ફરામોસ મોમિન ।
ઈસ્કેં રસૂલ હોએ આઈયા, વાસ્તે ઈસ્ક ન પાયા કિન ॥૪૩॥

**શ્રી રાજજી મહારાજે પોતાના દિલમાં રુહો માટે છલકાતાં ઈશ્કની ઓળખાણ કરાવી લજ્જત આપવા માટે જ આ ખેલ બનાવ્યો છે, જેમાં રુહોની ફરામોશીમાં હાંસી થવી, આરબમાં ખુદા પારબ્રહ્મના સંદેશાવાહક રસૂલનું આવવું અને કોઈને પણ તેમની ઓળખાણ ના થવી તે બધું જ સામેલ છે.**

ઈસ્કેં ફુરમાન આઈયા, વાસ્તે ઈસ્ક ન ખુલ્યા કિન ।
વાસ્તે ઈસ્કકે ગૈબ હુઆ, ઈસ્કેં ખુલે ના ખુદા બિન ॥૪૪॥

**આ ઈશ્કના કારણે જ ધામધણીના સંદેશ સ્વરૂપ કુરાન અવતર્યું તથા ઈશ્કના કારણે જ તેનાં રહસ્યો કોઇને સમજાયાં નથી. ઈશ્કના કારણે જ કુરાનનાં રહસ્યો છૂપાં રહ્યાં તથા ઇશ્કના કારણે જ તે રહસ્યો સ્વયં ધામધણી-ખુદા વિના બીજા કોઈથી ખુલ્યાં નહિ.**

ઈસ્કેં કુંજી લ્યાઈયા, ઈસ્કેં લ્યાયા ખિતાબ ।
ઈસ્કેં આએ મોમિન, ઈસ્કેં ખુલે ના સિતાબ ॥૪૫॥

**રાજજીના ઈશ્કની ઓળખાણ કરાવવા માટે જ શ્રી શ્યામાજી મહારાણી તારતમજ્ઞાનરૂપી ચાવી લાવ્યા તથા ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજીનો ખિતાબ જાહેર થયો. ધામના મોમિન બ્રહ્મસૃષ્ટિઓનું આગમન પણ તેના કારણે જ થયું. આ ખેલમાં જો કોઇને આ બધી હકીકતો સહજ રીતે નથી સમજાતી તો તે પણ ધામધણીજીના ઈશ્કની ઓળખાણ માટે જ!**

કઈ બાની ઈસ્કેં ઉપજી, કઈ ઈસ્કેં પડી પુકાર ।
એ રુહેં ભી વાસ્તે ઈસ્કકે, હાએ હાએ હુઈયાં ન ખબરદાર ॥૪૬॥

**ધણીજીના ઈશ્કના કારણે જ સંસારમાં કેટલાયે પ્રકારના ધર્મગ્રંથોનું અવતરણ થયું છે તથા તે સર્વે ગ્રંથોની વાણીની પુકાર પણ ઠેર-ઠેર થઈ રહી છે. તેમ છતાંયે, હાય! હાય! ખેદની વાત એ છે કે બ્રહ્મસૃષ્ટિ રુહો આ બાબતો ઉપર વિચાર કરી સાવચેત થઈ હોશમાં આવતી નથી અને તે**

પણ ઈશ્કના કારણે જ થઈ રહ્યું છે.

હાએ હાએ ઈસ્ક હકકા, સમઝેં નહીં મોમિન ।
ના તો અરવાહેં થી અર્સકી, પર હુઆ ન દિલ રોસન ॥૪૭॥

**હાય! હાય! રુહો શ્રી રાજજી મહારાજના ઈશ્કના રહસ્યને સમજતી નથી. પરમધામની બ્રહ્માત્માઓ હોવા છતાં પણ રુહોનાં દિલમાં ઈશ્કની મહેંક ના આવી.**

સો ભી વાસ્તે ઈસ્કકે, જો લગત નાહીં ઘાએ ।
સો ભી વાસ્તે ઈસ્કકે, જો ઉડત નહીં અરવાહે ॥૪૮॥

**રુહોના દિલમાં રાજજીના વચનો સાંભળવા છતાં ચોટ ન લાગવાનું અને પરમધામમાં યુગલસ્વરૂપના ચરણોમાં આત્મદ્દષ્ટિથી જોડાવાનો અહેસાસ થવા છતાં નશ્વર શરીર ત્યાગી ન શકવાનું કારણ પણ ઈશ્ક છે.**

ઈસ્કેં ઊપર પુકારહીં, આવત નાહીં હોસ ।
સો ભી વાસ્તે ઈસ્કકે, જો ટલત નહીં ફરામોસ ॥૪૯॥

**ઈશ્કને કારણે જ મોમિન સુંદરસાથ જાગણીની ઊંચી ઊંચી પુકારો તો કરે છે, પરંતુ એ જ ઈશ્કને કારણે તેમની બેહોશી પણ દૂર થતી નથી!**

સો ભી વાસ્તે ઈસ્કકે, જો લગત ન કલામ સુભાન ।
સો ભી વાસ્તે ઈસ્કકે, જો હોત નહીં પેહેચાન ॥૫૦॥

**ઈશ્કને કારણે જ શ્રી રાજજીનાં વચનો રુહોના દિલમાં ઊતરતાં નથી તથા તેઓને તેમની ઓળખાણ થઈ શકતી નથી.**

સો ભી વાસ્તે ઈસ્કકે, જો પેહેચાન આવત નાહેં ।
સો ભી વાસ્તે ઈસ્કકે, જો પેહેચાનત દિલ માહેં ॥૫૧॥

**ઓળખાણ ન થવી કે ઓળખાણ દ્વારા દિલમાં બેશકી થઈ જવી-આ બંને વાત ઇશ્કના કારણે જ બને છે.**

એ કરત હૈ સબ ઈસ્ક, જો ખેલમેં કોઈ જીતત ।
સો ભી કરત ઈસ્ક, જો કોઈ કાહૂં ભૂલત ॥૫૨॥

**આ ખેલમાં જો કોઇ સુંદરસાથ ધણીના સ્વરૂપની ઓળખાણ કરી જાગ્રત થઈ જીતી જાય છે અને જો કોઇ સુંદરસાથ માયાના ખેલમાં ભૂલીને ઓળખાણ નથી કરી શકતા તો તેમ કરાવનાર પણ ધણીનો ઈશ્ક જ છે!**



D:\Pranam/Chitvani/101

એ બારીક બાતેં ઈસ્કકી, એ કોઈ સમઝત નાહેં ।
સો ભી કરત હૈ ઈસ્ક, જાનત બલ જુબાંએ ॥૫૩॥

**ઈશ્કની અતિ બારીક વાતોને કોઇ સમજી શક્યું નથી. હે સુંદરસાથજી! આ બધું જ કરનાર કરાવનાર ઈશ્ક જ છે, એમ કહેતાં મને કેટલું જોર પડે છે (દર્દ થાય છે) તે તો હું જ જાણું છું!**
*(ભાવાર્થઃ- 'મહેર' તથા 'હુકમ'ની જેમ 'ઈશ્ક'ના નામે બધું જ કરી દેવાથી સુંદરસાથજીમાં આવી જતી અકર્મણ્યતા કે - 'હવે આપણે કંઈજ કરવાની જરુર નથી' - તેનો શ્રી ઈન્દ્રાવતીજીને ડર છે. સાર એ જ છે કે, પરિશ્રમ કરવા માટે તો આપણે જ આગળ આવવું પડશે. શરુઆત તો 'સ્વ'થી જ કરવી પડશે! )*

સો ભી કરત હૈ ઈસ્ક, જુદી જુદી જિનસ ।
કાહૂ સુધ થોડી કાહૂ ઘની, કાહૂ ઈસ્ક ન દેત હરગિસ ॥૫૪॥

**ધણીનો ઈશ્ક જ આ ખેલમાં વિવિધ વેષે લીલા કરી વિવિધ પ્રકારે ઓળખાણ કરાવે છે. કોઇને થોડી સુધ તો કોઇને ખૂબ વધારે સુધ, તો વળી કોઇને લેશમાત્ર પણ સુધ નહિ - આ બધી ઈશ્કની જ કરામત અને કારીગરી છે!**

ઈસ્ક સેતી હારિએ, જિતાવે ઈસ્ક ।
ઈસ્કેં ઈસ્ક ન આવહીં, ઈસ્ક કરે બેસક ॥૫૫॥

**ઈશ્ક ન મળવાથી જ આપણી હાર થાય છે, તથા શ્રી રાજજી પ્રત્યે પ્રેમ જગાડી જીતાડનાર પણ ઈશ્ક જ છે. ઈશ્કના કારણે જ આપણી અંદર રાજજીનો ઈશ્ક નથી આવતો તથા આપણને ઈલમથી બેશક કરનાર પણ ઈશ્ક જ છે.**

## ૧૨.૬ : હે ધણી! જેટલા મહાન આપ છો, તેટલો જ મહાન આપશ્રીનો ઈશ્ક પણ છે!

એ બારીક બાતેં હકકી, ક્યોં કર જાની જાએ ।
ઈસ્ક હકકે દિલકા, બિના હુકમેં ક્યોં સમઝાએ ॥૫૬॥

**શ્રી રાજજી મહારાજના ઈશ્કની આ પ્રમાણેની બારીક સારગર્ભિત વાતોનો મહિમા શી રીતે સમજી શકાય? ધણીના હુકમ વિના તેમના દિલના ઈશ્કને સમજી જ શી રીતે શકાય?**

એ હક દેખાવેં ઈસ્ક, તો બેર ન પલ એક હોએ ।
સૌ સાલ સોહોબત કીજિએ, બિના હુકમ ન સમઝે કોએ ॥૫૭॥

**જો શ્રી રાજજી સ્વયં ઈશ્કની ઓળખાણ કરાવવાનું ઇચ્છે, તો ઈશ્કની ઓળખાણ થવામાં એક ક્ષણ પણ ન લાગે! અન્યથા, સો વર્ષો સુધી જ્ઞાનીઓની સંગતમાં સત્સંગ કરવા છતાં પણ, જો ધણીનો હુકમ ન હોય, તો કોઇ તેમના ઈશ્કની ઓળખાણ કરી શકે નહિ!**

એ બાતેં હકકે દિલકી, નિપટ બારીક હૈં સોએ ।
બિના ઈસ્ક દિએ હકકે, ક્યોં કર સમઝે કોએ ॥૫૮॥

**શ્રી રાજજીના દિલની આ ખૂબ જ ગહન વાતો છે. જ્યાં સુધી સ્વયં શ્રી રાજજી પોતાનો ઈશ્ક બક્ષિશ કરે નહિ, ત્યાં સુધી આ વાતોને કોઇ પણ સમજી શકે નહિ.**

ઈસ્ક હકકે દિલકા, ક્યોં આવે માહેં બૂઝ ।
હક દેવેં તો ઈસ્ક આવહીં, એ હકકે ઈસ્કકા ગુઝ ॥૫૯॥

**શ્રી રાજજીના દિલનો ઈશ્ક સાંસારિક બુધ્ધિથી શી રીતે સમજી શકાય? સ્વયં શ્રી રાજજી પ્રદાન કરે તો જ તેમનો ઈશ્ક આપણા અંતઃકરણમાં આવી શકે. આ જ શ્રી રાજજીના ઈશ્કનું ગૂઢ રહસ્ય છે!**

એ હકકા બાતૂન ઈસ્ક, તિન ઈસ્કકા બારીક બાતન ।
બિના પાએ ઈસ્ક હકકે, ઈસ્ક ન આવે કિન ॥૬૦॥

**શ્રી રાજજી મહારાજના દિલનો ગુપ્ત ભેદ(હકીકત) તેમનો ઈશ્ક છે અને તે ઈશ્કનું રહસ્ય(મારફત) તો તેથીયે ખૂબ ઊંડુ છે. હક્ક શ્રી રાજજી મહારાજના ઈશ્કના આ રહસ્યને સમજ્યા વિના કોઇને પણ ઈશ્ક ઉપજી શકે નહિ.**

એ ખેલ ફરામોસીયકા, ઈસ્કેં કિયા જો અબ ।
તુમ કાયમ દાયમ ઈસ્કમેં, પર ઐસા ઈસ્ક ન કબ ॥૬૧॥

**હે સાથજી! ભલે તમે પરમધામમાં સદૈવ ઈશ્કના સાગરમાં ગરકાવ રહેતા હતા, પરંતુ ધણીજીના ઈશ્કની ઓળખાણ માટે વર્તમાનમાં ફરામોશીનો ખેલ બનાવી, તેના માધ્યમથી પોતાના ઈશ્કનું જે વિશેષ સ્વરૂપ બતાવ્યું છે, તેવું આ પહેલાં કદાપિ બતાવ્યું નહોતું.**



એ હમેસા રુહનમેં, રહે ભીગે બીચ ઈસ્ક ।
પર ઈસ્ક એ ફરામોસીયકા, જો હકકે દિલ માફક ॥૬૨॥

**પરમધામમાં તો રુહો હમેશાં ઈશ્કમાં ભીંજાયેલી રહેતી હતી, પરંતુ આ ફરામોશીનો ઈશ્ક તો શ્રી રાજજીએ પોતાના દિલમાં કરેલ વિશેષ ઈચ્છા મુજબનો છે.**

બીચ કાયમ ઠૌર બિછોહા નહીં, જો જુદી હોવે ગિરો દમ ।
ખેલ ઈસ્ક જુદાગીયકા, ક્યોં દેખેં અર્સમેં હમ ॥૬૩॥

**અખંડ પરમધામમાં તો એક ક્ષણ માટે પણ જુદાઈ થઈ શકતી નથી, તો ત્યાં બેઠાં બેઠાં આપણે ઇશ્કનો આ જુદાઈવાળો ખેલ શી રીતે જોઈ શકીએ?**

લેને લજ્જત ઈસ્ક વાસ્તે, દઈ ફરામોસી ખેલ હુકમ ।
જો રુહ લેવે બીચ દિલકે, તો દેખે ઈસ્ક ખસમ ॥૬૪॥

**આથી, શ્રી રાજજીએ પોતાનાં ઈશ્કની સવિશેષ મસ્તી આપવા હુકમથી આ ફરામોશીનો ખેલ બતાવ્યો છે, જો રુહો દિલમાં આ વાતનો વિચાર કરે તો શ્રી રાજજીના ઈશ્કની વાસ્તવિક ઓળખાણ કરી તેની લજ્જત અહીં લઈ શકે.**

આપ આગૂં રુહેં બૈઠાએકે, દિલસે ઉપજાઈ હક ।
સુખ દેને દેખાઇયા, અપને દિલકા ઈસ્ક ॥૬૫॥

**આમ, આપશ્રી ધણીજીએ અમ રુહોને પોતાના ચરણોમાં બેસાડી ખેલ જોવાની ઈચ્છા ઉપજાવી. આ બધું આપ ધણીજીએ પોતાના દિલમાં અમ રુહો માટે છલકાતાં ઈશ્કની લહેરોનો આનંદ આપવા માટે જ કર્યું છે.**

આપ દે ફરામોસી, ઔર જગાવેં ભી આપ ।
દેખાઈ જુદાઈ ફરામોસમેં, દેને ઈસ્ક મિલાપ ॥૬૬॥

**ફરામોશી દેનાર પણ આપ છો અને જાગ્રત કરવાવાળા પણ આપ જ છો. આપે આપના ઈશ્ક તથા મિલનનું સુખ આપવા માટે અમને ફરામોશીની સ્થિતિમાં આપની (ઈશ્કની) જુદાઈનો અનુભવ કરાવ્યો.**

ન માંગ્યા ન દિલ ઉપજ્યા, દિલ હકેં ઉઠાયા એહ ।
તો માંગ્યા ખેલ જુદાગીયકા, દેને અપના ઈસ્ક સનેહ ॥૬૭॥



D:\Pranam/Chitvani/102

અમે નથી કંઇ માંગ્યું, કે નથી અમારાં દિલોમાં કંઇ એની મેળે ઉપજ્યું! જે કંઈ થયું છે તે આપ ધણીએ જ દિલમાં ઉપજાવ્યું છે. આપ આપનો ઈશ્ક તથા ધામનો સ્નેહ અમને આપવા ઈચ્છતા હતા તેથી જ આપના દિલે અમારાથી જુદાઈનો ખેલ મંગાવડાવ્યો.

ઈસ્ક તરંગ ઉપજત હૈ, દૂર જાએ મિલિએ આએ ।
વાસ્તે ઈસ્ક હકકે દિલકા, ખેલ ફરામોસી દેખાએ ॥૬૮॥

વિખૂટા પડ્યા પછી પુનઃ મિલનથી ઈશ્કના વધુ તરંગો પેદા થાય છે- તેમાં અભિવૃદ્ધિ થાય છે, તથા તેનો સ્વાદ પણ આવે છે. તેથી પોતાના દિલના ઈશ્કની વિશેષતાનો પરિચય કરાવવા માટે શ્રીરાજજી મહારાજે આ ફરામોશીનો ખેલ બતાવ્યો.

ઈસ્ક બિછુરેસે જાનિએ, આએ દૂર થેં મિલિએ જબ ।
એ દોઊ બાતેં અર્સમેં ના થીં, ઈસ્ક ચિન્હાર દેખાઈ અબ ॥૬૯॥

જુદાઈમાં જ ઈશ્કની ઓળખાણ થાય છે. જ્યારે એકબીજાથી દૂર થયા પછી આશિક અને માશૂકનું પુનર્મિલન થાય છે, ત્યારે ઈશ્કના નવા તરંગો ઉપજે છે. પરમધામમાં પળ માત્રની પણ જુદાઈ તથા દૂર થઈ આવી એકબીજાને મળવાની શક્યતા ન હતી. તેથી આ વખતે ધણીજીએ આ રીતે ફરામોશીમાં જુદાઈનો અહેસાસ કરાવી ઈશ્કની ઓળખાણ કરી બતાવી છે.

જો હકકા ઈસ્ક વિચારિએ, તો બડા દિલ દેત લજ્જત ।
એ બુજરક મેહેરબાનગી, હકેં ઐસી દઈ ન્યામત ॥૭૦॥

હે સુંદરસાથજી! જો આપણે શ્રી રાજજીના ઈશ્ક વિષે અંતઃકરણપૂર્વક વિચાર કરીએ, તો દિલમાં તેનો ભારે સ્વાદ આવી શકે છે. શ્રી રાજજી મહારાજની આ એક મોટી મહેરબાની છે કે તેમણે આપણને આ પ્રકારનો અખંડ ખજાનો બક્ષિસ કરેલ છે.

જૈસા સાહેબ બુજરક, તૈસા બુજરક ઈસ્ક ।
જો દિલ દેયકે દેખિએ, તો સુખ આવે હક માફક ॥૭૧॥

જેટલા મહાન આપ અમારા સાહેબ છો, તેટલો જ મહાન આપનો ઈશ્ક પણ છે. (જુદાઈ પછીના મિલનથી જ ઈશ્કની વાસ્તવિક ઓળખાણ થાય છે.) ઈશ્કના આ પ્રકારના ઊંડા વિચાર, મનન તથા ચિંતનથી જ દિલમાં ધણીજી પ્રત્યે પ્રીતિની અનુભૂતિ થઈ શકે છે.



D:\Pranam/Chitvani/103

જૈસા મેહેબૂબ બુજરક, તૈસા હાદી હકકા તન ।
રુહેં તન હાદી માફક, ઈનોં માફક બકા વતન ॥૭૨॥

જેટલા મહાન આપણા મહેબૂબ શ્રી રાજજી મહારાજ છે, એટલા જ મહાન તેમનાં આનંદઅંગ હાદી સત્‌ગુરુ શ્રી શ્યામાજી છે. એ જ પ્રમાણે, આપણ રુહોનાં તન પણ શ્યામાજી સમાન જ મહાન છે. એ સૌની મહાનતાને છાજે એટલું જ મહાન અખંડ પરમધામ પણ છે.

ઐસા સાહેબ ઈસ્ક, કરત નિસબત જાન ।
હાએ હાએ ભૂલી અરવાહેં અસલ, પરત નહીં પેહેચાન ॥૭૩॥

આવા મહાન અક્ષરાતીત ધણી પોતાની મૂળ નિસ્બત જાણીને આપણ રુહોને ઇશ્ક કરી રહ્યા છે. પરંતુ, હાય! હાય! ધામની રુહો પોતાનો ઇશ્ક બિલકુલ જ ભૂલી ગઈ છે! હજીયે તેઓને પોતાની અસલિયતની યાદ નથી આવતી.

ભૂલે હક ઔર આપકો, ઔર ભૂલે બકા ઘર ।
હક હઁસસી ઈસી બાતકો, રુહેં ભૂલી ક્યોં કર ॥૭૪॥

સુંદરસાથજી! જુઓ! આપણે આપણા ધણીને, આપણી જાતને, તથા આપણા અખંડ ઘરને બિલકુલ જ ભૂલી ગયા છીએ. હવે જ્યારે આપણે આપણા મૂળસ્વરૂપમાં પુનઃ જાગીશું ત્યારે શ્રી રાજજી મહારાજ આપણી આ વાતો પર ખૂબ જ હસશે. તેઓ કહેશે કે જોઇ લીધું ને! તમે સૌ રુહો કેવી બધું જ ભૂલી ગઈ?

ઔલિયા લિલ્લા દોસ્ત, હકસોં રખેં નિસબત ।
ફરામોસી દઈ હાંસીયકો, કછૂ ચલ્યા ન હકસોં ઈત ॥૭૫॥

આ રુહો (ઓલિયા)જ શ્રી રાજજી(ખુદા)ના સાચા દોસ્ત છે, જે પોતાના હક-મહેબૂબ સાથે હમેશાં અંગનાપણાનો સંબંધ નિભાવે છે. તેઓની હાંસી કરવા માટે શ્રી રાજજી મહારાજે આ ફરામોશીનો ખેલ બતાવ્યો. ધણી દ્વારા કરાયેલ કસોટીના આ સમયે તેમનું કંઇ જ બળ ન ચાલ્યું!

## ૧૨.૭ : વિચારો! તમે ક્યાં, કઈ હાલતમાં હતા? હવે ઈશ્કની કૃપાથી ક્યાં, કેવી રીતે પહોંચ્યા છો?

કૈસે થે ઈન ખેલમેં, કિન માફક થે તુમ ।
કિનસે એ નિસબત ભઈ, કૈસા બકા પાયા ખસમ ॥૭૬॥

**હે સાથજી! જરા યાદ કરો કે, તારતમજ્ઞાન મળ્યા પહેલાં આ નશ્વર ખેલમાં આપ સૌની હાલત કેવી હતી? તમારી રહેણી કરણી કોના જેવી હતી? હવે, જુઓ! તમારી નિસ્બત કોની સાથે બંધાઈ ગઈ છે? કેવા સર્વ શ્રેષ્ઠ અખંડ પરમધામના માલિક એવા પારબ્રહ્મ ધણી તમને પ્રાપ્ત થયા છે!**

કહાં થે ફનાકે ખેલમેં, કૈસા થા અર્સ ઘર દૂર ।
કિન બુજરકોં ન પાઈયા, સો ક્યોં કર લિએ તુમેં હજૂર ॥૭૭॥

**આ નશ્વર માયાના ખેલમાં આજદિન સુધી તમે ક્યાં ભટકી રહ્યાં હતા! તમારું અખંડ ઘર-પરમધામ પણ તમને કેટલું દૂર અને અપ્રાપ્ય જણાતું હતું! જે પારબ્રહ્મને દુનિયાના મોટા મોટા ઋષિ, મહર્ષિ, અવતાર આદિ પણ પ્રાપ્ત કરી શક્યા નથી, તે પારબ્રહ્મે સામેથી તમને ખૂબ સહજતાપૂર્વક પોતાનાં ચરણોમાં કેવી રીતે લઈ લીધાં છે, તેનો વિચાર કરો!**

કૈસા અર્સ દેખાઈયા, ક્યોં લિએ ખિલવત માહેં ।
એ જો અરવાહેં અર્સકી, ક્યોં અજૂં વિચારત નાહેં ॥૭૮॥

**જુઓ તો ખરા! શ્રી રાજજીએ તમને કેટલું સર્વશ્રેષ્ઠ એવું પરમધામ બતાવી દીધું છે તથા તમને કેટલી સહજતાપૂર્વક ખિલવતમાં પોતાના ચરણોમાં લઇ લીધાં છે! પરમધામની આ જે બ્રહ્મસૃષ્ટિ આત્માઓ છે, તે સર્વે હજી એ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કેમ નથી કરતી?**

કિન સૂરત ન પાઈ હકકી, ન પાયા અર્સ બકા ઠૌર ।
સબ કહેં હમોં ન પાઈયા, કર કર થકે દૌર ॥૭૯॥

**સાથજી! જરા વિચારો! પારબ્રહ્મના સ્વરૂપને કોઇએ જાણ્યું જ નથી કે નથી કોઇને તેમના ધામની કંઇ ખબર પડી. સૌ કોઈ તેમને પામવાના સર્વ પ્રકારના પ્રયત્નો કરી થાકી ગયા છે તથા તેમને ન મેળવી શકવાનો અફસોસ પણ કરી રહ્યા છે! (સાથજી! એવા અલભ્ય ધણી તમને સામેથી આવીને મળ્યા છે.)**



D:\Pranam/Chivani/104

ધની મલકૂતકે કઈ ગએ, પર પાયા ન નૂર-મકાન ।
ખોજ ખોજકે કઈ થકે, પર દેખ્યા નહીં નિદાન ॥૮૦॥

**વૈકુંઠધામના માલિક જેવા ત્રિદેવો અને કેટલાય દેવી-દેવતાઓ તેમને ખોજી ખોજીને થાકી ગયા, તેમ છતાં અક્ષરબ્રહ્મના ધામને પણ પામી શક્યા નહિ! અનેક પ્રયત્નો છતાં કોઈને નિશ્ચિતરૂપે અક્ષરાતીત પારબ્રહ્મના દર્શન થઈ શક્યાં નથી!**

ઐસા સાહેબ બુજરક, જો હમેસા કાયમ ।
સો તલે ઝાંકત નૂરજમાલકે, આવે દીદારેં દાયમ ॥૮૧॥

**આવા મહામહિમાવંત અખંડ સત્-સ્વરૂપ સાહેબ એવા અક્ષરબ્રહ્મ નિત્યપ્રતિ આપણા ધણી શ્રી અક્ષરાતીત પારબ્રહ્મ નૂરજમાલના દર્શનાર્થે રંગમહોલની સન્મુખ સ્થિત ચાંદનીચોકમાં પધારે છે.**

કૈસા હાલ હૈ તુમારા, હો કૈસે વતનમેં તુમ ।
કૌન બડાઈ તુમારી, હાએ હાએ આવે ન યાદ ખસમ ॥૮૨॥

**હે સુંદરસાથજી! આ નશ્વર માયાવી સંસારમાં તમારી સૌની સ્થિતિ તો જુઓ! પરમધામમાં તમારાં અસલ સ્વરૂપ કેવાં ઈશ્કથી ભીંજાયેલ છે તેનો તો વિચાર કરો! તમારી મહાનતાની મહિમા તો કેટલી બધી ભારે છે! હાય! હાય! તેમ છતાંયે તમને ધણીજીની યાદ નથી આવતી!**

કૈસા ઘર બુજરક બકા, કૈસી ખસમ સાહેબી ।
કિન ચાહ્યા તુમારા દીદાર, કૈસી તિનકી હૈ બુજરકી ॥૮૩॥

**હે સુંદરસાથજી! તમારું અખંડઘર પરમધામ કેટલું મહાન છે? તમારા ધામધણીની સાહેબી કેવી ભારે છે? જે અક્ષરબ્રહ્મે તમારાં દર્શનની ચાહના કરી હતી, તેમની પણ કેટલી ભારે મહાનતા છે?**

## ૧૨.૮ : ફરામોશીમાં બ્રહ્મસૃષ્ટિની હાંસી થઈ તે પણ શ્રી ધણીજીનો ઈશ્ક જ છે!

કૈસી જિમી થી કુફરકી, ઔર કૈસી થી અકલ ।
કિન ઝૂઠે કબીલેમેં થે, કૈસે તુમારે અમલ ॥૮૪॥

**સાથજી! હવે થોડું વિચારો! તારતમજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે તમારા માટે આ સંસાર કેવો માત્ર પાખંડથી ભરેલો હતો. આપની બુદ્ધિ પણ મિથ્યા**

**માયાના વિષયોમાં જ કેવી વ્યસ્ત રહેતી હતી. આપ કેવા જૂઠા કુટુંબ કબીલાઓમાં ગુજરાન કરીને જીવન વિતાવતા હતા! તમારા જીવનવ્યવહારો પણ કેવા માત્ર મિથ્યા માયા માટે જ હતા!**

અબ કૈસા સહૂર હૈ તુમપે, પાઈ કૌન સોહોબત ।
કિન કબીલેમેં થે, અબ કૈસી રાખત હો નિસબત ॥૮૫॥

**અને હવે, તારતમજ્ઞાનથી તમને કેવો દિવ્ય વિવેક પ્રાપ્ત થયો છે! તમને કેવા અખંડ ધણી અને આત્મ-સંબંધી સુંદરસાથની સોબત પ્રાપ્ત થઇ છે! કેવા જૂઠા કબીલાઓમાં તમે જીવતા હતા? અને હવે કેવા દિવ્ય નૂરી કબીલા સાથે આપ સંબંધ રાખો છો!**

કૈસી પાઈ સરાફી, કૈસી આઈ તુમેં પેહેચાન ।
હક બકા ચીન્હયા કૌન જિમીએં, પાયા કૈસા ઈસ્ક ઈમાન ॥૮૬॥

**સાથજી! તમે તારતમજ્ઞાનના સ્વીકાર દ્વારા પોતાની પ્રામાણિકતા દર્શાવીને કેવી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે! તમને તમારી મહાનતાની ઓળખાણ પણ કેવી થઈ ગઈ છે! જરા વિચારો! કઇ ધરતી પર બેસીને તમે ધણી અને ધામની ઓળખાણ કરી લીધી છે! તમે કેટલો અણમોલ ઈશ્ક અને ઈમાનનો ખજાનો પણ પ્રાપ્ત કરી લીધો છે!**

જાગત હોકે નીંદમેં, વિચારત હોકે ફરામોસ ।
સીધી બાત જાગ કરત હો, તુમ હો હોસમેંકે બેહોસ ॥૮૭॥

**અરે! આટલું બધું પ્રાપ્ત થયા પછી પણ, હે સુંદરસાથજી! તમે જાગ્રત છો કે હજુ નીંદમાં છો? આપ સાવચેત થઈને વિચારી શકો છો કે નહિ?.. કે પછી હજુ પણ ફરામોશીના ઘેનમાં જ છો? આમ તો તમે જાગીને સીધી વાત કરી રહ્યા છો! તો પછી તમે હોશમાં છો કે બેહોશીમાં?**

વિચાર નીંદમેં તો ના હોએ, જાગે નીંદ રહે ક્યોં કર ।
વિચાર દેખો તો અચરજ, દેખો ફરામોસી હાંસી દિલ ધર ॥૮૮॥

**નિદ્રાવસ્થામાં તો જાગ્રતિના વિચારો કદી આવી શકે નહિ અને જાગ્યા બાદ નીંદર ટકી જ શી રીતે શકે? આ વાતને જરાક દિલમાં લઇને વિચાર કરશો તો તમને ખૂબ જ આશ્ચર્ય થશે કે તમે સૌ કેવાં મન મૂકીને ફરામોશીની હાંસીનો ખેલ માણી રહ્યા છો!**



D:\Pranam/Chitvani/105

આડા બ્રહ્માંડ દેયકે, ઐસી જુદાગી કર ।
કરત ગુફતગોએ હજૂર, ખેલ ઐસા કિયા જોરાવર ॥૮૯॥

**હે સાથજી! તમારી સમક્ષ આ બ્રહ્માંડનો પડદો કરીને તમને પોતાનાથી શ્રી ધણીજીએ અલગ કરી દીધા અને હવે, આ જ પડદામાંથી ધણીજી તમારી સાથે વાર્તાલાપ પણ કરે છે. ધણીજીએ આવો વિચિત્ર છતાં જોરદાર ખેલ બનાવ્યો છે!**

ના તો બૈઠે હો કદમ તલે, પર લાગત ઐસે દૂર ।
હક આપ ઈસ્ક દેખાવને, કરત આપનસોં મજકૂર ॥૯૦॥

**અન્યથા, તમે બધાં તો પોતાના પિયુજીનાં શ્રી ચરણોમાં જ બેઠેલાં છો. તેમ છતાં સૌને એવું જ ભાસે છે કે આપણે જાણે ધણીથી ખૂબ જ દૂર છીએ! પોતાના ઈશ્કનો પરિચય કરાવવા માટે જ ધણીજી આપણી સાથે આ પ્રકારની વાતો કરી રહ્યા છે.**

### ૧૨.૯ : ઈશ્ક માટે જ શ્રી ધણીજી આપણી ઉપર હર ક્ષણે મહેર વરસાવી રહ્યા છે!

હકકા ઈસ્ક બઢ્યા, ઈસ્ક અપના જરા નાહેં ।
જબ દઈ ઈત બેસકી, તો ઈસ્ક ક્યોં ન આવે દિલ માહેં ॥૯૧॥

**હે રુહો! હવે, શ્રી રાજજીના ઈશ્કની મહાનતાની વાત સિધ્ધ થઈ ગઈ છે. આપણ રુહોનો ધામનો ઈશ્ક આપણા દિલમાં જરા માત્ર પણ નથી રહ્યો! હવે, જ્યારે આપણને ધણીજીએ સર્વપ્રકારની બેશકી બક્ષીશ કરી છે તો પણ આપણા દિલમાં ઈશ્ક કેમ નથી આવતો?**

તુમ કહોગે હમ બેસુધ હુએ, દિલમેં રહી ના ખબર ।
ના કછૂ રહી સો અકલ, તો ઈસ્ક આવે ક્યોં કર ॥૯૨॥

**આપ કહેશો કે અમે તો અમારી વાસ્તવિકતાથી બેસુધ થઈ ગયા છીએ. અમારા દિલમાં ઈશ્કની મહિમા વિષેની કોઈ જ જાગ્રતિ રહી નથી, ધામમાં અમારી જે અકલ હતી તે પણ બિલકુલ રહી નથી, તો પછી આ પરિસ્થિતિમાં અમારામાં ઈશ્ક શી રીતે આવી શકે?**

ના સુધ આપ ના ખસમ, ના સુધ ઘર ગુફતગોએ ।
જ્યોં જીવત મુરદે ભએ, રુહેં ક્યોં કર બલ હોએ ॥૯૩॥

**હે ધણી! અમને તો નથી અમારી પોતાની કંઇ સુધ કે નથી આપ-ધણીની! અમને તો નથી નિજઘરની કંઇ સુધ કે નથી ત્યાં થયેલ કૌલ(એકાંતમાં થયેલ વાર્તાલાપ)ની વાતોની સુધ! અમે તો જીવતાં હોવા છતાં મૃતપ્રાયઃ થઈ ગયાં છીએ! અમારું કાંઇપણ બળ ચાલી જ કેવી રીતે શકે?**

આપ ભૂલે બેસક, બેસક ભૂલે ખસમ ।
બેસક ભૂલે બુધ વતન, પર હકેં બેસક દિયા ઈલમ ॥૯૪॥

**શ્રી મહામતિજી કહે છે કે "હે સાથજી! માયાના ખેલમાં આવીને આપ નિઃસંદેહ નિજ-સ્વરૂપને તથા પોતાના પ્રાણનાથ ધણીને ભૂલ્યાં છો! આપ આપના વતનની મૂળ જાગ્રતબુધ્ધિ પણ ખોઇ બેઠાં છો! પરંતુ, સૌથી મોટી વાત તો એ છે કે હક શ્રી રાજજી મહારાજે પોતાનો બેશક ઈલમ આપને બક્ષિશ કર્યો છે!**

મુએ ભી ઈત બેસક, ઔર જિએ ભી બેસક ।
સહૂર ભી બેસક દિયા, દિયા ઈલમ બેસક હક ॥૯૫॥

**આ ઈલમથી આપ આ દુનિયા તરફથી મૃતપ્રાય થઈ ગયા છો તથા ધણી તરફ જીવંત થઈ ગયા છો તેમાં કોઈ શક નથી. ધણીએ આપને બેશક કરીને વિવેકબુધ્ધિ પણ પ્રદાન કરી છે અને પોતાનો બેશક ઈલમ પણ આપ્યો છે.**

તબ સુધ પાઈ સબ બેસક, હુએ બેસક ખબરદાર ।
હકેં ઐસી દઈ બેસકી, હુએ બેસક બેસુમાર ॥૯૬॥

**હવે, આપે આ તારતમજ્ઞાનથી સર્વ પ્રકારની બેશકી પ્રાપ્ત કરી લીધી અને ચોક્કસ રીતે સાવચેત પણ થઈ ગયા. ધણીએ એવી બેશકી બક્ષિશ કરી કે હવે તમે અનંત પ્રકારે સંશય રહિત થઈ ગયા છો!**

ઈનહીં બાતકી હાંસી હૈ, ઉડત ના ફરામોસ ।
ના તો જબ બેસક હુએ, હાએ હાએ ક્યોં ન આવત હોસ ॥૯૭॥

**હે સાથજી! શ્રી રાજજીના ખુદાઈ ઈલમથી આમ બેશક થયા પછી પણ તમારી બેસુધી અથવા ભ્રમની નિદ્રા ઉડતી નથી એ સર્વે વાતોની હાંસી થનાર છે. નહિ તો, બેશક થઇ ગયા પછી પણ, હાય! હાય! તમને હોશ કેમ નથી આવતો?**



D:\Pranam/Chivani/106

એહી હાંસી ઈસહી બાતકી, ફરામોસીમેં જાગ્રત ।
જાગેમેં ભી સક નહીં, કોઈ ઐસી ઈસ્કેં કરી જો ઈત ॥૯૮॥

**હાંસી એ બાબતની જ છે કે ફરામોશીમાં પણ આપણે જાગીએ છીએ! આપણે જાગ્રત છીએ, એ વાતમાં પણ કોઇ શક નથી રહ્યો. ધણીના આ ઇશ્કે આવી કંઈક વિચિત્ર પરિસ્થિતિ ઊભી કરી દીધી છે!**

*(ભાવાર્થઃ પરમધામમાં ફરામોશી છે, પરંતુ આ નશ્વર ખેલમાં તારતમવાણી દ્વારા જાગ્રતબુધ્ધિ પ્રાપ્ત કરવી એ જ 'જાગણી' છે.)*

બૈઠાએ બેસક અર્સમેં, ઔર જગાએ બેસક ।
હાંસી ભી બેસક હુઈ, જો આયા નહીં ઈસ્ક ॥૯૯॥

**ધણીજીએ આપણ બ્રહ્મસૃષ્ટિને પરમધામમાં પોતાના ચરણોમાં બેસાડી ફરામોશીનો ખેલ બતાવ્યો છે તથા તારતમવાણી દ્વારા આપણને જાગ્રત પણ કરી દીધાં છે એ બાબત નિઃસંદેહ છે. હજી સુધી આપણને ધણી પ્રત્યે ઈશ્ક પેદા ન થયો, એથી અમારી હાંસી પણ અવશ્ય થઇ જ છે.**

કહે મહામત તુમ પર મોમિનોં, દમ દમ જો બરતત ।
સો સબ ઈસ્ક હકકા, પલ પલ મેહેર કરત ॥૧૦૦॥

**શ્રી મહામતિજી કહે છે કે 'પ્યારે સુંદરસાથજી! આ ખેલમાં તમારા સૌ પર હરક્ષણ જે કંઇ વીતી રહ્યું છે, તે સર્વે શ્રી રાજજી મહારાજના ઈશ્કનો લાડ જ છે! ધણીજી પ્રતિક્ષણ તમારી ઉપર જે મહેર વરસાવી રહ્યા છે, એનો આપ અહેસાસ કરો.'**

*પ્રકરણ-૧૨ સંપૂર્ણ : ચોપાઈ-૭૦૫*

## ૧૩

તેરમા પ્રકરણમાં શ્રી રાજજી પોતાની પ્રધાન આત્મા આનંદ સ્વરૂપા શ્રી શ્યામાજીને આદેશ કરે છે કે હે શ્યામાજી! આપ માયામાં ભૂલેલ આત્માઓને ધામની વાસ્તવિકતાનો પરિચય કરાવો. ४ = =
ऽ उ ४ સંસારમાં તેઓને કઈ યુક્તિથી જગાડવાની છે તથા તેમને શું શું કહેવાનું છે, તે સંબંધી શ્રી રાજજીના આદેશનું હૃદય-સ્પર્શી વર્ણન છે. ઈશ્ક-રબ્દમાં બ્રહ્માત્માઓ, શ્રી શ્યામાજી અને શ્રી રાજજીએ પોતપોતાની વાત કઈ રીતે વ્યક્ત કરી તેનું વિવરણ છે.

શ્રી ધણીજી કહે છે કે, હે આત્માઓ! ખેલને જોઈને પછી તેમાં પોતાના હાલ જુઓ. તમે તો મારાં નૂરી તન છો. અદ્વૈત પરમધામમાં હું અને તમે એક જ છીએ. ४ ॸ ४ ४ उ ॸ

४ હવે મેં મારી મહેરની છત્રછાયામાં તમને સૌને બેસાડ્યાં છે અને પરમધામથી ભિન્ન એવી દુનિયા બતાવી છે. હવે જોવાનું એ છે કે કોણ પોતાના ધણીનો ઈશ્ક લઈને દોડતું પરમધામ પાછું આવે છે! ।उ

उ ॽ ॽ ॽ ड़

શ્રી રાજજીએ આત્માઓને કેવો ખેલ બતાવ્યો છે, તથા ખેલમાં આત્માઓના કેવા હાલ થનાર છે તેનું વિવરણ છે. આ ક્ષર જગતના ખેલમાં સૌ કોઈ જીવો પોતપોતાની સાંસારિક ઈચ્છાઓ, મોહની પરિપૂર્તિ કરવા માટે નિરાકાર કે મહાવિષ્ણુ, જે ક્ષર સૃષ્ટિના માલિક છે, તેમને જ પરમાત્મા માની તેમની પૂજામાં વ્યસ્ત છે. ॸ ॽ ॸ ४ उ ४

४ उ ४ અહીં અગ્રણી જ્ઞાનીજનો, ધર્માચાર્યો તથા અન્ય સૌ કોઈ માયાનું જ સ્વરૂપ બની બેઠા છે. બ્રહ્માત્માઓનું તેમાં આગમન થયું અને તેઓ પણ તેમાં ભળી ગયેલ છે. તેમણે પણ પોતાના સત્ય વતન તથા સત્ય પરિવારને ભૂલીને જૂઠા સંસારને જ પોતાનું મૂળ વતન બનાવી દીધું છે. द

४ द उ उ४ उ ४ ड़ उ

उ ४ ४

४

વિના વિચાર્યે સાંસારિક પરંપરાઓમાં બંધાઈ રહેવાવાળાઓના સંબંધે શ્રી મહામતિજી કઠોર શબ્દોમાં ફિટકારે છે. વર્તમાન પરિસ્થિતિઓમાં પણ આ મનોવૃત્તિનાં દર્શન કરી કઈ રીતે ક્યાં થાય છે, એ વિષે ચિંતન કરવું આવશ્યક છે. શ્રી ધણીજી કહે છે કે, "હે શ્યામાજી! જુઓ તો ખરાં! હવે મારા સમજાવવા છતાં રુહો પોતાના ધણીજીના શ્રીમુખ વચનો, અર્થાત્ મારા આદેશની અવહેલના કરી રહી છે! તેઓ ઉલ્ટાનું એમ કહી રહી છે કે અમે તમને ઓળખતા જ નથી કે તમે કોણ છો? અમને ખબર જ નથી કે અમે કોણ છીએ? તમે વળી કઈ ઓળખાણની વાત કરો છો? ड़ ट टद ४

उ उ અમારા પરમાત્મા તો બસ એ જ છે જે અમારા દાદા-



D:\Pranam/Chitvani/107

વડદાદાએ પરંપરા મુજબ અમને બતાવેલ છે! ભલે તેમાં નશ્વરની પૂજા હોય, પરંતુ એ પરંપરાને અમે તોડી શકીએ તેમ નથી! ड़ ॽ

४ उ४ उ उ । १

"હે શ્યામાજી! રસુલ સાહેબે તો આ દુનિયામાં આવી રબ(પારબ્રહ્મ)ને અતીતમાં છુપાયેલા દર્શાવ્યા છે, પરંતુ તેમને માનવા વાળા જાહેરી પૂજામાં જ સવિશેષરૂપે મગ્ન છે! તેનું કારણ એ છે કે તેમની બાતૂની(આત્મિક) નજર હજી ખુલી નથી! ४ उ ४ उ ट

ॽ તેમની નજર પારબ્રહ્મના પરોક્ષ સ્વરૂપને પામી શકતી નથી તેથી તે સૌ કોઈ પ્રત્યક્ષની પૂજામાં જ ગુંચવાયેલા છે. આવી હાલતવાળી દુનિયામાં આવીને પરમધામની બ્રહ્મસૃષ્ટિ પણ તેમના જેવી થઈ ગઈ છે. ઈશ્ક વિના તે મને પામી જ શી રીતે શકે? આ રુહોની હાલત ગંભીર છે. ॸ उ

४ ड़ ट હે શ્યામાજી! આપ પણ તે સૌની જેમ ના વર્તશો! ધામમાં સર્વે રુહો જાગ્રત થયા બાદ એ સૌની આ બાબતે જ હાંસી થવાની છે." ४

४

હે આત્માઓ! તમે સૌ મારા જ તનનાં નૂરી સ્વરૂપ છો તથા શ્રી શ્યામાજી તો મને અત્યંત પ્યારાં છે. આપ સૌનો આશિક તો હું જ છું! ફરામોશીના ખેલનો મૂળ ઉદ્દેશ્ય જ હાંસી કરવા માટેનો છે! તમે સૌએ સાથે મળીને ફરામોશીનો ખેલ માંગ્યો હતો! ધામમાં પુનઃ જાગ્રત થતાં તમારામાંથી એક રડશે તો બીજી હસશે.

ट ४ ॽ द

વિશેષતઃ પૂર્ણ તથા ખુબ જ ખુશાલી એ જાણીને થશે કે ધણીજીનો ઈશ્ક મળ્યા વિના કોઈપણ આત્મા અસીમ પરમધામમાં તેમનાં દર્શન કરી શકશે નહિ.

४ ॽ ड़ ट

હવે હાંસીના આનંદથી તમારામાં ઈશ્કની જે વૃદ્ધિ થવા લાગશે ત્યારે આપ હોશમાં પણ આવી જશો. હવે હું જોઉં છું કે તમારામાં કેટલોક ઈશ્ક છે! જ્યારે હું તમને પૂર્ણરૂપે યાદ આવી જઈશ ત્યારે તમે જાગી જશો અને તમને એ જ્ઞાન થઈ જશે કે આપણ સૌ આત્માઓ ધણીજીનાં શ્રી ચરણોથી ક્યાંય દૂર ગયા નથી કે ના બીજે ક્યાંય આવેલ છીએ! ॽ ४ ॸ ४ ट

ट ॸ ट ४ ॽ ४

ड़ ट ऽ ऽ उ

હે શ્યામાજી! તમે સૌ સુંદરસાથ મધ્યે જઈને મારો ઈલમ જાહેર કરો તથા તેમને કહો કે **હું પ્રત્યેક આત્માની પ્રાણનાડી (સેહેરગ)થી પણ નજીક રહું છું, અને તેમ છતાં, હું મારા પરમધામથી બહાર પણ નથી! હું તો આત્માઓને મારી નજરમાં લઈને જ તેમનાથી છુપાઈને બેઠો છું!** ।उ ऱ

ऽ ४ ऽ ४ ट **આત્માઓ સમજે છે કે અહીંયા તો ખેલને જોતાં જોતાં સદીઓ વીતી ગઈ છે. પરંતુ તેઓ બરાબર એ જ જગ્યા પર બેઠી છે** જ્યાં બેસીને ઈશ્ક-રબ્દ કર્યો હતો! હકીકતમાં તો **ન રાત્રિ વીતી છે, ન દિવસ! અરે! એક પળ પણ વ્યતિત થઈ નથી – *'સોઈ ઘડી અને સોઈ પલ'* ચાલી રહી છે!** હે શ્યામાજી! મેં સર્વ પ્રથમ તો આત્માઓની પરીક્ષા માટે તેમને ફરામોશી આપી છે. હવે આપ તેમને પોતાની બાતૂની નજર ખોલવા માટે તથા મને તેમની સેહેરગથી નજીક તથા મૂલમિલાવામાં શોધવા કહો. ४ ड़ ४

ऽ उ। ४ ड़ ꝏ ऽ ४

४ ऽ उ ड़ ४ ड़

હે સાથજી! તમારી જાતને પરમધામમાં તેમનાં શ્રી ચરણોમાં નિશ્ચિતરૂપે બેઠેલ અનુભવો! તમારા માટે તો પરમધામના નૂરી ઈલમરૂપી અખંડ સુખોની વર્ષા થઈ રહી છે. આ ઈલમે સર્વ પ્રકારની બેશકીનો અનુભવ કરાવી તમને સાક્ષાત્ શ્રી ચરણોમાં પહોંચાડી દીધા છે. ઈલમનો અદ્‌ભુત કમાલ તો જુઓ! ४

४ ड़ ऽ ४

ऽ ४ उ ४ ६ ऽ ४ ४

६

**હે સાથજી! અંતિમ નિર્ણય એ જ થયો કે બ્રહ્માત્માઓનો ઈશ્ક શ્રી રાજજીના ઈશ્ક કરતાં બેશક અનેક ઘણો ઓછો છે તથા સત્‌ગુરુ શ્રી શ્યામાજીનો ઈશ્ક બ્રહ્માત્માઓના ઈશ્કથી કેટલાય ઘણો વિશેષ છે. શ્રી રાજજીનો ઈશ્ક સૌથી વધુ તથા સર્વ રીતે વિશેષ છે. શ્રી મહામતિજી કહે છે કે હે સુંદરસાથ મોમિનો! શ્રી રાજજી મહારાજના ઈશ્કનો નિર્ણય પણ ખુબ જ કમાલનો છે. સૌથી વિશેષ વાત તો એ છે કે આપણી સૌની ફરામોશીની હાલતમાં પણ આપણને તેમનો ઈશ્ક પલ પલ મળતો રહ્યો છે!** ऱ



D:\Pranam/Chivani/108

ऽ ऽ

४ ६

उ

## ૧૩.૧ : હે શ્યામાજી! રુહોને નિજધામ પરત બોલાવી લાવો!

લ્યાઓ બુલાએ તુમ રુહઅલ્લા, જો રુહેં મેરી આસિક ।
રબ્દ કિયા પ્યાર વાસ્તે, કહિયો કેહેલાયા હક ॥૧॥

**પોતાની અર્ધાંગિની આનંદસ્વરૂપા શ્રી શ્યામાજીને આદેશ આપતાં અક્ષરાતીત શ્રી રાજજી મહારાજ કહે છે કે, હે શ્યામાજી! મારી જે આશિક રુહો (પ્રેમી અંગનાઓ) છે, તેમને આપ પરમધામ પરત બોલાવી લાવો. તેમણે સૌએ પરમધામમાં મારી સાથે પોતાના ઈશ્કની વિશેષતા દર્શાવવા માટે જે રબ્દ-વાર્તાલાપ કર્યો હતો, તે તેમને યાદ કરાવજો. તેમને કહેજો કે સ્વયં તમારા ધામધણીજીએ જ આ સંદેશો તમારા જોગ કહેવડાવ્યો છે.**

રુહઅલ્લા સોં બકા મિને, હકેં કરી મજકૂર ।
ઉતરી અરવાહેં અર્સસે, બુલાએ લ્યાઓ હજૂર ॥૨॥

**અખંડ પરમધામમાં શ્રી રાજજી મહારાજે શ્રી શ્યામા મહારાણીને એ વાતો કરી કે જે બ્રહ્માંગનાઓ પરમધામથી સંસારરૂપી આ નશ્વર ખેલમાં અવતરિત થઈ છે તેમને મારી સમક્ષ બોલાવી લાવો.**

હક બકાકા બાતૂન, જો કિયા રુહોં સોં ગુઝ ।
કેહેલાઈયાં બાતેં છિપિયાં, ખિલવત કરકે મુઝ ॥૩॥

**શ્રી રાજજી મહારાજે રુહો સાથે ઈશ્કનો જે વાર્તાલાપ કર્યો, એ જ ધામધણીના અખંડ ધામનું ગૂઢ રહસ્ય છે. હે શ્યામાજી! તમે રુહોને કહેજો કે ધણીજીએ તમને પરમધામની તમામ રહસ્યભરી વાતો એકાંતે બેસીને સમજાવી છે, જે તમારા સૌના માટે જ કહેવડાવી છે.**

મૈં વાસ્તા કહૂં તુમકો, ઉતરિયાં કારન ઈન ।
ઈનોં રબ્દ કિયા ઈસ્કકા, આગૂં મેરે બીચ વતન ॥૪॥

**હે શ્યામાજી! ક્યા કારણે ધામની આત્માઓનું સંસારી ખેલમાં અવતરણ થયું, તે તમને કહું છું. તેમણે સાથે મળીને પરમધામમાં મારી**

**સાથે ઈશ્કનો ગુપ્ત વાર્તાલાપ કર્યો હતો.**

કરી રુહોં મસલહત મિલકે, કહે હમકો પ્યારે હક ।
ઔર બડી રુહ પ્યારી હમકો, એ બાત જાનો મુતલક ॥૫॥

**સૌ રુહોએ સાથે મળીને નિર્ણય કર્યો કે શ્રી રાજજી અને સૌ સાથનાં શિરોમણી એવાં શ્રી શ્યામાજી આપણ સૌને અતિ પ્રિય છે. એમાં સંશયને કોઇ જ સ્થાન નથી.**

બડી રુહ કહે પ્યારે મુઝે, મેરા સાહેબ બુજરક ।
ઔર પ્યારી રુહેં મેરે તન હૈં, એ જાનો તુમ બેસક ॥૬॥

**આ સાંભળીને સર્વશિરોમણિ એવાં આપ શ્રી શ્યામાજીએ કહ્યું હતું કે અરે રુહો! મારા મહિમાવંત શ્રી રાજજી તો મને પણ અતિશય પ્રિય છે અને આપ સૌ પ્યારી રુહો તો મારાં જ તન છો, મારાં જ આનંદના સ્વરૂપો છો - એ વાત તમે સૌ નિશ્ચિત જાણજો.**

તુમ રુહેં નૂર મેરે તનકા, ઈન વિધ કેહેવે હક ।
બોહોત પ્યારી બડી રુહ મુઝે, મૈં તુમારા આસિક ॥૭॥

**ત્યારબાદ, શ્રી રાજજીએ એમ કહ્યું હતું કે, હે રુહો! તમે બધાં તો મારા જ તનનાં નૂરી સ્વરૂપો છો, અને શ્યામાજી તો મને ખૂબ જ પ્રિય છે. હું આપ સૌનો આશિક - પ્રેમી છું.**

પ્યાર હકકા જ્યાદા હમસોં, એ ઉપજી રુહોં દિલ સક ।
ઈસ્ક હમારા હક સોં, ક્યા નહીં હક માફક ॥૮॥

**એ પછી રુહોના દિલમાં એવો સંશય પેદા થયો કે ધણીજીનો ઈશ્ક અમારા ઈશ્કથી વધુ કેવી રીતે હોઇ શકે? અમારો ઈશ્ક તેમના ઈશ્કની સમતોલ કેમ ન હોઇ શકે?**

ઔર ભી એ રુહોં કહ્યા, હક પ્યારે હૈં હમકો ।
ઔર પ્યારી બડી રુહ, જરા સક નહીં ઈનમોં ॥૯॥

**વધુમાં રુહોએ એમ પણ કહ્યું હતું કે, હે ધણી! આપ અને શ્રી શ્યામાજી બંને અમને ખૂબ જ વહાલાં છો, એમાં કોઇ જ શક નથી.**

તબ એ બાત સુન હકેં કહ્યા, મૈં પ્યારા હોં તુમકો ।
પર મૈં આસિક અરવાહોંકા, સો કોઈ જાનત નહીં તુમમોં ॥૧૦॥



D:\Pranam/Chivani/109

**ત્યારબાદ શ્રી રાજજીએ કહ્યું હતું કે, હા, રુહો! હું આપ સૌને ભલે વહાલો હોઉં, પણ આપ સૌનો આશિક તો હું જ છું. તમારા પૈકી કોઇનેય આ હકીકતની ખબર નથી.**

તુમ જ્યાદા પ્યાર કહ્યા અપના, હાદી કહે મેરા અધિક ।
મૈં કહ્યા પ્યાર મેરા જ્યાદા, તબ તુમેં ઉપજી સક ॥૧૧॥

**આમ, જ્યારે તમે સૌએ પોતપોતાનો ઈશ્ક વધારે કહ્યો, શ્રી શ્યામાજીએ પણ પોતાના પ્રેમને મહત્તર ગણાવ્યો, અને મેં (શ્રી રાજજીએ) મારા પોતાના પ્યારને મહત્તમ કહ્યો, ત્યારે આપ સૌના દિલમાં એ બાબતે સંશય પેદા થયો.**

## ૧૩.૨ : હે રુહો! ખેલને નિહાળીને હવે તેમાં પોતાના ‘હાલ’ તરફ દ્રષ્ટિપાત કરો!

તુમ રુહેં મેરે નૂર તન, સો વાહેદતકે બીચ એક ।
ઈસ્ક બેવરા બકા મિને, ક્યોં પાઈએ એ વિવેક ॥૧૨॥

**હે રુહો! તમે સૌ મારાં નૂરી તન છો. અદ્વૈત પરમધામમાં આપણે સૌ એકાત્મ સ્વરૂપ તથા એક-દિલ છીએ. તેથી અખંડ પરમધામમાં ઈશ્કનો નીવેડો કરવાનું સંભવી જ શી રીતે શકે?**

તુમ બડા ઈસ્ક કહ્યા અપના, મેરા ન આયા નજર ।
ખેલ દેખાયા તિન વાસ્તે, અબ દેખો સહૂર કર ॥૧૩॥

**હે રુહો! જ્યારે આપ સૌએ આપનો ઈશ્ક અધિક દર્શાવ્યો ત્યારે આપને મારો ઈશ્ક બિલકુલ દ્રષ્ટિગોચર ન થયો અને તેથીજ આપને મેં આ ખેલ બતાવ્યો છે. હવે આપ જ તેના પર ગંભીરતાપૂર્વક વિચાર કરો.**

એ બેવરા બીચ બકા મિને, ઈસ્કકા ન હોએ ।
દઈ જુદાગી તિન વાસ્તે, બાત કરી બકામેં સોએ ॥૧૪॥

**અખંડ પરમધામમાં ઈશ્ક-રબ્દનું નિવારણ થઈ શકતું નહોતું. તેથી ત્યાં કહ્યું હતું તે મુજબ મેં આપને જુદાઈનો અનુભવ કરાવ્યો છે.**

છિપાઈયાં અપની મેહેરમેં, દેખાયા ઔર આલમ ।
દેખો કૌન આવે દૌડ અર્સમેં, લેયકે ઈસ્ક ખસમ ॥૧૫॥

**હવે મેં મારી મહેરની છત્રછાયામાં બેસાડીને આપને પરમધામથી ભિન્ન એવી દુનિયા દેખાડી છે. હવે તો એ જ જોવાનું છે કે પોતાના ધણીનો ઇશ્ક લઇને કોણ પરમધામમાં દોડતું આવે છે.**

રુહોં ઐસા ખેલ દેખાઊં મૈં, જિત ઝૂઠે ઝૂઠ પૂજત ।
ઢૂંઢેં અવ્વલ આખિર લગ, તો હક ન કહૂં પાઈયત ॥૧૬॥

**હે રુહો! હવે હું એવો ખેલ બતાવું છું કે જ્યાં સમગ્ર દુનિયા પોત-પોતાના અલગ અલગ જૂઠા પરમાત્માઓની પૂજામાં વ્યસ્ત છે. સૃષ્ટિના પ્રારંભથી માંડીને મહાપ્રલયપર્યંત કોઈનેય પારબ્રહ્મના સ્વરૂપની ઓળખાણ થઈ નથી.**

આએ ફંસે તિન ફરેબમેં, પાની પત્થર આગ પૂજાત ।
અર્સ સાહેબ કાયમકી, કહૂં સુપને ન પાઈએ બાત ॥૧૭॥

**આવા જૂઠા સંસારની મોહજાળમાં પરમધામની બ્રહ્મસૃષ્ટિઓ પણ આવીને ફસાઈ ગઈ. તેમાં અગ્નિ, જળ તથા પાષાણમાં પરમાત્મા માની તેમની ઠેર ઠેર પૂજા થાય છે. ક્યારેય પણ અખંડ પરમધામના ધણીની કિંચિત્ માત્ર સુધ કે વાત આપને સ્વપ્નેય સાંભળવા મળતી નથી!**

આઈયાં તિન આલમમેં, જિત હકકો ન જાનત કોએ ।
પૂજેં ખાહિસ હવાએકો, જો કોઈ ઈનમેં બુજરક હોએ ॥૧૮॥

**એવા આ નશ્વર જગતમાં બ્રહ્મસૃષ્ટિ રુહોનું આવવાનું થયું કે જ્યાં પારબ્રહ્મ પરમાત્માની ઓળખાણ કોઇનેય નથી. આ ક્ષરજગતમાં જે કોઈ અગ્રણી જ્ઞાનીજનો થયા તે સર્વે પોતપોતાને અનુકૂળ મતાનુસાર શૂન્ય કે નિરાકારની પૂજામાં વ્યસ્ત છે!**

ઝૂઠે મોહોરે જો ખેલકે, મિલ ગૈયાં માહેં તિન ।
કબીલા કર બૈઠિયાં, કહે એહ હમારા વતન ॥૧૯॥

**માયાના ખેલમાં અગ્રણીઓ, જ્ઞાનીઓ અને ધર્માચાર્યો પણ એકરૂપ થઈ ગયા છે. પરમધામની આત્માઓ તે સૌની વચ્ચે ભળી ગઈ છે. માયાના ખેલમાં આત્માઓએ પોતાના જૂઠા પરિવાર બનાવી લીધા છે અને સદા સત્ય એવા પોતાના અખંડ વતનને ભૂલી તેઓ કહી રહી છે કે આ મિથ્યા સંસાર જ અમારું મૂળવતન છે.**



D:\Pranam/Chitvani/110

સમઝાઈયાં સમઝેં નહીં, માનેં નહીં ફુરમાન ।
કહેં કૌન તુમ કૌન હમ, અપને કૈસી પેહેચાન ॥૨૦॥

**હે શ્યામાજી! જુઓ! હજુ આટઆટલું સમજાવવા છતાં સુંદરસાથ આત્માઓ સમજતી નથી. પોતાના જ ધણીનાં વચનોની, અર્થાત્ તેમના હુકમની, તેઓ અવગણના કરી રહી છે. અરે! આશ્ચર્યની વાત તો એ છે કે એ આત્માઓ અજાણ બનીને સામો સવાલ કરે છે કે તમે વળી કેવા અમારા ધણી? અમે વળી કેવી રીતે આપના નિસ્બતિ હોઈ શકીએ? તમારી અને અમારી ઓળખાણ હોઈ જ શી રીતે શકે? આ બધી વાતો કંઈ અમને સમજાતી નથી!**

એ સોઈ હમારા સાહેબ, જો બડકો દિયા બતાએ ।
એ પત્થર પાની આગ હૈ, પર હમસોં છોડ્યા ન જાએ ॥૨૧॥

**અરે! અમારા દાદા-પરદાદાએ પરંપરાગત જે બતાવ્યા છે, એજ અમારા પરમાત્મા છે. અમે અવશ્ય જાણીએ છીએ કે જેને અમે પરમાત્મા તરીકે પૂજીએ છીએ, તે બધા તો નાશવંત છે. તેમ છતાં અમે એ સામાજિક પરંપરાઓને છોડી શકીએ તેમ નથી!**

બડકે હમારે કદીમકે, પૂજત આએ એ ।
સો ક્યોં છૂટે હમસે, રબ બાપ દાદોંકા જે ॥૨૨॥

**અમારા વડીલો આદિ-અનાદિથી જેની પૂજા કરતા આવ્યા છે, એવા અમારા બાપ દાદાના ખુદા-પરમાત્માને અમે કેવી રીતે છોડી શકીએ?!**

રબ રસૂલ બતાવે ગૈબકા, હમ પૂજેં જાહેર ।
હમ બાતૂનકો પોહોંચે નહીં, દેખેં નજર બાહેર ॥૨૩॥

**રસૂલ સાહેબે તો આ દુનિયામાં આવીને રબ-પારબ્રહ્મને અતીતમાં છૂપાયેલા કહ્યા છે. તેમ છતાં, તેમના અનુયાયીઓ જાહેરી પૂજામાં જ સવિશેષ મગ્ન છે... કારણ કે તેમનાં અંતર્ચક્ષુ હજુ પણ ખૂલ્યાં નથી! અથવા તો તેમની દૃષ્ટિ પારબ્રહ્મના પરોક્ષ સ્વરૂપ સુધી પહોંચી શકતી જ નથી. આથી તેઓ બાહ્યદૃષ્ટિથી દેખાતી પ્રત્યક્ષની પૂજામાં જ ગૂંચવાયેલા રહે છે. તેમાં આપણ બ્રહ્મસૃષ્ટિ પણ ભળી ગઈ છે.**

કેતિક કરેં લડાઈયાં, સામી દેવેં ફરેબ ।
કૌન રસૂલ કૌન રુહઅલ્લા, કૌન વેદ કૌન કતેબ ॥૨૪॥

**કેટલાક લોકો તો બસ પરસ્પર ઝઘડા - વિવાદ જ કર્યા કરે છે અને માયાની છળકપટભરી ચાલ અપનાવતા રહે છે. પોતાના ગુમાનના નશામાં તેઓ કહેતા ફરે છે કે કોણ રસૂલ? કોણ રુહઅલ્લાહ? કયો વેદ? અને કયું કુરાન? અમને આ સૌની કંઈ જ ખબર નથી! તો અમે તેમને શા માટે સ્વીકારીએ? (બ્રહ્મસૃષ્ટિની સ્થિતિ પણ કંઈક આવી જ થઈ ગઈ છે.)**

ઈન હાલ જો દુનિયાં, એ ગઈયાં તિનમેં મિલ ।
મોહે ઈસ્ક બિના પાવેં નહીં, રુહોં ઐસી ભઈ મુસ્કિલ ॥૨૫॥

**આવી પરિસ્થિતિવાળી દુનિયામાં આવીને પરમધામની બ્રહ્માત્મા રુહો પણ દુનિયાના જીવોના જેવી જ થઈ ગઈ! હવે, મારો ઈશ્ક મેળવ્યા વિના તેઓ મને પામી શકશે જ નહિ. પરમધામની આત્માઓની સ્થિતિ આવી ગંભીર બની છે.**

કઠિન હાલ હૈ રુહોંકા, પર તુમ વિરચો જિન ।
ભૂલ ગઈયાં ઉનેં સુધ નહીં, હાંસી એહી મોમિન ॥૨૬॥

**આ રીતે બ્રહ્માંગનાઓની દશા ગંભીર છે. પરંતુ, હે શ્યામાજી! આપ પણ એ સૌની જેમ માયામાં સુધ-બુધ ભૂલી ના બેસશો. તેઓને કોઇપણ બાબતની કંઇપણ સુધ નથી રહી. જ્યારે પરમધામમાં તમામ રુહો જાગી જશે, ત્યારે તે સૌની હાંસી આ વાત ઉપર જ થશે.**

બડી હાંસી ઈત હોએસી, જબ સબ હોસી રોસન ।
ખેલ ખુસાલી ઈત હોએસી, ઈસ્ક બેવરે ઈન ॥૨૭॥

**જ્યારે તમામ બ્રહ્માત્માઓ સર્વ રીતે જાગ્રત થઈ જશે, ત્યારે પરમધામમાં સૌની ભારે હાંસી થશે. એ સમયે આ બાબતનો ખૂબજ આનંદ પણ વર્તાશે કે ધણીજીએ કેવી અજબ રીતે તથા ભારે સિફતપૂર્વક ઈશ્ક-રબ્દનો નીવેડો લાવી દીધો!**

એક રોસી એક હઁસસી, હોસી ખૂબી બડી ખુસાલ ।
બિના ઈસ્ક બીચ અર્સકે, કોઈ દેખે ન નૂરજમાલ ॥૨૮॥

**ધામમાં જાગ્રત થતાં એક આત્મા પોતાની ભૂલને યાદ કરી રુદન કરશે તો વળી બીજી આત્મા, જેણે ખેલમાં ધણીના ઈશ્કની ઓળખાણ કરી લીધી હશે, તે પેલી ભૂલેલી સખીઓની હાલત જોઈને હસશે. આ રીતે સૌને વિશેષરૂપે અતિશય ખુશી થશે. પરમધામમાં ધણીજીના ઈશ્કમાં ડૂબ્યા વિના**



D:\Pranam/Chitvani/111

**કોઈપણ આત્મા તેમનાં દર્શન કરી શકશે નહિ.**

રોસી ઈનહીં હાલમેં, વાસ્તે હાંસીકે ।
મુદા સબ હાંસીયકા, ફરામોસીકા જે ॥૨૯॥

**આ પરિસ્થિતિમાં હાંસી થવાથી રુહો પોતાની હાલત જોઈ રડશે કે ધામધણીએ અમારી હાંસી કરવા માટે જ અમારા પર ફરામોશીનું આ આવરણ નાખ્યું હતું.**

રુહઅલ્લા એતા કહિયો, તુમ માંગ્યા સો ફરામોસ ।
જબ ઈસ્ક જ્યાદા આવસી, તબ આવસી માહેં હોસ ॥૩૦॥

**શ્રી રાજજી કહે છે કે હે શ્યામાજી! એ રુહોને તમે એટલું કહેજો કે તમે બધાંએ મળીને ફરામોશીનો ખેલ માંગ્યો હતો. હવે હાંસીના આનંદથી જ્યારે આપના ઈશ્કની વૃદ્ધિ થવા લાગશે, ત્યારે તમે હોંશમાં આવશો.**

મૈં છિપા હોં ઈનસે, રુહેં નજરમેં લે ।
વહ દેખત ઝૂઠા આલમ, મોકો દેખત નાહીં એ ॥૩૧॥

**તેઓને એ પણ કહેજો કે હું એ બધાંને મારી નજરમાં લઇને જ તેમનાથી છુપાઈ બેઠો છું. મારાં ચરણોમાં બેસીને પણ તેઓ મારી સામે જોવાને બદલે માત્ર જૂઠા સંસાર પર જ મીટ માંડીને બેઠી છે.**

જબ ઈસ્ક ઈનોં આવસી, તબ દેખેંગે મુઝકો ।
ઈસ્ક બિના ઈન અર્સમેં, મૈં મિલોં નહીં ઈનસોં ॥૩૨॥

**જ્યારે તેઓ મારો ઈશ્ક પામશે, ત્યારે તેઓ મારાં દર્શન કરી શકશે. ઈશ્કનો તો વિવાદ હતો, તેથી વિના ઈશ્કે હું રુહોને કદીયે પરમધામમાં મળી શકું નહિ.**

રબ્દ રુહોંને હકસોં, કિયા ઈસ્કકા જોએ ।
તો અર્સમેં ઈસ્ક બિના, પૈઠ ન સકે કોએ ॥૩૩॥

**બ્રહ્માત્માઓએ શ્રી રાજજી સાથે ઈશ્કનો જ વિવાદ કર્યો હતો, તેથી તેમનામાંથી કોઇપણ આત્મા વિના ઈશ્કે પરમધામમાં જાગ્રત થઈ પ્રવેશી શકે નહિ?**

ઈનોં રબ્દ કિયા ઈસ્કકા, હમ જૈસા હકકા નાહેં ।
દઈ ફરામોસી ઈન વાસ્તે, દેખોં કૈસા ઈસ્ક ઈનોં માહેં ॥૩૪॥

**હે શ્યામાજી! રુહોએ જે કહ્યું હતું કે શ્રી રાજજીનો ઈશ્ક અમારા ઈશ્ક જેટલો વિશેષ નથી - એ તેઓને યાદ કરાવજો. એટલા માટે જ મેં તેઓને ફરામોશી આપી છે. હવે હું જોઉં છું કે એમનામાં કેટલો વિશેષ ઈશ્ક ભર્યો પડ્યો છે!**

ઐસી દેખાઈ દુનિયાં, જિત કોઈ હકકો જાનત નાહેં ।
કાહૂં તરફ ન પાઈએ અર્સકી, બૈઠે બકા બૈતકે માહેં ॥૩૫॥

**હે રુહો! ધણીજીએ એવી દુનિયા બતાવી છે કે જ્યાં પારબ્રહ્મ ધણીને કોઈજ જાણતું નથી. જે પરમધામ મૂલમિલાવામાં રુહો બિરાજમાન છે, તેના વિષે કોઇને જરાયે જ્ઞાન નથી.**

પાર ના અર્સ જિમીયકા, બૈઠિયાં કદમ તલે ઈત ।
ઐસા પટ આડા કિયા, જાનૂં કહૂં ગઈયાં હૈં કિત ॥૩૬॥

**જે પરમધામની ભૂમિનો કોઈ પારાવર નથી, ત્યાં અક્ષરાતીત ધામધણીના શ્રી ચરણોમાં બ્રહ્માત્માઓ બિરાજમાન છે. તેમના પર ધણીજીએ એવો કમાલનો પડદો કરી દીધો છે કે શ્રી ચરણોમાં બેઠાં હોવા છતાં તેમને એવો આભાસ થઈ રહ્યો છે કે જાણે પરમધામની બહાર કોઇ અન્ય સ્થાને જઈ પહોંચ્યા હોય.**

જબ યાદ તુમેં મૈં આઊંગા, તબહીં બૈઠોગે જાગ ।
ગએ આએ કહૂં નહીં, સબ રુહેં બૈઠી અંગ લાગ ॥૩૭॥

**ધણી કહે છે કે, જ્યારે હું તમને પૂર્ણરૂપે યાદ આવીશ, ત્યારે તમે સૌ જાગી જશો. ત્યારે તમને એ જ્ઞાન થઈ જશે કે આપણે રુહો ધણીનાં શ્રી ચરણોમાં જ એકબીજાને અંગથી અંગ લગાવી બિરાજેલ છે તથા તે છોડીને બીજે ક્યાંયે ગયા કે આવ્યા નથી!**

મૈં લાડ કિયા રુહન સોં, વાસ્તે ઈસ્ક ઈન ।
ક્યોં ના લેં મેરા ઈસ્ક, અંગ અસલૂ મેરે તન ॥૩૮॥

**મેં તો માત્ર મારો ઈશ્ક વ્યક્ત કરવા માટે જ રુહોને આ પ્રકારનો લાડ લડાવ્યો છે. તે રુહો, કે જે મારા અસલ નૂરી તનનાં અંગ છે, તેઓ મારા ઈશ્કનો અણસાર કેમ ન સમજી જાય?**

બોહોત લાડ કિએ મુઝસોં, ઈનોં અર્સમેં મિલ ।
એક લાડ કિયા મૈં ઈનોંસે, પ્યાર દેખન સબ દિલ ॥૩૯॥



D:\Pranam/Chivani/112

**એ સૌએ મળીને પરમધામમાં મને ખૂબ જ લાડ લડાવ્યા. એમના બધાંના દિલનો પ્રેમ જોઇને મેં પણ મારા તરફથી (ફરામોશીનો પડદો કરીને) માત્ર એક જ લાડ લડાવ્યો છે!**

## ૧૩.૩ : હે શ્યામાજી! રુહોને કહો કે, હું આપ સૌની અતિ નિકટ-પ્રાણનળીથી પણ વધુ નજીક છું!

મૈં ફુરમાન ભેજ્યા હૈ અવ્વલ, હાથ અમીન રસૂલ ।
ઈમામ ભેજ્યા રુહોં વાસ્તે, જિન જાવેં એ ભૂલ ॥૪૦॥

**હે શ્યામાજી! તમારા આગમન પૂર્વે મહંમદ સાહેબને કુરાન લઇને મેં જ મોકલ્યા છે. ત્યારબાદ, રુહો પોતાની અસલિયતને ભૂલી ન જાય તેટલા માટે ઈમામ મેહેંદી શ્રીજી સાહેબને પણ મેં જ મોકલ્યા છે.**

યાદ દીજો અરવાહોંકો, જો મૈં કરી ખિલવત ।
સો એ લિખી ફુરમાનમેં, રમૂજેં ઈસારત ॥૪૧॥

**તમે આપણા ધામની આત્માઓને મૂલમિલાવામાં મારા દ્વારા કરાયેલ રહસ્યમય વાતોની યાદ અપાવજો. તેઓને કહેજો કે ખિલવતની એ બધી રહસ્યમય વાતો કુરાનમાં ઈશારારૂપે આપ સૌની આત્મસાક્ષી માટે જ લખેલી છે.**

અવ્વલ બાતેં જો અર્સકી, જાએ કહિયો તુમ ।
ફુરમાન પેહેલે ભેજિયા, લિખી હકીકત હમ ॥૪૨॥

**સૌથી પહેલાં તો આપ તેમને તેમના મૂળઘરની વાતો કહેજો. તેઓને કહેજો કે ધણીજીએ આપ સૌની આત્મસાક્ષી માટે જ સૌપ્રથમ કુરાનમાં આપણા ધામની હકીકતો ઈશારારૂપે લખાવી દીધી છે.**

બાતેં બકામેં જો હુઈ, જબ ઉનોં હોસી રોસન ।
તબ તુરત ઈમાન લ્યાવસી, જો મેરે હૈં મોમિન ॥૪૩॥

**જ્યારે તેઓને પરમધામમાં થયેલી વાતોનું જ્ઞાન થશે, ત્યારે જે મારા મોમિન હશે, તે બધા તત્ક્ષણ અટલ ઈમાન લાવશે.**

ઈલમ મેરા ઉનોંમેં, જાએ કરો જાહેર ।
મૈં સેહેરગસે નજીક, નહીં બકા થેં બાહેર ॥૪૪॥

**તેથી, આપ તેઓની વચ્ચે જઇને મારો ઈલમ - તારતમજ્ઞાન જાહેર કરો. તેઓને કહેજો કે હું પ્રત્યેક રુહની પ્રાણનળી (સેહેરગ)થી પણ વધુ નજીક રહું છું. હું મારા પરમધામથી બહાર ક્યાંયે નથી (રુહોના દિલમાં જ મારું ધામ છે).**

તુમ બૈઠે મેરે કદમ તલે, કહૂં ગઈયાં નાહીં દૂર ।
એ યાદ કરો ઈન ઈસ્કકો, જો અપન કરી મજકૂર ॥૪૫॥

**તમે સૌ રુહો મારાં ચરણોમાં જ બેઠેલાં છો. તમારામાંથી કોઇ ક્યાંય પણ દૂર ગયું જ નથી! આપ સૌ બસ! માત્ર આપણે પરસ્પર કરેલી ઈશ્કની મૂળ વાતોને યાદ કરી લો.**

## ૧૩.૪ : હે શ્યામાજી! રુહોને કહો કે અત્યારે એ જ ઘડી અને એ જ પળ ચાલી રહી છે!

ઈત જો કરી મજકૂર, અજૂં સોઈ હૈ સાઈત ।
ચાર ઘડી દિન પીછલા, તુમ જાનો હુઈ મુદ્દત ॥૪૬॥

**હે શ્યામાજી! રુહોને એ પણ કહેજો કે અત્યારે હજુ એ જ ઘડી અને એ જ પળ ચાલી રહી છે કે જેમાં આપણી સૌ વચ્ચે ઈશ્ક-રબ્દ થયો હતો. હજી પરમધામની સંધ્યાલીલાનો એ જ સાડા-ચાર વાગ્યાનો જ સમય છે! પરંતુ તમે બધાં એમ સમજી રહ્યાં છો કે ખેલ જોતાં જોતાં તો સદીઓ વીતી ગઈ છે!**

જોં રબ્દ કિયા ઈત બૈઠકે, અજૂં બૈઠે હો ઠૌર ઈન ।
રાત દિન ના પલ ઘડી, સોઈ બાત સોઈ ખિન ॥૪૭॥

**પરંતુ આપણે હજુ એ જ જગ્યા પર બેઠેલા છીએ, કે જ્યાં બેસીને આપણે ધણીજી સાથે રબ્દ કર્યો હતો. વાસ્તવમાં તો નથી રાત્રિ વીતી કે નથી દિવસ વીત્યો કે નથી એક પળ પણ વીતી! હજુ તો એ જ રબ્દની વાતોના પડઘા સંભળાઈ રહ્યા છે તથા એજ ક્ષણ ચાલી રહી છે.**

યાહી અજમાઈસ વાસ્તે, ખેલ દેખાયા એ ।
જબ ઈલમ મેરે બેસક હુઈ, તબ દૌડસી ઈસ્ક લે ॥૪૮॥

**હે શ્યામાજી! રુહોના ઈશ્કની પરીક્ષા કરવા માટે જ મેં આ ખેલ બતાવ્યો છે. જ્યારે મારા આ ઈલમથી રુહો બેશક થશે ત્યારે તે સૌ ઈશ્ક**



D:\Pranam/Chitvani/113

**લઈને ધામ તરફ દોડશે.**

નામ મેરા સુનતે, ઔર સુનત અપના વતન ।
સુનત મિલાવા રુહોંકા, યાદ આવે અસલ તન ॥૪૯॥

**મારું નામ, પોતાના મૂળવતનની વાત અને પોતાના સુંદરસાથના મિલાવાની વાતો સાંભળીને તેઓને પોતાની અસલ પર-આત્મના તનની યાદ અવશ્ય આવશે.**

સક મિટી જિનોં હકકી, ઔર મિટી હાદીકી સક ।
બેસક હુઈયાં આપ વતન, તાએ ક્યોં ન આવે ઈસ્ક ॥૫૦॥

**જે સુંદરસાથ ધણી, હાદી સત્‌ગુરુ શ્રી શ્યામાજી તથા પોતાના મૂળવતન પરમધામ પ્રત્યે બેશક થઈ ગયા હોય તેઓના હૈયામાં ઈશ્ક કેમ ઉભરાઈ ન આવે?**

## ૧૩.૫ : શ્રી ધણીજીના ઈલમની કમાલઃ રુહોને સર્વથા બેશકીનો અહેસાસ અને ઈશ્ક-રબ્દનો ફેંસલો!

સાંચ ઝૂઠમેં મિલ ગઈયાં, તુરત હોસી તફાવત ।
કરસી પલમેં બેસક, ઐસા ઈલમ મેરી ન્યામત ॥૫૧॥

**હે શ્યામાજી! મારો ઈલમ તો આપને એક એવી દિવ્ય ભેટ છે કે જે આપને એક જ ક્ષણમાં બેશક કરી દેશે. જે સત્ય આત્માઓ મિથ્યા સંસારમાં હળીમળી ગયેલ છે, તેમને મારો ઈલમ તત્ક્ષણ સત્ય અને જૂઠનો તફાવત સમજાવી દેશે.**

અજમાવને અરવાહોંકો, હકેં દિયા વાસ્તે ઈન ।
અવ્વલ ફરામોસી દેયકે, ઈલમેં ખોલે દીદે બાતન ॥૫૨॥

**આપ તેમને કહેજો કે શ્રી રાજજીએ પોતાની રુહોની પરીક્ષા માટે જ સૌપ્રથમ ફરામોશી આપી અને હવે તારતમના ઈલમથી તેઓ આપણી આત્મિક આંખો ખોલી રહ્યા છે.**

બાતૂન ખુલે ઐસા હુઆ, સેહેરગસે નજીક હક ।
તુમ બૈઠે બીચ અર્સકે, કદમ તલે બેસક ॥૫૩॥

**આપની આત્મ-દૃષ્ટિ ખુલતાં જ આપ સૌ ધણીજીને પોતાની પ્રાણનળીથી પણ નજીક અનુભવશો. તમે સૌ તમારી જાતને નિઃસંદેહ**

**પરમધામમાં તેમનાં શ્રી ચરણોમાં બેઠેલાં જોઈ શકશો.**

ચૌદે તબકોં ન પાઈએ, હક બકા ઠૌર તરફ ।
સો કદમ તલે બૈઠાવત, ઐસા ઈલમકા સરફ ॥૫૪॥

**આ ચૌદલોકના બ્રહ્માંડમાં, જ્યાં કોઇને પારબ્રહ્મ ધણીની અને અખંડ પરમધામની સુધ જ નથી, એવી પરિસ્થિતિમાં આપણને સર્વથા બેશક કરી સાક્ષાત્ પોતાનાં શ્રી ચરણોમાં પહોંચાડી દીધાં. આવી અદ્‌ભૂત આ ઈલમની કમાલ છે!**

ઈલમ હકકે બેસકી, બેસક આવે સહૂર ।
બેસક પેહેચાન હકકી, બરસ્યા બેસક બકા નૂર ॥૫૫॥

**હે શ્યામાજી! રુહોને એ પણ કહેજો કે શ્રી રાજજી મહારાજની જાગ્રત નિજબુદ્ધિયુક્ત તારતમવાણી સંશય મટાડનારી છે તેનાથી ધણીની 'હકીકત' વિષેનો વિવેક જાગ્રત થશે અને ધામધણીની પૂર્ણ ઓળખાણ પણ થઈ જશે. હે સાથજી! તમારા માટે જ પરમધામના અખંડ સુખોરૂપી નૂરની વર્ષા થઈ છે.**

બેસક અસલ સુખકી, આવે બેસક રુહોં ઈલમ ।
જરે જરેકી બેસકી, જો બીચ નજર ખસમ ॥૫૬॥

**આ તારતમજ્ઞાનથી શ્રી રાજજી મહારાજનાં ચરણોમાં બેઠેલી આપ રુહોને અસલ અખંડ સુખોની તથા પરમધામની તમામ હકીકતો વિષે બેશકી થઈ જશે.**

બેસક દેખી ફરામોસી, બેસક ગિરો મોમિન ।
બેસક ફુરમાન રમૂજેં, પાઈ બેસક બકા વતન ॥૫૭॥

**આપ પરમધામની રુહોએ ફરામોશીનો ખેલ જોયો છે તેમાં કોઇ સંશય નથી. આપે આપના ધણીજી અને અખંડ પરમધામ સબંધિત ઈશારતો, જે કુરાનમાં લખેલ છે, તેમને પણ બેશક સમજી લીધી છે.**

બેસક ઠૌર કાદર, પાઈ બેસક કુદરત ।
બેસક ખેલ જો માંગયા, બેસક બાતેં ઉમત ॥૫૮॥

**અક્ષરબ્રહ્મના અક્ષરધામ તથા તેમની યોગમાયા વિષે અને અક્ષરાતીત પરમધામમાં બેસીને ખેલ માંગવાની તથા ઈશ્ક-રબ્દની તમામ હકીકતોથી પણ આપ રુહો બેશક થઈ ગઈ છો.**





બેસક હકેં દેખાઈયા, બેસક કરી મજકૂર ।
બેસક રદ-બદલ કરી, હુઆ બેસક ઈલમ જહૂર ॥૫૯॥

**શ્રી રાજજી મહારાજે અવશ્ય ખેલ બતાવ્યો છે. તમે રુહોએ પરસ્પર વાર્તાલાપ તથા આપણા ધણી સાથે ઈશ્ક-રબ્દ પણ અવશ્ય કર્યો છે એમાં કોઈ સંદેહ નથી. આ બધી વાતોનો પ્રકાશ શ્રી રાજજીના બેશક ઈલમ - તારતમવાણીથી જ થયો છે.**

બેસક જગાઈ ફરામોસમેં, બેસક દે ઈલમ ।
હોસી રુહેં બકાકી બેસક, લે બેસક ઈલમ ખસમ ॥૬૦॥

**શ્રી રાજજી મહારાજની આ પ્રકારની વાતો સાંભળીને હવે શ્રી શ્યામાજી કહે છે કે, 'હે ધામધણી! આપે મને પોતાનો બેશક ઈલમ આપીને ફરામોશીની નિદ્રામાંથી જગાડેલ છે. હવે અખંડ પરમધામની તમામ રુહો પણ, હે ધણીજી! નિઃસંદેહ આપના આ ઈલમને પોતાના હૃદયમાં ધારણ કરીને બેશક થઈ જશે.**

ભુલાઈયાં ખેલમેં બેસક, હુઆ બેસક બેવરા એ ।
ક્યોં ના લેં ઈસ્ક બેસક, કહાએ બેસક સંદેસે ॥૬૧॥

**હે સાથજી! ધણીજીએ આ ખેલમાં આપણને બેશક બધું જ ભૂલાવી દીધું છે અને આમ ઈશ્કનો ફેંસલો પણ બેશક થઇ જ ગયો છે! હજી પણ આપણે આપણા ધણી દ્વારા કહાવડાવેલા બેશક સંદેશા તથા તેમના અખંડ ઈશ્કને સમજીને ગ્રહણ કેમ નથી કરી રહ્યા?**

રુહોંકો હકેં બેસક, ભેજ્યા પૈગામ બેસક ।
ઈસ્ક બેસક લે આઈયો, ભેજી બેસક રુહ બુજરક ॥૬૨॥

**સાથજી! આપ સૌ સુધી આ વાત પહોંચાડવા માટે જ ધણીજીએ મને (શ્યામાજીને) મોકલી છે અને કહેવડાવ્યું છે કે, હે રુહો! તમે સૌ પોતાનો બેશક ઈશ્ક લઈને પોતાના ઘેર પાછાં આવી જાઓ.**

ઈસ્ક રુહોં કમ બેસક, હાદી જ્યાદા ઈસ્ક બેસક ।
સબ થેં ઈસ્ક બઢ્યા, બેસક ઈસ્ક જો હક ॥૬૩॥

**ઈશ્ક-રબ્દનો અંતિમ નિર્ણય એ થયો કે રુહોનો ઈશ્ક શ્રી રાજજીના ઈશ્ક કરતાં બેશક ખૂબ જ ઓછો છે અને સત્‌ગુરુ હાદી શ્રી શ્યામાજીનો ઈશ્ક પણ રુહોના ઈશ્કથી કેટલાયે ગણો વિશેષ છે! શ્રી રાજજીનો ઈશ્ક તો**

**સૌથી વધુ અને સવિશેષ છે!**

મહામત કહે બેસક મોમિનોં, બેસક બેવરા કમાલ ।
ફરામોસીમેં હકકા, પાઈએ બેસક ઈસ્ક હાલ ॥૬૪॥

**શ્રી મહામતિજી કહે છે કે હે બ્રહ્મસૃષ્ટિ મોમિનો! શ્રી રાજજી મહારાજનો ઈશ્ક સંબંધી ફેંસલો કમાલનો કહેવાય! નિઃસંદેહ, ફરામોશીની સ્થિતિમાં પણ આપણે ધણીજીના ઈશ્કની વાસ્તવિકતાને સમજી તેમાં મગ્ન થઈ શકીએ છીએ.**

*પ્રકરણ-૧૩ સંપૂર્ણ : ચોપાઈ-૭૬૧*

## ૧૪ : સુરત અર્શ અજીમની બાતૂની રોશની - પરમધામનો અંતઃ પ્રકાશ - 'ઈશ્ક'

ચૌદમા પ્રકરણનું શીર્ષક *'અર્શ અજીમની બાતુની રોશની'* છે. જાગ્રત ઈલમરૂપી કૌલ (કહેણી)ને નિશ્ચયાત્મક બુધ્ધિથી લઈ લેવો એને જો *'રોશની'* કહીયે, તો તે કૌલ ફેલ (કરણી)માં તથા કૌલ અને ફેલ એ બંને જો ઈશ્ક (હાલ)માં પરિણમે તો તેને *'બાતૂની રોશની'* કહી શકાય. એનું તાત્પર્ય એ છે કે ફરામોશીની અવસ્થામાંથી પૂર્ણતઃ હોશમાં આવી જવું. *'જાહેરી રોશની'* ગ્રહણ કરેલ સુંદરસાથજીને ધણીજી કહે છે કે ફરામોશીમાંથી જાગૃતિ માટે આ *'જાહેરી રોશની'* પર્યાપ્ત નથી. ખિલવતમાં થયેલ વાર્તાલાપની ઉંડાઈનો અહેસાસ કરાવવામાં આવ્યો છે. હે સુંદરસાથજી! શ્રી રાજજી મહારાજે પોતાની આત્માઓની ધામની નિસ્બત જાણીને તમને જગાડવા માટે શ્રી શ્યામાજી મહારાણીને મોકલ્યાં છે. જ્યારે આપણા પ્યારા પિયુજીએ પોતાની ખાસ આત્માને મોકલી છે, તો પછી તમે એમની ઓળખાણ કેમ નથી કરી રહ્યા? ॽ ॽ ड़ उ

उ उ ॽ उ ४ उ

**પૂર્વચેતવણી** આપતાં શ્રી ધણીજી કહે છે કે, હે આત્માઓ! ખેલમાં તમે સૌ મારો ઈલમ પણ લેશો તથા મને બેશક ખુબ જ દર્દ પૂર્વક શોધશો. તેમ છતાંયે તમને ન તો મારું ઘર મળશે કે ન હું મળીશ. તમારી અંતઃદૃષ્ટિ કોઈ પણ રીતે ખુલી શકશે નહીં. ''હું તમને મારા ચરણોમાં બેસાડીને એવી દુનિયા બતાવીશ કે જ્યાં તમને કોઈ જ ओળખી શકશે નહિ કે ન તમને તેમની વાસ્તવિક ઓળખાણ થઈ શકશે. ४ ॾ ॽ ॾ उ ।उ ४



D:\Pranam/Chitvani/115

ट ४ હું તમને મારી નજરમાં લઈ પુનઃ તમારાથી સંતાઈ જઈશ. તમે મને કોઈ પણ દિશામાં કેટલુંયે શોધશો તો પણ તમે ન મને કે ન તમારા સર્વશ્રેષ્ઠ ઘરને પામી શકશો. તમારી પર-આત્મનાં ચક્ષુઓ તો ખુલ્લાં જ હશે! તમે સૌ પરસ્પર મારી વાતો પણ કરશો! તેમ છતાં તમારી આત્મ-દૃષ્ટિ કોઈપણ રીતે ખુલી શકશે નહિ!

**હે આત્માઓ! તારતમ(જાગ્રત બુધ્ધિ)નું જ્ઞાન એવું બળવાન હશે કે તે નિરાકારની સીમામાં ફર્યા કરનાર દુનિયાના જીવોને તો જાગ્રત કરીને અખંડ સુખ આપશે, પરંતુ એ ઈલમ તમને જગાડી શકશે નહિ!**

ॾ उ ॾ ४ उ उ उ ट

ॾ ४ ॐ ॾ उ ४

તમને મારા સંદેશની તથા મારા દ્વારા મોકલેલ રસુલની ઓળખાણ થઈ શકશે નહિ! ઈશારાઓ તથા ગુપ્ત શબ્દોમાં લખવામાં આવેલ પરમધામની હકીકતોની ઓળખાણ (અખંડ તારતમજ્ઞાન લેવા છતાં) પણ તમને થઈ શકશે નહિ! માયાનો જોરદાર નશો ચઢવાથી તમે એવા બેહોશ થઈ જશો કે શ્રી શ્યામાજી મહારાણી ઘણી બધી પુકાર કરશે, પરંતુ તમને તેમની વાત કોઈપણ રીતે સાંભળાશે નહિં. વાસ્તવમાં તમને ન કોઈ નશો ચઢ્યો હશે કે ન કોઈપણ પ્રકારની નિદ્રાવસ્થા હશે. પણ હાંસીનો એ ખેલ કંઈક આવો જ હશે.

**ધણીજી દ્વારા અનેક રીતે સમજાવવા છતાં પણ ખેલ જોવાની પ્રબળ ઈચ્છાને કારણે આત્માઓ ધણી સમક્ષ અવનવા તર્ક પ્રસ્તુત કરતી રહીઃ** ''હે ધણી! આ રીતે આપ સંદેશા મોકલાવશો અને આપનો સંદેશવાહક પણ જ્યારે આ સર્વે હકીકતોની યાદ અપાવશે તો પછી અમારી આવી હાલત થઈ જ શી રીતે શકે?

द ॾ ॾ ४

વળી, જો અમ આત્માઓનાં તન જો ઈશ્કનાં જ હોય તો પછી તેમ સંભવી જ શી રીતે શકે?'' ત્યારે ધણીજીએ કહ્યું, હે મારી લાડલી આત્માઓ! તમે નિશ્ચિતરૂપે મને ભૂલી જશો તથા મારા સંદેશાઓ લેશો પણ તેનું હાર્દ સમજી નહિ શકો! You will be able to download all my words but you will be unable to de-code and understand them! ४ ४ उ

४ ॾ उ

**સાથજી! જરા વિચારો! ખેલમાં આવીને શું કર્યું, શું થયું તથા શું**

**થઈ રહ્યું છે?** શ્રી રાજજીએ એવી જબરદસ્ત હાંસી કરી છે કે આપણામાંના કોઈને પણ જરાયે ભાન રહ્યું નથી. એક જ તનનાં અંગ હોઈ, એકરસ થઈ બેઠાં હોવા છતાં ખેલે સૌને એવાં ભુલાવી દીધાં છે કે અમારાં દિલ ફરી જવાથી કૌલ, ફૈલ અને હાલ અલગ અલગ દિશાઓમાં વિઘટિત થઈ ગયા છે. ऽ

ऽड़ द ऽ ऽ ऽ द સંસારમાં સુંદરસાથને જુદી જુદી જાતિઓમાં, રીતિ-રિવાજોમાં તથા અલગ અલગ સ્થાનોમાં મોકલી દેવામાં આવ્યા. મૂલમિલાવામાં તો સૌ એક બીજાના અંગથી અંગ જોડીને બેઠાં છે, પરંતુ આ ખેલે તેમને ખૂબ જ વિપરીત પરિસ્થિતિમાં અલગ અલગ કરી દીધાં છે. ४ ४ ऽ ऽ ऽ उऽ

ऽ સંસારી ખેલમાં આત્માઓ જુદા જુદા કુટુંબ પરિવારોમાં પોતપોતાના અલગ ઘર કરીને એવી રીતે બેસી ગઈ છે કે જાણે આ ઘર અને આ સંબંધ અનાદિથી જ હોય! ऽ ऽ उ

४ ऽ ऽ **અહીંયા કુટુંબ પરિવાર પણ કેવા સ્વાર્થી હોય છે કે જેઓ દુઃખ આવતાં પોતાનાં નથી રહેતા. પળભરમાં પોતાના સંબંધ તથા દેખાવને સ્વપ્નના અસ્થાયી સ્વરૂપની જેમ બદલી નાખે છે! સાથજી! તેમ છતાં તમને એવું લાગી રહ્યું છે કે આ સૌથી અમે અલગ થઈ જ શી રીતે શકીએ?** ऽ ड़ उ

४ ऽ ऽ द ४ उ

**પોતાનું મૃત્યુ આવવાનું નિશ્ચિત છે એમ જાણવા છતાં લોકો પોતાનું અણમોલ જીવન વ્યર્થમાં ગુમાવી બેસે છે.** આટલી બેશક વાણી સાંભળવા છતાં આ લોકો જાગ્રત થઈ મનુષ્ય તનનો સર્વશ્રેષ્ઠ લાભ નથી લેતા. તેઓ પોતાની આખીયે ઉંમર સંસારનાં વ્યર્થ કામોમાં ગુમાવી દે છે, પરંતુ આત્મ-તત્ત્વના વિષયે વિચાર જ નથી કરતા. જે પારબ્રહ્મની આટલી મોટી સાહેબી છે, તેમને યાદ પણ નથી કરતા. ४ उ ४ द

द લાપરવાહ બનીને લોકો કહેતા ફરે છે કે મૃત્યુ બાદ પુનઃ જન્મ લઈશું અને જો આ જન્મમાં અમારાથી કોઈ ભૂલ પણ થઈ ગઈ તો તેને બીજા જન્મમાં સુધારી લઈશું તથા ગુમાવેલ ફળ પ્રાપ્ત કરી લઈશું! **આ ખેલ એવો ભ્રમિત કરી દેનાર છે કે સૌ કોઈ નિરાકારની પૂજામાં લાગેલ છે.** ऽ

उ। ४ द ४ द

દુનિયાના લોકોને એટલું પણ જ્ઞાન નથી કે હું કોણ છું? ક્યાંથી આવેલ છું?



D:\Pranam/Chitvani/116

અમે કયા પ્રકારના મિથ્યા જગતમાં આવી ગયા છીએ? અને આ સંસાર કોના હુકમથી બન્યો છે ? સૌ કોઈ કહે તો છે જ કે સંસાર કોઈકના હુકમથી બન્યો છે. પરંતુ જેણે એ બનાવવાનો આદેશ આપ્યો છે, તે ક્યાં છે? આ રીતે આખાયે સંસારના લોકો (હિંદુ અને બિન-હિંદુ) શોધતા રહી ગયા, પરંતુ કોઈએ પણ તે પારબ્રહ્મ તથા અખંડ સુખોની ઓળખાણ કરી નહિ. ४ ऽ

द

**સંસારીઓને પરમધામનાં અખંડ સુખ મળી જ શી રીતે શકે?** કારણ કે સૌ કોઈ પોતપોતાની ચાહનાઓ પ્રમાણે આ નશ્વર જગતના માટી, જળ, અગ્નિ તથા પાષાણ જેવા પદાર્થોમાં પરમાત્માની પ્રતિષ્ઠા કરી તેમની જ પ્રશંસા કર્યા કરે છે! उ उ द ४ उ उ४

द ४ મિથ્યા સંસારમાં જૂઠનું પ્રચલન જ એવું છે કે આ લોકોનું દિલ સત્યને પામી જ શકતું નથી! જો દિલમાં પરમ સત્ય પ્રાપ્તિની શુભેચ્છા જ પેદા ન થતી હોય તો પછી લોકો તેને પામી જ શી રીતે શકે? त ऽ

उ ४ उ उ ऽ ४ સંસારના સર્વે ધર્મગ્રંથો એ વાત સ્પષ્ટ કહે છે કે પ્રત્યેક મનુષ્યે આત્મ-ચિંતન કરવું જોઈએ. ધર્મગ્રંથો એમ પણ કહે છે કે જે કંઈ આપણા કાનો દ્વારા સાંભળવામાં આવે છે તથા આંખો દ્વારા જોઈ શકાય છે, તે બંનેનું વાસ્તવમાં કોઈ જ અસ્તિત્વ નથી!

४ ऽ ऽ ऽऽ । त ऽ

પોતાના પૂર્વજોની પરંપરાઓ સાચવી રાખવામાં જ તેઓનું જીવન હોમાઈ જાય છે! उ द ऽ ।

ऽ उ ऊ ऽ તેમ છતાં, લોકો જાણી જોઈને એને જ પ્યાર કરતા રહે છે, જે દિન-રાત દુઃખ જ દુઃખનું રૂપ છે. તો તેમને સ્વપ્નમાં પરમધામનાં અખંડ સુખ શી રીતે મળી શકે? ४ ऽ न्उ

ऽ ४ ड़ उ उ ४

શ્રી રાજજી મહારાજે એવી દુનિયા બતાવી છે કે આત્માઓને તે સાચી તથા અખંડ લાગી રહી છે. **જ્યારે 'સાચી બ્રહ્મસૃષ્ટિ' વિચાર કરી જાગ્રત થઈ જશે ત્યારે 'જૂઠા જીવો'ને પણ આ માયા જૂઠી લાગવા માંડશે.** ऽ ड़ऽ

ऽ ४

દુનિયાના જીવો કાં તો પ્રાકૃતિક સૂર્ય તથા ચંદ્રમાને પ્રકાશ આપનાર દેવતારૂપે માની

તેમને પૂજે છે અથવા તો વેદ અને કતેબના જ્ઞાનરૂપી પ્રકાશ ને સર્વોપરિ માને છે.

ુ ૪ ઉ ૪ ।

૪ અંધારી રાત્રિ સમાન આ ચૌદલોકના સંસારમાં નિરાકારથી પારના અખંડજ્ઞાનની રોશની આપનાર સૂર્ય સમાન શ્રી પ્રાણનાથજી તરફ નથી કોઈ જોતું કે નથી તેમને કોઈ ઓળખતું! આ રીતે, ન તો પોતાના 'સ્વ' ની, નિજ-ઘરની કે ન તો નિજ-વરની ઓળખાણ થઈ શકે. ુ ૪ ૪ ઉ

૪ ુ ૢ ૪ ઉ ૪ અખંડજ્ઞાનનો સૂર્યોદય થયો એવું તો ત્યારે માનવામાં આવે જ્યારે શ્રી રાજજી મહારાજ તથા તેમનું પરમધામ જાહેર થઈ જાય, તથા સમસ્ત સંસારના જીવોના અંગોમાં કોઈપણ પ્રકારનો સંશય રહી ન જાય! ૺ ૪ ૢ

ુ

**આખરતના સમયે જાહેર થનાર પારબ્રહ્મ(ખુદા)**ની હકીકત તથા સૌ જીવોને પ્રાપ્ત થનાર અખંડ સુખની વાતોનાં રહસ્યો એક ખુદાની સહાય તથા તેમના ધામ પર ઈમાન લાવ્યા સિવાય શી રીતે ખુલી શકે? ૭ ૪ દ

ૢ ૪ દ ૢ ુ

અખંડ પરમધામના જાગ્રત ઈલમનો સૂર્યોદય થઈ જતાં માયા ટકી જ શી રીતે શકે? જ્યાં સુધી અથર્વવેદ અને કુરાનના ગુપ્ત રહસ્યો સ્પષ્ટ થશે નહીં ત્યાં સુધી ન પારબ્રહ્મની કે તેમના પરમધામની કે જૂઠી માયાની ઓળખાણ થઈ શકશે!

૪ ૼ :ુ ૪ ઉ ૢ ૪ દ ।

દ તારતમજ્ઞાન દ્વારા બ્રહ્માત્માઓની આત્મિક દૃષ્ટિ ખુલી જતાં 'મારફત' સ્વરૂપ ધણીજી અને 'હકીકત' સ્વરૂપ પરમધામ જાહેર થઈ જશે. સાથજી! આ સર્વે જેની પોતાની હકીકત છે, માત્ર એ જ તે સૌ વાતોનાં રહસ્યો સ્પષ્ટ કરી શકે છે. હવે જે હકીકતો સ્પષ્ટ થઈ જવાથી પારબ્રહ્મ જાહેર થયેલ છે, ત્યારે એને સ્પષ્ટ કરવાવાળામાં તથા પારબ્રહ્મમાં કોઈપણ તફાવત માની જ શી રીતે શકાય?

૪ ઉ ૪

ુ

**પારબ્રહ્મનાં ત્રણ સ્વરૂપો** (સૂરતો)-સત્ (બસરી), આનંદ (મલ્કી) અને ચિદ્ (હક્કી) - દ્વારા થનાર લીલાઓની ઓળખાણ કરાવતાં સમજાવવામાં આવ્યું છે કે આ ત્રણે વાસ્તવમાં એક જ છે અને માત્ર એ ત્રણ જ પારબ્રહ્મ શ્રી રાજજી



D:\Pranam/Chitvani/117

મહારાજ પાસે મૂલમિલાવામાં પહોંચી શકવામાં સક્ષમ છે. દ

૪ ૪ ઉ ૢ ઉ ૪૪

આખરમાં આવનાર હક્કી સૂરત જ સર્વે રહસ્યો સ્પષ્ટ કરશે. જેની કરણી તથા રહેણી ધણી તથા ધામને અનુકૂળ હોય એ જ શ્રી રાજજીના હુકમ પ્રમાણે ગુપ્ત રહસ્યો સ્પષ્ટ કરવાનો પોતાનો વાયદો પૂરો કરી શકે.

દ ૪ દ ૪ મેયરાજ (દર્શન) દરમ્યાન શ્રી રાજજીએ કહેલ નેવું હજાર શબ્દોમાંથી તેમના આદેશાનુસાર રસૂલ સાહેબે કેટલાક જાહેર કર્યા અને જે ગુપ્ત રાખવાના હતા તે ગુપ્ત રાખ્યા.

ુ ુ દ ।ઉ

શ્રીજી કહે છે કે જેટલા પણ રહસ્યો ખોલવાનો આદેશ નહોતો તે સર્વે હવે હું જાહેર કરી રહ્યો છું.

૪ આ ત્રણે સુરતો દ્વારા થનારી લીલા બાબતે કુરાનમાં સાંકેતિક વર્ણન છે કે તેમના વિના બીજું કોઈપણ તેમ કરવા ચાહે તો તેમ કરીયે શી રીતે શકે? ૢ

દ

તેમાં દર્શાવેલ ત્રણ સુરતો, બ્રહ્મસૃષ્ટિ તથા ઈશ્વરીસૃષ્ટિ પર અંત સમય સુધી જે વિતશે તેની હકીકતોનો ખુલાસો સ્વયં ધણીજી જ હવે કરી રહ્યા છે. અતઃ અખંડ પરમધામના જ્ઞાનનો સૂર્ય શ્રી પ્રાણનાથજીરૂપે ઉદય થઈ ગયો છે.

**સ્વપ્નિલ સંસાર તથા સદા સુખદાયી પરમધામ આ બંને જગ્યાઓની લીલાઓ તથા બંને લીલાનાં તનો વચ્ચે રહેલ તફાવત સમજાવીને ધણીજી આત્માને ધામમાં જગાડવાનો ઉપાય કરે છે.** હે સુંદરસાથજી! ચાલો, આ સ્વપ્રિલ સંસારમાં બેઠાં બેઠાં, અખંડ ઘરની તમામ બક્ષીસોનું ચિતવન કરતાં કરતાં અહીં જ નિજઘરનું સુખ લઈએ. ૢ ૪

ુ ૹ ૪ ૪ ૪ જરા વિચારો! આ તારતમવાણી મળતાં પહેલાં તમારી પાસે કેવો નિરાકારની હદ સુધી સીમિત ઈલમ હતો?

૪ ઉ ઉ ૪

તમે કોની મિથ્યા પૂજામાં વ્યસ્ત હતા? કેવા જૂઠા પરિવારમાં રહેતા હતા?

૪ દ ૪ ૪

અને હવે, કેવા અનોખા અખંડ સંબંધો(સુંદરસાથ)વાળા

પરિવારમાં સામેલ થઈ ગયા છો? તમે કયા ઘરને સાચું માની લીધું હતું, જેમાં બેસીને તમારા કોઈપણ સંશયો દૂર નહોતા થયા? તમે કેવી મિથ્યા સંગતિમાં રહેતા હતા? તમે સમાજમાં પોતાને કેવા મોટા કહેવડાવતા હતા? હવે, તમે શ્રી રાજજી મહારાજનો કેવો નવીન ઈલમ મેળવી લીધો છે કે જેના થકી તમે સો ટકા નિઃસંદેહ થઈ ગયા છો? उ उ
४ उ તમે કેવા અખંડ ધણી સાથે નિસ્બત પ્રાપ્ત કરી લીધી છે? કેવી રીતે અપાર દુઃખોના બંધનોથી મુક્ત થઈ પોતાની આત્માની સાચી નિધિ મેળવી લીધી છે? उ ॽ उ ड़ ४
ᴤ उ ड़ ४ તમારી પાસે કેવા બનવા-મટવાવાળા મિથ્યા ઘરોમાં હતાં અને હવે, કેવા સુંદર સાદા સુખદાયી પરમધામની મોહોલાતોના સુખો માણી રહ્યા છો? અરે સાથજી! તમે સૌ હકીકતમાં જાગી રહ્યા છો કે પછી ઊંડી ઊંઘમાં છો? શું તમે આ રીતની વાતો પર થોડોયે વિચાર કર્યો છે ખરો?

**સાથજી! જરા વિચારો! માયાની નિદ્રા ઉડાડો! તમે ક્યાં કેવી સ્થિતિમાં હતા અને હવે ક્યાં કેવી સ્થિતિમાં પહોંચી ગયા છો?** તમે કેવા ભવસાગરરૂપી ભયાનક જંગલમાં ભટકતા હતા? ४
उ ड़ ᴤ ᴤ હવે, તમે કેવા મનોરમ્ય અતિ સુંદર પરમધામના બગીચાઓમાં મહાલી રહ્યા છો? હવે જાગ્રત થઈ આ બાબતનો પ્રત્યક્ષ અનુભવ કરો અને બંને વચ્ચેના તફાવતનો વિચાર કરો.
४ ड़
४ આ નર્ક સમાન ભૂમિની ગંદકી તથા દુર્ગંધવાળી હવા અને પરમધામના ઝરોખામાં બેસી મનને પ્રફુલ્લિત કરવાવાળી નૂરી સુગંધી યુક્ત હવાનાં સુખોની તુલના કરો. ᴤ ४ ड़ उ
ᴤ ४ ᴤ ᴤ દુઃખ જ દુઃખથી ભરેલ સંસારી તન તથા દિન-રાતની અને પરમધામના અખંડ સુખદાયી તન તથા ત્યાંની પ્રત્યેક ઘડીની તુલના કરો. ᴤ ᴤ ᴤ ४ ᴤ उ ड़
ड़ ४ ४ उ ४
उ ᴤ ड़ उ। ॽ उ उ મિથ્યા સંસારી સંબંધોના પ્રભાવમાં ગુંચવાયેલ જીવનની અને પરમધામના સાચા સંબંધની તુલના



D:\Pranam/Chitvani/118

કરો. ४ ४ ४ ड़ ड़ ४
સંસારના ક્ષરિત થઈ જનાર પહેરવેશ અને પરમધામના અખંડ નૂરી પહેરવેશની તુલના કરો. उ द उ ड़ । उ ड़
४द ४ ४ ᴤ ᴤ उ તુલના કરો સંસારની મિથ્યા ભૂમિ તથા પરમધામની અખંડ ભૂમિની. ४ ᴤ ४ उ ड़ ४ ᴤ
ᴤ ᴤ । द તુલના કરો, સંસારનાં પશુ પક્ષીઓ અને અખંડ ઘરના જાનવરોની. द
उ ४ उ उ ᴤ द ᴤ ड़ તુલના કરો, સંસારનાં નદી-તળાવ તથા પરમધામના હૌજ કૌસર તળાવ અને જમુનાજીની શોભા તથા તેમાં ઝીલણાં કરવાના આનંદની. ᴤ ४ ᴤ ᴤ ड़
ᴤ ᴤ ॽ ᴤ ᴤ ४द ४ ᴤ હે સાથજી! આ તફાવત દિલમાં ગ્રહણ કરી હવે આપ સૌ પરમધામના આપણા ધણીજીનાં દર્શન કરો અને ત્યારબાદ પોતાની આત્માને પૂછી જુઓ કે હવે મારે શું કરવાનું છે અને તે કઈ રીતે કરવાનું છે?

**મજાજી દિલ અને હકીકી (પવિત્ર) દિલ વચ્ચે મોટો ભેદ છે.** દુનિયાના જીવોનાં દિલ મજાજી(માયાવી) છે તથા તેમનામાં શૈતાનની બાદશાહી ચાલે છે. તેઓ બીજાના તથા પોતાની જાતના પણ દુશ્મન હોય છે, કારણ કે તેઓ ખુદ તો સત્યથી ગુમરાહ થાય જ છે, પણ સાથે સાથે બીજા સૌને પણ સચ્ચાઈના માર્ગથી વિચલિત કરે છે. ᴤ ᴤ ४ उ ४
ᴤ उ ४ તેનાથી વિપરીત, મોમિન સુંદરસાથનાં હકીકી (પવિત્ર) દિલમાં હક્ક શ્રી રાજજી મહારાજની બેઠક હોય છે. તેથી તેમની પાસે શૈતાન ક્યારેય જઈ શકતો નથી. ᴤ
ठ ड़ ४द ᴤ उ ४ શ્રી મહામતિજી કહે છે કે હે સુંદરસાથજી! શું તમને આ બન્ને વચ્ચેના ઈશ્કમાં કોઈ ભેદ જણાય છે ખરો કે નહિ? જો હા, તો પછી અત્યારે જ પોતાના દિલમાં પરમધામવાળો એ જ ઈશ્ક ધારણ કરી લો! તમારું દિલ તો આટલું વિશાળ તથા મહાન છે. ᴤ । ᴤ ४ द
ᴤ उ ४ ᴤ ड़ સાથજી! આપણાં જે દિલોને ફરામોશી આપી ભૂલાવી દીધાં હતા, હવે તેમને આપણા જ સાહેબ પુનઃ જાગ્રતિ યુક્ત

પરમધામ મધ્યે બોલાવી રહ્યા છે.    ૪    ૬    ૬
૬    ૪

### ૧૪.૧ : હે સાથજી! તમે મને શોધશો, છતાં આપને ન મારૂં ઘર મળશે, કે ન હું!

રુહઅલ્લા સુભાને ભેજિયા, રુહેં અર્સ અપની જાન ।
પિઉ પ્યારે ભેજી રુહ અપની, તુમ ક્યોં ના કરો પેહેચાન ॥૧॥

**શ્રી મહામતિજી કહે છે કે, "હે સાથજી, શ્રી રાજજી મહારાજે ધામની સગાઈના સંબંધે પોતાની રુહોને જગાવવા માટે શ્રી શ્યામા મહારાણીને મોકલ્યાં છે. અરે, આપણા પ્યારા પિયુજીએ પોતાની ખાસ અંગના - બડીરુહને મોકલેલ છે, તો પણ તમે તેમને કેમ ઓળખતા નથી?**

અરવાહેં જો અર્સકી, સો ઉરઝિયાં માહેં ફરેબ ।
સો સુરઝાઈયાં પટ ખોલકે, કેહે હકીકત વેદ કતેબ ॥૨॥

**પરમધામની જે રુહો છે, તે સર્વે માયાના ખેલમાં ફસાઈ ગઈ છે. શ્રી શ્યામાજીએ એમને વેદ અને કતેબની હકીકતો સમજાવીને, એમની તમામ સમસ્યાઓ મિટાવી દીધી છે.**

મજકૂર બકા બીચમેં, કિયા હક હાદી રુહન ।
દઈ ફરામોસી હાંસીયકો, બીચ અપને અર્સ મોમિન ॥૩॥

**અખંડ પરમધામમાં શ્રી રાજજી મહારાજ, શ્રી શ્યામાજી મહારાણી અને રુહોએ મળીને ઈશ્કની વાતો કરી. માટે, ધણીજીએ પોતાના ઘર - પરમધામમાં રુહોની હાંસી કરવા માટે બેહોશી આપી છે.**

ઐસી તુમેં દેખાઊં દુનિયાં, ઔર પનાહમેં રાખોં છિપાએ ।
ઓ તુમેં ના ચીન્હ હીં, ના તુમેં ઓ ચિન્હાએ ॥૪॥

**શ્રી રાજજી મહારાજે રુહોને કહ્યું, "હું તમને મારાં ચરણોમાં બેસાડીને જ એવી દુનિયા દેખાડીશ કે જ્યાં ન તમને કોઈ ઓળખી શકશે કે ન તમે કોઇને ઓળખી શકશો!**

મૈં છિપોંગા તુમસોં, તુમેં નજરમેં લે ।
પાઓ ના અર્સ યા મુઝે, કાહૂં તરફ ન પાઓ એ ॥૫॥



D:\Pranam/Chivani/119

**હું તમને મારી નજરમાં રાખીશ અને તમારાથી છુપાયેલો પણ રહીશ! તમે મને સર્વે દિશાઓમાં શોધવાના ઘણા પ્રયત્નો પણ કરશો, તેમ છતાં પણ તમે આપણા પરમધામને કે મને પામી શકશો નહિ!**

ઢૂંઢોગે તુમ મુઝકો, બોહોતક સહૂર કર ।
મેરા ઠૌર ન પાઓ યા મુઝે, ક્યોંએ ના ખુલે નજર ॥૬॥

**મને શોધવા તમે સૌ ઘણા જ બુધ્ધિપૂર્ણ પ્રયાસો કરશો, તેમ છતાં તમને ન તો મારું ઘર મળશે કે ન હું મળીશ! આપનાં અંતઃચક્ષુ કોઇપણ પ્રકારે ખુલશે નહિ!**

આંખાં હોસી ખુલિયાં, મેરી બાતાં કરો માહોં-માહેં ।
ઢૂંઢોગે માહેં બાહેર, ઔર પાવે ના કોઈ ક્યાહેં ॥૭॥

**તમારી (પર-આત્મની) આંખો તો ખુલ્લી જ હશે (પરમધામમાં) અને આપ સૌ અંદરોઅંદર મારી વાતો પણ કરશો. આપ મને પિંડ (શરીર) અને બ્રહ્માંડ (વિશ્વ) - બંનેમાં શોધશો, છતાંપણ તમારામાંથી કોઇપણ મને પામી શકશે નહિ!**

ક્યા કહૂં ભેજોગે હમકો, કે ઈતથેં કરોગે દૂર ।
કે ઈતહીં બૈઠે દેખાઓગે, હમકો અપને હજૂર ॥૮॥

**ત્યારે રુહો કહે છે કે - હે ધણી, શું તમે અમને દૂર મોકલશો કે પછી અહીં બેઠાં બેઠાં જ દૂરી થયાનો અનુભવ કરાવશો કે પછી આપ અમને આપની સમક્ષ, આપનાં ચરણોમાં જ બેસાડીને એ ખેલ બતાવશો?**

ઈતહીં બૈઠે દેખોગે, ખેલ હાંસીકા ફરામોસ ।
સહૂર કરોગે બોહોતક, પર આએ ન સકો માહેં હોસ ॥૯॥

**ત્યારે ધણીજી કહે છે, હે રુહો! આપ સૌ અહીં બેઠાં બેઠાં જ હાંસીનો ખેલ બેહોશીની અવસ્થામાં જોશો. તમે જુદા જુદા અનેક પ્રયત્ન કરશો, છતાંય હોંશમાં આવી શકશો નહિ.**
*(શિબિરો કરશો, પ્રાણનાથજી મંદિરો અને કેન્દ્રો ખોલશો, દરેક જગ્યાએ અને દરેક પ્રસંગોમાં હાજરી આપશો! છતાં પણ તમારી અંતઃદૃષ્ટિ કોઈપણ પ્રકારે ખુલી શકશે નહીં! વાણી-મંથન તો કરશો પણ તે 'બુધ્ધિ'ના સ્તર પર 'પ્રજ્ઞા'ના સ્તર પર નહીં! Despite your well-intended efforts for Jagni, you shall not wake up!)*

જ્યોં જાને બેસુધ હુએ, જૈસે અમલ ચઢ્યા જોર ।
સો તુમ ક્યોં એ ના સુનોગે, હાદી કરે બોહોતક સોર ॥૧૦॥

**તમે એટલાં બેહોશ થઇ જશો જાણે તમને કોઇ ભારે ઘેન કે જોરદાર નશો ચઢ્યો હોય! શ્રી શ્યામા મહારાણી તમને બહુ જ સમજાવશે. પણ, તમે એમની વાતો કોઈપણ પ્રકારે સાંભળશો નહિ!**

ના તુમેં અમલ ના નીંદ કછૂ, પર ઐસા ખેલ હાંસીકા એ ।
ખેલેં હઁસેં બાતેં કરેં, યાદ આવે ના હક ઘર જે ॥૧૧॥

**વાસ્તવમાં ન તો તમને કોઇ નશો ચઢ્યો હશે, ન તો કોઇ નિદ્રાવસ્થા હશે! પરંતુ હાંસીનો એ ખેલ થોડો એવો જ હશે! તમે રમશો, હસશો, વાતો કરશો. પરંતુ વાસ્તવમાં તમને મારી અને પરમધામની યાદ આવશે નહિ.**

*(ભાવાર્થઃ જાહેરીરૂપે ઉપર ઉપરથી ધણીની સેવાના નામ પર સત્સંગ અને ભંડારા કરશો, શોભાયાત્રાઓ કાઢશો અને પારાયણ કરશો!)*

ઐસા ઈલમ હાદીયપે, દેખાવે હક વતન ।
આપ પાઓ પલમેં જગાવહીં, ઈન ઈલમ આધે સુકન ॥૧૨॥

**શ્રી શ્યામા મહારાણીનું જાગ્રતબુધ્ધિનું જ્ઞાન મારી અને મારા ઘરની માહિતી આપશે. એમના જ્ઞાનનો માત્ર અડધો શબ્દ તમને એક પળના ચોથા ભાગમાં જાગ્રત કરવા સક્ષમ હશે.**

જો હુએ હોવેં મુરદે, તિનકો દેત ઉઠાએ ।
ઈન વિધ ઈલમ લદુન્ની, પર તુમેં ન સકે જગાએ ॥૧૩॥

**તારતમનું એ જ્ઞાન એટલું તો શક્તિશાળી હશે કે જેનાથી દુનિયાના જીવો, કે જેઓ નિરાકારની હદમાં જ ચક્કર મારી રહ્યા હશે, એમને તો જગાવીને અખંડ સુખો આપશે, પણ એ તમને જગાડી શકશે નહિ!**

ઐસી દેખોગે દુનિયાં, હક ન કાહૂં ખબર ।
ના સુધ અર્સ ન આપકી, કઈ ઢૂંઢત સહૂર કર ॥૧૪॥

**તમે બધા એવી દુનિયા જોશો, જ્યાંના લોકો પારબ્રહ્મને શોધવા ખૂબ પ્રયત્નો કરતા હશે. ત્યાં કોઇને પણ પારબ્રહ્મની (મારી) ખબર હશે નહિ! ન કોઇને પરમધામની, ન પોતાની જાતની ખબર (ઓળખાણ) હશે!**



D:\Pranam/Chitvani/120

ના સુધ મેરી ના વતનકી, આપુસમેં જાઓગે ભૂલ ।
ના સુધ મેરે કાગદકી, ના સુધ મેરે રસૂલ ॥૧૫॥

**તમને ન મારી કે ન તો પરમધામની યાદ રહેશે. તમને અરસપરસ પણ એકબીજાની ઓળખાણ રહેશે નહિ. તમે ન તો મારા કુરાનના સંદેશને કે ન તો મારા મોકલેલ રસૂલ સાહેબને સમજી શકશો.**

લિખી ઈસારતેં રમૂજેં, નિસાન હકીકત ।
સુધ કછૂ તુમેં ના પરે, ભૂલોગે મેરી ન્યામત ॥૧૬॥

**પરમધામની હકીકતો (નિશાનો, વર્ણનો)ને તમે જરા પણ સમજી શકશો નહિ અને મારી એ અમૂલ્ય ભેટને પણ તમે ભૂલી જશો.**

ઐસા ફુરમાન ભેજસી, ઔર યાદ દેસી રસૂલ ।
જિન અંગ ઈસ્ક તિનકા, ક્યોં હોસી ઐસા સૂલ ॥૧૭॥

**ધણીની વાતો સાંભળીને રુહો કહે છેઃ હે ધણી, આવી રીતે આપ આપનો સંદેશો મોકલશો અને આપના રસૂલ પણ જ્યારે અમોને આ સચ્ચાઈની યાદ અપાવશે; વળી, અમારાં તો તન પણ ઈશ્કનાં જ છે, ત્યારે અમારી એવી હાલત (દશા) કેવી રીતે થઈ શકશે?!**

ભૂલોગે તેહેકીક તુમ, મેરી પાઓ ના તુમ ખબર ।
એ ખેલ દેખે ઐસા હોએસી, ના સુધ આપ ના ઘર ॥૧૮॥

**ત્યારે ધણીજી કહે છે કે, હે રુહો! તમે જરૂર ભૂલી જશો. તમે મારો સંદેશો નહિ જ સમજી શકો. એ ખેલ જોતાં બસ... એવું જ કંઇ થશે; તમને ન તમારી પોતાની, કે ન તમારા ઘરની યાદ રહેશે!** *You will be able to 'download' the information, but will be unable to 'de-code or understand' the deeper essence of my words!*

એક દૂજી આપુસમેં, રહે ના રુહ ચિન્હાર ।
ના ચીન્હો બડી રુહકો, ના કછૂ પરવરદિગાર ॥૧૯॥

**તમે એકબીજાની નજીકમાં હોવા છતાં પણ પરસ્પર એકબીજાને ઓળખી શકશો નહિ. એટલે જ તમે બડીરુહ (શ્રી શ્યામાજી)ને અને પોતાના ધણીને પણ ઓળખી શકશો નહિ.**

*(ભાવાર્થઃ સાવધાન! જ્યાં સુધી આપણને આપણા સુંદરસાથની જ ઓળખાણ થઈ નથી શકતી કે તેમને સમજી શકતા નથી, ત્યાં સુધી શ્રી રાજ-શ્યામાજીની ઓળખાણ પણ*

*નિઃશંક નથી થઈ શકતી. એટલે જ સુંદરસાથના સંબંધને સસ્તો ન સમજવો. ચો.૧૯ અને ૨૧ના સંદર્ભમાં સુંદરસાથની એકદિલી અને સંવાદિતાનો ભાવ સ્પષ્ટ થઈ જાય છે.)*

રુહેં કહેં હાંસી હોસી અતિ બડી, તુમ હૂજો સબે હુસિયાર ।
ક્યોં એ ન ભૂલેં આપન, જો ખેલ જોર કરે અપાર ॥૨૦॥

**ત્યારે રુહો એકબીજીને કહે છે કે તમે સૌ સાવધાન થઇ જાઓ. બહુ મોટી રમત થવાની લાગે છે. જેમાં આપણે કોઇપણ રીતે ભૂલવાનું નથી, ભલે માયા ગમે એટલું જોર લગાવે.**

અપન સામી હાંસી કરેં હકસોં, ચલે ના ખેલકો બલ ।
અપન આગૂં ચેતન હુઈયાં, રહિએ એક દૂજી હિલ મિલ ॥૨૧॥

**આપણે શ્રી રાજજી મહારાજની સામે હસતાં હસતાં આવીશું અને કહીશું કે જુઓ તમારા ખેલની કોઇ તાકાત ચાલી નહિ. આપણે પહેલેથી જ સાવધાન થઇ ગયા છીએ, માટે એકબીજા સાથે હળીમળીને રહેવાનું છે.**

જબ આગૂંસે ખબર કરી, ક્યા કરે ફરેબ અસત ।
ઈસ્ક હમારા કહાં જાએસી, ક્યા કરસી નહીં મદત ॥૨૨॥

**જ્યારે અગાઉથી જ અમને ખબર થઇ ગઇ છે તો એ જૂઠી માયા અમારું શું બગાડશે? તે વખતે ક્યાં જશે અમારો ઈશ્ક? શું તે અમને મદદ નહિ કરે?**

*(ભાવાર્થઃ ઈશ્ક તો મદદ કરવા આવ્યો છે, પણ બુધ્ધિ જ એવી થઈ ગઈ છે કે ઈશ્કની મદદનો અનાદર કરી રહી છે!)*

ઈસ્કકા બલ ભાનકે, ક્યા ફરેબ હોસી જોર ।
નિસબત અપની હકસોં, ક્યોં દેસી મરોર ॥૨૩॥

**શું એ જૂઠો ખેલ એટલો જોરાવર હશે કે અમારા ઈશ્કની તાકાત ક્ષીણ થઈ જશે? જ્યારે અમારો મૂળ સંબંધ શ્રી રાજજી સાથે જ છે તો માયા અમને કેવી રીતે હરાવશે?**

દૂર તો કહૂં જાએ નહીં, બૈઠે પકડ હક ચરન ।
તો ફરામોસી બલ ક્યા કરે, આપન આગૂં હુઈયાં ચેતન ॥૨૪॥

**અમે અહીંથી ક્યાંય દૂર તો જતા નથી; ધણીજીનાં શ્રી ચરણોને પકડીને બેઠાં છીએ. વળી પહેલેથી જ સાવધાન પણ થઈ ગયા છીએ તો**



D:\Pranam/Chitvani/121

**પછી ફરામોશી (બેહોશી) અમારૂં શું બગાડી લેશે?**

*(ભાવાર્થઃ સુંદરસાથજી વિચારો કોણે કોને હરાવ્યા છે? શું ધણી પોતાની અંગનાઓને હરાવી શકે? ચો.૧૪-૨૩ અને ૧૫-૩૯નું મંથન કરવા યોગ્ય છે. જુઓ, ચો.૧૫માં શ્રી રાજજીએ હાર માની લીધી અને આપણને ખેલ બતાવવા માટે મજબૂર થઈ ગયા! "હાર દિયા તબ મૈં ઈનકો, રબ્દ ન કિયા હમ; જાએ ફંદિયા ઝૂઠમેં, નેક દિખાયા તિલસમ." હારીને મેં એમની સાથે વિવાદ ન કર્યો અને મારા બનાવેલા જૂઠા-જુદાઈના ખેલમાં રુહોં ફસાઈ ગઈ! પોતાના ઈશ્કને નિભાવવા માટે શ્રી રાજજીએ હાર માની લીધી અને આપણી જીદ્દના કારણે આપણને માયામાં મોકલ્યા. પરંતુ હવે, જ્યારે આપણે હાર માની લીધી છે કે "નિઃશંક આપણા જ પ્રેમમાં ખોટ આવી છે." પરંતુ એમાં હરાવનાર શ્રી રાજજી નહીં, આપણને લાગેલી માયા જ છે! શ્રી રાજજી પોતાની રુહોને કદી પણ હરાવીને નીચું જોવડાવી ન શકે!" )*

કહેં રુહેં એક દૂજીકો, નજીક બૈઠો આએ ।
જિન કોઈ જુદી પરે, રહિએ અંગ લપટાએ ॥૨૫॥

**રુહો અંદરો અંદર એકબીજીને કહે છે, "હે સખી! તું મારી નજીક આવીને બેસ. ચાલો, આપણે એકબીજાની સાથે અંગેઅંગ મિલાવીને બેસીએ. જેથી આપણામાંથી કોઇ અલગ ન થઇ શકે."**

*(ભાવાર્થઃ સુંદરસાથજી વિચારો! જાહેરી આડંબરોથી એક હોવાનો ઢોંગ કરવાથી કોઈ ફાયદો નથી. દિલ એક હોય તો સાથે બેસવાનો-એકતાનો દેખાવ કે નાટક કરવાની અથવા એવા કોઈ આડંબરની આવશ્યકતા જ રહેતી નથી! What is the purpose in being 'physically united', but 'spiritually divided'?)*

હાથોં-હાથ ન છોડિએ, લગ રહિએ અંગોં અંગ ।
ઈન વિધ એક દિલ રાખિએ, કોઈ છોડે ના કાહૂકો સંગ ॥૨૬॥

**હે સખીઓ! ચાલો એકબીજાના હાથ જોરથી પકડીએ, જેથી છૂટા જ ન પડાય અને એકબીજી સાથે અંગેઅંગ લપટાવીને બેસીએ. આપણામાંથી કોઇપણ કોઇનો સાથ છોડશે નહિ. આ રીતે આપણે આપણી એકદિલી નિભાવી શકીશું.**

*(ભાવાર્થઃ અહીં જુઓ! રુહોમાં એકદિલી માટેનો જૂઠો પ્રયાસ! રુહોંનું એક વધારે નાદાની-blunder! માત્ર એક સાથે બેસવાથી એકદિલી થોડી જ થઈ જાય છે?)*

હમ હમેસા એક દિલ, જુદિયાં હોવેં ક્યોં કર ।
હક ખેલ દેખાવહીં, કર આગેસે ખબર ॥૨૭॥

અને હા! અમારી એકદિલી તો સદાયથી જ છે. આપણે જુદા કેવી રીતે થઇ શકીએ? શ્રી રાજજી મહારાજ પહેલેથી જ સાવધાન કરીને તો આ ખેલ બતાવી રહ્યા છે.

અંગ જુદે ના હો સકેં, તો ક્યોં હોએ જુદે દિલ ।
એક જરા જુદે ના હોએ સકેં, અંગ યોં રહેં હિલ મિલ ॥૨૮॥

જ્યારે અમારાં તન એકબીજાથી અલગ નથી થઇ શકતાં ત્યારે અમારાં દિલો કેવી રીતે જુદા થઇ શકશે? અમારાં અંગો પરસ્પર એવાં લગોલગ જોડાયેલાં છે કે જરા પણ જુદાઈ સંભવ જ નથી!

*(ભાવાર્થ: રુહોની નાસમજ વાતો અને ફરામોશીની હદ તો જુઓ! રુહોને તો એટલી પણ ખબર ન હતી કે તેમનાં દિલ કદી તનની બહાર પણ ફરવા જઈ શકે છે! )*

રુહેં કહેં એક દૂજીકો, જિન અંગ જુદા કરો કોએ ।
ઈન વિધ રહો લપટાએકે, સબ એક વજૂદ જ્યોં હોએ ॥૨૯॥

ફરીથી, રુહોએ પરસ્પર કહ્યું કે કોઇપણ પોતાનાં તનને જરા પણ જુદાં થવા દેશો નહિ. એવી રીતે વળગી રહો કે જાણે આપણા સૌનું તન એક જ હોય!

રુહેં રબ્દ કર બૈઠિયાં, જાનેં સામી હાંસી કરેં હકસોં ।
પર હકેં હાંસી ઐસી કરી, સુધ જરા ન રહી કિનમોં ॥૩૦॥

એવી રીતે બધી જ રુહો શ્રી રાજજી મહારાજ સાથે વાદે ચઢી અને એવા જ વિચારોમાં ગરક રહી કે ખેલ જોયા (પૂરો થયા) બાદ તો આપણે જ શ્રી રાજજીની હાંસી ઉડાવીશું! પરંતુ હવે જુઓ, શું થઈ રહ્યું છે. શ્રી રાજજીએ એવી જબરજસ્ત હાંસી કરી છે કે આપણામાંથી કોઇને જરા પણ સુધ (સમજ) જ નથી રહી!

## ૧૪.૨ : સુંદરસાથજી, વિચારો! ખેલમાં આવીને આપણે શું કર્યુ? શું થયું? અને શું થઈ રહ્યું છે?

એક વજૂદ હોએ બૈઠિયાં, ખેલેં ઐસી દઈ ભુલાએ ।
કૌલ ફૈલ હાલ સબ જુદે, દિલ ઐસે દિએ ફિરાએ ॥૩૧॥

એક જ તનના અંગ હોઇએ એવી રીતે એકરસ થઇને બેસવા છતાં માયાએ આપણને એવાં તો ભૂલાવી દીધાં કે બધાના કૌલ(કહેણી),



D:\Pranam/Chitvani/122

ફૈલ(કરણી) અને હાલ(રહેણી) અલગ અલગ થઇ ગયા છે. માયાએ આપણાં દિલોને ફેરવી નાંખ્યા છે!

જાત ભાંત જિનસેં જુદી, જુદી જુદી જિમી પૈદાએ ।
સબ બૈઠિયાં અંગ લગાએકે, ખેલેં કહૂં દિએ ઉલટાએ ॥૩૨॥

સંસારમાં રુહોને જુદી-જુદી જાતોમાં રીતિ-રિવાજોમાં અને અલગ અલગ દેશમાં મોકલી દીધી. મૂલમિલાવામાં તો સૌ એકબીજાના અંગ સાથે અંગ લગાવીને બેઠેલ છે, પરંતુ ખેલમાં તો એમને વિરુદ્ધ હાલતમાં અલગ અલગ કરી મૂક્યાં છે.

જુદે જુદે કબીલોં, કર બૈઠિયાં અપના ઘર ।
જાનેં હમ ઈત કદીમકે, જુદે હોવેં ક્યોં કર ॥૩૩॥

રુહો સંસારમાં જુદાં-જુદાં કુટુંબ-પરિવારોમાં પોતાના અલગ અલગ ઘરોમાં બેસી ગઈ છે, જાણે અહીંના ઘર અને પરિવારના સંબંધ અનાદિકાળથી જ છે. એમને એવું લાગી રહ્યું છે કે આ બધાંથી અમે અલગ થઈ જ કેવી રીતે શકીએ?

સો ભી કબીલે સ્વારથી, દુખ આએ ન કોઈ અપના ।
જાત વજૂદ ભી રંગ બદલે, જ્યોં ફના હોત સુપના ॥૩૪॥

સાંસારિક પરિવાર પણ કેવો સ્વાર્થી હોય છે કે દુઃખ આવતાં આપણો નથી રહેતો, દુઃખ આવતાં જ પોતાનો સંબંધ અને દેખાવ પણ પળભરમાં બદલી લે છે-કાચિંડાની જેમ! બરાબર તેવું જ વર્તે છે જેવું સ્વપ્નનું અસ્થાયી સ્વરૂપ!

રુહેં સુધ ના એક દૂજીકી, ના મિનોં મિનેં પેહેચાન ।
યાદ બિના જાત મુદ્દત, કાહૂં સુપને ન આવેં સુભાન ॥૩૫॥

રુહોને નથી પોતાની કે પરસ્પર એકબીજાની ઓળખાણ! પોતાની મૂળ નિસ્બતની યાદો વિના યુગો વીતી રહ્યાં છે. કોઇનેય પોતાના ધામધણીની યાદ સ્વપ્નમાં પણ આવતી નથી!

ખેલ તો હૈ એક ખિનકા, રુહેં જાનેં હુઈ મુદ્દત ।
કઈ કુરસી હુઈ કઈ હોએસી, ગઈયાં ભૂલ મૂલ સોહોબત ॥૩૬॥

આ ખેલ તો છે માત્ર પળભરનો પણ રુહોને એવું લાગી રહ્યું છે કે જાણે કેટલાયે યુગો વીતી ગયા હોય! આ સંસારમાં આપણી કેટલીય પેઢીઓ

**થઇ ગઇ છે અને હજી કેટલીય થશે પણ ખરી! (સંસ્કારોના પ્રભાવમાં) તેઓ પોતાના મૂળ પરમધામના સાથ-સંબંધોને ભૂલી ગઈ છે.**

આઈયાં ઝૂઠે કબીલેમેં, ભૂલ ગઈયાં બકા વતન ।
સુખ અર્સ અજીમકે, હાએ હાએ ફરેબ દિયા દુની ઈન ॥૩૭॥

**રુહો જૂઠાં કુટુંબ-કબીલામાં આવીને પોતાના અખંડ પરમધામને અને ત્યાંના અખંડ સુખોને ભૂલી ગઈ. હાય! હાય! આ જૂઠી માયાએ એમની સાથે કેવો છળ કર્યો છે!**

### ૧૪.૩ : પારબ્રહ્મ અને પરમધામના વિષયમાં હિંદુ અને બિનહિંદુ બંને બેસુધ!

તિન કબીલેમેં રેહેના, પૂજેં પાની આગ પત્થર ।
બેસહૂર ઈન ભાંતકે, જાન બૂઝ જલેં કાફર ॥૩૮॥

**રુહોને એવા પરિવારોમાં રહેવાનું થયું - જ્યાં પાણી, આગ અને પથ્થરને પરમાત્મા સમજીને તેની પૂજા કરવામાં આવતી હોય. તેઓ એટલા અણસમજુ છે કે વાસ્તવિકતા સમજવા-વિચારવા છતાં અશ્રદ્ધાળુ કાફરની જેમ નિરાકારની આગમાં બળી રહ્યા છે.**

બડકે ફના હો ગએ, ઔર હાલ હોત ફના ।
આખિર ફના સબ પીછલે, જાએ ગિનતે રાત દિના ॥૩૯॥

**એમના વડીલો એવી જ સમજમાં મરી ગયા અને જે જીવીત છે તે પણ એવી જ સમજમાં મરી(નિરર્થક જીવી) રહ્યા છે. આ પ્રકારની ગણતરી કરતાં કરતાં તેમનાં રાત-દિવસ વીતી જાય છે.**

કહેં હમકો ઈન વતનમેં, મૌત આવેગી અબ ।
નફા નુકસાની હો ચુકી, ફેર જનમ લેવેં કબ ॥૪૦॥

**અંતમાં પણ બધા સંસારી લોકો કહે છે કે, અમને તો આ ઘર (શરીર-દુનિયા)માં કોઇપણ પળે મોત આવી શકે છે. મરતાંની સાથે જ અમારા સારાં-નરસાં કાર્યોનાં ફળ-નફો કે નુકશાન પણ મળી જશે. ખબર નહિ, બીજીવાર જન્મ મળશે પણ ખરો કે નહિ!**

ઐસા મૌત અપના જાનકે, લેત હૈં નુકસાન ।
જાગકે નફા ન લેવહીં, સુન ઐસા હક ફુરમાન ॥૪૧॥



D:\Pranam/Chivani/123

**પોતાનું મોત નિશ્ચિત છે એ જાણવા છતાં પણ લોકો પોતાનું અમૂલ્ય જીવન વ્યર્થમાં વેડફી રહ્યા છે. આટલી બેશક વાણી સાંભળવા છતાં પણ લોકો જાગૃત થઇને મનુષ્ય તનનો સર્વશ્રેષ્ઠ લાભ ઉઠાવતા નથી.**

ઉમર ખોવેં નુકસાનમેં, પર કરેં નાહીં સહૂર ।
યાદ ન કરેં તિનકો, જિનકા એતા બડા જહૂર ॥૪૨॥

**પોતાની આખી જીંદગી સંસારના વ્યર્થ (અસાર) કામોમાં ગુમાવી દે છે, પરંતુ આત્મતત્વ બાબતે કોઇ વિચાર પણ કરતું નથી. જે પારબ્રહ્મની આટલી બધી જાહોજલાલી છે, તેમને યાદ પણ કરતા નથી.**

કહેં હિન્દૂ પીછે મૌતકે, હમ જનમ લેસી ફેર ।
જો અબ હમ ભૂલેંગે, તો નફા લેસી ઔર બેર ॥૪૩॥

**લાપરવાહીમાં હિંદુ લોકો કહે છે કે મર્યા પછી અમે ફરીથી જન્મ લઈશું. અગર આ જન્મમાં અમારાથી કોઇ ભૂલ થઈ પણ જશે તો તે બીજા જન્મમાં સુધારી લઈશું અને સત્કર્મ દ્વારા ગુમાવેલું ફળ મેળવી લઈશું!**

ખેલ ઐસા ફરેબકા, સબ હવાકો પૂજત ।
સુધ દોઊકો ના પરી, કાયમ બકા સુખ કિત ॥૪૪॥

**એ ખેલ એવો તો ભૂલવનારો છે કે બધા જ નિરાકારની પૂજામાં લાગેલા છે. એવી રીતે હિંદુ અને બિન-હિંદુઓને અખંડ પરમધામમાં સુખોની ખબર જ નથી.**

એ તેહેકીક કિને ના કિયા, કહાવેં સબ બુજરક ।
જેતી બાત લ્યાવેં ઈલમકી, તિન સબોંમેં સક ॥૪૫॥

**બધા જ પોતાને મોટા જ્ઞાની કહેવડાવે છે, પરંતુ પારબ્રહ્મ અને એમના ધામના વિષયે કોઈ દૃઢ વિશ્વાસપૂર્ણ વાત નથી કરી શક્યા. જેઓ તારતમના પ્રકાશમાં પારબ્રહ્મના જ્ઞાનની વાતો બતાવે છે, તેઓ પર તે શંકા લાવે છે.**

### ૧૪.૪ : સંસાર કોઇકના હુકમથી તો બન્યો છે, પણ કોના હુકમથી અને તે હુકમ કરનાર છે ક્યાં?

એ દુનિયાં ઈન વિધકી, તાએ એતી સુધ સબન ।
હમ સબ બીચ ફના મિને, ઠૌર બકા ન પાયા કિન ॥૪૬॥

આ પ્રકારની છે આ દુનિયા, કે જેમાં દરેકને એટલી તો ખબર જરૂર છે જ કે આપણે સૌ નાશવંત સંસારમાં છીએ અને અહીં કોઇને પણ અખંડ ઘર-પરમધામનું ઠેકાણું મળ્યું નથી.

એતા ન જાને દુનિયાં, કહાંસે આએ કૌન હમ ।
આએ કૌન ફરેબમેં, એ હુઆ કિનકે હુકમ ॥૪૭॥

અરે! દુનિયાના લોકોને તો એટલી પણ ખબર નથી કે અમે કોણ છીએ? ક્યાંથી આવ્યા છીએ? કેવા જૂઠા જગતમાં આવી ચડ્યા છીએ અને એ કોની આજ્ઞાથી બન્યું છે?

સબ કોઈ કહે હુકમેં હુઆ, જિન હુકમ કિયા સો કિત ।
સો કિનહૂં ના પાઇયા, તાએ ખલક ગઈ ખોજત ॥૪૮॥

અહીં સૌ કોઇ એમ તો કહે જ છે કે આ સંસાર કોઇકની આજ્ઞાથી તો બન્યો છે. પણ જેમણે એ બનાવવાની આજ્ઞા કરી, એ ક્યાં છે? સમસ્ત સંસારના લોકો એને શોધી રહ્યા છે, પણ તે કોઇને મળ્યા નહિ.

અવતાર તીર્થંકર બડે હુએ, બડે કહાવેં પૈગંમર ।
પટ બકા કિન ખોલ્યા નહીં, સબોં કહ્યા ખુલે આખિર ॥૪૯॥

મોટા મોટા અવતારો, તીર્થંકરો થયા તથા પોતાને મોટા પયગમ્બર કહેવાવાળા પણ થયા. પરંતુ કોઇપણ પરમધામ સંબંધી વાતો સ્પષ્ટ કરી શક્યા નથી. દરેકે માત્ર એટલું જ કહ્યું કે એ ભેદ માત્ર અંત સમયે જ ખુલશે.

## ૧૪.૫ : સંસારમાં સૌ પોતપોતાની ઈચ્છાનુસાર પૂજા-પધ્ધતિ કરે છે!

સબ પૂજેં ખાહિસ અપની, યાહી ફનાકી વસ્ત ।
મિટ્ટી આગ પાની પત્થર, કરેં યાહીકી સિફત ॥૫૦॥

સૌ કોઈ પોતપોતાની ઈચ્છાનુસાર આ સંસારનાં માટી, પાણી, અગ્નિ અને પથ્થરની પૂજા કરીને એની પ્રશંસામાં મગ્ન રહે છે.

ઝૂઠે ઝૂઠા રાચહીં, દિલ સાંચ ન પાવત ।
એ સાંચ ક્યોં કર પાવહીં, પેહેલે દિલમેં ન આવત ॥૫૧॥

આ જૂઠા સંસારમાં જૂઠનો એવો પ્રભાવ છે કે એ લોકોના દિલ સત્યને પકડી શકતા નથી. એ લોકો સત્યને સમજે પણ કેવી રીતે, જ્યારે



D:\Pranam/Chivani/124

તેઓના દિલમાં સત્યને પામવાની શુભેચ્છા જ ન જાગી હોય?

નાસૂત ઔર મલકૂત લગ, ઈનકી યાહી બીચ નજર ।
દેખ કિતાબેં યોં કહેં, હમ પાઈ નહીં ખબર ॥૫૨॥

એમની નજર તો બસ મૃત્યુલોક અને વૈકુંઠ સુધી જ સીમિત રહે છે. એટલે જ ધર્મગ્રંથોમાં (પરમધામ અને પારબ્રહ્મની સાક્ષી) જુએ છે તેમ છતાં પણ તેઓ કહી દે છે કે (વૈકુંઠથી આગળ) અમને કોઇની પણ સાક્ષી કે ઠેકાણું મળતું નથી.

ઈન બિધ બોલેં કિતાબેં, દેખો દિલકે દીદોં માહેં ।
કાનોં સુન્યા સો કછુએ નહીં, એ દેખ્યા સો ભી નાહેં ॥૫૩॥

દરેક ધર્મગ્રંથ એટલું તો સ્પષ્ટ કહે છે કે દરેક મનુષ્યે આત્મચિંતન કરવું જોઇએ. તથા જે કંઇ કાને સંભળાય છે અને આંખે દેખાય છે એ બંનેનું વાસ્તવમાં કોઇ અસ્તિત્વ જ નથી.

જાન બૂઝ પૂજેં ફનાકો, કહેં એહી હમારા ખુદાએ ।
હમ છોડે ના કદીમકા, જો બડકોં પૂજ્યા ઈપ્તદાએ ॥૫૪॥

અને છતાં પણ દુનિયાના લોકો જાણી જોઈને એવા નાશવંત (નિર્જીવ) પદાર્થોની પૂજા કરે છે અને કહેતા ફરે છે કે એ (માટી, આગ, પાણી અને પથ્થર) અમારા પરમાત્મા છે. અમારા પૂર્વજોએ પહેલેથી જ જેમની પૂજા કરી છે, તેમનો મૂળ વ્યવહાર (પરંપરા) તો અમે કોઇપણ સંજોગોમાં છોડી શકીએ નહિ.

ઈસ્ક લગાવેં તિન સોં, જો દુખરૂપી દિન રાત ।
કાયમ સુખ અર્સકા, કહૂઁ સુપને ન પાઇએ બાત ॥૫૫॥

આ રીતે લોકો એને જ પ્યાર કરતા રહે છે, જે રાત-દિન દુઃખનું જ રૂપ છે. એમને તો સ્વપ્નમાં પણ પરમધામનું અખંડ સુખ મળતું નથી.

## ૧૪.૬ : દુનિયા અખંડજ્ઞાનની રોશની આપનાર 'સૂર્ય'ની ઓળખ નથી!

ઐસી દેખાઈ દુનિયાં, જાનેં સાંચ હે હમેસગી ।
સાંચો વિચાર જબ કર દિયા, તબ ઝૂઠોં ભી ઝૂઠ લગી ॥૫૬॥

શ્રી રાજજી મહારાજે એવી દુનિયા બતાવી છે જે રુહોને પણ અખંડ

અને સાચી લાગી રહી છે. જ્યારે સાચી બ્રહ્મસૃષ્ટિઓ વિચાર કરીને જાગૃત થઈ જશે, પછી તો દુનિયાના જૂઠા જીવોને પણ એ માયા જૂઠી જ લાગશે.

હુઈ રાત અંધેરી ફરેબકી, ફિરત ચિરાગેં દોએ ।
આપ અર્સ હકકી, ઈનસે ખબર ન હોએ ॥૫૭॥

**સર્વત્ર ભ્રમિત કરનારી માયાની અંધારી રાત્રિ છવાઈ ગઈ છે. જેમાં સૂર્ય(વેદ) અને ચંદ્ર (કતેબ) રૂપી બે જ્ઞાનના દીપક ફરી રહ્યા છે. એ બંનેના જ્ઞાનના પ્રકાશથી પોતાની, અખંડ પરમધામની કે પારબ્રહ્મની ઓળખાણ થતી નથી.**

દુનિયાં ઈન ચિરાગકો, રોસન કર બૂઝત ।
આપ વતન હક બકાકી, ઈનસે કછૂ ના સૂઝત ॥૫૮॥

**દુનિયાના લોકો આ બંને દીપકો (સૂર્ય સમાન વેદ અને ચંદ્રમા સમાન કતેબ)ને જ્ઞાનની રોશનીના મૂળસ્રોત તરીકે સમજે છે, પરંતુ એમ માનવાથી પોતાના નિજઘર તથા નિજવરની જરા પણ ઓળખાણ નથી થઈ શકતી.**
*(ભાવાર્થ : આજે દુનિયાના જીવો ભાવનાત્મકરૂપે પ્રાકૃતિક સૂર્ય અને ચંદ્રની, જ્ઞાનની દૃષ્ટિએ વેદ તથા કતેબ ધર્મગ્રંથની પૂજા કરે છે, જે નિરાકાર સુધી સીમિત હોવાથી અક્ષરાતીતની ઓળખાણ કરાવી શકવામાં સક્ષમ નથી.)*

ઢૂંઢ થકે અર્સકો, ચૌદે તબક ન પાયા કિન ।
રાત ફનાકો છોડકે, કિન દેખ્યા ન સૂર રોસન ॥૫૯॥

**સંસારી લોકો પરમધામને શોધતાં શોધતાં થાકી ગયા. પરંતુ ચૌદેલોકમાં કોઇને પણ તે મળ્યું છે. આ નાશવંત અંધારી રાત્રિ જેવા સંસારને છોડીને કોઇએ પણ અખંડ જ્ઞાનનો પ્રકાશ આપનાર સૂર્ય (શ્રી પ્રાણનાથ)ને જોયા-સમજ્યા નહિ.**

ચૌદે તબક જુલમતસે, પેહેલે કહી જો રાત ।
દિન કાયમ સૂર અર્સકી, ઈત કાહૂં ન પાઈએ બાત ॥૬૦॥

**આ ચૌદલોકનો સંસાર નિરાકારથી પેદા થયેલ છે - જેને આગળ "અંધારી રાત" કહેવામાં આવી છે. એમાં અખંડ પરમધામની કે જ્ઞાનના સૂર્યની વાત તો ક્યાંય પણ સાંભળવા મળતી નથી.**





સૂર ઊગ્યા તબ જાનિએ, એ રોસન હુઆ અર્સ હક ।
દુનિયાં સબકે અંગમેં, કાહૂં જરા ન રહી સક ॥૬૧॥

**અખંડ જ્ઞાનનો સૂર્ય ઊગી ગયો છે એવું ત્યારે મનાય જ્યારે શ્રી રાજજી મહારાજ અને એમનું પરમધામ જાહેર થઈ જાય અને સમગ્ર સંસારના જીવોનો કોઇપણ પ્રકારનો સંશય રહી ન જાય.**

### ૧૪.૭ : સાથજી! જ્ઞાનના સૂર્યોદયની નિશાનીઓ સમજી લો

અર્સ બકા જાહેર હુઆ, તબ હુઈ ફજર ।
અર્સ દેખાયા ઈલમેં, ખુલી બાતૂન સબોં નજર ॥૬૨॥

**સાથજી! જ્યારે અખંડ પરમધામ જાહેર થશે, અર્થાત્ જાગ્રત ઈલમથી બધાને પરમધામ દેખાવા લાગશે, ત્યારે સમજવું કે જ્ઞાનનું પ્રભાત થઈ ગયું છે અને સૌની અંતઃદૃષ્ટિ ખુલી રહી છે.**

હકીકત કુરાનમેં, એ લિખી નીકે કર ।
સબકો કરસી કાયમ, જાહેર હુએ કાયમ ખબર ॥૬૩॥

**કુરાનમાં સ્પષ્ટપણે કહ્યું છે કે, ખુદા-પારબ્રહ્મની હકીકત જાહેર થતાં જ તેઓ સૌ જીવોને કાયમી મુક્તિ આપશે.**

જો હોસી રુહેં અર્સકી, તિન આવે ઈમાન અવ્વલ ।
આખિર તો સબ લ્યાવસી, દોજખકી આગ જલ ॥૬૪॥

**એમાં જેઓ પરમધામની રુહો હશે એમને તો પહેલેથી જ વિશ્વાસ આવી જશે અને અંતમાં તો દોજખ-પશ્ચાત્તાપની અગ્નિમાં બળી ગયા બાદ સૌ કોઇ ઈમાન (વિશ્વાસ) લાવશે જ.**

સો તાલા ઈન મુસાફકા, ક્યોં ખુલે ઈમાન બિન ।
ખોલે તાલા ફરેબ ક્યોં રહે, જબ ઉગ્યા બકા અર્સ દિન ॥૬૫॥

**કુરાનની આ વાતોનું રહસ્ય એક પરમાત્મા અને એમના ધામ પર વિશ્વાસ લાવ્યા સિવાય કેવી રીતે ખુલી શકે? એ બધા રહસ્યોના ભેદો ખુલ્યા પછી તથા અખંડ પરમધામના જાગૃત ઈલમનો સૂર્યોદય થયા પછી, માયા ટકી જ શી રીતે શકે?**

જોલોં તાલા ખુલે નહીં, દ્વાર અથરવન કતેબ ।
પાઈ ના તરફ હક બકા, ના કછૂ ખેલ ફરેબ ॥૬૬॥

**જ્યાં સુધી અથર્વવેદ અને કુરાનનાં ગૂઢ રહસ્યોના ભેદો ખૂલી ગયા નહોતા, ત્યાં સુધી કોઈને પરમાત્માની, એમના પરમધામની કે જૂઠી માયાના ખેલની ઓળખાણ થઈ નહોતી.**

*(ભાવાર્થ : ૧. ત્રણેય વેદોના કથન પ્રમાણે - અથર્વવેદ જ કલિયુગમાં સંપૂર્ણ જીવસૃષ્ટિને ભવસાગર પાર કરાવશે (કિરંતન ૭૩/૩૨). ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાં જ્ઞાન, કર્મ અને ઉપાસનાનાં વિવેચન છે, પરંતુ અથર્વવેદના 'કેન સુક્ત'માં બ્રહ્મપુરીનું સ્પષ્ટ વર્ણન છે. જેમાં કહ્યું છે કે - અતિશય તેજોમય, જ્યાં કોઈપણ પ્રવેશી ન શકે, એવી જ્યોતિર્મય બ્રહ્મપુરીમાં બ્રહ્મ વિરાજમાન છે. પરંતુ તારતમજ્ઞાનવિહિન લોકો તેને (બ્રહ્મને) પોતાના શરીર પર ઘટાવે છે. પારબ્રહ્મ અને એમના ધામને નિરાકાર જ બતાવે છે. તારતમજ્ઞાન (કુલજમ સ્વરૂપ સાહેબ)ના પ્રકાશમાં પારબ્રહ્મના ધામ, સ્વરૂપ અને લીલા સંબંધી અથર્વવેદના મંત્રોના રહસ્યો સ્પષ્ટ થઈ ગયાં છે અને સંપૂર્ણ બ્રહ્માંડની મુક્તિનાં દ્વાર પણ ખુલી ગયાં છે. ૨. ઉપરોક્ત ચોપાઈમાં કુરાનના રહસ્યોના જાહેર થવાનું તાત્પર્ય એ છે કે સંસારને અલ્લાતાલા-ખુદાના નૂરી સ્વરૂપ, નૂરીધામ-અર્શ અજીમની જાણકારી પ્રાપ્ત થઈ જશે. શરીયત (કર્મકાંડી) મુસલમાન ખુદાને નિરાકાર, નિર્ગુણ માને છે, પરંતુ એમની પાસે આ પ્રશ્નોના ઉત્તર નથીઃ જો ખુદાની સૂરત નથી (નિરાકાર છે) તો મહંમદ સાહેબને આદેશ (સંદેશ) કોણે આપ્યો? જો મહંમદ સાહેબે ખુદાના દર્શન (મેયરાજ) કર્યા, તો તે અર્શ-અજીમ ક્યાં છે? મહંમદને ત્યાં શા માટે બોલાવ્યા? અગર ખુદા નિરાકાર હોય તો તેઓ આદેશ આપી જ કેવી રીતે શકે? કિરંતન - પ્ર.૭૩/૩૯-૪૧. તારતમજ્ઞાનના પ્રકાશમાં કુરાનના આ બધા જ પ્રશ્નોના જવાબ સ્પષ્ટપણે મળી જાય છે.)*

## ૧૪.૮ : તારતમજ્ઞાન થકી રુહોની અંતઃદૃષ્ટિ ખુલતાં ધણી અને ધામ જાહેર થશે

એ હકીકત જિનકી, અપની ખોલે સોએ ।
સો ખોલે હક જાહેર હુઆ, તબ ક્યોં કર રેહેવે દોએ ॥૬૭॥

**એ જેમની પોતાની હકીકત છે માત્ર એજ એ હકીકત (બાબત)નો ભેદ ખોલી શકે છે. હવે, જે હકીકતો ખુલવાથી પારબ્રહ્મ જાહેર થયા છે, ત્યારે શું એ ભેદ ખોલનાર અને પારબ્રહ્મ આ બે વચ્ચે કોઈ અંતર હોઇ શકે ખરું?**

ફરેબ કછુએ ના રહ્યા, રોસન ઉમત કરી જબ ।
હક અર્સ જાહેર હુઆ, તબ કાયમ દુની હુઈ સબ ॥૬૮॥



D:\Pranam/Chitvani/126

**એમણે જ્યારે બ્રહ્મસૃષ્ટિઓને જાગૃત ઈલમ (તારતમજ્ઞાન)થી જગાવીને જાહેર કરી દીધી, ત્યારે એમની અંદર માયાનો અંશમાત્ર રહ્યો નહિ. હવે જ્યારે આ સૌ મોમિનો દ્વારા 'મારફત'સ્વરૂપ શ્રી રાજજી મહારાજ અને 'હકીકત'સ્વરૂપ પરમધામ જાહેર થશે, ત્યારે આ સમસ્ત સંસારના જીવો ભિસ્તમાં અખંડ થશે.**

લિખ્યા દિન બકા મુસાફમેં, ખોલે બાતૂન હોસી ફજર ।
લિએ હકીકત હૈયાતી, બકા સુખ પાવેં આખિર ॥૬૯॥

**તારતમજ્ઞાનથી રુહોની અંતઃદૃષ્ટિ ખુલવાથી 'મારફત' સ્વરૂપ શ્રી રાજજી મહારાજ અને હકીકત સ્વરૂપ પરમધામ જાહેર થશે. એ સમયની વાતો કુરાનમાં બતાવેલી છે. હવે આખરી સમયમાં એ ઈલમની હકીકતોની ઓળખાણ તથા તેને યાદ કરીને રુહો પોતાના અખંડઘરનાં સુખો પ્રાપ્ત કરશે.**

કુંજી ભેજી હાથ રુહઅલ્લા, પર ખોલ ન સકે એ ।
ફુરમાન ખુલે આખિર, હાથ સૂરત હકી જે ॥૭૦॥

**શ્રી રાજજી મહારાજે શ્રી શ્યામાજી સાથે તારતમજ્ઞાનરૂપી ચાવી તો મોકલાવી, પરંતુ તેઓ કુરાનના એ રહસ્યો ખોલી શક્યા નહિ, કેમ કે એ કામ અંતમાં હક્કીસ્વરૂપ ઈમામ મેહેંદી શ્રી પ્રાણનાથજી દ્વારા થવાનું હતું.**

સહૂર દિયા સાહેબને, ફુરમાન ભેજ્યા હાથ રસૂલ ।
પાવે ન હકીકત મુસાફકી, એ ખોલિએ કિન સૂલ ॥૭૧॥

**ધામધણી શ્રી રાજજી મહારાજે આજ્ઞા આપીને રસુલ સાહેબ સાથે કુરાન તો મોકલાવ્યું, પરંતુ તેઓ ગૂઢ વાતોની હકીકત ખોલી જ કેવી રીતે શકે? કારણ કે, એ કામ તો ઈમામ મેહેંદીના હાથે થવાનું નિશ્ચિત હતું.**

## ૧૪.૯ : બસરી, મલકી અને હક્કીઃ ત્રણ સૂરતોની લીલાની હકીકત

રસૂલ કહે ફુરમાનમેં, મેરી તીનોં એક સૂરત ।
સો પોહોંચી નજીક હકકે, ઔર કોઈ ન પોહોંચ્યા તિત ॥૭૨॥

**સાથજી! કુરાનમાં રસુલ સાહેબ કહે છે કે, મારી ત્રણ સૂરતો - બસરી, મલકી અને હક્કી હકીકતમાં એક જ છે. માત્ર તે ત્રણ સૂરતો જ શ્રી રાજજી મહારાજ પાસે મૂલમિલાવામાં પહોંચી શકે છે. એમના સિવાય ત્યાં**

**કોઇપણ જઈ શક્યું નથી.**

બસરી મલકી ઔર હકી, માહેં ફૈલ તીનોંકે ।
સો ખોલે ફુરમાનકો, આખિર સૂરત હકી જે ॥૭૩॥

**એ ત્રણે સૂરતો દ્વારા થનાર લીલાઓની હકીકતો કુરાનમાં ઈશારાઓમાં લખાયેલી છે. જેમાં એ પણ જણાવવામાં આવેલ છે કે એ સૌનાં છુપાં રહસ્યો આખરમાં આવનાર હક્કી સૂરત ખોલશે.**

ઔર ચાહે કોઈ ખોલને, ક્યોંકર ખોલે સોએ ।
સો કૌલ ખોલે હક હુકમેં, ફૈલ હાલ જિનોંકે હોએ ॥૭૪॥

**એમના સિવાય કોઈ રહસ્ય ઉકેલવા ચાહે તો પણ કેવી રીતે ઉકેલી શકે? જેમની કરણી અને રહેણી ધણી અને ધામને અનુકૂળ હોય તેઓ જ શ્રી રાજજીની આજ્ઞાનુસાર છુપાં રહસ્યોને ખોલીને પોતાનો વાયદો પુરો કરી શકે છે.**

હુઆ દીદાર સબ મેયરાજમેં, જો હરફ કહે હકેં મુઝ ।
જો છિપે રખે મૈં હુકમેં, સો કૌન જાહેર કરે મેરા ગુઝ ॥૭૫॥

**રસુલ સાહેબ કહે છે કે, 'મેયરાજ'ની રાત્રિમાં જ્યારે મને દર્શન થયા તે સમયે ખુદા (શ્રી રાજજી)એ જે ૯૦,૦૦૦ હરફ(શબ્દો) કહ્યા તે મેં એમના હુકમ અનુસાર છુપાવી રાખ્યા. એ છુપાં રહસ્યોને સ્વયં તેમના સિવાય બીજું કોણ જાહેર કરી શકે?**

જો હુકમ હુઆ જાહેરકા, સો જાહેર કિએ મૈં તબ ।
બાકી રખે જો હુકમેં, સો હુકમેં જાહેર કરોં અબ ॥૭૬॥

**મને જેટલો હુકમ હતો એટલા (હરફ) તે સમયે મેં જાહેર કર્યા. શ્રી રાજજી કહે છે કે - તે સમયે (મહંમદ સાહેબને) બાકીના જેટલા રહસ્યો ખોલવાનો હુકમ નહોતો, તે બધાં હવે હું જાહેર કરું છું.**

એ બાતેં સબ મેયરાજકી, રખેં જાહેર તીન સૂરત ।
ઔર કોઈ ન કેહે સકે, એ અર્સ હક ન્યામત ॥૭૭॥

**'મેયરાજ'ની એ બધી વાતોને હવે મારી ત્રણ સૂરતો જાહેર કરશે. શ્રી રાજજી મહારાજ તથા પરમધામની એ બક્ષિસો અને ભેદોને આ ત્રણ સિવાય બીજું કોઇ કહેવા સમર્થ નથી.**



D:\Pranam/Chitvani/127

ઔર તીનોં સૂરત, રુહેં ફરિસ્તે ઉમત ।
જો આખિર ઈનોંમેં ગુજરી, મુસાફમેં સોઈ હકીકત ॥૭૮॥

**મારી એ ત્રણ સૂરતો તથા બ્રહ્મસૃષ્ટિ અને ઈશ્વરીસૃષ્ટિ પર આખર સુધી જે વિતશે તે આપવીતીની હકીકતો કુરાનમાં છે, જેને શ્રી રાજજી મહારાજ પોતે ખોલી રહ્યાં છે.**

સો ખોલે આપે અપની, હકીકત ફુરમાન ।
ખોલે પરદે નૂર પારકે, હુઈ અર્સ પેહેચાન ॥૭૯॥

**એમણે આ જ્ઞાનનો પડદો હટાવ્યો અને સૌને અક્ષરના યોગમાયાથી પાર, અક્ષરાતીતના પરમધામની માહિતી આપી.**

સક જરા કિન ના રહી, જબ ખોલે તાલે એ ।
હુઆ સૂર બકા અર્સ જાહેર, લિખ્યા મુસાફમેં જે ॥૮૦॥

**જ્યારે એમણે સૌ રહસ્યોને ખોલી દીધાં ત્યારે કોઇને જરા પણ સંશય રહ્યો નહિ. હવે કુરાનમાં બતાવેલ અખંડ પરમધામના જ્ઞાનનો સૂર્યોદય થઈ ચૂક્યો છે.**

### ૧૪.૧૦ : પરમધામના સુખોનો આનંદ આપવા માટે જ શ્રી ધણીજીની મહેર વરસી રહી છે.

એ ઈલમ આએ પીછે, નીંદ આવત ક્યોં કર ।
જબ સક જરા ના રહી, રુહોં ક્યોં ન આવે યાદ ઘર ॥૮૧॥

**હે સુંદરસાથજી! આવું બેશક તારતમજ્ઞાન આવ્યા બાદ અજ્ઞાનતાની નીંદ શી રીતે રહી શકે? અને જો રુહોને જરાયે શંકા ન રહી હોય તો પછી તેમને પોતાના ઘરની યાદ કેમ નથી આવતી?**

યાદ કરો બીચ અર્સકે, જો હક સોં કિયા મજકૂર ।
માંગ્યા ખેલ ફરામોસકા, બૈઠકે હક હજૂર ॥૮૨॥

**હે સુંદરસાથજી! પરમધામમાં શ્રી રાજજી મહારાજ સાથે આપણે જે સંવાદ કર્યો હતો, તે યાદ કરો. એમનાં જ ચરણોમાં બેસીને તો આપણે ફરામોશીનો ખેલ માંગ્યો હતો.**

તુમ બકા સુખ છોડકે, ખેલ માંગ્યા હાંસીકો ।
સો દેખો હકીકત અપની, હકેં ભેજી ફુરમાન મોં ॥૮૩॥

પરમધામના અખંડ સુખો છોડીને તમે હાંસીનો ખેલ માંગ્યો છે તેની સાક્ષી તમે કુરાનમાં જુઓ, જે શ્રી રાજજી મહારાજે મોકલી છે.

ખેલ દેખાયા તુમકો, વાસ્તે તફાવત ।
ઈત યાદ દેત સુખ પાવને, હક બકા નિસબત ॥૮૪॥

**હે રુહો! શ્રી રાજજી મહારાજે તમને પોતાના 'મારફત' સ્વરૂપ અને 'હકીકત' સ્વરૂપ વચ્ચેનો ફર્ક બતાવવા માટે જ આ ખેલ બતાવ્યો છે. એમ કરીને જ અહીં આપણને પોતાના નિજસ્વરૂપ અને નિજધામની નિસ્બતના અખંડ સુખોની યાદ આપી રહ્યાં છે.**

ઈન ઝૂઠી જિમીમેં બૈઠાએકે, દેખાઈ હક બકા નિસબત ।
મેહેર કરી રુહોં પર, દેને અર્સ લજ્જત ॥૮૫॥

**આ જૂઠા સંસારમાં રુહોને બેસાડીને તેઓ પોતાના 'મારફત'સ્વરૂપની, અખંડઘરની અને મૂળ નિસ્બતની યાદ અપાવી રહ્યા છે. રુહોને પરમધામનાં સુખોનો અનુભવ કરાવવા માટે જ ધણી મહેરની આવી વર્ષા કરી રહ્યા છે.**

## ૧૪.૧૧ : શ્રી સુંદરસાથના અસલ ઘર અને અસલ પરિવારનો પરિચય

ઈન ખ્વાબ જિમીમેં બૈઠકે, અર્સ સુખ લીજે ઈત ।
હક યાદ દેત તિન વાસ્તે, સબ બકા ન્યામત ॥૮૬॥

**હે રુહો! આ સ્વપ્નમય સંસારમાં બેઠાં બેઠાં જ તમે અખંડ ઘરનું સુખ પ્રાપ્ત કરો. એટલા માટેજ તો શ્રી રાજજી મહારાજ અખંડ ઘરની બધી જ બક્ષિસો - સુખમય સાધન-સામગ્રીઓની યાદ અપાવી રહ્યા છે.**

કૈસા ઈલમ થા તુમપે, પૂજતે થે કિનકો ।
કૈસે ઝૂઠે કબીલેમેં થે, અબ આએ કિનમોં ॥૮૭॥

**જરા વિચાર કરો કે આ તારતમવાણી મળી તે પહેલાં તમારી પાસે કેવો (નિરાકારનો) ઈલમ હતો, તમે કોની પૂજામાં લાગ્યા હતા? કેવા જૂઠા કુટુંબ-કબીલામાં રહેતા હતા? અને હવે તમે કયા અખંડ સંબંધીઓના પરિવારમાં સામેલ થયા છો?**

કૌન કિયા થા વતન, જામેં કબૂં મિટી ના સક ।
કૌન ફના સોહોબતમેં, કહાવતે થે બુજરક ॥૮૮॥



D:\Pranam/Chivani/128

**કયા ઘરને તમે પોતાનું અસલ ઘર માની લીધું હતું, જેમાં રહીને પણ તમારા કોઈ સંશયનું સમાધાન ન થયું? કેવી જૂઠી સોબતમાં તમે રહેતા હતા અને સમાજમાં પોતાને કેવી રીતે મોટા કહેવડાવતા હતા?**

અબ કૈસા પાયા હક ઈલમ, કૈસે હુએ બેસક ।
કૈસા પાયા બકા વતન, કૈસા પાયા ધની હક ॥૮૯॥

**હવે તમે શ્રી રાજજી મહારાજનું એવું કયું જ્ઞાન પ્રાપ્ત કર્યું, જેનાથી તમે સંપૂર્ણ નિઃશંક થઈ ગયા છો! તમે કેવું અખંડ ઘર પ્રાપ્ત કર્યું અને કેવા અક્ષરાતીત સત્ય-ધણીને પ્રાપ્ત કર્યા છે!**

કૈસા પાયા રુહોં કબીલા, કૈસી પાઈ હક નિસબત ।
કૈસે દુખસે નિકસકે, પાઈ સાંચી ન્યામત ॥૯૦॥

**તમને કેવો નિરાળો સુંદરસાથનો પરિવાર પ્રાપ્ત થયો છે? કેવા અખંડ ધણીની નિસ્બત મેળવી? કેવા અનંત દુઃખોનાં બંધનોમાંથી છૂટી તમે આત્માની સાચી નિધિ પ્રાપ્ત કરી?**

*(ભાવાર્થઃ સુંદરસાથના મિલન અને નિસ્બતના ભાવનો અનુભવ કરો. Realize the value of Sundersath meeting and experiencing the divine relationship in this world!)*

કૈસે ફનામેં હુતે, આએ કૈસે બકા વતન ।
આએ કૈસે સુખમેં, છૂટી કૈસી જલન ॥૯૧॥

**વિચારો સુંદરસાથજી! નાશવંત સંસારમાં તમે કેવી ખરાબ હાલતમાં ફસાયા હતા, અને હવે કેવા શાશ્વતઘરમાં ધ્યાન લગાવીને બેઠાં છો? હવે, કેવા સુખમાં આવી ગયાં છો કે દુનિયા તરફની તમારી તમામ અગ્નિ શાંત થઈ ગઈ છે?**

કૈસે ઝૂઠે ઘર હુતે, પાઈ કૈસી અર્સ મોહોલાત ।
જાગત હોકે નીંદમેં, કછૂ વિચારત હો એ બાત ॥૯૨॥

**તમારી પાસે કેવા ક્ષણભંગુર ઘર હતાં, અને હવે તમે કેવા સુંદર સદા સુખદાયી (શાશ્વતસુખ આપનાર) પરમધામની મહોલાતો મેળવી લીધી છે? અરે સાથજી! તમે સૌ હકીકતમાં જાગી રહ્યાં છો કે ગાઢ નિદ્રામાં તણાઈ રહ્યાં છો? શું તમે આ બધી બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કર્યો છે ખરો?**

## ૧૪.૧૨ : સાથજી, વિચારો! પહેલાં તમે ક્યાં અને કેવા હતા? અત્યારે ક્યાં અને કેવા બની ગયા છો?

કૌન જંગલ ગુમરાહમેં હુતે, કૈસા પાયા અર્સ બાગ ।
નીંદ ઉડાઓ વિચારકે, ક્યોં ના દેખો ઉઠ જાગ ॥૯૩॥

**સાથજી! ભવસાગરના કેવા ભયાનક જંગલમાં તમે ભટકી રહ્યા હતા અને હવે તમે પરમધામના કેવા સુંદર બગીચાનો આનંદ પ્રાપ્ત કર્યો છે? વિચાર કરો! તમારી માયાની નિદ્રા ઉડાવો. તમે જાગવા છતાં એ વાતનો પ્રત્યક્ષ અનુભવ કેમ નથી કરતા?**

ચરકીન જિમીમેં બૈઠકે, કૈસી લેતે થે વાએ ।
અબ વાએ ઝરોખે અર્સકે, કૈસી લેત હો અબ આએ ॥૯૪॥

**જરા વિચારો, ગંદકીભરી ભૂમિમાં બેસીને તમે કેવી દુર્ગંધ લઈ રહ્યા હતા? હવે, પરમધામના ઝરોખાઓમાં બેસીને મનને દરેક રીતે પ્રફુલ્લિત કરનારી કેવી સુગંધિત હવા લઈ રહ્યા છો?**

કૌન બદબોએમેં હુતે, અબ આઈ કૌન ખુસબોએ ।
સહૂર અપને દિલમેં, તૌલ દેખો એ દોએ ॥૯૫॥

**પહેલાં, તમે કેવી દુર્ગંધમાં હતા, અને હવે, તમે કેવી સુગંધીઓનું રસપાન કરી રહ્યાં છો? બંનેની તુલના કરો અને દિલથી વિચારો.**

એ કૈસા થા દુખ વજૂદ, દુખમેં થે રાત દિન ।
અબ પાયા સુખ અર્સ ઠૌરમેં, ઔર કૈસે અર્સ તુમ તન ॥૯૬॥

**તમારું પાંચતત્ત્વનું શરીર રાત-દિવસ કેવાં દુઃખ-દર્દમાં ડૂબેલું હતું? હવે, તમે પરમધામનું કેવું અખંડ સુખદાયી તન પ્રાપ્ત કર્યું છે.**

કૈસે સુખ પાએ કાયમ તનકે, કિનસોં હુઆ મિલાપ ।
અબ દેખો સાહેબ અર્સકા, પૂછો રુહ અપની આપ ॥૯૭॥

**સાથજી! તમે અખંડ તનનાં સુખો કેવી રીતે પ્રાપ્ત કર્યાં અને કોની કોની સાથે તમારું મિલન થયું છે? હવે, તમે ધામધણી તરફ જુઓ અને સ્વયં પોતાની આત્માને પૂછો કે...**

કહાં રાત દિન ગુજરાનતે, અબ પાયા અર્સ રાત દિન ।
દેખો દિલ વિચારકે, કછૂ ફરક હૈ ઉન ઈન ॥૯૮॥





**અત્યાર સુધી સંસારની ઝંઝટોમાં રાત-દિવસ ક્યાં વીતાવતા હતા અને હવે, તમને પરમધામના સદા સર્વદા સુખદાયી રાત-દિવસ મળી ગયા છે. જરા દિલથી વિચારીને જુઓ કે એ બંનેમાં કોઇ અંતર છે કે નહિ?**

કૈસી ઝૂઠી નિસબતમેં, કરતે થે ગુજરાન ।
અબ નિસબત ભઈ અર્સકી, લેત સંગ સુભાન ॥૯૯॥

**સાથજી! તમે કેવા જૂઠા સંસારી સંબંધોના પ્રભાવમાં જીવન વિતાવી રહ્યા હતા, અને હવે પરમધામની નિસ્બત જાગ્રત થવાથી કેવા સાચા ધણી શ્રી રાજજી મહારાજ સાથે સમય વિતાવી રહ્યા છો?**

પેહેનાવા ફના મિને, ઔર પેહેનાવા અર્સકા ।
કછૂ પાઈ હૈ તફાવત, તુમ દેખો દિલ અપના ॥૧૦૦॥

**આ સંસારનાં વસ્ત્રાભૂષણોમાં અને પરમધામના પરિધાનમાં શું તમને કોઈ તફાવત દેખાયો છે ખરો? આપના દિલમાં જરા ગંભીરતાપૂર્વક વિચારી જુઓ.**

અબ જિમી ફનાકે, ઔર જિમી બકા પટંતર ।
પસુ પંખી દેખો ફનાકે, દેખો અર્સ જાનવર ॥૧૦૧॥

**સાથજી! સંસારની જૂઠી જમીન અને પરમધામની અખંડભૂમિમાં કેટલું અંતર છે તે જુઓ. સંસારના પશુ-પંખીઓ જુઓ અને અખંડ ઘરના જાનવરો જુઓ.**

દેખો તાલ નદી ઝૂઠી જિમી, ઔર દેખો અર્સ હૌજ જોએ ।
કરો યાદ સુખ દ્યો રુહકો, દિલ દેખ તફાવત દોએ ॥૧૦૨॥

**જૂઠા સંસારનાં નદી-તળાવ જુઓ અને પરમધામનું હૌજકૌસર તળાવ અને જમુનાજી જુઓ. એ અખંડસુખોને યાદ કરો અને તે તમારી આત્માને આપો. પછી એ બંનેનો ફર્ક જુઓ.**

## ૧૪.૧૩ : સુંદરસાથના 'સાચા' દિલમાં જ 'સત્ય' શ્રીરાજજીની બેઠક!

દિલ મજાજી ઔર હકીકી, કહે કુરાનમેં દોએ ।
એ લેસી તફાવત દેખકે, જો રુહ અર્સકી હોએ ॥૧૦૩॥

**કુરાનમાં મજાજી (જૂઠાં-દુન્યવી) અને હકીકી (સાચાં-આત્મલક્ષી) એમ બે પ્રકારનાં દિલ કહ્યાં છે. પરમધામની હકીકી દિલવાળી રુહ એનો તફાવત**

**સમજીને હકીકત ગ્રહણ કરશે.**

દિલ મજાજી દુનીકા, ઈત અબલીસ પાતસાહ ।
સો ઔરોં દુસ્મન ઔર આપકા, મારત સબકી રાહ ॥૧૦૪॥

**જૂઠી દુનિયાનાં દિલ મજાજી-જૂઠાં છે અને તેમાં શૈતાનની બાદશાહી ચાલે છે. તેઓ પોતાના અને બીજાના દુશ્મન છે, કેમકે તેઓ બધાને સત્યની રાહ પર જતાં રોકે છે.**

ઔર દિલ હકીકી મોમિન, સો કહ્યા હૈ અર્સ હક ।
તરફ નહીં દિલ પાકકી, જિત સાહેબકી બૈઠક ॥૧૦૫॥

**અને મોમિન સુંદરસાથના પવિત્ર દિલમાં શ્રી રાજજી મહારાજની બેઠક હોય છે. જ્યાં પારબ્રહ્મની બેઠક હોય, એવા પવિત્ર દિલ તરફ શૈતાન જઈ શકતો નથી.**

ઈસ્ક મોમિન ઔર દુનીકા, કછૂ દેખત હો ફરક ।
અબ ઈસ્ક લ્યો દિલ અપને, તુમ દિલ અર્સ બુજરક ॥૧૦૬॥

**સાથજી! શું પરમધામના મોમિનોના ઈશ્કમાં અને દુનિયાના જૂઠા દિલવાળાના ઈશ્કમાં કોઈ અંતર દેખાય છે ખરું? અગર હા, તો તમે તમારા દિલમાં પરમધામનો ઈશ્ક ધારણ કરી લો. તમારું દિલ જ શ્રી રાજજીનું ધામ છે, જે ખૂબ જ મહાન છે.**

મહામત કહે એ મોમિનોં, જો દિએ થે દિલ ભુલાએ ।
ફરામોસસે બીચ હોસકે, અબ સાહેબ લેત બુલાએ ॥૧૦૭॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે સુંદરસાથજી! અમારા જે દિલોને ફરામોશીમાં ભૂલાવી દીધાં હતા, હવે તે ફરામોશીને હટાવીને ફરીથી શ્રી રાજજી મહારાજ આપણાં દિલોને જાગ્રત કરીને પરમધામમાં બોલાવી રહ્યા છે.**

*પ્રકરણ-૧૪ સંપૂર્ણ : કુલ ચોપાઈ-૮૭૬*



D:\Pranam/Chivani/130

## ૧૫

આ પ્રકરણમાં શ્રી ધણીજી શ્રી શ્યામાજીને કહે છે, "હે શ્યામાજી! આશિક તો હું જ છું. મારી આત્માઓ વિના હું પલભર પણ રહી શકતો નથી તથા તેમના સુખમાં જ મારું સુખ સમાયેલું છે." ≂

≂ ૪ "આપ મારો ઈલમ લઈ સંસારમાં જાઓ અને સૌ આત્માઓને પોતાની મૂળ નિસ્બતની યાદ અપાવો! હે શ્યામાજી! મારા ઈલમને ગ્રહણ કર્યા વિના આત્માઓ ફરામોશી ત્યાગી હોંશમાં નહિ આવી શકે, તે અગાઉ કરેલી વાત તમે સૌ આત્માઓને યાદ કરાવો."

ड़ ƨ ૪ ड़ उ ड़ ƨ ƨ ૪

"તેમને એ પણ યાદ અપાવો કે સૌએ ભેગા મળી કેવી મોટી મોટી ડંફાસો મારી હતી કે હે ધણી! આખરે ફરામોશી અમારું શું બગાડી લેશે? જો આપ સો વાર પણ અમને ભૂલવશો તો પણ અમારો ઈશ્ક એટલો બેવફા ક્યારેય નહિ થઈ શકે કે અમે તમને બિલકુલ જ ભૂલી જઈએ!" દ દ ઠ

≂ ड़ ૪ "હે શ્યામાજી! હું તો તેમના વિના રહી જ નથી શકતો! મજબૂર થઈને જ મેં તમને તથા સૌ આત્માઓને ખેલમાં ઉતારેલ છે! જ્યારે તેમણે મારા 'એક', 'અદ્વૈત', 'મારફત' સ્વરૂપની તથા મારા સ્વ-લીલા-અદ્વૈત પરમધામના હકીકત સ્વરૂપની ઓળખાણ થઈ જશે, ત્યારે તેઓ એક પળ માટે પણ મારી જુદાઈ સહન કરી શકશે નહીં."

≂ ≂ उ ૪

। *ભાવાર્થઃ સાચે જ, આત્માઓ શ્રી રાજજીના પ્રાણ છે, અને શ્રી રાજજી આત્માઓના પ્રાણ છે. માટે તેઓ 'પ્રાણનાથ' છે. ધણીજીના સામર્થ્ય વિષેની અજ્ઞાનતા જ ફરામોશી છે.*

હે શ્યામાજી! **આત્માઓને ખેલની જે હકીકત** મેં આત્માઓને પરમધામમાં સમજાવી હતી તે તેમને યાદ કરાવોઃ 'હે આત્માઓ! પરમધામમાં તો તમે સૌ માત્ર તમારા ઈશ્કના બળ પર કૂદી રહ્યા છો. ૪ ཞ ड़ उ

૪ પરંતુ, માયામાં ગયા પછી તમારી અક્કલ અત્યારે જેવું વિચારી રહી છે તેવું વિચારી શકશે નહિ! તેનું કારણ એ છે કે ત્યાં તમારામાંથી કોઈનામાં પણ ઈશ્ક જરાય સરખો રહેશે નહિ. તમે પોતાના મૂળવતનને, અખંડ ધણીને અને પોતાના પર-આત્મ સ્વરૂપને

પણ ભૂલી જશો! હે આત્માઓ! તમે સૌ જન્મ-મરણનો એવો મોટો છલપૂર્ણ ખેલ જોશો, કે જેમાં ઠેર ઠેર આવાગમનનાં ચક્રમાં ફરતાં રહેનાર મડદા સમાન જીવોનો વાસ હશે. ૬ ૬ ૪ ૬ ૬ ૪

૪ ઉ ત્યાં, સૌ કોઈ એમ સમજતું હશે, કે દરેકે એક દિવસ તો મરવાનું જ છે. તેમ છતાં સૌની બોલી તથા ચાલ માત્ર સંસારીવૃત્તિઓને પ્રતિબિંબિત કરતી હશે!

**આત્માઓના દિલરૂપી કોમ્પ્યુટરમાંથી ઈશ્કની ફાઈલ જ ડીલીટ (રદ્દ) થઈ ગઈ,** તે વાત કરતાં શ્રી ધણીજી કહે છે, કે હે શ્યામા મહારાણી! મેં મજબૂર થઈને જ સૌ આત્માઓને ખેલમાં ઉતારેલ છે. મેં પહેલેથી જ કહ્યું હતું કે, હે આત્માઓ! તમને મિથ્યા સંસારનો એટલો પ્રબળ સ્વાદ લાગશે કે તમારા જીવનના પ્રત્યેક વિચાર, વચન અને વ્યવહાર - કૌલ, ફૈલ અને હાલ - માં સાંસારિક વિષયોનું જ પ્રાધાન્ય રહેશે. આ પરિસ્થિતિમાં તમે મને એકને બેશક શોધી શકશો નહિ. હે શ્યામાજી! ઈશ્કના નશામાં તે સૌએ મારી એકપણ વાત માની નહિ!

ત ૬ત

દ ત્યારે વધુ વિવાદ ન કરતાં, મેં તે સૌની સામે હાર માની લીધી. ત્યારે મેં થોડોક તિલસ્મી માયાનો ખેલ બતાવી દીધો. ૬ ૪ ૬

દ ૬ ૬ ૪ સૌ આત્માઓ મિથ્યા ખેલના ફંદામાં એવી ફસાઈ ગઈ કે તેમના ઈશ્કની મોટાઈની બધી જ વાતો રદ્દ થઈ ગઈ! ૬ ઉ ઉ ૬ દ ૪

૬ ૪ ૬ હવે તેમના દિલો પર રસુલ સાહેબ તથા રુહઅલ્લાહ શ્રી શ્યામાજીની વાતોની કોઈપણ અસર નથી થઈ રહી. મારા દ્વારા મોકલવામાં આવેલ વિશ્વસનીય રસુલ તથા કુરાન તેમજ ઈશ્ક-રબ્દની વાતો પણ તેમના દિલોમાં ચોક્કસપણે બેસી નથી રહી. ઉ

૪ દ ઉ ૪

હે સાથજી! જો તમે આ ઈલમ બાબતે દિલથી વિચારશો તો એ સમજાઈ જશે કે તમારા ધણી તમારાથી જુદા છે જ નહિ. **જો મારો ઈલમ તમને તેના યથાર્થ સ્વરૂપે ગ્રહણ થયો હોય તો પછી તમારા દ્વારા અહીંથી મોકલેલ સંદેશાઓ પરમધામમાં બેઠેલ મૂળ સ્વરૂપ સુધી કેમ પહોંચી શકતા નથી? અવશ્ય પહોંચવા જ જોઈએ ને!** ઉ ૪ ૪



D:\Pranam/Chivani/131

૬ ૪ ૪ ઉ જરા દિલથી ગંભીરતાપૂર્વક વિચારો કે મેં તમને સૌને મૂલમિલાવામાં મારી ગોદમાં કેટલા સુરક્ષિત રીતે છુપાવી રાખેલ છે! સાથજી! તમે હકીકતમાં ક્યાંથી બોલી રહ્યા છો તે તો વિચારો! આ માયામાં આવીને તમે પરમધામથી કઈ તરફ વિમુખ થઈને નજર ફેરવીને બેઠા છો? ।ઉ ૪ ૪ ૪ દ

ડ઼ ૬ તમે દિલથી વિચારી તમારી આસપાસ દસે દિશાઓમાં નજર ફેરવી જુઓ. પછી પોતાની જાતને પૂછો કે, શ્રી રાજજી મારી કઈ તરફ છે? મારા જીવનની કયી કહેણી(કૌલ), કરણી(ફૈલ) અને રહેણી(હાલ)માં તેઓનાં દર્શન થઈ રહ્યા છે? તમારું તન(ગુણ, અંગ, ઈન્દ્રિય) ક્યાં ભાગદોડ કરી રહ્યું છે? ૬ ૬ ૬ ૬ ૪ દ ૬

૪ ૪ દ ૬ ૪ દ

૪ દ ૪ દ દ મૂળ નિસ્બત (સંબંધ, પ્યાર)ના પ્રેમ-સેવા ધર્મને છોડી તમે કયા વાયદા વચનોને નિભાવવામાં વ્યસ્ત થઈ ગયા છો? તમે કઈ કરણી – કર્મ કરવામાં વ્યસ્ત થઈ ગયા છો? તમારી રહેણીમાં અર્થાત્ તમારા મનમાં સદૈવ કઈ વાતોનું ચિંતવન ચાલતું રહે છે? સાથજી! તમારા કૌલ, ફૈલ અને હાલ અલગ-અલગ દિશાઓમાં દોડી ક્યાં રહ્યા છે? ૪ દ ૬

૬ ૪ ૬ ૪ દ ૪

**હે સાથજી! જ્યારે તમારું તન, કહેણી (કૌલ), કરણી (ફૈલ), રહેણી (હાલ) તથા નિસ્બત - આ પાંચે એક ધણીની દિશામાં** પ્રેમ-સેવા ધર્મ પર **અગ્રેસર થશે, ત્યારે તમારો સંદેશો કે અરજી સાચી કહેવાશે.** આ રીતે કરેલી સાચી અરજી પરમધામમાં શ્રી રાજજીને કેમ ના પહોંચે? હવે જ્યારે આ સર્વ રીતે પૂર્ણ એવા ખુદાઈ ઈલમ થી તમારી કહેણી અને કરણી પરમધામ જેવી વાહેદતમયી થઈ જશે, આત્માના હૃદયમાં ધણીનો ઈલમ તેના યથાર્થરૂપમાં ગ્રહણ થશે, ત્યારે તમારા હાલ 'પર-આત્મિક' થતાં સહેજ પણ વાર નહિ લાગે.

ઉ ૪ ૪ ૪ ૪ ૬ ઉ

સાથજી! આ જ તમારી ભૂલ છે કે તમારાં આ પાંચે હથિયાર એક ધણીની સેવામાં પ્રવૃત્ત નથી થઈ રહ્યા. માત્ર આ જ વાતની બેસુધીનું તમને બંધન લાગેલ છે તથા તમે તમારા ધણી સાથે વાતચીત નથી કરી શકતા. ૪

૪ ૪ દ ૪ ૪

પોતાના પરમધામના મૂળ સંબંધને ભૂલી ગયા છો એ જ તો તમને ચઢેલ

ફરામોશીના નશાનું પ્રમાણ છે. ધણીના ચરણોમાં બેઠા હોવા છતાં જુદાઈના ભ્રમને કારણે તમે અત્યારે સંશયમાં પડેલ છો. તમારા કૌલ, ફૈલ અને હાલ અલગ અલગ દિશાઓમાં વિખરાઈ જવાથી તમારી આ પ્રકારની બેસુધીની હાલત થઈ ગઈ છે! તમે સૌ આ પાંચે હથિયારોને બરાબર સંભાળો, જાગ્રત બુધ્ધિથી બેશક ઈલમની ચાવીનો પ્રયોગ કરો અને ફરામોશી હટાવો. હવે, કયામત એટલે કે અખંડ ઘરમાં જાગવાનો સમય આવી ગયો છે! સાથજી! જાગણીનું આ સર્વે કાર્ય શ્રી રાજજીના હુકમના હાથમાં છે. તેને કઈ રીતે અને ક્યારે કરાવવાનું છે, એ માત્ર તેઓ જ જાણે છે. આપણે તો બસ પ્રેમ-સેવા માટે હર પળ તત્પર રહેવાનું છે!

સાથજી! **ફરામોશીના તાળાને ખોલનાર તારતમજ્ઞાનરૂપી બેશક ઈલમની ચાવી** શ્રી રાજજી મહારાજ દ્વારા તમને બક્ષિસ કરવામાં આવી છે, જે તમારી વિચાર શક્તિને લાગેલ તાળાંઓને ખોલવામાં પૂર્ણતઃ સક્ષમ છે! માટે, તમે તે વિશે આત્મ-મંથન કરો. દ દ ૪

ન જો જાગ્રતબુધ્ધિથી એનો પ્રયોગ કરવામાં આવે તો તેનાથી અખંડ ઘરની ઓળખાણની સાથે સાથે શ્રી રાજજીના દિલની ગુપ્ત વાતોનું જ્ઞાન પણ થઈ શકે છે. પરંતુ, હા! આ રીતે જાગ્રત થવું એ પણ શ્રી રાજજીના હુકમના હાથમાં છે! સાથજી! વિચારો! જો પરમધામનું એક તણખલું પણ ત્યાંની ભૂમિથી અલગ થઈ નથી શકતું, તો આત્માઓનું ઠેકાણું ધણીજીનાં શ્રી ચરણો સિવાય બીજી કોઈ જગ્યાએ શી રીતે હોઈ શકે? જો જાગ્રતબુધ્ધિથી વિચારી તારતમની ચાવીનો પ્રયોગ કરશો, તો તમને સમજાશે કે ધણીજીએ તમારા દિલોમાં જ પરમધામ બતાવી દીધું છે. જ્યારે દિલ અર્શ(ધણીને બેસવા યોગ્ય સિંહાસન) થઈ ગયું તથા તમે શ્રી રાજજીના સન્મુખ થઈ ગયા, તો પછી ફરામોશીનું તાળું લાગેલું રહી જ શી રીતે શકે? ૪ ।

ઽ ૪

**સાથજી! વાત બસ એટલી જ છે કે તમે તારતમવાણીનું મંથન કર્યા વિના જ જીવન વ્યતિત કરી રહ્યા છો!** જીવસૃષ્ટિ તો લૌકિક રીતિ-રિવાજો તથા કર્મકાંડોને મૂળ આધાર માનીને પોતાનું જીવન જીવી જ રહી છે. પરંતુ, તમે ખાસલખાસ બ્રહ્મસૃષ્ટિઓ પણ રસુલ સાહેબ અને શ્રી શ્યામાજીની મૂળ વાતો સાંભળવા તથા સમજવા છતાં તેને પોતાની અક્કલમાં ધરતા નથી! ૪

૪ ઉ ન ઉ ત ૪ ત ૪ સાથજી!

દર્શન(મેયરાજ)ની રાત્રિ દરમ્યાન થયેલ પારબ્રહ્મ શ્રી રાજજી મહારાજનાં દર્શનના



D:\Pranam/Chitvani/132

પ્રસંગની સાક્ષીને ધણીજીની અપાર મહેરનારૂપમાં સમજો. અત્યારે, અખંડ ઘરમાં જાગવાનો દિવસ (કયામતનો સમય) છે. ધામધણીજીએ મારફતનું સર્વશ્રેષ્ઠ વિજ્ઞાન સમજાવીને સર્વત્ર અજવાશ કરી દીધો છે. વિશ્વાસ કરો, તમે સૌ બેશક અખંડ પરમધામના દિવ્ય પ્રકાશની અનુભૂતિ કરશો! ૪

દ ૪ ઽ ઽ ૪

## ૧૫.૧ : હે શ્યામાજી! આશિક તો હું જ છું અને હું મારી રુહો વિના રહી શકું તેમ નથી!

આસિક મેરા નામ, રુહ-અલ્લા આસિક મેરા નામ ।
ઈસ્ક મેરા રુહન સોં, મેરા ઉમતમેં આરામ ॥૧॥

**આશિક તો હું જ છું, હે શ્યામાજી! જાઓ, ધામની રુહોને કહો કે આશિક તો હું જ છું. મારો ઈશ્ક માત્ર રુહો માટે જ છે અને તેમના સહવાસમાં જ મારૂં સુખ સમાયેલું છે.**

ઈલમ લે ચલો અર્સકા, ખોલ દ્યો હકીકત ।
ભૂલ ગઈયાં આપ અર્સકો, યાદ દેઓ નિસબત ॥૨॥

**આપ મારો ઈલમ, અર્થાત્ તારતમજ્ઞાન લઈને સંસારમાં જાઓ, અને તેની મદદથી તેમને બધી હકીકતો સ્પષ્ટ રીતે સમજાવી દો. તેઓ નિજ-સ્વરૂપને તથા નિજ-ધામને ભૂલી ગઈ છે. તમે તેમને આપણી મૂળ નિસ્બતની યાદ અપાવો.**

ઈસારતેં રમૂજેં ઈતકી, લિખી માહેં ફુરમાન ।
સો ભેજ્યા હાથ રસૂલકે, મિલાએ દેઓ નિસાન ॥૩॥

**અહીં પરમધામમાં થયેલ પ્રેમ-સંવાદની વાતો કુરાનમાં ઈસારતોના રૂપમાં લખાવવામાં આવેલ છે. તેને મેં મહંમદ રસુલ સાહેબના હાથે મોકલેલ છે. તમે તેમાં વર્ણિત નિશાનીઓ સરખાવી જુઓ.**

ઔર ભેજત હોં તુમકો, કહિયો મૂલ સંદેસે ।
ઈલમ ઐસા દિયા તુમકો, જાસોં ઉઠેં મુરદે ॥૪॥

**વધુમાં, હે શ્યામાજી! હું તમને ત્યાં મોકલી રહ્યો છું, હવે તમે જઈને તેમને નિજઘરનો 'મૂળ સંદેશ' પાઠવો. હું તમને જાગ્રતબુધ્ધિયુક્ત**

**શક્તિશાળી તારતમજ્ઞાનરૂપી એવો ઈલમ આપું છું કે જેના અણસારથી મુરદાર જીવો પણ જાગ્રત થઈ જાય.**

*(ભાવાર્થ : 'મૂળ સંદેશ'ના સંદર્ભમાં આ પ્રકરણની ચોપાઈ ૭૯ પણ જુઓ.)*

રેહે ના સકોં મૈં રુહોં બિના, રુહેં રેહે ના સકેં મુઝ બિન ।
જબ પેહેચાન હોવે વાકો, તબ સહેં ના બિછોહા ખિન ॥૫॥

**હે શ્યામાજી! હું મારી રુહો વિના અને રુહો મારા વિના રહી શકતી નથી. જ્યારે તેઓને મારા અસલ 'મારફત'સ્વરૂપની અને મારા 'હકીકત' સ્વરૂપ પરમધામની ઓળખાણ થશે ત્યારે તેઓ મારો એક પળનો પણ વિયોગ સહન નહિ કરી શકે.**

*(ભાવાર્થઃ રુહો શ્રી રાજજીના પ્રાણ છે અને શ્રી રાજજી રુહોના પ્રાણ છે; એટલે જ શ્રી રાજજી રુહોના શ્રી પ્રાણનાથજી" છે.)*

## ૧૫.૨ : હે શ્યામાજી, રુહોએ જે મોટી-મોટી વાતોની બડાશો મારી હતી, તે તેમને યાદ કરાવો!

જબ ઈલમ મેરા પોહોંચિયા, તબ એ હોસી બેસક ।
તબ સાઈત ના રેહે સકેં, ઐસા ઈનોંકા ઈસ્ક ॥૬॥

**હે શ્યામાજી! જ્યારે મારો આ જાગ્રતબુધ્ધિયુક્ત ઈલમ રુહોને પહોંચી જશે ત્યારે તેમના સર્વે પ્રકારના ભ્રમ સમાપ્ત થતાં તેઓ બેશક થઈ જશે. ત્યારે તેઓની સુરતા મારા વિના એક પળ માટે પણ સંસારમાં રહી શકશે નહિ, કારણ કે તેમનો મારા પ્રત્યેનો ઈશ્ક આવો જ અદ્વિતિય છે.**

એ બાત મૈં પેહેલે કહી, રુહેં હોસી ફરામોસ ।
મેરે ઈલમ બિના તુમ કબહૂં, આએ ન સકો માહેં હોસ ॥૭॥

**મેં પહેલેથી જ રુહોને એ વાત કહેલ છે કે ખેલમાં જઈને તમે સૌ બેસુધ થઈ જશો અને મારા તારતમજ્ઞાનને સમજ્યા વગર તમે કદીયે હોશમાં આવી શકશો નહિ.**

ફરામોસી હમકો ક્યા કરે, ફેર કહ્યા રુહન ।
હમ અરવાહેં અર્સ-અજીમકી, અસલ બકામેં તન ॥૮॥

**ત્યારે સૌ રુહોએ મળીને મને પ્રત્યુત્તર આપતાં કહ્યું હતું કે, "હે ધણી, ફરામોશી અમારું શું બગાડી લેશે? અમે તો અર્શ પરમધામની**





**રહેવાસી બ્રહ્મસૃષ્ટિ છીએ, અને અમારા મૂળ નૂરીતન પણ અખંડ પરમધામમાં જ બેઠેલાં છે."**

ફુરમાન તુમારા આવસી, સો હમ પઢ કર ।
દેખ ઈસારતેં રમૂજેં, હમ ભૂલ જાએં ક્યોં કર ॥૯॥

**હે ધણી! આપના આદેશ-સ્વરૂપ સંદેશાઓ સંસારમાં આવશે તો તેને વાંચીને તથા તેમાં પ્રસ્તુત વિવિધ સાંકેતિક સાક્ષીઓ જોઈ-સમજીને અમે ભૂલી જ શી રીતે શકીએ?**

ઔર દેવેં સાહેદી રસૂલ, દે યાદ બાતેં અસલ ।
તબ ક્યોં રેહેવે ફરામોસી, કહાં જાએ મૂલ અકલ ॥૧૦॥

**વધુમાં, જ્યારે રસુલ સાહેબ અમને મૂળઘરની વાતો યાદ કરાવશે તો પછી બેસુધી રહી જ શી રીતે શકે? તે વખતે અમારી આ મૂળધામની અક્કલ ક્યાં ચાલી જશે?**

સુન સુખ બાતેં અર્સકી, ક્યોં ના હોવેં હુસિયાર ।
જો મોમિન હોવે અર્સકી, માહેં રુહેં બારે હજાર ॥૧૧॥

**પરમધામમાં અમે જે બાર હજાર સુંદરસાથ છીએ, તે સૌ પોતાના ઘરનાં અખંડ સુખોની વાતો સાંભળીને સાવધાન કેમ નહિ થઈ જાય?**

સો તો તબહીં સુનકે, હોસી ખબરદાર ।
મોમિન ઈત ક્યોં ભૂલહીં, સુન સંદેસે પરવરદિગાર ॥૧૨॥

**અમે તો ધામનાં અંકુરી છીએ, તેથી મૂળ ઈલમ સાંભળતાં જ જાગ્રત થઈ જઈશું. સર્વોપરી માલિક એવા પારબ્રહ્મ પ્રાણનાથના શ્રીમુખેથી સંદેશા સાંભળ્યા પછી અમ બ્રહ્માત્માઓ આ સંસારમાં શી રીતે ભૂલી પડીશું?**

આગૂંસે ચેતન કરી, એતી કરી મજકૂર ।
રુહેં સુન એ સુકન, ક્યોં યાદ ન આવે જહૂર ॥૧૩॥

**હે ધણી! આપે આ સર્વે વાર્તાલાપ કરી અમને પહેલેથી જ સાવધાન કરી દીધા છે, તો પછી આ વચનો સાંભળીને અમ રુહોને ધામના ઐશ્વર્યની હકીકત યાદ કેમ નહિ આવે?**

એ ફુરમાન પઢે પીછે, પાઈ જબ હકીકત ।
તબ ફરામોસી ક્યોં કર રહે, ક્યોં ભૂલે એ નિસબત ॥૧૪॥

**આપના આ ફુરમાનની ઈસારતોની આત્મસાક્ષી લઈને જ્યારે હકીકતોને પ્રાપ્ત કરી લઇશું, ત્યારે ફરામોશી ટકી જ શી રીતે શકશે? પછી અમે અમારી મૂળ નિસ્બતને ભૂલી જ કેવી રીતે શકીએ?**

હાએ હાએ ઐસી હમસે ક્યોં હોએ, કૈસે હમ મોમિન ।
સુન સંદેસે ક્યોં ભૂલહીં, હક આપ વતન ॥૧૫॥

**હાય! હાય! અમારાથી આવું થઈ જ શી રીતે શકશે? અમે સુંદરસાથ એવા તે કેવા થઈ જઈશું કે જે આપનો સંદેશો સાંભળવા છતાંય આપ હક્ક શ્રી રાજજીને, અમારા મૂળ સ્વરૂપને તથા નિજ-વતનને ભૂલી જઈશું?**

એતા હમ જાનત હૈં, જો સૌ ફરેબ કરો તુમ ।
ઐસા ઈસ્ક ક્યોં હોવહીં, તુમકો ભૂલેં હમ ॥૧૬॥

**હે ધણી! અમે તો બસ એટલું જ જાણીએ છીએ કે, જો તમે અમને સો વાર ભૂલાવશો તો પણ અમારો પ્રેમ એવો કદીયે નહિ હોઇ શકે કે અમે આપને બિલકુલ જ ભૂલી જઈશું.**

## ૧૫.૩ : હે શ્યામાજી! રુહોને ખેલની વાસ્તવિક્તાની યાદ અપાવો!

તુમ કૂદત હો અર્સમેં, અપને ઈસ્કકે બલ ।
તબ સુધ જરા ના રહે, રહે ન એહ અકલ ॥૧૭॥

**હે શ્યામાજી! એમને મારા એ શબ્દો યાદ કરાવો, જે મેં પરમધામમાં કહ્યા હતા કે હે રુહો! પરમધામમાં તો તમે માત્ર તમારા ઈશ્કના બળે કૂદી રહી છો. માયામાં જતાં જ તમારી અહીંની અક્કલ બિલકુલ રહેશે નહિ, કેમ કે ત્યાં તમારા કોઈનામાં અહીંનો પ્રેમ રહેશે નહિ. તમે તમારા મૂળ-વતનને, ધણીને તથા તમારા આ પર-આત્મના મૂળ-તનને પણ ભૂલી જશો.**

સો ખેલ માંગત હો, વાસ્તે ઈસ્ક દેખન ।
એ ખેલ હૈ ઈન ભાંતકા, ઉત ઈસ્ક ન જરા કિન ॥૧૮॥

**તમે આ પ્રકારનો વિચિત્ર ખેલ ઈશ્કની (એક વિશેષ) અનુભૂતિ કરવા માટે જ માંગી રહ્યા છો. પરંતુ, એ વાત ચોક્કસ સમજી લો કે આ ખેલ છે જ એવો કે જેમાં કોઇનામાંયે જરાક પણ ઈશ્ક જોવા મળશે નહિ.**

ના ઈસ્ક ના અકલ, ના સુધ આપ વતન ।
ના સુધ રેહેસી હકકી, એ ભૂલોગે મૂલ તન ॥૧૯॥



D:\Pranam/Chitvani/134

**ત્યાં ન ઈશ્ક હશે, ન ધામની મૂળ અક્કલ રહેશે. ન ખુદની કે ન પોતાના અખંડ ઘરની સુધ હશે. તમને મૂળ ધણીની પણ સુધ રહેશે નહિ. તમારા આ પર-આત્મના નૂરી તનને પણ ભૂલી જશો!**

કઈ ચાલેં બોલી જુદિયાં, માહેં મજહબ ભેખ અપાર ।
પૂજેં આગ પાની પત્થર, ઈનમેં ખુદા હજાર ॥૨૦॥

**ખેલમાં કેટલાય પ્રકારની રહેણી-કરણી, સંસ્કૃતિઓ, ભાષાઓ, અનેક ધર્મો, પંથો અને ભેખધારીઓ હશે. અગ્નિ, જળ અને પથ્થરની મૂર્તિઓની પૂજા કરનારા લોકો હશે.**

ખાહિસસે બનાવહીં, અપને હાથ સમાર ।
જુદા જુદા કર પૂજહીં, જિનકો નાહીં પાર ॥૨૧॥

**તેઓમાં હજારો પરમાત્મા હશે. તેઓ પોતાની લૌકિક તૃષ્ણાઓ સંતોષવા ખાતર પોતાની માન્યતા અનુસાર પોતાના હાથે પરમાત્માના હજારો રૂપો બનાવી તેમની અલગ અલગ પ્રકારે પૂજા કરતા હશે, જેનો કોઈ પારાવાર નહિ હોય.**

ખેલ દેખાઊં ઈન ભાંતકા, જિત ઝૂઠેમેં આરામ ।
ઝૂઠે ઝૂઠા પૂજહીં, હક કા ન જાનેં નામ ॥૨૨॥

**હું તમને એ પ્રકારનો ખેલ બતાવું છું કે જ્યાં સૌ કોઈ મિથ્યા ભૌતિક સુખસમૃદ્ધિમાં જ સાચો અખંડ આરામ સમજતું હશે. જૂઠી માયાની પૂજાના પ્રભાવમાં સત્ય પારબ્રહ્મને ઓળખનાર કોઈ હશે જ નહિ!**

એક પૈદા હુએ એક હોત હૈં, એક હોનેકી ઉમેદ ।
એક ગએ જાત જાએંગે, ઈન વિધકો છલ ભેદ ॥૨૩॥

**એ ખેલ એવો છલપૂર્ણ આવાગમનના ચક્કરવાળો હશે કે જેમાં એક જીવ પેદા થયો હશે, એક પેદા થઈ રહ્યો હશે અને બીજા એકની પેદા થવાની આકાંક્ષા હશે. બીજી તરફ, એક મૃત્યુને શરણ થયો હશે, બીજો મૃત્યુ-શૈયા પર પડેલો હશે અને બીજા કેટલાયે વળી મૃત્યુની નિકટ જઈ રહ્યા હશે.**

દેખોગે આસમાન જિમી, માહેં મુરદોંકા વાસ ।
દેત દેખાઈ મર જાત હૈં, કર ગિનતી અપને સ્વાંસ ॥૨૪॥

**ત્યાં સર્વત્ર - જમીનથી તે આસમાન સુધીની પ્રત્યેક જગ્યાએ -**

આવાગમનના ચક્કર મારતા મુરદા જીવોનો વાસ હશે કે જેઓ પોતપોતાના શ્વાસની ગણતરી પ્રમાણે તમારી નજર સમક્ષ મૃત્યુને શરણ થતા હશે.

મૌત સબોંકે સિર પર, માન લિયા સબન ।
ચૌદે તબકકે ખેલમેં, ઠૌર બકા ન પાયા કિન ॥૨૫॥

ત્યાં સૌ કોઇને ખબર તો હશે જ કે એક દિવસ તો સૌએ મરવાનું છે જ. તેમ છતાં પણ તેઓનો વ્યવહાર કે રહનસહનમાં દુનિયાદારી જ પ્રતિબિંબિત થતી હશે. એવા ખેલમાં કોઇને પણ પરમધામના ઠેકાણાની ખબર નહિ હોય.

ખેલત સબ ફનામેં, બોલેં ચાલેં સબ ફના ।
સબ જાનત આપે આપકો, હમ ઉડસી જ્યોં સુપના ॥૨૬॥

સૌ કોઈ પોતાનો અંત છે એ નિશ્ચિરૂપે જાણતા જ હશે કે અમે સ્વપ્નની માફક ઊડી જવાના છીએ. તેમ છતાં સૌ કોઈ મિથ્યા માયામાં જ મિથ્યા બોલ-ચાલ તથા વ્યવહારમાં મસ્ત રહેશે.

## ૧૫.૪ : હે શ્યામા મહારાણી! મેં મજબૂર થઇને જ સૌ રુહોને ખેલમાં ઉતારેલ છે!

તબ રુહોં મુઝ આગે કહ્યા, ઐસા ઈસ્ક હમારા જોર ।
ફરામોસી ક્યા કરે હમકો, ઈસ્ક દેવે સબ તોર ॥૨૭॥

હે શ્યામા મહારાણી! પરમધામમાં આ રીતે સમજાવવા છતાં પણ રુહો એમ જ કહેતી રહી કે, હે ધની, અમારો ઈશ્ક એટલો જોરાવર છે કે ફરામોશી અમારું શું બગાડી લેશે? તે કદીયે અમારા ઈશ્કના ભુક્કા બોલાવી શકશે નહિ.

એ મજકૂર ભઈ રુહન સોં, મુઝ સોં કિયા રબ્દ ।
ઔર કછુએ ન લ્યાવેં દિલમેં, આપ ઈસ્કકે મદ ॥૨૮॥

આ પ્રકારનો મારો રુહો સાથે વાર્તાલાપ થયો હતો તથા તે સૌએ મારી સાથે રબ્દ કર્યો હતો. પોતાના ઈશ્કના નશામાં રુહોએ દિલમાં મારી કોઈ વાત લીધી જ નહિ.

બાતેં બોહોત કરી રુહન સોં, મેરા કહ્યા ન લ્યાઈયાં દિલ ।
સુન્યા ન આગૂં ઈસ્કકે, બહસ કિયા સબોં મિલ ॥૨૯॥



D:\Pranam/Chivani/135

મેં રુહોને ઘણીબધી વાતો કરી સમજાવી. પરંતુ તેમણે મારી કહેલી એકપણ વાત દિલમાં ન લીધી. ઈશ્કના નશામાં તેમણે મારી એકપણ વાત સાંભળી નહિ અને બધાએ ભેગા મળી મારી સાથે તકરાર કરી.

મૈં કહ્યા ઈસ્ક મેરા બડા, હાદી રુહોં આપ માફક ।
એહ બાત જબ મૈં કરી, તબ તુમ ઉપજી સક ॥૩૦॥

જ્યારે મેં મારા ઈશ્કને આપ શ્યામાજી તથા રુહોના ઈશ્ક જેટલો જ મોટો - વિશેષ હોવાની વાત કહી ત્યારે તમારા સૌના દિલમાં સંશય પેદા થઈ ગયો.

કહે હાદી ઈસ્ક મેરા બડા, કહે રુહેં બડા હમ પ્યાર ।
એ બેવરા બીચ અર્સકે, એ હોએ નહીં નિરવાર ॥૩૧॥

ત્યારે આપ શ્યામાજીએ પણ પોતાનો ઈશ્ક સૌથી વિશેષ દર્શાવ્યો અને રુહોએ પોતાના પ્યારને મોટો દર્શાવ્યો. આ બાબતનો ખુલાસો પરમધામમાં થઈ શકે તેમ હતો જ નહિ.

ક્યોં હોએ તફાવત ઈસ્ક, બૈઠે બીચ બકામેં હમ ।
એક જરા ન હોએ જુદાગી, તો ક્યોં પાઈએ જ્યાદા કમ ॥૩૨॥

પરમધામમાં બેઠાં બેઠાં ઈશ્કના ઓછા-વત્તાનો ભેદ થઈ જ શી રીતે શકે? જ્યાં એક પળની પણ જુદાઈ સંભવિત નથી, ત્યાં કશું જ ઓછું કે વત્તુ અનુભવી જ શી રીતે શકાય?

## ૧૫.૫ : રુહોના દિલરૂપી કોમ્પ્યુટરમાંથી ઈશ્કની ફાઈલ રદ્દ થઈ ગઈ!

પેહેલે કહ્યા મૈં તુમકો, ભૂલોગે ખેલ દેખ ।
જહાં ઝૂઠે ઝૂઠા ખેલહીં, ઉત મુઝે ન પાઓ એક ॥૩૩॥

હે શ્યામા મહારાણી! મેં પહેલાં જ કહ્યું હતું કે, હે રુહો, જૂઠા સંસારનો સ્વાદ એટલો મીઠો અને પ્રબળ હશે કે ધામના સંબંધને ભૂલી જશો. જ્યાં મિથ્યા મોહમાં ફસાયેલા સૌ જીવો જૂઠા ખેલમાં રાચતા હશે ત્યાં મુઝ એકને તમે પામી શકશો નહિ.

એ હકેં અવ્વલ કહ્યા, ભૂલ જાઓગે તુમ ।
ના માનોગે ફુરમાનકો, ના કછૂ રસૂલ હુકમ ॥૩૪॥

આ બાબત શ્રી રાજજી મહારાજે પહેલેથી જ કહી દીધેલી કે તમે સૌ

**મને ભૂલી જશો. તમે મારા આદેશને કે મારા મોકલેલ રસુલ-સંદેશવાહકના આદેશને નહિ માનો.**

ના માનોગે સંદેસે, ના મુઝે કરોગે યાદ ।
ઝૂઠા કબીલા કરોગે, લગસી ઝૂઠા સ્વાદ ॥૩૫॥

**તમે સૌ ન તો મારો સંદેશો માનશો કે ન મને યાદ કરશો. પોતાનો એવો તો સાંસારિક કુટુંબ-પરિવાર સજાવી લેશો કે જે આપને ઘણો જ સ્વાદિષ્ટ લાગશે.**

જાન બૂઝકે પૂજોગે, પાની પત્થર આગ ।
સબ કેહેસી એ ઝૂઠ હૈ, તો ભી રહોગે તિન લાગ ॥૩૬॥

**જાણી જોઇને સંસારના જૂઠા મોહમાં અગ્નિ, જળ અને પાષાણથી નિર્મિત પરમાત્માની પૂજામાં ખોવાઈ જશો. સૌ કોઈ કહેશે પણ ખરા કે આમ કરવું એ પરમાર્થની દષ્ટિએ બરાબર નથી, તેમ છતાં તમે સૌ તે મિથ્યા પ્રથાઓ અપનાવશો.**

પૂજોગે સબ ફનાકો, કોઈ ઐસા ખેલ બેસુધ ।
ના તો ક્યોં પૂજો મિટ્ટી ગોબર, પર ક્યા કરો બિના બુધ ॥૩૭॥

**ખેલ એવો તો બેહોશીનો હશે કે તમે સૌ મિથ્યા (ને સત્ય માની તેની) પૂજા-અર્ચના કરશો. નહિ તો, બ્રહ્મસૃષ્ટિ થઈને તમે માટી અને ગોબરની પૂજા શી રીતે કરી શકો? પણ વિના શુધ્ધ જાગ્રતબુધ્ધિએ તમે બીજું કરીયે શું શકશો?**

સુકન મેરા માનો નહીં, સબે ભરી ઈસ્કકે જોસ ।
સબે બોલેં નાચેં કૂદહીં, હમેં કહા કરે ફરામોસ ॥૩૮॥

**હે શ્યામાજી, પરમધામમાં તો મારા શબ્દો પર ધ્યાન આપ્યા સિવાય રુહો નાચતાં-કૂદતાં એક જ વાત કરતી રહી કે, "ફરામોશી અમારું શું બગાડી લેશે?" ઈશ્કના નશામાં એમણે મારી એકપણ વાત માની નહિ.**

હાર દિયા તબ મૈં ઈનોંકો, રબ્દ ન કિયા હમ ।
જાએ ફંદિયાં ઝૂઠમેં, નેક દેખાયા તિલસમ ॥૩૯॥

**...ત્યારે વાતને આગળ વધાર્યા સિવાય બધાની સામે મેં હાર માની લીધી! તે વખતે મેં નાનો જૂઠો માયાનો ખેલ બતાવ્યો અને એ સૌ આ જૂઠા ખેલના ફંદામાં ફસાઈ ગઈ.**



D:\Pranam/Chivani/136

ઈસ્ક જ્યાદા આપે અપના, સબોં કિયા રબ્દ ।
ફરામોસી તિલસમ દેખાઈયા, તિન કિયા સબ રદ ॥૪૦॥

**સૌએ પોતપોતાના ઇશ્કને વિશેષ કહી મારી સાથે તર્ક-વિતર્ક કર્યો. મેં તેમને બેહોશીના ખેલનો રજ-માત્ર અનુભવ કરાવ્યો તો તેટલામાં એમના સૌના ઈશ્કની બડાઈની બધી જ વાતો રદ્દ થઈ ગઈ! (રુહોના દિલરૂપી કોમ્પ્યુટરમાંથી ઈશ્કની ફાઈલ જ કેન્સલ (રદ્દ, delete) થઈ ગઈ!**

અબ સો ક્યોંએ આપકો, કાઢ ન સકેં તિલસમ ।
ફુરમાન લે પોહોંચ્યા રસૂલ, તો ભી ન આવે સરમ ॥૪૧॥

**હવે, આ રુહો કેટલાય યત્નો કરવા છતાં ઈન્દ્રજાળ (માયા)ના ફંદામાંથી પોતાની જાતને કાઢી શકતી નથી. રસુલ સાહેબ કુરાનમાં ધામધણીનો આદેશ લઈને આવી પહોંચ્યા છે, તે સાંભળવા છતાંય એમને શેહશરમ નથી આવતી.**

ફુરમાન લિખ્યા ઈન વિધકા, જો પઢકે દેખેં એ ।
એક જરા સક ન રહે, તબહીં જાગેં હિરદે ॥૪૨॥

**કુરાનમાં એટલું સ્પષ્ટ રીતે લખેલ છે કે જો કોઈ કુરાનની વાતોને ધ્યાનપૂર્વક વાંચી સમજી લે તો તેનામાં તલ-માત્ર જેટલોય સંશય રહી ન શકે તથા તેના હૃદયમાં આત્મ-જાગૃતિ આવી જાય.**

## ૧૫.૬ : સાથજી! વિશ્વસનીય રસૂલ, કુરાન તથા ઈશ્ક-રબદની વાતોને દિલમાં દૃઢ કરો!

ઐસા રસૂલ ભેજિયા, ઔર ભેજ્યા ફુરમાન ।
ઔર સંદેસે રુહઅલ્લા, તો ભી હુઈ નહીં પેહેચાન ॥૪૩॥

**એવા સક્ષમ રસુલ અને સક્ષમ કુરાનને મોકલ્યા બાદ મેં આપ શ્રી શ્યામા મહારાણી સાથે મૂળ સંદેશો પણ પાઠવ્યો, તો પણ રુહોને મારી વાસ્તવિક ઓળખાણ થતી નથી.**

બડા ઈસ્ક સબોં અપના, કહ્યા રુહોં રબ્દ કર ।
તિલસમ તો દેખાઈયા, પાવને પટંતર ॥૪૪॥

**હે શ્યામાજી! વિવાદ કરીને સૌ રુહોએ પોતાનો જ ઈશ્ક વધારે છે એમ કહ્યું, તેથી ઈશ્કના અંતરને સ્પષ્ટ કરવા માટે જ માયાનો જાદુઈ ખેલ**

બતાવ્યો છે.

રુહઅલ્લા ભેદ તિલસમકા, રુહોં દેવે બતાએ ।
તબહીં રુહોંકે દિલસે, ફરામોસી ઉડ જાએ ॥૪૫॥

**હવે જ્યારે આપ શ્રી શ્યામા મહારાણી માયાના ખેલની હકીકત રુહોને સ્પષ્ટ કરી બતાવશો, ત્યારે તે જ ઘડીએ રુહોના દિલની ફરામોશી ઉડી જશે.**

રુહેં સુનો તુમ સંદેસે, મૈં લ્યાયા તુમ પર ।
જો રબ્દ કિયા માહેં બકા, સો લ્યાઓ દિલ ભીતર ॥૪૬॥

**હવે શ્રી શ્યામા મહારાણીજી કહે છે કે, હે રુહો! હવે હું મારી સાથે જે સંદેશો તમારા માટે લાવેલ છું, તે સાંભળો. તમે સૌએ પરમધામમાં જે ઈશ્ક-રબ્દ (પ્રેમનો વિવાદ) કર્યો હતો, તેને તમારા દિલમાં દંઢ કરો.**

મુઝે ભેજ્યા હકને, યાદ દીજો મેરા સુખ ।
તબ ઈનોં તિલસમકા, ઉડ જાસી સબ દુખ ॥૪૭॥

**હે રુહો, મને શ્રી રાજજી મહારાજે આ સંદેશો ફક્ત તમોને આપવા મોકલેલ છે અને કહ્યું છે કે રુહોને મારા પરમધામના અખંડ સુખોની યાદ અપાવો કે જેથી તમારાં માયાનાં દુ:ખો દૂર થઈ શકે.**

બીચ બકાકે બૈઠકે, હકેં કહ્યા યોં કર ।
રુહઅલ્લા કહિયો રુહનસે, ભૂલ ગઈયાં હક ઘર ॥૪૮॥

**પરમધામ (મારા ધામદિલ)માં વિરાજમાન શ્રી રાજજી મહારાજે મને આદેશ આપ્યો છે કે, "હે શ્યામાજી, આપ મારી બધી જ વાતો રુહોને સમજાવશો, કેમ કે તેઓ પોતાના ધણીને અને નિજઘરને ભૂલી ગઈ છે.**

હાથ રસૂલકે ભેજિયા, તુમ ઊપર ફુરમાન ।
હકીકત મારફતકી, તુમ ક્યોં ન કરો પેહેચાન ॥૪૯॥

**હે શ્યામાજી, એમને કહેજો કે, ધણીજીએ રસુલ સાહેબ દ્વારા તમારી આત્મ-સાક્ષી(યાદો) તાજી કરાવવા માટે સંદેશો પાઠવ્યો છે. જેને જાગ્રતબુધ્ધિ દ્વારા સમજીને આપ સૌને 'હકીકત' (પરમધામના ૨૫ પક્ષ) અને 'મારફત' (ચિદ્‌ઘન સ્વરૂપ શ્રી રાજજી મહારાજ)ની યાદ કેમ નથી આવતી?**



D:\Pranam/Chitvani/137

રબ્દ કિયા થા અવ્વલ, સો ક્યોં ગૈયાં તુમ ભૂલ ।
અજૂં યાદ દિએ ન આવહીં, સુન એતી પુકાર રસૂલ ॥૫૦॥

**તમે જ પરમધામમાં પ્રેમનો વિવાદ કર્યો હતો. આપ સૌ એ બધું કેમ ભૂલી ગયા છો? હવે રસુલ સાહેબનો જોશીલો પુકાર સાંભળ્યા પછી, વારંવાર યાદ અપાવવા છતાં તમને આપણા નિજઘર અને ધણીની યાદ કેમ નથી આવતી?**

ઔર સંદેસે રુહઅલ્લા, સુને જો અલેખે ।
તો ભી આંખેં ખુલી નહીં, આએ બકાસે હકકે ॥૫૧॥

**હે સુંદરસાથજી! પરમધામથી આવીને શ્યામા મહારાણીએ જે બેસુમાર સંદેશાઓ કહ્યા છે તે બધા તમે સાંભળ્યા, તેમ છતાં પણ તમારા અંતઃચક્ષુ ખુલતાં નથી!**

### ૧૫.૭ : હે શ્યામાજી! રુહોને મારા ઈલમ થકી જગાવો!

ઐસા ઈલમ હકેં ભેજિયા, આંખેં ખોલ દઈ બાતન ।
એક જરા સક ના રહી, દેખે બકા વતન ॥૫૨॥

**હવે ધણીએ એવો બેશક તથા સક્ષમ ઈલમ મોકલાવ્યો છે કે જેનાથી મારી (ઈંદ્રાવતીજીની) અંતઃદંષ્ટિ ખુલી ગઈ અને મારી આત્મા હરેક રીતે નિઃસંશય થઈ ગઈ તથા મને અખંડ પરમધામની ઓળખાણ થઈ ગઈ.**

બેસક જાન્યા આપે અપના, બેસક જાન્યા હક ।
બેસક જાન્યા હાદીયકો, ઉમત હુઈ બેસક ॥૫૩॥

**સૌને પોતાની, પોતાના ધામધણીની, સત્‌ગુરુ શ્રી શ્યામા મહારાણી તથા પોતાના ધામના સુંદરસાથની નિઃશંક ઓળખાણ થઈ ગઈ. આ રીતે સૌ બ્રહ્મસૃષ્ટિ સંશયરહિત થઈ ગઈ.**

એ યાદ નીકે દીજિયો, તુમ દેખો સહૂર કર ।
મેરે ઈલમસે રુહોંકો, દેવે સાહેદી અંતર ॥૫૪॥

**હવે શ્રી ઈંદ્રાવતીમાં બિરાજમાન શ્રી રાજજી શ્રી શ્યામાજીને કહે છે - હે શ્યામાજી! હવે આપ રુહોને પરમધામની સઘળી યાદ અપાવો. તેમને કહો કે હે સુંદરસાથજી! તમે આ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કરો. હવે આપ રુહોને મારા તારતમજ્ઞાન થકી પરમધામની તમામ સાક્ષીઓની યાદ અપાવી જગાવો.**

## ૧૫.૮ : હે સાથજી, જુઓ! તમારી કહેણી, કરણી અને રહેણી કઈ દિશામાં જઈ રહ્યાં છે!

બેસક ઈલમ પોહોંચિયા, કે નાહીં પોહોંચ્યા તુમ ।
એ દેખો દિલ વિચારકે, તો ન્યારા નહીં ખસમ ॥૫૫॥

**હે સાથજી! મારો બેશકઈલમ તમારા હૃદયમાં ચૂભી રહ્યો છે કે નહિ? જો તમે અંતઃકરણપૂર્વક તેના પર વિચાર કરશો તો તમને સમજાશે કે ધણી તમારાથી જુદા થયા જ નથી.**

ઈલમ પોહોંચ્યા હોએ તુમકો, હમારા બેસક ।
તો સંદેસે તુમારે ઈતકે, ક્યોં ના પોહોંચે બકામેં હક ॥૫૬॥

**અગર તમે મારું જાગ્રતબુધ્ધિયુક્ત જ્ઞાન ધ્યાનપૂર્વક ગ્રહણ કર્યું હોય તો તમારા અહીંથી મોક્લેલ સંદેશા પરમધામમાં બેઠેલ મૂળ નૂરી સ્વરૂપ સુધી કેમ ન પહોંચે? બેશક પહોંચવા જ જોઇએ!**

કિન ઠૌર છિપાએ તુમકો, બોલત હો કહાંસે ।
કૌન તરફ હો અર્સકે, એ સહૂર કરો દિલમેં ॥૫૭॥

**જરા ગંભીરતાથી વિચાર કરો કે મેં તમને મૂલમિલાવામાં મારી ગોદમાં કેવાં સુરક્ષિત રીતે છુપાવી બેસાડયાં છે. જરા વિચારો કે આપ ક્યાંથી બોલી રહ્યા છો? આ માયામાં આવીને આપ પરમધામથી કઈ તરફ (ઉલ્ટી દિશામાં) નજર કરીને બેઠા છો? આ સર્વે બાબતોનો તમે તમારા દિલથી વિચાર કરો.**

દેખો દિલસે દસો દિસ, કિન તરફ હૈં હક ।
એ વિચાર દેખો ઈલમકો, તો જરા ના રહે સક ॥૫૮॥

**તમારા દિલથી તમે પોતાની જ આસપાસ દશોં દિશાઓમાં નજર ફેરવીને જુઓ અને પછી પોતે જ પોતાને(દિલને) પૂછો કે શ્રી રાજજી મહારાજ મારી કઈ તરફ છે? જો તારતમજ્ઞાન દ્વારા વિચાર કરશો તો તમને કોઈપણ બાબત વિષે જરાય સંશય રહેશે નહિ.**

કૌન તરફ વજૂદ હૈ, કૌન તરફ હૈ કૌલ ।
હાલ કૌન તરફકા, કૌન તરફ હૈ ફૈલ ॥૫૯॥

**તમારૂં તન કઈ તરફ દોડી રહ્યું છે? તમારો પ્રેમ-સેવાનો ધર્મ છોડીને તમે કયા વાયદા-વચનો (કૌલ) નિભાવવામાં લાગી ગયા છો? તમે કઈ**



D:\Pranam/Chivani/138

**પ્રવૃત્તિ (ફૈલ)માં મશગૂલ થઈ ગયા છો? તમારી રહેની (હાલ)માં, અર્થાત્ તમારા અંતઃકરણમાં સતત કઈ વાતોનું ચિતવન ચાલતું રહે છે?**

એ સબ એક તરફ હૈં,કે જુદે જુદે દૌડત ।
દેખો સહૂર કરકે, હૈ કૌન તરફ નિસબત ॥૬૦॥

**તમારી કેહેણી, કરણી, રહેણી એ સર્વે એક ધામધણી તરફ ગતિશીલ છે કે પછી એ ત્રણે જુદી જુદી દિશાઓમાં દોડી રહ્યાં છે? એ બાબતનો પણ વિચાર કરી જુઓ કે તમે તમારી નિસ્બત(સંબંધ-પ્યાર) કોની સાથે બાંધેલ છે?**

## ૧૫.૯ : હે સાથજી! તમારા પાંચેય હથિયારો બરાબર સંભાળો.

જબ એક ઠૌર પાંચોં ભએ, તબ તુમારા ઈતકા ।
સત સંદેસા હકકો, ક્યોં ન પોહોંચે માહેં બકા ॥૬૧॥

**હે સાથજી! જ્યારે તમારું તન(ગુણ, અંગ, ઈન્દ્રીય) કહેણી(કૌલ), કરણી(ફૈલ), રહેણી(હાલ) અને નિસ્બત(સંબંધ-પ્યાર) - આ પાંચેય 'એક ધણી'ની દિશા તરફ અગ્રેસર થાય, ત્યારે તમારા દ્વારા મોક્લાવેલ સત્ય-સંદેશા (અરજી) પરમધામમાં શ્રી રાજજી પાસે કેમ ન પહોંચે?**

ઈલમ દિયા તુમેં ખુદાઈ, તબ બદલે કૌલ ચાલ ।
ફૈલ હોવે વાહેદતકા, તબ બેર ન લગે હાલ ॥૬૨॥

**ધામધણીએ તમને સર્વ રીતે પૂર્ણ એવો ખુદાઈ ઈલમ બક્ષ્યો છે. જ્યારે તમે તેને દિલમાં ગ્રહણ કરશો ત્યારે તમારી કહેણી અને કરણી પરમધામ જેવી અદ્વૈતમયી બની જશે અને ત્યારે તમારા સર્વે પ્રકારના જીવન વ્યવહારમાં (હાલમાં) આત્મિકભાવ આવતાં બિલકુલ વાર નહિ લાગે.**

ગુજરી અર્સ બકા મિને, મજકૂર જો મુતલક ।
સો ઈલમ હકેં ઐસા દિયા, જિનમેં જરા ન સક ॥૬૩॥

**ત્યારે અખંડ પરમધામમાં શ્રી રાજજી મહારાજની સાથે થયેલ ઈશ્ક-રબ્દના વાર્તાલાપમાં કોઈ સંશય રહેશે નહિ. હે સુંદરસાથજી! એવો પ્રબળ બેશક ઈલમ ધણીજીએ બક્ષિસ કર્યો છે.**

એહી તુમારી ભૂલ હૈ, તુમેં બંધન યાહી બાત ।
એહી ફરામોસી તુમકો, જો ભૂલ ગએ હક જાત ॥૬૪॥

**સાથજી! તમારી ભૂલ એ જ છે કે તમારા એ પાંચેય હથિયાર માત્ર ધણીજી તરફ, ધણીજીની સેવામાં લાગેલા નથી. એ વાતની બેહોશીનું બંધન તમને નડી રહ્યું છે અને તેથી જ તમે ધણીજી સાથે વાત કરી શકતા નથી. તમે આપણા પરમધામના મૂળ સંબંધને જ ભૂલી ગયા છો, એ જ તો તમને લાગેલી ફરામોશીનું પ્રમાણ છે!**

કૌલ ફૈલ જુદે હુએ, હુઆ ફરામોસી હાલ ।
અબ પડે યાહી સકમેં, ઈન જુદાગીકે ખ્યાલ ॥૬૫॥

**તમારા કૌલ, ફૈલ અને હાલ અલગ-અલગ દિશાઓમાં વિખરાવાના કારણે તમારી બેહોશીની હાલત થઈ ગઈ છે. ધણીજીનાં ચરણોમાં બેઠી હોવા છતાં જુદાઈના ખ્યાલને કારણે તું સંશયમાં પડી ગઈ છે.**

સો એ ઈલમ જબ હકકા, દેત અર્સકી યાદ ।
તુમેં બેસક ગુજરે હાલકી, ક્યોં ન આવે કાયમ સ્વાદ ॥૬૬॥

**જ્યારે જાગ્રતબુધ્ધિની વાણી ધામધણીની યાદ અપાવશે, ત્યારે તમને તમારા પોતાના ભૂલાયેલા અખંડ સુખોની સુવાસ કેમ નહિ આવે?**

## ૧૫.૧૦ : જાગ્રતબુધ્ધિથી તારતમજ્ઞાનરૂપી ચાવીનો પ્રયોગ કરો, અને બેહોશી હટાવો!

ફરામોસી કુલફકી, કુંજી ઈલમ બેસક ।
કરો સહૂર તુમ રુહ સોં, જો બકસીસ હૈ હક ॥૬૭॥

**સાથજી! ફરામોશીના તાળાને ખોલનાર તારતમજ્ઞાનરૂપી બેશક ઈલમની ચાવી, જે શ્રી રાજજી મહારાજ તરફથી આપણને બક્ષિશરૂપે મળેલ છે, તે લઇને તમે આત્મ-મંથન કરો.**

એ ઐસા ઈલમ હૈ લદુન્ની, જો દેત બકાકી બૂઝ ।
બેસકી સબ દેત હૈ, ઔર દેત હકકે દિલકા ગૂઝ ॥૬૮॥

**એ તારતમજ્ઞાન એવું બળવાન છે, જે અખંડઘરની ઓળખાણની સાથે સાથે સર્વ પ્રકારની વાતોની આત્મ-સાક્ષી પુરાવે છે તથા શ્રી રાજજી મહારાજના દિલની તમામ છુપી વાતોનું જ્ઞાન પણ આપે છે.**

ઐસી કુંજી હકેં દઈ, જો સહૂરેં કુલફ લગાએ ।
તો ફરામોસી ક્યોં રહે, પર હાથ હુકમ જગાએ ॥૬૯॥



D:\Pranam/Chivani/139

**તારતમજ્ઞાનરૂપી ચાવી તમારી સમજશક્તિને લાગેલ તાળાને ખોલવા માટે પૂર્ણતઃ સક્ષમ છે. અગર જાગ્રતબુધ્ધિથી એનો ઉપયોગ કરવામાં આવે તો ફરામોશી ટકી જ કેવી રીતે શકે? પરંતુ, એ રીતે જાગ્રત થવું એ પણ શ્રી રાજજીના હુકમના હાથમાં છે!**

બૈઠે આગૂં હકકે, કિયા થા મજકૂર ।
ઈતહાએ નહીં અર્સ જિમીકા, તુમ કહૂં નજીક હોકે દૂર ॥૭૦॥

**તમે સૌએ શ્રી રાજજી મહારાજની સન્મુખ બેસીને ઈશ્ક-રબ્દ કર્યો હતો, તે પરમધામની અખંડભૂમિનો મહિમા અપાર છે. વિચાર કરો કે તમે એ ભૂમિથી નજીક છો કે દૂર?**

બાહેર તો ના જાએ સકો, છેહ ન આવે જિમી ઈન ।
એક જરા જુદા ન હોએ સકે, તુમેં ઠૌર ન બકા બિન ॥૭૧॥

**સાથજી, વિચારો! રુહો પરમધામથી બહાર તો કદીયે જઈ શકતી નથી, કેમ કે પરમધામ તો બેશુમાર(અનંત) ભૂમિ છે, જેની કોઈ સીમા નથી. કોઇ સીમા હોય તો જ સીમાથી બહાર જઈ શકવાનો પ્રશ્ન ઉદ્‌ભવે. જ્યાંનો એક કણ પણ એ ભૂમિથી જુદો થઇ શકતો નથી, તો શું રુહોનું ઠેકાણું બીજી જગ્યાએ હોઇ શકે ખરું?**

હક સંદેસે લેત હો, કૌન તરફ તુમસોં હક ।
આયા ઈલમ ખુદાઈ તુમપે, તિનમેં જરા ન સક ॥૭૨॥

**હવે તમે સૌ જો શ્રી રાજજી મહારાજના સંદેશા યથાર્થમાં ગ્રહણ (રીસીવ-receive) કરી રહ્યા હોય, તો બતાવો કે ધણીજી તમારી કઈ તરફ છે? અર્થાત્, શ્રી રાજજીના સંદર્ભમાં તમારા કૌલ, ફૈલ અને હાલની સ્થિતિ ક્યાં છે? સાથજી! પારબ્રહ્મ ધણીનું આ તારતમજ્ઞાન તમારે માટે જ આવ્યું છે એ વાતમાં સંશયને જરાય સ્થાન નથી.**

તુમેં અર્સ દેખાયા દિલમેં, જો ખોલો લે કુંજી સહૂર ।
કુલફ ફરામોસી ના રહે, અર્સ દિલ હક હજૂર ॥૭૩॥

**જો તમે જાગ્રતબુધ્ધિથી વિચારીને તારતમજ્ઞાનરૂપી ચાવીનો ઉપયોગ કરશો તો તમને સમજાશે કે ધણીજીએ તમારા દિલમાં જ પરમધામ બતાવી દીધું છે! જ્યારે દિલ જ પરમધામ થઈ ગયું, અને તમે શ્રી રાજજીના સન્મુખ થઇ ગયા, તો પછી ફરામોશીનું તાળું લાગેલું રહે જ શી રીતે?**

## ૧૫.૧૧ : સાથજી! અખંડ ઘરમાં ઉઠવાનો (કયામતનો) સમય આવી ગયો છે!

બિના વિચારે રેહેત હૈ, તુમપે હક ઈલમ ।
એ સહૂર રુહેં પોહોંચહીં, તબહીં ઉડે તિલસમ ॥૭૪॥

**સાથજી! વાત માત્ર એટલી જ છે કે તમારા માટે તો તારતમવાણી અવતરેલ છે, પરંતુ તમે તેનું મંથન કર્યા વિના જ અણમોલ જીવન વેડફી રહ્યા છો! જો રુહોને આ હકીકત સમજાઈ જાય, તો તુરત જ તેમની નજરથી આ માયાનો પડદો દૂર થઈ જાય.**

*(ભાવાર્થ: લૌકિક રીતરિવાજ અને કર્મકાંડને આધાર માનીને જીવસૃષ્ટિ તો પોતાનું જીવન વેડફે જ છે, પરંતુ તમો-ખાસલખાસ, બ્રહ્મસૃષ્ટિએ પણ રસુલ સાહેબ અને શ્યામાજી મહારાણીની મૂળ વાતો સાંભળ્યા-સમજ્યા છતાં તે તમારી અક્કલમાં આવતી નથી!)*

તીન ઉમત કહી ખેલમેં, એક રુહેં ઔર ફરિસ્તે ।
તીસરી ખલક આમ જો, એ સબ લરેં સરીયત જે ॥૭૫॥

**સંસારરૂપી ખેલમાં ત્રણ પ્રકારની સૃષ્ટિ કહી છે. તેમાં એક પરમધામની બ્રહ્મસૃષ્ટિ આત્માઓ(રુહો) છે તથા બીજી ઈશ્વરીસૃષ્ટિ(ફરિશ્તાઓ) છે. ત્રીજી જે સમસ્ત જીવસૃષ્ટિ(આમ ખલક) છે, તે સર્વે લૌકિક રીતિ-રિવાજો તથા કર્મકાંડલક્ષી વિષયોને લઈને પરસ્પર લડ્યા કરે છે.**

કુંનસે ઔર નૂરસે, એ દોઊ પૈદાસ ।
રુહેં ઉતરી અર્સ અજીમસે, કહી અસલ ખાસલ ખાસ ॥૭૬॥

**જીવસૃષ્ટિ 'કુંન' કહેવાથી અને ઈશ્વરીસૃષ્ટિ 'નૂર'થી ઉત્પન્ન થયેલ છે. રુહ બ્રહ્મસૃષ્ટિઓ તો અખંડ પરમધામથી અવતરેલ છે, જે પારબ્રહ્મ(અલ્લાહ) શ્રી રાજજી મહારાજની ખાસલખાસ, અર્થાત્ મૂળ અંગનાઓ કહેલ છે.**

(ભાવાર્થઃ જેવી રીતે હિંદુ ધર્મશાસ્ત્રોમાં 'એકો અસ્મિ બહુસ્યામ' – 'હું એક છું તેમાંથી અનેક થઈ જાઉં' – એમ કહેવાથી સૃષ્ટિ સર્જન થયાની વાત કહેવાઈ છે, તેવી રીતે 'કુંન' એટલે કે 'થઈ જા!' એમ કહેવાથી સૃષ્ટિ સર્જન થવાની વાત કુરાનમાં વર્ણિત છે.)

એ ઈલમ-ઈલાહી દેત હોં, તો ભી છૂટત નહીં તિલસમ ।
હકેં પેહેલે કહ્યા ભૂલોગે, ન માનોગે હુકમ ॥૭૭॥



D:\Pranam/Chitvani/140

**શ્રી રાજજી મહારાજે અગાઉથી જ કહ્યું હતું કે તમે તમારા 'સ્વ'ને, મને તથા નિજધામને ભૂલી જશો, મારા આદેશને પણ નહિ માનો. હવે, ધણીજી કહે છે કે, હે સાથજી! અગાઉ કહ્યા મુજબ હું આપને જાગ્રતબુદ્ધિયુક્ત તારતમજ્ઞાન બક્ષિશ કરી રહ્યો છું, તેમ છતાં તમારાથી માયા ત્યાગી શકાતી નથી.**

સોઈ બાતેં અબ મિલી, ભૂલ ગૈયાં ઘર તુમ ।
ભૂલી આપ ઔર હકકો, ભૂલિયાં અકલ ઈલમ ॥૭૮॥

**એ સર્વે હકીકતો હવે સત્ય સિધ્ધ થઈ રહી છે. તમે સૌ બ્રહ્મસૃષ્ટિઓ નિજઘરને ભૂલી ગઈ છો. પોતાના મૂળ સ્વરૂપને, ધામધણીને, ધામની નૂરી અકલ તથા જાગ્રત ઈલમને ભૂલી ગયા છો.**

ફુરમાન રસૂલ લે આઈયા, રુહઅલ્લા સંદેસે ।
અસલ ઈલમ દે દે થકે, અજૂં ન આવે અકલમેં એ ॥૭૯॥

**રસૂલ સાહેબ કુરાનમાં નિજ-સ્વરૂપ, લીલા અને ધામની ઈશારતો લઈ આવ્યા. રુહઅલ્લાહ શ્રી શ્યામાજી મહારાણી ધણીજીના સંદેશાઓ તારતમજ્ઞાનરૂપે લઈ આવ્યા. તેઓ મૂળ ઈલમ(ખિલવતની વાતો) કહી કહીને થાક્યા, તેમ છતાંયે હાય! હાય! આ વાતો તમારી સમજમાં નથી આવી રહી!**

કહી બડી મેહેર રસૂલેં, જો હુઈ માહેં રાત મેયરાજ ।
ફજર હોસી જાહેર, સો રોજ કયામત હૈ આજ ॥૮૦॥

**સાથજી! રસુલ સાહેબે 'મેયરાજ'ની રાત્રિમાં થયેલ પારબ્રહ્મ શ્રી રાજજી મહારાજના દર્શનના પ્રસંગને ધણીની અપાર મહેરરૂપે અકારણ નથી બતાવ્યો. આજે એ જ કયામતનો, અખંડઘરમાં ઉઠવાનો-જાગવાનો સમય આવી ગયો છે.**

તો મજકૂર મેયરાજકા, એ જો કિયા જાહેર મેહેરબાન ।
મોમિન દેખો હક સહૂરસે, ખોલી મારફત-ફજર સુભાન ॥૮૧॥

**હે સુંદરસાથજી! 'મેયરાજ'ની રાત્રિની એ સૌ વાતોને ધણીજીની જાગ્રતબુદ્ધિથી વિચારો. મહેરબાન ધામધણીએ મારફતના સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનને સ્પષ્ટ સમજાવીને જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર ફેલાવ્યો છે.**

મહામત કહે એ મોમિનોં, અજૂં ફરામોસી ન જાત ।
બેસક દેખો દિન બકા, માહેં મેયરાજકી રાત ॥૮૨॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે સુંદરસાથજી! હજીપણ તમારી બેહોશી હટતી નથી! વિશ્વાસ કરો. આપ જરૂરથી અખંડ પરમધામનો નૂરી પ્રકાશ જોઇ શકશો, જેનું વર્ણન 'મેયરાજ'ની રાત્રિના પ્રસંગમાં થયેલ છે.**

*પ્રકરણ-૧૫ સંપૂર્ણ : ચોપાઈ-૯૫૮*

## ૧૬

આ પ્રકરણ સંપૂર્ણ ખિલવતવાણીને પોતાની અંદર સમાવી લે છે. બ્રહ્માત્માઓને નિજઘરની યાદ અપાવવા અક્ષરબ્રહ્મની આત્મશક્તિ જે મહંમદ પયગંબર સાહેબના તનમાં બિરાજમાન હતી, તેના પર 'સબે-મેયરાજ', અર્થાત્ દર્શનની રાત્રિ દરમ્યાન શ્રી રાજજી મહારાજની જે મહેર વરસી, અને તેમના માટે પરમધામનાં દ્વાર ખુલ્યાં, તે પ્રસંગને ટાંકવામાં આવ્યો છે. તે દ્વારા બ્રહ્માત્માઓને તેમના ખિલવતખાના પર તથા તેમાં થયેલ ઈશ્ક-રબ્દ વિશે આત્મ-સાક્ષી અપાવવામાં આવી છે. જેવી રીતે તેરમા પ્રકરણમાં ધામધણીજી શ્રી શ્યામાજીને હુકમ કરે છે કે, *'બુલાય લાઓ તુમ રુહઅલ્લાહ'*, તેવી જ રીતે આ સમયે ઈમામ મહેંદી શ્રી પ્રાણનાથજીને શ્રી ધણીજીનો હુકમ થયો છે કે "તમે જાઓ! ખિલવત મૂલમિલાવામાં આપણા સૌ વચ્ચે થયેલ ગુપ્ત વાર્તાલાપ સૌ સુંદરસાથને યાદ કરાવો! તેમને તમે અદ્વૈત પરમધામનો આત્મિક ખોરાક પિરસો અને તેમના માટે પરમધામના દરવાજા ખોલી દો, જેથી તે સૌનાં દિલો પણ પોતાના નિજઘર તથા ધામધણીના દર્શનનું સુખ લઈ શકે!"

આમ, આ પ્રકરણમાં **ઈશ્ક-રબ્દમાં બ્રહ્માત્માઓ, શ્રી શ્યામાજી તથા શ્રી રાજજી વચ્ચે શું શું વાર્તાલાપ થયો** તેની પુનઃ યાદ કરાવવામાં આવી છે. ઈશ્કની ઓળખાણ ન હોવાથી સૌ આત્માઓએ ભેગા મળીને પોતાની જાતને શ્રી રાજજી તથા શ્રી શ્યામાજીના સાચા આશિક દર્શાવ્યા, તથા પોતાના ઈશ્કના વિષયમાં તેમને ત્રણ વાતો કહીઃ (૧) અમારો ઈશ્ક સર્વ રીતે પૂર્ણ છે, (૨) આપ ધણીજીના ઈશ્કની બરાબર છે, અને (૩) અમારો ઈશ્ક મોટો પણ છે. ═

ઉ

૪ ઉ ઉ ૪



D:\Pranam/Chitvani/141

પોતાના ઈશ્કની બડાઈ કરતાં આત્માઓ કહે છે કે હે રાજજી! આપ હવે અમને ફરામોશીનો ખેલ બતાવો અને હા, એકવાર નહિ, અમને સોવાર અજમાવી જુઓ! જો અમારા અને આપ ધણીજીની વચ્ચે કંઈપણ ચીજ આવી જાય, તો એ અમારા ઈશ્કની રીત જ નથી! પ્રત્યુત્તરમાં ધણીજી કહે છે કે હે આત્માઓ! તમને સૌને પોતપોતાનો ઈશ્ક ત્યાં સુધી મોટો લાગતો રહેશે જ્યાં સુધી તમે મારા અક્ષરાતીત નૂરી સ્વરૂપથી અલગ નહીં થાવ. તમને મારા સત્-અંગ, સર્વ સામર્થ્યવાન અક્ષરબ્રહ્મ સ્વરૂપની યોગમાયિક તથા કાલમાયિક લીલાઓનું જ્ઞાન નહિ થઈ જાય. પરંતુ, થયું એમ જ જેવું ધણીજીએ કહ્યું હતું, આત્માઓ ભૂલી ગઈ.

ङ ४ ४ ४ ξ ξ

४ ४ ४

ઉ૪ ङ ጵ ξ

═ ઉ ξ

**જ્યાં પ્રત્યેક ચીજ પૂર્ણ હોય એવા પરમધામમાં આખરે બે વસ્તુની તુલના, ઓછા-વત્તાનો નિર્ણય કે જુદાઈનો અહેસાસ આદિ સંભવી જ શી રીતે શકે?** તો એનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છેઃ શ્રી રાજજીએ જે કંઈ કરવાનું નિશ્ચિત કર્યું હોય, તે વાત તેઓ સૌપ્રથમ પોતાના દિલમાં લે છે. ત્યારબાદ, તે વાત પરમધામનાં જે તે વાહેદત સ્વરૂપના દિલમાં આવી જાય છે. પરમધામમાં પ્રવર્તમાન વાહેદત કે એકરસતા કે એક-દિલીની આ જ વિશેષતા છે. ጵ ४

ઉ ξ ઉ ઉ। ξ ጵ

**કોઈપણ કાર્ય પારબ્રહ્મ ખુદાથી થઈ શકે નહીં, એવું કોઈ કદીયે ન કહેશો.** પરંતુ, અખંડ પરમધામમાં એક વાત એવી છે કે જે શ્રી રાજજી મહારાજ પણ કરી શકવામાં સક્ષમ નથી! તેઓ પોતાની આત્માઓને કદીયે પોતાનાથી અલગ કરી શકતા નથી. ङ ४ ξ ═ ઉ

४ માટે, પરમધામમાં આત્માની કહેણી, કરની અને રહેણીમાં ભલે બદલાવ આવે, પરંતુ તેમનાથી ધણીજીનો ઈશ્ક કદી છુટી શકતો નથી (આ સંસારથી વિપરીત, પરમધામમાં સર્વે બદલાવ ઈશ્કના જ વિવિધ રૂપો હોય છે!) જ્યાં આત્મા પોતાના ધણીથી પલભર માટે પણ અલગ નથી થતી, એવા પરમધામથી ન તો કોઈ આવ્યું છે કે ન કોઈ ત્યાંથી બહાર ગયું છે.

દ ૃ ઉ । ૅ ૅ ૃ ૅ ૌ
ૃ દ દ ૪ ૃ ૪ ઉ
ૃ ૅ ૪

પરમધામ અને આપણા સૌની વચ્ચે મિથ્યા ખેલનો એક માત્ર પડદો છે. **માયાની ચાહનાઓ છૂટશે ત્યારે જ સૂરતા પરમધામ પાછી ફરી શકશે.** સંસારી મોહ-મમતાનો ત્યાગ કરી, અખંડ ધામની નિસ્બત (દિવ્ય સંબંધ) જાગ્રત કરી તથા દિલમાં ઈશ્ક છલોછલ ભરી લઈને જ પરમધામમાં શ્રી રાજજી સુધી પહોંચી શકાશે. **આત્માનો ઈશ્ક તાકતવાન હોવાનું પ્રમાણ જ** એ છે કે જેવી તે આત્મા પોતાના ઈશ્કમાં થોડીક પણ ઓછપ અનુભવે છે કે તુરત જ તેના પ્રતિ જાગ્રત થઈ, પુનઃ તેને કાયમ રાખવા માટે પ્રવૃત્ત થઈ જાય છે. જે આત્મા નિત્યપ્રતિ આમ કરતી રહે છે, એ જ પ્રધાન સખી (સિરદાર, leader) છે. ૪ ૅ ડ઼
૪ દ ૪ । ઉ ઉ ૌ ૪
ૃ ૪ ડ઼ ઉ ૃ
૪ ૪ ૌ ડ઼
ૃ

**ધણીજીનો સંદેશો સાંભળી જેના દિલમાં ચોટ ન લાગે, તો તે ધામના 'મોમિન' કે 'સુંદરસાથ' ન કહેવાય.** શ્રી રાજજીનો જાગ્રત ઈલમ સાંભળી જેના દિલમાં ઈશ્ક ઉભરાઈ ન આવે તેને તારતમજ્ઞાન સંભળાવશો નહિ! આ પ્રકારના દિલવાળી પરમધામની બ્રહ્મસૃષ્ટિ ન હોઈ શકે! ૪
૪ ૪ ૪ ૌ

**સંસારમાં ત્રણ પ્રકારની સૃષ્ટિઓ છે.** પ્રથમ તો એક પારબ્રહ્મને માની તેમને ઈશ્કથી રીઝવનારી બ્રહ્મસૃષ્ટિ, બીજી પારબ્રહ્મને પરમાત્મા માની નિયમબદ્ધ સેવાપૂજા કરવાવાળી ઈશ્વરીસૃષ્ટિ અને ત્રીજી તેમના હકીકત અને વિજ્ઞાનનો ઈન્કાર કરી નિરાકારને જ પારબ્રહ્મ માનવાવાળી જીવસૃષ્ટિ. આ ત્રણેય પોતપોતાના રસ્તા પર ઉભેલી છે. ૪ ૪ ૃ દ ૪ ઉ ઉ
ઉ આ ત્રણેય તારતમનું જ્ઞાન તો સંભાળે જ છે, પરંતુ તેઓ પોતપોતાના રસ્તાને છોડી શકતા નથી! ૪ ૪ ઉ । ૌ
ૃ ૪ ૪ ૪ દ કોઈપણ વ્યક્તિ પોતાનું નુકશાન થાય તેમ ઈચ્છતી નથી. પરંતુ પોતાના અંકુરના સ્વભાવથી વિપરીત તેમનાથી બીજું



D:\Pranam/Chivani/142

કોઈ કામ થઈ પણ નથી શકતું! જેવું બીજ હોય, તેવું જ વૃક્ષ હોય છે, અને તેનું ફળ પણ એવું જ ફળે છે! ડ઼ ઉ ઉ ૪ ૃ
દ ઉ

આત્માઓને ચેતવણી આપતાં શ્રી રાજજી કહે છે કે, હે આત્માઓ! ખેલમાં જઈને તમે બેહાલ થઈ જશો. હું તમને દાવો કરીને કહું છું કે આવા કઠણ ભૂલવી દે તેવા સમયે જો આપ સૌ મને યાદ કરશો તો જ આપનો ઈશ્ક સાચો - genuine મનાશે. ઈશ્કનો નિર્ણય કરતાં શ્રી રાજજી કહે છે કે મારો બેશક ઈલમ શીખીને, મારો સંદેશ સાંભળીને, માયાની ચાહનાઓ કે મોહ છોડીને, ખેલને પીઠ દઈને તથા મારા ઈશ્કને હમેશાં આગળ કરીને જે આત્મા દોડતી આગળ નીકળશે તે જ સાચી બ્રહ્મસૃષ્ટિ કહેવાશે. ૃ ૃ ૅ
ઉ ૃ ડ઼ ઉ ।
ઉ ડ઼ હે સુંદરસાથજી! હવે તમે, જે બ્રહ્મસૃષ્ટિ છો, તે વ્યર્થમાં પોતાની હાંસી ન કરાવશો. શ્રી શ્યામાજીની વાત સાંભળો.
૪ ૪ ૃ
ૃ

## ૧૬.૧ : જાઓ, ખિલવતની વાતોની યાદ અપાવી રુહોને માટે પરમધામનાં દ્વાર ખોલી દો!

મેહેર હુઈ મહંમદ પર, ખોલે નૂરતજલ્લા દ્વાર ।
સબ મેયરાજમેં લેયકે, દિયા હકેં દીદાર ॥૧॥

**અક્ષરબ્રહ્મની આત્મ-શક્તિયુક્ત મહંમદ સાહેબ પર શ્રી રાજજી મહારાજની મહેર થઈ અને તેમના માટે પરમધામના દરવાજા ખુલી ગયા. શબે-મેયરાજ અર્થાત્ દર્શનની રાત્રિમાં શ્રી રાજજીએ મહંમદ સાહેબને દર્શન આપ્યાં.**

બીચ બકાકે પોહોંચિયા, જિત જલે જબરાઈલ પર ।
તિત નબ્બે હજાર હરફ સુને, ફિરે જો મજકૂર કર ॥૨॥

**તે એ પરમધામમાં પહોંચ્યા કે જ્યાં જતાં જબરાઈલ જેવા બળવાન ફરિશ્તાની પણ પાંખો બળવા લાગે છે. ત્યાં જઇને તેમણે ૯૦,૦૦૦ હરફમાં વાતો સાંભળી અને વાર્તાલાપ કરીને પાછા ફર્યા.**

હુકમ હુઆ ઈમામકો, ખોલ દે દ્વાર રુહન ।
આવેં સબ મેયરાજમેં, દિલ દેખેં અર્સ મોમિન ॥૩॥

**હવે ઈમામ મેહેંદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીને આદેશ થયો કે, આપ જાઓ, મહંમદ સાહેબને થયેલાં દર્શનની વાતો ધામની રુહોને યાદ કરાવો અને તેમને માટે પરમધામના દરવાજા ખોલી દો કે જેથી તેમનાં દિલ પણ નિજઘર તથા પોતાના ધામધણીનાં દર્શનનાં સુખ લઇ શકે.**

ખિલવત સબ મેયરાજમેં, જો રુહોં કરી અવ્વલ ।
સો ખોલે હક હાદીયકી, જ્યોં દેખેં હકીકી દિલ ॥૪॥

**આમ, હવે તેઓ મૂલમિલાવામાં રુહો, શ્રી શ્યામાજી અને શ્રી રાજજી વચ્ચે જે ખિલવતની ગુપ્ત વાતો થયેલી, તેને જાહેર કરી રહ્યા છે, જેથી સાચા દિલવાળા મોમિનો પોતાના 'હકીકત'ના સ્વરૂપનાં દર્શન કરી શકે.**

આખિર ગિરો જો રુહન, સબ મેયરાજમેં આરામ ।
યાકો દઈ ઈમામેં હુકમેં, વાહેદતકી અર્સ તામ ॥૫॥

**જેમને ઈમામ મેહેંદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીએ ધામધણીના હુકમથી અદ્વૈત(વાહેદત)નો આત્મિક ખોરાક બક્ષ્યો છે, એ બ્રહ્મસૃષ્ટિની જમાતને પણ આ દર્શન (મેયરાજ)થી શાંતિ પ્રાપ્ત થશે.**

ખિલવત હક હાદી રુહનકી, કબૂં ન જાહેર કિન ।
સો રુહઅલ્લાને રુહસોં, તિન કહી આગે મોમિન ॥૬॥

**આજદિનપર્યંત કોઇનેય શ્રી રાજજી મહારાજ, શ્રી શ્યામાજી અને રુહોનાં એકાંતનાં સુખોની વાતોની જાણ ન હતી. એ વાતો શ્રી શ્યામા મહારાણીજીએ મને(ઈન્દ્રાવતીજીની આત્માને) કહી છે, તે હવે સૌ સુંદરસાથને કહી રહી છું તે સાંભળો.**

### ૧૬.૨ : ઈશ્ક-રબ્દમાં રુહો, શ્રી શ્યામાજી અને શ્રી રાજજી વચ્ચે શું શું વાર્તાલાપ થયો?

એક સમે હક હાદી રુહેં, મિલ કિયા મજકૂર ।
રબ્દ કિયા ઈસ્કકા, સબોં આપ અપના જહૂર ॥૭॥

**એકવાર શ્રી રાજજી, શ્રી શ્યામાજી અને રુહોએ પરસ્પર મળીને વાર્તાલાપ કર્યો. તેમાં સૌએ પોતપોતાના ઈશ્કની વિશેષતા-મોટાઈ વ્યક્ત કરી.**



D:\Pranam/Chitvani/143

રુહેં કહેં સબ મિલકે, હકકે આસિક હમ ।
ઈસ્ક પૂરા હૈ હમમેં, એ નીકે જાનો તુમ ॥૮॥

**તમામ રુહોએ મળીને એવો નિર્ણય કર્યો કે શ્રી રાજજી મહારાજના સાચા આશિક તો આપણે જ છીએ અને આપણો ઈશ્ક સર્વથા સંપૂર્ણ છે. હે ધણી! આ વાત તમે સારી રીતે સમજી લો.**

ઔર આસિક બડી રુહકે, ઈનમેં નાહીં સક ।
ઈસ્ક હમારે રુહનકે, જાનત હૈં સબ હક ॥૯॥

**અને હા, આપણે રુહો શ્રી શ્યામાજી(બડીરુહ)ની આશિક છીએ એ વાતમાં પણ કોઇ સંદેહ નથી. આપણા આ પ્રકારના ઈશ્કને શ્રી ધણીજી સારી પેઠે જાણે છે.**

બડી રુહ કહે મુઝમેં, હકકા પૂરા ઈસ્ક ।
રુહેં પ્યારી મેરી રુહકી, ઈનમેં નાહીં સક ॥૧૦॥

**સૌ રુહોની આ પ્રકારની વાતો સાંભળીને શ્રી શ્યામાજીએ કહ્યું કે શ્રી રાજજી મહારાજનો પૂર્ણ ઈશ્ક તો માત્ર મારી અંદર જ ભરેલો છે.**

તબ હકેં કહ્યા સબનકો, મૈં તુમારા આસિક ।
ઔર આસિક બડી રુહકા, કૌન મેરે માફક ॥૧૧॥

**રુહો અને શ્રી શ્યામાજીની આ પ્રકારની વાતો સાંભળીને શ્રી રાજજીએ કહ્યું કે, હે રુહો! હું તો તમારો અને શ્યામાજી બંનેનો આશિક છું. મને એ બતાવો કે તમારામાંથી કોનો ઈશ્ક મારા ઈશ્કની સમકક્ષ છે?**

ખબર મેરે ઈસ્કકી, તુમ જાની નહીં કિન ।
ઈસ્ક બડે સબોં અપને, તો કહે રુહન ॥૧૨॥

**આપ સૌમાંથી કોઇને પણ મારા ઈશ્કની ઓળખાણ નથી. હે રુહો! એથી જ આપ સૌ પોતપોતાના ઈશ્કને અધિક દર્શાવી રહ્યાં છો.**

ઔર પાતસાહી મેરે અર્સકી, તુમકો નહીં ખબર ।
ઈસ્ક સબોંકો અપને, તો બડે આએ નજર ॥૧૩॥

**આપ સૌને હજુ મારી પરમધામની બાદશાહી(સાહ્યબી)ની પૂરેપૂરી ખબર નથી. તેથી તમને બધાંને માત્ર તમારો જ ઈશ્ક વિશેષ દેખાય છે.**

બુજરક ઈસ્ક અપના, તોલોં દેખ્યા તુમ ।
કાદરકી કુદરતકી, તુમકો નાહીં ગમ ॥૧૪॥

**જ્યાં સુધી તમને મારા સત્-અંગ, સર્વથા સમર્થ એવા 'અક્ષરબ્રહ્મ' સ્વરૂપની યોગમાયિક અને કાલમાયિક લીલાઓનું જ્ઞાન નહિ થાય, ત્યાં સુધી આપ સૌને પોતપોતાનો ઈશ્ક વિશેષ લાગતો રહેશે.**
*(સરખાવો-સાગર ૧/૪૨)*

સાહેબી અર્સ અજીમકી, તુમેં નજર આવે તબ ।
નૂર-તજલ્લા નૂર થેં, જુદે હોએ દેખો તબ ॥૧૫॥

**જ્યારે આપ સૌ મારા નૂરી અક્ષરાતીત સ્વરૂપથી અલગ થઇને, મારા અક્ષરસ્વરૂપની લીલા જાણી લેશો, ત્યારે તમને મારી અખંડ પરમધામની સાહ્યબીની જાણ થશે.**

ખબર તુમારે ઈસ્કકી, તો હોવે જાહેર ।
સબ મિલ જાઓ ઈત થેં, બકાસે બાહેર ॥૧૬॥

**જ્યારે આપ સૌ મળીને આ અખંડ ઘરની બહાર જાઓ, ત્યારે તમને તમારા ઈશ્કની મહત્તાની જાણ થશે.**

## ૧૬.૩ : પરમધામમાં છેવટે ઓછા-વત્તાનો અને જુદાઈનો અનુભવ થયો જ કેવી રીતે?

એક પાતસાહી અર્સકી, ઔર વાહેદતકા ઈસ્ક ।
સો દેખલાવને રુહનકો, પેહેલે દિલમેં લિયા હક ॥૧૭॥

**આમ, શ્રી રાજજી મહારાજે પોતાની પરમધામની બાદશાહી અને વાહેદત (એકદિલી) સ્વરૂપ ધામના ઈશ્કની મહત્તા રુહોને સમજાવવા માટેની વાત દિલમાં લીધી.**
*(સરખાવો - વાહેદતનો અર્થ - ખિલવત ૬/૪૨,૪૩ તથા સાગર ૧/૪૩, વાહેદત = સંપૂર્ણ પરમધામ)*

કહૂં વિધ વાહેદતકી, બાત કરની હકેં જે ।
સો અપને દિલ પેહેલે લેયકે, પીછે આવે દિલ વાહેદતકે ॥૧૮॥

**હવે હું પરમધામમાં પ્રવર્તમાન વાહેદત (એકદિલી, એક-સુરતા)ની વિશેષતા જણાવું છું: ત્યાં જે કંઇ પણ થાય છે, તેને સૌ પ્રથમ શ્રી રાજજી**



D:\Pranam/Chitvani/144

**પોતાના દિલમાં લે છે. ત્યારબાદ, એ બાબત પરમધામના તમામ વાહેદત સ્વરૂપોના દિલમાં આવી જાય છે.**

પોહોર દિનસે ચાર ઘડી લગ, બરસ્યા હકકા નૂર ।
ઈસ્ક તરંગ સબોં અપને, રોસન કિએ જહૂર ॥૧૯॥

**રંગમહોલની ત્રીજીભોમમાં બપોર પછી, ત્રણથી સાડા-ચાર વાગ્યા સુધી, શ્રી રાજજીની અમીદૃષ્ટિ રુહો પર વરસતી રહી. તેમના હુકમ અનુસાર સૌ રુહોએ પોતપોતાના ઈશ્કના તરંગો જાહેર કર્યા.**

અપને અપને ઈસ્કકા, સબોં દેખાયા ભાર ।
તોલોં કિયા રબ્દ, દિન પીછલા ઘડી ચાર ॥૨૦॥

**સૌએ પોતપોતાનો ઈશ્ક કેવી રીતે વિશેષ છે, તે બતાવ્યું. સાંજના સાડા ચાર વાગ્યા સુધી એ જ વિવાદ થતો રહ્યો.**

એહ બાતેં અસલકી, કરતે ઈસ્ક સોં પ્યાર ।
હઁસતે ખેલતે બોલતે, એહી ચલત બારંબાર ॥૨૧॥

**આ બધી વાતો મૂળ પરમધામની છે. વારંવાર અત્યાધિક પ્રેમપૂર્વક, હસતાં-રમતાં રુહો વચ્ચે અરસપરસ ઈશ્કની આ વાતો થતી રહી.**

અપના અપના ઈસ્ક, બડા જાનત સબકો એ ।
બીચ બકાકે બેવરા, ઈસ્કકા ન હોએ ॥૨૨॥

**જ્યાં સૌ પોતપોતાના ઈશ્કને જ વિશેષ માનતું હોય, એવા પરમધામમાં ઈશ્કના તફાવતનો ફેંસલો કેવી રીતે શક્ય છે? ઈશ્કની પરખ ન થવાથી આપણે રુહોએ ત્રણ બાબતોનો ઉલ્લેખ કર્યો: (૧) અમારો ઈશ્ક સર્વથા પૂર્ણ છે. (૨) અમારો ઈશ્ક આપના ઈશ્કની સમતોલ છે અને (૩) અમારો ઈશ્ક વિશેષ છે.**

ઈસ્કકા હક હાદી રુહેં, રબ્દ કિયા માહોં-માહેં ।
સો હકસે બીચ અર્સકે, ઘટ બઢ હોવે નાહેં ॥૨૩॥

**શ્રી રાજજી મહારાજ, શ્રી શ્યામાજી તથા રુહોએ પરસ્પર વિવાદ તો કર્યો, પરંતુ શ્રી રાજજી મહારાજ દ્વારા પરમધામમાં, કોઇપણ વિષયની વધઘટ અંગેનો નિર્ણય લઇ શકાતો નહોતો.**

જિત જુદાગી જરા નહીં, તિત બેવરા ક્યોં હોએ ।
તાથેં રુહેં રબ્દ હકકા, ક્યોં એ ના નિબરે સોએ ॥૨૪॥

**જ્યાં ક્ષણમાત્રની જુદાઈ શક્ય ન હોય ત્યાં વત્તા-ઓછાનો ફેંસલો કેવી રીતે થાય? તેથી રુહો અને શ્રી રાજજી મહારાજના ઈશ્ક-રબ્દનો નિવેડો આવી અદ્વૈતભૂમિ પર થઈ પણ કેવી રીતે શકે?**

એક પાત ન ગિરે અર્સ બનકા, ના ખિરે પંખીકા પર ।
અપાર જિમીકી રુહ કોઈ, કહૂં જાએ ન સકે ક્યોંએ કર ॥૨૫॥

**જો પરમધામનાં વનોનાં વૃક્ષોનું એક પાંદડું પણ પોતાની ડાળીથી અલગ થઈ ખરી શકતું નથી, કે પંખીનું એક પીંછું પણ તેના શરીરથી જુદું થઈ શકતું નથી, તો પછી તે અખંડ-બેસુમાર ભૂમિની રુહો પોતાના પ્રાણપ્રિય પરમધામથી અલગ થઈ અન્યત્ર જઇ જ કેવી રીતે શકે?**

## ૧૬.૪ : પરમધામની વાહેદત (એકરસતા, એકદિલી)ની વિશેષતા

આગૂં વાહેદત જિમીકે, કહૂં નામ ન જરા એક ।
આગૂં જરે વાહેદતકે, ઉડેં બ્રહ્માંડ અનેક ॥૨૬॥

**પરમધામની વાહેદતમય ભૂમિની સરખામણી આ બ્રહ્માંડની કઈ ચીજ સાથે થઇ શકે? અરે! પરમધામના એક કણની સામે તો આવાં કરોડો બ્રહ્માંડો ઉડી જાય અર્થાત્ પરમધામની તુલનામાં આ બ્રહ્માંડ તો કંઇ જ નથી!**

રુહેં ઉન વાહેદતકી, તાએ ફરેબ ન રહે નજર ।
સો ક્યોં પડે ફરેબમેં, દેખો સહૂર કર ॥૨૭॥

**આવી વાહેદત(એકરસ)મય ભૂમિની આત્માઓની નજરમાં આ જૂઠા સંસારની માયા પળમાત્ર પણ ટકી શકતી નથી. સાથજી! વિચારો! આવી આત્માઓ આ જૂઠા સંસારમાં આવી જ કેવી રીતે શકે?**

મૌત ઉત પૈઠે નહીં, કાયમ અર્સ સુભાન ।
ઠૌર નહીં અબલીસકો, જરા ન કબૂં નુકસાન ॥૨૮॥

**મૃત્યુ પણ જ્યાં પહોંચી શકતું નથી, એવું અખંડ શ્રી રાજજીનું પરમધામ છે. ત્યાં શેતાન(અબલીસ)ને સ્થાન નથી. આથી પરમધામમાં કોઇપણ પ્રકારનું નુકશાન થવાનો સવાલ તો પેદા જ નથી થતો...*લાભ જ લાભ છે.***





અર્સ બકા વાહેદતમેં, સુધ ઈસ્ક ન હોવે ઈત ।
જુદે જુદે હો રહિએ, ઈસ્ક સુધ પાઈએ તિત ॥૨૯॥

**આવા અખંડ પરમધામની વાહેદતમાં ઈશ્કની વાસ્તવિકતાની સુધ કોઇનેય ન હોઇ શકે. જ્યાં અલગ અલગ રહેવાની શક્યતા હોય, ત્યાં જ ઈશ્કની વાસ્તવિકતાની ઓળખાણ થઇ શકે છે.**

વાહેદતમેં સુધ ઈસ્કકી, પાઈએ નહીં ક્યોંએ કર ।
ઘટ બઢ ઈત હૈ નહીં, અર્સમેં એકૈ નજર ॥૩૦॥

**એક ઈશ્ક-રસમાં તરબોળ એવા વાહેદતમય પરમધામમાં કોઇપણ રીતે ઈશ્કની વાસ્તવિકતાની ઓળખાણ થઈ શકે નહિ. કારણ કે, એ અદ્વૈત ભૂમિમાં સૌની નજર એકસમાન હોવાથી વધ-ઘટનો અહેસાસ થવાનો સવાલ જ નથી રહેતો.**

બિના જુદાગી ઈસ્કકી, ક્યોં કર પાઈએ ખબર ।
સો તો બકામેં હૈ નહીં, સબ કોઈ બરાબર ॥૩૧॥

**...અને જુદાઈ વિના ઈશ્કની ઓળખાણ શી રીતે થઇ શકે? ત્યાંનાં તો તમામ સ્વરૂપો નૂરી હોવાથી ઈશ્કમાં સમકક્ષ છે.**

## ૧૬.૫ : અખંડ પરમધામમાં એક વાત એવી છે, જે શ્રી રાજજીથી પણ સંભવ નથી!

કોઈ બાત ખુદાસે ન હોવહીં, ઐસે ન કહિયો કોએ ।
પર એક બાત ઐસી બકા મિને, જો હકસે ભી ન હોએ ॥૩૨॥

**પારબ્રહ્મ-ખુદાથી કોઇ કામ ન થઇ શકે એવું કોઇ કદાપિ ના કહેશો. એ અખંડ પરમધામમાં એક બાબત એવી છે, જે શ્રી રાજજી મહારાજ પણ કરી શકવા સમર્થ નથી! તે પોતાની આત્માઓને પોતાનાથી ક્યારેય અલગ કરી શકે તેમ નથી!**

કૌલ ફૈલ હાલ બદલે, પર ના છૂટે રુહ ઈસ્ક ।
રુહ ઈસ્ક દોઉ બકા, ઈનમેં નાહીં સક ॥૩૩॥

**પરમધામમાં રુહની કહેણી, કરણી અને રહેણી-કૌલ, ફૈલ અને હાલમાં ફેરફાર ભલે થાય, પરંતુ તેમનો ઈશ્ક કદાપિ તેમનાથી છૂટતો નથી કારણ કે રુહના કૌલ, ફૈલ અને હાલ ઈશ્ક-રસથી ભીંજાયેલા હોય છે. તેથી**

**જ રુહો અને ઈશ્ક એ બંને અખંડ પરમધામમાં જ છે. એ બંનેના સહઅસ્તિત્વ અંગે કોઇ સંશય નથી.**

દિલ ફેરે રંગ ફિરત હૈ, જુસા જોસ બદલત ।
પર અસલ ઈસ્ક ના બદલે, જો નેહેચલ રુહ ન્યામત ॥૩૪॥

**પરમધામમાં રુહોના દિલ વિવિધ પ્રકારની ભાવનાઓના રંગો પ્રગટ કરતાં રહે છે. તેમનો ઉત્સાહ અને તનનો જોશ પણ એ પ્રમાણે બદલાતો રહે છે. તેમ છતાં તેમના ઈશ્કમાં કોઇપણ પ્રકારની ઉણપ નથી આવતી કારણ કે ઈશ્ક તો રુહનો અખંડ ખજાનો છે.**

*(ભાવાર્થ: બાતૂની દૃષ્ટિએ આ માયાના ખેલમાં દિલ બદલાતાં ભાવો પણ બદલાઈ જાય છે. સાથોસાથ સેવાના ઉત્સાહ અને જોશમાં પણ ફરક પડી જાય છે. પરંતુ સત્ય (હકીકી) ઈશ્કની ઓળખાણ થઈ ગયા બાદ ઈમાનમાં કદાપિ કમી આવતી નથી. આવો ઓળખાણ યુક્ત ઈશ્ક જ રુહ-સુંદરસાથનો મૂળ અખંડ ખજાનો છે.)*

## ૧૬.૬ : શ્રી રાજજીની ચેતવણીઃ ખેલમાં જઇને તમે બેહાલ થઇ જશો!

રુહોં સબોં ઈસ્કકા, કિયા બડા મજકૂર ।
ઈસ વાસ્તે બેવરા ઈસ્કકા, મુઝે દેખલાવના જરુર ॥૩૫॥

**શ્રી રાજજીએ વિચાર્યું કે જ્યારે રુહોએ ઈશ્કની આટલ અધિક ચર્ચા છેડી જ દીધી છે, ત્યારે હવે મારે તેનો ફેંસલો અવશ્ય કરી બતાવવો પડશે.**

ઈસ્ક બેવરા દેખને, એક તુમેં દેખાઉં ખ્યાલ ।
ઈસ્ક તઅલ્લુક રુહકે, છૂટે ના બદલે હાલ ॥૩૬॥

**હવે, રુહોને ચેતવણી આપતાં શ્રી રાજજી મહારાજ કહે છે કેઃ હે રુહો! આ ઈશ્કનો ફેંસલો કરવા માટે હું તમને (મારાં ચરણોમાં જ બેસાડીને) માયાનું ખેલરૂપી સ્વપ્ન બતાવીશ. આમ તો ઈશ્ક અને આપ રુહોનો સંબંધ, આ બંને અખંડ છે. તેથી, ન તો આપ ઈશ્કથી અલગ થવાં જોઇએ, કે ન આપનાં કૌલ, ફૈલ કે હાલમાં કંઇપણ ફરક પડવો જોઇએ.**

રુહેં અર્સ અજીમકી, તાએ લગે ના કોઈ નુકસાન ।
ઐસા ખેલ દેખાઉં તુમેં, જો કછૂ ના રહે પેહેચાન ॥૩૭॥

**સર્વશ્રેષ્ઠ એવા પરમધામની રુહોને કોઇ જ દાગ ન લાગવો જોઇએ. પરંતુ, હું તમને એવો ખેલ બતાવીશ કે તમને તમારી કોઈપણ પ્રકારની ઓળખાણ રહેશે નહિ.**



D:\Pranam/Chivani/146

ઐસા ઈસ્ક તુમપે, રુહસે ક્યોં એ ના છૂટત ।
પર એ ખેલ ઈન ભાંતકા, જગાએ ભી ન જાગત ॥૩૮॥

**હે રુહો! ઇશ્ક સાથેનો તમારો સંબંધ જ એવો છે જે, કોઇપણ ભોગે છૂટવો જોઇએ નહિ.. પરંતુ આ ખેલ એવો વિચિત્ર પ્રકારનો હશે કે આપ સૌમાંથી કોઇપણ જગાડવા છતાં પણ જાગશે નહિ!**

મૈં છિપોંગા તુમસે, તુમ પાએ ન સકો મુઝ ।
ન પાઓ તરફ મેરીયકો, ઐસા ખેલ દેખાઉં ગુઝ ॥૩૯॥

**હું તમારી નજરથી અદૃશ્ય થઇને રહીશ. આપ ન તો મને શોધી શકશો કે ન તો મારો કોઇ પત્તો મેળવી શકશો. એવો રહસ્યમયી માયાનો ખેલ હું તમને બતાવીશ.**

ઔર કહૂં જાએ છિપોગે, કે હમકો કરોગે દૂર ।
કે ઈતહીં બૈઠે દેખાઓગે, ધની અપને હજૂર ॥૪૦॥

**રુહોએ પૂછ્યું, હે ધણી! શું આપ અન્ય કોઇ સ્થાને જઇને છૂપાઈ જશો કે પછી અમને આપનાથી દૂર કરી દેશો? ...કે અહીં આપની સન્મુખ મૂલમિલાવામાં જ બેસાડીને ખેલ બતાવશો?**

દૂર કહૂં ન જાઊંગા, તુમ બૈઠો પકડ ચરન ।
ખેલ દેખોગે ઈતહીં, તુમ મિલ સબ મોમિન ॥૪૧॥

**શ્રી રાજજી કહે છે હે રુહો! હું તમારાથી ક્યાંય દૂર જઈશ નહિ. તમે માત્ર મારાં ચરણ પકડીને બેસી રહો. તમે સૌ રુહો અહીં બેઠાં-બેઠાં જ ખેલ જોશો.**

## ૧૬.૭ : બ્રહ્મસૃષ્ટિની 'ઈશ્ક'ની રીત

હમ સબ મિલ મોમિન બૈઠેંગે, પકડ તુમારે ચરન ।
તબ કહા કરસી ફરામોસી, જબ બૈઠેં હોએ એક તન ॥૪૨॥

**સર્વે રુહો સાથે મળીને કહે છે, હે ધણી! અમે સૌ તમારાં શ્રી ચરણો ગ્રહીને બેસીશું. જ્યારે અમે બધાં એક-તનની જેમ હળીમળીને બેસીશું ત્યારે માયારૂપી ખેલની ફરામોશી અમારું શું બગાડી શકશે?**

ગલે બાથ સબ લેયકે, મિલ બૈઠેંગે એક હોએ ।
તો ફરામોસી કહા કરે, હોએ ન જરા જુદાગી કોએ ॥૪૩॥

**અમે સૌ સાથે મળીને એકબીજાના ગળે બાથ લઈને બેસીશું. આમ, જ્યારે અમે એકબીજાથી અલગ જ નહિ થઈએ, ત્યારે ફરામોશી અમારું શું બગાડી શકશે?**

જેતે કોઈ મોમિન, સો બૈઠે તલે કદમ ।
તો તુમારે રસૂલકા, ફેરેં નાહીં હુકમ ॥૪૪॥

**હે રાજજી! અમે પરમધામની જેટલી પણ રુહો છીએ, તે બધી જ આપનાં શ્રી ચરણોમાં બેઠેલ છીએ. તેથી અમે કદાપિ આપના રસૂલનો હુકમ ટાળી શકીશું નહિ.**

જો મુનકર હુકમ સોં, મોમિન કહિએ ક્યોં તાએ ।
દ્યો ફરામોસી હમકો, દેખો સૌ બેર અજમાએ ॥૪૫॥

**જે કોઇ આપના રસૂલ દ્વારા મોકલાયેલ આદેશથી વિરુદ્ધ ચાલશે તેને બ્રહ્મસૃષ્ટિ મોમિન કહી જ કેવી રીતે શકાય? હે રાજજી! આપ અમને ફરામોશીનો ખેલ બતાવો; અને હા, એક વાર નહિ સો વાર અજમાવી જુઓ!**

સો કૈસા મોમિન, અર્સકી અરવાહેં ।
હમ કદમોં બીચ અર્સકે, ક્યોં જાસી ભુલાએ ॥૪૬॥

**અમે પરમધામની એવી તે કેવી રુહો છીએ કે આપનાં શ્રી ચરણોમાં બેઠી હોવા છતાં આપને ભૂલી જઇશું!**

જેતી રુહેં અર્સકી, તાએ ફરામોસી ન જાએ જીત ।
કછૂ પડે બીચ અપને, એ નહીં ઈસ્કકી રીત ॥૪૭॥

**જેટલી પરમધામની રુહો છે તેમને ફરામોશી જીતી શકશે નહિ, જો અમારી અને આપની વચ્ચે કોઇપણ ચીજ અવરોધ બની શકતી હોય તો તે અમારા ઈશ્કની રીત જ ન ગણાય!**

કછુએ ન ચલે ફરામોસકા, હમ આગૂં હુએ ચેતન ।
ઈસ્ક હમારે રુહકે, અસલ હૈ એક તન ॥૪૮॥

**હે રાજજી! અમે તો શરૂઆતથી જ સાવધાન થઇ ગયાં છીએ. હવે ફરામોશીનું કંઇ જ બળ ચાલશે નહિ. મૂળથી જ અમારી રુહ અને ઈશ્કનું એક જ તન છે.**



D:\Pranam/Chitvani/147

## ૧૬.૮ : આપણા અને પરમધામ વચ્ચે એક જ પડદો-જૂઠો ખેલ!

બકા આડે પટ કરોં, તુમ દેખ ન સકો કોએ ।
ઝૂઠે મિલાવે કબીલે, તુમ દેખોગે સબ કોએ ॥૪૯॥

**શ્રી રાજજી કહે છે, હું આપ સૌની દૃષ્ટિ અને પરમધામ-એ બંનેની વચ્ચે એક પડદો ઊભો કરી દઈશ. જેથી, તમે તમારી અસલિયત ભૂલી જશો અને તમને માત્ર મિથ્યા જગતના કુટુંબ-કબીલા અને મિત્રમંડળ જ સર્વસ્વ લાગશે.**

બૈઠિયાં સબ મિલકે, અંગ સોં અંગ લગાએ ।
ઉઠાઊં જુદે જુદે મુલકોં, નએ નએ વજૂદ બનાએ ॥૫૦॥

**આપ સૌ રુહો એકસાથે મળીને, અંગોઅંગ અડાડીને બેઠાં છો. પરંતુ ખેલમાં હું તમને જુદા જુદા દેશવિદેશોમાં અવનવાં તનોમાં ઉઠાડીશ.**

પર ઐસા દેખોગે તિલસમ, જો સબે હુઈ ફરામોસ ।
ઈલમ દેઊં મેરા બેસક, તો ભી ના આઓ માહેં હોસ ॥૫૧॥

**ત્યારે તમે બધાં માયાની એવી જાળ જોશો કે જેનાથી બેહોશ થઇ જશો. હું આપની બુધ્ધિને જાગ્રત કરી શકે એવો મારો બેશક ઈલમ આપીશ, તેમ છતાં તમે હોશમાં આવશો નહિ.**

એહ ખેલ ઐસા હૈ, તુમ અપના કબીલા કર ।
કોઈ ન કિસીકો પેહેચાને, બૈઠો જુદે જુદે કર ઘર ॥૫૨॥

**સંસારના આ ખેલમાં તમે પોતાનો અલગ પરિવાર બનાવીને બેસી જશો. આપ સૌ પોતપોતાનાં જુદાં જુદાં ઘર કરીને એવી રીતે રહેશો કે તમારામાંથી કોઇપણ એકબીજાની ઓળખાણ સુધ્ધાં નહિ કરી શકે.**

તેહેકીક જાનોગે ઝૂઠ હૈ, તો ભી દિલસે ન છૂટે એહ ।
ઐસી મોહોબ્બત બાંધોગે, ઝૂઠે સોં સનેહ ॥૫૩॥

**સંસાર જૂઠો છે એવું ચોક્કસ જ્ઞાન થયા પછી પણ તમારા દિલમાંથી તેની માયા છૂટી શકશે નહિ તથા સાંસારિક સંબંધોના સ્નેહમાં બંધાશો.**

વાહી જાનોગે ન્યામત, ઔર વાહીસે કરોગે પ્યાર ।
સુખ દુખ સારા ઝૂઠકા, વાહી કુટમ પરિવાર ॥૫૪॥

**તમે તે મોહજન્ય સંબંધોને જ સાચી મૂડી સમજીને તેને પ્રેમપૂર્વક**

**નિભાવ્યા કરશો. જ્યારે વાસ્તવિકતા તો એ છે કે આ મિથ્યા જગતનાં દુઃખ-સુખ, કુટુંબ-પરિવાર એ તમામ અસ્થાયી, અર્થાત્ નાશવંત અને જૂઠાં છે.**

આગ પાની પૂજોગે, યા સૂરત બનાએ પત્થર ।
કહોગે હમારા હક હૈ, સબકી એહ નજર ॥૫૫॥

**આ પ્રકારના ખેલમાં જઇને તમે આગ, પાણી તથા પથ્થરની પૂજા કરશો. પથ્થરની મૂર્તિને પરમાત્મા ગણશો. તમારી સૌની નજર આ પ્રકારની થઇ જશે.**

આસમાન જિમી પાતાલ લગ, સબ ઝૂઠે ઝૂઠ મન્ડલ ।
ઐસે ઝૂઠે ખેલમેં, તુમ જાઓગે સબ રલ ॥૫૬॥

**આકાશ, જમીન અને પાતાળ સુધી તમામ મિથ્યાનું જ મંડળ છે. આવા જૂઠા ખેલમાં જઇને તમે તેમાં હળીમળી જશો.**

હક ઈનોંમેં ન પાઈએ, ના કછૂ સુનિયા કાન ।
સાંચ ન પાઈએ ઈનોંમેં, એ ઝૂઠે ફના નિદાન ॥૫૭॥

**આ પ્રકારના જૂઠા ખેલમાં આપને ન પારબ્રહ્મ મળશે કે ન તેમના વિશે કંઇ એક શબ્દ સાંભળવા પણ મળશે. એ બધાંની વચ્ચે આપને સત્ય શોધ્યું નહિ જડે... કારણ કે ત્યાં તમામ મિથ્યા માયાનાં જ રૂપો હશે.**

ઝૂઠા ખેલ કબીલે ઝૂઠે, ઝૂઠે ઝૂઠા ખેલેં ।
સબ ઝૂઠેં પૂજેં ખાએં પિએં ઝૂઠે, ઝૂઠે ઝૂઠા બોલેં ॥૫૮॥

**હે રુહો! ખેલ જૂઠો, કુટુંબ-પરિવાર પણ જૂઠો હશે. જૂઠા જીવો જૂઠનો ખેલ ખેલતા હશે. તમામ લોકો જૂઠની જ પૂજા કરતા હશે. ખાનપાન, આહારવિહાર, વાણી-વહેવાર બધું જ જૂઠું અને મોહજનિત હશે.**

ઝૂઠા સબ લગેગા મીઠા, ઝૂઠા કુટમ પરિવાર
સુખ દુખ ઈનમેં ઝૂઠી ચરચા, હુઆ સબ ઝૂઠૈકા વિસ્તાર ॥૫૯॥

**આપ સૌને એ જૂઠો ખેલ જ મીઠો (સત્ય) લાગશે. સર્વત્ર જૂઠનો જ વિસ્તાર હશે. જૂઠા કુટુંબ પરિવાર અને તેમાં જૂઠાં સુખ-દુઃખની ચર્ચા થતી રહેશે.**



D:\Pranam/Chitvani/148

ઈસ્ક તુમારા તો સાંચા, મોહે યાદ કરો બખત ઈન ।
રબ્દ કિયા તુમ મુઝસોં, બીચ બકા વતન ॥૬૦॥

**હે રુહો! આવા કઠિન ભૂલભૂલૈયાના સમયમાં પણ જો આપ મને યાદ કરશો તથા નિજધામમાં આપણી વચ્ચે થયેલ ઈશ્ક-રબ્દને યાદ કરશો, તો આપ સૌનો ઈશ્ક સાચો ગણાય.**

ઐસી તો કોઈ ના હુઈ, બિના ઈલમ હોવે હુસિયાર ।
હાંસી બિના કોઈ ના રહી, છોડ ના સકે અંધાર ॥૬૧॥

**શ્રી મહામતિજી કહે છે કે, હે સુંદરસાથજી! આ માયાના ખેલમાં એવી કોઇ જ આત્મા નથી કે જે તારતમજ્ઞાન વિના જાગ્રત થઇ હોય... વળી, આવો બેશક ઈલમ પ્રાપ્ત કર્યા પછી પણ આપનો માયાનો અંધકાર દૂર થતો નથી! તેથી હાંસીમાંથી કોઇ બચી શકશે નહિ.**

ઈલમ મેરા લેયકે, નિસંક દુનીસે તોડ ।
સોઈ ભલા ઈસ્ક, જો મુઝપે આવે દૌડ ॥૬૨॥

**હવે, જે કોઈ સુંદરસાથ મારો બેશક ઈલમ ગ્રહણ કરીને, પોતાની જાતને માયાથી અલિપ્ત કરીને, મારી પાસે દોડતો આવશે, તેનો ઈશ્ક સાચો ગણાશે.**

ઝૂઠા ખેલ દેખાઈયા, ચૌદે તબકકી જહાન ।
એક કંકરી હોવે અર્સકી, તો ઉડે જિમી આસમાન ॥૬૩॥

**મેં આપને આ ચૌદ લોકની દુનિયાનો જૂઠો ખેલ બતાવ્યો છે. આ સમગ્ર બ્રહ્માંડ પરમધામની એક કાંકરી સામે ટકી ન શકે. (તો પછી પરમધામની રુહો સામે આ મિથ્યા જગત કેવી રીતે રહી શકે?)**

જ્યોં નીંદમેં સુપન દેખિએ, કઈ લાખોં વજૂદ દેખાએ ।
આંખાં ખોલે ઉડે ફરામોસી, વહ તબહીં મિટ જાએ ॥૬૪॥

**આ ખેલ નિદ્રામાં આવેલ સપનાની જેમ જૂઠો છે. જેમ ઊંઘમાં સ્વપ્નમાં લાખો લોકોને જોઇએ છીએ, પરંતુ જાગતાંની સાથે જ તેનું અસ્તિત્વ રહેતું નથી. ત્યારે, આપણને સ્વપ્ન અને જાગ્રતાવસ્થાની વાસ્તવિકતા સમજાય છે.**

ફુરમાન લિખૂં તુમકો, ઔર ભેજોંગા પૈગામ ।
તુમ કહોગે કિન ભેજિયા, કિનકે એહ કલામ ॥૬૫॥

**મેં કહ્યું હતું કે હું તમારા માટે સૌ પ્રથમ કુરાન અને ત્યારબાદ શ્રી શ્યામાજીના હસ્તે મારો સંદેશો મોકલીશ. તે સાંભળીને પણ તમે કહેશો કે આ કોણે મોકલ્યો છે? આવી વાતો કહેનાર છે કોણ?**

કહાં હૈ હમારા ખસમ, ઔર વતન હમારા કિત ।
ચૌદે તબકોંમેં નહીં, એ કિનકી કિતાબત ॥૬૬॥

**આપણા ધણી ક્યાં છે? આપણું અખંડ વતન ક્યાં છે? આ ચૌદલોકના બ્રહ્માંડમાં આ પ્રકારની વાતો કરનાર કોઇ નથી. તો આ વળી કોના જ્ઞાનનું પુસ્તક છે?**

આપન આએ વાસ્તે મજકૂર, અર્સસે ઉતર ।
તો એ દુનિયાં જો તિલસમકી, સો માને ક્યોં કર ॥૬૭॥

**હે સુંદરસાથજી! ઈશ્ક-રબ્દના કારણે આપણે પરમધામથી આ ખેલમાં આવ્યાં છીએ. અહીંના માયાવી જીવો એ વાત કેમ માનશે?**

એહ ન પાવેં અર્સકો, ના કછૂ પાવેં હક ।
ના કછૂ સમઝેં ઈલમકો, એ આપ નહીં મુતલક ॥૬૮॥

**એ લોકો પરમધામ કે પારબ્રહ્મ શ્રી રાજજી મહારાજ આ બંનેમાંથી કોઇનેય પ્રાપ્ત કરી શકશે નહિ. તે તારતમજ્ઞાનને સમજી શકતા નથી, તેથી તેઓ બેશક થઇ શકશે જ નહિ.**

એ જો ઢૂંઢત દુનિયાં, સો સબ તિલસમકે ।
એ ક્યોં પાવેં હક બકા, તન અસલ નાહીં જે ॥૬૯॥

**આ દુનિયાના જીવો, જે પારબ્રહ્મને ખોજી રહ્યા છે, તે સર્વે આ ઈન્દ્રજાળની દુનિયાના છે. તેમનું અસલ કે અખંડ તન છે જ નહિ... તો પછી તેઓ અખંડ પરમધામ કે શ્રી રાજજી મહારાજને કેવી રીતે પ્રાપ્ત કરી શકે?**

પૈદા આદમ હવાસે, હિરસ હવા સૈતાન ।
ઈન બિધકી એ પૈદાસ, કેહેવત કુરાન પુરાન ॥૭૦॥

**આ બધા જીવો આદમ અને હવ્વા (આદિનારાયણ અને કમલા)થી પેદા થયેલા છે. તેમના મનમાં માયાની ચાહના અને શૈતાનની બેઠક**





**છે... જીવસૃષ્ટિ આ પ્રકારની હોય છે. આમ કુરાન તથા પુરાણમાં કહેવામાં આવ્યું છે.**

રલ ગએ વાહી ખેલમેં, કછૂ રહી ન અસલ બુધ ।
રુહઅલ્લા કહે સૌ બેર, તો ભી આવે ન દિલ સુધ ॥૭૧॥

**હે સાથજી! આપ સૌ પણ અહીં આવીને આ જૂઠા ખેલમાં એવાં એકરૂપ થઇ ગયાં છો કે ધામની મૂળ બુધ્ધિ જ નથી રહી. શ્રી શ્યામાજી આપને પોતાની વાણીના માધ્યમથી વિવિધ રીતે અનેકવાર સમજાવી રહ્યાં છે. તેમ છતાં આપના દિલમાં એ વાતો ઊતરતી જ નથી.**

દેખા દેખી કરો ઈનકી, બૈઠે તિલસમ માહેં ।
તુમ આએ બકા વતનસે, એ મુતલક કછુએ નાહેં ॥૭૨॥

**આ માયાના ખેલમાં રહીને આપ સૌ પણ આ જીવોની જેમ દેખાદેખી કરીને તેમના જેવો વ્યવહાર કરી રહ્યાં છો. તમે તો અખંડ પરમધામથી આવેલ છો! જ્યારે આ સંસાર તો બેશક નાશવંત છે!**

એ તિલસમ ખેલ ફનાસે, ખેલત ફના માહેં ।
આખિર સબ ફના હોવહીં, ઈત કાયમ જરા નાહેં ॥૭૩॥

**આ જીવસૃષ્ટિ જૂઠા ખેલની પેદાશ છે, જે નાશવંત સંસારમાં જ આવાગમન કરતી રહે છે. અંતે તો એ તમામ નષ્ટ થઇ જશે. અહીં કશું જ અખંડ નથી.**

પટ આડા બકા વતનકે, એહી હુઈ ફરામોસ ।
જો યાદ કરો હક વતન, ઈસ્ક ન આવે બિના હોસ ॥૭૪॥

**હે સાથજી! આપણી અને પરમધામની વચ્ચે આ જૂઠા ખેલનો જ પડદો છે. તેથી જ તો ફરામોશી થઇ છે. આથી આપ સૌ પોતાના શ્રી રાજજી મહારાજને તથા મૂળ વતનને યાદ કરો. આ પ્રકારની સુધ વિના આપના હૃદયમાં ઈશ્કનો અહેસાસ થશે નહિ.**

## ૧૬.૯ : માયાની ચાહ તૂટતાંની સાથે સુરતા પરમધામ પાછી ફરશે!

બેસક ઝૂઠ દેખાઈયા, સો ક્યોં દેખેં હમકો ।
રુહેં લેવેં ઈલમ બેસક, તબ પોહોંચેં બકા મોં ॥૭૫॥

**શ્રી રાજજી કહે છે કે હે રુહો! મેં જૂઠો ખેલ બતાવ્યો છે તે વાત**

જ્યારે નક્કી જ છે, તો આપ મને જોઇ જ કેવી રીતે શકવાનાં હતાં? જ્યારે રુહો બેશક ઈલમને પોતાના હૃદયમાં ગ્રહણ કરશે ત્યારે તેમની સુરતા પરમધામમાં પાછી પહોંચશે.

તુમ દેખ્યા તિન મુલકકો, જિત જરા ના ઈસ્ક ।
ઈત બેસક ક્યોં હોવહીં, જિત ખબર ન પાઈએ હક ॥૭૬॥

**તમે એવો માયાવી પ્રદેશ જોયો છે કે જ્યાં તસુમાત્ર પણ ઈશ્ક નથી. જ્યાં કોઇનેય હક શ્રી રાજજી મહારાજની ઓળખાણ ન હોય, ત્યાં આપ કેવી રીતે બેશક થઇ શકો?**

રુહેં ઉન મુલકસે, ફિર ના સકેં વતન ।
ફરેબ ક્યોંએ ના છૂટહીં, હકકે ઈસ્ક બિન ॥૭૭॥

**રુહો આવો માયાવી સંસાર છોડીને પોતાના મૂળવતનમાં પાછી આવી પણ શકતી નથી. તેમના હાથમાં પોતાના ધણીનો ઈશ્ક આવ્યા વિના જૂઠો મોહ કેમ કરીનેય છૂટશે નહીં.**

ઐસી રુહેં વાહેદતકી, તાએ ફરેબ પોહોંચે ક્યોં કર ।
એ બડા રુહોંકા તઅજુબ, જો બાંધી ઝૂઠ સોં નજર ॥૭૮॥

**આવી એકદિલીવાળી પરમધામની જે રુહો છે, તેઓને આ જૂઠો સંસાર કેવી રીતે ભૂલાવી શકે છે? ખૂબ ખેદની વાત છે કે રુહોની નજર આ જૂઠ સાથે પાકી બંધાઈ ગઈ છે.**

મૈં ભેજી રુહ અપની, સબ દિલકી બાતેં લે ।
તુમેં તો ભી યાદ ન આવહીં, કોઈ આએ બની ઐસી એ ॥૭૯॥

**મારા દિલની તમામ વાતો સમજાવીને મેં મારી પ્રિય રુહ શ્યામાજીને મોકલ્યાં છે. તેમ છતાં કોઇને તેની યાદ નથી આવતી! કેવી વિચિત્ર દશા થઇ છે આપ સૌની!**

સબ બાતેં મેરે દિલકી, ઔર સબ રુહોંકે દિલ ।
સો ભેજી મૈં તુમપે, જો કરિયાં આપન મિલ ॥૮૦॥

**મારા પોતાના દિલની તથા સૌ રુહોના દિલની વાતો, જે આપણે સૌએ મળીને કરેલી, તે તમામ મેં તમારા માટે જ શ્યામાજી દ્વારા કહેવડાવી છે.**





એ બાતેં સબ અસલકી, જબ યાદ દઈ તુમ ।
તબ ઈસ્ક વાલી રુહોંકો, ક્યોં ન ઉડે તિલસમ ॥૮૧॥

**જ્યારે પરમધામની તમામ અસલ વાતોની તમને યાદ દેવડાવી છે, તેમ છતાં આપ રુહોના દિલમાંથી ઈશ્ક દ્વારા માયા દૂર કેમ નથી થતી?**

જબ લગ લગે દુનિયાં, તબ પોહોંચે ન બકા મોં ।
એક રુહ દૂજા ઈસ્ક, આએ કામ પડ્યા ઈનસોં ॥૮૨॥

**જ્યાં સુધી માયાની ચાહના રહેશે ત્યાં સુધી સુરતા પરમધામ પાછી ફરી શકશે નહિ. તે માટે બે બાબતો અનિવાર્ય છેઃ એક તો ધામની રુહ-અંકૂર હોવો જોઇએ અને બીજું, દિલમાં ઈશ્ક પેદા થવો જોઇએ.**

## ૧૬.૧૦ : પરમધામથી નથી કોઈ આવ્યું કે નથી કોઈ ત્યાંથી બહાર પણ ગયું!

દૂજા કછૂ પોહોંચે નહીં, હકકો બીચ બકા ।
જહાં રુહ ન હોવે એકલી, છોડ સબે ઈતકા ॥૮૩॥

**આ સંસારની તમામ ચીજોનો ત્યાગ કર્યા પછી પણ ઉપરોક્ત બંને બાબતો વિના કોઇ રુહ એ પરમધામમાં પહોંચી શકે નહીં કે જ્યાં એક ક્ષણની પણ જુદાઈ નથી.**

બકા બીચ રુહનકો, ખેલ દેખાવેં હક ।
આયા ગયા ઈત કોઈ નહીં, એ ઈલમ કહે બેસક ॥૮૪॥

**ધણીનો બેશક ઈલમ કહે છે કે પરમધામથી ન કોઇ આવ્યું છે, કે ન કોઇ ત્યાંથી બહાર ગયું છે. અખંડ પરમધામમાં બેસાડીને જ શ્રી રાજજી રુહોને ખેલ બતાવી રહ્યા છે.**

## ૧૬.૧૧ : શ્રી રાજજી દ્વારા કરાયેલ 'ઈશ્ક'નું સ્પષ્ટીકરણ

બેસક ઈલમ સીખકે, ઐસે ખેલકો પીઠ દે ।
દેખોં કૌન આવે દૌડતી, આગૂં ઈસ્ક મેરા લે ॥૮૫॥

**હવે, હું એ જોવા માંગુ છું, કે મારો બેશક ઈલમ ગ્રહણ કરીને, આ ભૂલભૂલૈયાના ખેલને પીઠ દઇને અને મારા ઈશ્કને આગળ કરીને કઇ રુહ દોડતી મારી પાસે આવે છે?**

જબ તુમ ભૂલે મુઝકો, તબ ઈસ્ક ગયા ભુલાએ ।
અબ નએ સિર ઈસ્ક, દેખો કૌન લેયકે ધાએ ॥૮૬॥

**હે રુહો! જ્યારે તમો મને ભૂલી ગયાં છો ત્યારે જ ઈશ્ક પણ આપથી ભૂલાઈ ગયો છે. હવે, જોઇએ કે કોણ ઇશ્ક લઇને દોડી આવે છે?**

યાદ કરો ઈન ઈસ્કકો, જો રબ્દ કિયા સબોં મિલ ।
સો ઈસ્ક અપના કહાં ગયા, ટિક્યા નહીં પાવ પલ ॥૮૭॥

**પરમધામમાં તમે સૌએ સાથે મળીને જે ઈશ્ક માટે રબ્દ કર્યો હતો, તે ઈશ્કને યાદ કરો! હે રુહ! તારો એ ઈશ્ક ક્યાં ગયો, જે એક ક્ષણના ચોથા ભાગ જેટલા સમય પૂરતો પણ ન રહ્યો?**

સબ જ્યાદા કેહેતી અપના, કરતી અર્સમેં સોર ।
અસલ રુહોંકે ઈસ્કકા, કહાં ગયા એતા જોર ॥૮૮॥

**પરમધામમાં તો આપ સૌ પોત-પોતાના ઈશ્કને અધિક ગણાવીને બડાઈ હાંકતી હતી! પરમધામની અસલ રુહોનો એ ઈશ્ક ક્યાં ગયો?**

કિયા રુહોં સબોં રબ્દ, પર આપ ન પકડ્યા કિન ।
ફરામોસી સબોં ફિરવલી, હુઈ હાંસી સબન ॥૮૯॥

**તમામ રુહોએ ઈશ્કનો રબ્દ તો ખૂબ જ કર્યો, પરંતુ આપ સૌ પૈકી કોઇએ પણ પોતાના દરજ્જા તરફ જોયું નહિ. તેથી સૌ પર ફરામોશી ફરી વળી અને દરેકની હાંસી થઇ!**

જબ ઈસ્ક ગયા સબ થેં, તબ નિકલ આઈ પેહેચાન ।
જિનકા ઈસ્ક જોરાવર, તાએ કછુક રહે નિદાન ॥૯૦॥

**જ્યારે બધી રુહોના ઈશ્કનું બાષ્પીભવન થઈ ગયું ત્યારે તેમના ઈશ્કની વાસ્તવિકતાની ઓળખાણ પણ થઈ ગઈ! પરમધામમાં જેમનો ઈશ્ક આટલો બધો જોરદાર હતો, તે હવે તેમની પાસે જરાક સરખો પણ નથી બચવા પામ્યો!**

સબ કેહેતી ઈસ્ક અપના, હમારા બેસુમાર ।
સો રહ્યા ન જરા કિનપે, હાએ હાએ દિયા સબોંને હાર ॥૯૧॥

**પ્રત્યેક રુહ કહેતી હતી કે, મારો ઈશ્ક બેસુમાર છે. પરંતુ હવે કોઇની પાસે થોડો સરખોયે ઈશ્ક નથી રહ્યો! હાય! હાય! બધાંએ પોતાનો ઈશ્ક ગુમાવી દીધો!**



D:\Pranam/Chivani/151

ઈનોં બોહોત લાડ કિએ મુઝસોં, મૈં એક કિયા ઈનોં સોં ।
સો એક મેરે લાડમેં, સબ બેહે ગૈયાં તિનમોં ॥૯૨॥

**આ રુહોએ પરમધામમાં મને ખૂબ લાડ લડાવ્યા હતા અને મેં તો તેમને માત્ર એક જ લાડ કર્યો. પરંતુ મારા આ એક જ લાડમાં તો તમામ રુહો માયાના પ્રવાહમાં એવી તણાઈ ગઈ કે તેઓને કંઈજ યાદ ન રહ્યું.**

ઔર ઈસ્ક ભી જોરાવર, તિનકી એહ ચિન્હાર ।
જિન ઘટ સુનત આવહીં, સોઈ જાનો સિરદાર ॥૯૩॥

**રુહનો ઈશ્ક તાકાતવાન હોવાનું પ્રમાણ એ જ છે કે, જેવી તેને પોતાના ઈશ્કમાં થોડી પણ ક્ષતિ આવતી જણાય કે તુરત જ તે જાગ્રત થઇને પુનઃ પોતાનો ઈશ્ક જાળવી રાખવા પ્રવૃત્ત થાય છે. જે રુહ આમ કરતી રહે છે, તે સૌની સિરદાર કે પ્રધાન સખી છે.**

ઔર ભી બેવરા ઈસ્કકા, જિનકા હોએ બુજરક ।
તાએ યાદ દિએ ક્યોં ન આવહીં, ઐસા ક્યોં જાએ મુતલક ॥૯૪॥

**હું ઈશ્કનો એક બીજો ખુલાસો પણ આપું છું, તે સાંભળો! જે રુહોનો ઈશ્ક આટલો પ્રબળ હોય, તે શું આટ-આટલી યાદ અપાવ્યા પછી તેમનાં દિલમાંથી છલકાવો ન જોઇએ? આમ, રુહોનો ઈશ્ક કેવી રીતે સાવ અદૃશ્ય થઈ જઇ શકે?**

રુહેં બાત સુનતે હકકી, તુરત હી કરેં સહૂર ।
જબ સહૂર રુહેં પકડે, તો ઈસ્ક ક્યોં ન કરે જહૂર ॥૯૫॥

**ધણીની વાતને સાંભળીને તો તુરત જ રુહોએ તે વિષે આત્મ-મંથન કરવું જોઇએ. જો રુહો ધણીનાં એ વચનોને પોતાના દિલમાં ધારણ કરી લે, તો તેમનો ઈશ્ક પ્રગટ કેમ ન થાય?**

ઔર ભી પેહેચાન ઈસ્કકી, જો બઢકે ઘટ જાએ ।
ઈસ્ક રુહોંકા હક સોં, ક્યોં કહિએ બકા તાએ ॥૯૬॥

**ઈશ્કની એક વધુ ઓળખાણ આપું છું, તે સાંભળો. જો રુહોનો ઈશ્ક વધીને ઘટી પણ શકતો હોય તો આ પ્રકારના ઈશ્કને પરમધામનો સર્વશ્રેષ્ઠ ઈશ્ક કહી જ શી રીતે શકાય?**

ઈસ્ક હકકા સો કહિએ, જો ઈસ્ક હૈ કાયમ ।
એક જરા કમ ન હોવહીં, બઢતા બઢે દાયમ ॥૯૭॥

**શ્રી રાજજી મહારાજનો ઈશ્ક તો તેને જ કહેવાય જે અખંડ અને અવિચલ હોય. સાચો ઈશ્ક તો નિરંતર વૃધ્ધિ પામતો રહે છે. તેમાં ક્યારેય જરાક પણ કમી ન આવે.**

મેરા છૂટ્યા ન ઈસ્ક રુહોં સોં, નજર ન છૂટી નિસબત ।
રુહોં છૂટી ઈસ્ક નિસબત, ઐસી ભૂલ ગૈયાં ખિલવત ॥૯૮॥

**શ્રી રાજજી મહારાજ કહે છે કે મારો ઈશ્ક રુહોથી કદાપિ છૂટી શકતો નથી અને મૂળ નિસ્બત હોવાથી મારી નજર પણ તેમની ઉપરથી હટતી નથી. જ્યારે રુહોથી તો પોતાનો ઈશ્ક પણ છૂટી ગયો અને બેશક, તે સૌ પોતાની મૂળ નિસ્બત પણ વિસરી ગયાં!**

કિયા મજકૂર ઈસ્કકા, અજૂં સોઈ હૈ સાઈત ।
પડે બીચ ફરામોસકે, તુમ જાનો હુઈ મુદ્દત ॥૯૯॥

**હે રુહો! આપણા પરમધામમાં તમે જ્યારે ઈશ્કનો વિવાદ કર્યો હતો... હજુ ત્યાં એ જ ઘડી ચાલે છે. તમે બધાં એવી ફરામોશીની નીંદમાં પડી ગયાં છો, કે બસ એવું જ સમજી બેઠાં છો કે ખૂબ લાંબો સમય વીતી ગયો છે!**

સક છૂટી અર્સ હકકી, સબ બાતોં હુઈ બેસક ।
તબ અર્સ અરવાહોંકો, ક્યોં ન આવે ઈસ્ક ॥૧૦૦॥

**હવે, જો મારા ઈલમથી પરમધામ અને શ્રી રાજજી મહારાજ વિશેના તમામ સંશયો સમાપ્ત થઈ ગયા હોય, તો પછી અર્શની રુહોના દિલમાંથી પોતાનો મૂળ ઈશ્ક કેમ નથી છલકાતો?**

તોલોં ચલે ના ઈસ્કકા, જોલોં આડી પડી સક ।
સો સક જબ ઉડ ગઈ, તબ ક્યોં ન આવે ઈસ્ક હક ॥૧૦૧॥

**જ્યાં સુધી સંશયની દિવાલ આડી ઊભી હોય, ત્યાં સુધી ઈશ્કની તાકાત પ્રગટ થઈ શકતી નથી. જ્યારે તમામ સંશયો દૂર થાય ત્યારે ધણી પ્રત્યેનો ઈશ્ક કેમ ન આવે? અવશ્ય આવવો જોઇએ.**





## ૧૬.૧૨ : ધણીનો સંદેશ સાંભળી દિલમાં ઘા ન લાગે તો એ બ્રહ્મસૃષ્ટિ જ કેવી?

અવ્વલ ઈસ્ક જિનોં આઈયા, સોઈ અર્સ અરવાહેં ।
નાહીં મુતલક મોમિન, જિનોં લગે ન બેસક ઘાએ ॥૧૦૨॥

**જેને તત્ક્ષણ, અર્થાત્ સૌથી પહેલાં ઈશ્ક આવશે, એ જ પરમધામની સાચી રુહો છે. ધણીજીનો સંદેશો સાંભળીને જેના દિલમાં ચોટ નહિ લાગે, તેને મોમિન કે બ્રહ્મસૃષ્ટિ કહેવાશે નહિ.**

બેસક ઈલમ આઈયા, પાઈ બેસક હક દિલ બાત ।
હુએ બેસક ઈસ્ક ન આઈયા, સો ક્યોં કહિએ હક જાત ॥૧૦૩॥

**હે રુહો! જાગ્રત અને નિજબુધ્ધિયુક્ત બેશક ઈલમ પ્રાપ્ત થયા પછી શ્રી રાજજી મહારાજના દિલની વાતોની પણ આપ સૌને પાકી ખબર પડી જશે. આ રીતે બેશક થઈ ગયા પછી પણ જો ઈશ્ક ન આવે, તો તેને હક શ્રી રાજજી મહારાજની 'જાત' અર્થાત્ બ્રહ્મસૃષ્ટિ કેવી રીતે કહી શકાય?**

બેસક ઈલમ રુહઅલ્લાકા, જો હૈયાત કરે ફનાકો ।
મુરદે ચૌદે તબકકે, ઉઠેં ઈન ઈલમ સોં ॥૧૦૪॥

**શ્રી શ્યામા મહારાણીજી દ્વારા અર્પિત બેશક ઈલમ આ નશ્વર સંસારના જીવોને અખંડ કરી દેવા માટે સક્ષમ છે. આ ઈલમથી ચૌદેલોકના જીવો, કે જે તારતમજ્ઞાન વિના મડદા સમાન હતા, તે જાગ્રત થઈને અખંડ થઈ જશે.**

સો બેસક ઈલમ લ્યાઈયા, રુહઅલ્લા રુહન પર ।
જો અરવાહેં અર્સકી, તાએ ઈસ્ક ન આવે ક્યોં કર ॥૧૦૫॥

**હકીકતમાં આ બેશક ઈલમ તો શ્રી શ્યામા મહારાણીજી પોતાની રુહો માટે જ લાવ્યાં છે. તો જે પરમધામની રુહો છે તેમને ઈશ્ક કેમ નથી આવતો?**

ઈલમ હકકા સુનત હી, ઈસ્ક ન આયા જિન ।
તિનકો નસીહત જિન કરો, વહ મુતલક નહીં મોમિન ॥૧૦૬॥

**શ્રી રાજજીનો જાગ્રત-બુધ્ધિયુક્ત ઈલમ સાંભળીને જેના દિલમાં ઈશ્ક ન ઊભરાય, તેમને તારતમજ્ઞાન સમજાવશો નહિ. આવા સખત દિલવાળા લોકો ચોક્કસ પરમધામની બ્રહ્મસૃષ્ટિ કે મોમિન ન હોઈ શકે!**

## ૧૬.૧૩ : જેવું બીજ તેવું વૃક્ષ અને તેવું જ ફળ પણ હોય છે!

હે તીન વજહેકી ઉમત, ઇસ્ક બંદગી કુફર ।
સો તીનોં આપે અપની, ખડિયાં મજલ પર ॥૧૦૭॥

**સંસારમાં ત્રણ પ્રકારની સૃષ્ટિ છે, એક તો પારબ્રહ્મને ઈશ્ક કરનારી, બીજી તેમની નિયમબદ્ધ પૂજા કરનારી તથા ત્રીજી તેમની હકીકતનો એકરાર કરનારી. આ ત્રણેય પોતપોતાના રસ્તા પર ઊભી છે.**

સો તીનોં લેવેં નસીહત, પર છૂટે નહીં મજલ ।
જૈસા હોવે દરખત, તિન તૈસા હોવે ફલ ॥૧૦૮॥

**આ ત્રણેય તારતમજ્ઞાનનું શ્રવણ તો કરે છે, પરંતુ તે પોતપોતાનો રસ્તો છોડી શકતી નથી. જેવું વૃક્ષ તેવું તેનું ફળ હોય છે.**

કોઈ બુરા ન ચાહે આપકો, પર તિનસે દૂસરી ન હોએ ।
બીજ બરાબર બિરિખ હે, ફલ ભી અપના સોએ ॥૧૦૯॥

**કોઈપણ વ્યક્તિ પોતાનું ભૂંડું નથી ઈચ્છતી હોતી, પણ પોતાના અંકુરના સ્વભાવથી વિરુદ્ધ બીજું કંઇ કામ તેનાથી થઈ શકતું જ નથી. જેમ જેવું બીજ તેવું જ વૃક્ષ હોય છે, તેમ જેવું વૃક્ષ તેવું તેનું ફળ પણ હોય છે.**

## ૧૬.૧૪ : સાથજી! વ્યર્થમાં પોતાની હાંસી ન કરાવો! ધણીજીની વાત સાંભળો!

ખેલ ઝૂઠા દેખ્યા નજરોં, સો લે ખડે સિર આપ ।
તાહીમેં મગન ભએ, છોડ કાયમ મિલાપ ॥૧૧૦॥

**પોતાની પર-આત્મની નજરોથી રુહોએ મિથ્યા માયાનો ખેલ જોયો છે અને તેને જ હકીકત સમજીને સર્વસ્વ માની રહી છે. તે સૌ પોતાનો અખંડ પરમધામનો મિલાપ છોડીને આ મિથ્યા ખેલમાં જ મગ્ન થઈ ગઈ છે.**

અબ સો ક્યોંએ યાદ ન આવહીં, જો રુહઅલ્લા આયા તબીબ ।
દારુ ન લગે તિનકા, જાએ હકેં કહ્યા હબીબ ॥૧૧૧॥

**હવે ધામધણીની બડીરુહ શ્રી શ્યામા મહારાણીજી પોતાની રુહો માટે વૈદ્ય બનીને આવ્યાં છે. તેમના અનેક પ્રયાસો પછી પણ રુહોને મૂળઘરની યાદ નથી આવતી! જે શ્યામાજીને શ્રી રાજજીએ પોતાની પરમપ્રિયા કહીને સંબોધ્યાં છે, તેમના ઈલમની દવા પણ રુહો પર અસર નથી કરતી!**



D:\Pranam/Chitvani/153

ચૌદે તબક કરસી કાયમ, દારુ મસીકા એ ।
ગઈ ન ફરામોસી રુહોંકી, આઈ હુકમ સોં જે ॥૧૧૨॥

**'દ્વિતીય ઈસા મસીહ' શ્રી શ્યામાજીની તારતમજ્ઞાનરૂપી આ દવા ચૌદે લોકોને અખંડ કરશે. આવી ખબર પડ્યા પછી પણ રુહોની ફરામોશી તૂટતી નથી, જે ધણીના હુકમથી આવી છે.**

આખિર રુહોં નસીહત, એ તો હકેં દેખાયા ખ્યાલ ।
રુહોં હકકો દેખાઈયા, કૌલ ફૈલ યા હાલ ॥૧૧૩॥

**છેવટે બ્રહ્મવાણી થકી રુહોને એ વાતની જાગ્રતિ તો આવી જ જશે કે આપણને આ સ્વપ્નિક ખેલ તો શ્રી રાજજી મહારાજે પોતાનાં ચરણોમાં બેસાડીને જ બતાવ્યો છે. આ રીતે ધણીજીએ રુહોને ઈશ્કની કહેણી, કરણી અને રહેણીની હકીકત સમજાવી છે.**

હકેં ખેલ દેખાએકે, ઈલમ દિયા બેસક ।
હક હાંસી કરેં રુહન પર, દેસી સબોં ઈસ્ક ॥૧૧૪॥

**શ્રી રાજજી મહારાજે ખેલ બતાવીને બેશક ઈલમ આપ્યો. ઈલમ આપ્યા પછી પણ ન જાગવાથી રુહોની હાંસી થશે. આમ, હાંસી બાદ ધણી પોતાની પ્રત્યેક રુહને પોતાનો ઈશ્ક પ્રદાન કરશે.**

કોઈ આગે પીછે અવ્વલ, ઈસ્ક લેસી સબકોએ ।
પેહેલે ઈસ્ક જિન લિયા, સોઈ સોહાગિન હોએ ॥૧૧૫॥

**કોઈ શરૂઆતથી જ ઈશ્ક લેશે, તો કોઈ પાછળથી. કોઈ તો પહેલેથી જ ઈશ્ક ધારણ કરીને ઊભેલ છે. આ રીતે, પ્રત્યેક રુહ ઈશ્ક તો લેશે જ. પણ જે કોઇએ ઈશ્કને સૌથી પહેલો લઈ લીધો, તે રુહ ધામની સુહાગિન કહેવાશે.**

મહામત કહે એ મોમિનોં, જિન હાંસી કરાઓ તુમ ।
યાદ કરો બીચ બકાકે, કિયા રબ્દ આગૂં ખસમ ॥૧૧૬॥

**શ્રી મહામતિજી કહે છે, હે સુંદરસાથજી! તમે વ્યર્થમાં તમારી પોતાની હાંસી ન કરાવો! અખંડ પરમધામમાં આપણા ધણીની સામે તમે જે ઈશ્ક રબ્દ કર્યો હતો, તેને હવે યાદ કરો.**

*પ્રકરણ-૧૬ સંપૂર્ણ : કુલ ચોપાઈ-૧૦૭૪*

# ખિલવત સંપૂર્ણ

**પ્રણામજી**

*D:\Pranam/Chitvani/154*